श्री आत्मानंद ग्रंथमाला नंबर २६.

श्री

# આત્મોન્નતિ

યાને

## સર્વજ્ઞપ્રણીત સ્યાદ્વાદ દર્શનસ્વરૂપ.

જિન વચનામૃત મહોદધિમાંથી ધુરંધર ગીતારથ પૂર્વાચાર્ય વચન તરંગ બિન્દુરૂપ અમૃતમય કૃતિના આધારે તૈયાર કરેલ તત્ત્વજ્ઞાનના અનેક વિષયોથી ભરપુર અતિ ઉપયોગી ગ્રંથ.

(યોજક-બેચરદાસ દુર્લભદાસ મુ. પાદરા.)

**શેઠ વહાલુભાઈ લવજી પાલણપુરનિવાસીએ**
**કરેલી આર્થિક સહાય વડે,**
સંશોધક અને પ્રસિદ્ધ કર્ત્તા,

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

તરફથી
(ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.)

વીરસંવત ૨૪૩૯. આત્મસંવત ૧૭. વિક્રમસંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

આવૃત્તિ ૨ જી. પ્રત ૫૦૦.

આર્થિક સહાય આપનાર ગૃહસ્થ તરફથી
સાધુ મુનિરાજો, સાધ્વીવર્ગ વગેરેને ભેટ.
ઉપરાંત અન્યને માટે
મુદલ
કિંમત રૂ. ૦-૧૦-૦ દશ આના.

# गुरुस्तुति.

यस्यास्याद्व चनोर्मिरंगललिता संनिर्गता शांतिदा ।
स्याद्वादामल तीरतत्त्वविटपिप्रौल्लासंदायिनी ।
भव्यात्मानघ पांथ तर्पणकरी ग्रंथावली जान्हवी ।
नित्यं भारतमापुनाति विजयानंदाख्यसूरिंनुमः ॥ १ ॥

જેમના રૂપમાંથી પ્રગટ થએલી ગ્રંથશ્રેણીરૂપ ગંગા કે જે વચન રૂપ તરંગોના રંગથી સુંદર છે, જે સ્યાદ્વાદરૂપ નિર્મલ તીર ઉપર રહેલા તત્ત્વરૂપી વૃક્ષોને ઉલ્લાસ આપનારી છે અને ભવી આત્મારૂપી નિર્દોષ મુસાફરોને તૃપ્તિ અને શાંતિ આપનારી છે, તે ગ્રંથ શ્રેણીરૂપ ગંગા અદ્યાપિ આ ભારતવર્ષને પવિત્ર કરે છે, તે **શ્રી વિજયાનંદ સૂરિજીને** અમે સ્તવીએ છીએ. ૧.

અમદાવાદ:
ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.



ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરી.

( આત્મારામજી મહારાજ )

The Bombay Art Printing Works, Fort.

# આ ગ્રંથના સંબંધે ખાસ ઉપકાર.

ગુરૂ તત્ત્વના બળથી ગૌરવ પામેલી, તેમજ **જે મહાત્માના** નામથી અંકિત થયેલી છે તેઓશ્રીના **પરિવાર મંડલની અંતરંગ કૃપાવડે** વૃદ્ધિ પામેલી આ સભા દિવસાનુદિવસ ઉન્નતિ પામતી જાય છે. ઉન્નતિ પામવાના અનેક કારણો પૈકી જૈન ધર્મના તત્ત્વજ્ઞાનના મૂળ, ટીકા, ભાષાંતરો વગેરે ગ્રંથોની પ્રસિદ્ધિ તે પણ છે.

પ્રસંગવશાત્ આ સભાના સેક્રેટરીનું ગઈ સાલમાં સભાના કાર્યો માટે બહારગામ જવું થતાં, તે વખતે સુરત શહેરમાં બીરાજમાન **પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજ** વગેરેને વાંદવા ગયા; જે વખતે એક હસ્ત લીખીત બુકની રફ કોપી તેઓના જોવામાં આવી. સદરહુ ગ્રંથ ઉક્ત મહાત્માની આજ્ઞાથી તપાસતાં ભાષા વગેરે દોષની ખામી તેમજ કેટલેક સ્થળે શૈલી પણ બરાબર ન જણાઇ, છતાં તે માંહેનું ત્હેનું અંતરંગ સ્વરૂપ ઠીક જણાયું. જે કોપી પાદરાનિવાસી શેઠ બેહેચરદાસ દુર્લભદાસની તૈયાર કરેલી હતી. ઉક્ત આખો ગ્રંથ ફરીથી લખી સુંદર ભાષામાં મૂકી યોગ્ય ફેરફાર સાથે જો સુધારો વધારો કરવામાં આવે તેમજ આ જમાનાને રૂચીકર થઇ પડે તેવી સાદી, સરલ ભાષામાં તૈયાર કરવામાં આવે, તો એકલા જૈન નહિ પણ જૈનેતર પ્રજાને પણ, જૈન ધર્મની શું ખુબી છે, અને તે કેટલો નિર્વિવાદ સત્ય છે અને તે દર્શનના મહાત્માઓ કેટલા નિસ્પૃહી, સત્યગ્રાહી, સત્ય વાણી વદનાર, સમભાવી હતા, તેમજ તે સાથે જૈન દર્શનના સિદ્ધાંતો અબાધિત, સત્ય, ન્યાયયુક્ત છે તે સામાજીક દૃષ્ટિએ જણાઇ શકશે. જેથી સદરહુ ગ્રંથમાં ઉપર મુજબ સુધારો વધારો કરી આ સભા તરફથી પ્રસિદ્ધ કરી તેનો જૈન અને જૈનેતર પ્રજા બહોળા પ્રમાણમાં લાભ લે તેમ કરવા શુભ ઇચ્છા ઉક્ત મહાત્માએ દર્શાવી; જેથી તેઓશ્રીના તરફથી તેમ કરવા સદરહુ ગ્રંથ આ સભાના ઉક્ત સેક્રેટરીને સુપ્રત કરવામાં આવ્યો.

સદરહુ ગ્રંથના મૂળ યોજકના કેટલાક મૂળ મુદ્દા અને વિષય તેના તે રાખી તેના ઉપર વધારે વિવેચન સ્ફૂટ અને સરલ રીતે કરવામાં આવ્યું. અને કેટલેક સ્થળે તો ઘણો સુધારો વધારો કરવામાં આવ્યો અને વિશે-

ષમાં ગુરૂ શિષ્ય સંવાદ (પ્રશ્નોત્તર) રૂપે વાર્તાના રૂપમાં આખા ગ્રંથનું સ્વરૂપ તૈયાર કરવામાં આવ્યું, જે જમાનાને અનુસરીને તૈયાર કરવામાં આવેલ આ યોજના સામાજીક દૃષ્ટિએ સર્વને રસમય થઇ પડે તેમ હોઈ રૂચીકર થવા સંભવ છે.

ઉક્ત મહાત્મા **પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજ** જૈન સાહિત્યના જેમ એક પરમ ઉપાસક છે, તેમ આવા અત્યુત્તમ ગ્રંથો એકલા જૈનોને નહિ પરંતુ જૈન અને જૈનેતર પ્રજાને સામાન્ય રીતે દરેક મનુષ્યોને ઉપયોગી, ઉચીકર અને આત્મ કલ્યાણ કરનારા થઇ પડે તેમ ધારી તે પ્રસિદ્ધિમાં મૂકવાને, તેમજ તે ભેટ અથવા અલ્પકિંમતે આપતાં તેનો બહોળો ફેલાવો થતાં જૈન દર્શનની મહત્વતા તથા વિશાળતા બતાવવા માટે તેમજ તે વડે જનસમાજનું કલ્યાણ કેમ વિશેષ થાય તેવું તેઓશ્રીનું વિશાળ જ્ઞાન, ઉદાર વિચાર અને ઉચ્ચ ભાવનામય અંતઃકરણ હોઇ તેથી, તેમજ વળી આ સભા પ્રત્યેની અપૂર્વ કૃપાવડે આ ગ્રંથ પ્રસિદ્ધ કરવાને માટે અમો ભાગ્યશાળી થયા છીએ, જેથી ઉક્ત મહાત્માની આવી અપૂર્વ કૃપા, અમૂલ્ય સુચના માટે તેમજ જનસમુહનું આત્મ કલ્યાણ કરવાની ઉચ્ચ અભિલાષાને લઇ આ સભા તે મહાત્માનો અંતઃકરણપૂર્વક આભાર માને છે.



મેહેતા વહાલુભાઈ લવજી—પાલનપુર.

The Bombay Art Printing Works, Fort.

# અર્પણપત્રિકા.

સદ્‌ગુણસંપન્ન સ્વધર્મપ્રેમી ગુરૂભક્ત સુજ્ઞ,

## શેઠ વહાલુભાઇ લવજી,

મુ. પાલણપુર.

આપ એક ઉદાર અને શ્રીમાન જૈન ગૃહસ્થ છો. જૈનધર્મ પ્રત્યેનો, તેમજ ધર્મગુરૂ પ્રત્યેનો આપનો અવર્ણનીય પ્રેમ, શ્રદ્ધા અને લાગણી પ્રસંશનીય છે. જૈનધર્મના જ્ઞાનનો બહોળો ફેલાવો થાય તેવા કાર્યો કરવામાં આપ પ્રયત્નશીલ છો, જેથી તેવા કાર્યના ઉત્તમ નમુનારૂપે આ ગ્રંથ છપાવવામાં યોગ્ય મદદ આપી છે, વગેરે કારણોથી આ ગ્રંથ આપને અર્પણ કરવાની રજા લઇએ છીએ.

લી.

પ્રસિદ્ધ કર્ત્તા.

ॐ

पक्षपातो नमे वीरो न द्वेषो कपिलादिषु।
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમાન હરિભદ્રસૂરિ જૈનાચાર્ય.

વીરમાં મારો પક્ષપાત નથી, કપિલાદિ અન્ય દર્શનના પ્રણેતા-દેવમાં મારો દ્વેષ નથી, પરંતુ જેનું વચન યુક્તિવાળું છે તે ગ્રહણ કરવા લાયક છે.

सेयं वरोवा आसंवरोवा, बुद्धो वा अहव अन्नोया।
समभाव भावि अप्पा, लहई मुख्खं न संदेहो ॥

એક નિષ્પક્ષપાતિ જૈનાચાર્ય.

શ્વેતાંબર હોય, દિગંબર હોય, અથવા બુદ્ધ હોય અને કોઈ વેદાન્તી વગેરે હોય, પણ જ્યારે આત્મા સમભાવથી આત્માને ભાવીત કરે ત્યારે મુક્તિ પ્રાપ્ત કરે તેમાં સંદેહ નથી.

# પ્રસ્તાવના.

સુવિચાર એ બુદ્ધિના શુદ્ધ તત્ત્વોની સૃષ્ટિ છે. એ સૃષ્ટિમાંથીજ આગળ શાસ્ત્રોની રચના ઉદ્ભવી છે. સુવિચારનું પ્રાબલ્ય મનુષ્યનાં શરીર, જીવન અને સુખ ઊપર ઘણી અસર કરે છે, અને તેનો ઉત્કર્ષ સાધે છે. સુબુદ્ધિની પ્રેરણાથી થયેલી વાણીની ઉત્પત્તિ દિવ્ય અને અદ્ભુત બને છે. મહાત્માઓ કહે છે કે, "વાણી ઘણીજ શુદ્ધ હોવી જોઇએ એટલે તે ઘણીજ પ્રેમમય અને સત્યમય હોવી જોઇએ." વાણીનું પ્રૌઢ મહાત્મ્ય દર્શાવનારાં આ વાકયો ખરેખર મનન કરવા યોગ્ય છે. શુદ્ધ વાણી આંતર તત્ત્વોને પોષનારી અને આત્માને ગુણોથી ભરનારી છે. એવી વાણી હંમેશાં સુવિચારોથીજ પ્રગટે છે. તેથી હૃદય સુવિચારોને પ્રસવનારૂ થાય, તેવી પ્રવૃત્તિ કરવી જોઇએ. અશુભ વિચારોને મનમાંથી બહિષ્કૃત કરવા અને ઉત્તમ પુરૂષોને છાજે એવી ઉચ્ચ અભિલાષા રાખવી, એ જ્ઞાની પુરૂષોનું અનિવાર્ય કર્ત્તવ્ય છે. જેનું હૃદય કુવિચારોથી વંધ્ય છે. ઊત્તરોત્તર માનસિક ઉચ્ચ સ્થિતિમાં આવતો જાય છે, તેવા પુરૂષના શુદ્ધ હૃદયમાં વિચારોને પરસ્પર સંગતિ મળે છે, અને શુભેચ્છાનો પ્રવાહ વહે છે. સુવિચારોની પ્રભાથી પ્રકાશિત થયેલા હૃદયમાંથી ઇર્ષ્યા, વ્હેમ, ચિંતા, ધિક્કાર અને સ્વાર્થપરાયણતાનું અંધકાર દૂર થઇ જાય છે. સુવિચારી મનુષ્ય જ્ઞાનની પરાકાષ્ટાએ પહોંચી શકે છે અને તર્કશક્તિ અને વિવેક શક્તિને સન્માર્ગે વાળી શકે છે. 'સુવિચારમાંજ મનુષ્યત્વ સમાયલું છે.' એમ વિદ્વાનોએ નિશ્ચય કરેલો છે. એ સુવિચારોથી ઉચ્ચ, યોગ્ય અને ઉત્સાહ પૂર્ણ શુદ્ધ આશયો પ્રગટે છે. નિખાલસપણાવાળી માયાળુ સત્યવાણી ઉચ્ચારાય છે, શાંતિ, પ્રમાણિકતા અને પવિત્રતાવાળુ શુદ્ધ વર્ત્તન થાય છે, કોઈ પણ જીવને દુઃખ નહિ દેનારો શુદ્ધ જીવનનિર્વાહ કરાય છે, અને ચપલ તથા પરીક્ષક મનોવૃત્તિ બને છે. આવા સુવિચારોના સેવનથી મનુષ્યોએ પોતાની પ્રગતિ કેવી કરવી જોઇએ ? તેને માટે મહાત્માઓ કહે છે કે, "સુવિચારી મનુષ્યોએ આત્મશિક્ષણ અને આત્મસંયમ' માટે શુદ્ધ પ્રયાસ કરવો જોઈએ."

આત્મ શિક્ષણ અને આત્મસંયમ એ માનવ જીવનની મહત્તા પર આરોહણ કરવાના બે દિવ્ય પગથીઆં છે. આ સંસારની મમત્વ ભાવનાના અજ્ઞાનમાંથી મુક્ત થવાના ઉપાય રૂપ પણ એ ઉભય સાધનો છે, તે આત્મ શિક્ષણ અને આત્મસંયમ રૂપી ચક્રોથી અધ્યાત્મ રૂપી મહાન્ રથ ચાલી શકે છે અને તેને જો વૈરાગ્ય વડે વેગ આપવામાં આવે તો તે મનુષ્યની માનસિક, શારીરિક અને આત્મિક શક્તિનો ઉત્તરોતર વિકાશ કરી અંતે નિર્વાણના પરમાનંદ પદ સુધી લઈ જાય છે.

આ ઉપરથી સિદ્ધ થયું કે, ચિંતામણિ રૂપ માનવ દેહને પ્રાપ્ત થયેલા આત્માએ નિરંતર આત્મોન્નતિ મેળવવા માટે સુવિચાર રૂપે આત્મશિક્ષણ અને આત્મસંયમના ગુણો મેળવવા જોઇએ. ઉન્નતિ એ શબ્દજ દિવ્ય પ્રભાવવાળો છે, પણ તેની ખરેખરી દિવ્યતા આત્માના સંબંધથી રહેલી છે, કારણ કે, આત્મા શિવાયની બીજી ઉન્નતિઓ ક્ષણિક અને વિપથ ગામિની છે. તેથી આત્મોન્નતિ–આત્માની ઉન્નતિ એજ સર્વમાં ચરિતાર્થ થાય છે.

આત્મોન્નતિ મેળવનાર મનુષ્ય પ્રથમ આ સંસારનું સ્વરૂપ ઓળખી શકે છે, તેથી તે જીવન તૃષ્ણામાંથી મુક્ત થવા ઇચ્છે છે, અભિમાન અને અજ્ઞાનથી વિરક્ત થઈ જાય છે. કદિ પૂર્વ કર્મના યોગે તે વ્યવહાર દશામાં હોય તોપણ તેનાથી કોઇ જાતની સ્ખલના થતી નથી, કારણ કે, તે સઘળા સાંસારિક ભાવોને તેના યથાર્થ સ્વરૂપમાં જુએ છે અને તેની ખરી કિંમત આંકે છે. સર્વ પ્રકારની દુષ્ટ વાસનાઓ તેના મનમાંથી નિર્મૂલ થઇ જાય છે, તેથી તે ઇતર પ્રાણી તરફ દ્રાવક દયા, સહાય, તથા ઉચ્ચ આત્મિક પ્રેમને અનુભવે છે. એક મહાત્મા લખે છે કે,

" आत्मोन्नताः परिसमाप्ते जीवन संग्रामे शाश्वतश्रेयः पदे निमग्ना भवन्ति "

" આત્મોન્નતિને પામેલા મનુષ્યો તેમનો જીવન રૂપ સંગ્રામ પૂરો થતાંજ શાશ્વત કલ્યાણ મોક્ષ સુખમાં મગ્ન થાય છે. "

આ આત્મોન્નતિનો લેખ તેવા ઉદ્દેશથી લખાએલો છે. આર્હત આગમમાં દર્શાવેલા તત્ત્વોનું નવીન સાયન્સની રીતે યુક્તિ અને પ્રમાણથી પ્રતિપાદન કરી તેનું ઉચ્ચ રહસ્ય દર્શાવવામાં આવ્યું છે. તે સાથે આર્હત ધર્મના આચાર અને ક્રિયામાર્ગનું હેતુપૂર્વક સ્પષ્ટ વિવેચન કરવામાં આવ્યું છે. નવીન વિદ્યાના સંસ્કારોને લઇને ઉપજતી શંકાઓનું નિરાકરણ કરવા માટે યાત્રાનો કાલ્પનિક પ્રસંગ ઉભો કરી તેને અંગે શંકા સમાધાન રૂપે ઉત્તમ યોજના કરવામાં આવી છે. વસ્તુતાએ જો કે તદ્દન કલ્પના નથી છતાં વાંચકોના જિજ્ઞાસુ હૃદયને સુબોધક બનાવવા આ યોજના કરેલી છે.

સાંપ્રતકાળે નવીન વિદ્યાના પ્રભાવથી ભરપૂર એવી સાયન્સની પદ્ધતી વિશેષ રૂચિકર થઇ પડી છે અને ઉછરતા નવીન વિદ્વાનોનું હૃદય તે ઉપર વિશેષ વિશ્વાસી હોવાથી આ લેખમાં તેને આદર આપવામાં આવ્યો છે.

આ લેખના સાત વિભાગ પાડવામાં આવ્યા છે અને તે યાત્રા રૂપે દર્શાવેલા છે. પેહેલી યાત્રામાં મહાત્માના મેળાપનો રસિક પ્રસંગ વર્ણવી પ્રતિપાદ્ય વસ્તુનો આરંભ કરવામાં આવ્યો છે. તેની અંદર જગત્ કર્ત્તા ઇશ્વર નથી તે વિષયનું વિસ્તારથી વિવેચન કરી અને ઇશ્વિરાવતાર વિષે જૈનધર્મની માન્યતા કેવી છે, એ વાત જણાવી પ્રથમ યાત્રા પૂર્ણ કરવામાં આવી છે.

બીજી યાત્રામાં જગત્‌નું અનાદિત્વ સિદ્ધ કરી બતાવ્યું છે અને તેમાં જર્મનીના તત્ત્વજ્ઞાની પ્રોફેસર પોડલ્યુશનના મતનું પ્રમાણ આપવામાં આવ્યું છે. તે પછી દ્રવ્યનું સ્વરૂપ અને સ્વભાવ તેને લગતા સાયન્સના નિયમો સાયકલોજી-સાયન્સ પ્રમાણે જીવોના આહાર, અને પરમાણુઓનું સ્વરૂપ, અને જગત્‌ની વિચિત્રના પ્રશ્નનું સમાધાન, વગેરે ઉપયોગી વિષયોનું વિવેચન કરવામાં આવ્યું છે.

ત્રીજી યાત્રામાં જીવનું અસ્તિત્વ અને પરમાત્માની ઓળખનો મહાન્ વિષય ચર્ચેલો છે. તે વિષયક પ્રશ્નોના સમાધાનમાં લેખકે વિષયમાં ખુબી અચ્છી રીતે બતાવી આપી છે. નાસ્તિક મતના ખંડનમાં પરદેશી રાજા અને કેશીગણધરનો સુબોધક વૃત્તાંત આપી આસ્તિકતાની ભાવનાને જાગૃત કરી છે. તે શિવાય આત્માની અનાદિ, સિદ્ધિ, કર્મસહિત અને કર્મરહિત જીવોના બેભેદનું પ્રતિપાદન, સંસારી શબ્દનો અર્થ, જીવના બીજા ભેદો, નવીન સાયન્સ પ્રમાણે ચૈતન્યની સાબીતી, આત્મા સાથે કર્મોની વર્ગણાનો સંબંધ, આત્માનું સંક્ષિપ્ત સ્વરૂપ, કર્મોનું સ્વરૂપ, આત્મસ્વરૂપ, સિદ્ધના જીવોનું સ્વરૂપ, જીવ સ્વરૂપ વિષેના અન્યમતના કથનનું અવાસ્તવિકપણાની સિદ્ધિ, ભિન્ન ભિન્ન સ્વભાવવાળા આત્મા અને કર્મનો યોગ, તે વિષે આપેલાં દૃષ્ટાંતો, જીવને સુખદુઃખ લાગવા વિષે નવીન ઉપજાવેલા દૃષ્ટાંતો, આત્માની ત્રિવિધ પરિણતિ, બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ, આત્માને શુભાશુભ કર્મો ગ્રહણ કરવાના પાંચ કારણો, જડકર્મની શક્તિનું વિવેચન, અમૂર્ત્તજીવ ને મૂર્ત્ત કર્મોનો સંયોગ થવા વિષે ઓક્સિજન વાયુનું દૃષ્ટાંત, જીવની સાથે જન્માંતરમાં કર્મનું અનુગમન કેવી રીતે થાય છે? તેનું દૃષ્ટાંત સહિત નિરૂપણ, પ્રતિમા-મૂર્ત્તિપૂજાનું પ્રતિપાદન, પ્રભુભક્તિનો પ્રભાવ અને અજીવ પ્રતિમા શું ફળ આપી શકે? તે પ્રશ્નનું સવિસ્તર સમાધાન ઇત્યાદિ શાસ્ત્રીય વિષયો આપી લેખકે આર્હત તત્વવિદ્યા અને પ્રતિમોપાસના સિદ્ધ કરી બતાવી છે.

**ચોથી યાત્રામાં** શુદ્ધ દેવતત્ત્વ અને ગુરૂતત્ત્વનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તેની અંદર શુદ્ધ દેવસ્વરૂપને લગતા વિષયો, પંચમહાવ્રત, દશવિધ યતિધર્મ, સત્તર ભેદી સંયમ, નવવિધ બ્રહ્મચર્યની ગુપ્તિ વગેરે ગુરૂતત્વને પલ્લવિત કરનારા વિષયો, શુદ્ધ ધર્મનું સ્વરૂપ, નૈતિક ધર્મ અને આત્મિક ધર્મનું વિવેચન, જ્ઞાન, દર્શન અને ચારિત્રનું સ્વરૂપ, નવતત્ત્વોનું પ્રતિપાદન અને તત્ત્વસિદ્ધિને માટે ઉપયોગી એવા પ્રમાણોનું વિવેચન કરી તે યાત્રાની સમાપ્તિ કરવામાં આવી છે.

**પાંચમી યાત્રામાં** મનુષ્ય જીવનની ઉત્તમતા શાથી છે? આ જગત શી વસ્તુ છે, જગતની વિચિત્રતાનું કારણ શું છે, કર્મોનું સામર્થ્ય કેવું છે? ક્રિયા માર્ગનું સ્વરૂપ, આભ્યંતર તપનો પ્રભાવ, અને સાધુપદની મહત્તા વિગેરે રમણીય વિષયો પ્રતિપાદન કરવામાં આવ્યા છે.

**છઠ્ઠી યાત્રામાં** ધર્મી દુઃખી થાય છે, અને પાપી સુખી થાય છે. એ પ્રશ્ન ઉપર કરવામાં આવેલ દૃષ્ટાંત સહિત સમાધાન, પુણ્ય અને પાપની ચતુર્ભંગીનું સવિસ્તર સ્વરૂપ અને આત્મોન્નતિના માર્ગોના સુબોધક ભેદો આપી પ્રસ્તુત વિષયોને મનોહર બનાવવામાં આવ્યા છે.

**સાતમી યાત્રામાં** રસાયણ વિદ્યા ઉપરથી જૈન ધર્મના નિયમો અને સિદ્ધાંતોની સાબીતી કરી આપી છે. જેમાં ઉકાળેલા પાણીથી થતા લાભો, પૃથ્વી અને વનસ્પતિમાં જીવોની અસ્તિ, પદાર્થોનું અનાદિપણું, પુદ્‌ગલોની રસાયણ શાસ્ત્રથી સિદ્ધિ, પુદ્‌ગલોની શક્તિની ફોટોગ્રાફના દૃષ્ટાંતથી સાબીતી વગેરે વગેરે પરચુરણ પરચુરણ દૃષ્ટાંતોથી બતાવી વિષયને પૂર્ણ કરવામાં આવ્યો છે.

એકંદર સર્વ રીતે આ લેખના **આત્મોન્નતિ** એ નામને સાર્થક કરવામાં આવ્યું છે.

જૈન સિદ્ધાંતમાં ઉત્કૃષ્ટ રીતે મેળવવા યોગ્ય આત્મોન્નતિજ પ્રરૂપિત કરેલ છે. જેનામાં એ મહાન્ ગુણનો પાદુર્ભાવ થયેલો હોય છે, તેનામાં બીજા સર્વ સદ્દગુણો સ્વતઃ પ્રાપ્ત થઇ આવે છે. એ આત્મોન્નતિને સાધનારા મનુષ્યની દૃષ્ટિમાં એવી કોઇ દિવ્યતા દેખાય છે કે જે ઉપરથી આ વિશ્વના શ્રેયઃસાધક માર્ગો ખુલ્લી રીતે જોઈ શકાય છે. સમ્યગ્દૃષ્ટિ કે સમ્યગ્દર્શનનું રહસ્ય પણ તેમાંજ ચરિતાર્થ થાય છે. આત્મોન્નતિના સાધકને આ સંસાર દુઃખમય ભાસે છે, તેની મનોવૃત્તિ સત્યની શોધમાં પ્રવર્તે છે, અને 'સર્વ દુઃખનું આદિ કારણ અજ્ઞાન છે' એવો નિશ્ચય કરાવે છે. તે આત્મોન્નતિ નહિ મેળવનારને માટે એક મહાત્મા લખે છે કે, જે હૃદયમાં આત્મોન્નતિ સાધવાના સુવિચાર પ્રગટ થતા નથી. તેમની માનસિક શક્તિ કુવિચારોથી બગડે છે. અયોગ્ય આચાર કે આહાર વિહારથી શારીરિક શક્તિ

વિનષ્ટ થાય છે, દુર્ગુણો અને દુર્વ્યસનોથી આધ્યાત્મિક શક્તિ વિનાશ પામે છે. અરૂચિકર વસ્તુનો સંયોગ તથા રૂચિકર વસ્તુનો વિયોગ તેને રાગદ્વેષ ઉપજાવે છે, તૃષ્ણા-અહંભાવ પ્રબળ થાય છે. દુષ્ટવૃત્તિઓ ઉપરાઉપર પ્રગટે છે અને મમત્વ ભાવના વૃદ્ધિ પામે છે,"

મહાત્માના આ વચનો યથાર્થ છે. વળી આત્મોન્તિતિ ને માટે પૂર્વાચાર્યોએ જે કથન કરેલું છે, તે વિચારતાં ખાત્રી થાય છે કે, માનવ જીવનની ઉજ્વળતા આત્મોન્નતિમાંજ પ્રકાશી રહેલી છે. હૃદયગત આંતરિક પ્રકાશનો પ્રાદુર્ભાવ પણ આત્મોન્નતિની પૂર્ણ કળામાંજ રહેલો છે. અનિર્વચનીય, પ્રેરણાજનક અને પ્રોત્સાહક વર્તન આત્મોન્નતિ શીખવે છે. શુદ્ધ, સરલ, વિનયવાળા અને દંભરહિત આચારો આત્મોન્નતિથીજ પ્રાપ્ત થાય છે. પરમ પવિત્ર જીવનનું દર્શન આત્મોન્નતિમાં થાય છે. અશુભ પ્રવૃત્તિ હિંસા અને વિષયાસક્તિ આત્મોન્નતિથી અતિ દૂર રહે છે, અને તૃષ્ણા, ઈર્ષ્યા અને અવિદ્યા વગેરે દુર્ગુણો આત્મોન્નતિની પાસે આવી શકતા નથી. ટુંકામાં વિરતિ ધર્મની વિજયપતાકા ફરકાવનાર અને આત્મ કર્ત્તવ્યમાં અચળ-એક નિષ્ટા રાખનાર જો કોઈ પણ ભાવમય પદાર્થ હોય તો તે **આત્મોન્નતિજ છે.**

આ લેખમાં એ વાત સિદ્ધ કરી બતાવી છે. પ્રાચીન સિદ્ધાંતોને સિદ્ધ કરવા આધુનિક દષ્ટાંતોનો યુક્તિપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો છે. નવીન વિદ્યાના સંસ્કાર પામેલા વિદ્વાનો અને વિદ્યાર્થીઓને આ લેખની પદ્ધતિ મનોરંજક થઈ પડે તેવી છે. શંકાઓથી આકુલ-વ્યાકુલ થનારા હૃદયોને આ લેખ શાંતિપૂર્વક આશ્વાસન આપે છે, એથી સર્વથી વિશેષ અગત્યનો, મધુર તથા સરળ ભાષાનો, નવીન સાયન્સના પ્રમાણોથી યુક્ત અને વિદ્વાનોને આત્મિક આનંદમાં તલ્લીન કરનારો આ લેખ જૈન તેમજ જૈનેતર-સમગ્ર પ્રજાને મનનપૂર્વક આદ્યંત વાંચવા યોગ્ય છે.

આ લેખની અંદર પાત્રોની યોજનામાં જે મહાત્માનો પ્રસંગ છે, તે ગુરૂતત્ત્વના મહિમાનો પરમ ઉત્કર્ષ દર્શાવનારો છે. એ મહાત્માનું ચારિત્રજીવન માનસિક ચક્ષુ સમક્ષ ખડું રાખવા યોગ્ય ભાસે છે અને તેવા ઉત્તમ ગુરૂના સિદ્ધાંતો અને ઉપદેશોનું અનુકરણ કરવાની શુદ્ધ આસ્તા પ્રગટ થઈ આવે છે અને તે સાથે જનકલ્યાણને માટે પ્રેમ, દયા અને અહિંસા વગેરે ઉત્તમોત્તમ ગુણો સેવન કરવાનો ઉપદેશ મેળવી શકાય છે. એ મહાત્માના ઉપદેશદ્વારા લખેલા લેખો મનુષ્યનું આખું નિર્દોષ જીવન અને ચારિત્ર ઘડવામાં મુખ્ય સાધનરૂપ થાય છે. કામ, ક્રોધ, ક્લેશ, મોહ, મત્સર, તિરસ્કાર, ચિંતા, ઈર્ષા, અને દ્વેષ વગેરે દુર્ગુણોનો નિરોધ કરે છે, અને ચિરસ્થાયી લાભ વિનાના એક દેશીય માર્ગની ઉપેક્ષા કરી આત્મોન્નતિના ઉત્તમ માર્ગની અપેક્ષા કરાવે છે.

આ લેખના મનનપૂર્વક વાંચનથી આર્હત શાસનના તત્ત્વો સહેલાઇથી સમજી શકાય છે, સત્યધર્મનું સત્ય સ્વરૂપ પ્રગટ થાય છે અને હૃદય નિઃશંક બની આત્મસ્વરૂપનું જ્ઞાતા બને છે. સાંપ્રતકાળે પ્રવૃત્તિનું ચક્ર વેગવાળું છે અને જીવનકાળ અલ્પ છે, તેવા સમયમાં જૈનાગમરૂપ મહોદધિનું મથન કરવું અશક્ય છે, તેથી સાર રૂપે ઉત્તમ પદ્ધતિથી લખાએલા આવા લેખો જિજ્ઞાસુ વર્ગને વિશેષ ઉપયોગી થઇ પડયા વગર રહેશે નહિ.

છેવટે સર્વે ધર્મબંધુઓ પ્રત્યે અમારી એટલી પ્રાર્થના છે કે, "તેમણે આ ઉપયોગી લેખને શુદ્ધ હૃદયથી વાંચવો, સત્ય, દિવ્ય અને નિઃસ્વાર્થ પ્રેમથી તેનું અવલોકન કરવું, અને શુદ્ધ તથા ઉદાર ભાવના ધારણ કરવી; જેથી જિજ્ઞાસુ બંધુઓના હિતાર્થે તિવ્ર કર્ત્તવ્ય બુદ્ધિથી પ્રગટ કરેલા આ લેખનો અમારો શ્રમ સફળ થશે.

આ પ્રસંગે જણાવતાં આનંદ ઉપજે છે કે પાલણપુરનિવાસી **શેઠ વહાલુભાઇ લવજીએ** આ ગ્રંથની પાંચસો કોપી પ્રસિદ્ધ કરવા માટે રૂા. ૨૫૦) ની ઉત્તમ સહાય આપી, પોતાને મળેલી ઉત્તમ લક્ષ્મીનો, આવા જનસમાજને ઉપયોગી ગ્રંથ પ્રકટ કરવામાં જ્ઞાનદાન કરી સદ્ઉપયોગ કર્યો છે જેથી તેઓને ધન્યવાદ ઘટે છે.

આ ગ્રંથને માટે અપૂર્વ કૃપા બતાવનાર **મહાત્મા પ્રવર્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજ** અને આર્થીક સહાય આપનાર ઉક્ત બંને ગૃહસ્થોની ઇચ્છાનુસાર સાધુસાધ્વી મહારાજાઓ તથા જ્ઞાનભંડાર, લાઇબ્રેરી વગેરેને આ ગ્રંથ ભેટ આપવા સાથે, ઉક્ત ગ્રંથનો બહોળો ફેલાવો થવા માટે તેમજ વધારે મનુષ્યો લાભ લે તેવા શુભ ઇરાદાથી તેની મુદલ કિંમત રાખવામાં આવેલી છે, તેથી તેમાંથી ઉપજેલ નાણાંનો આવા ઉપયોગી ગ્રંથો છપાવવાના કામમાંજ વ્યય થવાનો હોવાથી પુણ્યની પરંપરાના ભાગી પણ આર્થિક સહાય આપનારા ગૃહસ્થો થાય તે સ્વભાવિક છે. સદરહુ ગ્રંથની શુદ્ધિને માટે યથાશક્તિ પ્રયત્ન કરવામાં આવ્યો છે. છતાં છદ્મસ્થપણામાં સુલભ એવા પ્રમાદાદિ દોષવડે, તેમજ પ્રેસ દોષને લઇને કોઇ પણ સ્થળે સ્ખલના થઈ હોય કે જૈન દર્શનની શૈલી વિરૂદ્ધ લખાણું હોય તો તેને માટે ત્રીકરણયોગે કરી ક્ષમા ચાહિયે છીયે અને અમોને સુચના કરવા વિનંતિ કરીયે છીએ.

વીર સંવત ૨૪૩૯ આત્મ સંવત ૧૭ વૈશાક શુકલ ત્રયોદશી આત્માનંદ ભવન

**શ્રી જૈન આત્માનંદ સભા,**
**ભાવનગર.**

# આ ગ્રંથ લખવાનો હેતુ.

આત્માની ઉન્નતિનો ખરો માર્ગ ધર્મ છે, પણ ધર્મો જગતમાં ઘણા પ્રકારના તેમજ એકબીજાના મત વિરૂદ્ધ ખંડન મંડનના ઝઘડાથી કેટલીક વખત દેખાતા હોવાથી, વિચારશીલ મનુષ્યોને ખરૂં શું છે ને ખોટું શું છે તેનો નિર્ણય નહિ થતો હોવાથી ધર્મ ઉપરથી અને તેના ઉપદેશકો ઉપરથી શ્રદ્ધા ઉઠી જાય છે. સાંપ્રત જમાનામાં પશ્ચાત પ્રજાના સંસર્ગથી આપણામાં પ્રવૃત્તિનું બળ વધવા માંડયું છે. ઉદ્યોગની પ્રવૃત્તિ અને કામકાજની ધાંધલમાં અહોરાત્ર મચ્યા રહેવામાંજ સર્વેને સુખ જણાય છે. અતિ વૈભવ, અતિ વ્યવસાય અને અતિ વિલાસનેજ મનુષ્યો મોટાઇ અને આબરૂ ગણે છે. તેઓ અનેક પ્રકારના વ્યવસાયોની જાળ ગુંથે છે અને તેના પાસમાં પોતાના ચિત્તને નાંખે છે. તેમનું ચિત્ત નિરંતર વ્યવસાયથી વ્યગ્ર અને વ્યાકુળ રહે છે, અને તેઓ તૃષ્ણા–લોભ આદિના અનેક સંતાપથી નિરંતર સંતપ્ત રહે છે; જીવનની અસારતા અને અનિત્યતાનો તેઓ ભાગ્યેજ વિચાર કરે છે અને તેથી જીવનની ખરી શાંતિ અને નિવૃત્તિનું અપૂર્વ સુખ દૂર રહે છે. કીર્તિ, દ્રવ્ય, સત્તા, આદિના લોભના પ્રવાહમાં તણાઇ મનુષ્યો અનેક ક્લેશો સહીત હૃદયને ખિન્ન કરે છે. કેટલેક સમયે તેઓ પોતાના સામર્થ્યનો પણ ભાગ્યેજ વિચાર કરે છે.

આ સઘળા ક્લેશોથી મુક્ત થવું તેનું નામ મુક્તિ અથવા મોક્ષ છે, તેજ આત્માની ખરી ઉન્નતિ છે; બાકીની ઉન્નતિ તે અવનતિ છે. જેથી “ બંધનથી છૂટવું તે મોક્ષ ” કહેવાય છે. આ આત્માને કર્મબંધ અનાદિથી છે; અને તેનાથી આત્મા દુઃખી થઇ રહ્યો છે. વળી એ દુઃખ દૂર કરવાના ઉપાય પણ નિરંતર આત્મા કરી રહ્યો છે; તથાપી યથાર્થ ઉપાય વિના દુઃખ દૂર થતું નથી; તેમ ભોગવતી વખતે તે દુઃખ સહન પણ થઇ શકતું નથી. આ કારણથી જીવ વ્યાકુળ થઈ રહ્યો છે. આ રીતે જીવના સમસ્ત દુઃખનું મૂળ કારણ કર્મબંધન છે. આ કર્મના બંધનનો અભાવ તે મોક્ષ છે, જે પરમહિત છે. આ કારણથી એનો યથાર્થ ઉપાય કરવો તે કર્તવ્ય છે.

મોક્ષનો માર્ગ સર્વ માટે એકજ છે, પણ બે નથી. જે જે પુરૂષો મોક્ષરૂપ પરમ શાન્તિને ભુતકાળે પામ્યા છે, તે તે સઘળાઓ એકજ માર્ગથી પામ્યા છે. વર્તમાનકાળે પણ તેથી પામે છે. ભવિષ્યકાળે પણ તેથી પામશે.

મોક્ષનો માર્ગ એક છે પણ તેના પ્રકાર અનેક છે. અનેક પ્રકારને અનેક પ્રકારે ( નય, ભંગ નિક્ષેપ પ્રમાણ, તત્ત્વ વગેરેથી ) સર્વજ્ઞ ભગવાને સમજાવ્યો છે, તેથી આ મતને " અનેકાંત " ( સ્યાદ્વાદ ) મત કહેલ છે. એક નયનું સ્થાપન કરી તેમજ બીજી રીતે ( એકાંતપણે ) સમજાવનાર એવા એકાન્ત મતધારી જુદા જુદા પડી જુદા જુદા રૂપમાં સમજાવવાથી મતભેદો પડી ગયા છે. આ મતભેદોના ઝઘડામાં ન પડતાં સત્યાસત્યનો વિચાર કરી પક્ષપાત રહિત થઇ સત્ય ગ્રહણ કરી તત્ત્વ પ્રાપ્ત કરવું એ ઉન્નતિનો સરલ માર્ગ છે.

**તત્ત્વ** એટલે જગતમાં બેજ પદાર્થ છે. ત્રીજો પદાર્થ નથી. ૧ જડ, ૨ ચૈતન્ય. આત્મા અને જડ આ બે વસ્તુ જગતમાં છે. આ બે વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણવું તેનું નામ તત્ત્વજ્ઞાન કહેવાય છે. આ જ્ઞાનને સત્યજ્ઞાન (સમ્યગજ્ઞાન) કહેવાય છે, તેનાથી વિપરિત તે મિથ્યાજ્ઞાન કહેવાય છે.

વ્યવહારિક જ્ઞાન સાથે તત્ત્વજ્ઞાન ( ધાર્મિક જ્ઞાન ) મળે તો અલૌકિક સુધારો થાય છે. વ્યવહારિક જ્ઞાન જેમ પ્રથમ વયમાં આપવામાં આવવાથી મનુષ્ય વિદ્વાન બને છે તેવી રીતે ધાર્મિક જ્ઞાન પણ પ્રથમ વયમાં જો અપાય તો તેથી ઘણોજ લાભ થઈ શકે છે. વ્યવહારિક જ્ઞાન જેઓએ મેળવ્યું છે તેવા વિદ્વાન મનુષ્યો ધર્મજ્ઞાન વગરના ઘણા માલમ પડે છે, તેનું કારણ પ્રથમ વયમાં ધાર્મિકજ્ઞાન નથી અપાણું તેજ છે.

આવા વિદ્વાનોને સત્ય માર્ગ શોધવાની ઘણી ઉત્કંઠા થાય છે, પરંતુ સત્ય માર્ગ કયે ઠેકાણે મળે અને કોણ બતાવે, એ કંઇ તેઓને સમજાતું નથી. વળી કોઈ બતાવનાર મળે તો તેના ઉપર વિશ્વાસ નહિં બેસવાથી તેમજ તેવા વિદ્વાનો કદાચ ધર્મની કોઈ બાબતમાં પોતાના અણુજાણપણાને લઇને પૂછવા માગે તો કેટલાક તરફથી તેને નાસ્તિક વિગેરે શબ્દોના પ્રહારને લઇને તેવા ધર્મજ્ઞાનના ઉત્સુક યુવકો માર્ગ પામી શકતા નથી. પોતાના મન સાથે ઇશ્વર સંબંધી, કર્મ સંબંધી અને આત્મા સંબંધી ઘણા પ્રશ્નો ઉત્પન્ન થાય છે.

આ પ્રશ્નોના ખુલાસા કોઈ મહાત્માને પૂછે, ને કદાચ કોઈ મહાત્મા તેઓના ખુલાસા કરે, પણ તેમાં ઉંડા ઉતર્યા વગર ને આગળ પાછળનો સંબંધ જાણ્યા વગર કે વાંચન વગર તે મગજમાં બેસે નહિ. એક ગૃહસ્થે

એક લાખ રૂપીયાનો હીરો ખરીદ્યો, જેણે હીરો જોયો નથી તે પૂછે કે ભાઈ આ હીરો લાખ રૂપીયાનો છે તેની મને ખાત્રી કરી આપો. તે હીરાની પરિક્ષા તે કલાક, બે કલાક કે આખા દિવસમાં શી રીતે શીખી શકે ? માટે આત્મજ્ઞાન રૂપી હીરાના ઝવેરીઓ, આપણા જેવા કાચને ઓળખનારાને કલાક બે કલાકમાં શી રીતે પરિક્ષક બનાવે ? તેવું શીખવા માટે તેવા ઝવે-રીઓની પાસે રહી, અભ્યાસ કરી અનુભવ મેળવે તોજ આત્મરૂપી હીરાના પરિક્ષક બને, તેઓના ઉપર વિશ્વાસ બેસે તોજ આત્મજ્ઞાનની ખોજ કર-વાની લાલસા થાય. આવા આત્મજ્ઞાની ઝવેરીઓ ક્યાં છે ? કેવી રીતે તેને ઓળખવા? તેની ઓળખાણ કરવા માટે ને તેઓના ઉપર વિશ્વાસ બેસવા માટે ઘણાજ ઉદ્યમની જરૂર છે, તેવા ઉદ્યમવડે જ્ઞાનપ્રાપ્તિ છે, અને જ્ઞાન પ્રાપ્તિથીજ આત્મોન્નતિ છે. જે વિદ્વાનોએ ધાર્મિક જ્ઞાન સંપાદન કર્યું નથી, અને વ્યવહારિક જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેઓ ધાર્મિક જ્ઞાન સંબંધી પોતાના મન સાથે પ્રશ્ન કરે ને પોતેજ જવાબ મેળવે તેથી કંઇ પ્રશ્નનું નિરાકરણ થઇ શકે નહિ. તેવું જ્ઞાન શી રીતે થઇ શકે તેવા હેતુથી આપ્ત પુરૂષોએ જનસમાજના ઉપકાર માટે ઘણે ઘણે સ્થળે આગમોમાં બતાવ્યું છે, પરંતુ અજ્ઞ કે અલ્પજ્ઞ જીવો તેનો લાભ જલદીથી લઇ શકે તે અશક્ય હોવાથી, તેમજ સાંપ્રતકાળે નાનપણથી ધાર્મિક કેળવણીના સંસ્કાર નહિ પડેલા તેવા વ્યવહારિક કેળવણી પામેલા અને હાલમાં તેવીજ કેળવણી લેતા મનુષ્યને સત્ય ધર્મનું સ્વરૂપ અમુક અંશે સરલ રીતે સમજી શકાય, તેઓની શંકાઓ દૂર થાય, સત્ય ધર્મ કયો છે તેનું સ્વરૂપ જણાય, તેવા હેતુથી પૂર્વાચાર્યોકૃત અનેક ગ્રંથોમાંથી અવતરણ કરી આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે.

મારો જન્મ બોરસદ તાલુકામાં અલારસા કરીને નાનું ગામ છે ત્યાં થયો હતો. મારા બાપદાદા માત્ર નામના જૈનધર્મી કહેવાતા હતા. અમારા ગામમાં કોઈને પણ જૈન ધર્મનું એક અંશ પણ જ્ઞાન નહોતું, તેમજ દેરા-સર તથા મુનિના આવાગમનના અભાવે મને પણ જૈનધર્મસંબંધી કશી માહીતી ઘણી લાંબી મુદત સુધી મળી નહિં. વળી બ્રાહ્મણ પાટીદાર વિગેરે અન્યદર્શનીઓના સહવાસમાં રહેલ, તેમજ તેમનાં કથા પુરાણો વગેરે વારં-વાર સાંભળવામાં તથા વાંચવામાં આવતાં તેના ઉપર ઉચી થયેલી હતી, જેથી તે ધર્મનો સ્વીકાર કરેલો. જેમ જેમ ઉમર વધવા લાગી ને જુદાં જુદાં પુસ્તકો ત્થા બુદ્ધિપ્રકાશ વિગેરે માસિકો તેમજ લાઇબ્રેરીનાં પુસ્તકો વાંચવામાં આવ્યાં તેમાં જુદા જુદા ધર્મની માહિતી થતાં જુદા જુદા ધર્મોમાં એક બીજાની વિરૂદ્ધતા સમજાઇ; જુદા જુદા ધર્મના ઇશ્વર (દેવ) જુદા જુદા, અને તેનાં તત્ત્વો વગેરે પણ જુદા જુદા સમ-

જવામાં આવ્યા, આ ઉપરથી કોના દેવ સાચા, કયો ધર્મ સાચો, એ મુંઝવણુથી વિચારમાં પડયો. આ વિચારનો છેવટ નિકાલ મારા હૃદયથી મેં તે વખતે એવો કર્યો કે જુદા જુદા માણુસોના જુદા જુદા ઈશ્વિર હોય નહિ, તેમજ જુદા જુદા ધર્મોના જુદા જુદા કાયદા કરે નહિ, માટે આ બધા ધર્મો વાસ્તવિક નથી. આપણો બનાવનાર તથા સુખદુઃખનો કર્તા ઈશ્વિર છે. તેજ ઈશ્વિર, અને તેની પ્રાર્થના કરવી, તેમજ આપણા થએલા ગુન્હાની તે ઈશ્વર પાસે માફી માગવી, તેથીજ ઈશ્વિર આપણું કલ્યાણુ કરશે. આ ઠરાવપર આવી આવા પ્રકારનો પ્રાર્થનાસમાજનો નવીન ધર્મ નીકળ્યો હતો તે અંગિકાર કર્યો. મારા બાપદાદાનો જૈનધર્મ છતાં તેની માહીતી તો મળેલી હતીજ નહિ ને અન્ય દર્શનનાં પુસ્તકો વાંચવામાં આવતાં જૈન ધર્મવાળા જગતકર્ત્તા ઇશ્વર નથી માનતા, તેથી જૈન ધર્મ નાસ્તિક છે માટે તે ધર્મ ખોટો છે, એવું મારા મન સાથે નક્કી તે વખતે થયું. પછી કોલેજમાં ભણવા સારૂ વડોદરા શહેરમાં આવ્યો ત્યારે જૈનીઓના સંબંધમાં આવ્યો, પણુ જગતકર્તા ઈશ્વરનું ભુત વળગેલું એટલે જૈનધર્મઉપરના અભાવને લીધે ત્યાં પણુ ધર્મોપદેશ સાંભળવા જતો નહિ, તેથી માહિતી શી રીતે મળે? અને વિચાર વમળમાં પડયો હતો, તેથી તેવી સ્થિતિમાં આ પ્રમાણે મારી ૩૮ વરસની ઉમર થતાં સુધી સત્ય ધર્મને પીછાની શકયો નથી. ભાવી પ્રબળ છે, જેથી મારા કંઈક પુન્યોદયથી જૈન **મહાત્મા પ્રવર્તકજી શ્રીમદ્ કાન્તિવિજયજી મહારાજ** સાહેબ કે જે જગદ્‌વિખ્યાત મહોપકારી સૂરીશ્વરજી મહારાજ **શ્રી વિજયનંદ સુરી (આત્મારામજી મહારાજ)**ના પરમ પવિત્ર શિષ્ય ) તે વખત વડોદરે પધારેલા, તેઓ સાહેબનો બીજાં કારણોને લઈ દર્શનનો પ્રસંગ મળ્યો, તે મહાત્માના દર્શન માત્રથી ને અમૃતમય વાણીના મંત્રોપચારથી તેઓની અપૂર્વ કૃપાવડે હૃદયના અજ્ઞાનરૂપી અંધકારનો પડદો તુટી ગયો, અને ઇશ્વરકર્ત્તા ભુત મારા દીલમાંથી નાશી ગયું. પછી મારા મનના ઉઠતા પ્રશ્નોનું સમાધાન તેઓ સાહેબે ઘણીજ સારી રીતે કર્યું અને તેના ખુલાસા થાય એવાં પુસ્તકો **જૈન તત્ત્વાદર્શ, અજ્ઞાન તિમિર ભાસ્કર, અપૂર્વ ગ્રંથ જૈનતત્ત્વસાર,** અને પ્રશ્નોતર **રત્નચિંતામણી** વગેરે વાંચવા આપ્યાં. જેમ ઘણા વરસનો રોગી માણુસ હોય તેને અનુભવી વૈદ્ય ધીરે ધીરે પ્રકૃતિને અનુસરતાં ઓસડ આપી ધીરે ધીરે નિરોગી બનાવે તેમ મને પણુ તેવા પ્રકારનાં પુસ્તકો દૂરથી પણુ મોકલાવી ધર્મની માહીતી ને મનની દઢતા કરી. તે ગુરૂ મહારાજની કૃપાદષ્ટિથી મારા સંશયો દૂર થયા અને કંઇક જ્ઞાનરૂપી પ્રસાદિની પ્રાપ્તિ થઈ. કાંઇ પણુ શુભ ગુણુ મારામાં કોઇની દ્રષ્ટિમાં આવેલા જો દેખાય તો તે ગુરૂ મહારાજનોજ પ્રતાપ છે.

આ પુસ્તકમાં કોઇ પણ ધર્મના દોષ બતાવવામાં આવ્યા નથી, એટલે ગમે તે ધર્મવાળાને વાંચવાને અરૂચી લાગશે નહિ. વિચાર દ્દષ્ટિથી જોશે તેનેજ રૂચીકર થશે.

પુસ્તક રચવાની યોગ્યતા મારામાં નથી, કોઇ પણ ભાષાનું જ્ઞાન મારામાં નથી, તેમજ ગુજરાતી ભાષાનું જ્ઞાન મારામાં જોઇએ તેવું નથી. શુદ્ધ લખવાની કે બોલવાની શક્તિ મારામાં નથી પણ માત્ર પ્રાચિન અને આધુનિક પૂર્વાચાર્યો રચિત ગ્રંથોમાંથી સાર સાર પ્રશ્નોત્તર એકઠા કરી એક હસ્ત-લિખીત બુકની રફ કોપી તૈયાર કરી હતી, જે વાંચવા તપાસવા શ્રીમદ્ પ્રવર્ત્તકજી મહારાજ **શ્રી કાન્તિવિજયજી મહારાજને** મોકલી હતી. તેઓશ્રીનાં બીજાં વર્ષે ઉપરના સુરતના ચાતુર્માસ દરમ્યાન શ્રી જૈન ધર્મની ઉન્નતિ કરતી અને ગુરૂકૃપાવડે વૃદ્ધિ પામતી **શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર**ના સેક્રેટરી **ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ**નું ઉક્ત મહાત્માના વંદન અર્થે ત્યાં જવું થયું. સદરહુ મારી હસ્ત લિખીત કોપી તેમના જોવામાં આવતાં, ઉક્ત મહાત્માને વિનંતિ કરી કે આ ગ્રંથમાં સુધારો વધારો કરી તેમજ સરલ અને સાદી ભાષામાં તદન નવીન ઢબથી આ જમાનાને અનુસરી, લખી તૈયાર કરવામાં આવે તો જનસમાજને રૂચીકર થવા સંભવ છે. જે ઉપરથી ઉક્ત મહાત્માએ ઉક્ત સભાના તે સેક્રેટરીને તેમ કરવા આજ્ઞા આપી અને કેટલીક સુચના કરી. જેથી તેઓએ તે ગ્રંથ શ્રી ગીરનારની યાત્રાના પ્રસંગમાં એક મહાન આચાર્ય અને સત્યધર્મના જીજ્ઞાસુ અને શોધક સત્યચંદ્ર અને શોધકચંદ્ર પાત્રો કલપી પ્રશ્નોત્તર રૂપે આ ગ્રંથની યોજના કરી છે; સાથેસાથે ગીરનારનું વર્ણન, નેમિશ્વર ભગવાનની સ્તુતિ વગેરે યોજના પણ વાંચનારને રસમય કરી શકે તેમ છે. એકંદર રીતે ઉક્ત આખા ગ્રંથની યોજના કરવામાં તેમજ સુધારો વધારો કરવામાં, તેમજ આદ્યંત વાંચી આવો સરલ, રૂચીકર, અને રસમય કરી સુંદર સ્વરૂપ કરવામાં જે પ્રયાસ ઉકત સેક્રેટરીએ કર્યો છે તેને માટે તેમનો આભાર માનું છું.

આ ગ્રંથ આદ્યંત વાંચી જવા દરેક મનુષ્યને વિનંતિ છે અને તેમાંથી યત્કિંચિત પણ જે લાભ થાય તે ઉક્ત મહાત્માનોજ પ્રતાપ સમજવાનો છે. છેવટે આત્મોન્નતિના જીજ્ઞાસુઓને અને સત્ય ધર્મના શોધકોને તે તે પ્રાપ્ત થાઓ તેવી પરમાત્માની પ્રાર્થના સાથે વિરમું છું.

લી. દેવ, ગુરૂ, ધર્મનો ઉપાસક

**શાહ બહેચરદાસ દુર્લભદાસ.**

**વડોદરા—હાલ પાદરા.**

# विषयानुक्रमणिका.


વિષય. પૃષ્ટ.

૧ મહાત્માનો મેલાપ.... ... ... ... ૧

**યાત્રા ૧ લી.**

૨ જગત્કર્ત્તા ઇશ્વર નથી, તેનું પ્રતિપાદન. ... ... ૧૯
૩ ઇશ્વિર અવતાર ધરે છે કે નહીં? તે વિષે વિવેચન. ... ૩૫
૪ જૈન ધર્મની માન્યતા કેવી છે?... ... ... ૪૧

**યાત્રા ૨ જી.**

૫ આ જગત્ આદિ કે અનાદિ તેનું વિવેચન. ... ... ૪૬
૬ તે વિષે જર્મનીના તત્ત્વજ્ઞાનના પ્રોફેસર પોડ્લ્યુશનનો મત... ૪૯
૭ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુક્ત જે સત તે જેનું લક્ષણ છે
એવા દ્રવ્યના સ્વભાવનું વિવેચન... ... ... ૫૦
૮ તે વિષે લાગુ થતાં રસાયણ શાસ્ત્રના નિયમો... ... ૫૧
૯ જીવોના આહાર-કવલ આહાર અને રોમ આહાર. ... ૫૪
૧૦ તે વિષે સાયકલોજી-સાયન્સનું પ્રમાણ. ... ... ૫૪
૧૧ પરમાણુનું લક્ષણ. ... ... ... ... ૫૫
૧૨ તે વિષે પાશ્ચિમાત્ય સાયન્સનું પ્રમાણ ... ... ૫૫
૧૩ સાયન્સ પ્રમાણે જમીનમાં રહેલા પરમાણુઓ.... ... ૫૬
૧૪ પરમાણુઓની સ્નેહાકર્ષણ શક્તિ... ... ... ૫૭
૧૫ તે વિષે જૈનશાસ્ત્રની માન્યતા ... ... ... ૫૮
૧૬ જગત્કર્ત્તા ઇશ્વર નથી અને જગત્ અનાદિ છે, તે વિષેનો
પુનઃ પ્રશ્ન. ... ... ... ... ૫૯
૧૭ મહાત્માએ આપેલા ઉત્તરમાં ભગવદ્ ગીતાનું પ્રમાણ. ... ૬૦
૧૮ જગત્ની વિચિત્રતાનો પ્રશ્ન. ... ... ... ૬૧
૧૯ મહાત્માએ આપેલો તેનો સપ્રમાણ ઉત્તર ... ... ૬૧

**યાત્રા ૩ જી.**

૨૦ જીવનું અસ્તિત્વ અને પરમાત્માની ઓળખ.... ... ૬૬
૨૧ ઇશ્વિર કોને કહેવો? (પ્રશ્ન.) ... ... ... ૬૬
૨૨ આત્મા અને પરમાત્માને ઓળખવાનો પ્રકાર (મહાત્માનો ઉત્તર) ૬૬
૨૩ નાસ્તિક મત ઉપર પ્રશ્ન ... ... ... ૬૮

| વિષય. | | પૃષ્ઠ. |
|---|---|---|
| ૨૪ | તે વિષે પરદેશી રાજા અને કેશીગણધરનો વૃત્તાંત. ... | ૬૮ |
| ૨૫ | આ સંસારમાં આત્મા-જીવની સ્થિતિ ક્યારથી હશે ? (પ્રશ્ન) | ૭૨ |
| ૨૬ | 'આત્મા અનાદિ કાળથી છે,' એવું પ્રતિપાદન ... | ૭૨ |
| ૨૭ | જગતમાં જીવ કેટલા હશે ? (પ્રશ્ન) ... ... | ૭૩ |
| ૨૮ | કર્મરહિત અને કર્મસહિત એવા જીવના મુખ્ય બે ભેદ ... | ૭૩ |
| ૨૯ | સંસારી શબ્દનો અર્થ ... ... ... | ૭૩ |
| ૩૦ | જીવના બીજા ભેદો ... ... ... | ૭૩ |
| ૩૧ | પૃથ્વી, પાણી અને વાયુમાં સાયન્સ પ્રમાણે ચૈતન્યની સાબીતી | ૭૩ |
| ૩૨ | જીવ સાથે કર્મોની વર્ગણાનો સંબંધ ... ... | ૭૪ |
| ૩૩ | સૂક્ષ્મ જીવો સર્વજ્ઞ ભગવાન્‌થીજ જોઇ શકાય છે ... | ૭૫ |
| ૩૪ | આત્માના સ્વરૂપ વિષે સંક્ષિપ્ત કથન ... ... | ૭૫ |
| ૩૫ | કર્મોનું સ્વરૂપ. ... ... ... ... | ૭૫ |
| ૩૬ | આત્માનું સ્ફૂટ સ્વરૂપ ... ... ... | ૭૬ |
| ૩૭ | અનંત સિદ્ધો થયા કરે તો આ સંસાર ખાલી થઇ જવાની શંકા (પ્રશ્ન) ... ... ... ... | ૭૮ |
| ૩૮ | તે ઉપર મહાત્માએ કરેલું સમાધાન ... ... | ૭૮ |
| ૩૯ | સિદ્ધ જીવો કર્મોને કેમ ગ્રહણ કરતા નથી ? (પ્રશ્ન) ... | ૭૯ |
| ૪૦ | તે વિષે મહાત્માએ કરેલું સમાધાન. ... ... | ૮૦ |
| ૪૧ | જીવના સ્વરૂપ વિષે અન્યમતોનું કથન અપ્રતિપાદન કરવા પૂર્વક શૈલીથી પ્રતિપાદન ... ... ... | ૮૧ |
| ૪૨ | આત્મા અને કર્મ ભિન્ન ભિન્ન સ્વરૂપવાળા છતાં તેમનો યોગ શી રીતે સંભવે ? (પ્રશ્ન) ... ... ... | ૮૪ |
| ૪૩ | તેના સમાધાનમાં દર્શાવેલા પાંચ મોટા દૂષણો ... | ૮૫ |
| ૪૪ | જીવ અને કર્મનો સંબંધ પ્રવાહથી અનાદિ છે, તે વિષે આપેલાં દૃષ્ટાંતો. ... ... ... ... | ૮૬ |
| ૪૫ | સુખ દુઃખનું જ્ઞાન તે જીવને શી રીતે થાય છે, તે સાબીત કરવા ઑાઇઝરની સાથે જીવની સરખામણી ... ... | ૯૦ |
| ૪૬ | તે વિષે વણિકનું બીજું દૃષ્ટાંત. ... ... ... | ૯૧ |
| ૪૭ | મારાપણું કાઢવાથી દુઃખ કેમ નથી લાગતું ? (પ્રશ્ન) ... | ૯૪ |
| ૪૮ | તે વિષે મહાત્માએ કરેલું સમાધાન. ... ... | ૯૪ |
| ૪૯ | આત્માની ત્રણ પરિણુતિ ... ... ... | ૯૬ |
| ૫૦ | બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ ... | ૯૬ |

| વિષય. | | પૃષ્ટ. |
|---|---|---|
| ૫૧ | સુખની ઇચ્છાવાળો આત્મા જાણતાં છતાં અશુભ કર્મોને કેમ ગ્રહણ કરે છે? (પ્રશ્ન) ... ... ... | ૧૦૧ |
| ૫૨ | તેના સમાધાનમાં આપેલા શુભાશુભ કર્મો ગ્રહણ કરવાનાં પાંચ કારણો ... ... ... ... | ૧૦૧ |
| ૫૩ | જગતમાં ચાલતા કર્મનાં જુદાં જુદાં નામો. ... ... | ૧૦૩ |
| ૫૪ | કર્મ અજીવ-જડ છે, તે શું કરી શકે? (પ્રશ્ન) ... | ૧૦૩ |
| ૫૫ | મહાત્માએ કરેલું સમાધાન. ... ... ... | ૩૧૦ |
| ૫૬ | કર્મો પ્રેરક વિના સુખ દુઃખ શી રીતે પમાડે? (પ્રશ્ન) ... | ૧૦૪ |
| ૫૭ | મહાત્માએ કરેલા સમાધાનમાં રોગી અને ઔષધનું દૃષ્ટાંત.... | ૧૦૪ |
| ૫૮ | અમૂર્ત્ત જીવ અને મૂર્ત્ત કર્મોનો સંયોગ કેવી રીતે ઘટે? (પ્રશ્ન) | ૧૦૬ |
| ૫૯ | તેના સમાધાનમાં ઓક્સિઝન વાયુનો દાખલો.... ... | ૧૦૬ |
| ૬૦ | જીવને કર્મબંધ કેવી રીતે થાય છે? તેનું વિવેચન. ... | ૧૦૮ |
| ૬૧ | અરૂપી જીવને લાગતાં રૂપી કર્મો કેમ દેખવામાં આવતાં નથી? (પ્રશ્ન) | ૧૦૯ |
| ૬૨ | તેના સમાધાનમાં કર્મના સ્વરૂપનું વિવેચન. ... ... | ૧૧૦ |
| ૬૩ | જીવની સાથે જન્માંતરમાં કર્મનું ગમન કેવી રીતે થાય છે? તેનું દૃષ્ટાંતો સાથે નિરૂપણ. ... ... ... | ૧૧૫ |
| ૬૪ | પ્રતિમાની સિદ્ધિનું પ્રતિપાદન. ... ... ... | ૧૨૨ |
| ૬૫ | પ્રભુ ભક્તિ અને પૂજાની દૃઢતાની સ્થાપના. ... ... | ૧૨૨ |
| ૬૬ | અજીવ પ્રતિમા શું ફળ આપી શકે? તે પ્રશ્નનું નિરાકરણ.... | ૧૨૪ |


## યાત્રા ૪ થી.


| | | |
|---|---|---|
| ૬૭ | રૈવતક ગિરિના તીર્થનું વર્ણન. ... ... ... | ૧૩૧ |
| ૬૮ | શુદ્ધ દેવનું લક્ષણ. ... ... ... ... | ૧૩૩ |
| ૬૯ | અઢાર દૂષણોનું સ્વરૂપ. ... ... ... | ૧૩૫ |
| ૭૦ | ગુરૂતત્ત્વનું સ્વરૂપ અને લક્ષણ. ... ... ... | ૧૪૬ |
| ૭૧ | પંચ મહાવ્રતોનું પ્રતિપાદન ... ... ... | ૧૪૭ |
| ૭૨ | દશ પ્રકારના યતિધર્મનું સ્વરૂપ. ... ... ... | ૧૪૯ |
| ૭૩ | સંયમના સત્તર ભેદ.... ... ... ... | ૧૫૦ |
| ૭૪ | નવવિધ બ્રહ્મચર્યની ગુપ્તિઓ. ... ... ... | ૧૫૦ |
| ૭૫ | કુગુરૂ કેવા હોય? ... ... ... ... | ૧૫૩ |
| ૭૬ | ધર્મ શબ્દની વ્યાખ્યા ... ... ... | ૧૫૬ |
| ૭૭ | ધર્મના બે ભેદ-નૈતિક ધર્મ અને આત્મિક ધર્મ. ... | ૧૫૭ |
| ૭૮ | આત્મિક ધર્મનું વિવેચન. ... ... ... | ૧૫૭ |

| વિષય. | | પૃષ્ટ. |
|---|---|---|
| ૭૯ | ધર્મના બીજા પ્રકારો ... ... ... | ૧૫૮ |
| ૮૦ | જ્ઞાન, દર્શન અને ચારિત્રનું સ્વરૂપ ... ... | ૧૫૮ |
| ૮૧ | તીર્થંકરત્વનું સ્વરૂપ... ... ... ... | ૧૬૦ |
| ૮૨ | અતિશયોનું સ્વરૂપ... ... ... ... | ૧૬૨ |
| ૮૩ | નવ તત્ત્વોનું પ્રતિપાદન ... ... ... | ૧૬૪ |
| ૮૪ | જીવ તત્ત્વનું સવિસ્તર સ્વરૂપ ... ... ... | ૧૬૫ |
| ૮૫ | જીવના સ્વભાવનું વિવેચન ... ... ... | ૧૬૮ |
| ૮૬ | અજીવ તત્ત્વનું સવિસ્તર સ્વરૂપ... ... ... | ૧૬૮ |
| ૮૭ | મોક્ષ તત્ત્વનું વિવેચન ... ... ... | ૧૭૧ |
| ૮૮ | તત્ત્વ સિદ્ધિને માટે ઉપયોગી એવા પ્રમાણોનું સ્વરૂપ ... | ૧૭૨ |
| | **યાત્રા ૫ મી.** | |
| ૮૯ | રૈવતકગિરિના પવિત્ર પ્રદેશનું વર્ણન ... ... | ૧૭૭ |
| ૯૦ | મનુષ્ય જીવનની ઉત્તમતા શાથી છે ? (પ્રશ્ન)... ... | ૧૮૨ |
| ૯૧ | મહાત્માના મુખથી તેનો પ્રત્યુત્તર ... ... | ૧૮૨ |
| ૯૨ | આ જગત્ શું છે ? ... ... ... | ૧૮૯ |
| ૯૩ | આ જગતની વિચિત્રતાનું કારણ શું છે ? ... ... | ૧૯૨ |
| ૯૪ | કર્મોનું સામર્થ્ય. ... ... ... ... | ૧૯૫ |
| ૯૫ | ક્રિયા માર્ગ. ... ... ... ... | ૨૦૦ |
| ૯૬ | આભ્યંતર તપ. ... ... ... ... | ૨૦૭ |
| ૯૭ | સાધુપદની મહત્તા. ... ... ... ... | ૨૦૭ |
| ૯૮ | ગૃહસ્થધર્મ. ... ... ... ... | ૨૦૯ |
| ૯૯ | બાર વ્રતનું સંક્ષિપ્ત સ્વરૂપ. ... ... ... | ૨૦૯ |
| ૧૦૦ | પોતાના જીવિતના સ્વરૂપની વિચારણા. ... ... | ૨૧૪ |
| | **યાત્રા ૬ ઠ્ઠી.** | |
| ૧૦૧ | ધર્મી દુઃખી થાય છે અને પાપી સુખી થાય છે, તેનું શું કારણ? (પ્રશ્ન) ... ... ... ... | ૨૧૯ |
| ૧૦૨ | તે પ્રશ્નનું દૃષ્ટાંત સહિત સમાધાન. ... ... | ૨૧૯ |
| ૧૦૩ | પુણ્ય અને પાપની ચતુર્ભંગીનું સ્વરૂપ. ... ... | ૨૨૨ |
| ૧૦૪ | આત્મોન્નતિના માર્ગો, અને તેના ભેદો. ... ... | ૨૩૯ |
| ૧૦૫ | આત્મા દેહથી ભિન્ન છે તેવી માન્યતાની સત્ય સિદ્ધિ. ... | ૨૪૧ |
| ૧૦૬ | રાત્રિભોજન વગેરે જૈનોમાં ત્યાજ્ય છે તેનું કારણ ... | ૨૪૪ |

વિષય. પૃષ્ટ.

૧૦૭ જૈનોના સિદ્ધાંતો સાથે રસાયણ શાસ્ત્રના કેટલાક સિદ્ધાંતોનું મળતાપણું. ... ... ... ... ૨૫૪


## યાત્રા ૭ મી.


૧૦૮ ઉકાળેલા પાણી પીવાથી થતા લાભો. ... ... ૨૬૧

૧૦૯ મળ મૂત્રાદિ લાંબો વખત નહીં રહેવા દેવાથી થતા લાભો. ૨૬૧

૧૧૦ પૃથ્વી અને વનસ્પતિમાં જીવ હોવાની પશ્ચિમના શોધક વિદ્વાનોથી થયેલી સાબીતી. ... ... ... ૨૬૨

૧૧૧ પદાર્થની અનાદિ સિદ્ધિ. ... ... ... ૨૬૨

૧૧૨ પુદ્‌ગલનું રસાયણ વિદ્યાના ધર્મો સાથે મળતાપણું. ... ૨૬૩

૧૧૩ ભાષાના શબ્દો અને પ્રકાશ એ પુદ્‌ગલ છે તેની દૃષ્ટાંત સાથે સાબીતી. ... ... ... ... ૨૬૫

૧૧૪ ઉપસંહાર. ... ... ... ... ૨૬૭

શ્રી

# આત્મોન્નતિ

યાને

## સર્વજ્ઞપ્રણીત સ્યાદ્વાદ દર્શનસ્વરૂપ.

अर्हम्

**श्री सर्वज्ञाय नमः**

**श्रीमद्विजयानंदसूरिश्वरपादपद्मेभ्यो नमः**

# आत्मोन्नति.

## મહાત્માનો મેળાપ.

પ્રાતઃકાલનો સમય હતો. સૂર્યનું સુંદર વિમાન પૂર્વ દિશાના પ્રદેશપર આરૂઢ થયું હતું. તેની અરૂણ કાંતિએ વિશ્વને રંગી દીધું હતું. નિશાનારીએ નાખેલા નિદ્રાના પાશમાંથી મુક્ત થઇ પ્રાણીઓ પ્રવૃત્તિ માર્ગે વળતા હતા. આસ્તિક આત્માઓ ધર્મારાધનમાં પ્રવર્તતા હતા. સંસારમાં મોહિત થયેલા લોકો આર્થિક ઉન્નતિ સાધવાને માટે અનેક પ્રકારના પ્રયત્નો કરવા તત્પર બનતા હતા. નિવૃત્તિનો અસ્ત અને પ્રવૃત્તિનો ઉદય–આ કાળે સારી રીતે દેખી શકાતો હતો.

આ સમયે એક તરૂણ પુરૂષ પોતાના વાસગૃહનો ત્યાગ કરી મુસાફર બની ચાલતો હતો. માર્ગે ચાલતાં ચાલતાં તેના મનરૂપ મહાસાગરમાં વિચારરૂપી અનેક તરંગો ઉછળતા હતા. ચાલતી કેળવણીના યુગમાં તેનો અવતાર હોવાથી તેનું હૃદય અતિશય ચંચળ બની ગયું હતું. અનેક જાતની શંકાઓ તેના ચંચળ હૃદયને હલાવ્યા કરતી હતી. આટલું છતાં તે શોધક વૃત્તિવાળો હતો. 'સત્ય શું છે?' તેને માટે તે સદા પ્રવૃત્તિ કરતો હતો. સત્ય અથવા તત્ત્વની જિજ્ઞાસા તેને આમતેમ ભમાવતી હતી. આ સમયે તે સત્ય સિદ્ધાંતની શોધને માટે ફરવા નીકળ્યો હતો.

વાચકો, આ પ્રસંગ તરફ પૂર્ણ લક્ષ આપવા તત્પર થજો. તમારા હૃદયમાં સર્વદા જિજ્ઞાસાને સ્થાન આપજો. સત્ય-તત્ત્વની જિજ્ઞાસા મનુષ્યને છેવટે મહત્તાનો માર્ગ દર્શાવે છે. જેના હૃદયમાં જિજ્ઞાસાનો જન્મ નથી, તે પુરૂષનું જીવન શૂન્યવત્ છે. જિજ્ઞાસા એ માનવ જીવનનું ઉચ્ચ તત્ત્વ અને આંતર જીવન છે. જેણે જિજ્ઞાસાનું બળ પ્રાપ્ત કર્યું છે, તે પુરૂષ અનુક્રમે મહાત્માની પદવીનો અધિકારી થઇ શકે છે. આ વિશ્વ ઉપર જે જે મહાત્માઓ-મહા પુરૂષો થઇ ગએલા છે, તેઓ જિજ્ઞાસાના પૂર્ણ બળવાળા હતા. આંતર જીવનના બળથી વૃદ્ધિ પામેલા પુરૂષોનું મૂળ બીજ જિજ્ઞાસાજ છે. તેથી ઉત્તમ આત્માઓએ યાવજ્જીવિત જિજ્ઞાસાનો આશ્રય લેવો જોઇએ.

તે તરૂણ પુરૂષ પોતાની જિજ્ઞાસા તૃપ્ત કરવાને માટે વાસ સ્થળનો ત્યાગ કરી જંગલમાં નીકળ્યો છે. તેના હૃદયની આશા કોઇ મહાત્માના મેલાપને માટે પ્રગટી છે. કોઇ નગર કે જંગલમાં અથવા કોઈ યાત્રાના સ્થળમાં વિચરતા મહાત્માઓ તેના દૃષ્ટિ માર્ગમાં આવી પડશે, તો તે પોતાની માનસિક ધારણા સફળ કરી શકશે. આ યુવાન પુરૂષ એક શ્રીમંતના કુટુંબમાં જન્મેલો છે. તે સાથે વિવિધ કેળવણીના મધુર ફળનો તે ભોક્તા બનેલો છે. પ્રાચીન અને અર્વાચીન વિદ્વાનોના વિચારો તેના જાણવામાં છે. પરંતુ તે વિચારોના સિદ્ધાંતોની અંદર કોઇ પણ નિર્ણય તેના જોવામાં આવ્યો નથી. નવીન કેળવણીએ જે સુધારાને જન્મ આપ્યો છે, તે સુધારાએ ધર્મ અને વ્યવહારના સિદ્ધાંતોમાં અવ્યવસ્થા ઉત્પન્ન કરી છે એવું તેને જણાયું તેથી આ તરૂણ વિશેષ શંકાશીલ બનેલો હતો. જ્યારે તેનું હૃદય શંકાઓની જાળથી આવૃત થઈ ગયું, અને નિર્ણયની શોધ કરવામાં આસક્ત બની ગયું, ત્યારે તેની મનોવૃત્તિ આવાસ છોડવાને તત્પર બની હતી. તેથીજ તે આ વખતે નગરવાસનો ત્યાગ કરી વનમાં ફરવા નીકળી પડયો હતો.

તે પુરૂષ પોતાના નિવાસ સ્થાનનો ત્યાગ કરી અનુક્રમે આગળ ચાલ્યો. તેવામાં એક ઘાટું જંગલ તેના જોવામાં આવ્યું. એ જંગલ વિવિધ પ્રકારના વૃક્ષોથી ભરપૂર હતું. તેમાં નાના પ્રકારના પ્રાણીઓના મધુર શબ્દો થતા હતા. ચારે બાજુ નાના પર્વતોની શ્રેણીઓ દેખાતી

હતી. જંગલનો દેખાવ કુદ્રતી હતો, તથાપિ તે બાગની કૃત્રિમ રચનાથી સુશોભિત લાગતો હતો. જંગલના કેટલાએક દેખાવો કુદ્રતી હતા, છતાં તેની અંદર જાણે બુદ્ધિપૂર્વક રચનાઓ ગોઠવી હોય, તેવું લાગતું હતું. એક તરફ વિવિધ પુષ્પોના વૃક્ષોની રચના મનને હરતી હતી, ત્યારે બીજી તરફ ગાઢ છાયાદાર વૃક્ષો ફળોના ભારથી લચી રહ્યા હતા. પર્વતની ટેકરી ઉપરથી પડતા ઝરણાનો દેખાવ અદ્ભુત હતો. સ્વાભાવિક રીતે આવી રહેલા તે ઝરણાઓ સુંદર ફુવારાની શોભાને ધારણ કરતા હતા. શીત, મંદ અને સુગંધી પવન પ્રસરતો હતો. રાયણ, વડ, પીપળ અને આમ્ર વૃક્ષોની ઘટાથી માર્ગો શીતળ છાયા-મય બની ગયા હતા. સૂર્યના તેજસ્વી કિરણો વૃક્ષોના પલ્લવોમાંથી પ્રસાર થઇ નીચે ચાલતા વટેમાર્ગુઓને પ્રકાશનું દાન કરતા હતા. આવા સુંદર અને મનોજ્ઞ જંગલમાં તે તરૂણ આવી પહોંચ્યો. કુદ્રતે પ્રકાશિત કરેલી જંગલની શોભાને નીરખતો અને હૃદયમાં હરખાતો તે વિદ્વાન્ તરૂણ અનેક જાતની વિચારમાળા ફેરવતો ચાલતો હતો.

જંગલની રમણીયતા જોઈ તે યુવક પોતાના મનમાં આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો–"અહા ! આ કુદ્રતી દેખાવ કેવો સુંદર લાગે છે ! પ્રાચીન મહર્ષિઓ આવા સ્થળમાં વાસ કરી તપશ્ચર્યા કરતા હતા. તેઓ આવા લીલા પ્રદેશમાં પણ પ્રાસુક સ્થળને શોધી લેતા અને પ્રાસુક આહાર કરી આત્મચિંતવન કરતા હતા. ધન્ય છે, એ મહાત્માઓને! સાંપ્રતકાળે એવા મહાત્માઓનાં દર્શન થતાં નથી, એ આ પંચમ કાળનોજ પ્રભાવ છે. સદ્ભાગ્યે કોઇ મહાત્માનો મેળાપ મને આ સ્થળે થઈ આવે તો કેવો આનંદ થાય ? આ મનોહર જંગલમાં વિચરતા કોઈ મહાત્મા મારી દૃષ્ટિગોચર થાય તો મારી ધારેલી ધારણા સફળ થયા વિના રહે નહીં. જે શંકાઓએ મારા મનની ચંચળતામાં વધારો કર્યો છે, તે શંકાઓ મહાત્માના સમાગ-મથી દૂર થાય અને હું નિ:શંક થઇ મારા આત્મસ્વરૂપમાં રમણ કરવાને ભાગ્યશાળી થઈ શકું."

આ પ્રમાણે તે તરૂણ મુસાફર વિચાર કરતો જતો હતો, તેવામાં દૂરથી કોઈના પગલાનો ધ્વનિ સાંભળવામાં આવ્યો. તે સાંભળતાંજ તે મુસાફર આશ્ચર્ય પામી વિચાર કરવા લાગ્યો "શું મારા મનની

ઇચ્છા સફળ થવાનો પ્રસંગ આવ્યો. શું મારાં પૂર્વ પુણ્ય જાગૃત થઈ આવ્યાં. રખે કોઇ મહાત્મા આવતા હોય. તેમના ચરણકમળનો ધ્વનિ સંભળાય છે." આ પ્રમાણે તે યુવક ચિંતવતો હતો, તેવામાં થોડે દૂર એક તેનાજ જેવો તરૂણ પુરૂષ આવતો તેની દૃષ્ટિએ પડયો. તેને જોઇ આ યુવક પ્રથમ તો નિરાશ થઇ ગયો પણ તેના આતુર અને આશાભર્યા હૃદયમાં જરા દિલાસો આવ્યો. તેણે ચિંતવ્યું કે, "આ કોઈ વેષ ઉપરથી મહાત્મા દેખાતો નથી પરંતુ તેની આકૃતિ ઉપરથી તે કોઇ સજ્જન છે, એમ ખાત્રી થાય છે. તેની દૃષ્ટિના કિરણો ઉર્ધ્વ ભાગ તરફ પ્રસરે છે, તેથી તે જિજ્ઞાસુ હોય એવી સૂચના થાય-છે." આ પ્રમાણે તે યુવક વિચાર કરતો હતો, તેવામાં તે યુવક તેની પાસે આવ્યો. પરસ્પર દર્શન થતાં તેઓ એક બીજાની મુખાકૃતિ જોવા લાગ્યા. ક્ષણવાર પછી આપણા જિજ્ઞાસુ મુસાફરે તે આવેલા યુવકને પ્રશ્ન કર્યો-"આપ કોણ છો? અને આ તરફ કયાં જાઓ છો?" આ પ્રશ્નના ઉત્તરમાં તે યુવકે પ્રસન્નતાથી જણાવ્યું, "ભદ્ર! હું એક નવીન કેળવણી પામેલો જિજ્ઞાસુ છું. જૈન કુટુંબમાં મારો જન્મ છે. કેટલાએક મુનિઓના સમાગમથી મારામાં ધાર્મિક જિજ્ઞાસા પ્રગટ થઇ છે, પરંતુ અદ્યાપિ મારી જિજ્ઞાસાને પૂર્ણ તૃપ્તિ મળી નથી. અનેક શંકાઓ અને સંશયો પ્રગટ થયા કરે છે. સત્ય સિદ્ધાં-તની શોધ કરવામાં હૃદય આતુર બની જાય છે, પણ તેની આતુરતા દૂર થવાનું કોઇ પણ મજબૂત સાધન મને અદ્યાપિ પ્રાપ્ત થયું નથી. હું તેની શોધમાંજ આજે બાહેર નીકળી પડયો છું. તે દરમીયાન અહિં તમારો અચાનક મેળાપ થઇ આવ્યો. ભદ્ર! આપ કોણ છો? અને આ તરફ કયાં જાઓ છો?"

તે યુવક પોતાની સમાન સ્થિતિવાળા તે તરૂણને જોઈ, જાણે પોતાને એક સબલ પક્ષ પ્રાપ્ત થયો હોય, એમ જાણી સાનંદાશ્ચર્ય થઇને બોલ્યો-"ભદ્ર! હું પણ તમારા જેવોજ એક મુસાફર છું. તમારા જેવીજ પણ જરા તફાવતવાળી જિજ્ઞાસાથીજ હું આ સ્થળે આવી ચડયો છું. અને મારી જિજ્ઞાસા તૃપ્ત કરવા માટે કોઇ મહાત્માના અચાનક સમાગમની આશા રાખી ફરવા નીકળ્યો છું. આપણે બંને સમાન અધિકારી છીએ, તેથી આપણો સહવાસ પરસ્પર લાભકારી

થઇ પડશે. તમારૂં નામ શું છે? તે કૃપા કરી જણાવશો." યુવકે આનંદી ચેહેરે જણાવ્યું-ભદ્ર! મારૂં નામ **શોધકચંદ્ર** છે. મારા પિતા એક પ્રખ્યાત વેપારી છે. પૂર્વના પુણ્યયોગે તેઓ આર્થિક સ્થિતિમાં વધતા જાય છે, પણ ધાર્મિક સ્થિતિમાં ઉતરતા જાય છે. તેમની મનોવૃત્તિ ધર્મ ઉપર આસ્તાવાળી છે, પણ વ્યાપારના લાલચુ વ્યવસાયને લઇને તેઓ ધર્મ સાધન કરી શકતા નથી; તથાપિ કોઈ સારા ભાગ્યે તેમના હૃદયમાં ધર્મ સાધનની શુભ ભાવના રહ્યા કરે- છે. તેઓ સર્વદા ભાવે છે કે, "હું ક્યારે આ વ્યાપારના વ્યવસાયમાંથી મુક્ત થાઉં અને ધર્મ સાધન કરવામામાં તત્પર બનું," પરંતુ એ તેમની ભાવના ભાવરૂપે રહી હૃદયમાં સમાઇ જાય છે. તેઓ કદિ પણ એ ભાવનાને અમલમાં લાવી શકતા નથી. ભદ્ર! એક વખતે તે ઉપકારી પિતાએ મને વ્યાપારનો ભાર વહન કરવા આજ્ઞા કરી, ત્યારે પુત્રપણાની ફરજને લઇને મેં તેમને વિનયથી જણાવ્યું કે, પૂજ્ય પિતાજી! જ્યાં સુધી આપ મારા શિર ઉપર છત્રરૂપ છો, ત્યાં સુધી હું જ્ઞાનની વાટિકાનો વિહારી બનીશ. છાત્રાવસ્થાને ધારણ કરી હું મારી માનસિક સ્થિતિને ઉચ્ચ માર્ગે લઈ જઇશ. જ્યારે આપ આ મહાન્ વ્યવસાયથી કંટાળી જશો ત્યારે આ આજ્ઞાંકિત બાળક આપની તે આજ્ઞા ઉઠાવવાને તત્પર છે." મારાં આ વચનો સાંભળી મારા પૂજ્ય પિતા હાસ્ય કરીને બોલ્યા-"વત્સ શોધક! તારાં વચનો યથાર્થ છે, પરંતુ કોઈ પૂર્વના અંતરાય કર્મના ઉદયથી હું વ્યાપારની શૃંખલામાંથી મુક્ત થઈ શકતો નથી. જો તારી ઈચ્છા જ્ઞાનવાટિકામાં વિહાર કરવાની હોય તો તું સુખે તે ઇચ્છા પૂરી કર." પિતાની આ આજ્ઞાથી હું મારી ઇચ્છા પૂર્ણ કરવાને પ્રવર્ત્યો. તત્કાલ એક સુધારક સમાજમાં દાખલ થયો અને તેમાં જુદા જુદા વિષયો ઉપર ભાષણો આપવા લાગ્યો, તે સાથે દરેક બીજી સમાજોમાં પણ ભાગ લઇ વિદ્વાન્ વક્તાઓના મુખનાં ભાષણો સાંભળવા લાગ્યો. આથી કરીને હું જ્ઞાન વિલાસમાં વધવા લાગ્યો, પરંતુ અર્ધ દગ્ધ વિદ્વાનોના વિશેષ સહવાસમાં આવવાથી મારા હૃદયમાં અનેક શંકાઓ ઉઠવા લાગી. અનેક શંકાઓથી આકુળવ્યાકુળ થયેલું મારૂં હૃદય સિદ્ધાંતને મેળવી શક્યું નહીં, તેથી આખરે તે શંકાજાળને

દૂર કરનારા કોઈ મહાત્માના મેળાપની આશાથી "હું પિતાની આજ્ઞા લઇ એકલો ચાલી નીકળ્યો છું. ભદ્ર ! આપ શું નામ ધરાવો છો? અને આપના અટનનો હેતુ શો છે? તે આપ કૃપા કરી જણાવશો."

તે યુવક આનંદપૂર્વક બોલ્યો–"ભદ્ર ! મારૂં નામ **સત્યચંદ્ર** છે. મારૂં કુટુંબ બહુ સારી સ્થિતિમાં નથી, તોપણ મારા બે બંધુઓ વ્યાપારકળામાં કુશળ હોવાથી તેઓ એક મોટા વ્યાપારીની સેવા વૃત્તિ સ્વીકારી કુટુંબનો નિર્વાહ સારી રીતે કરી શકે છે. આથી અમારા કુટુંબનો સુખે નિર્વાહ થાય છે. બાલ્યાવસ્થામાંથીજ મારે માતાનો વિયોગ થયો છે. હું મારા જ્યેષ્ઠ બંધુઓના આશ્રય નીચે ઉછર્યો છું અને તેમની સહાયથી યોગ્ય ધાર્મિક અને વ્યવહારિક કેળવણી મેળવી શકયો છું. મારા પ્રેમી બંધુઓ મને વિવાહના બંધનમાં નાખવા તત્પર બન્યા હતા, પણ ધાર્મિક વિચારના બળથી ઉત્પન્ન થયેલા મારા વિચારોએ તેમને અટકાવી દીધા અને અમુક મુદ્દતની યાચના કરી હું તે સંસારના ઉછળતા મોજામાંથી બચી ગયો. ભદ્ર ! તમારી માફક જેમ મેં ઘણાં પુસ્તકો વાંચ્યાં અને ઘણા મુનિઓનો સમાગમ કર્યો, પરંતુ મારા હૃદયમાં જાગૃત થયેલી શંકાઓથી હું તદ્દન મુક્ત થઇ શકયો નહીં. પછી એ શંકાઓને દૂર કરવા માટે વાસગૃહનો ત્યાગ કરી હું આ જંગલમાં નીકળી પડયો છું. એવામાં સારા ભાગ્યે તમારા જેવા એક સહાયકનો મને અચાનક સમાગમ થઇ આવ્યો. આ વખતે હું એક પદ્યનું સ્મરણ કરતો હતોઃ—

"मानसे यदि जिज्ञासा शुद्धभावात्प्रवर्त्तते ।
साहि सत्संग योगेन सद्य स्तृप्ता भवेदिह" ॥ १ ॥

"જો હૃદયમાં શુદ્ધ ભાવથી જિજ્ઞાસા વર્ત્તતી હોય તો તે અહીં સત્સંગના યોગથી તત્કાળ પૂર્ણ તૃપ્ત થઇ જાય છે."૧

ભદ્ર ! આ પદ્યના સ્મરણના પ્રભાવથી મને આ મહાન્ લાભ પ્રાપ્ત થયો છે. કોઈ મહાત્માના દર્શનની ઇચ્છા તમારા દર્શનથી ફલવતી થઈ છે. હું મારા આત્માને તમારાથી દ્વિગુણ બળવાળો માનું છું."

તે તરૂણે સાનંદ વદને જણાવ્યું,–"ભદ્ર ! હું પણ તમારાથી એમજ માનું છું. પણ હવે આપણે કયાં જઇશું? તેનો વિચાર કરીએ."

**સત્યચંદ્રે** કહ્યું, “ ભાઈ ! જો તમારી સંમતિ હોય તો આપણે આ રમણીય જંગલમાં વાસ કરીએ. વખતે આવા સ્થળમાં કોઈ મહાત્માનો મેળાપ થઇ આવશે.”

“ભાઇ ! જો મારા મતને માન આપો તો આપણે કોઇ પણ યાત્રાના પવિત્ર સ્થળમાં જવું યોગ્ય છે. અહિંથી ગિરનાર પર્વત નજીક છે, અને તે પવિત્ર સ્થળમાં આપણને કોઈ મહાત્માનો જરૂર મેળાપ થઇ શકશે.” ભદ્ર ! તમે કોઇ વાર એ પવિત્ર તીર્થની યાત્રા કરી છે કે નહીં ?

**શોધકચંદ્રે** સોત્સાહિત થઇને કહ્યું. “ધર્મબંધુ ! અદ્યાપિ એ પવિત્ર તીર્થનાં દર્શન કરવાને હું ભાગ્યશાળી થયો નથી. અનેક યાત્રાળુઓના મુખથી એ તીર્થની પ્રશંસા સાંભળી છે, પણ કોઈ અંતરાયકર્મના યોગથી એ તીર્થની ભેટ હું કરી શકયો નથી.”

સત્યચંદ્ર આનંદ દર્શાવતા બોલ્યો–“ ભાઈ ! આ ભારતવર્ષમાં સૌરાષ્ટ દેશની અંદર **શત્રુંજય** અને **ગિરનાર** એ ઉભય તીર્થ વંદનીય છે. તેને માટે આર્હત ભકતો નીચેનું પદ્ય બોલે છે–

**“ सौराष्ट्र देशे खलु रत्नतुल्यं, सुतीर्थ युग्मं परिवर्त्तते यत् ।**
**शत्रुंजयाख्यं गिरिनारसंज्ञं, नमाम्यहं तद्बहु भावभक्त्या” ॥१॥**

શાંતિનું સરોવર, આનંદનો અર્ણવ અને શોકરૂપ તિમિરને હરનાર સવિતારૂપ એ રૈવતગિરિ ભગવાન્ **શ્રી નેમિનાથ** પ્રભુના ચરણથી અને એમનાથી પૂર્વમાં થયેલા અનેક તીર્થંકરોના ચરણોથી અંકિત થયેલો છે. તેના સુશોભિત શિખરો ગગન સ્પર્શી દેખાય છે, દર્શનીય દેવાલયો, ગુપ્ત ગુફાઓ, પ્રાચીન શિલાલેખો, ચમત્કારી ઔષધો અને સુવર્ણરજથી એ મહાગિરિ દિવ્ય શોભાને ધારણ કરનારો છે. તેની આસપાસ આવેલી વૃક્ષોની સુંદર ઘટા ઘણી રમણીય દેખાયછે. તેની તળેટીના પવિત્ર પ્રદેશમાં અનેક કુંડો અને પ્રાચીન સ્થળો આવેલાં છે. વિવિધ પ્રકારની કુદરતી શોભાનું અવલોકન કરતાં અને ઉત્તમ ભાવનાઓથી હૃદયને ભાવિત કરતાં યાત્રાળુઓ ભગવાન્ **શ્રીનેમિનાથ** પ્રભુના ચૈત્યનું અવલોકન કરી આનંદિત બની જાયછે. વિશ્વના અનેક આત્માઓનો ઉદ્ધાર કરી આત્મોદ્ધાર કરવા તત્પર થયેલા ભગવાન્ **નેમિનાથ** પ્રભુના જીવન ચરિત્રનું આ સ્થળે સ્મરણ થાય છે. તે મહાત્માએ પોતાના જીવનમાં જે જે કરી બતાવ્યું છે

અને જે વિશ્વના જીવોને સંયમ માર્ગમાં દૃષ્ટાંતરૂપ બનેલું છે, તેના સ્મારક તરીકે અનેક સ્થળો આ તીર્થમાં દેખાય છે. કર્મરૂપી શત્રુઓને અટકાવવાને માટે જાણે રચેલો હોય, તેવો તે મહાત્મા નેમિનાથના મંદિરનો કિલ્લો આવેલો છે. તેની દક્ષિણે એક સુંદર ટુંકમાં મૂળ નાયક **શ્રી સંભવનાથ** પ્રભુની મનોહર પ્રતિમા દર્શનીય છે. તે પાસે આ તીર્થગિરિના પ્રભાવિક દેવાધિદેવ **શ્રી નેમિનાથ** ભગવાનનું મનોહર મંદિર છે. ધર્મબંધુ ! એ સ્થળે જતાંજ આસ્તિક આત્માઓના હૃદયમાં એક વિલક્ષણ ભાવના પ્રગટ થઈ આવે છે. આપણે એ પ્રભુની પવિત્ર પ્રતિમાનાં દર્શન કરી આત્માને કૃતાર્થ કરીશું. અને તે સમયે આપણે નીચેનું પદ્ય ગાઇશું.

" यदुवंश समुद्रेंदुः कर्मकक्ष हुताशनः ।
अरिष्टनेमि र्भगवान् भूयान्नोऽरिष्ट नाशनः " ॥ १ ॥

" યદુવંશ રૂપી સમુદ્રમાં ચંદ્ર સમાન, અને કર્મરૂપી તૃણને દહન કરવામાં અગ્નિ તુલ્ય એવા શ્રી અરિષ્ટ નેમિ ભગવાન્ અમારા અરિષ્ટ–વિઘ્નોને નાશ કરનારા થાઓ." ૧.

સત્યચંદ્રનાં આ વચનો સાંભળી શોધકચંદ્ર આનંદમગ્ન થઇ ગયો. તેના હૃદયમાં ભક્તિભાવ ઉછળી આવ્યો અને શરીર રોમાંચિત બની ગયું.

કર્મના પરિહારથી આત્માને શોધવાની ઇચ્છાવાળો શોધકચંદ્ર આ પ્રમાણે બોલ્યો—" ધર્મબંધુ સત્યચંદ્ર ! તમારા વચનોએ મારા હૃદયને શુદ્ધ ભાવમય બનાવી દીધું છે, એ પવિત્ર સ્થળનાં દર્શન કરવાની મને તીવ્ર ઇચ્છા પ્રગટ થઈ આવી છે. એ પવિત્ર સ્થળમાં આપણને અવશ્ય મહાત્માનો મેળાપ થઇ આવશે. હવે ચાલો આપણે એ પવિત્ર સ્થળની ભેટ લઈએ અને ભગવાન્ **શ્રી નેમિનાથ**નાં પવિત્ર દર્શન કરી આપણે કૃતાર્થ થઇએ.

તે પછી બંને પથિક મિત્રો તે મનોહર જંગલમાં વાર્ત્તાલાપ કરતા આગળ ચાલતા થયા. માર્ગમાં તેમની વચ્ચે આ પ્રમાણે ચર્ચા ચાલતી હતી. સત્યચંદ્ર બોલ્યો–" ભાઈ ! જો તમારી ઇચ્છા હોય તો આપણે કાંઇક જ્ઞાન ચર્ચાની વાત કરતાં જઇએ. જ્ઞાન ગોષ્ઠી કરતાં આપણે સુખે માર્ગ પ્રસાર કરી શકીશું."

સત્યચંદ્રના આ વચન સાંભળી શોધકચંદ્રે તે વાતને ઉત્સાહથી અનુમોદન આપ્યું.

**શોધકચંદ્ર** બોલ્યો—" ધર્મબંધુ ! આજકાલ વિવિધ લેખોના પત્રો શ્રેણીબંધ પ્રગટ થાય છે અને આધુનિક વિદ્વાનો પોતપોતાના વિવિધ મતો તે દ્વારા પ્રગટ કરે છે. તે તમારા વાંચવામાં આવતા હશે. તે વિષે તમારો શો મત છે ? "

**સત્યચંદ્રે** સોત્સાહિત થઈને કહ્યું, " ભાઈ ! હું તો તે વિષે હજુ નિશ્ચય કરી શક્યો નથી. લોકોના ધાર્મિક અને સાંસારિક વિચારોના લેખો વાંચી મારો તો મગજ જ ભમી ગયો છે. સંસાર અને ધર્મના પ્રાચીન શુદ્ધ માર્ગો ઉપર લેખકો એવા એવા આક્ષેપો કરે છે કે, જે ઉપરથી કાંઇ પણ નિર્ણય કરવો મુશ્કેલ થઈ પડે છે. તે વિષે એક વિદ્વાને લખેલું છે, તે વાંચી મારા મનને કેટલીક વિશ્રાંતિ મળી છે."

**શોધકચંદ્રે** ઉત્કંઠિત થઇને કહ્યું, " ભાઇ શું લખ્યું છે ? તે કહો તો ખરા ! "

સત્યચંદ્રે તે વિદ્વાનનું સુભાષિત આ પ્રમાણે સંભળાવ્યું:—

## वसंततिलका.

" मिथ्या कुतर्क पटुभिर्विबुधै सुवाक्यैः
संप्राप्यते भ्रमणमेव मनोहि धर्मे ।
तस्मात्समान नयनं गतपक्षपातंः
सौम्यं गुरुं शरणमाश्रयणीयमेव " ॥ १ ॥

" મિથ્યા કુતર્કો કરવામાં ચતુર એવા વિદ્વાનો સારા વચનોથી મનને ધર્મની અંદર ભમાવે છે, તેથી સમદૃષ્ટિ, પક્ષપાત રહિત અને સૌમ્ય એવા ગુરૂનું શરણ ગ્રહણ કરવું. " ૧.

આ શુભાષિત સાંભળ્યા પછી શોધકચંદ્ર આનંદ પામીને બોલ્યો " ભાઇ ! ખરેખર આ પદ્ય સ્મરણીય છે. આ પદ્યના ઉદ્ગાર કોઇ અનુભવી વિદ્વાનના લાગે છે તેણે પોતાના જીવનમાં ધર્મને માટે જે જોયેલું અને અનુભવેલું, તેનો સંક્ષિપ્ત ચિતાર આ પદ્યમાં આપેલો છે. ભાઇ ! તમારા સમાગમના લાભનો આ શ્રેષ્ટ આરંભ થયો છે. આવા

પદ્યો ઘણીવાર ભ્રમણમાં પડેલા પુરૂષોને શાંતિ આપે છે અને દિલને દિલાસાવાળું કરી દે છે. તમે કહેલું પદ્ય હું મારા મગજપત્ર ઉપર છાપી લઇશ. આ પદ્ય સ્મરણ આપવાને માટે તમારો આભાર માનવામાં આવે છે.”

સત્યચંદ્ર હૃદયમાં આનંદ પામતો બોલ્યો-“ ભાઇ ! એ પદ્ય તરફ તમારી પ્રીતિ જોઇ મને અતિશય હર્ષ થાય છે. કારણ કે, એ પદ્યના પ્રભાવની તમે કદર કરી છે. સુભાષિતના બનાવનાર કરતાં સુભાષિતના અર્થના આશયને સમજનાર વિશેષ પ્રશંસનીય ગણાય છે. ભગવાન્ વીરપ્રભુની વાણિનો આશય સમજનાર ગૌતમ મુનિ વિશેષ અભિનંદનના પાત્ર થયા હતા. ભદ્ર ! હવે આપણે કોઈ વિષય ઉપર વિવેચન કરીએ.”

સત્યચંદ્રે ઉત્સાહ લાવીને કહ્યું, “ ભાઇ ! આજકાલ ઘણા વિષયો ઉપર વિવેચન થયા કરે છે, પણ કોઈ વિષયનો નિર્ણય કરવામાં આવતો નથી. આપણા માંહેલાં નવીન તરૂણો જુદા જુદા વિષયોની ભૂમિકા ઉપર નૃત્ય કરી રહ્યાં છે. કોઇ દેશ અને જ્ઞાતિના સુધારામાં મથે છે, કોઇ વર્ત્તમાનકાળે ચાલતા હાનિકારક રીવાજોને દૂર કરવા પ્રયત્નો કરે છે, કોઈ કુરૂઢિઓના કલ્પિત કારણોને શોધી તેમાંથી ઉદ્ધાર થવાના માર્ગો દર્શાવે છે. અને કોઇ વિવિધ યોજનાઓથી ઉન્નતિ કરવાની વાતો કરે છે. એ સર્વના મથનમાંથી કોઇ પણ નવનીત બતાવી શકતા નથી. સર્વે પોતપોતાના વિચારોના તરંગોની સાથે અથડાયા કરે છે. તેવા લોકોની પરિણામે શી દશા થશે ? એ કાંઇ કહી શકાતું નથી.”

**શોધકચંદ્ર** પોતાના હૃદયમાં બાંધેલા એક સિદ્ધાંતને પ્રગટ કરતો બોલ્યો-“ ભદ્ર ! જો કે હું હજુ ખરા નિશ્ચય ઉપર આવ્યો નથી, પરંતુ મને એવો નિશ્ચય તો થયો છે કે, આ જગતમાં ધર્મ એક અસાધારણ અને અનુપમ વસ્તુ છે. અશરણને શરણ આપનારો, પતિતને પાવન કરનારો અને અયોગ્યને યોગ્યતા આપનારો ધર્મ એકજ છે. ધર્મના અદ્ભુત પ્રભાવ આગળ કોઇ બીજું ટકી શકતું નથી. ધર્મ અરૂપી છતાં રૂપીના જેવું કાર્ય કરે છે. તેનામાં એવી અદ્ભુત અને દિવ્ય શક્તિ રહેલી છે કે, તેનાથી પ્રાણી ગમે તેવી ઉચ્ચતા

પ્રાપ્ત કરી શકે છે. ભાઈ સત્યચંદ્ર! ધર્મને માટે મને બહુ માન છે અને તેને માટે મેં આવો સિદ્ધાંત કરેલો છે."

સત્યચંદ્રે પ્રસન્ન થઇને કહ્યું, "ભદ્ર! તમારો સિદ્ધાંત ખરો છે. પરંતુ વસ્તુતઃ એ ધર્મનું શુદ્ધ સ્વરૂપ શું છે? તે સમજાતું નથી. વિવિધ મતવાળાઓ પોતપોતાના ધર્મને સત્ય માને છે અને જુદા જુદા પરમેશ્વરના સ્વરૂપને આરાધે છે. તેઓ કહે છે કે, "અમારો ધર્મ ઈશ્વર રચિત છે અને તેની અંદર જે જે નિયમો આપેલા છે, તે પ્રભુની આજ્ઞાઓ છે. તેમને માન આપી વર્ત્તવું જોઈએ. ભાઇ! તે બધા મતોના માનેલા ધર્મના નિયમો પણ જુદા જુદા હોય છે. હવે અહીં મોટી શંકા પડે છે કે, "શું જુદા જુદા માણસોના પરમેશ્વર જુદા જુદા હશે અને તેમના નિયમો પણ જુદા જુદા હશે? આમાં સત્ય શું છે? તે કાંઇ સમજાતું નથી. આ વિષે તમારો શો નિશ્ચય છે? તે કૃપા કરી જણાવશો."

**શોધકચંદ્રે** વિચાર કરીને કહ્યું, "ભાઇ! હું ખરા સિદ્ધાંત ઉપર આવી શક્યો નથી, તથાપિ હૃદયમાં એવી માન્યતા થાય છે કે, "કુલ પરંપરાથી ચાલ્યો આવેલો ધર્મ સારો છે અને તે પ્રમાણે વર્ત્તવું."

**સત્યચંદ્રે** કહ્યું, "ધર્મબંધુ! તમારો એ સિદ્ધાંત કેટલેક અંશે સાચો છે, પરંતુ વિવિધ ધર્મની ક્રિયાઓ તરફ જોતાં આપણા હૃદયમાં ભ્રમ ઉત્પન્ન થયા વિના રહેતો નથી. કેટલાએક ધર્મો એક બીજાની વિરૂદ્ધતા બતાવે છે. એક કહે છે કે, "માથે શિખા રાખવી." બીજો કહે છે કે, "શિખા નહીં પણ દાઢી રાખવી." ત્રીજો કહે છે કે, "શિખા અને દાઢી બંનેની જરૂર નથી." એક કહે છે કે, "જીવોની રક્ષા કરવી" ત્યારે બીજો કહે છે કે, "જીવોને મારવામાં પાપ નથી." એક કહે છે કે, "સ્નાન કરવાથી પાપ લાગે છે." બીજો કહે છે. "સ્નાન કરવાથી પુણ્ય થાય છે." એક કહે છે કે, "પરમેશ્વરની ભક્તિ કરવાથી પરમેશ્વર પોતાની પાસે લઈ જાય છે." બીજો કહે છે કે, "પાપ કર્મ કરીને પણ પરમેશ્વરની ભક્તિ કરવી." કોઈ કહે છે કે, "પાપીને શિક્ષા કરનાર પરમેશ્વર નથી પણ તેનાં કર્મ છે." "કોઈ કહે છે કે," પાપીને શિક્ષા કરનાર પરમેશ્વર પોતે છે." વળી કોઈ કહે છે કે, "આ જગનો કર્ત્તા ઈશ્વર છે." ત્યારે કોઇ કહે

છે કે, "આ જગતનો કર્ત્તા ઈશ્વિર નથી, આ અનાદિ છે." કોઇ "પરમેશ્વરની પ્રતિમાને પરમેશ્વર તરીકે માનવાનો ઉપદેશ કરે છે," ત્યારે કોઈ બીજો કહે છે કે, "પ્રતિમા પૂજવાથી પાપ લાગે છે." ધર્મ ભાઇ! આ પ્રમાણે વિવિધ ધર્મોની અંદર પરસ્પર વિરૂદ્ધતા આવ્યા કરે છે, તેમાં "સત્ય શું છે, કયા ધર્મની મહત્ત્તા છે અને કયો ધર્મ ન્યૂન છે, એ કાંઇ નિશ્ચય થઇ શકતો નથી."

સત્યચંદ્રનાં આ વચન સાંભળી શોધકચંદ્ર બોલ્યો–"ભાઇ! તમે કહો છો, તે અક્ષરશઃ સત્ય છે. મારા હૃદયમાં પણ એવી શંકાઓ ઘણીવાર ઉઠયા કરે છે. ભદ્ર! તે શિવાય વળી મારા હૃદયમાં એક એવી શંકા થયા કરે છે કે, "ધર્મ કરવાથી સુખ થાય છે." એમ સર્વ શાસ્ત્રો જણાવે છે, છતાં ઘણે સ્થળે ધર્મી પુરૂષ દુઃખી અને પાપી પુરૂષ સુખી જોવામાં આવે છે. તેને માટે લોકોમાં એવી કહેવત છે કે, "કસાઇને ઘેર કુશળ અને ધર્મીને ઘેર ધાડ" આ કહેવત ઘણે ઠેકાણે આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ. ભાઈ સત્યચંદ્ર! આપણે કર્મના સિદ્ધાંત પ્રમાણે એ વાત કેવી રીતે છે તે જાણી શકીએ છીએ, પણ જેઓ શાસ્ત્રનું પૂરૂં જ્ઞાન ન ધરાવતા હોય અને સર્વદા સકામ ભક્તિ કરતા હોય, તેવાઓને માટે તો આ વાત નાસ્તિકતાને ઉત્પન્ન કરનારી થઇ પડે. તેવા લોકો પછી નાસ્તિક બની ભોગવિલાસ કરવામાં પ્રવર્ત્તે અને આ સંસારને સાર રૂપ માની તેમાં થતા પારલૌકિક અનર્થોનો સ્વીકાર કરવા મંડી પડે. આવા દેહ પોષી અને ભોગવિલાસી મનુષ્યો પછી દેહને દમન કરવાના વ્રત ઉપવાસ આદિ આચરતા નથી અને પોતાનું જીવન ધર્માચાર વિના પશુવત્ નિર્ગમન કરે છે.

ધર્મબંધુ! એક સ્થળે મારા વાંચવામાં આવ્યું હતું કે, "કોઇ પણ ધર્મનો પક્ષપાત નહીં કરવો જોઇએ. જે સત્ય લાગે તેનો આદર કરવો જોઇએ. બધા ધર્મો બધી વાતે કાંઈ ખોટા નથી, તેમ બધી વાતે ખરા નથી. બધા ધર્મો કોઇ કોઈ અપેક્ષાએજ ખરા ઠરે છે, તેથી જો તે ધર્મ અપેક્ષાથી કહેવામાં આવે અને તેનો પરમાર્થ સમજવામાં આવે તો તેનું જેવું હોય તેવું સ્વરૂપ માલૂમ પડે છે. તે લેખકનો આ આશય મને ઠીક લાગ્યો હતો. જો કે તેમાં પણ કેટલીક વાત આપેક્ષિક છે, તથાપિ એકંદર તે સિદ્ધાંત માન્ય કરવા યોગ્ય છે."

શોધકચંદ્રનાં આ વચનો સાંભળી સત્યચંદ્ર આનંદમાં આવી ગયો. તત્કાલ તે ઉત્સાહ લાવીને બોલ્યો " ધર્મબંધુ ! એ લેખકની વાત મને તો રૂચિકર લાગી છે અને તે વાત સિદ્ધ કરવામાં મારા હૃદયમાં સપ્તભંગીનું સ્મરણ થઇ આવ્યું છે. સપ્તભંગીની રીતિ પણ એવા સિદ્ધાંતોને ઉપજાવે છે. "

સત્યચંદ્રે ઇંતેજારીથી પુછયું, " ભદ્ર ! હા, એ વાત સત્ય છે, મેં એક સ્થળે તે વિષે વાંચ્યું હતું. પણ તે સપ્તભંગીનો ક્રમ મારા સ્મરણ-માર્ગમાં રહ્યો નથી. જો તમોને બરાબર યાદ હોય તો મને ફરીવાર સમજાવો. "

શોધકચંદ્ર સાનંદ વદને બોલ્યો–" ભદ્ર ! તે મને બરાબર યાદ છે. મેં તો તે વિષય કંઠસ્થ કરી રાખ્યો છે. સાંભળોઃ–

ભદ્ર ! આપ જાણુતા હશો કે, જૈનમત સ્યાદ્વાદ મત કહેવાય છે. સ્યાદ્વાદનો બીજો અર્થ **અનેકાંતમત** થાય છે. તે શિવાયના મતો એકાંત પક્ષને ગ્રહણ કરનારા હોવાથી **ઐકાંતિક** કહેવાય છે.

કોઈ પક્ષવાદી કહે છે કે, **अस्ति** ( છે ) **नास्ति** ( નથી ) એ પણ સમકાળે હોઈ શકે છે, ત્યારે કોઇએ શંકા કરી કે, **अस्ति नास्ति** ( છે નથી. ) સમકાળે શી રીતે હોઇ શકે ? તેના ઉત્તરમાં કહેવાનું કે અપેક્ષાથી **अस्ति नास्ति** વિગેરે તેની સપ્તભંગી થઇ શકે છે. જેમકે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ તે થઇ શકે છે. "**घटः अस्ति**" ' ઘડો છે ' પોતાતા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ઘડો વિદ્યમાન છે. તે બીજાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ " **घटः नास्ति**" ઘડો નથી. કારણ કે, જે એક માટીનો ઘડો છે, તે માટીરૂપ દ્રવ્યની અપેક્ષાએ ઘડો છે, પણ તાંબાના દ્રવ્યની અપેક્ષાએ તે ઘડો નથી. તે ઘડો છે, પણ વડોદરાનો બનેલો ઘડો છે પણ અમદાવાદનો બનેલો ઘડો નથી. એ પરક્ષેત્રથી ઘડો નથી. તે ઘડો શીયાળામાં બનેલો છે પણ ઉનાળામાં બનેલો નથી, એ કાળની અપેક્ષા એ જુદો છે તે ઘડો પાણી ભરવાનો છે, ઘી ભરવાનો નથી, એ ભાવની અપેક્ષાએ જુદો છે, આવી રીતે ઉપરથી ચારે અપેક્ષાએ સપ્તભંગી થઇ શકે છે. તેને સ્યાદ્વાદની સાથે આ પ્રમાણે ઘટાવે છે. **१स्यात् अस्ति घटः। २ स्यात् नास्ति घटः । ३ स्यात् अस्ति नास्ति घटः । ४ स्यात् अव्यक्तव्यं ।** ૫

**स्यात् अस्ति अव्यक्तव्यं । ६ स्यात् नास्ति अव्यक्तव्यं । ७ स्यात् अस्ति नास्ति अव्यक्तव्यं ॥**

આ સપ્તભંગીનો ક્રમ સંક્ષેપમાં કહેલો છે. તે ગુરૂદ્વારા વિસ્તારથી સમજી શકાય છે. તેવીરીતે દરેક પદાર્થ સપ્તભંગી ન્યાયે ઘટાવી શકાય છે, એવી રીતે આપણા આગમમાં સપ્ત નય છે, તેમાંના શબ્દ નયની અપેક્ષાએ કહેવામાં આવે તો તેની સત્યતા સાબીત થઈ શકે છે.”

**સત્યચંદ્ર** આનંદના આવેશથી બોલી ઉઠયો. “ધર્મભ્રાતા ! આપે સંક્ષેપમાં જે સપ્તભંગીની વાત દર્શાવી, તે સાંભળી મને ઘણો આનંદ થયો છે. મેં તે વિષે વાંચેલું છે, પણ આમ સંક્ષેપથી કહેવામાં મારી શક્તિ ચાલે નહીં. હવે તમોએ સાત નયની વાત દર્શાવી, તે વિષે મારા વાંચવામાં આવ્યું છે, પણ તેને સંક્ષેપરીતે જાણવાની મારી ઇચ્છા છે, તો તમે કૃપા કરી સંક્ષેપમાં સમજાવશો. વિસ્તાર કરતાં સંક્ષેપમાં સમજાએલી વાત સારી રીતે યાદ રહી શકે છે.”

**શોધકચંદ્ર** અંગમાં ઉમંગ લાવીને બોલ્યો–ધર્મબંધુ ! એ સાત નયનું વિવેચન નયચક્રાદિક, **નયકર્ણિકામાં** સારી રીતે કરેલું છે. તેનો સાર આ પ્રમાણે છે–“ જીવ, એ વ્યવહાર નયથી અનિત્ય છે, અને નિશ્ચય નયથી નિત્ય છે, જેમકે, જયારે જીવ મૃત્યુ પામે છે, ત્યારે આપણે ‘તેનો નાશ થયો’ એમ કહીએ છીએ–આ વ્યવહાર નય છે. નિશ્ચય નયથી જોતાં જીવ કદિ પણ મૃત્યુ પામતોજ નથી. તે માત્ર એક શરીર છોડી બીજા શરીરને ધારણ કરે છે. તેથી શરીરનો નાશ થાય છે, કાંઇ શરીર ધારી જીવનો નાશ થતો નથી–આ નિશ્ચય નય પ્રમાણે માન્યતા છે. વળી જીવ એ નિશ્ચય નયથી પરમાત્મા છે, કારણ કે પરમાત્માના ગુણો દરેક જીવની સત્તામાં રહેલા છે. તે બિષે તલ અને તેલનું દૃષ્ટાંત પણ અપાય છે. જેમ તલમાં રહેલું તેલ બાહેર કાઢેલા તેલની સદૃશ છે, તેથી તલ એ નિશ્ચય નયથી તેલ કહેવાય છે અને વ્યવહાર નયથી તલ કહેવાય છે. જેમ તલ અને તેલ ભિન્ન કહેવાય છે, તેમ શરીર ધારી જીવ વ્યહાર નયથી જીવ કહેવાય છે અને પરમાત્મા તેનાથી ભિન્ન ગણાય છે. તે સાત નયના નામ આ પ્રમાણે છે–
**१ नैगम, २ संग्रह, ३ व्यवहार, ४ ऋजुसूत्र, ५ शब्द, ६ समभिरूढ**

અને એવંભૂત, તે બધાં સાત નયનાં લક્ષણો જુદી જુદી રીતે વર્ણવ્યાં છે. તે તમારા જાણવામાં હશે, એટલે આ પ્રસંગે કહેતો નથી.”

સત્યચંદ્ર સાનંદ વદને બોલ્યો– “ ભદ્ર ! તે સાત નયનાં લક્ષણો મારા જાણવામાં છે, પરંતુ તમોએ વ્યવહાર અને નિશ્ચય નયનું સંક્ષિપ્ત સ્વરૂપ બતાવ્યું, તેને માટે હું તમારો ઉપકાર માનું છું.”

આ પ્રમાણે તે બંને સાધર્મી બંધુ, વાર્તાલાપ કરતા માર્ગે ચાલતા હતા, તેવામાં દૂરથી રૈવતકગિરિ તેમના જોવામાં આવ્યો. જાણે ગગન ઉપર ઘનશ્યામ મેઘ ચડી આવ્યો હોય, ભગવાન્ નેમિનાથ પ્રભુના નિર્વાણ ગમનનો કીર્તિ સ્તંભ રોપાયો હોય અને આર્હત ધર્મના પુણ્યનો પુંજ હોય તેવો તે દેખાતો હતો. તેને જોતાંજ શોધકચંદ્ર અને સત્યચંદ્ર બંને ધર્મબંધુઓએ તેને વંદના કરી અને તે પવિત્ર તીર્થના નાયક શ્રી નેમિનાથ પ્રભુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યો.

રૈવતાચલના દર્શન કર્યા પછી તે તીર્થરાજના માહાત્મ્યની કથાઓને કહેતાં કહેતાં અનુક્રમે તેઓ મહાન્ ગિરિની સમીપ આવી પહોંચ્યા. ત્યાં આવી તેમણે તળાટી પર પ્રભુને વિધિપૂર્વક વંદના કરી અને પછી ત્યાં આવેલા એક પવિત્ર સ્થળમાં નિવાસ કર્યો.

એક સમયે તે બંને ઉત્સાહી ધર્મબંધુ તીર્થરૂપ ગિરિ ઉપર યાત્રા કરવા જતા હતા, તેવામાં એક મહામુનિ શિષ્યોના પરિવાર સાથે વિચરતા તેમના જોવામાં આવ્યા. તે મહામુનિની મૂર્તિ ઘણી ભવ્ય અને પ્રૌઢ હતી. કદાવર શરીર ઉપર તપસ્યાનું તેમજ જ્ઞાનનું તેજ પ્રકાશી રહ્યું હતું. મનોહર હસતું વદન પ્રસન્નતાથી ભરપૂર હતું. નેત્રોમાંથી દયાના કિરણો પ્રસરતા હતા. શરીર પ્રચંડ છતાં તેમાં શાંતિની છાયા દેખાતી હતી.

આ મહા મુનિને જોઇ શોધકચંદ્ર સાનંદાશ્ચર્ય થઇને બોલ્યો– “ભાઇ સત્યચંદ્ર, આ મહાત્માની મનોહર શાંત મૂર્ત્તિનાં દર્શન કરો. મને લાગે છે કે, આ કોઇ વિદ્વાન્ મહાત્મા છે. જો આપણે તેમને શરણે જઇએ તો આપણે શંકાઓના જાળમાંથી હૃદયને મુક્ત કરી શાંતિ મેળવી શકીએ. કેમ તમારો શો અભિપ્રાય છે?”

શોધકચંદ્રે હર્ષિત વદને જણાવ્યું, “ ધર્મબંધુ ! તમારા હૃદયમાં જે ભાવના પ્રગટી છે. તેજ ભાવના મારા હૃદયમાં પ્રગટી છે. આ

મહાત્માની શાંત મૂર્ત્તિ જોતાંજ મારા હૃદયે પૂર્ણ આશ્વાસન મેળવ્યું છે અને તેની અંદર પ્રતીતિએ વાસ કર્યો છે. મને તો એટલે સુધી લાગી આવ્યું છે કે, જો આપણાં પૂર્ણ સદ્‌ભાગ્ય હોય અને પર્વનો પુણ્યરાશિ ઉદય આવ્યો હોય તોજ આ મહાત્માનું શરણુ આપણને પ્રાપ્ત થાય. બંધુ! હવે ચાલો સત્વર આ ઉગ્ર તેજસ્વી અનગારના શરણુમાં જઈએ."

શોધકચંદ્રનાં આ વચનો સાંભળી તેઓ બંને તે મહાત્માની સન્મુખ ઉભા રહ્યા અને તેમના ચરણુમાં વંદના કરી આ પ્રમાણે સ્તુતિ કરી–

" ज्ञानांभोनिधये विश्वजीवोद्धार विधायिने ।
सदात्माराम मनसे मुनीशाय नमो नमः " ॥ १ ॥

" જ્ઞાનના સમુદ્રરૂપ, સર્વ જીવોનો ઉદ્ધાર કરનારા અને સદા મનને આત્મામાં આરામ આપનારા મુનીશ્વરને નમસ્કાર હો. " ૧.

આ પ્રમાણે સ્તુતિ કરી તે બંને ધર્મ બંધુઓ અંજલિ જોડી સન્મુખ ઉભા રહ્યા. મહાત્માએ કૃપા દૃષ્ટિથી તેમની સામે જોયું, એટલે તેઓ આ પ્રમાણે બોલ્યા–" મહાત્મન્! અમો પામર સંસારી જીવ આપની શરણે આવ્યા છીએ. કૃપા કરી અમારા આત્માનો ઉદ્ધાર કરો." આ પ્રમાણે કહી તેઓ પુનઃ નીચેનું સ્તુતિ કાવ્ય બોલ્યા હતા.

" पाहिनो मुनिशार्दूल भववन्हे र्भयंकरात् ।
नोऽपरं शरणं नास्ति त्वदृतेऽत्र दयानिधे " ॥ १ ॥

" હે મુનિઓમાં સિંહ સમાન, હે દયાનિધિ, આ સંસારરૂપ ભયંકર અગ્નિમાંથી અમારી રક્ષા કરો. આ લોકમાં તમારા શિવાય અમારે કોઇ બીજું શરણુ નથી. " ૧.

તેમની આવી ભાવના સહિત ભક્તિ જોઇ તે મહાત્મા હૃદયમાં પ્રસન્ન થયા. તત્કાલ પોતે ઊભા રહી ગંભીર સ્વરથી બોલ્યા–" ભદ્ર! તમે કોણુ છો? અને ક્યાં રહો છો? "

મહાત્માનાં આ વચન સાંભળી તેઓએ પોતાનો સર્વ વૃત્તાંત તેમની પાસે નિવેદન કર્યો અને પોતાની તત્ત્વ જિજ્ઞાસા પણુ પ્રદર્શિત કરી. તેમને ઉત્તમ પ્રકારના અધિકારી જાણી તે સૂરિવર વિશેષ પ્રસન્ન થઈને બોલ્યા–"દેવાનુપ્રિય! તમારી તત્ત્વ જિજ્ઞાસા જોઇ મારૂં

હૃદય પ્રસન્ન થયું છે. અત્યારે અમો રૈવતગિરિની યાત્રા કરવા જઇએ છીએ. તમારા હૃદયમાં જો યાત્રા કરવાની અને આ પવિત્ર તીર્થમાં વાસ કરી ધર્મશ્રવણ કરવાની ઈચ્છા હોય તો અમારી સાથે ચાલો, યાત્રા કર્યા બાદ આ ગિરિરાજની તળેટી ઉપરજ ઉપદેશનો યોગ બની શકશે. યાત્રા પૂર્ણ કરી અને તેની ભાવના ભાવી આનંદિત થયેલા તમોને તત્ત્વબોધ આપી હું યથામતિ તમારી શંકાઓને પરાસ્ત કરીશ. સશંકને નિઃશંક કરવા એજ અમારૂં કર્ત્તવ્ય છે. તમારી શ્રદ્ધા અને આસ્તા જોઇ અમારા હૃદયને ઘણો સંતોષ થયો છે."

તે મહાત્માનાં આ વચનો સાંભળી બંને ધર્મવીરોનાં હૃદય આનંદથી ભરપૂર થઈ ગયા. તેઓ પોતાની મુખમુદ્રાને હર્ષથી અંકુરિત કરી આ પ્રમાણે બોલ્યા—"કૃપાનિધિ ! આપે તત્ત્વબોધ સમજાવવાની ઇચ્છા બતાવી, તેથી અમોને ઘણો આનંદ થયો છે. અમો અમારા જીવનને હવે કૃતાર્થ સમજીએ છીએ. જો આપની ઈચ્છા હોય તો અમો આપ પૂજ્ય ગુરૂની સાથે યાત્રા કરવા આવીએ. આપના પવિત્ર સમાગમની સાથે આ મહાતીર્થની યાત્રા થાય, તો અમો બંને પૂર્ણ કૃતાર્થ થઇએ. મહાન્ પુરૂષનો સમાગમ એ આ લોકનું કલ્પવૃક્ષ છે."

"દેવાનુપ્રિય ! જેમ સુખ થાય, તેમ કરો. જો તમારી ઇચ્છા અમારી સાથે રહી યાત્રા કરવાની હોય તો આ ગિરિરાજની યાત્રા કર્યા પછી તળેટીના પવિત્ર પ્રદેશ ઉપર તત્ત્વબોધની વાર્ત્તા થઈ શકશે.

મહાત્મા સૂરિવરના આ શબ્દો સાંભળી તે બંને ધર્મબંધુ આનંદિત થઇ ગયા અને તે મહાત્માનો હૃદયથી આભાર માની તેમની સાથે ચાલતા થયા.



# યાત્રા ૧ લી.

મનોહર વૃક્ષોની ઘટામાંથી પ્રસાર થઇ તે મહાત્મા પોતાના શિષ્યોના અલ્પ પરિવારથી પરિવૃત થઇ તેઓ ઈર્યા સમિતિથી ચાલતા અને ઉત્તમ પ્રકારની ભાવના ભાવતા અનુક્રમે શ્રી નેમિનાથ પ્રભુના ચૈત્ય આગળ આવ્યા. પ્રથમ તે મહાત્માએ તીર્થ નાયક નેમિનાથ પ્રભુના ચૈત્યમાં દેવવંદન કર્યું, જે સમયે તે સપરિવાર મહાત્માના હૃદયમાં ભાવોલ્લાસ થઇ આવ્યો હતો. તેઓએ આ પ્રમાણે સ્તુતિના ઉદ્દગાર પ્રગટ કર્યા.

कर्मपंकहरं श्रेयः साधनं पाप बाधनम् ।
शरणं सर्वदा भूयान्नेमेश्चरणपंकजम् ॥ १ ॥

આ સ્તુતિનો ઉદ્દગાર પ્રગટ કર્યા પછી ચિરકાલ તે મનોહર પ્રતિમાનું ધ્યાન કરી તે ચૈત્યમાંથી બાહેર નીકળી બીજા મુખ્ય ચૈત્યોમાં વિરાજમાન એવા મૂળ નાયકજીનાં દર્શન કરી તે મહાત્મા પરિવાર સાથે ત્યાંથી પાછા ફર્યા. ઈર્યા સમિતિથી વિચરતા તે મહાનુભાવે તીર્થગિરિની તળેટીપર આવેલા એક રમણીય એવા વિશ્રાંતિ સ્થળને વિલોક્યું, તત્કાળ પોતાના તે જિજ્ઞાસુ ભક્તોની મન ઇચ્છા પૂર્ણ કરવાને તે મહાત્મા તે સ્થળે વિશ્રાંત થયા. જો કે તે સમર્થ મહાનુભાવ પોતાની તપઃ શક્તિના પ્રભાવથી વિહાર કરવાને સમર્થ હતા, તેમને વિશ્રાંતિ લેવાની અપેક્ષા ન હતી, માત્ર પોતાના ભાવિક ભક્તોની ખાતર તેઓ વિશ્રાંત થયા હતા. આ સમયે શોધકચંદ્ર જાણે ચિંતાતુર બની ગયો હોય, તેમ દેખાવા લાગ્યો, એટલે કરૂણા રસમાં નિમગ્ન થયેલા તે મહાત્માએ દયા લાવી તેને પુછયું, "ભદ્ર ! તારી આકૃતિ ઉપર ચિંતાના અંકુરો કેમ દેખાય છે? નિઃશંક થઇને જે પુછવાનું હોય તે ખુશીથી પુછો. તમારા પ્રશ્નોના સમાધાનને માટેજ અમારી અહિં વિશ્રાંતિ થઇ છે."

ગુરૂવર્યનાં આ વચનો સાંભળી શોધકચંદ્ર અંજલિ જોડી બોલ્યો-"મહાત્મન્! મારા હૃદયમાં અત્યારેજ એક શંકા ઉત્પન્ન થઇ છે."

સૂરિવરે પ્રસન્નતાથી કહ્યું-"દેવાનુપ્રિય! અત્યારે કેવી શંકા થઇ છે? તે ખુશીથી જણાવો."

શોધકચંદ્ર, મહાત્મન્! આ ગિરિરાજની યાત્રામાં હજારો લોકો આવે છે. આ પવિત્ર સ્થળે ભગવાન્ નેમિનાથ પ્રભુ વિચર્યા છે અને તેને અંગે આ તીર્થમાં અનેક સ્થાનો પૂજનીય બન્યા છે, એમ આપણા ચરિતાનુયોગમાં લખેલું છે, તે છતાં જુઓને, અહીં બીજા અન્યમતિઓ પણ આ સ્થળને પોતાના ધર્મનું યાત્રાસ્થળ માની આવે છે, તે ઉપરથી મને શંકા થાય છે કે, આ આર્યાવર્ત્તમાં કેટલા ધર્મો હશે? અને તેઓમાં મુખ્ય મુખ્ય ધર્મ કયા હશે? અને કેટલાએક લોકો આ દૃશ્યમાન એવા સ્થાવર અને જંગમ પદાર્થોનો કર્ત્તા છે, એમ માને છે અને આપણા જેવા કેટલાએક તે અનાદિ માને છે, તે વિષે આપ કૃપા કરી ખુલાશો કરશો.

શોધકચંદ્ર આ પ્રમાણે કહી વિરામ પામતાંજ સત્યચંદ્ર બોલી ઉઠયો-"દયાનિધિ! મારા હૃદયમાં પણ એ શંકા ઉત્પન્ન થઇ છે; તો કૃપા કરી અમો બંનેની તે શંકાનું નિવારણ કરો. આપની વિજ્ઞાનવતી વાણી અમારી તે શંકાને દૂર કરી દેશે.

દાંતની નિર્મળ કાંતિથી આસપાસ પ્રકાશ કરતાં તે મહાત્મા આ પ્રમાણે બોલ્યા-"દેવાનુપ્રિય! તમારા બંનેની શંકા યુક્ત છે. સાંભળો-આ જગતમાં મુખ્ય બે ધર્મ છે. એક ઈશ્વરને જગત્કર્ત્તા માનનારો અને બીજો ઈશ્વરને જગત્કર્ત્તા નહીં માનનારો. તે મુખ્ય બે ધર્મના પેટામાં આર્યધર્મનાં છ દર્શનો શ્રીમાન હરિભદ્રસૂરિ મહારાજે સ્વકૃતિના શ્રી ષડ્દર્શન સમુચ્ચયમાં જણાવેલ છે. ૧ જૈન, ૨ બૌદ્ધ, ૩ નૈયાયિક, ૪ સાંખ્ય, ૫ વૈશેષિક અને ૬ જૈમિનિય. એવાં તેમનાં નામ છે.

કેટલાક નૈયાયિક અને વૈશેષિક એકજ માને છે. તેમના મત પ્રમાણે આસ્તિક મત પાંચ થયા અને હવે દર્શનોની સંખ્યા છ છે એમ જગત્ પ્રસિદ્ધ છે. તો તે એવી રીતે છે કે જે આચાર્યો ન્યાય, વૈશેષિકને એક કહે છે તેમના મતથી છઠ્ઠો મત લોકાયિત એટલે નાસ્તિકનો છે એટલે તે ઉમેરતાં છ દર્શનો એ સંખ્યા પણ બંધ બેસતી છે.

આ ષટ્ દર્શનો ઘણા સમયથી શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. પાછળથી દિવસે દિવસે તેઓમાંથી પેટા ભાગ તરીકે બીજા ઘણા મતો પ્રચલિત થયા છે.

**શોધકચંદ્ર**—" મહાત્મન્! આપે કહેલા મુખ્ય બે ધર્મોમાં કયો ધર્મ સત્ય હશે? તે કૃપા કરી જણાવશો.

**મહાત્મા**—જે ધર્મમાં ઈશ્વરને જગતનો કર્ત્તા માન્યો નથી એ ધર્મ ન્યાયની રીતિએ સત્યરૂપે સિદ્ધ થાય છે.

**શોધકચંદ્ર**—" ભગવન્! ત્યારે આ જગત્નો કોઇ કર્ત્તા નથી, તો પછી આ જગત્ શું પોતાની મેળે બન્યું?

**મહાત્મા**—આ જગત્નો કોઇ કર્ત્તા નથી. તે અનાદિ ચાલ્યું આવે છે.

**શોધકચંદ્ર**—" ભગવન્! એ સત્ય છે, પરંતુ અહિં શંકા થાય છે કે, કોઇ વસ્તુ બનાવ્યા શિવાય બનતી નથી. ધારો કે, આપણે કોઇ જંગલમાં ગયા, ત્યાં કોઈ એક જુની ઈમારત જોવામાં આવી, તેની અંદર કોઈ માણસની વસ્તી નથી, ત્યારે શું એ ઇમારત પોતાની મેળે થઈ હશે! તેનો બનાવનાર તો કોઇ પણ હોવો જોઇએ. આ શંકાનું સમાધાન શી રીતે છે?

**મહાત્મા**—એ ઇમારત બનાવવામાં કડીયા, સુથાર અને બીજા મજુરો સામેલ થયા હતા અને તેમણે માટી, પત્થર, ચુનો અને લાકડા વગેરેથી એ ઇમારત તૈયાર કરી, પણ માટી, ચુનાના કાંકરા અને લાકડાં કોણે બનાવ્યાં? તે બતાવી શકશો?

**શોધકચંદ્ર**—ભગવન્! આ જગત્ને બનાવનાર જે ઈશ્વર છે, તેજ ઈશ્વર આ જગતની અંદરના સઘળાં જમીન, પર્વત, ઝાડી, નદી, આકાશ, સૂર્ય અને ચંદ્ર વગેરે પદાર્થોનો બનાવનાર છે.

**મહાત્મા**—ભદ્ર! જો એમ માનવામાં આવે તો એટલુંજ પુછવાનું કે, આ જગત્ બનાવતાં પેહેલાં શું હતું?

**શોધકચંદ્ર**—ભગવન્, હું આર્હત ધર્મના તત્ત્વોનો જ્ઞાતા નથી, તેથી મારામાં તે વિષેની ઘણી અજ્ઞાનતા છે, માટે હું જે કાંઇ કહું, તેને માટે મને ક્ષમા આપશો. હું સત્ય તત્ત્વોનો જિજ્ઞાસુ બનીનેજ આપને પુછુંછું.

**મહાત્મા**—ભદ્ર! તે વિષે ચિંતા કરીશ નહીં. જે પુછવાનું હોય તે

ખુશીથી પુછવું. તારા હૃદયમાં બીજાના સિદ્ધાંતોની છાયા પડી છે, તેથી તારી શંકાઓ સ્થાને હોય કે અસ્થાને તે વિષે મારા મનમાં કાંઇ પણ આવશે નહીં.

આ સમયે સત્યચંદ્રે જણાવ્યું, "ભગવન્! આ મારા ધર્મ બંધુની શંકાનું નિવારણ કરવાના પ્રસંગે મને પણ સારો બોધ પ્રાપ્ત થશે."

**શોધકચંદ્ર**—ભગવન્! આ જગત્ બનાવતા પેહેલાં કાંઈ પણ હતું નહીં. ફક્ત એક ઈશ્વરજ હતા.

**મહાત્મા**—તે ઈશ્વર ક્યાં રહેતા હતા ?

**શોધકચંદ્ર**—તે ઈશ્વર આકાશમાં સ્વર્ગની અંદર રહેતા હતા.

**મહાત્મા**—ત્યાં જમીન ઉપર રહેતા હતા કે અધર રહેતા હતા ?

**શોધકચંદ્ર**—તે સ્વર્ગની અંદર આવેલા સુંદર મેહેલ વગેરેમાં રહેતા હતા.

**મહાત્મા**—સ્વર્ગની સુંદર ભૂમિ અને મેહેલ વગેરે કોણે બનાવ્યા ?

**શોધકચંદ્ર**—તે ઈશ્વરેજ બનાવ્યા.

**મહાત્મા**—તે ઈશ્વરે કયારે બનાવ્યા ? અને બનાવ્યા પેહેલાં ઈશ્વર ક્યાં રહેતા હતા ?

**શોધકચંદ્ર**—તે તો ઈશ્વરે પોતાની સાથેજ બનાવેલું છે.

**મહાત્મા**—ત્યારે તો ઈશ્વરને બનાવનાર કોઇ હોવો જોઇએ.

**શોધકચંદ્ર**—ભગવન્! તે ઈશ્વર સર્વ શક્તિમાન્ છે, તેથી તેણે પોતાની શક્તિથી આ જગત્‌ને બનાવ્યું છે. જેમ ઇમારત બનાવવામાં માટી, ઈંટો, ચુનો અને લાકડાં વગેરે સર્વ સામગ્રી લાવવી પડે છે, તેમ તે સર્વ શક્તિમાન્ ઈશ્વરને આ જગત્ બનાવવામાં કાંઈ પણ સામગ્રી લાવવી પડતી નથી. કારણ કે, તે આ જગતની રચના માટે સર્વ સામગ્રી બનાવવાને શક્તિમાન્ છે. તેમ વળી આ જગત્ બનાવવાનું કાંઇ પણ કારણ હોવું જોઇએ. કારણ વિના કાર્ય કદિ પણ ઉત્પન્ન થતું નથી, તેથી આ જગત્‌રૂપ કાર્યનું કારણ ઈશ્વર છે, એમ સિદ્ધ થાય છે.

મહાત્મા મંદ મંદ હાસ્ય કરતા બોલ્યા–" શ્રાવક શોધકચંદ્ર ! આ તમારાં વચનો યુક્તિપૂર્વક નથી, કારણકે, તમારા કહેવા પ્રમાણે આ

જગત્ બનાવતાં પહેલાં ઈશ્વર એકલા હતા, એમ સિદ્ધ થાય છે, તો તે વખતે ઈશ્વર શું કરતા હતા? આ જગત્ના વિના તેમને એકલા રહેવું ગમ્યું નહીં, તેથી આ જગત્ બનાવવાની તેમની ઇચ્છા થઇ કે, તેઓએ પોતાના આનંદને માટે આ જગત્ બનાવ્યું?" મહાત્માનાં આ વચનો સાંભળી શોધકચંદ્ર વિચારમાં પડી ગયો.

મહાત્માએ વિશેષમાં જણાવ્યું-ભદ્ર! શો વિચાર કરે છે? તારે કહેવુંજ પડશે કે, ઈશ્વર સદા આનંદરૂપ છે, તેને આ બધા જગત્ની રચના કરવાની કાંઇ જરૂર જણાતી નથી અને તે ઈશ્વર અનાદિ છે, ત્યારે આ જગતને અનાદિ કહેવામાં શો બાધ આવે છે? વળી આ જગત બનાવવાનું કાંઇ પણ કારણ જણાતું નથી; તો કારણ વિના કાર્ય બનેજ નહીં."

મહાત્માનાં આ વચનો સાંભળી સત્યચંદ્ર ખુશી થઇને બોલ્યો- "ભગવન્! આપે કહ્યું, તે યથાર્થ છે અને યુક્તિપૂર્વક છે, પણ અહીં એવી શંકા થાય છે કે આ જગત્ અને જગત્ના જીવો કર્ત્તા વિના પોતાની મેળે બની ગયા, એમ તો બનેજ નહીં, તેથી અનુમાન પ્રમાણથી ઈશ્વર જગતનો કર્ત્તા બની શકે."

મહાત્મા ઉત્સાહથી બોલ્યા-" ભદ્ર! એ શંકાનું સમાધાન એ છે કે, જ્યારે ઈશ્વરે આ જીવોને રચ્યા ત્યારે તેમને નિર્મળ રચ્યા હતા કે પુણ્ય વાળા રચ્યા હતા, અથવા પાપવાળા કે પાપ પુણ્યથી મિશ્રિત રચ્યા હતા? અથવા પુણ્ય અલ્પ અને પાપ અધિક વા પુણ્ય અધિક અને પાપ અલ્પ એવા રચ્યા હતા? જો પ્રથમ પક્ષ ગ્રહણ કરશો તો જગત્ના સર્વ જીવો નિર્મળજ હોવા જોઇએ તો પછી શાસ્ત્રો રચવાની અને ઉપદેશ કરવાની જરૂર નથી. જે વસ્ત્ર નિર્મળ છે, તેને ધોવાની શી જરૂર છે?

શોધકચંદ્રે શંકા લાવી પૂછ્યું, "ભગવન્, ઈશ્વરે તો જીવોને નિર્મળ બનાવ્યા હતા, પરંતુ જીવોએ પોતાની ઇચ્છા મુજબ સારાં-નરસાં કામો કરી લીધાં, તેમાં ઈશ્વરનો શો દોષ છે?

મહાત્મા—જો ઈશ્વરે સારાં અને નઠારાં કામ કરવાની શક્તિજ રચી નહતી તો પછી જીવોમાં પુણ્ય અથવા પાપ કરવાની શક્તિ ક્યાંથી આવી?

શોધકચંદ્ર—ઈશ્વરે જીવોની અંદર શક્તિઓ તો રચેલી છે, પરંતુ તેમને નઠારાં કામ કરવા પ્રવર્ત્તાવ્યા નથી. નઠારાં કામ કરવામાં જીવ પોતેજ પ્રવર્ત્યા છે. તે ઉપર એક દૃષ્ટાંત છે. જેમ કોઇ ગૃહસ્થે પોતાના પ્રિય બાળકને ખેલવા માટે એક રમકડું આપ્યું, હવે જો તે બાળક એ ખેલવાના રમકડાથી પોતાની આંખ ખોવે તો તેમાં તેના પિતાનો શો દોષ છે? તેવી જ રીતે ઈશ્વરે જીવોને હાથ પગ વગેરે વસ્તુઓ આપેલી છે, તે કેવળ સારાં કામ કરવાને માટે આપેલી છે, છતાં જો જીવ તે પોતાની વસ્તુઓને નઠારા કામમાં પ્રવર્ત્તાવે તો તેમાં ઈશ્વરનો શો દોષ છે?

મહાત્મા—ભદ્ર! એ બાળકનું દૃષ્ટાંત અહીં ઘટિત થતું નથી, કારણકે, બાળકના માતા પિતાને એવું જ્ઞાન નથી કે, બાળકને ખેલવા માટે આપણે જે વસ્તુ આપીએ છીએ, તે ખેલવાથી બાળક પોતાની આંખ ફોડી નાખશે. જો કદિ તે માબાપોને એવું જ્ઞાન હતે તો તેઓ કદિ પણ બાળકના હાથમાં તેવું રમકડું કે વસ્તુ આપત નહીં, તેમ જાણતાં છતાં જો માતપિતા એવું રમકડું આપે તો તે બાળકનાં હિતકારી નથી પણ તેનાં શત્રુ છે. તેવી રીતે ઈશ્વર માતાપિતા તુલ્ય છે અને આ સર્વ મનુષ્યો તેના બાળકો છે તેથી જો તે ઈશ્વર જાણતાં હતા કે, આ જીવો મેં રચેલા છે, અને તેમને હાથ, પગ વગેરે ઈંદ્રિયોની સામગ્રી મેં આપી છે, અને તે સામગ્રીથી જીવો નઠારાં કામ કરી નરકે જનારા છે, તો પછી ઈશ્વરે તેમને શા માટે રચ્યા? કદિ એમ કહેશો કે, આ જીવોને સારાં કામ કરવાને માટે મેં સામગ્રી આપેલી છે, તેનાથી પાપ કરી તે જીવ નરકમાં જશે, એમ ઈશ્વર જાણતા ન હતા, તો પછી એ ઈશ્વર અજ્ઞાની અને અસર્વજ્ઞ સિદ્ધ થશે. જો કદિ એમ કહો કે, તે ઈશ્વર જાણતા હતા કે, આ જીવો મારી આપેલી સામગ્રીથી પાપ કરનારા થઇ નરકે જશે તો પછી જીવોને રચનાર પરમેશ્વર તેમના શત્રુ થયા કે નહિ? કાંઇ પણ પ્રયોજન શિવાય રંક જીવોને સામગ્રીદ્વારા પ્રથમ પાપ

કરાવ્યાં અને પછી નરકમાં જવાની શિક્ષા કરી, ત્યારે તો પછી તમારા કહેવાથી ઈશ્વરના કરતાં અધિક અન્યાયી બીજો કોઇ નથી. આથી ઈશ્વર અન્યાયી, અસર્વજ્ઞ, નિર્દય અને અજ્ઞાની કહેવાશે, તેથી ઈશ્વરે જીવોને નિર્મળ રચ્યા નથી, એમ કહેવું જોઇએ.

જો એમ કહેવામાં આવે કે, ઈશ્વરે જીવોને પુણ્યવાળા રચ્યા છે, તોપણ તે અઘટિત ઠરશે. કારણકે, જો સર્વ જીવ પુણ્યવાળા હતા, તો ગર્ભમાંથીજ અંધ, લુલા, બેહેરા અને મુંગા તેમજ કરૂપવાળા, નીચ, નિર્ધન કુળમાં જન્મેલા, યાવજ્જીવિત દુઃખમાં રહેનારા, મહા કષ્ટેથી પેટ ભરનારા અને પુરૂં ખાવા પીવાનું નહિ મેળવનારા ઘણા જોવામાં આવે છે, તેનું શું કારણ? આવું પુણ્યના ઉદયમાં હોઇ શકે નહિ. તેમ વળી પુણ્ય કર્યા વિના જીવોને પુણ્ય કેમ લગાવી દીધું? તેમજ તેવીજ રીતે ધર્મ કર્યા વિના જીવોને સ્વર્ગે કે મોક્ષે કેમ પહોંચાડી શકતા નથી? શાસ્ત્રોનો ઉપદેશ કરાવી, ક્ષુધા તૃષાદિ પરિસહો સહન કરાવી, તૃષ્ણા છોડાવી, રાગ દ્વેષ દૂર કરાવી, ગૃહ વૈભવ ત્યજાવી, સાધુ બનાવી, ભિક્ષા મંગાવી, પાંચ યમ–મહાવ્રતો અને દાન તપ વગેરે અનેક સાધનો કરાવીને સ્વર્ગ મોક્ષમાં પહોંચાડવા, એ કેવી વાત કહેવાય? આવા મહા સંકટો ઉત્પન્ન કરી ઈશ્વર જીવોને શા માટે હેરાન કરે છે? આ ઉપરથી તો એવી પ્રતીતિ થાય છે કે, ઈશ્વરમાં કાંઇ સમજ નથી અથવા તે દયારહિત છે.

જો કદિ એમ કહો કે, ઈશ્વરે જીવોને પાપ રહિત રચ્યા છે, તો પછી પાપ કર્યા વિના જીવોને પાપ લગાવી દીધા હોય તો ઈશ્વરે જીવ ઉપર જુલમ કર્યો કહેવાય. અપરાધ વિના અપરાધી ઠરાવવા એ ઈશ્વરનો કેટલો અન્યાય કહેવાય? ઈશ્વર એવો અન્યાયી હોયજ નહિ. જો ઈશ્વરે જીવોને પાપ સહિત સર્જેલા હોય તો રાજા, મંત્રી અને સેનાપતિની પદવી, લોકમાં બહુમાન, ઉજ્વલ યશ અને પંચેંદ્રિયના વિષયભોગ ઇત્યાદિ સામગ્રીનો યોગ પાપી જીવોને સંભવતો નથી, તેથી એમ સિદ્ધ થાય છે કે, ઇશ્વરે જીવોને કેવળ પાપ સહિત રચેલા નથી.

કદિ એમ કહો કે, ઇશ્વરે જીવોને અર્ધ પાપ અને અર્ધ પુણ્ય-

વાળા સૃજ્યા છે, તો તે પક્ષ પણ ટકી રહેવાનો નથી. કારણકે, સર્વ જીવ અર્ધા સુખી અને અર્ધા દુઃખી જોવામાં આવતા નથી.

સુખ થોડું અને દુઃખ વિશેષ એવા પણ સર્વ જીવ દેખાતા નથી, પરંતુ સુખ વિશેષ અને દુઃખ અલ્પ એવા પણ ઘણા જીવ દેખવામાં આવે છે, આથી પાંચમો પક્ષ પણ ટકી રહેતો નથી.

સુખ ઘણું અને દુઃખ અલ્પ એવા પણ સર્વ જીવ દેખાતા નથી, પણ દુઃખ ઘણું અને સુખ અલ્પ એવા પણ ઘણા જીવો દેખવામાં આવે છે, આથી છઠ્ઠો પક્ષ પણ પરાસ્ત થઇ જાય છે.

ઉપર કહેલા હેતુઓથી ઈશ્વર જીવોને કોઇ પણ વ્યવસ્થાવાળા રચી શકતા નથી તો પછી સૃષ્ટિકર્ત્તા ઈશ્વર કેમ થઇ શકે? કદિ પણ થઇ શકેજ નહીં. તેમ વળી જ્યારે ઈશ્વરે સૃષ્ટિ રચી ન હતી, ત્યારે ઈશ્વરને શું દુઃખ હતું અને જ્યારે તેણે સૃષ્ટિ રચી ત્યારે તેને શું સુખ થયું?

**શોધકચંદ્રે** વિચાર કરીને કહ્યું—"ભગવન્, આપના તે પ્રશ્નમાં એટલું કહેવાનું છે કે ઈશ્વર નિરંતર પરમ સુખી છે. તેમનામાં કાંઈ ન્યૂનતા છે કે જે ન્યૂનતા પૂર્ણ કરવા માટે તે સૃષ્ટિ રચે? તેઓ પોતે પૂર્ણ કામ છે, માત્ર જગત્માં પોતાની ઈશ્વરતા પ્રગટ કરવાને માટે આ સૃષ્ટિ રચે છે.

**મહાત્મા**—ભદ્ર! એ સમાધાનમાં તો બીજી મોટી શંકા ઉત્પન્ન થાય છે. સાંભળ-જ્યારે ઈશ્વરે સૃષ્ટિ રચી ન હતી, ત્યારે ઈશ્વરની ઇશ્વરતા પ્રગટ ન હતી અને જ્યારે તેણે સૃષ્ટિ રચી ત્યારે તેની ઈશ્વરતા પ્રગટ થઇ એમ જો માનવામાં આવે તો ઈશ્વરમાં દુઃખનો આરોપ આવશે. કારણ કે, જ્યારે પ્રથમ તે ઇશ્વરની ઇશ્વરતા પ્રગટ નહતી, ત્યારે તે ઉદાસ રહેતા હશે. અપૂર્ણ મનોરથવાળા અને ઉદાસ રહેનારા ઈશ્વરને દુઃખ થવું જોઇએ. સૃષ્ટિની પેહેલા ઈશ્વર શા માટે નિરૂદ્યમી બેશી રહે? આ સૃષ્ટિની પહેલા બીજી સૃષ્ટિ રચી તેમણે પોતાનું દુઃખ દૂર કેમ ન કર્યું?

**શોધકચંદ્ર**—ઈશ્વરે જે સૃષ્ટિ રચી છે, તે પરોપકારને માટે રચી છે. લોકો ઉત્પન્ન થઈ સત્કર્મ કરી અનંત સુખના ભાગી બને, એ

તેમની મહદિચ્છા હતી અને તેથીજ તેમણે આ સૃષ્ટિ રચેલી છે.

**મહાત્મા**—તારા કહેવા પ્રમાણે ઈશ્વરે પરોપકાર માટે સૃષ્ટિ રચી હોય તો તે યથાર્થ છે. જે ધર્મ કરાવીને જીવોને સુખ આપવું, એ કદિ પરોપકાર થાય પરંતુ જેઓ પાપ કરીને નરકમાં ગયા તેઓની ઉપર શો ઉપકાર કર્યો ? તેમને દુઃખી કરનાર ઈશ્વર પરોપકારી શી રીતે થઇ શકે ?

**શોધકચંદ્ર**—ઈશ્વર તેઓને નરકમાંથી કાઢીને સ્વર્ગમાં સ્થાપિત કરશે.

**મહાત્મા**—તો પછી તે જીવોને પ્રથમ નરકમાં કેમ જવા દીધા ?

**શોધકચંદ્ર**—ઈશ્વર સર્વ જીવોને પાપ પુણ્ય કરાવે છે. જીવને આધીન કાંઇ નથી. જેમ બાજીગર કાષ્ટની પૂતળીને નચાવે તેમ તે નાચે છે, તેમ ઈશ્વર જે ચાહે તે જીવોને કરાવે છે.

**મહાત્મા**—જો જીવને આધીન કાંઈ નથી, તો પછી જીવને સારા-નરસાનું ફળ પણ ન જોઇએ. કારણ કે, કોઇ સરદાર સેવકને કાંઈ કામ કરવાની આજ્ઞા કરે, પછી સેવક પોતાના સ્વામીની આજ્ઞા પ્રમાણે તે કામ કરે તે કામ સારૂં હોય કે નઠારૂં હોય, પણ તે સરદાર પછી પોતાની આજ્ઞા પ્રમાણે કામ કરનાર સેવકને શું શિક્ષા કરી શકે ? તેવીજ રીતે ઈશ્વરની આજ્ઞાથી પુણ્ય પાપ કરનારા જીવોને પુણ્ય પાપનાં ફળ ન મળવાં જોઇએ. જ્યારે જીવોએ સ્વતંત્ર થઈ પુણ્ય પાપ કર્યાં નથી, તો પછી તેઓને સ્વર્ગ અથવા નરક ન હોવા જોઈએ. તેમજ તે જીવોને નરક, સ્વર્ગ, તિર્યંચ અને મનુષ્ય એ ચાર ગતિ પણ ન હોય, જ્યારે ચાર ગતિ ન હોય, ત્યારે સંસાર પણ ન હોય, જો સંસાર ન હોય તો શાસ્ત્રો પણ ન હોય અને જ્યારે શાસ્ત્રો ન હોય તો તેના ઉપદેશક પણ ન હોય, જ્યારે ઉપદેશક ન હોય તો પછી ઈશ્વર પણ ન હોય, જો ઈશ્વર નહીં તો સર્વ શૂન્યતા સિદ્ધ થઇ ચુકી.

**શોધકચંદ્ર**—ભગવન્ ! એમ પણ માનવામાં આવે છે કે, આ જગત્ બાજીગરની બાજી જેવું છે અને ઇશ્વર તેના બાજીગર છે; તેથી ઇશ્વર આ જગત્‌ની બાજી રચી તેમાં ક્રીડા કરે છે. સ્વર્ગ, નરક, પુણ્ય કે પાપ કાંઇ છેજ નહીં.

**મહાત્મા**—જો એમ માનીએ તોપણ બાધ આવશે. ઇશ્વરે આ જગત્‌ની રચના ક્રીડા માટેજ કરી હોય, તો તેનું ફળ પણ માત્ર ક્રીડાજ હોવું જોઇએ. આ જગતમાં તો અનેક પ્રાણીઓ રોગી, શોકાતુર, નિર્ધન, બલહીન અને મહા દુઃખી થઇ અનેક જાતના પ્રલાપ કરી રહ્યા છે, જેઓને દેખીને દયાથી અમારા રોમાંચ ઉભા થાય છે, તો પછી ઇશ્વરને તે દુઃખી જીવોને દેખી કેમ દયા નથી આવતી? જ્યારે ઇશ્વરને દયા ન આવે તો પછી તેમને પરમકૃપાળુ શા માટે કહેવા જોઇએ? તેમ વળી જે ક્રીડા કરનારા છે, તેઓ બાળકની પેઠે રાગી, દ્વેષી અને અજ્ઞાની હોય છે. જેનામાં રાગ દ્વેષ રહેલા હોય છે, તેનામાં સર્વ દૂષણો રહેલા છે. જો જ્યારે પોતે જ એવા અવગુણોથી ભરેલા છે, તો પછી તે ઇશ્વર શેના? તે તો એક સંસારી જીવ છે. જો તેઓ રાગ દ્વેષવાળા હશે તો કદિ પણ તેઓ સર્વજ્ઞ હોઈ શકશે નહીં. જ્યારે સર્વજ્ઞ ન હોય તો તેમને ઈશ્વર કેમ કહી શકાય?

**શોધકચંદ્ર**—જીવોએ કરેલા પાપને અનુસારે ઇશ્વર તેમને દંડ આપે છે, તેમાં ઇશ્વરનો શો દોષ છે? જેવાં જેણે પુણ્ય પાપ કર્યા હોય, તેવાં તેને ઇશ્વર ફળ આપે છે.

**મહાત્મા**—આ પ્રમાણે તમારા કહેવા ઉપરથી આ સંસાર અનાદિ સિદ્ધ થઇ ચુકયો અને ઇશ્વર જગત્‌નો કર્ત્તા નથી, એ સિદ્ધ થયું. કારણ કે, જે જીવો હાલ વર્ત્તે છે, તેઓમાં પાપ કૃત્યો કરનારા પણ સુખી દેખાય છે અને કેટલાએક પુણ્ય કૃત્ય કરનારા અને ઇશ્વરની ભક્તિ કરનારા દુઃખી દેખાય છે, તો હાલ જેઓ સુખ દુઃખનો અનુભવ કરે છે તે પાછલા ભવમાં જેણે જેવું કરેલું, તે પ્રમાણે તેનો અનુભવ કરે છે અને પાછલા ભવમાં જે સુખ દુઃખ ભોગવ્યા હશે, તે આગામી ભવના પાપ પુણ્યનાં ફળ તેનો અનુભવ કરેલો, તેવી રીતે પૂર્વ પૂર્વ જન્મમાં સુખ દુઃખ કરવાં અને ઉત્તરોત્તર જન્મમાં સુખ દુઃખ ભોગવવાં, એમ કરતાં આ સંસાર અનાદિસિદ્ધ થાય છે.

હવે વિચારો કે, જીવો જેવાં કર્મ કરે છે, તે પ્રમાણે સુખ દુઃખ ભોગવે છે. પુણ્ય કર્યા શિવાય સુખ મળતું નથી અને પાપ કર્યા શિવાય દુઃખ થતું નથી, એમાં ઇશ્વર જગત્‌ના કર્તા શી રીતે સિદ્ધ થયા?

**શોધકચંદ્ર**—ઇશ્વર સર્વ જીવોને શુભ કર્મ કરવામાંજ પ્રવર્ત્તાવે છે. તેથી તેઓ તો સર્વજ્ઞ અને વીતરાગજ છે અને જે જીવ અધર્મ કરનારા છે, તેમને અસત્‌ વ્યવહારમાં પ્રવર્ત્તાવી પછી તેમને નરક પાતનું કટુ ફળ આપે છે. કારણ કે તે જીવ નરકના દુઃખના ભયથી પુનઃ પાપ કરે નહીં. આ પ્રમાણે યોગ્ય ફળ આપનારા ઇશ્વર વિવેકી, વીતરાગ અને સર્વજ્ઞ શા માટે ન કહેવાય? તેમનામાં કોઇ પણ દોષ આવતો નથી.

**મહાત્મા**—ભદ્ર! આ તારૂં કહેવું યુક્ત નથી. કારણ, પ્રથમ જીવોને પાપ કરવામાં ઇશ્વર પ્રવૃત કરે છે, ઇશ્વર શિવાય બીજો કોઇ પ્રેરક નથી. તેમ વળી જીવ પોતે સ્વતંત્ર થઇ કાંઇ પણ કરી શકતો નથી; કારણ કે, તે જીવ અજ્ઞાની છે, તો પછી પ્રથમ જીવને પાપ કર્મ કરાવવામાં પ્રવર્ત્તાવવો, પછી તેને નરકમાં નાખી તેનું ફળ ભોગવાવવું, પછી પાછો ધર્મમાં પ્રવર્ત્તાવવો, એ શું ઇશ્વર કરે? નહીંજ કરે.

**શોધકચંદ્ર**—ઇશ્વર જીવોને કોઇ પણ કામમાં પ્રવર્ત્તાવતાંજ નથી, જીવ પોતેજ પ્રવર્ત્તે છે, તેથી તે જીવ જેવાં કર્મ કરે, તે કર્મના વશથી ઇશ્વર તેને તેવાં ફળ આપે છે. જેમ કોઈ રાજા પોતાના રાજ્યમાં ચોરી કરવાની મનાઇ કરે છે, કોઇને ચોરી કરવાનું કહેતો નથી, છતાં પણ કોઈ શખ્સ ચોરી કરશે તો તે ચોરને રાજા અવશ્ય શિક્ષા કરશે, તેવી રીતે ઇશ્વર પાપ કર્મ કરાવતાં નથી, પરંતુ જે પાપ કર્મ કરનાર હોય તેને શિક્ષા કરે છે.

**મહાત્મા**—આ તારા વચનમાં પણ બાધ આવે છે. કારણકે, રાજા પ્રથમ ચોરને અટકાવવામાં સમર્થ થઇ શકતો નથી. કારણકે, અમુક માણસ ચોરી કરવાનો છે તે જાણતો નથી. જ્યારે ચોરી થાય અને કોઈ તેની ફરીયાદ કરે અને શકદાર માણસ

બતાવે, તેની પાસેથી મુદ્દા માલ નીકળે, ત્યારે તેને ચોર ઠરાવી શિક્ષા કરે છે, પણ જો રાજાને કે પોલીસ લોકોને એવું જ્ઞાન હોય કે, અમુક વખતે અમુકના ઘરમાં અમુક ચોર ચોરી કરશે તો તેને પ્રથમથીજ જામીન લઇ અથવા શિક્ષા કરી તેને અટકાવી શકે, પરંતુ તેવું જ્ઞાન રાજા કે પોલીસ કોઇને હોતું નથી, તેથી ખરો ચોર પકડવા માટે પોલીસને ઘણી મેહેનત કરવી પડે છે. પણ જે ઇશ્વિર છે, તે સર્વ શક્તિમાન્ અને ત્રિકાલ જ્ઞાની છે, જેથી તે સર્વ જીવોના મનના વિચારોને જાણી શકે છે. તેથી તેવાં નઠારા પાપ કર્મ કરનારા જીવોને પ્રથમથીજ અટકાવી શકે અને પછી પાછળથી તેમને શિક્ષા કરવાની જરૂર રહે નહીં. પણ જ્યારે ઇશ્વર તેવાં પાપ કૃત્ય કરતાં અટકાવતા નથી, ત્યારે તો તેઓ જાણીને તેવાં કામ કરાવે છે અને પછી શિક્ષા કરે છે, તો તે અન્યાયીજ ઠરે.

કદિ એમ કહો કે, જીવોને પાપ કર્મ કરતાં અટકાવવાને ઇશ્વિર સમર્થ નથી, તો પછી એમ કહેશો નહીં કે, આ સર્વ કાંઇ ઇશ્વરેજ કર્યું છે અને ઇશ્વિર સર્વ શક્તિમાન્ છે. હવે તો એમ કહો કે, જીવ પાપ કે પુણ્ય પોતે કરે છે અને પોતેજ ભોગવી લે છે. ઇશ્વરને કર્ત્તા કહેવાની કલ્પના કરવી તે વ્યર્થ છે.

મહાત્માના આ વચનો સાંભળી શોધકચંદ્ર વિચારમાં પડી ગયો. ક્ષણવારે તેના હૃદયમાં પાછી બીજી યુક્તિ સ્ફુરી આવી એટલે તે બોલ્યો–" ભગવન્! ધર્મ કે અધર્મ જીવ પોતેજ કરે છે. ઇશ્વર તો તેના ફળદાતા છે. જીવ પોતે કરેલા ધર્મ–અધર્મનું ફળ પોતે ભોગવવાને સમર્થ નથી. જેમ ચોર ચોરીનો અધર્મ પોતેજ કરે છે, પણ કારાગૃહમાં પૂરાવા વગેરે તેનું ફળ ભોગવવું, તે પોતે ભોગવી શકતો નથી. તેને કારાગૃહમાં પૂરનાર તો કોઇ બીજોજ જોઇએ.

મહાત્માએ તીવ્ર બુદ્ધિનો પ્રકાશ કરતાં જણાવ્યું–" આ પણ તમારી યુક્તિ ટકી શકશે નહીં. જો જીવ ધર્મ–અધર્મ કરવામાં સમર્થ છે, તો પછી તેનાં ફળ ભોગવવા સમર્થ કેમ નહિ ? આ સંસારમાં એવું જોવામાં આવે છે કે, જીવ જેવાં જેવાં ધર્મ–અધર્મ કરે છે, તેવાં

તેવાં ધર્મ-અધર્મનાં ફળ ભોગવવામાં નિમિત્ત કારણ બની જાય છે. જેમ ચોર ચોરી કરે છે, તેને ચોરી કરવાનું ફળ રાજા આપે છે, તે ઉપરાંત વળી તે કોઢીઓ થાય છે, તેના શરીરે કીડા પડે છે, અગ્નિમાં બળી જાય છે, પાણીમાં ડૂબી જાય છે, ખડ્ગથી હણાય છે, અને બીજા અનેક સંકટો ભોગવી મરી જાય છે. અને કોઇ નિર્ધન બની જાય છે-ઇત્યાદિ અસંખ્ય નિમિત્તોથી તે પોતે કરેલા કર્મના ફળ ભોગવે છે, અહીં નિમિત્ત શિવાય બીજો કોઇ ઇશ્વર ફળ-દાતા દેખાતો નથી, તેવી રીતે સ્વર્ગ તથા નરક આદિ પરલોકમાં પણ શુભાશુભ કર્મનાં ફળ ભોગવવાનાં અસંખ્ય નિમિત્ત છે.

જો કહેશો કે, પરસ્ત્રીગમન ઇત્યાદિ પાપના ફળમાં શું નિમિત્ત મળશે ? કે જેના યોગથી ફળ ભોગવવાનું થશે ? વળી તે વાત તો જાણવામાં આવી શકતી નથી કે પુણ્ય કે પાપનું આ નિમિત્ત મળીને ફળ થશે? તે તો કેવળજ્ઞાની કે સર્વજ્ઞ બતાવી શકે છે, પરંતુ એટલું તો કહી શકાય છે કે, જીવ જે જે પુણ્ય કે પાપ કરે છે, તેનું ફળ ભોગવવામાં અવશ્ય કાંઇક નિમિત્ત હોવાનું અને તે તેનું ફળ આવી રીતે ભોગવશે અને તેનું નિમિત્ત આ મળશે. પણ અમુક દેશમાં અને અમુક કાળમાં તે ભોગવશે, ઇત્યાદિ સર્વ સર્વજ્ઞ પરમેશ્વરના જ્ઞાનમાં પ્રત્યક્ષપણે ભાસન થાય છે. નિમિત્ત વિના કાંઇ પણ ભોગવી શકાતું નથી, એજ કારણથી ઇશ્વર ફળના દાતા છે, એવી કલ્પના કરવી, એ વ્યર્થ છે. માણસ રોટલી તો પકાવી શકે પણ તે ખાઇ શકતો નથી, એમ શું બુદ્ધિમાન્ પુરૂષો કહેશે ? વળી ઇશ્વરને ફળના દાતા કહેવાથી તેમનીપર એક બીજું કલંક આવે છે. જેમકે, એક પુરૂષે બીજા પુરૂષને ખડ્ગાદિકથી માર્યો, હવે મરનારને જે સંકટ પ્રાપ્ત થયું, તે કોના યોગથી, કોની પ્રેરણાથી ? જો કહેશો કે ઇશ્વરે તે શસ્ત્ર-વાળાને પ્રેરણા કરી, તેથી તેણે તેને માર્યો, તો પછી તે મારનારને ફાંસી શા માટે મળે છે? શું ઇશ્વરનો એવો ન્યાય કહેવાય? કે જે પ્રથમ એક પુરૂષના હાથથી બીજાને મરાવવો અને પછી તે મારનારને ફાંસી અપાવવી એ કેવો અન્યાય કહેવાય ? કદિ એમ કહો કે, ઇશ્વરની પ્રેરણા વિના તે પુરૂષે બીજા પુરૂષને માર્યો અને દુઃખ દીધું તો તે સુખ દુઃખ નિમિત્તથી ભોગવવું સિદ્ધ થયું, પછી ઇશ્વર ફળ

દાતા છે, એવી કલ્પના કરવી, તે અલ્પ બુદ્ધિવાળાનું કામ છે. અહીં એટલું પણ પુછવાનું છે કે, ધર્મનું ફળ સ્વર્ગ છે અને તેમાં સ્વર્ગના દિવ્ય વિલાસો પ્રાપ્ત થાય છે, તે જીવોને સુખનું કારણ છે, તે ઇશ્વરે આપ્યું પરંતુ અધર્મનું ફળ જે ઘોર નરકના કુંડમાં પડવું અને પરમાધાર્મિક તરફથી અનેક પ્રકારનાં ત્રાસદાયક દુ:ખો થાય છે, તે જીવોને શા વાસ્તે આપે છે?

**શોધકચંદ્ર**—જે જીવોએ પાપ કરેલા છે, તે જીવોને પાપનું ફળ અવશ્ય મળવું જોઇએ. તે ઉપરથી ઇશ્વર તેમને તેવાં ફળ આપે છે. એમાં કાંઇ ઈશ્વર અન્યાયી ઠરતા નથી.

**મહાત્મા**—ભદ્ર! આ તમારા કહેવાથી તો તે ઇશ્વર જીવોને વ્યર્થજ પીડા આપે છે. જો ઇશ્વર તે જીવોને પાપનું ફળ ન આપે તો પછી જીવો પોતે તે કર્મનાં ફળ ભોગવી શકતાં નથી. પછી તે ન શરીર ધારણ કરે અને ન નવું પાપ પણ કરે. પછી ઇશ્વરને એવી ખટપટ કરવાનું કારણ શું? જે મધ્યસ્થ ભાવ-વાળા અને પરમદયાળુ હોય છે, તે કદિ પણ કોઇ જીવને પીડા આપતા નથી.

**શોધકચંદ્ર**—ઇશ્વર પોતાની ક્રીડા વાસ્તે અનેક જાતના ખેલો રચે છે. કોઇને મનુષ્ય યોનિમાં, કોઇને તિર્યંચ યોનિમાં અને કોઇને નરકમાં નાખે છે, તો કોઇને સ્વર્ગમાં મુકે છે. જ્યારે તે જીવો નૃત્ય, રૂદન, હર્ષ, શોક અને વિલાપ કરે છે, તેમના એ ખેલ ઇશ્વર જુએ છે, અને એ ખેલ જોવાને માટે તે આ જગતની બાજી રચે છે.

**મહાત્મા**—જો એમ હોય તો ઇશ્વર બુદ્ધિમાન નથી, તેમ દયાળુ પણ નથી, કારણ કે બીજાઓને દુ:ખી કરવા અને પોતાને એવી રમત કરવી, એ સર્વથા અઘટિત છે. જીવો બીચારા દુ:ખોથી તરફડી મરણ પામતા હોય અને ઇશ્વર રાજી થતા હોય એ તો સર્વથા અઘટિત પ્રવૃત્તિ કહેવાય. જે મહા પુરૂષ સર્વજ્ઞ અને દયાળુ હોય છે, તે કદી પણ જીવોને દુ:ખ થાય, તેવી ક્રીડાઓ કરતા નથી, તો ઇશ્વર પોતાને તેવી ક્રીડા કેમ હોઇ શકે? વળી જે ક્રીડા છે, તે રાગવાળાને હોય અને

ઇશ્વર તો વીતરાગ છે. તેવા વીતરાગ ભગવાન્ ક્રીડામાં મગ્ન કેમ સંભવે?

**શોધકચંદ્ર**—જે ઇશ્વર સૃષ્ટિ કર્ત્તા છે, તેનામાં રાગ અને દ્વેષ રહેલા છે, તેથી તેનામાં ક્રીડા કરવાનો સંભવ હોઇ શકે છે. એમ કહીયે તો શું ખોટું?

મહાત્મા હાસ્ય કરીને બોલ્યા-"જ્યારે ઇશ્વર રાગી અને દ્વેષી હોય તો તેઓ આપણ મનુષ્યના જેવાં ઠર્યા. તેઓ વીતરાગ અને સર્વજ્ઞસિદ્ધ ન થયા. પછી આપણામાં અને તેમનામાં શો તફાવત? હવે તેઓ જગત્‌ના કર્ત્તા શી રીતે બની શકે? જેથી તેમ પણ હોઇ શકતું નથી.

**શોધકચંદ્ર**—જ્યારે ઇશ્વરને રાગ, દ્વેષ યુક્ત માનવામાં અને સર્વજ્ઞ માનવામાં આવે તો પછી તે જગત્‌ના કર્ત્તા થઇ શકે.

**મહાત્મા**—એમ માનવામાં શું પ્રમાણ છે? કે જેથી ઇશ્વર રાગી, દ્વેષી અને સર્વજ્ઞસિદ્ધ થઇ શકે?

**શોધકચંદ્ર**—ઇશ્વરનો એવો સ્વભાવજ છે કે, રાગી દ્વેષી થવું અને સર્વજ્ઞ પણ રહેવું. સ્વભાવમાં કોઇ જાતનો તર્ક-વિતર્ક થઇ શકતો નથી. જેમ અગ્નિનો દાહક સ્વભાવ છે, ત્યારે આકાશનો દાહક સ્વભાવ કેમ નથી? આ પ્રશ્નના ઉત્તરમાં એમજ કહેવાશે કે, અગ્નિનો દાહક સ્વભાવ છે તે આકાશમાં નથી. ઇશ્વરનો પણ તેમ રાગી, દ્વેષી અને સર્વજ્ઞ હોવાનો સ્વભાવ છે.

**મહાત્મા**—જ્યારે એમ કહેશો તોપણ ઘણી વાતમાં વિરોધ આવશે. કોઇ માણસ ઘોડાને કહેશે કે; "આ ઘોડું સર્વ જગતનું રચનાર છે." તેનું કારણ પુછતાં પણ એવોજ ઉત્તર આપવામાં આવે કે, એ ઘોડાનો એવો સ્વભાવ છે કે, તે આ જગત્‌ને રચી રાગ દ્વેષવાળાં અને સર્વજ્ઞ બની પછી ઘોડા રૂપે થઇ જાય છે. એવી રીતે બીજા ગમે તે જીવોને પણ જગત્‌ના કર્ત્તા સિદ્ધ કરી શકાશે. પછી ઇશ્વર કોણ થયા? જે કાંઇ પોતાના મનમાં માન્યું, તે બનાવી દીધું. આ તો ઇશ્વરને મોટું કલંક લાગે છે.

ભદ્ર, અહીં દીર્ઘ વિચાર કરજે. પરમેશ્વર સર્વજ્ઞ અને વીતરાગ છે. તે ક્રીડાના હેતુથી આ જગત્‌ને રચે નહીં, એ સિદ્ધ થાય છે.

વળી તારા કહેવા પ્રમાણે જ્યારે સર્વના રચનાર ઇશ્વર થાય તો આ જગતમાં ત્રણસોને ત્રેસઠ પાખંડી મતો ચાલે છે, તેમનાં શાસ્ત્રો પણ ઈશ્વરે રચ્યાં હોય તો તે શાસ્ત્રો પરસ્પર એકબીજાથી વિરૂદ્ધ છે, તેઓમાં કેટલાંએક શાસ્ત્રો સત્ય હશે અને કેટલાંએક અસત્ય હશે, તે ઉભયના ઉપદેશક ઈશ્વરજ ઠર્યો, તો પછી ઈશ્વર પોતેજ સર્વ મતવાળાઓને અરસપરસ લડાવે છે, એમ ઠર્યું. હજારો બલકે લાખો મનુષ્યો મતમતાંતરના કલહમાં મરી જાય છે. ઈશ્વરે આમાં શાસ્ત્ર શું રચ્યું ? ઉલટો જગતમાં એક મોટો ઉપદ્રવ રચ્યો તો જુઠા શાસ્ત્રના રચનારાઓને મહાન્ ધૂર્ત્ત કહેવા જોઇએ. કદિ કહો કે, ઈશ્વરે તો સત્યજ શાસ્ત્રો રચ્યાં છે, અસત્ય રચ્યાંજ નથી. અસત્ય તો જીવોએ પોતેજ બનાવી લીધા છે, તો એમ સાબીત થાય છે કે, ઈશ્વરે જગત્ પણ નહીં રચ્યું હોય, આ જગત્ પણ જીવોએ જ રચ્યું હશે, કારણ ઈશ્વર સર્વ વસ્તુના કર્ત્તા સિદ્ધ થતા નથી.

વળી પહેલાં તમોએ એવું અનુમાન કર્યું હતું કે, જે જે આકારવાળી વસ્તુઓ છે, તે તે બુદ્ધિમાનોની રચેલી છે. કોઇ જુનો કુવો છે, તેનો કારીગર ત્યાં ઉપલબ્ધ થતો નથી, તોપણ અનુમાનથી તેનો રચનાર કોઇ કારીગરજ સિદ્ધ થશે. જેમ નવા કુવાનો કર્ત્તા ઉપલબ્ધ થાય છે તેમ-

ભદ્ર ! આ અનુમાન પણ બરોબર નથી, કારણકે, સંધ્યા, વાદળાં વગેરે આકારવાળાં દેખાય છે, પણ તેમનો બુદ્ધિમાન્ કર્ત્તા કોઇ નથી. કદિ અહીં એમ કહી બચાવ કરો કે, ઇંદ્ર ધનુષ્યના આકારવાળાં વાદળાં બુદ્ધિમાનોનાં કરેલાં મનાતાં નથી, તો પછી કહેવાનું કે, ત્યારે પૃથ્વી, પર્વત વગેરે કુદ્રત પણ બુદ્ધિમાનોના રચેલા ન માનવા જોઇએ.

ભદ્ર ! વળી આ પ્રસંગે એક મુદ્દાની વાત યાદ આવે છે કે, તમો પહેલા કહી ગયા છો કે જ્યારે ઈશ્વરે સૃષ્ટિ રચી ત્યારે સ્ત્રી પુરૂષો તો નહતા, તો પછી વિચારો કે, માતપિતા વિના મનુષ્ય કેમ ઉત્પન્ન થયા હશે ?

**શોધકચંદ્ર**—આ પ્રશ્નના ઉત્તરમાં તો એમ કહેવામાં આવે છે કે, જ્યારે ઈશ્વરે સૃષ્ટિ રચી ત્યારે તેમણે માતપિતા વિના ઘણા પુરૂષો અને ઘણી સ્ત્રીઓ રચી હતી, તે પછી ગર્ભથી ઉત્પત્તિ થવા લાગી.

**મહાત્મા**—ભાઇ ! એ વાત કેમ મનાય ? માતાપિતા વિના કદિ પણ સંતાનની ઉત્પત્તિ થઇ શકતી નથી. જો કદિ એમ માતાપિતા વિના ઈશ્વરે પ્રથમ મનુષ્યો ઉત્પન્ન કર્યાં હતાં, તો આજ પણ એવી રીતે કેમ કરતાં નથી ? મૈથુન સેવન, ગર્ભ ધારણ, ગર્ભાવાસ વગેરેનાં સંકષ્ટો શા માટે ઉત્પન્ન કર્યા ? ઈશ્વરે અનંતવાર સૃષ્ટિ રચી અને પ્રલય કર્યો, તોપણ તે થાકી જતા નથી તો હવે મનુષ્યોને બનાવવાથી શો થાક લાગવાનો હતો ? ભદ્ર ! આવી કલ્પના શા માટે કરે છે ? માતાપિતા વિના પુત્ર ઉત્પન્ન થાય, એ કદિ પણ બની શકતું નથી. જેમ મુરઘીથી ઈંડું અને ઈંડાથી મુરઘી, એમાં પ્રથમ કોણ ? એ કહી શકાતું નથી, તેવીજ રીતે આ સૃષ્ટિના વિષયમાં પણ સમજવાનું છે, આ જગત્નો પ્રવાહ અનાદિથી તેવીજ રીતે ચાલતો આવેલો સિદ્ધ થાય છે.

**શોધકચંદ્ર**—ભગવન્! આપે કહ્યું, તે યથાર્થ છે. પણ એમ માનવામાં એક બાધ આવે છે. જો કદિ ઈશ્વર સર્વ પદાર્થના કર્ત્તા ન હોય અને તે કર્ત્તા જીવજ હોય તો તે જીવ પોતે શરીર ધારણ કરી લેશે. અને પછી શરીરને કદિ પણ છોડશે નહીં. તેમજ પોતપોતાનાં સારાં ફળ ભોગવી લેશે.

મહાત્માએ તર્ક પ્રગટ કરી જણાવ્યું, "તમે જે કહ્યું તે સર્વ કર્મને વશ છે. પરંતુ જીવને આધીન નથી. કેમકે તમે જો એમ કહો કે, કર્મ પણ જીવેજ કર્યા હતા; ત્યારે જીવે અશુભકર્મ કેમ કર્યાં ? કોઈ પણ જાણી જોઇને પોતાનું અશુભ કરતા નથી. આ વિષે એક વાર કહેવામાં આવ્યું છે, તથાપિ તે વિષે ફરી વાર કહેવું પડે છે. જીવોની જે જે શુભ-અશુભ અવસ્થા છે, તે સર્વ કર્મોનું ફળ છે. તેમ વળી જીવ કર્મ કરવામાં તો પ્રાયઃ સ્વતંત્ર છે, પણ તે ફળ ભોગવવામાં સ્વતંત્ર નથી. જેમ કોઇ મનુષ્ય પોતાના ધનુષ્માંથી તીર ચડાવી ફેંકે છે, પણ પછી તેને પકડવા ચાહે તો, તે સામર્થ્ય તેનામાં નથી, તેમ વળી કોઈ વિષ ખાય છે, તે ખાવામાં સ્વવશ છે, પણ તે તે વિષના વેગને રોકવામાં સમર્થ નથી. તેમ જીવ કર્મ કરવામાં સ્વતંત્ર છે, પણ તેનાં ફળ ભોગવવામાં પરતંત્ર છે. વરાળ યંત્રથી

ચાલતા પદાર્થો જેટલો વખત તેના યંત્રની પ્રેરણા બંધ પડતી નથી, તેટલો વખત તેના વેગને કોઇ રોકી શકતા નથી, તેવીજ રીતે જીવ કર્મના વેગને રોકવામાં સમર્થ નથી.

કદિ અહીં એવું પુછો કે, જીવને ભવાંતરમાં કોણ લઈ જાય છે? તેમજ જીવના શરીરની રચના કે જે આંખોના પડદા, અનેક પ્રકારના રંગબેરંગી હાડ, ત્વચા, રૂધિર અને વીર્ય વગેરે દેખાય છે, એ કોણ રચે છે? એનું પૂર્ણ સ્વરૂપ જૈન કર્મ ગ્રંથોમાં વિસ્તારથી આપેલું છે, તે તેમાંથી જાણી લેવું. આ બધા કારણોને લઇને ઈશ્વર જગતના કર્ત્તા કોઇ રીતે પણ સિદ્ધ થતા નથી.

**શોધકચંદ્ર**—આપે જે વિવેચન કરી બતાવ્યું, તે મને યથાર્થ ભાસે છે, પરંતુ હજુ તેમાં કેટલીએક શંકાઓ છે, તે આપ કૃપા કરી દૂર કરશો.

**સત્યચંદ્ર**—ધર્મબંધુ! જે કાંઈ શંકા હોય તે ખુશીથી પ્રકટ કરો. આ મહાત્મા આપણી શંકાઓનો નાશ કરી નાખે છે.

**શોધકચંદ્ર**—ભગવન્! કેટલાએક કહે છે કે, સાધુ પુરૂષોનો ઉપકાર કરવાને અને દુષ્ટોનો સંહાર કરવાને ઈશ્વર યુગ યુગમાં અવતાર ધારણ કરે છે. વળી કેટલાએક એમ પણ કહે છે કે, ભગવાન્ મોક્ષે ગયેલા હોય છે, પણ પોતાના ભક્તોને ક્લેશ પામતાં જાણી ફરી વાર અવતાર ધારણ કરે છે.

**મહાત્મા**—હાસ્ય કરતાં બોલ્યા "ભદ્ર! તમે દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરશો તો તમોને પણ જણાશે કે, જેઓનું કર્મબીજ સમૂળગું બળી ગયું છે અને તેથી જેઓ મોક્ષે ગયા હોય, તેઓ પુનઃ સંસારમાં અવતાર લઇ શકતાજ નથી. અને જો તેઓ અવતાર લે છે, તો જાણવું કે, તેઓ પરમાર્થપણે મોક્ષરૂપ થયાજ નથી. તેમના સર્વ કર્મનો ક્ષય થયોજ નથી. જો તેમના મોહાદિ કર્મનો ક્ષય થયો હોય તો તે પોતાના મતનો તિરસ્કાર દેખી શા માટે પીડા પ્રાપ્ત કરે? આ દુઃખ રૂપ સંસારમાં શા વાસ્તે અવતાર ધારણ કરે? જો તેઓ સાધુ પુરૂષોના ઉપકાર માટે અને દુષ્ટ પુરૂષોના સંહાર માટે અવતાર લેતા હોય તો તેઓ પૂરેપૂરા અસમર્થ થયા. કારણ કે,

અવતાર લીધા શિવાય તેઓ તે કામ કરી શકતા નથી. જો તેઓ સામર્થ્યવાળા હોય તો ગર્ભાવાસમાં શા માટે પડે ? આ ઉપરથી સિદ્ધ થાય છે કે, તેનાં સર્વ કર્મ ક્ષય થયાંજ નથી. જો કર્મ ક્ષય થયાં હોય તો તે પુનઃ અવતાર લેવા આવે નહીં. સર્વથા કર્મનો ક્ષય થવાથી મોક્ષજ થાય છે. મુક્ત આત્મા પાછો પ્રગટ થતો નથી–દગ્ધ થયેલું બીજ ફરી વાર ઉગતું નથી.

**શોધકચંદ્ર**—કેટલાએક એમ કહે છે કે, જ્યારે માણસ મૃત્યુ પામે છે, ત્યારે તેના જીવને રાજાનો પોલીસ જેમ ગુન્હેગારને પકડી લઈ જાય છે તેમ યમ રાજાના દૂત પકડી લઇ જાય છે. યમ રાજાની નીચે ચિત્રગુપ્ત નામે એક વહિ લેખક છે; તે પોતાના ચોપડામાં જીવે જે જે પાપ કે પુણ્ય કર્યાં હોય, તે જુવે છે પછી તેને તે પ્રમાણે શિક્ષા કરે છે. જીવે કરેલા પાપ પુણ્યને અનુસારે તેને શિક્ષા થવા માટે તેવી જગ્યાએ જન્મ લેવા મોકલે છે. તેનો જન્મ થયા પછી છઠ્ઠે દિવસે વિધાતા તેની જીંદગીમાં પાછલાં કરેલાં કર્મને અનુસારે સુખ–દુઃખ ભોગવવાનું લખે છે અને આયુષ્યની મર્યાદા બાંધે છે, તે પ્રમાણે જીવ સુખ દુઃખ ભોગવી મરણ પામે છે. પાછા યમદુત તે જીવને ધર્મરાજા પાસે લઇ જાય છે અને ત્યાં તેનો ઇન્સાફ કરવામાં આવે છે. આ વિષે શું હશે?

**મહાત્મા**—ભદ્ર ! એ વિષયનો વિચાર કરશો તો તરત જાણવામાં આવશે કે, આ કલ્પના તદ્દન ખોટી છે. કારણકે, તેમ માનવાથી પ્રથમ તો તમારા ઈશ્વરની સત્તા ઉડી જશે. જ્યારે ધર્મરાજા જીવને શિક્ષા કરે અને વિધાતા સુખ દુઃખના લેખ લખે તો પછી ઈશ્વરના હાથમાં શું રહ્યું ? જ્યારે ઈશ્વર તદ્દન નકામા થયા તો પછી તેમની ભક્તિ શા માટે કરવી. એવા સત્તારહિત ઈશ્વર આપણને શો લાભ આપશે ? ખરી રીતે તો મનુષ્યોએ યમરાજ અને વિધાતાને ભજવા જોઇએ. કારણ કે, માણુસોનું ભલું કે બુરૂં કરવું, એ તેમના હાથમાં છે.

વળી તમે રાજાના ઇન્સાફની સાથે ઈશ્વરનો ઇન્સાફ સરખાવ્યો છે અને ઈશ્વરને આખા જગતના રાજા તરીકે ઠરાવ્યા છે, તો તેમાં

એક બાધ આવશે. રાજા માણુસોને તેમના ગુન્હાની શિક્ષા કરે છે અને લોકોનું રક્ષણુ કરે છે, તે શા માટે? તે આપણી પાસેથી કર લે છે, તેને માટે આપણો કર લઇ તે વડે નોકરો રાખી બંદોબસ્ત રાખે છે. પોતે જે કાંઇ રાજયવૈભવ ભોગવે છે, તે ઘણા ભાગે પ્રજાનાજ પૈસાથી ભોગવે છે. પ્રજા શિવાય રાજાને મોટે ભાગે પૈસા મળવાનું બીજું સ્થાન નથી. તેવી રીતે જો ઈશ્વર હોય તો તે આપણી પાસેથી કાંઇ કર લે છે? વળી આપણી પાસેથી કાંઇ લઇને ઇશ્વરને વૈભવ ભોગવવાનું છેજ નહીં તો પછી ઇશ્વર આપણે માટે શા માટે દુઃખ વ્હોરી લે?

વળી વિચાર કરો તો રાજાને તો ફક્ત મનુષ્ય પ્રાણીઓનોજ ઈન્સાફ કરવાનો છે અને ઈશ્વરને તો સર્વ જીવયોનિનો ઇન્સાફ કરવાનો છે. તમે જુવો છો કે, આ જગતમાં નાના મોટા અસંખ્ય પ્રાણીઓ છે. તેમનાં મરણ અને જન્મની નોંધ રાખવી અને તેમના પાપ પુણ્યનો ઈન્સાફ કરી તેનાં સારાંનરસાં ફળ આપવાં અને તે ભોગવી શકે તેવા જન્મની વ્યવસ્થા કરવી આ બધું કામ એક નેત્રના પલકામાં કરવું, એ ઈશ્વરને કેટલું મુશ્કેલી ભરેલું છે? વળી આ ક્રમ અહર્નિશ ચાલ્યા કરે છે. એટલે ઈશ્વરને શાંતિનું સુખ કયારે મળવાનું? કદિ એમ કહો કે, ઇશ્વરમાં તેવી અગાધ શક્તિ છે તો પણ એટલું તો કહેવું પડશે કે, એ શક્તિ તેમને ઉપાધિરૂપ થયા વગર રહે નહીં. આથી ઈશ્વર સદા દુઃખીજ રહ્યા કરે. આવી મહાન્ ખટપટ ઈશ્વરને શા માટે કરવી પડે? તેનું કારણ કાંઇ સમજાતું નથી. માટે તે ઉપરથી સિદ્ધ થાય છે કે, ઈશ્વર આ જગત્‌ના કર્ત્તા નથી અને તેથી ઉલટું માનનારનીજ મોટી ભુલ છે.

શોધકચંદ્ર મહાત્માની આ યુક્તિવાળી વાણી સાંભળી વિચારમાં પડી ગયો, પણ પોતાના હૃદયને તદન નિઃશંક કરવા માટે તેણે પાછો પ્રશ્ન કર્યો—" ભગવન્! જો આ જગત્ અનાદિ માનીએ અને તેનો કર્ત્તા કોઇ નથી તો પછી આ જગતમાં જે જે બનેલા પદાર્થો દેખાય છે, તે કર્ત્તા વિના હોઇ શકતા નથી, તો પછી આ કુદ્રતી પદાર્થોનો પણ કર્ત્તા હોવો જોઇએ. મનુષ્ય પ્રાણીઓના સુખને માટે વિવિધ જાતનાં અનાજ, અનેક પ્રકારનાં શાક, મેવા, ફળ, મીઠાઇ, કે જે

ઉદરના નિર્વાહને માટે ઉપયોગી છે. તેમજ પેહેરવા ઓઢવાને માટે સૂતર, રેશમ, ઉન, શણ અને જરીનાં કપડાંઓ, સુવર્ણ, રૂપું, હીરા, માણેક અને મોતી વગેરેના અલંકારો, રાંધવા અને ખાવા માટે વિવિધ ધાતુઓનાં વાસણો, હથીયારોને માટે તેમજ ખેતી કરવાને માટે લોઢાનાં ઓજારો ઇત્યાદિ ઉપયોગી પદાર્થો જે મનુષ્ય પ્રાણીના સુખને માટે મળે છે. તેવા પદાર્થોનો શું કોઇ કર્ત્તા નથી? તેમજ ઔષધીઓને પકાવવાને માટે અને લોકોને પ્રકાશ આપવાને માટે સૂર્ય ચંદ્ર અને તારાઓ અને જળની વૃષ્ટિને માટે વરસાદ અને જીવનને માટે પવન—એ સઘળા પદાર્થો કે જેઓના શિવાય એક પળ માત્ર પણ જીવિત ધારી શકાય નહીં, તે બધાઓ શું પોતાની મેળેજ બની ગયા? તેમનો કોઇ કર્ત્તા તો હોવો જોઇએ.

મહાત્માએ પ્રસન્નતાથી જણાવ્યું, " ભદ્ર ! હજુ તારા હૃદયમાં શંકાને સ્થાન મળે છે, એ આશ્ચર્ય છે. આ જગતમાં તે બધા પદાર્થો કોઇ કર્ત્તાથી બનેલાજ નથી. કદિ તે પદાર્થોનો કર્ત્તા કર્મ સહિત જીવને કહેવામાં આવે તો ચાલી શકે, કારણકે, આપણ મનુષ્યો અને બીજા પ્રાણીઓ પોતપોતાના કર્મને અનુસારે ઉત્પન્ન થયા છીએ. થાય છે અને થશે. આ જગતમાં સર્વ મનુષ્યો સરખી સ્થિતિના નથી, એ તો પ્રત્યક્ષ છે. કોઈ ગરીબ, કોઈ તવંગર, કોઇ ભિક્ષુક, કોઇ નિરાધાર, કોઇ રાજા, કોઇ પ્રજા, કોઇ અમલદાર, કોઇ નોકર અને કોઇ તાબેદાર એમ અનેક પ્રકારની સ્થિતિમાં મનુષ્યો રહેલા છે. તેમાં વળી ઘણી જાતિઓ છે, તેમના રૂપ, રંગ અને સ્વભાવ વિવિધ જાતના છે. પ્રત્યેક બધી બાબતમાં જુદાંજ દેખાય છે. આ બધા પૂર્વના પુણ્ય પાપને અનુસારે ઉત્પન્ન થયેલા છે અને સુખ દુઃખ પણ તેને અનુસારેજ ભોગવે છે. જયારે પાપનો સમૂહ વધારે થાય છે, ત્યારે તેઓ મનુષ્ય યોનિમાંથી નીકળી તિર્યંચ જાતિમાં આવે છે. તિર્યંચના જીવો પણ આપણા જેવા જીવજ છે. પણ કર્મને અનુસારે તેવી અવાચક યોનિમાં જન્મ લે છે અને શરીર પણ તે અનુસાર પ્રાપ્ત થાય છે. જે ફળ, મેવા, શાક, ભાજી વગેરે છે, તે પણ એકેંદ્રિય જીવ હોવાથી જીવ કોટીમાં સરખા છે, તેમણે પોતાના કર્મને અનુસારે તેવાં શરીર ધારણ કર્યાં છે. કપાશ, રેશમ અને ઊન

એ પણ જીવ શરીર છે. તેમ વળી જે સાત ધાતુ સોનું રૂપુ વિગેરે છે, તે પણ એકેંદ્રિય પૃથ્વીકાય જીવના શરીર છે, તે જીવો જ્યાં સુધી ખાણમાં છે, ત્યાં સુધી જીવ શરીરે છે અને તેમાંથી જ્યારે તેને બાહેર કાઢે છે અગર અગ્નિમાં તપાવે છે, ત્યારે તે જીવ રહિત થાય છે. જે બીજા ખનીજ પદાર્થો હીરા માણેક વિગેરે છે, તે બધા તેમજ ખડી, મીઠું, બધી જાતના ખાર, હરતાળ, મનસિલ વિગેરે પૃથ્વીકાય જીવના શરીરો છે. જેઓ અગ્નિથી અથવા કેટલેક કાળે કરી નિર્જીવ થાય છે તેમના એકલા અંગ રહે છે, તેઓ પછી નિર્જીવ જડ પદાર્થ કહેવાય છે. જે સૂર્ય, ચંદ્ર અને તારાઓ દેખાય છે, તે દેવના વિમાન છે, તે પણ જીવોનાજ શરીર છે. અગ્નિ, મેઘનાં જળ પણ જીવોનાજ શરીર છે. એ બધા પોતપોતાના કર્મને અનુસારે શરીર ધારણા કરી તે શરીરમાંથી મુક્ત થઇ પાછા વિવિધ જાતનાં શરીર ધારણ કરે છે. મૂળ જીવતત્ત્વ ( જીવદ્રવ્ય રૂપે ) બધામાં એકજ છે. આ જગતમાં જેટલા પદાર્થો આપણી દૃષ્ટિએ આવે છે, તે બધા પદાર્થો જીવોના શરીર છે. તેઓમાં કેટલાએક સજીવ અને કેટલાએક નિર્જીવ છે. એ તમામ શરીરોને જૈન શાસ્ત્રમાં કર્મ કહે છે. તે જીવો કર્મને અનુસારે અનાદિ કાળથી ચોરાશી લાખ જીવયોનિમાં ભ્રમણ કરે છે. આપણે પણ બધી જાતની જીવયોનિમાં ભ્રમણા કરી આ દુર્લભ મનુષ્ય ભવને પામેલા છીએ. આ મનુષ્ય ભવથી ધર્મ સાધી શકાય છે અને તેથી આપણે ઉંચી પાયરીએ ચડતાં અંતે સર્વ કર્મનો ક્ષય કરી શાશ્વત સુખ રૂપ અને જન્મ મરણ રહિત એવા **પરમાત્મ પદને** પામી શકીએ છીએ. આથી આ ચિંતામણિ સમાન માનવ ભવને આપણે ફોગટ ગુમાવવો ન જોઇએ. એ સર્વોત્તમ ભવ વારંવાર મળતો નથી. આ જન્મ મરણનું ભ્રમણ એક સોગઠાબાજીની રમત સમાન છે. જેમ એક સોગઠી બાજીના તમામ ઘર ફરતી ફરતી પોતાના વચલા ખાનામાં આવી સુવે છે. તે સોગઠીને તે સ્થળે આવતાં સામા પક્ષ તરફથી અનેક જાતના કષ્ટો આવે છે. કોઇ વાર તે મરાઇ જાય છે અને પછી ઘેર બેશી જ્યારે દાવ આવે ત્યારે ફરવા નીકળે છે, તે દૈવયોગે સારી રીતે ચાલતી પોતાના ઘરમાં આવી સુઇ

જાય છે, તેમાં પણ કોઇ વાર એવો ભય આવે છે કે, જેથી તે માર ખાઇ પાછી આવે છે અને તેને ફરી વાર બધા પાટ ફરવા પડે છે, તેમ કરતાં સારો યોગ મળતાં તે જ્યારે પોતાના પાટમાં આવી મધ્ય ભાગે પેશી જાય છે, ત્યારે તે નિર્ભય થાય છે. પછી ફરી વાર તેને મરવાનો વખત આવતો નથી, તેવી રીતે આ જીવને ચોરાશી લાખ જીવયોનિની બાજીમાં ફરતાં ફરતાં આ મનુષ્ય ભવરૂપી સુવાનો પાટ મળ્યો છે. હવે જો તે ઉત્તમ ભવમાં આરામ લઇ ઉંચી જાતનો પ્રયત્ન કરે તો મોક્ષરૂપ મધ્ય ભાગમાં નિર્ભયપણે રહેવાનો લાભ તેને મળી શકે છે. તે સ્થળે પહોંચ્યા પછી તેને ફરી વાર જન્મ મરણના ભ્રમણનો ભય રહેતો નથી. મનુષ્ય જીવને નિર્ભય થવાનું સ્થળ પોતાની સત્તામાં રહેલું છે. જો કદિ તે ધર્મરહિત રહી માયામાં ફસાઇ મૃત્યુ પામશે તો પછી તેને નીચ ગતિમાં જવું પડશે અને પુનઃ નવેસરથી એકેંદ્રિય આદિ જીવોમાં ભ્રમણ કરવું પડશે. તેથી આ સંસારના ક્ષણિક સુખમાં નહીં લલચાતાં ધર્મ સાધન કરી સર્વજ્ઞ પ્રભુની આજ્ઞા પ્રમાણે વર્ત્તી ચડતી પાયરીએ ચઢતાં છેવટે નિર્ભય એવા મોક્ષના સ્થાન ઉપર આરૂઢ થવા પ્રયત્ન કરવો એજ મનુષ્ય જન્મ મળ્યાનું સાર્થક છે.

**સત્યચંદ્ર**—આનંદિત થઇને બોલ્યો–" ભગવન્! આપની આ ઉપદેશવાણી સાંભળી હૃદય પરમ હર્ષને ધારણ કરે છે. ભાઈ શોધકચંદ્ર! સૂરિવરનાં આ વચનો સ્મરણમાં રાખજો. તમારા હૃદયમાં પ્રસરેલા અજ્ઞાનતાના અંધકારને દૂર કરજો."

**શોધકચંદ્ર**—ધર્મબંધુ! તમારાં વચનો યથાર્થ છે. મહાત્માની વાણીમાં કોઇ વિલક્ષણ ખુબી રહેલી છે, કે જે સાંભળતાં હૃદય નિર્ણય ઉપર આવતું જાય છે. મારા હૃદયને પરિપૂર્ણ તૃપ્તિ થતી જાય છે. હજુ પણ અનેક પ્રશ્નો ઉત્પન્ન કરી હું મારા હૃદયને તદ્દન નિઃશંક બનાવી દઇશ. આ પ્રમાણે કહી શોધકચંદ્રે પુનઃ આ પ્રમાણે પ્રશ્ન કર્યો–" ભગવન્! બીજા કેટલાએક શાસ્ત્રોમાં એમ પણ કહે છે કે, આ સૃષ્ટિ બ્રહ્માએ રચેલી છે, તો તેમાં શું ખોટું છે?"

મહાત્મા સાનંદ વદને બોલ્યા–" ભદ્ર! સાંભળો, તે વિષય સમજવા જેવો છે. કોઈ પણ કાર્યમાં ચાર કારણો હોય છે. ૧ ઉપાદાન,

૨ અપેક્ષા, ૩ નિમિત્ત અને ૪ અસાધારણ, તેઓમાં જે ઉપાદાન કારણ છે, તે મુખ્ય છે. કારણ કે તે કારણ વિના કાર્યની અસ્તિજ સંભવતી નથી. તે ઉપર મૃત્તિકાના ઘડાનું દૃષ્ટાંત છે. ઘડાનું ઉપાદાન કારણ માટી છે, હવે તે માટી વિના ઘડો ક્યાંથી બની શકે? મૂળ ન હોય તો શાખા ક્યાંથી હોય? તેવી રીતે જો આ જગત્ ઇશ્વર કે બ્રહ્મનું રચેલું માનીશું તો આ સર્વ જગત્ ઇશ્વરમય કે બ્રહ્મમય થશે. જ્યારે આ જગત્ બ્રહ્મમય છે, તો પછી પુણ્ય કરવાનું કારણ શું? યોગીઓ ઘણાં ઘણાં કષ્ટો વેઠી યમ, નિયમ, પ્રાણાયામ તથા હઠયોગ અને રાજયોગ વગેરે કરે છે, તે તેમને શા માટે કરવું પડે? જ્યારે સર્વ જગત્ બ્રહ્મમય છે, તો પછી પુણ્ય પાપનાં ફળ કોણ ભોગવશે? જ્યાં પુણ્ય પાપનો પ્રલયજ છે, ત્યાં ભોગવવાની વાત શી કરવી?

તેથી જો ઇશ્વરને આ સૃષ્ટિ કર્ત્તાનું ઉપાદાન કારણ માનીએ તો આ સૃષ્ટિના કર્ત્તા બ્રહ્મ સિદ્ધ થઇ શકતું નથી; કારણ કે મુક્તિને માટે પ્રયાસ કરનારા મુક્તિપરાયણ જીવોને આપણે દૃષ્ટિએ જોઇ શકીએ છીએ. અને નિર્જરાને માટે તપ, નિયમ વગેરેનું સેવન કરીએ છીએ. બ્રહ્મ જેનું ઉપાદાન કારણ છે, એવું આ જગત્ બ્રહ્મમય હોય તો પછી તેમ કરવાનું કાંઇ પણ કારણ નથી.

ભદ્ર! આ ઉપરથી જો વિચાર કરશો તો જૈનધર્મ (જૈન ફીલોસૉફી) પ્રમાણે જે માન્યતા છે, તે તમોને સત્ય લાગશે. જૈન દર્શનમાં કહ્યું છે કે, "આ જગત્માં અનંત જીવો છે. તેઓ સિદ્ધ–બ્રહ્મ સમાન સત્તારૂપ છે, તે અનાદિ કાળથી છે, તેમને કોઇ બનાવતુંજ નથી. જેમ જેમ કર્મના બંધનથી મુક્ત થવાય છે, તેમ તેમ સિદ્ધ–પરમાત્મારૂપ થવાય છે, એવા અનંત જીવો મોક્ષે ગયા છે અને જશે. મુક્તિનો માર્ગ કોઇએ રજીષ્ટર કરેલો નથી, તે સર્વને માટે ખુલ્લો છે. જે જેવાં કર્મ કરશે, તે તેવાં ફળ પામશે, પછી તે ચહાય તો જૈન હશે કે, બ્રાહ્મણ, મુસલમાન, યોગી, સંન્યાસી કે ફકીર હશે; ગમે તે ન્યાત જાત અને ધર્મનો હશે. જે કોઇ આ જગતની માયાનું નિબિડ બંધન તોડશે–કર્મથી વિરક્ત થશે, તે ખુલ્લી રીતે મોક્ષે જશે, એવું જૈનોના નિષ્પક્ષપાતી અને નિસ્પૃહી મહાત્માઓ પોકાર કરીને જણાવે છે.

મહાત્માનાં આ વચનો સાંભળી શોધકચંદ્રના હૃદયને પૂર્ણ આશ્વાસન મળ્યું અને તેના હૃદયમાં પ્રસરી ગયેલું શંકાજાલ થોડે થોડે વિખરાઇ જવા લાગ્યું. તેની મનોવૃત્તિ આર્હત સિદ્ધાંત ઉપર પ્રતીતિ ધારણ કરવા લાગી. ઈશ્વિર જગત્કર્ત્તા છે, એ તેનો સિદ્ધાંત શિથિલ થઇ ગયો. તત્કાલ આનંદિત થઇને તેણે આ પ્રમાણે ઉદ્ગાર કાઢયો. "ભગવન્! આપે દૃષ્ટાંતપૂર્વક વિવેચન કરી મારી દૃઢ શંકાઓને શિથિલ કરી નાખી છે. આપના ઉપદેશ રવિના પવિત્ર પ્રકાશે મારા હૃદયના ગાઢ અંધકારને વિખેરી નાખ્યું છે. આપ મહાત્માનો મારા જીવન ઉપર ભારે ઉપકાર થયો છે. આપના પવિત્ર સમાગમથી મારો આત્મા નિઃશંક થઇ સન્માર્ગનો સાથી બનશે."

સત્યચંદ્રે અંગમાં ઉમંગ લાવીને જણાવ્યું,—"ભગવન્! મારા ધર્મબંધુ શોધકચંદ્રના જેવો મને પણ મહાન્ લાભ થતો જાય છે. આપના જેવા કોઇ સદ્ગુરૂનો યોગ મને પ્રાપ્ત થયો નથી, તથાપિ પૂર્વકર્મના યોગથી આર્હત કુળમાં મારો જન્મ છે અને સારા સારા મુનિવરો અને વિદ્વાનોના સમાગમમાં આવેલો છું, એટલે આર્હત ધર્મના તત્ત્વ ઉપર મારી પૂર્ણ આસ્તા થઇ ગઇ છે. તથાપિ કોઇ કોઇ સ્થળે હૃદય શંકાતુર થયેલું છે. તે આપના સમાગમથી તદ્દન નિઃશંક થઇ શકશે. તે સાથે આર્હત સિદ્ધાંત ઉપરની મારી આસ્તા આપ સૂરિવરના ઉપદેશના શ્રવણથી વિશેષ પુષ્ટિને પામશે. આટલું કહી તે તરૂણે પોતાની કવિત્વ શક્તિથી તે મહાત્માની આ પ્રમાણે સ્તુતિ કરીઃ—

**"यद्देशना गिराज्योत्स्ना, विनाशयति सत्वरम्;**
**श्रोतॄणामांतरं ह्यांध्यं, तस्मै श्रीगुरवे नमः" ॥ १ ॥**

"જેમની દેશના વાણીરૂપી ચાંદની શ્રોતાઓના અંતરના અંધકારનો નાશ કરે છે, તે શ્રી ગુરૂને નમસ્કાર છે." ૧

આ પ્રમાણે સ્તુતિ કરી તે બંને તરૂણોએ તે સૂરિવરને વંદના કરી. તે સમયે અવસરના જાણનારા તે મહાત્માએ જણાવ્યું, "ભદ્ર! શ્રાવકો, હવે અમારી નિત્ય ક્રિયા કરવાનો સમય થઇ ગયો છે, તેથી આવતી કાલે અત્રે આવજો અને યાત્રા કર્યા પછી તે વિષે વિવેચન કરીશું. આજની ચર્ચા સમાપ્ત કરવામાં આવે છે."

મહાત્માના મુખથી આ શબ્દો સાંભળી તે બન્ને ધર્મ બંધુઓ તેમને વિધિથી વંદના કરી પોતાના ઉતારાના સ્થાન તરફ ચાલતા થયા. માર્ગે ચાલતા, તે મહાત્માની ઉપદેશ વાણીનીજ પ્રશંસા કરતા હતા, અને આવતી કાલે કયા વિષય ઉપર પ્રશ્નો કરવા? તે સંબંધી વિચારો કરતા હતા. શોધકચંદ્ર પોતાને જે જે શંકાઓ છે, તે વિષે પ્રશ્ન કરવાનો ક્રમ ગોઠવતો હતો અને સત્યચંદ્ર તેમાં યોગ્ય લાગે તેવી સૂચનાઓ કરતો હતો.





## યાત્રા ૨ જી.

આજે પર્વનો પવિત્ર દિવસ હતો. આર્હત ધર્મની ઉપાસના કરવાનો આ શુભ સમય હતો. પંચ પરમેષ્ટીનું શુદ્ધ હૃદયે ધ્યાન કરવાને આસ્તિક આર્હતો તત્પર બનતા હતા. રૈવતકગિરિની યાત્રા કરવાને યાત્રાળુઓ ઉત્સાહી બનતા હતા. સંસાર સાગરને તરવામાં નાવ સમાન એવી જૈન ગુરૂની વાણી સાંભળવા તત્પર બનેલો જૈન વર્ગ ઉપાશ્રયની ભૂમિ આગળ આવતો હતો. દેવગુરૂના દર્શનથી આત્માને કૃતાર્થ માનનાર ભાવિક જૈન સ્ત્રી પુરૂષો હૃદયમાં ચડીઆતા પરિણામને ધારણ કરતા હતા.

આ સમયે આપણા તે મહાત્મા ઉચ્ચ ભાવનાઓથી આત્માને ભાવિત કરતા રૈવતગિરિની યાત્રા કરવાને તત્પર બનતા હતા. સૂર્યોદય પેહેલા નિત્ય ક્રિયામાંથી નિવૃત્ત થઇ ગયા હતા. જ્યારે તેઓ પોતાના વાસ સ્થાનની બાહેર આવ્યા, તે સમયે શ્રાવક શોધકચંદ્ર અને સત્યચંદ્ર તત્પર બની ત્યાં આવી ચડયા હતા. તેમણે પવિત્ર મનોવૃત્તિથી તે ગુરૂવર્યને વિધિપૂર્વક વંદના કરી અને ઉભય હાથ જોડી પર્વના વ્રતને માટે નિયમ ગ્રહણ કર્યો. ગુરૂવર્યના આદેશથી વ્રત નિયમને ગ્રહણ કર્યા પછી તેઓએ નીચેના પદ્યથી ગુરૂની સ્તુતિ કરી—

**“ शांताकृतिं शांतमनोविकारं, सद्भाव पूर्णांतर मात्मसारम् ।**
**परोपकार प्रवर्ण वरिष्टं, गुरुं भजामो भववारितारम् ” ॥ १ ॥**

“ શાંત આકૃતિવાળા, જેમના મનના વિકારો શાંત થઇ ગયેલા છે, જેઓ ઉત્તમ ભાવથી પૂર્ણ છે, જે આત્માને સાર માનનારા છે, જે પરોપકારમાં પ્રવીણ છે અને જે સંસાર જળને તારનારા છે. તેવા વરિષ્ટ ગુરૂને અમે ભજીએ છીએ. ૧ ”

આ પ્રમાણે સ્તુતિ કર્યા પછી મહાત્માના મુખની ધર્મલાભની આશીષ લઇ તે બંને ગૃહસ્થો પરિવાર સાથે વિચરતા તે મહાત્માની સાથે ચાલતા થયા.

ઇર્યા સમિતિના વિધિથી વિચરતા તે મહાત્મા તળેટીના પ્રદેશમાં આવી પહોંચ્યા અને ત્યાં આવી તીર્થ વંદન કર્યું. ત્યાર પછી તે મહાત્માએ તે ગિરિવરની સોપાન શ્રેણીને પોતાના ચરણકમળથી અલંકૃત કરી.

આ સમયે પ્રભાતનો શીતળ પવન વાતો હતો. ગિરનાર ગિરિની વિવિધ ઔષધિઓની સુગંધ પ્રસરી રહી હતી. ગગનની સાથે વાતો કરતાં તેના સુશોભિત **શિખરોની** રમણીયતા અદ્ભુત દેખાતી હતી. તે સમયે આપણા પરમ પવિત્ર મહાત્માના હૃદયમાં તે તીર્થરાજની ઉત્તમ ભાવના પ્રગટ થતી હતી. તે તીર્થરાજનું અદ્ભુત માહાત્મ્ય તેમના સ્મરણ માર્ગમાં આવતું હતું. સમુદ્રવિજયના કુલ નંદન અને પોતાના જન્મથી યાદવ કુળને ઉજ્વળ કરનાર **ભગવાન્ નેમિનાથનું** જીવનચરિત્ર તેમને યાદ આવતું હતું. તે મહાન્ પ્રભુએ પોતાના જીવનમાં જે જે કરી બતાવ્યું છે, તે સર્વ વૃત્તાંત તેમની સમ્યગ્ દૃષ્ટિ આગળ ખડો થયો હતો. તેમાં ખાસ કરીને **નેમિપ્રભુની** વૈરાગ્ય ભાવનાને તેઓ ભાવપૂર્વક ભાવતા હતા. તે સાથે તે સમયના અને વર્ત્તમાન સમયના જનવર્ગની ભાવનાને તેઓ સરખાવતા હતા.

વિરક્ત ભાવથી વિભૂષિત અને ચારિત્રના તેજથી પ્રકાશિત એવા તે મહાત્માએ પોતાના હૃદયમાં ચિંતવ્યું કે, " પ્રાચીન અને અર્વાચીન સમયની વચ્ચે કેટલો બધો તફાવત છે? પૂર્વના મુનિઓની અને આધુનિક મુનિઓની મનોવૃત્તિમાં પણ ઘણો તફાવત જોવામાં આવે છે. ભગવાન્ શ્રી નેમિપ્રભુ જ્યારે આ ભરતક્ષેત્રને અલંકૃત કરતા હતા, તે સમયે આર્ય જૈન પ્રજાની ભાવના કેટલી બધી વિશાળ હશે? આજકાલમાં નવીન જમાનાએ લોકોના હૃદયમાં સ્વાતંત્ર્યની અયોગ્ય ભાવના ઘાલી દીધી છે. આજ્ઞાકારિત્વ, વૃદ્ધ અનુભવીનું માન, હૃદય અને બુદ્ધિની પૂજા, વિનય અને ભક્તિ, એની સર્વત્ર અપૂર્ણતાજ જોવામાં આવે છે. ઉછરતા યુવકોના હૃદયમાં ઉદ્ધતાઇ, અહંકાર, અને ધૃષ્ટતાએ પ્રવેશ કરી દીધો છે. અને તેમાંજ તેઓ પોતાની

મહત્તા માનવા લાગ્યા છે. કેટલાએક તો પ્રૌઢ વયમાં આવ્યા છતાં પણ એ સ્વતંત્રતાની ભાવનામાંથી મુક્ત થઈ શકતા નથી. આચારમાં આવું સ્વાતંત્ર્ય અને વિચારમાં વિપરીતતાનું દર્શન–એ આ પંચમ-કાળનો જ પ્રભાવ છે. શ્રીમાન્ આર્હત ધર્મ આવા વિકટ સમયમાં પણ આર્હત પ્રજાનું કલ્યાણ કરો.”

આવી ભાવના ભાવતા તે મહાત્મા રૈવતગિરિના શિખર ઉપર આવી પહોંચ્યા. વિધિપૂર્વક પ્રભુની વંદના કરી અને બીજા તીર્થ સ્થળોની યાત્રા કરી તેઓ પાછા પોતાના સ્થાનપર પધાર્યા. આ સમયે સત્યચંદ્ર અને શોધકચંદ્ર તે મહાત્મા અને તેમના શિષ્ય-મંડળ સાથે યાત્રા કરવા ગયા હતા, તેઓ પણ તેમની સાથેજ પાછા ગુરૂવાસમાં આવ્યા હતા.

મહાત્માએ અને તેમના મુનિમંડળે આજે પર્વોપવાસ કરેલ, તેથી તેઓ શરીર નિર્વાહના કૃત્યમાં પ્રવર્ત્યા ન હતા. તત્કાળ પોતાના મુનિધર્મની સમય ક્રિયા કરી પરવાર્યા અને તેમણે સત્યચંદ્ર અને શોધકચંદ્રની સાથે ચર્ચા કરવાનો આરંભ કર્યો.

મહાત્મા આનંદિવદને બોલ્યા—“ભદ્ર! આજે તમારે કયા વિષય ઉપર ચર્ચા કરવાની છે? તે જણાવો.”

**શોધકચંદ્ર** અને **સત્યચંદ્ર** નમ્રતાથી બોલ્યા–“કૃપાનિધિ! અમારા હૃદયમાં આ જગત્ વિષે પ્રશ્ન કરવાની ઇચ્છા થાય છે, આ જગત્‌ના સ્વરૂપને માટે જૈન અને જૈનેતર શાસ્ત્રો જુદાં જુદાં વિચારો બતાવે છે, તે વિષે અમારા હૃદયમાં શંકા થયા કરે છે, તો આપ કૃપા કરી અમારા શંકિત હૃદયને નિઃશંક બનાવશો. આ જગત્ આદિ છે કે અનાદિ છે? જૈનશાસ્ત્ર તેને અનાદિ માને છે, ત્યારે બીજા શાસ્ત્રો તેની ઉત્પત્તિ માની તેને સાદિ કહે છે. અને તે જગત્‌નો કર્ત્તા ઇશ્વર માને છે. તો આ વિષય ઉપર અમારા હૃદ-યમાં અનેક પ્રશ્નો ઉભા થાય છે, તો આપ કૃપા કરી તે વિષે વિવેચન કરી સમજાવો. આપ મહાનુભાવના મુખચંદ્રમાંથી પ્રગટ થયેલી સિદ્ધાંત વાણી અમારા સંશય રૂપ અંધકારને દૂર કરી નાખશે.”

મહાત્મા પ્રસન્ન થઈને બોલ્યા–“ભદ્ર! તમારી જિજ્ઞાસા તૃપ્ત કરવાની અમારી ઇચ્છા છે, તેથી તમે તે વિષે પ્રશ્ન કરો એટલે તેનો ઉત્તર અમારા તરફથી મળશે.”

મહાત્માના આ વચનથી સંતુષ્ટ થઇ શોધકચંદ્રે વિનયથી આ પ્રમાણે પ્રશ્ન કર્યો. " ભગવન્ ! આર્હત આગમ કહે છે કે, આ જગત્નો કર્ત્તા ઇશ્વર નથી, તો પછી આ જગત્ કેવી રીતે બન્યું હશે ? કારણ વિના કાર્યની ઉત્પત્તિ શી રીતે થાય ?

મહાત્માએ પ્રસન્નવદને જણાવ્યું, " ભદ્ર ! આ જગત્ અનાદિ છે. તેની આદિ નથી અને અંત પણ નથી, તે અનાદિ કાળથી છે અને છેજ. "

" જે વસ્તુને આદિ છે, તેનો અંત પણ છે અને જેને આદિ નથી, તેનો અંત પણ નથી. આ જગત્નો અંત કોઇ વખત આવ્યો નથી અને આવવાનો નથી, તેથી તેને આદિ પણ ન હોવી જોઇએ. આપણી દૃષ્ટિએ જે જે પદાર્થો દેખાય છે, તે તે નાશવંત છે, તે વ્યવહાર નયની અપેક્ષાએ છે. નિશ્ચય નયથી જોતાં તો કોઇ પણ પદાર્થનો નાશ થતો નથી, કારણ કે તેનું રૂપાંતર જ થાય છે; એટલે સૂક્ષ્મ વિભાગ થઇ વિખરાઈ જાય છે, પણ તે આ જગતની બાહેર જતાં નથી—જગત્માં સદા દ્રવ્યરૂપે કાયમજ રહે છે. તેઓ પાછા *સમવાય યોગે દરેક પરમાણુઓ ભેગા થઈ તેવાજ બની જાય છે. હાલમાં રસાયન શાસ્ત્રીઓએ એ પદાર્થોમાં અવિનાશિત્વનો ગુણ સિદ્ધ કરેલો છે.

" વળી સૂર્ય, પૃથ્વી અને સમસ્ત તારાઓ અનાદિ છે. તે સિવાય બીજા સર્વ સાંસારિક પદાર્થોમાં એક વિશેષ સ્વભાવ છે કે જેથી તેઓમાં કાંઇ પણ વિપરીત ભાવ થઇ શકતો નથી. મનુષ્ય ન હોય તો બાળક ઉત્પન્ન થઇ શકતું નથી. તે ઉપરથી સિદ્ધ થાય છે કે, સ્ત્રી અને પુરૂષ અનાદિ છે. જ્યારે સ્ત્રી પુરૂષ અનાદિ છે, તો તેઓ સ્થાન વિના રહી શકતાં નથી, આથી માનવું જોઇએ કે એવી જગ્યાઓ પણ અનાદિ છે. મનુષ્ય આદિ પ્રાણીઓ હવા અને પાણી અને ભોજનના પદાર્થો વિના જીવી શકતા નથી, તેથી એ પદાર્થો પણ અનાદિ માનવા જોઇએ. વળી નવી શોધ પ્રમાણે લૌકિકમાં એમ પણ કહેવામાં આવે છે કે, મનુષ્ય જે પોતાના મુખમાંથી શ્વાસ બાહેર કાઢે, તે ખરાબ થઇ જાય

* જીવને કાળ, સ્વભાવ, નિયતિ, ઉદ્યમ, અને કર્મ. અજીવને ઉદ્યમ અને કર્મ સિવાય ઉપરના ત્રણ સમવાયનો યોગ હોય છે.

છે, અને પછી તે અંદર લેવા યોગ્ય રહેતો નથી, તે ઉપરથીજ પ્રગટ દેખાય છે કે, મનુષ્યના શ્વાસની હવા ખરાબ થઇ જાય છે. આ કારણથી હવા સાફ કરવાનું સ્થાન કોઇ ન હોય તો બધી હવા થોડા વખતમાં ખરાબ થઇ જાય અને મનુષ્ય જીવી પણ ન શકે, તેથી માનવું પડશે કે સદાથી તે દ્વાર પણ ઉપસ્થિત છે કે જેથી વાયુ સાફ થયા કરે છે. વળી સાયન્સ (Science)વાળા કહે છે કે નીકળેલી ખરાબ હવા વૃક્ષો પોતાની અંદર લે છે અને તેથી વિપરીત સારી હવાને બાહેર કાઢે છે, જે મનુષ્યને શ્વાસ લેવાને લાયક બને છે. અર્થાત્ વૃક્ષો એ હવાને સાફ થવાના ઉપાય છે. એ વૃક્ષોની ઉત્પત્તિ બીજથી છે અને બીજ વૃક્ષોથી થાય છે. તે ઉપરથી વૃક્ષની સ્થિતિ અનાદિ સિદ્ધ થાય છે. વળી મનુષ્યના આહારનો નિર્વાહ વૃક્ષોને આધીન છે. આથી સિદ્ધ થયું કે, મનુષ્ય, હવા, પાણી, ભોજન વિગેરે અને તેના સ્થાનો અનાદિ હોવાથી આ સંસાર પણ અનાદિ સિદ્ધ થાય છે. આ વિષે અગાઉ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

હવે જલતત્ત્વ વિષે પણ લૌકિકમાં તેમજ ખગોળવેત્તાઓ તરફથી એમ કહેવાય છે કે જેટલું જલ મનુષ્યના કામમાં આવે છે, તેમાંનું કેટલુંક પસીનો અને મૂત્રરૂપે ખરાબ બની જાય છે. તેથી જલને સાફ થવાનું કોઈ અનાદિ સાધન હોવું જોઇએ. તે સાધન સૂર્ય છે. સૂર્યનો તડકો પાણીને સૂકવી તેમાં પડેલા બીજા પદાર્થોને દૂર કરે છે અને તેમાંથી નિર્મળ પાણીને અળગુ કરે છે. સૂકાએલું પાણી વરાળરૂપે થાય છે અને તે વરાળનું પાછું પાણી બની જાય છે. આથી કરીને વરસાદનું પાણી તદ્દન નિર્મળ દેખાય છે. આથી સંસારની સાથે સૂર્ય પણ અનાદિ છે. વળી તે સૂર્ય બીજા ઘણા પ્રકારે પ્રાણી માત્રને ઉ-પયોગી છે. અને તેની આવશ્યકતા છે. તેથી તે પણ અનાદિ છે. કેટલાંક આર્યશાસ્ત્ર એમ પણ કહે છે કે સૂર્ય અને પૃથ્વી તેમાંથી એક વસ્તુ—સૂર્ય ફરે છે અને પાશ્ચિમાત્ય જ્યોતિષ એમ કહે છે કે બંને ફરે છે. આ રીતે બંનેના મતે કોઈ પણ ફરે છે અને જો ફરેછે તો કોઇ પણ વસ્તુ ઉપર તે ટકેલ નથી તો કેવી રીતે અધર રહેછે? તે તેઓના જ્યોતિઃશાસ્ત્રના અભ્યાસથી તેની તે વાત જ્ઞાત થાયછે કે, પૃથ્વી, સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રોમાં કોઇ આકર્ષણ શક્તિ રહેલી

છે, જે ઉત્પન્ન થયેલી માનતા નથી. તેને આધારે તે ટકે છે અને ફર્યા કરે છે. આ વાત તેઓના જ્યોતિઃ શાસ્ત્ર ઉપરથી વિશેષ વિદિત થાય છે; "તેથી એ સર્વ અનાદિ છે, એમ જે જૈનશાસ્ત્ર કહે છે તેને તેથી પુષ્ટિ મળે છે અને એમ સાબિત થાય છે."

આ કારણથી જગતના કર્ત્તા ઇશ્વરને માનનારાઓને આખરે અનવસ્થા દોષ આવે છે. કેટલાએક આ સૃષ્ટિનો બનાવનાર કોઇ હોવો જોઇએ, એમ માની ઈશ્વરને જગત્ કર્ત્તા સિદ્ધ કરવા જાય છે, પણ જ્યારે દરેક કાર્યનું કારણ શોધવા બેશે ત્યારે તેમને અમુક વસ્તુએ અટકયા શિવાય છુટકો થવાનો નથી. અને કાર્ય કારણનો નિયમ આદિ તત્ત્વને લાગુ પડી શકશે નહીં, જેથી પોતેજ પોતાના મતના વિરોધી થઇ જશે. દાખલા તરીકે એક ચોપડીના કાર્ય કારણને ખોળવા બેસીએ તો ચોપડીના કાગળોનું કારણ ચીંથરા, ચીંથરાનું કારણ રૂ, અને રૂનું કારણ તેનું બીજ. જ્યારે બીજનું કારણ શોધતાં તેનો છોડ આવશે અને પછી આમ અમુક હદે કાર્ય કારણના આદિને ખોળતાં અટકવું પડશે અને આદિત્વને પણ પામી શકાશે નહીં.

ભદ્ર! સાંપ્રતકાળના શોધ કરનારાઓમાં જર્મનીમાં કીલ યુનિવર્સીટીના તત્ત્વજ્ઞાનના એક પ્રોફેસર ડો. પોડલ્યુશને "માનસિક શાસ્ત્રના મૂળ તત્ત્વો" એવા નામનો એક ગ્રંથ લખ્યો છે. તેમાં કાર્ય કારણના નિયમ વિષે તે બેધડકથી જણાવે છે કે, "જેમ દિશા અને કાળ અપરિમિત છે, તેમ કાર્ય કારણના નિયમની જાળ અનાદિ તથા અનંત છે અને તે સિદ્ધ કરવાને તે નીચેની સાબીતીઓ આપે છે.

૧. જો તે અનાદિ ન હોય તો આપણે વસ્તુઓની પ્રથમ સ્થિતિ ધારવી પડશે. આ સ્થિતિમાં ઉન્નતિ થાય, માટે તેમાં ફેરફાર થવો જોઇએ અને વળી આ ફેરફાર આગળના ફેરફારની અસરરૂપ થશે (આ રીતે અનવસ્થા દોષનો પ્રસંગ આવશે.)

૨. કાર્ય કારણની સાંકળ અંત વિનાની છે, કારણ કે, યોગ્ય કારણના કાર્યરૂપ થયા શિવાય કોઇ પણ ફેરફાર કોઇ પણ વખતે થઇ શકે નહીં. આ ઉપરથી પણ વધારે સાબીત થાય છે કે જો કાર્ય કારણના નિયમની જાળ અનાદિ અનંત છે તો પછી આ જગતનું પણ અનાદિપણું છે, એમ માનવું પડશે. વળી આપણે બીજી રીતે જોઇશું

તોપણ આપણને સ્પષ્ટ માલમ પડશે કે, બ્રહ્મ જ્યારે નિષ્ક્રિય છે, અરૂપી છે તો પછી આ રૂપી જગત્ કેમ બનાવી શકે ? અરૂપી રૂપીને બનાવે, એ કેવળ અસંભવિત છે. વળી આ સંબંધે કદાચ કોઇ એમ દલીલ કરે કે, મનુષ્યોને આપણે ઘર કે બીજી હજારો ચીજો બનાવતાં જોઇએ છીએ. શું તેમનામાં આત્મા નથી ? જો તેમનામાં આત્મા છે તો તે રૂપી છે કે અરૂપી ? જ્યારે મનુષ્યોસહસ્ત્ર ચીજો બનાવી શકે તો ઈશ્વિર સર્વ શક્તિમાન્ છે, તે જગત્‌ને રચી શકે તેમાં શી નવાઇ ? તેથી ઇશ્વર જગત્ રચી શકે છે, એ સિદ્ધ છે. આમ કહેનારાઓનું કથન યથાર્થ નથી, કારણ કે જો બ્રહ્મ કે જે પોતાની સ્વભાવ દશામાં–સ્વસ્વરૂપમાં લીન છે, તેને આપણા જેવી વિભાવ દશામાં મુકવા, એ ન્યાયયુક્ત નથી, સરખામણી સરખે સરખાની થઇ શકે છે. પણ જે પ્રતિસ્પર્ધિ કે વિરોધાભાસવાળા હોય, તેમની કદિ પણ ન થઇ શકે. જે માણસ કમળાના દોષથી બધું પીળું જુવે છે, તેમાં રોગ-નોજ સ ભાવ છે. તેમ કર્માવરણથી ઘેરાએલા આત્માની અર્થાત્ વિભાવ દશામાં રહેલા આત્માની વિભાવ દશામાંથી મુક્ત થયેલા આત્મા સાથે સરખામણી કેમ થઇ શકે ?

મહાત્માનાં આ વચનો સાંભળી પ્રસન્ન થયેલા શોધકચંદ્રે પુનઃ પ્રશ્ન કર્યો–" ભગવન્ ! આ જગતમાં અનેક વસ્તુઓ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, એ પ્રત્યક્ષ દેખાય છે, તો પછી તેનો આદિ અને અંત નથી, એ વાત કેમ મનાય ? "

**મહાત્માએ** કહ્યું, " ભદ્ર ! ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય–એ ત્રણ લક્ષણ યુક્ત જગત્‌નો (દ્રવ્યનો) સ્વભાવ છે, એટલે એ ત્રિપદિયુક્ત સત્ તે તેનું લક્ષણ છે. એમ જૈન સિદ્ધાંત માને છે. ઉત્પાદ એટલે ઉત્પન્ન થવું, વ્યય એટલે નાશ થવું અને ધ્રૌવ્ય એટલે કાયમ રહેવું, એ જગત્‌માં સ્વભાવથીજ બન્યા કરે છે. એ વાત તમે કબુલ કરશો કે ?

**શોધકચંદ્રે** પુછયું, " મહાત્મન્ ! આપનું એ કથન સત્ય છે, પણ પ્રથમ કયા શાસ્ત્રો સત્ય માનવા, એજ શંકા ભરેલું છે. એટલે જુદા જુદા ધર્મના જુદા જુદા શાસ્ત્રો છે, અને તેઓ જુદું જુદું જણાવેછે. એટલે કયા શાસ્ત્રનો વિશ્વાસ રાખવો ? એ કાંઇ સમજ પડતી નથી.

**મહાત્મા**એ સ્મિત વદને જણાવ્યું,-ભદ્ર ! પ્રથમ તો નિષ્પક્ષપાતી યુક્તિવાળા શાસ્ત્રો માનવા જોઇએ. તે છતાં કદિ વિવિધ શાસ્ત્રોના વિવિધ વિચારો જાણતાં મનમાં શંકા રહેતી હોય તો વર્ત્તમાનકાળે ચાલતાં ઇંગ્રેજી રસાયનશાસ્ત્રોના નિયમો તમો માનશો કે ? જે ઉપરથી પણ કેટલુંક સિદ્ધ થઇ શકે છે, તો તમારે તે માન્ય થાય કે નહીં?

**શોધકચંદ્રે** કહ્યું, ભગવન્ ! તે દ્વારા કાંઈ પણ સ્વરૂપ સિદ્ધ થતું હોય તો તે જલદીથી સમજી શકીશું અને તે અમારે માન્ય પણ છે, તો કૃપા કરી તે દ્વારા પણ અમોને સમજાવો.

**મહાત્મા** બોલ્યા-" ભદ્ર ! પદાર્થોનું ઉત્પન્ન થવું, નાશ થવું અને અવિનાશી રહેવું, તે વિષે રસાયણશાસ્ત્રના પાંચમા નિયમમાં દરેક પદાર્થના ચાર ધર્મ બતાવ્યા છે. ૧ અત્યંત સૂક્ષ્મ વિભાગ થવાનો ધર્મ, ૨ અવિનાશિત્વ, ૩ સ્નેહાકર્ષણ અને ૪ પ્રતિસારણ. આ ચાર ધર્મમાં દરેક પદાર્થ રહે છે. જે પદાર્થોનો નાશ થતો જોવામાં આવે છે, તે પદાર્થોના અતિ સૂક્ષ્મ વિભાગ થઇને વિખરાઇ જાય છે. અતિ સૂક્ષ્મતાને લઇને તે દેખી શકાતા નથી, પણ તે આકાશમાં વિખરાઈ જઇને કાયમ રહે છે, તેથી તે અવિનાશી છે. અને તે પ્રમાણે તેના પરમાણુઓ ભેગા થઇને જે મોટા ગોળા બને છે, તે સ્નેહાકર્ષણ શક્તિથી થાય છે. અને જે પરમાણુઓ વિખરાઈ જઇ પર્યાયરૂપે નાશ પામી જાય છે, તે પ્રતિસારણ શક્તિથી બને છે. આ ઉપરથી રસાયણ વેત્તાઓએ જૈન સિદ્ધાંત જે ખરેખરો છે તેની પુષ્ટિ કરી છે. તે ઉપર જૈન સિદ્ધાંતમાં આ પ્રમાણેનો દાખલો છે-સોનાનો એક દોરો છે, તેને ભાંગી તેની કંઠી કરવામાં આવે, અને કંઠી ભાંગીને કંદોરો કરવામાં આવે, ત્યારે કંઠી કરાવતાં દોરાનો નાશ થયો અને કંદોરો કરાવતાં કંઠીનો નાશ થયો અને કંદોરો ઉત્પન્ન થયો, એમ ફેરફાર થતાં પણ જે મૂળ દ્રવ્ય સુવર્ણ છે, તે તો કાયમ રહ્યું છે. તેનો નાશ થયો નથી તે તો અવિનાશિત્વ યુક્ત છે. પરંતુ દોરો ભાંગ્યો તે તેનો નાશ અને કંઠી કરી તે તેની ઉત્પત્તિ થઈ એટલે માત્ર તેનું રૂપાંતર થાય છે. તેથી દ્રવ્યો ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય યુક્ત લક્ષણવાળા છે. આ ઉપર બીજા પણ ઘણા દાખલાઓ લઇ શકાય તેમ છે. જેમ એક ઘર બનાવવામાં આવે, પછી કેટલેક વર્ષે તેનો નાશ થતાં તે ઘરના રૂપનો નાશ થાય છે,

પણ જે વસ્તુઓથી તે બનાવવામાં આવેલ, તે વસ્તુના પરમાણુઓનો નાશ થતો નથી. તે તો જગતમાં કાયમ રહે છે. લાકડાં, અને ચુનો વગેરે સ્કંધ તથા પરમાણુરૂપે રહી જાય છે. લાકડાંના જે સૂક્ષ્મ પરમાણુઓ છે, તે વીખરાઈ જઈ તેનો કેટલોક ભાગ જમીન સાથે મળી જાય છે અને કેટલાએક સૂક્ષ્મ પરમાણુઓ હવામાં રહે છે, જમીનમાં બીજરૂપે રહેલા ઝાડો તે પરમાણુઓ લઈ પાછા પોતાના શરીર લાકડારૂપે બનાવે છે, તેથી તે પદાર્થોનો જગતમાંથી નાશ થતો નથી તેમ તેમનામાં જગતની બહારથી કાંઈ આવતું નથી.

તેવી રીતે માટીના ઘડાનો પણ દાખલો લઈ શકાય છે. ઘડો ફુટવાથી તેના રૂપનો નાશ થાય છે પણ વસ્તુતાએ મૂલ દ્રવ્ય પૃથ્વી તત્ત્વ રૂપ મૃત્તિકાનો નાશ થતો નથી.

રેતીના ગાળવાથી કાચનો પ્યાલો બને ત્યારે રેતીનો નાશ અને પ્યાલાની ઉત્પત્તિ થઇ પણ પ્યાલો ભાંગી જવાથી, તેના ટુકડા પાછા હતા, તેમ મૂળ રૂપે થવાનાજ; માટે મૂળ દ્રવ્ય જે છે તેજ રહેવાનું તેનો નાશ થતો નથી.

વર્ષા ઋતુમાં દરેક જળાશયો પાણીથી ભરપૂર થઈ જાય છે, પણ ગ્રીષ્મ ઋતુ આવે ત્યારે તે પાણી સુકાઇ જાય છે અને મોટા જળાશયમાં ઓછું થઇ જાય છે. ચોમાસામાં ઉત્પન્ન થયેલું પાણી ઉનાળામાં ઓછું થાય છે–નાશ થાય છે, એમ આપણને લાગે છે. પણ જગતમાં જે છે, તે તેનું તેજ છે. નવું ઉત્પન્ન થઇ નાશ પામતું નથી, માત્ર રૂપાંતર થયેલું છે.

ભદ્ર ! આ દાખલા ઉપરથી તમારા સમજવામાં આવશે કે, જગત અનાદિ છે. વળી જૈન સિદ્ધાંતમાં એવો પણ નિયમ છે કે, " આ જગતમાં જે વસ્તુ મૂળ નથી તે મૂળ વસ્તુ નવી ઉત્પન્ન થતી નથી અને જે મૂળ વસ્તુ છે, તેનો નાશ પણ થતો નથી. "

આ સિદ્ધાંતના નિયમને રસાયણશાસ્ત્રના વેત્તાઓ કબુલ કરે છે. તે ઉપર આ પ્રમાણે દાખલો અપાય છે. ભેંસ કે ગાયનું દુધ ઉત્પન્ન થયું, દૂધનું દહીં કર્યું, એટલે દૂધનો નાશ થયો અને દહીંની ઉત્પત્તિ થઈ. તો દહીંને મથન કરવાથી છાશ અને માખણ જુદા પડયા એટલે દહીંનો નાશ અને છાશ તથા માખણની ઉત્પત્તિ થઈ. અહીં જે મૂળ

દ્રવ્ય દૂધ હતું, તેનો નાશ થતો નથી પરંતુ રૂપાંતર થઈ તેમાંથી ઘી અને દહીં જુદાં પડયાં છે. દૂધના તત્ત્વો તો આબાદ રહ્યા છે.

શોધકચંદ્રે શંકા લાવી પુછયું, "ભગવન્! કદિ અહીં કોઈ પૂછે કે, ગાય કે ભેંસ દોહીને દૂધ કાઢયું, તો તે નવું ઉત્પન્ન થયું ગણાય કે નહીં? અને ઘી તથા છાશ ખાવામાં આવ્યા તો પછી તેનો નાશ થયો ગણાય કે નહીં? તો પછી એ સિદ્ધાંતમાં વિરોધ આવશે.

મહાત્માએ જણાવ્યું, "ભદ્ર! એ શંકા ટકી શકે તેમ નથી. જગતમાં કોઈ પણ પદાર્થ ખાઈ જવાથી નાશ પામતો નથી. દૂધની ઉત્પત્તિ પણ જગતની બાહેરથી થતી નથી. તેમ ઈશ્વર બનાવતા નથી. એ રસાયણ વેત્તાઓએ, સિદ્ધ કર્યું છે. જુઓ કે છાશ અને ઘી ખાઈ ગયા, તેથી તેનો નાશ થયો એમ ન સમજવું. તે ઉદરમાં જાય છે અને તેમાંથી કેટલોક ભાગ મળમૂત્ર દ્વારા અથવા પસીના દ્વારા નીકળી જાય છે, અને કેટલોક ભાગ શરીરમાં દૂધ જેવો રસ રહી તેનું રૂધિર બની માંસ અસ્થિ વગેરેમાં પુષ્ટિ કરનારો થાય છે. તેવીજ રીતે શાક, ભાજી, ફળ, મેવા વગેરેનું પણ બને છે. તે બધા પદાર્થો જગતની બાહેરથી કોઈ લાવતું નથી. તેઓ બધા જગતમાંથી પેદા થાય છે અને જગતમાંજ રહે છે. રસાયનની ક્રિયા પ્રમાણે ખાવામાં આવતા પદાર્થો કેટલાકનું લોહી, માંસ વગેરે જુદે જુદે રૂપે બની કેટલુંક ત્યાં રહે છે અને કેટલુંક બાહેર આવી જમીનમાં મળી માટી રૂપે થાય છે.

શોધકચંદ્રે શંકા લાવીને પૂછયું, ભગવન્! આ વિષયમાં મને એક શંકા ઉત્પન્ન થાય છે. જે અનાજ, દૂધ, ઘી વગેરે પદાર્થો ખાવામાં આવે છે. તેનાથી રૂધિરના રસમાં વધારો થાય તો પછી શરીરનું વજન વધવું જોઇએ. જો દરરોજ પાંચ શેર ભાર ઉદરમાં જાય તો તેમાંથી મળમૂત્ર વગેરે નીકળી જતાં સર્વનું સત્વ સુમારે પાશેર જેટલું રહે તોપણ તેનાથી દરરોજ શરીરનું વજન વધવું જોઇએ. તેની ગણત્રી કરતાં દર વર્ષે સવાબે મણનો વધારો થવો જોઇએ, પણ શરીરમાં તેવું કાંઇ દેખાતું નથી. કદિ નાની વયના બાળકો વધીને મોટા થાયછે, તેમાં પણ અમુક વય સુધી વધી પાછા તેટલાજ પ્રમાણમાં રહેછે. તેનું શું કારણ હશે? મહાત્માએ વિચાર કરી જણાવ્યું, ભદ્ર

એ વિષે શંકા કરવી અયુક્ત છે. સઘળા જીવો રાત્રિ અને દિવસ આહારજ કર્યા કરે છે. તેમનો એક ક્ષણ પણ આહાર કર્યા વગર જતો નથી. આ સાંભળી તમને આશ્ચર્ય થશે. પણ તેનો ખુલાસો આ પ્રમાણે છે–આહાર બે પ્રકારનો છે–એક ૧ **કવલ આહાર** અને બીજો ૨ **રોમ આહાર**. જે મુખથી આહાર કરવો તે કવલ આહાર કહેવાયછે. તે આહાર મનુષ્યો બે, ત્રણ કે ચાર વાર કરે છે અને જનાવરો આખો દિવસ કર્યા કરે છે. પણ જે રોમ આહાર છે, તે ક્ષણવાર પણ બંધ રહેતો નથી. તે આહારથી શરીરમાં નવા પુદ્ગલોનું ગ્રહણ થાય છે. તે ગ્રહણ રોમદ્વારા થયા કરે છે. જે જુના પુદ્ગલો છે, તે રોમદ્વારા ખરતા જાય છે–આવું અહર્નિશ ચાલ્યાજ કરે છે, તેથી શરીરના વજનમાં વિશેષ વધારો થતો નથી. જુના પુદ્ગલો ખરી જાય છે અને નવા ઉત્પન્ન થાય છે. તે ખરતા પુદ્ગલો અને ઉત્પન્ન થતા નવા પુદ્ગલો આપણા જોવામાં આવતા નથી. કારણકે, તે ઘણાં સૂક્ષ્મ હોય છે. સર્વજ્ઞ કેવળી ભગવાને તે જ્ઞાનદૃષ્ટિથી જોયાં છે, તેથી આ વાતની તેમણે પ્રરૂપણા કરી છે.

ભદ્ર ! આ વિષય ઉપર પાશ્ચિમના પ્રવીણ વિદ્વાનોએ ઘણી શોધ કરી આપણા સિદ્ધાંતને સિદ્ધ કરી તેના સાચાપણાને મજબુત બનાવ્યો છે. તેઓ પણ ઇંગ્રેજી વૈદ્યકને લગતી ( Phisiology ) વિદ્યાથી અનુમાન કરી કહે છે કે, "માણસનું શરીર અને બીજા બધા પદાર્થો ( ઝાડ, પાન, ખનિજ વગેરે ) પોતામાંથી ઝીણાં રજકણો બાહેર ફેંકેછે અને સામી બીજી રજકણો પોતાનામાં લે છે. એમ ચાલુ થઈ કેટલોક વખત ગયા પછી માણસનું શરીર તદન નવા રજકણોનું બની જાય છે. વળી સાયન્સ (Science) ની બીજી શોધો યાને **સાયકલોજી** (Psychology) નામે શોધથી સિદ્ધ કરવામાં આવ્યું છે કે, માણસનું મન એક બીજા ઉપર અસર ઉપજાવે છે, અને જે ( Occultism ) ગુપ્તવિદ્યા કહેવાય છે, તે તો આગળ વધીને જણાવે છે કે, માણસના મન શરીર ( Mental body ) ના રજકણો બીજા માણસના મન શરીરમાં જાય છે, અને અસર કરે છે. આ ઉપરથી તેમનો ભાવાર્થ એમ સમજાય છે કે પવિત્ર માણસની સોબતથી મન તથા શરીર પવિત્ર થઇ જાય છે.

શોધકચંદ્ર હૃદયમાં સંતુષ્ટ થઇને બોલ્યો—ભગવન્ ! જે પ્રથમ કહેવામાં આવ્યું કે જે ભાગ મળમૂત્ર વડે નીકળેલો અને ખરી પડેલો છે તેમનો નાશ થાય કે નહીં ?

મહાત્માએ કહ્યું,—તેનો નાશ થતો નથી. બાહેર નીકળેલા તે પરમાણુઓના સ્કંધ જેવાં દૃષ્ટિએ પડે તેવાજ જમીન સાથે મળી જાય છે અને કેટલાએક સૂક્ષ્મ પરમાણુઓ હવા સાથે રહે છે. સઘળી જાતના સૂક્ષ્મ પરમાણુઓ આકાશ, પાતાળ અને જમીન બધે ઠેકાણે ભરેલા છે. તે આપણી આંખે દેખી શકતા નથી. તેઓને તો માત્ર સર્વજ્ઞ કેવલી ભગવાન્ જોઇ શકે છે, જેને તે મહાન પુરૂષોએ શાસ્ત્ર દ્વારા બતાવેલા છે, તે વાતને અમુક અંશે રસાયણ વેત્તાઓએ અનુમાનથી ( પરોક્ષ પ્રમાણથી ) સિદ્ધ કરી બતાવી છે.

શોધકચંદ્રે તરત પ્રશ્ન કર્યો—" મહાત્મન્ ! પરમાણુ કોને કહેવાય છે, તે સમજાવો.

મહાત્માએ કહ્યું—પદાર્થના વિભાગની જ્યાં સીમા થાય છે એટલે તે વિભાગના વિભાગ કરતાં આગળ વિભાગ થતા નથી એવા અત્યંત સૂક્ષ્મ અવિભાજ્ય વિભાગ તે પરમાણુ કહેવાય છે.

જૈનશાસ્ત્ર તેને માટે નીચે મુજબ કહે છેઃ—

" **कारणमेव तदन्त्यं सूक्ष्मो, नित्यश्च भवति परमाणुः ।**
**एकरस गन्धवर्णो द्विस्पर्शःकार्यलिङ्गश्च ॥ इति "**

( " **श्रीमद् उमास्वाति वाचक** " )

તે પરમાણુ અન્તિમ કારણરૂપ અને સૂક્ષ્મતા સહિત તથા નિત્ય છે, તથા એક રસ, એક ગંધ, એક વર્ણયુક્ત બે સ્પર્શ સહિત તેમજ કાર્યલિંગ છે અર્થાત કાર્યથી જાણી શકાય છે તે પરમાણુનું લક્ષણ છે. વળી સાયન્સવેત્તા પાશ્ચિમાત્ય વિદ્વાનોએ પણ કહ્યું છે કેઃ—

" An atom is an indivisible particle of matter. "

તે પરમાણુઓ આપણાં ચક્ષુથી દેખાતાં નથી તેમ આપણાથી બતાવી શકાતા પણ નથી.

" કોઈ પણ પદાર્થના અનંત પરમાણુ અસંખ્યાત આકાશ પ્રદેશનું અવગાહન કરી રહેલા હોય તો ચર્મચક્ષુગોચર થઈ શકેછે તેને જૈનશાસ્ત્ર સ્કંધ કહેછે. તે વિષે રસાયનશાસ્ત્રમાં પણ તેમજ કહેલું

છે કે “ આવી જાતના અણુઓ દશ્ય પદાર્થમાંથી પોતાની મેળે થાય છે. અને તેવા સૂક્ષ્મ અણુઓ ભેગા થઇ નાની મોટી આકૃતિઓ બને છે, તેમ તેવી આકૃતિ મનુષ્યની કૃતિથી પણ થાય છે.”

**શોધકચંદ્ર** તે સાંભળી ખુશી થઇ બોલ્યો-ભગવન્! આપે જે દૂધ સંબંધી દૃષ્ટાંત આપ્યું હતું, તે વિષે એટલું પુછવાનું છે કે, તે દૂધ ક્યાંથી ઉત્પન્ન થયું ? કદિ એમ કહેવામાં આવે કે તે દૂધ ગાય કે ભેંસના પેટમાંથી નીકળે છે, તો તેના પેટમાં ક્યાંથી આવ્યું ? ઘાસ વગેરે ખાવાથી તેમના પેટમાં દૂધ પેદા થાય છે. એમ કહેવામાં આવે તો તે ઘાસ વગેરેમાં દૂધ ક્યાંથી આવ્યું ? આ મારી શંકાનું આપ સમાધાન કરવા કૃપા કરશો.

મહાત્મા બોલ્યા-“ ભદ્ર ! આ જમીન-લોકમાં દૂધ, દહીં, ઘી વગેરેના પરમાણુઓ રહેલા હોય છે, તે મૂલીયાદ્વારા ચડી ઘાસમાં આવે છે અને પછી ગાય ભેંસોના શરીરમાં અનુક્રમે દૂધરૂપે પ્રસરે છે.

તેવીજ રીતે ઘઉં, બાજરી, ચોખા વગેરે સઘળાં અનાજ, શાક, ભાજી, ફળ, ફૂલ મેવા પ્રમુખ સઘળા પદાર્થોના પરમાણુઓ જમીનમાં ( આ લોકમાં ) રહેલા હોય છે, અને તે જમીનમાંથી પાછા આપણા ખોરાકદ્વારા શરીરમાં લોહી, માંસ, વીર્ય, અસ્થિ, ધાતુ વગેરેમાં પ્રવર્ત્તે છે. પૃથ્વી ઉપર માટી એક જાતની દેખાય છે, પણ તેમાં અનેક પરમાણુઓ રહેલા છે. તેના જુદી જુદી જાતના [1]રંગ પણ છે. રસાયન વેત્તાઓએ સિદ્ધ કરેલું છે કે, “ મૂળ એકંદર પાંસઠ (૬૫) તત્ત્વોમાંથી જગતના સઘળા પદાર્થો બનેલા છે. મૂળ ત્રણ પ્રકારના રંગ છે તે રંગમાં જુદાં જુદાં પરમાણુઓ મળવાથી અનેક જાતના રંગો બને છે.” અહિં કોઇને શંકા થાય કે, કાળી કે ગોરી એક જાતની માટીમાં જુદી જુદી જાતના રંગના પરમાણુઓ શી રીતે રહે ? તેના ઉત્તરમાં ડામરનું દૃષ્ટાંત બસ છે. ડામર જાતે કાળો છે, છતાં તેમાંથી સઘળી જાતના રંગો નીકળે છે. જે જૈનદર્શન અનાદિકાળથી માને છે. તેને માટે પશ્ચિમ દેશમાં મોટા મોટા યંત્રાલયો વિદ્યમાન છે.

જમીનમાં વરસાદ પડવાથી જે જે જાતના બીજ રોપવામાં આવે

૧ જૈનદર્શન મૂળ રંગ પાંચ છે તેમ માનેછે.

કે જમીનમાં પડયા હોય તે તે જાતના છોડવાઓ પેદા થાય છે, ભોજનમાં તેનો ઉપયોગ થાય છે ત્યારે તેનો નાશ થયો જણાય છે પણ તેનો નાશ મૂળ દ્રવ્યરૂપે થતો નથી, કારણકે મળમૂત્રદ્વારા તેના પરમાણુઓ પાછા પૃથ્વીમાં મળી જઇ પાછા તેના તેજ અનાજ, ફળ વિગેરે રૂપે ઉત્પન્ન થાય છે.

વળી જે જે જમીનમાં જે જે અનાજ તથા ફળના પરમાણુઓ નથી હોતા, તે જમીનમાં તેવાં અનાજ કે ફળો થતાં નથી. જેમકે, આપણા દેશમાં લવીંગ, સોપારી, તજ, એલાઇચી, વગેરે પદાર્થો નીપજતા નથી, કારણકે, આપણી જમીનમાં તે જાતના પરમાણુઓ હોતા નથી. વળી જમીનમાં ખાતર નાંખવાથી અનાજ વધારે પાકે છે, કારણ કે, ખાતરમાં અનાજ વગેરેના પરમાણુઓ વધારે હોય છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે, જ્યાં જે જાતના પરમાણુઓ હોય છે, ત્યાં તે જાતના અનાજ કે ફળ વિશેષ થાય છે.

શોધકચંદ્રે જરા વિચાર કરીને આ પ્રમાણે પ્રશ્ન કર્યો–ભગવન્ ! જો જમીનમાં બધી જાતના પરમાણુઓ હોય તો એક ખેતરમાં બાજરી, તલ, તુવેર, વાલ વગેરેના બીજ સાથે નાંખવામાં આવ્યા અને વરસાદ વરસવાથી બધા ઉગી નીકળ્યા. જમીન એક સરખી છે. જોડાજોડ બાજરી, તલ, તુવેર વગેરેના છોડ જુદી જુદી જાતના ઉગ્યા અને જમીનમાંનો એક સરખો રસ સઘળા રોપાએ ચુસી લીધો, ત્યારે બાજરીના રોપામાં બાજરીના દાણા આવ્યા, તેમાં તલ કે તુવેરના દાણા કેમ ન આવ્યા ? તેમજ તલ કે તુવેરના રોપામાં બાજરીના પરમાણુઓ કેમ ન આવ્યા ? આ વાત યુક્તિપૂર્વક સમજાવવાની કૃપા કરો.

મહાત્માએ કહ્યું, ભદ્ર ! એ વાત તો રસાયણ શાસ્ત્રથી સારી રીતે સાબીત થઇ શકે છે. બાજરીનું બીજ બાજરીનો દાણો, અને તુવેરનું બીજ તુવેરનો દાણો–આ બંને રોપા જોડાજોડ છે, તે ઉગી નીકળી વધવા લાગ્યા. જમીનમાં પાણી પડવાથી માટીની અંદર રહેલા તત્ત્વોનો અને પાણીનો એક રસ બન્યો–પછી તે રોપાઓ પોતપોતાના પરમાણુઓને ખેંચી લે છે. કારણકે, રસાયણ શાસ્ત્રે કહ્યું છે કે, પરમાણુઓની અંદર સ્નેહાકર્ષણ શક્તિ રહેલી છે. તેથી

તેઓ સ્વજાતિના સ્નેહાકર્ષણ શક્તિવાળા પરમાણુઓની સાથે મળી જાય છે. પરજાતિના બીજાઓની સાથે મલતા નથી. કારણ કે સ્નેહાકર્ષણ શક્તિ વગર પરમાણુઓ એક બીજા સાથે મળી શકે નહીં. તે ઉપર રસાયણશાસ્ત્ર ઘણા દાખલા આપે છે. જેમકે, લોહચુંબકની અંદર રહેલ સ્નેહાકર્ષણથી તે ફક્ત લોઢાને ખેંચી પોતાની સાથે વળગાડી દે છે. બીજા સોના રૂપા વગેરે ધાતુ પાસે હોય તોપણ તેને ખેંચી શકશે નહીં. તેવી રીતે દૂધને પાણી ભેગા કરી હંસને આપવામાં આવે, તો હંસની ચાંચમાં રહેલ સ્નેહાકર્ષણ શક્તિથી તે હંસ દૂધ અને પાણીને જુદા કરી શકે છે. તે દૂધને ખેંચી લેછે અને તેની વિરૂદ્ધ એવી પ્રતિસારણ શક્તિથી તે પાણીને જુદું પાડી દે છે. આ વિષે એક એવો પણ દાખલો છે કે સોનાને હલકી કીંમત વાળું કરવા તેમાં તાંબાનો ભાગ નાંખવામાં આવે છે, પણ જ્યારે તેને પાછું શુદ્ધ કરવું હોય ત્યારે તેને નાઇટ્રીક આસીડ સાથે મેળવવામાં આવે છે. તે નાઇટ્રીક આસીડમાં તાંબાની સાથે સ્નેહાકર્ષણ શક્તિ હોવાથી સોનામાં રહેલા તાંબાને તે જુદું પાડી દેછે. એટલે સુવર્ણની ખરેખરી શુદ્ધિ થઇ આવે છે.

ભદ્ર શોધકચંદ્ર, આ રસાયણશાસ્ત્રના દાખલા ઉપરથી સમજાય છે કે, “ જે જે પરમાણુઓની સાથે સ્નેહાકર્ષણ શક્તિ હશે, તે તે પરમાણુઓ તેના સજાતીય પરમાણુઓને ગ્રહણ કરી તેની સાથે એકત્ર થઇ જાય છે. તેવી રીતે જમીનની અંદર ઘણી જાતના પરમાણુઓ રહેલા છે. તેથી જે બીજ રોપવામાં આવે તે બીજના પરમાણુઓ સ્નેહાકર્ષણ શક્તિના યોગથી તેની સાથે ખેંચાઇ આવે છે. અને તેમના પોષક બને છે. જે મૂલીઆ જમીનમાંના રસને ખેંચવાની શક્તિ ધરાવે છે, તેજ સ્નેહાકર્ષણ શક્તિ કહેવાય છે.”

ભદ્ર! આ વિષે રસાયણ શાસ્ત્ર આ પ્રમાણે સિદ્ધ કરે છે, ત્યારે જૈન શાસ્ત્ર કેવી રીતે સિદ્ધ કરે છે, તે ધ્યાનપૂર્વક સાંભળો. “ જૈન શાસ્ત્રકારો આ જગતમાં મુખ્ય બે પદાર્થો માને છે. ૧ જીવ-ચૈતન્ય અને ૨ અજીવ-જડ. દરેક બીજમાં જીવ રહેલ છે. ધાન્યનો દાણો જે દેખાય છે, તેની અંદર જીવ છે તેથી તેનામાં ઉગવાની શક્તિ રહેલી છે. જો બીજમાં જીવ હોય તોજ ઉપરની સઘળી ક્રિયાઓ

થઇ શકે છે. જો બીજને ભુંજી નાખવા વિગેરે ક્રિયા વડે જીવ રહિત કરી જમીનમાં રોપવામાં આવે તો તે ઉગશે નહીં. સળી ગયેલા, ઘણા જુના અને ભુંજેલા બીજ ઉગતા નથી. તે ઉપરથી એ વાત સાબીત થાય છે. જ્યારે તેમનામાં ઉગવાની શક્તિ નથી તો પછી તે ક્રિયાનો કર્ત્તા જીવ તેમાં નથી, એમ સિદ્ધ થાય છે. અને જે જડની ક્રિયા થાય છે, તે રસાયણશાસ્ત્ર પ્રમાણે થાય છે. એટલે જીવની ક્રિયા મુખ્ય ઠરે છે-જીવ અને જડ મળીને તે પ્રમાણે ક્રિયા થાય છે. પશ્ચિમના વિદ્વાનોએ ઘણાં વર્ષો સુધી શોધ કરી ત્યારે કેટલાક જડ પદાર્થો કેમ બને છે? શાના શાના બને છે, તેઓમાં શા શા ગુણ છે. એ વાત સિદ્ધ કરી શકયા છે. પણ તેઓ જીવની શોધ કરી શકયા નથી. માણસને સદા જીવતું રાખવાના ઘણાં પ્રયોગો કર્યા, પણ આખરે તેમનાથી તે બની શકયું નહીં, કારણકે, જીવ તત્ત્વની શોધ કરવાની કલા કોઈ પાસે છે નહીં. તેમ તે થઇ શકે તેમ પણ નથી. જીવતત્ત્વ એ જડ તત્ત્વની સાથે મળેલું છે. એ શુદ્ધ જીવ તત્ત્વને જડથી જુદું પાડી શુદ્ધ આત્મ તત્ત્વને મહાવીર સ્વામીએ પ્રગટ કરેલું છે. તે શુદ્ધ આત્મતત્ત્વ પ્રગટ કરવાની કળા સઘળા જીવોને શીખવવા-અનુભવવા તે મહાત્માએ પોતાના જ્ઞાનબળે આગમ દ્વારાએ રસાયણ શાસ્ત્રને લગતી સંપૂર્ણ હકીકત અને તેના કરતાં પણ વધારે એટલે કે અનંત પ્રાણી પદાર્થોના અનંત ભાવો કહેલા-બતાવેલા છે. જેઓના હાથમાં આ કળા આવેલી છે, તેઓ હીરા માણેકના ઢગલાઓ અને દેવાંગના જેવી સુંદર સ્ત્રીઓની સામે પણ જોતા નથી. અને તેની ઇચ્છા હૃદયમાં પણ કરતા નથી, જેમને આવી દશા પ્રાપ્ત થાય છે, તેના હાથમાં આત્મ તત્ત્વ પ્રગટ કરવાની શુદ્ધ શક્તિ પ્રાપ્ત થયેલી ગણાય છે. જે જીવો આ સંસારના મોહક પદાર્થોમાં આસક્ત થનારા છે, તેઓને એ કળા પ્રાપ્ત થતી નથી. રાગદ્વેષ રહિત-સર્વ કર્મ રહિતપણે થવાથીજ વીતરાગ-પરમાત્મા થઇ શકાય છે. મહાત્માના મુખથી સમાધાનના આ શબ્દો સાંભળી શોધકચંદ્ર આનંદિત બની આ પ્રમાણે બોલ્યો-ભગવન્! આપની વાણીએ અમારા હૃદયની કેટલીએક શંકા દૂર કરી છે, તથાપિ આપના જેવા સમર્થ વકતાનો અલભ્ય લાભ લેવા બીજી અનેક જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે, તેથી આપને

પુછવાનું કે, "આ જગતના કર્ત્તા ઇશ્વર નથી અને આ જગત્ અનાદિ છે, તે વિષે હવે માત્ર શાસ્ત્રોના પ્રમાણો આપી સમજાવવા કૃપા કરો."

મહાત્મા પ્રસન્નથઇને બોલ્યા—ભદ્ર ! આપણા આર્હત શાસ્ત્રમાં 'જગતના કર્ત્તા ઇશ્વર નથી અને આ જગત્ અનાદિ છે,' એ વાત દરેકપ્રસંગે સિદ્ધ કરી છે. પરંતુ વેદધર્મમાં પણ પ્રમાણભૂત ગણાતી એવી શ્રી ભગવદ્ગીતાના પાંચમા અધ્યાયના ચૌદમા શ્લોકમાં પણ આ પ્રમાણે લખે છે.

**"न कर्तृत्वं न कर्माणि, लोकस्य सृजति प्रभुः ।**
**न कर्म फल संयोगम्, स्वभावस्तु प्रवर्त्तते" ॥ १ ॥**

"ઇશ્વર–પરમાત્મા લોકના કર્મોને બનાવતા નથી, તેમ લોકનું કર્ત્તાપણું પણ ઇશ્વિરમાં નથી–અર્થાત્ ઇશ્વર આ જગત્‌ને રચતા નથી–એટલે જગત્‌ના કર્ત્તા ઇશ્વર નથી, તેમજ પુણ્ય પાપનું ફળ આપનાર પણ ઇશ્વર નથી. સર્વ સ્વભાવથીજ પ્રવર્ત્તે છે એટલે જીવોને કર્મના સ્વભાવથી સુખ દુઃખ થયા કરે છે અને આ જગત્ અનાદિ કાલથી છે, એમ તેનો સ્વભાવ છે." ૧.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે, જીવો જેવાં કર્મ કરે છે, તેવાં ફલ સ્વભાવ પ્રમાણે ભોગવે છે, તેમાં ઇશ્વિરને કાંઇ પણ લેવા દેવા નથી, તે છતાં જીવો ઇશ્વરને કર્ત્તા માની મુંઝાયા કરે છે.

તે પછી ભગવદ્ગીતામાં સ્પષ્ટ જણાવે છે કે,

**"नादत्ते कस्य चित्पापं, न चैव सुकृतं विभुः ।**
**अज्ञानेनावृतं ज्ञानं, तेन मुह्यंति जंतवः" ॥१५॥**

"ઇશ્વિર કોઇના પાપ પુણ્ય ગ્રહણ કરતા નથી, આવું છતાં લોકોએ જ્ઞાનને તેવા અજ્ઞાનથી ઢાંકી દીધું છે, તેથી તેઓ મુંઝાયા કરે છે." ૧૫.

ઇશ્વિર કોઇ જીવે કરેલા પાપને ટાળવા સમર્થ થતા નથી, તેને માટે ઉપનિષદ્‌માં આ પ્રમાણે કહેલું છે—

**कृतकर्मक्षयो नास्ति, कल्पकोटीशतैरपि ।**
**अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ॥ १ ॥**

"સેંકડો કોટી કલ્પ થાય તોપણ કરેલા કર્મનો ક્ષય થતો નથી. કરેલું શુભ કે અશુભ કર્મ અવશ્ય ભોગવવુંજ પડે છે."

આવું છતાં જીવો પોતાના અજ્ઞાનથી ઈશ્વર જગત્ સૃજે છે, અને ઈશ્વર તેનો સંહાર કરે છે એમ માને છે, તે તેમનું અજ્ઞાન છે. આ ઉપરથી પણ સિદ્ધ થાય છે કે, "જગત્ કર્ત્તા ઈશ્વર નથી. તેજ ભગવદ્ગીતામાં બીજે સ્થળે કહ્યું છે કે, ઈશ્વર અને પ્રકૃતિ અનાદિ કાલથી છે. જ્યારે એ બંને અનાદિકાલથી હોય તો પછી પ્રકૃતિનો કર્ત્તા ઈશ્વર શી રીતે ઠરે? અર્થાત્ નજ ઠરે.

તે વિષે ભગવદ્ગીતાના ૧૩મા અધ્યાયમાં આ પ્રમાણે લખેલું છે,

**"प्रकृतिं पुरुषं चैव, विद्धयनादी उभावपि।**
**विकारांश्च गुणांश्चैव, विद्धि प्रकृति संभवान्" १ ॥**

"પુરૂષ (પરમાત્મા) અને પ્રકૃતિ (જગત્) આ બે અનાદિ કાલથી છે એમ જાણ. અને સત્વ, રજસ્ અને તમસ્ અને તેના વિકારો પ્રકૃતિજ છે. એમ જાણ." ૧.

આ ઉપરથી જૈનશાસ્ત્ર કહે છે તેમ સિદ્ધ થાય છે કે, અનાદિ કાલથી આત્મા અને કર્મ છે. તેમ જગત્ પણ અનાદિકાલથી છે.

શોધકચંદ્રે પ્રશ્ન કર્યો,—"ભગવન્ આપના કહેવા ઉપરથી સમજાય છે કે, આ જગત્ અનાદિ છે, પરંતુ તે જગત્ની વિચિત્રતા કેમ છે? તે કોણ કરતું હશે?"

મહાત્માએ કહ્યું,—જડ અને ચૈતન્ય, એ બે પદાર્થોમાં સર્વ જગત્નો સમાવેશ થઈ જાય છે. જડ ચૈતન્ય રહિત, અજ્ઞાન અને નિ:સત્વ છે. અને ચૈતન્ય સજ્ઞાન, સસુખ, સપ્રેમ આત્મા પોતાના બાહ્ય બલ વડે પોતાની આસપાસ રહેલા જગતના જડ ભાગમાંથી પરમાણુઓ ગ્રહણ કરી તિર્યંચોમાં, મનુષ્યોમાં ચક્રવર્તી અને દેવતાઓમાં ઇંદ્રપણે થઈ શકે છે અને આંતર બલવડે કેવળ પોતાના સ્વરૂપમાંજ રહી મહાવીર્ય રૂપ, મહાશાંતિરૂપ, મહાજ્ઞાનરૂપ, મહાસુખરૂપ, મહાપ્રેમરૂપ કે પરમાત્મારૂપ હોઈ શકે છે તે આત્માજ આ જગતમાં દૃશ્ય થતી સઘળી ઋદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે. સઘળાં દેશો શેહેરો અને ગામો આત્માએજ બનાવ્યાં છે. પૃથ્વીનું પૃથ્વી સ્વરૂપ, જલનું જલ સ્વરૂપ, અગ્નિનું અગ્નિ સ્વરૂપ, વાયુનું વાયુ સ્વરૂપ, વનસ્પતિનું વનસ્પતિ સ્વરૂપ, તિર્યંચનું તિર્યંચ સ્વરૂપ, મનુષ્યનું મનુષ્ય સ્વરૂપ, અને દેવનું દેવ સ્વરૂપ આત્માજ પુદ્ગલ પરમાણુઓને પ્રણમાવવાની

શક્તિ વડે રચી શકે છે. આખા જગતના બાહ્ય સજીવ પદાર્થોનો રચનાર આત્મા છે. આત્માનાજ બલે જડ પદાર્થ સજીવ, સબલ, સપ્રેમ વિગેરે ભાસે છે. આત્માના અભાવે જડ નિસ્તેજ નિર્બળ લાગે છે. માટે આખા વિશ્વનો કે સૃષ્ટિનો સર્જનાર આત્મા છે. તે આત્મા પોતાના નિજ સ્વરૂપને બદલતો નથી, પરંતુ પોતાનામાં રહેલા નાના પ્રકારના ઉપાધિજન્ય શક્તિઓ વડે જડ પદાર્થોમાં ભિન્ન ભિન્ન રૂપ બનાવે છે.એજ આત્મા પોતાની શક્તિવડે પોતાની આસપાસ પરમાણુઓને પરણમાવી માટીરૂપ થાય છે, બીજી રીતે પરણમાવી જલરૂપ, અગ્નિરૂપ, વાયુરૂપ, વનસ્પતિરૂપ, તિર્યંચરૂપ, માનવરૂપ અને દેવરૂપ બની શકે છે. એ રીતે જડ પદાર્થ એક પ્રકૃતિરૂપ છે અને તે પથ્થર રૂપે, પાણી રૂપે, મનુષ્ય રૂપે કે દેવરૂપે પોતે શરીરની રચનાવડે દેખાય છે. એ બધું આત્માની પુદ્ગલને પરણમાવાની શક્તિઓમાં ન્યુનાધિક હોવાથી બને છે; જેમ કોઇ એકજ પદાર્થ હિમરૂપે, જલરૂપે અને બાષ્પરૂપે પ્રતીત થાય છે. તેમાં માત્ર તે પદાર્થમાં રહેલા ચૈતન્યની ન્યૂનાધિક શક્તિનો પ્રાદુર્ભાવ–એ કારણ છે, તેમ પથ્થરરૂપ કે પાણીરૂપ, તિર્યંચરૂપ કે માનવરૂપ એ આત્માની એકજ થોડી યા ઘણી શક્તિનો બાહ્ય વિકાશ, એ કારણ છે. એક ઇતિર ધર્મના વિદ્વાન એમ કહે છે કે જ્યારે આત્મા નિરંતર ઊંઘવા જેવી સ્થિતિમાં હોય છે, ત્યારે તે પથ્થર હોય છે, જ્યારે સુસ્ત હોય ત્યારે માટી હોય છે. ઝોકાં ખાતો હોય છે ત્યારે વનસ્પતિ હોય છે, શ્વાસોશ્વાસ વિશેષ લેતો હોય ત્યારે પશુ હોય છે, વિચારતો કે મનન કરતો હોય છે, ત્યારે માણસ હોય છે અને પ્રકાશતો હોય છે, ત્યારે દેવ હોય છે–તદનુસાર એક દેશીય વિચાર કરતાં એજ શક્તિના થોડા યા ઘણાં બળવડે આત્મા નાના રૂપ ધારણ કરતો અને નાના પ્રકારના અલંકારો પહેરતો માલમ પડે છે.

જેમ એક માણસ એક પર્ણકૂટી, એક ઘર, એક હવેલી, એક મેહેલ અને એક બંગલો બનાવે છે, તેમ ઘણાં માણસો મળી ગામ, શેહેર, પ્રાંત, ઇલાકો, દેશ અને ખંડ પણ રચી શકે છે, આ બધું બળ કોનું છે ! તે મનુષ્ય દેહમાં રહેલા આત્માનુંજ છે, તે કોનાથી ના કહી શકાય તેમ છે? કર્મનો કર્ત્તા પણ આત્માજ છે. તે આત્મા કર્મ વડે તિર્યંચ, મનુષ્ય કે દેવ વગેરે જાતિમાં જન્મે છે, પરંતુ યાદ

રાખવું જોઇએ કે, કર્મનો કર્ત્તા જ્યારે જીવ છે તો એ કર્મ વડે ઉત્પન્ન કરાતાં, રચાતાં તિર્યંચ, મનુષ્ય અને દેવ વગેરેના શરીરો અને તે તે શરીરોમાં રહી અનેક પ્રકારની ઋદ્ધિ સિદ્ધિ સંપાદન કરવી, એનો કર્ત્તા પણ જીવ–આત્માજ છે.

જેમ એક સુતાર પેહેલા હથીઆર બનાવે અને પછી તે હથીયાર વડે પેટી બનાવે છે, તેમ જીવ નવા નવા કર્મ ઉપાર્જન કરી અને પછી તે વડે શરીર રૂપી પેટીઓ બનાવે છે, તેથી મનુષ્યાદિ કે દેવાદિ શરીરનો કર્ત્તા કર્મ નથી પણ આત્મા છે–જીવ છે. આ ઉપરથી સિદ્ધ થશે કે, કર્મ કરે તેમ થતું નથી પણ આત્મા જેવાં કર્મ કરે તેવું શરીર થાય છે, કારણકે, કર્મનો કર્ત્તા જીવ–આત્મા છે. તે આત્મા અનેક ક્રિયાઓ કરે છે, તેમાં જન્મ અને મરણ એ બે ક્રિયા મુખ્ય છે. વસ્તુતઃ જોતાં આત્માની અંદર કોઇ પણ જાતનો ફેરફાર થતો નથી. જેમ સુતાર કે કડીયો એક ઘર બાંધે યા તેમાં રહે કે તોડે તો તે સુતાર કે કડીયામાં વસ્તુતાએ કાંઇ ફેરફાર થતો નથી; તેમ જીવ રૂપી કડીયો આ શરીર રૂપી ઘર બાંધે–જન્મે કે તેમાં રહે–ભોગવે અને તેને તોડી પાડે એટલે મરણ પામે તો તેથી તે આત્મામાં વસ્તુતઃ ફેરફાર થતો નથી. હાલવું, ચાલવું, લેવું, દેવું, ઉંઘવું, જાગવું, ખાવું, પીવું ઇત્યાદિ જીવની ક્રિયાઓ છે, અને એ ક્રિયા કરતાં વસ્તુતાએ જીવમાં કોઇ જાતનો ફેરફાર થતો નથી તેમજ જન્મવું અર્થાત્ શરીર રૂપી જૂનો ડગલો ઉતારી નાંખી નવો પેહેરવો તે સિવાય કાંઇ પણ અન્ય નથી–તેથી જન્મ વખતે હર્ષ અને મરણ વખતે શોક કરવો અનુચિત કહેલો છે અને તે વિવેક રહિતપણું–અજ્ઞાનપણું જ છે.

જેમ સૂર્ય પોતે પ્રકાશના પુંજ રૂપ છે તે નાની સરખી પૃથ્વી ઉપર એક બાજુ દિવસ રૂપે દેખાય છે અને તે બીજી બાજુ આવરણને લીધે રાત્રિ રૂપે દેખાય છે. તેમ આત્મા પોતે પુંજ રૂપ–જ્યોતિ રૂપ છતાં તે માત્ર શરીર રૂપી પૃથ્વી પર એક પાસ ( કેવળ જ્ઞાન પ્રાપ્ત સ્થિતિમાં ) દિવસ રૂપે છે અને બીજી પાસ (નિગોદ જેવી અધમ સ્થિતિમાં) રાત્રિ રૂપે છે. જેથી જણાય છે કે, "**आत्मा एव परं बलम्**" આત્મા એજ પરમ બળ છે, અને તે આત્મા તેજ તું છે.

"તું પરમ બળ છે, તેમ હું પણ પરમ બળ છું. ભદ્ર, આ ઉપરથી તમારે સમજી લેવું કે, આ જગત્ અનાદિ છે અને તે જગતનો કર્ત્તા ઈશ્વર નથી."

મહાત્માનાં આ વચનો સાંભળી શ્રાવક શોધકચંદ્ર અને સત્યચંદ્ર બંને આનંદિત થઈ ગયા. તેમનાં હૃદય તે વિષય ઉપર લગભગ નિઃશંક થઈ ગયા. આર્હત ધર્મના સિદ્ધાંત ઉપર તેમને પૂર્ણ વિશ્વાસ પ્રાપ્ત થયો અને તેમની મનોવૃત્તિમાં શ્રદ્ધાના કિરણો પ્રકાશિત થઈ ગયા. તત્કાલ તેમણે નીચેના પદ્યથી તે મહાત્માની સ્તુતિ કરી—

## वसंत तिलका.

**यद्वाक्सुधामयकरस्य कराः प्रभुतम ज्ञानजं भुवि हरन्ति महांधकारम्।**
**तं ज्ञानवारिधिमखंडमहाव्रतं च, सूरीश्वरं परमभावभृता नमामः ॥ १ ॥**

જેની વાણીરૂપ ચંદ્રના ઘણાં કિરણો આ પૃથ્વીમાં અજ્ઞાનથી થયેલા મોટા અંધકારને હરે છે, તેવા જ્ઞાનના સમુદ્ર અને અખંડિત મહાવ્રતને ધારણ કરનારા સૂરીશ્વરને અમે ઉત્કૃષ્ટ ભાવને ધારણ કરી નમીએ છીએ. ૧.

આ પ્રમાણે સ્તુતિ કર્યા પછી તે બંને યુવકો મહાત્માને વંદના કરી પોતાના વાસ સ્થાન ઉપર ગયા અને મહાનુભાવ સૂરિવર પોતાની નિત્ય ક્રિયામાં પ્રવર્ત્યા.

પ્રિય વાંચનાર! તે મહાત્માની આ બીજી યાત્રાના પ્રસંગને સદા સ્મરણમાં રાખજે. અને મિથ્યાત્વ ભરેલા સિદ્ધાંતમાં મોહિત ન થતાં આ જગત્ અને આત્માના વિષયમાં આર્હત મહાત્માઓએ જે સિદ્ધાંત દર્શાવ્યો છે, તેને દીર્ઘ દૃષ્ટિથી વિચારી તેનું ગ્રહણ કરવા તત્પર બનજો.



## યાત્રા ૩ જી.

પ્રાતઃકાળનો રમણીય સમય હતો. સૂર્યના સુંદર વિમાને પૂર્વદિશારૂપ પ્રમદાને રક્તવર્ણી સાડી ઓઢાડી હતી. રૈવતકગિરિના સુંદર શિખરો ઉપર સૂર્યના સોનેરી કિરણો પડતા હતા. વિવિધ વૃક્ષોની શ્રેણીમાંથી પક્ષિઓના મધુર નાદ નીકળતા હતા. ગિરિરાજની સ્વાભાવિક રમણીયતામાં પ્રભાતકાળે મોટો વધારો કર્યો હતો. આર્હત મંદિરોમાં ઘંટાઓના મધુર ધ્વનિ થયા કરતા હતા અને તેમના પ્રતિધ્વનિથી ગિરિવરની ગુફાઓ ગાજી રહી હતી.

આ સમયે ભગવાન્ સૂરિવર પોતાના પરિવાર સાથે ગિરનારની ત્રીજી યાત્રા કરવા વિચરતા હતા. તે મહાત્માની સાથે કેટલાએક ગૃહસ્થ શ્રાવકો પણ ચાલતા હતા. જેઓમાં શોધકચંદ્ર અને સત્યચંદ્ર મુખ્ય હતા. ગિરિવરના પવિત્ર સ્થળોના દર્શનની ભાવના ભાવતા તેઓ નિત્યના નિયમ પ્રમાણે શ્રી નેમિનાથ ભગવાન્‌ને વંદના કરી, તે પછી તે મહાત્માએ તે ચૈત્યની મોટી ભમતીમાં આવેલા એક ભોંયરામાં પ્રવેશ કર્યો, અને ત્યાં જઈ અમીઝરા પાર્શ્વનાથની પ્રતિમાને વિધિપૂર્વક વંદના કરી. આ સમયે તે પ્રભુની પ્રતિમા ઉપર અમૃતના બિંદુઓ તેમના જોવામાં આવ્યા. આ અદ્ભુત દેખાવ પુણ્યશાળી પુરૂષોનીજ દૃષ્ટિએ પડે છે, તે જોતાંજ મહાત્માના હૃદયમાં ભાવના ઉદ્ભવી આવી અને તેથી તેઓ નીચેનું પદ્ય બોલ્યા હતા.

**“ पातु पार्श्वः प्रभुः श्रीमान् परमामृतनिर्झरः ॥**
**परमप्रभावसंपूर्णा भाति यत्प्रतिमाऽनिशम् ॥१॥ ”**

“જ્ઞાનલક્ષ્મીથી સુંદર અને પરમઅમૃત–મોક્ષના ઝરારૂપ શ્રી પાર્શ્વનાથ પ્રભુ રક્ષણ કરો. જેમની ઉત્કૃષ્ટ પ્રભાવથી પૂર્ણ એવી પ્રતિમા હમેશા શોભે છે.” ૧.

આ પ્રમાણે સ્તુતિ કર્યા પછી મહાત્માએ પોતાના પરિવારને ઉદ્દેશીને આ પ્રમાણે જણાવ્યું, "દેવાનુપ્રિય ! આ પાર્શ્વનાથ ભગવાન **અમીઝરા પાર્શ્વનાથ** એવા નામથી પ્રખ્યાત છે. આ પ્રભાવિક મૂર્તિ શ્રી સંપ્રતિ રાજાએ ભરાવેલી છે. ખરતરગચ્છના પ્રખ્યાત શ્રી જિનચંદ્ર સૂરિએ તેની પ્રતિષ્ઠા કરાવેલી છે. હૃદયમાં શુદ્ધ ભાવ ધારણ કરી આ પ્રભુની પ્રતિમાના દર્શન કરજો." આ પ્રમાણે મહાત્માના મુખની વાણી સાંભળી સર્વ સાધુઓએ અને ગૃહસ્થોએ તે પ્રભાવિક પ્રતિમાનાં પ્રેમપૂર્વક દર્શન કર્યાં. અને સ્તવનની ગર્જનાના પ્રતિધ્વનિથી એ પવિત્ર ગુફાને ગજાવી મુકી.

તે પછી ત્યાં આવેલી બીજી પ્રતિમાઓનાં દર્શન કરી જ્યારે યોગ્ય સમય થયો, એટલે તે મહાત્મા પોતાના પરિવારની સાથે નીચે ઉતર્યા હતા.

નિત્યના નિયમ પ્રમાણે તલાટીમાં આવી તેમણે પોતાના ભક્ત શોધકચંદ્ર અને સત્યચંદ્રને તેમની જિજ્ઞાસા તપ્ત કરવાની સૂચના કરી તેઓ બંનેએ પ્રશ્નારંભ ચલાવ્યો.

શોધકચંદ્ર આનંદિત થઇ બોલ્યો—" ભગવન્, **જીવનું અસ્તિત્વ અને પરમાત્માની ઓલખ** " એ વિષય ઉપર કેટલાએક પ્રશ્નો કરવાની મારી ઇચ્છા છે. આપ કૃપા કરી તે પ્રશ્નોનું સમાધાન કરશો.

ભગવન્ ! આપના કહેવા ઉપરથી સિદ્ધ થાય છે કે, જગત્નો કર્ત્તા ઇશ્વર નથી, તો પછી ઇશ્વર કોને કહેવો ? અને તેમની સેવા ભક્તિ શા માટે કરવી જોઇએ ? આ વિષેના પ્રશ્નનો ઉત્તર આપવા કૃપા કરશો.

મહાત્માએ હર્ષિત વદને જણાવ્યું. " પ્રિય શ્રાવક, પ્રથમ તો આત્મા અને પરમાત્માને ઓળખવા જોઇએ. તેમાં પણ પ્રથમ આત્માને મુખ્ય રીતે જાણવો જોઇએ. દરેક મનુષ્યે 'હું કોણ છું,' તે જાણવું જોઇએ. જ્યારે માણસ પ્રથમ પોતાને ઓળખી શકે તે પછી તે પરમાત્માને ઓળખી શકે છે. જ્યાં સુધી આત્માની ઓળખ થાય નહીં, ત્યાં સુધી પરમાત્માની ઓળખ થઇ શકતી નથી.

શોધકચંદ્ર વચ્ચે વિનય દર્શાવતો બોલ્યો—" મહારાજ ! કેટલાએક કહે છે કે, આત્મા—જીવ છે જ નહીં. પંચભૂત ભેગા થવાથી

તેમાં ચેતના શક્તિ ઉત્પન્ન થાય છે. તે ઉપર મદિરામાં ઉત્પન્ન થતી માદક શક્તિનો દાખલો આપે છે. અને જ્યારે તે પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પંચભૂતનો નાશ થાય છે ત્યારે આત્મા-જીવનો પણ નાશ થઇ જાય છે. આ વાતમાં શું સત્ય છે ? તે સમજાવો.

મહાત્માએ કહ્યું, " ભદ્ર ! એમ કહેનારાઓ તદન ભ્રમિત થયેલા છે, એમ જાણવું. તે પાંચ ભૂતોમાં કોઇ પણ એક ભૂતમાં ચેતના ઉત્પન્ન થવાની શક્તિ નથી, તો પછી પાંચ ભૂતો મળવાથી એ શક્તિ ક્યાંથી આવે ? જ્યારે કોઇ માણસ મરી જાય છે ત્યારે તે બોલતો, ચાલતો, ખાતો અને શ્વાસ લેતો બંધ થઇ જાય છે, ત્યારે તેનું શરીર તો જેવું હોય, તેવું રહે છે, પણ જીવ જતો રહ્યો, તેમ કહેવામાં આવે છે. તેમાં પાંચે ભૂત કાયમ છે, તો એમાંથી શું ઓછું થયું ? આ ઉપરથી સિદ્ધ થાય છે કે, શરીર શિવાય જીવ એ જુદો પદાર્થ છે.

શોધકચંદ્ર બોલ્યો-" ભગવન્ ! આ વાત વિચારવા જેવી છે, પરંતુ કેટલાએક કહે છે કે, પરમાત્મા સર્વ વ્યાપી છે અને સઘળા જીવો તેના અંશ છે. તે ઉપર આકાશનું દૃષ્ટાંત આપે છે. જેમ આકાશ સર્વવ્યાપક છે, તોપણ તે ઘટ વગેરે પદાર્થોમાં જુદું જુદું આકાશ કહેવાય છે. ઘડામાં રહેલ તે ઘટાકાશ છે. પણ જ્યારે ઘડો પુટી જાય છે, ત્યારે તે આકાશ મહાકાશમાં મળી જાય છે. તેવી રીતે પરમાત્માના અંશ રૂપે રહેલા જુદા જુદા જીવો, તે મૃત્યુ પામે ત્યારે પરમાત્મામાં મળી જાય છે. આ કથન કેટલે અંશે સત્ય છે ? તે આપ સમજાવો."

મહાત્માએ કહ્યું, " આ કથન સિદ્ધ થાય તેવું નથી. કારણકે, જો સઘળા જીવો પરમાત્માના અંશ હોય તો તેઓ સઘળા સરખા હોવા જોઇએ. કદિ તેમની આકૃતિઓ જુદી જુદી હોય, પણ પરમાત્માના અંશના ગુણ પરમાત્મા જેવા એક સરખા હોવા જોઇએ. જેમ ઘડામાં, ગોળામાં અને લોટામાં રહેલું આકાશ સર્વ સરખું હોય છે. તેવી રીતે જીવોમાં કાંઇ જણાતું નથી. જીવોની અંદર તો જુદા જુદા ગુણો માલમ પડે છે. કોઇ જ્ઞાની, કોઇ અજ્ઞાની, કોઈ ડાહ્યો, કોઇ મૂર્ખ, કોઇ ક્રોધી કોઇ માની, કોઇ લોભી, લુચ્ચો, અને ચોર એમ અનેક પ્રકારના ગુણ અવગુણોથી ભરેલા માલમ પડે છે, તેમ કોઇ સુખી, કોઇ દુઃખી, અને કોઇ રાજા કે કોઇ ભીખારી દેખાય છે. આમ અનેક પ્રકારની

ભિન્નતા પરમાત્માના અંશમાં હોઇ શકે નહીં. વળી જેઓ આકાશનો દાખલો આપે છે. તે પણ યુક્તિ રહિત છે. કારણકે, ઘડામાં રહેલું આકાશ જેમ ઘડો ફુટી જવાથી મહાકાશમાં મળી જાય છે, તેવી રીતે જીવોની અંદર ઘટતું નથી; કેમકે જ્યાં સુધી ઘડો આખો રહે છે, ત્યાં સુધી તેમાંનું આકાશ કાયમ રહે છે, પરંતુ જ્યારે ઘડાનાં ઠીકરાં થઇ જાય, ત્યારે આકાશ આકાશમાં મળી જાય છે. પરંતુ માણસનું શરીર તો તેવું ને તેવું આખું રહે છે, તેમાંથી કોઇ જાતનું કાણું કે ભાંગવું તુટવું થતું નથી કે જેમાંથી જીવ ગયો, એમ દેખાય, માટે આખા શરીરમાંથી જીવ કેમ ગયો, તે વિષે કાંઈ પણ સમજાતું નથી."

શોધકચંદ્રે પ્રશ્ન કર્યો–"ભગવન્ ! નાસ્તિક લોકો એમ માને છે કે, જીવ નથી, પુણ્ય નથી અને પાપ નથી. તે વિષે ખરી વાત શું હશે ?"

સૂરિવર બોલ્યા–"ભદ્ર! આ ઉપર આર્હત આગમમાં પરદેશી રાજા અને કેશી ગણધરનો પ્રસંગ આપેલો છે. તે પરદેશી રાજા નાસ્તિક હતો. તેણે કેશી ગણધરને તેવાજ પ્રશ્નો કર્યા હતા અને મહાત્મા કેશી ગણધરે તેના યોગ્ય ઉત્તરો આપ્યા હતા. જે તું ધ્યાન દઇને શ્રવણ કર." તે પરદેશી રાજાએ પ્રશ્ન કર્યો કે, "આપ કહો છો કે, જીવ ને શરીર જુદા જુદા છે અને તે જેવું કરે તેવું ભોગવે છે, પણ એ વાત મારા માનવામાં આવતી નથી. મારો પિતા નાસ્તિક હતો, હિંસા પ્રમુખ મહા પાપ કરતો હતો. તે મૃત્યુ પામ્યો છે, તે પાપના યોગે નરકે જવો જોઇએ. અને જો એમ થયું હોય તો તે મારો પિતા નર્કનાં દુઃખ જોઈ પાછો આવી મને કહેત કે મેં પાપ કરેલ છે, તેથી હું નર્કનાં દુઃખ ભોગવું છું, વાસ્તે તું પાપ કરીશ નહીં પણ પુણ્ય કરજે. જો મારો પિતા આવી આ વાત જણાવે તો હું જીવ અને શરીરને જુદાં માનું, તે શિવાય કદિ પણ માનું નહીં."

પરદેશી રાજાનો આવો પ્રશ્ન સાંભળી કેશી ગણધર બોલ્યા–"હે પરદેશી, તારા જનાનામાં **સૂર્યકાંતા** નામની સ્ત્રી છે. તે સર્વ અલંકારને ધારણ કરી બેઠી હોય, તેવામાં કોઈ ઉદ્ધત પુરૂષ આવી તેણીની સાથે નઠારી વર્તણુંક કરે અને તે તારા જોવામાં આવે તો તું તેને

જીવતો જવા દે કે નહીં ?" રાજાએ કહ્યું, "ના, હું તેને જીવતો જવા દઉં નહીં. તેને તો શૂળીએ ચડાવી મારી નાંખું." ગણધરે જણાવ્યું, "તેવી રીતે નર્કમાં પડેલા તારા પિતાને પરમાધાર્મિકો શી રીતે જવા દે ? એટલે તે અહીં શી રીતે આવે ? તે તો ત્યાંજ દુઃખ ભોગવ્યા કરે."

પરદેશી રાજાએ પ્રશ્ન કર્યો—"મારા પિતાની માતા ઘણીજ ધર્મિષ્ઠ હતી. તે હમેશા પોષધ પ્રતિક્રમણાદિ કરતી, દાન આપતી અને સત્કાર્યો કરતી હતી, તો તમારા કહેવા પ્રમાણે તે દેવલોકમાં જવી જોઇએ. જ્યારે તે દેવલોકનું સુખ ભોગવે છે, તો પછી ત્યાંથી આવીને મને કહે કે, તું પુણ્ય કર કે જેથી મારી જેમ તને દેવલોકનું સુખ મલે; જો આ પ્રમાણે તે આવીને કહે તો હું જીવ અને શરીરને જુદા માનું."

કેશી ગણધરે કહ્યું, "રાજા, તું સ્નાન કરી અલંકાર ધારણ કરી દેવપૂજન કરવા જતો હોય, તે વખતે કોઈ માણસ આવી તને કહે કે, "આ વિષ્ટાના ઓરડામાં આવો" અને તેમાં વિશ્રામ લ્યો. "અથવા સુવો બેસો." આમ કહેવાથી તું તેમાં દાખલ થઇશ ?" પરદેશી રાજાએ કહ્યું, "મહારાજ ! તેવું વચન પણ સાંભળું નહીં અને તેમાં જાઉં પણ નહીં." કેશીગણધર બોલ્યા, "રાજા, આ દૃષ્ટાંત ઉપરથી સમજવાનું કે, જેઓ દેવલોકમાં ઉત્પન્ન થાય છે, તેમને એવા દિવ્ય ભોગ ભોગવવાના મળે છે કે, જેથી તેઓને આ લોકમાં આવવું રૂચિકર થતું નથી. દિવ્ય સ્ત્રીઓની સાથે તેમનો એવો સ્નેહ બંધાય છે કે જેથી આ લોકના સ્ત્રી પુત્રાદિકની સાથેનો તેમનો સંબંધ તુટી જાય છે, તે છતાં કદિ જો તે આ લોકના સંબંધની મમતા રાખી આવવાની ઇચ્છા કરે અને તેને માટે બે ઘડી વિચાર કરવા બેસે ત્યાં તેમના મોટા આયુષ્યની સાથે આ લોકના ઘણાંજ ટુંકા આયુષ્યનાં બેહજાર વર્ષ વીતી જાય છે એટલે આ લોકના મનુષ્યના કેટલાકએક ભવ વીતી જાય છે. તેમ વળી મનુષ્ય ક્ષેત્રમાં ઔદારિક શરીર હોવાથી નિહારની દુર્ગંધ ચારસો પાંચસો યોજન સુધી ઉછળે છે તે દુર્ગંધને લીધે, તેઓ આ લોકમાં આવી શકતા નથી. તેથી તારા પિતાની માતા અહીં આવી તને શી રીતે કહે ?"

ભદ્ર શોધકચંદ્ર, આ વખતે તે પરદેશી રાજાએ પ્રશ્ન કર્યો કે, "મહારાજ ! એક દિવસે મેં કોઇ એક ચોરને લોહમય કોઠીમાં ઘાલ્યો

અને તેના સર્વ છિદ્રો બંધ કરી દીધાં, તેમાંથી નીકળવાની જરા પણ જગ્યો રાખી નહીં. તેમ છતાં કેટલેક દિવસે તે કોઠી ઉઘાડી ત્યારે તે ચોરના શરીરમાં જીવ ન હતો. જો શરીરથી જીવ જુદો હોય તો તે બંધ કરેલી કોઠીમાંથી કયે રસ્તે થઇને નીકળી ગયો ? તે ઉપરથી સિદ્ધ થાય છે કે, શરીરથી જીવ જુદો નથી."

કેશી ગણધર બોલ્યા-" રાજા, મારે તને એટલું જ પુછવાનું છે કે, એક મોટા વિશાળ મકાનમાં ભોંયરૂં છે, તેની અંદર બધા છિદ્રો બંધ કરી પછી ઢોલ વગાડવામાં આવે, તે છતાં તે ઢોલનો અવાજ બાહેર આવે કે નહીં ? " રાજાએ કહ્યું, " તેનો અવાજ બાહેર આવે. " ત્યારે ગણધર બોલ્યા-" જેમ છિદ્ર વિના તે ભોંયરામાંથી ઢોલનો અવાજ બાહેર નીકળે છે, તેમ શરીરમાં રહેલો જીવ તે કોઠીમાંથી બાહેર નીકળે છે."

પરદેશી રાજાએ બીજો પ્રશ્ન કર્યો. " મહારાજ ! કોઇ એક ચોરને મેં છિદ્ર વિનાની કોઠીમાં પૂર્યો હતો. તે છતાં તેના કલેવરમાં કીડાઓ ઉત્પન્ન થઇ ગયા હતા. તે કયાંથી આવ્યા ? "

ગણધર મહારાજાએ ઉત્તર આપ્યો. " લોઢાને તપાવતાં તેની અંદર છિદ્ર નહીં છતાં પણ અગ્નિ પ્રવેશ કરે છે. તેવી રીતે જીવ પ્રવેશ કરે છે. જીવનું સૂક્ષ્મ સ્વરૂપ દેખવામાં આવતું નથી."

પરદેશી રાજાએ પ્રશ્ન કર્યો. કોઇ યુવાન, બુદ્ધિવાન કે નીરોગી માણસ જેવી રીતે બાણ નાંખે છે તેવી રીતે બાળક કે રોગી માણસ બાણ નાંખી શકશે ? અર્થાત્ નહીં નાંખી શકે. જો કે તમારા કહેવા પ્રમાણે જીવ તો બધામાં છે; પણ શરીરના બળની ખામીને લીધે તે નાંખી શકતો નથી, તેથી શરીર જ સત્ય છે, બીજું કાંઇ છે જ નહીં.

કેશી મહારાજાએ ખુલાસો કરતાં ઉત્તર આપ્યો. જો કોઈ બળવાન્ અને યુવાન પુરૂષ છે, પણ તેની પાસે જુની કાવડ હોય તો તે તેમાં ભાર ઉપાડી શકશે ? અર્થાત્ નહીં જ ઉપાડી શકે. કારણકે, તેમ કરશે તો તે જુની કાવડ ભાંગી જશે. તેવી રીતે જીવની સાથે શરીરનો સંબંધ છે. માટે રોગ અને બાળ અવસ્થાને લઇ નિર્બળ થયેલા શરીરે તે બાણ મારી શકતો નથી.

પરદેશી રાજાએ પ્રશ્ન કર્યો-" મહારાજ ! મેં એક ચોરને જીવતાં

તોળી પછી તેને શસ્ત્ર વિના મારી નાંખ્યો. પછી તોળતાં તેના વજનમાં કાંઇ પણ વધઘટ થઇ નહીં. જો જીવ જુદો હોત તો તેના વજનમાં ઘટાડો થાત. પણ તેવું કાંઇ બન્યું નહીં. તે ઉપરથી જીવ જુદો હોય, તે સંભવતું નથી. "

કેશી ગણધરે જણાવ્યું, "ચામડાંની ધમણ ખાલી હોય ત્યારે અથવા તેમાં પવન ભર્યો હોય ત્યારે પણ તેના વજનમાં કાંઈ પણ ઘટાડો કે વધારો થતો નથી. તેવી રીતે જીવની સ્થિતિ એવી છે કે, તેનાથી વજન વધી જતું નથી. તે અરૂપી હોવાથી કોઈ જાતની વધઘટ જણાતી નથી."

પરદેશી રાજાએ કહ્યું, મહારાજ ! મેં કોઈ એક પુરૂષના શરીરમાં બધે તપાસ કરી તોપણ જીવ જણાયો નહીં. પછી તેના શરીરના નાના નાના કડકા કરીને જોયું, તોપણ તે દેખાયો નહીં. તે ઉપરથી જીવ જુદો હોય તેમ લાગતું નથી.

કેશી મહારાજે કહ્યું, " કોઈ પુરૂષો વનમાં ગયા ત્યાં તેમને રસોઈ કરવા માટે અગ્નિની જરૂર પડી. કાષ્ટોમાં અગ્નિની શોધ કરવા માંડી. દરેક કાષ્ટના કડકા કર્યા અને જોયું તોપણ અગ્નિ જોવામાં આવ્યો નહીં. પછી તેઓ વિલખા થઇને બેઠા. તેવામાં કોઇ એક બુદ્ધિમાન્ પુરૂષે કહ્યું કે, હું સ્નાન કરી દેવની પૂજા કરી અગ્નિને પ્રગટ કરૂં છું. પછી તેણે વનમાં જઈ અરણિનું કાષ્ટ લીધું અને તેના બે ખંડનું ઘર્ષણ કરી અગ્નિ ઉત્પન્ન કર્યો, પછી તેઓ તે અગ્નિવડે રસોઇ કરીને જમ્યા હતા. તેવી રીતે શરીરના કડકા કરવાથી જીવ જણાતો નથી. જેમ પેહેલા પુરૂષે બુદ્ધિથી અગ્નિ ઉત્પન્ન કર્યો, તેમ જ્ઞાનવાન્ પુરૂષને તેના જ્ઞાનના બળથી જીવ જણાય છે. કાંઈ શરીરના કડકા કરવાથી જણાતો નથી.

ભદ્ર શોધકચંદ્ર, મહાત્મા કેશી ગણધરે આ પ્રમાણે દૃષ્ટાંતો આપ્યા તોપણ પરદેશી રાજાના મનમાંથી તે સંશય દૂર થયો નહીં. પછી તેણે પ્રશ્ન કર્યો કે, " મહારાજા ! તમોએ ઘણા દૃષ્ટાંતો બતાવ્યાં પણ મને તે યોગ્ય લાગતું નથી. જો મને હાથમાં ઝાલીને જીવ બતાવો તોજ હું માનું." ત્યારે કેશી ગણધરે તેને પ્રશ્ન કર્યો–

" આ વૃક્ષના પાંદડાં શાથી હાલે છે તેને કોણ હલાવે છે ? "

પરદેશી રાજાએ કહ્યું, “ તે પવનથી હાલે છે.”

કેશી મહારાજાએ કહ્યું, “ તે પવનને તું દેખે છે ?”

રાજાએ કહ્યુ, “ ના, તે પવન મારા દેખવામાં આવતો નથી.”

ગુરૂએ કહ્યું, “ રાજા, જેમ તું પવનને દેખતો નથી અને તેનાથી ચાલતા પાંદડાને દેખે છે. તથાપિ ‘ પવન છે,’ એમ તું માને છે. તેવી રીતે જીવ દેખાતો નથી, પણ લક્ષણથી તે જણાય છે. જે કે-વળી-સર્વજ્ઞ છે, તેઓ તેને દેખી શકે છે. બીજા કોઇ દેખી શકતા નથી.

જ્યારે કેશી ગણધરે આ યુક્તિપૂર્વક દૃષ્ટાંત આપ્યું, ત્યારે પરદેશી રાજાનું મન નિઃશંક થઇ ગયું. તત્કાળ તેણે નાસ્તિક મતને છોડી દીધો અને જીવ-અજીવ વગેરે નવ તત્ત્વો ઉપર તેની સંપૂર્ણ શ્રદ્ધા થઇ આવી. ભદ્ર શોધકચંદ્ર, આવી રીતે નાસ્તિકવાદનું શાસ્ત્રમાં નિરાકરણ કરેલું છે, જો આ વિષે વિશેષ વિવેચન કરવા બેશીએ તો ઘણો સમય લાગી જાય.

મહાત્માના મુખથી પરદેશી રાજા અને કેશી ગણધરનો વૃત્તાંત સાંભળી શોધકચંદ્ર અને સત્યચંદ્ર ઘણા જ પ્રસન્ન થઇ ગયા. પછી મહાત્માની આજ્ઞાથી શોધકચંદ્રે પ્રશ્નો પુછવાનો આરંભ કર્યો-

ભગવન્ ! આ સંસારમાં આત્મા (જીવ) ક્યારથી હશે ?

મહાત્માએ કહ્યું, “ ભદ્ર ! આ સંસારમાં અનાદિકાળથી આત્મા છે. જેને આદિ હોય તે પદાર્થ ઉત્પત્તિમાન્ હોય છે અને જે ઉત્પત્તિમાન્ હોય તે કાર્યરૂપ કહેવાય છે. અને જે પદાર્થ કાર્યરૂપ હોય તે સમવાય, નિમિત્ત આદિ કારણોની સામગ્રીદ્વારા ઉત્પન્ન થાય છે અને તેથી તે કાર્યરૂપ પદાર્થ અનિત્ય કહેવાય છે. અને જે પદાર્થ અનિત્ય હોય તે અવશ્ય વિનાશ પામે છે. જે આત્મા છે, તેને કોઇએ ઉત્પન્ન કર્યો નથી, તેથી તે અનાદિ કહેવાય છે. જે પદાર્થને આદિ નથી, તેનો અંત પણ નથી, તે પ્રમાણે આત્મા અનાદિ અને અનંત છે. વળી જે વસ્તુનો કોઈ બનાવનાર નથી તે વસ્તુ નિત્ય કહેવાય છે. તેવી રીતે આત્માનો કોઈ બનાવનાર નથી, એટલે તે નિત્ય કહેવાય છે. જે વસ્તુ નિત્ય હોય છે, તે ત્રણે કાળમાં નાશ પામતી નથી. આત્મા નિત્ય હોવાથી ત્રણે કાળમાં નાશ પામતો નથી. વળી જે વસ્તુ ઉત્પન્ન થાય છે, તે કારણપૂર્વક હોય છે. જેમ મૃત્તિકાનો ઘટ છે, તે મૃત્તિકા,

દંડ, ચક્ર અને કુંભાર આદિ કારણપૂર્વક છે અને જે વસ્તુનો કોઇ ઉત્પન્ન કર્ત્તા નથી તે કારણ વિના સ્વયંસિદ્ધ હોય છે, જેમ કે આકાશ. તેવી રીતે કારણ વગરનો આત્મા કોઈનાથી બનેલો નથી.

શોધકચંદ્રે પ્રસન્ન થઇને પ્રશ્ન કર્યો, ભગવન્! જ્યારે તે આત્મા-જીવ અનાદિ છે, તો તે જીવ જગતમાં કેટલા હશે? મહાત્માએ કહ્યું, “ભદ્ર! જગતમાં અનંત જીવો છે, પણ તેમના મુખ્ય બે ભેદ છે. ૧ કર્મરહિત અને ૨ કર્મસહિત. જે કર્મરહિત જીવ તે સિદ્ધ કહેવાય છે. તે મોક્ષના જીવ છે. તે પરમાત્મા, પરમેશ્વર, બ્રહ્મ ઈત્યાદિ અનંત નામોથી ઓળખાય છે અને જે કર્મસહિત જીવ છે, તે સંસારી જીવ છે. **संसर्** એટલે સંચરવું, એક ગતિમાંથી બીજી ગતિમાં જવું, અથવા જન્મ મરણ પામવું, તે સંસારી કહેવાય છે. તે સંસારી જીવોની ભિન્ન ભિન્ન યોનિઓ-જાતિઓ છે. તે ચોરાશી લાખ કહેવાય છે.

જે જીવો પૃથ્વી, પાણી, (અપ્) અગ્નિ (તેજસ્) વાયુ અને વનસ્પતિરૂપ કાયા (શરીર) માં વર્ત્તે છે, તે એકેંદ્રિય કહેવાય છે, કારણકે, તે માત્ર સ્પર્શનેંદ્રિયનો વિષય ગ્રહી શકે છે. પૃથ્વી (મૃત્તિકા) પાણી અને વાયુ વગેરેમાં ચૈતન્ય છે, એવું જ્ઞાન સાયન્સ (Science) વિદ્યાથી સિદ્ધ થયું છે. કૃમિ, કીડા, વગેરેને તે સ્પર્શન અને રસના (જિંહ્વા) હોય છે, તેથી તે દ્વીંદ્રિય જાતિના જીવ કહેવાય છે. જેમને ઉપર કહેલ બે ઇંદ્રિય ઉપરાંત ત્રીજી ઘ્રાણઇંદ્રિય (નાક) હોય છે, તે કીડી પ્રમુખ જીવો ત્રીંદ્રિય જાતિના કહેવાય છે. ઉપર કહેલ ત્રણ ઇંદ્રિય ઉપરાંત ચોથી ચક્ષુ ઇંદ્રિય જેમને વધારે છે, તે ભ્રમરાદિ પ્રાણીઓ ચતુરિંદ્રિય કહેવાય છે. જેમને ઉપલી ચાર અને પાંચમી શ્રવણ (કાન) ઇંદ્રિય હોય તે પંચેંદ્રિય જાતિના જીવ છે. દેવ, મનુષ્ય, નારકી અને પશુ, પક્ષી, મત્સ્ય, પ્રમુખ સર્વ તિર્યંચો પંચેંદ્રિય જીવ કહેવાય છે.

જે જીવો વનસ્પતિરૂપે છે, તેમના બે પ્રકાર છે. ૧ પ્રત્યેક વનસ્પતિકાય અને ૨. અનંતકાય અથવા સાધારણ વનસ્પતિકાય. ફૂલ, છાલ, કાષ્ટ, મૂલ, પત્ર અને બીજરૂપી જે વનસ્પતિના એક એક શરીરમાં એક એક જીવ હોય છે, તે પ્રત્યેક વનસ્પતિ

કહેવાય છે. જેમના શિર, સાંધા, અને ગાંઠા ગુપ્ત હોય છે, અથવા જેમના ભાગ પડી શકે અથવા જે તંતુરહિત હોય છે, તેમજ જે છેદાયાં છતાં ઉગે છે, એવા કાંદા, અંકુરા, આદુ, હળદર, ગાજર, ગળો, કુંવાર અને પાઠુ ઇત્યાદિ જે વનસ્પતિની એક એક કાયામાં અનંત જીવો હોય છે, તે અનંતકાય અથવા સાધારણ વનસ્પતિ કહેવાય છે, તેમની નિગોદ એવી પણ સંજ્ઞા છે.

પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને નિગોદ (સાધારણ વનસ્પતિકાય ) એ દરેકના સૂક્ષ્મ અને બાદર એવા બે ભેદ છે. તેમાં જે સૂક્ષ્મ છે તે સર્વ લોકાકાશમાં વ્યાપી રહેલા છે, છતાં તે ચર્મ ચક્ષુથી જોઇ શકાતા નથી, પણ બાદર, પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય અને વાયુકાયના અસંખ્ય શરીરોનું જે ભેગું પિંડ બને છે, તે ચર્મચક્ષુથી જોઈ શકાય છે, તેમજ પ્રત્યેક વનસ્પતિના એક, બે આદિ સંખ્યાત અથવા અસંખ્યાત શરીરનું પિંડ પણ દૃષ્ટિગોચર થાય છે. જે કેવળી ભગવાન છે, તે સર્વ જીવોને જોઇ શકે છે.

ભદ્ર ! વળી આ જગત્માં જડ અને ચેતન એવા બેજ પદાર્થ છે. જેમાં ચેતના શક્તિ છે, તે જીવ, આત્મા વગેરે જુદી જુદી ભાષામાં જુદા જુદા નામથી ઓળખાય છે. અને જેમાં ચૈતન્ય અથવા જીવ નથી તે જડ કહેવાય છે. આ બે પદાર્થ શિવાય ત્રીજો પદાર્થ છેજ નહીં. વળી જે જડ છે, તે જીવોના શરીર છે. જીવોએ ગ્રહીને છોડેલા જીવરહિત શરીર જડ કહેવાય છે. આ જગતમાં જેટલા જડ–પુદ્ગળો છે, તે દૃશ્ય અને અદૃશ્યરૂપે રહેલા છે. જીવો અનંત છે. આમળાના ફળ જેટલી માટીમાં, પાણીના એક સોયના અગ્રભાગ ઉપર રહે તેટલા ટીપામાં, અગ્નિના તણખામાં અસંખ્યાતા અને કંદમૂળના એક રાઇ જેવડા કડકામાં અનંતા જીવો રહેલા છે. કંદમૂળમાં વિશેષ જીવ હોવાથી જૈન શાસ્ત્રકારોએ તેના ભક્ષણનો નિષેધ કરેલો છે. આ શિવાય આખું આકાશ સૂક્ષ્મ નિગોદ જીવોથી ભરપૂર છે.

તે જીવોના કરતાં કર્મો–જડ પુદ્ગળો અનંતગણાં છે. તે સર્વ લોકાકાશમાં વ્યાપીને રહેલા છે. વધારે શું કહેવું ? એક જીવના અસંખ્યાત પ્રદેશ છે અને એક એક પ્રદેશમાં શુભાશુભ કર્મની

(જડની) અનંતી વર્ગણાઓ (સમૂહો) રહેલ છે, જે સર્વજ્ઞ ભગવાન્‌થીજ જોઈ શકાય છે. આ વાત કદિ કોઇના માનવામાં આવે કે ન આવે, એ વાત તેમની મરજીની છે, પરંતુ આસ્તિક પુરૂષો તો માને છે કે, સર્વજ્ઞ ભગવાને પોતાના જ્ઞાન ચક્ષુથી જોયું અને તે સર્વ જીવોને જાણવા માટે કહ્યું છે. જે સર્વજ્ઞ હોય તે કદિ પણ જુઠું બોલતા નથી. અને જે જુઠું બોલે તે સર્વજ્ઞ હોઈ શકે નહીં, જે સર્વજ્ઞ પુરૂષો થઈ ગયા છે, તેમની ખાત્રી તેમના ચરિત્રો ઉપરથી થઇ શકે છે, તેથી તેમના ચરિત્રો સાંભળવાં જોઇએ. વળી હાલની પશ્ચિમ વિદ્યાની શોધથી એ વાતનો નિર્ણય થઈ શકે છે કે આકાશ બધું જગતના સર્વ પદાર્થોના પરમાણુઓથી ભરેલું છે. પણ આપણા ચર્મચક્ષુથી તે જોઈ શકાતું નથી, એ વાત રસાયણ વેત્તાઓએ સિદ્ધ કરેલી છે, માટે તે ઉપરથી સર્વજ્ઞે જે કહેલું છે તે અવશ્યમેવ સત્ય ઠરે છે.

જેમ ઘુવડ પક્ષી સૂર્યને દેખી શકતું નથી, પણ જેઓ સૂર્યને દેખી શકે છે, તેઓ 'સૂર્ય છેજ નહીં' એમ કહેનારા ઘુવડ પક્ષીના વચનને કદાપિ માન્ય કરતાં નથી. ઘુવડ સૂર્યને માને નહીં, તેનો કાંઈ ઈલાજ નથી, કારણ કે, ઘુવડમાં સૂર્યને જોવાની શક્તિ નથી, તો તેને તે શી રીતે દેખાડી શકે ? એવી રીતે આપણાં ચર્મચક્ષુથી સૂક્ષ્મ જીવો ન દેખાય, તેની ખાત્રી જ્ઞાનીના કહેલા વચનો ઉપર વિશ્વાસ રાખવાથીજ થાય છે.

ભદ્ર શોધકચંદ્ર ! હવે આત્માના સ્વરૂપ વિષે સંક્ષેપમાં કહું તે ધ્યાન આપી સાંભળજે. આત્મા, નિત્ય, વિભુ, ચેતનવાન્ અને અરૂપી છે. તે નિત્ય દ્રવ્ય તરીકે છે. પણ પર્યાયની અપેક્ષાએ દેવ, મનુષ્ય, નારકી અથવા તિર્યંચ ગતિમાં પરિણામ પામ્યા કરે છે. બદલાયા કરે-છે, તેથી પર્યાયરૂપે અનિત્ય પણ છે. તે આત્મા વિભુ એટલે સર્વત્ર વ્યાપવાની સત્તાએ સહિત છે; પણ સામાન્યતઃ સ્વશરીરમાંજ વ્યાપી રહે છે. ચેતના એટલે સામાન્ય વિશેષ ઉપયોગ અથવા જ્ઞાન, તે આવરણો એટલે ગુણને આચ્છાદન કરનારા કર્મો તેના ક્ષયાદિના પ્રમાણમાં હોય છે. તે ગુણ અરૂપી એટલે રૂપ અથવા આકાર–આકૃતિ કે મૂર્ત્તિથી રહિત છે.

કર્મો જડ, રૂપી અને પુદ્ગળ છે. જડ એટલે ચેતના રહિત અને

રૂપી એટલે રૂપ સહિત છે, પણ અતિ સૂક્ષ્મતાને લીધે તે ચર્મ ચક્ષુથી જોઈ શકાતા નથી. પુદ્‌ગળ એટલે પુરાવું ને ગળવું અર્થાત્ વિખરાઈ જવું અને ભેગું મળવું, (જેનો પુરન, ગલન સ્વભાવ છે) તેથી જૈન ભાષામાં તેનું **પુદ્‌ગળ** નામ આપેલું છે, તે ઉપરથી સર્વ કર્મો જડ પદાર્થો–પુદ્‌ગળ કહેવાય છે. તેમજ રસાયણશાસ્ત્રમાં પણ પદાર્થોમાં ઉપરના ગુણો કહેલા છે. તે રસાયણ પ્રીતિ અને પ્રતિસારણ શક્તિથી ઓળખાય છે. રસાયણ પ્રીતિથી ભેગું મળી જવું થાય છે અને પ્રતિસારણ શક્તિથી વિખરાઈ જવું થાય છે.

મહાત્માનાં આ વચનો સાંભળી શોધકચંદ્ર અને સત્યચંદ્ર હૃદયમાં પ્રસન્ન થઈ ગયા. પછી શોધકચંદ્રે પોતાની જિજ્ઞાસા તૃપ્ત કરવા પ્રશ્ન કર્યો. "ભગવન્! આપની વાણીએ મારા હૃદયના કેટલાએક સંશયો દૂર કર્યા છે, તથાપિ વિશેષ જાણવા માટે પ્રશ્ન કરવાની ઇચ્છા થાય છે. આપે આત્માની અનંત શક્તિ કહી. પણ તે શક્તિ કેમ દેખાતી નથી ?"

મહાત્માએ પ્રસન્નતાથી કહ્યું, "ભદ્ર ! અનંતશક્તિ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્ય આદિ જેટલી શક્તિ પરમાત્મામાં છે, તેટલી શક્તિ સર્વ આત્મામાં છે; પણ તે કર્મોથી ઢંકાઇ ગઇ છે. જેમ સૂર્યમાં સર્વત્ર પ્રકાશ કરવાની શક્તિ છે, પણ વાદળાં આવવાથી તે ઢંકાઇ જાય છે, તે વાદળાના આવરણથી સૂર્ય દેખાતો નથી, પરંતુ તેનો પ્રકાશ માલમ પડે છે. એટલે રાત્રિના જેટલું અંધકાર થતું નથી, તેમ કર્મોથી ઢંકાએલા આત્માની સહેજ શક્તિ અને જ્ઞાન માલમ પડે છે. જેમ જેમ વાદળાં ઓછા વધતા પ્રમાણમાં માલમ પડે છે તેમ તેમ ઓછા વધતા પ્રમાણમાં કર્મો હોય, તે પ્રમાણે જીવની ઓછી વધતી શક્તિ માલમ પડે છે. જ્યારે વાદળાં તદન જતાં રહે છે, ત્યારે સૂર્ય નિર્મલ–તેજસ્વી દેખાય છે, તેમ જ્યારે આત્માને ઢાંકનારા કર્મોનો સર્વથા નાશ થાય છે, ત્યારે આત્મા નિર્મલ થાય છે, એટલે તેનામાં અનંતજ્ઞાન, અનંત દર્શન અને અનંતવીર્ય પ્રગટ થાય છે, તેથી તે જગત્‌ના સર્વ પદાર્થોને જોઇ શકે છે. અને આખા ચૌદ રાજલોકના પદાર્થનું સ્વરૂપ જ્ઞાનથી જાણી શકે છે. વળી તે જડ પદાર્થરૂપ કર્મોનો નાશ થવાથી આત્માને શરીર, જન્મ મરણ, ક્ષુધા,

તૃષા, નિદ્રા, ભય, શોક, રોગ, આધિ અને ઉપાધિ કાંઇ રહેતા નથી. તે નિરંજન, નિરાકાર, જ્યોતિરૂપ બની સદા આનંદમાં સર્વ લોકને અંતે આવેલ સિદ્ધશિલાની ઉપર એક યોજનના $\frac{૨૩}{૨૪}$ ભાગ છોડી છેલ્લા $\frac{૧}{૨૪}$ ના ભાગમાં આ લોકને અડકીને વિરાજમાન થાય છે; તે સિદ્ધના જીવો કહેવાય છે. તેઓ મુક્ત, પરમાત્મા, પરમેશ્વર, અને ભગવાન્ ઈત્યાદિ નામથી ઓળખાય છે." શોધકચંદ્ર મુખમુદ્રાને આનંદિત કરીને બોલ્યો–"ભગવન્! હવે પરબ્રહ્મનું સ્વરૂપ કેવું હોય? તે કૃપા કરી વર્ણવી બતાવો." મહાત્માએ કહ્યું, "ભદ્ર! શ્રીવીતરાગ, સર્વજ્ઞ, પરોપકાર પરાયણ અને સર્વદર્શી આપ્ત આત્માઓએ પરબ્રહ્મનું સ્વરૂપ જે કહેલું છે તે સાવધાન થઇને સાંભળો. તે પરબ્રહ્મ નિર્વિકાર, નિષ્ક્રિય, નિર્માય, નિર્મોહ, નિર્મત્સર, નિરહંકાર, નિઃસ્પૃહ, નિરપેક્ષ, નિર્ગુણ, નિરંજન, અક્ષર, અનાકૃતિ, અનંત, અપ્રમેય, અપ્રતિક્રિય, અપુનર્ભવ, મહોદય, જ્યોતિર્મય, ચિન્મય, આનંદમય, પરમેષ્ઠિ, વિભુ, શાશ્વત, સ્થિતિયુક્ત, રોધવિરોધરહિત, પ્રભાસહિત, અને જગત્સેવ્ય એવા પરબ્રહ્મ ઈશ્વર છે. જેના ધ્યાનના પ્રભાવથી ભક્તોને મુક્તિની પ્રાપ્તિ થાય છે. એવા ઈશ્વરરૂપ છે. તે પ્રભુના અનંત ગુણો છે, કે જેને કહેવાને કોઈ પણ સમર્થ થઈ શકતું નથી. તે સઘળા ગુણો સર્વ જીવોની સત્તામાં રહેલા છે, પણ તે કર્મોને લઇને ઓછા વધતા પ્રમાણમાં દબાયેલા રહે છે. જેમ જેમ તે કર્મોનું આવરણ દૂર થતું જાય છે, તેમ તેમ ગુણોનો પ્રકાશ પડતો જાય છે. અને છેવટે જ્યારે સર્વ આવરણ દૂર થઈ જાય છે, ત્યારે આત્મા નિર્મલ થઇ પરમાત્મ રૂપ બને છે.

મહાત્માના મુખથી આ પ્રમાણે પરમાત્માના સ્વરૂપનું વર્ણન સાંભળ્યું, એટલે તે સત્યચંદ્ર અને શોધકચંદ્ર અતિશય આનંદમય બની ગયા. ક્ષણવાર સુધી તેઓએ પરમાત્માના તે સ્વરૂપનું ધ્યાન કર્યું. પછી શોધકચંદ્ર મુખમુદ્રાને પ્રસન્ન કરતો બોલ્યોઃ–"ભગવન્! એવા પરમાત્મા સિદ્ધ ભગવાન્ કેટલા હશે?"

મહાત્માએ કહ્યું. "ભદ્ર! તે પરમાત્મા અનંત છે અનંતા જીવો કર્મોનો ક્ષય કરી મોક્ષે ગયા છે. તેથી અનંતા સિદ્ધ કહેવાય છે. અને હજી પણ અનંતા મોક્ષે જશે. તે સિદ્ધો જે મોક્ષ સ્થાનમાં

લોકાંતમાં જઇને રહે છે, ત્યાં જ્યોતિમાં જ્યોતિ મળી એક રૂપે થાય છે, ત્યાં તેમને માટે જુદી જુદી જગ્યાઓ નથી, તેથી સિદ્ધ ભગવાન્ પરમાત્મા એક છે. તે ઉપર દીવાનું દૃષ્ટાંત છે. જેમ સો દીવાઓ હોય, તે સોયે દિવાઓની બત્તી એક કોડીયામાં ભેગી કરીએ તો તે સો દીવાઓનો એકજ દીવો થશે. એવી રીતે સિદ્ધો પણ જ્યોતિરૂપ છે. તે એકમાં અનેક સમાય છે. તેથી તે અપેક્ષાએ સિદ્ધ એક પણ છે. આ જગત્ અનાદિ છે એટલે એવા સિદ્ધ અનંતા થઈ ગયા છે અને અનંતા થશે.

આ ઉત્તર સાંભળતાંજ સત્યચંદ્રે પ્રશ્ન કર્યો. જ્યારે અનાદિકાળ મુક્તિ માર્ગ વહેતો રહેશે અને અનંતા સિદ્ધો થયા કરશે તો પછી અંતે આ સંસાર ખાલી થઈ જશે કે નહીં ?

મહાત્માએ કહ્યું, " ભદ્ર ! એવી શંકા લાવશોજ નહીં. એ મુક્તિ માર્ગ કળશના નાળવાની પેઠે સદાકાળ વહેતો રહેશે અને આ સંસાર પણ ભવ્ય શૂન્ય થશે નહીં, એવું ભગવાનનું વચન છે, તે અસત્ય નથી, પરંતુ અલ્પ બુદ્ધિવાળા જીવોના હૃદયમાં તે વાત બંધ બેશે નહીં એ સ્વાભાવિક છે. તે ઉપર એક લૌકિક દૃષ્ટાંત અપાય છે, તે સાંભળો. નદીઓના દ્રહમાંથી નદીનો પ્રવાહ નીકળીને સદાકાળ સમુદ્ર ભણી વહે છે, તોપણ તે દ્રહો ખાલી થતા નથી. નદીનો પ્રવાહ બંધ થતો નથી. તેવીજ રીતે ભવ્ય જીવો સંસારમાંથી નીકળીને મુક્તિમાં જાય છે, તોપણ સંસાર ખાલી થતો નથી. ભવ્ય જીવો ખૂટતા નથી. અને મુક્તિ ભરાઇ જતી નથી. પ્રમાણના વેત્તાઓ વળી એક બીજું દૃષ્ટાંત પણ આપે છે. જેમ કોઇ બુદ્ધિમાન્ પુરૂષ જન્મથી માંડી મરણ પર્યંત ત્રણ લોકના સર્વ ધર્મના સર્વ શાસ્ત્રોનું પઠન કરતો અસંખ્ય આયુષ્ય નિર્વહન કરે તોપણ તેના અશ્રાંત પાઠથી તેનું હૃદય કદિ શાસ્ત્રોના અક્ષરોથી પૂર્ણ થતું નથી. શાસ્ત્રાક્ષરો ખૂટતા નથી. ખાલી થતા નથી. તેવી રીતે મુક્તિ માર્ગ અંતરાય વિના વહેતો રહેશે.

તે ઉપર એક સમુદ્રનું દૃષ્ટાંત પણ અપાય છે. સમુદ્રનું પાણી ખારૂં હોય છે. તેમાંથી કયારા ભરીને કરોડો મણ મીઠું પકવવામાં આવે છે. તે અનાદિકાળથી ચાલુ છે અને વળી અનાદિકાળ સુધી ચાલુ રહેશે. તે સમુદ્રમાં હજારો નદીઓનાં મીઠાં પાણી મળે છે. વ-

રસાદનું મીઠું પાણી પણ સમુદ્રમાં જાય છે, છતાં સમુદ્રનું પાણી કદિ પણ મીઠું થતું નથી, તેમ તે વધતું ઓછું થતું નથી, સદા જે સ્થિતિમાં છે, તે સ્થિતિમાં રહે છે, તેવીજ રીતે મુક્તિમાર્ગ વહેતો રહેવાનો છે. કદિ પણ તે પૂરાતો નથી અને આ સંસાર ખાલી પણ થવાનો નથી. જેમ એક ઘરમાં જેટલા દીવાઓ કરીએ તેટલા દીવાઓનો પ્રકાશ સમાઇ જાય છે. તેવી રીતે સિદ્ધના જીવો જ્યોતિમાં જ્યોતિરૂપે સમાઇ જાય છે.

સત્યચંદ્રે દીર્ઘ વિચાર કરી આ પ્રમાણે પ્રશ્ન કર્યો–ભગવન ! મારી તે શંકા દૂર થઈ ગઇ છે. પણ એક બીજી શંકા ઉદ્ભવે છે કે, પરમેષ્ઠિ સંજ્ઞાવાળા સિદ્ધાત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન અને અનંતવીર્યથી પ્રદીપ્ત છે, તે સિદ્ધ જીવો કર્મોને કેમ ગ્રહણ કરતા નથી? જો તેમને સુખ છે તો પછી તેઓને શુભકર્મોનું ગ્રહણ થવું જોઇએ. તેમને શુભ કર્મોના ગ્રહણનો નિષેધ કોણ કરે છે?

મહાત્મા બોલ્યા–“ભદ્ર ! તે સિદ્ધના જીવોને કર્મ ગ્રહણનો અયોગ છે. કારણકે, જે શરીર છે, તે પૂર્વકૃત કર્મોનો ઉદય આવેલો પિંડ છે, તેની અંદર જીવનું સૂક્ષ્મ શરીર છે. તે શરીરમાં પૂર્વના અનંત કર્મો દૂધ અને પાણીની માફક મળેલા છે અને તેને લીધે નવા અનંત કર્મો મળે છે. જે સૂક્ષ્મ શરીર છે તે તેજસ અને કાર્મણ શરીર કહેવાય છે, તેનાથી નવીન કર્મો ગ્રહણ કરાય છે તે શરીરોનો સિદ્ધોને અભાવ છે, તેથી તે સિદ્ધાત્મા કર્મોને ગ્રહણ કરતા નથી. વળી કર્મગ્રહણનું કારણ રાગદ્વેષ છે, તે સિદ્ધોમાં નથી. તે સિદ્ધાત્મા જ્યોતિષ્, ચિદ્ અને આનંદના ભરથી સદા તૃપ્ત હોય છે. તેને સુખ દુઃખની પ્રાપ્તિના કારણભૂત કાળ, સ્વભાવ આદિ પ્રયોજકોનો સદા અભાવ છે. વળી સિદ્ધાત્મા નિરંતર નિષ્ક્રિય છે અથવા સિદ્ધાત્માનું સુખ વેદનીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલું અનંત છે અને કર્મો સાંત ( સ્થિતિ પૂરી થયે નાશ પામેલા ) છે, તેથી પણ–અતુલ્યમાનને લીધે કર્મો સિદ્ધના સુખના હેતુ થઇ શકે નહીં. તાત્પર્ય કે સિદ્ધાત્મા કર્મોનું ગ્રહણ કરતા નથી. જેમ લોકમાં ક્ષુધા અને તૃષાથી મુક્ત એવા તૃપ્ત જીવને કાળમર્યાદા હોતી નથી, જિતેંદ્રિય સંતુષ્ટ યોગીને કાંઇ પણ ગ્રહણ કરવાની વાંચ્છા હોતી નથી અથવા જેમ

પૂર્ણ પાત્રમાં કાંઇ પણ સમાતું નથી, તેમ સદા ચિદાનંદામૃતથી પરિપૂર્ણ સિદ્ધાત્મા કિંચિત્ પણ કર્મને ગ્રહણ કરતા નથી. વળી જેમ મનુષ્યને અદ્ભુત નૃત્યદર્શનથી સુખ થાય છે, તેમ સિદ્ધોને આ વિશ્વના વર્તાવરૂપ નાટકના પ્રેક્ષણથી–જ્ઞાનાનંદથી નિત્ય સુખ વર્ત્તે છે.

શોધકચંદ્રે પ્રશ્ન કર્યો–" ભગવન્ ! આપના કહેવા પ્રમાણે સિદ્ધોને કર્મેંદ્રિય, જ્ઞાનેંદ્રિય, કે શરીર કાંઇ નથી તો પછી તેઓ અનંત સુખ કેવી રીતે પ્રાપ્ત કરી શકે ? "

મહાત્માએ ઉત્તર આપ્યો. ભદ્ર ! જેમ માણસને નિદ્રાવસ્થામાં ઇંદ્રિય જન્ય સુખ કે હસ્તપાદાદિકની ક્રિયા કાંઇ પણ દેખાતું નથી, તોપણ તે સુતેલા માણસને સુખ હોવાનું કહેવામાં આવે છે. કોઇ જ્વરાદિકથી પીડિત હોય પણ જ્યારે તે નિદ્રામાં હોય ત્યારે તેના સંબંધીઓ કહે છે કે, ' તે સુખમાં છે, તેને જગાડશો નહીં. એમ કહે છે, તેવી રીતે સિદ્ધના જીવોને જાગ્રત્ એટલે જ્ઞાનાદિ ઉપયોગવાળી અવસ્થામાં સદા સુખ હોય છે. અથવા જે યોગી આત્મજ્ઞાનામૃતનું પાન કરતો પોતાને સુખી માને છે, તેવા કોઇ સંતોષી અને જિતેંદ્રિય મુનિને કોઇ માણસ 'કેમ છે?' એમ પ્રશ્ન કરે તો તે 'સુખી છું' એવો ઉત્તર આપે છે. જોકે તે વખતે તેને કોઇ ઉત્તમ વસ્તુનો સ્પર્શ, કે ભોજનાદિકનો યોગ, ગંધગ્રહણ, દર્શન તથા શ્રવણ તેમજ હાથપગ પ્રમુખની ક્રિયા જોવામાં આવતી નથી, તથાપિ તે સંતોષી મહાત્મા ' હું સુખી છું ' એમ વારંવાર કહે છે, તેથી તેનું જે જ્ઞાન તેજ સુખ જાણવું. જ્ઞાનહીન પુરૂષ તે સુખનું કથન કરવાને સમર્થ નથી.

ભદ્ર ! વળી આ સંસારમાં જે સુખ કહેવાય છે, તે દુઃખના અભાવનુંજ નામ છે. વસ્તુતાએ સુખ એવી વસ્તુ કાંઇ છેજ નહીં. ક્ષુધાતુર ક્ષુધાની નિવૃત્તિમાં, રોગી આરોગ્યમાં, ચાલનાર માણસ વાહન મળવામાં, નિર્ધન ધનની પ્રાપ્તિમાં, અને નિઃસંતાન સંતાનના લાભમાં સુખ માને છે, આ સુખ ક્યાંથી આવ્યું ? માત્ર દુઃખની પીડાથી મુક્ત થવું, તેનું નામજ સુખ મનાય છે, પણ તે ઉપરના સુખો અસ્થિર છે. ક્ષુધા, રોગ, વગેરેના દુઃખો પાછા ઉત્પન્ન થાય છે. આધિ, વ્યાધિ, ઉપાધિ, જન્મ, જરા અને મરણના દુઃખો સઘળા જીવોની

પાછળ લાગેલા છે. કોઇ પણ સંસારી જીવ એ દુઃખથી મુક્ત રહેતો નથી. માત્ર સિદ્ધાત્માઓનેજ સર્વથા દુઃખનો અભાવ છે, તેઓને સર્વદા શાશ્વતું સુખ છે. ઇંદ્રિયોના વિષયો અને ક્રિયાઓ વિના પણ તેમને અનંત સુખ છે. તે સુખના જ્ઞાતા પણ તેઓજ છે. તે સુખનું વર્ણન કરવાને જ્ઞાની પણ સમર્થ નથી, કારણકે, તે સુખ નિરૂપમ છે.

મહાત્માના મુખથી આ પ્રમાણે વિવેચન સાંભળી શ્રાવક સત્યચંદ્ર અને શોધકચંદ્ર ઘણોજ આનંદ પામી ગયા. તેમની મનોવૃત્તિ નિઃશંક બની ગઇ અને પરમાત્માના શુદ્ધ સ્વરૂપનું ચિંતવન તેઓ શુદ્ધ હૃદયથી કરવા લાગ્યા.

ક્ષણવાર પછી શોધકચંદ્રે વિનયપૂર્વક જણાવ્યું, કૃપાનિધાન, આપે અમારા હૃદયને નિઃશંક કર્યું છે અને પરમાત્માના સ્વરૂપનું ખ્યાન કરી અમારા અતૃપ્ત આત્માને તૃપ્ત કરી દીધો છે. હવે જીવના સ્વરૂપને માટે અન્ય મતિઓ જે કહે છે, તેનું નિરાકરણ કરવાની કૃપા કરો તો અમારા હૃદયને ઉત્તમ પ્રકારની દૃઢતા પ્રાપ્ત થાય. કેટલાએક અન્યમતિઓ આ જીવને ક્ષણિક માને છે, તેનું શું હશે? તે સમજાવો.

મહાત્માએ પ્રસન્ન મુદ્રાથી જણાવ્યું, ભદ્ર, તે વિષે સાવધાન થઇને સાંભળો. શ્રી વીર ભગવાન્ જીવને નિત્ય કહે છે એટલે જીવાત્મા ત્રણે કાળે અવિનાશી છે, એમ જણાવે છે. તે મહાન્ પ્રભુનું એ વચન સર્વથા સત્ય અને અનુભૂત છે. તેઓ મહાત્મા એમ પણ કહે છે કે, કોઇ પણ વસ્તુનો સર્વથા મૂલથી નાશ થતો નથી, માત્ર તેના પર્યાયો બદલાયા કરે છે. આ વાત અનુભવ સિદ્ધ પણ થઈ શકે છે. આધુનિક રસાયણશાસ્ત્રના વેત્તાઓએ પણ તે સિદ્ધ કરી બતાવ્યું છે. જેમકે, એક વસ્ત્ર અથવા કાષ્ટ છે, તેને અગ્નિથી બાળી નાંખવામાં આવે, તેથી તે વસ્ત્ર તથા કાષ્ટનો નાશ થતો દેખાય છે પરંતુ પુદ્ગલ પરમાણુંનો નાશ થયો નથી, એમ વિચાર કરવાથી સ્પષ્ટ રીતે સમજાશે. બળી ગયેલા વસ્ત્ર અને કાષ્ટની રાખ કાયમ રહેલી છે. વસ્ત્ર તથા કાષ્ટની આકૃતિરૂપ પર્યાયનો નાશ થયો પણ તેના પરમાણુઓ વિખરાઇને અદૃશ્યપણે કાયમજ રહે છે, તેથી તેવા પદાર્થનો પણ રૂપાંતર થઇ નાશ થતો નથી તો પછી અવિનાશી આત્માનો નાશ શી રીતે થાય? તે આત્મા

કાપતા કપાતો નથી, છેદતાં છેદાતો નથી અને બાળતાં બળતો નથી, તે અમર છે-નિત્ય છે.

જો પર્યાયની અપેક્ષાએ કહેવામાં આવે તો તે જીવ ક્ષણિક પણ માની શકાય. જેમ આપણે સઘળાં મનુષ્ય વગેરે પ્રાણીઓનો નાશ થતો જોઈએ છીએ, તે પર્યાયની અપેક્ષાએ નાશવંત છે. જે દેહધારી જીવો છે, તે જીવોના દેહનો નાશ થાય છે, પણ જીવતત્ત્વનો નાશ થતો નથી. જેમ ઘરનો માલિક એક ઘરમાંથી નીકળી બીજા ઘરમાં રહેવા જાય છે, તેમ જીવ આ શરીરને છોડી બીજું શરીર ધારણ કરે છે અને બીજાને છોડી ત્રીજું શરીર ધારણ કરે છે. જો જીવનો નાશ થતો માનવામાં આવે તો નાસ્તિકતા પ્રાપ્ત થાય, અને દેહ સાથે જીવનો નાશ થતો હોય તો પછી પુણ્ય પાપ રહે નહીં, ધર્મ કરવાની જરૂર રહે નહીં. શાસ્ત્રો ભણવા કે સાંભળવા તથા ઉપદેશ કરવાની આવશ્યકતા રહે નહીં. પ્રભુ ભક્તિ કરવાની જરૂર રહે નહીં, ધર્મ અને નીતિની મર્યાદાનો ભંગ થઇ જાય. જો આત્માને અમર માનવામાં આવે તેમ જ એક દેહ છોડી બીજા દેહમાં જાય છે તેમ માનવામાં આવે તો જ પુણ્ય, પાપ, ધર્મ, નીતિ અને ઈશ્વર ભક્તિ વગેરે કૃત્યોની સિદ્ધિ થાય છે. વળી યોગિ લોકોએ અને પશ્ચિમના કેટલાએક શોધક વિદ્વાનોએ સિદ્ધ કર્યું છે કે, આત્મા એક દેહમાંથી શુભાશુભ કર્મના યોગે બીજું શરીર ધારણ કરી શુભાશુભ કર્મ ભોગવે છે. વેદાંતમાં પણ પ્રારબ્ધ સંચિત અને ક્રિયમાણ-એ ત્રણ પ્રકારના કર્મ પ્રતિપાદન કરેલા છે. તે કર્મની સિદ્ધિ આત્માને નિત્ય માનવાથીજ થાય છે. શ્રી વીર પ્રભુ કહે છે કે, જે લોકો આત્માને નિત્ય માનતા નથી, તે લોકોની ધર્મમાં પ્રવૃત્તિ થઇ શકતી નથી. આત્માને નિત્ય માનવામાં આવે તો જ ધર્મ અને નીતિમાં પ્રવૃત્તિ થઈ શકે છે. એક ઇંગ્રેજ વિદુષી મીસીસ એનીબીસેન્ટ આત્માને નિત્ય માની પુનર્જન્મની વાત સિદ્ધ કરી બતાવે છે અને કેટલાએક મનુષ્યોને જાતિસ્મરણ જ્ઞાન થવાથી તેઓ પૂર્વ જન્મની વાત જાણી શકે છે. વળી, વ્યંતર દેવો કે જેમને આપણે ભૂત કહીએ છીએ, તે તેના કુટુંબના કોઇ માણસના શરીરમાં પ્રવેશ કરી તેના પાછલા ભવની હકીકત કહે છે, આ ઉપરથી

આત્માનું નિત્યત્વ નિઃસંદેહ સિદ્ધ થાય છે. આમ માનવાથી પોતાના સારા અને નરસા જન્મ શાથી થાય છે, તે ઉપર મનુષ્યો વિચાર દોડાવે છે. એક રાજકુળમાં જન્મે છે અને એક ભીખારીને ત્યાં જન્મ લે છે. એક જ માતાના ઉદરમાંથી જન્મેલા બે પુત્રોમાં એક વિદ્વાન્ બને છે અને એક મૂર્ખ થાય છે. એક સુખી દેખાય છે અને બીજો દુઃખી દેખાય છે. એક આત્મા મનુષ્યનો અને એક પશુનો અવતાર લે છે. એક આત્મા ઇચ્છિત પદાર્થોને અનાયાસે પ્રાપ્ત કરે છે અને બીજાને ખાવાને અન્ન પણ મળતું નથી, એક પુત્ર જન્મતી વખતે અપંગ થઈ જાય છે, કાંતો ગર્ભમાંજ મૃત્યુ પામી જાય છે અથવા માબાપ વિનાનો થઇ જાય છે અને કોઇ એકનો જન્મ થતાંજ તે ધાત્રીઓના લાડપાડમાં ઉછરે છે. આ પ્રમાણે જન્મ થતાંની સાથે જે સુખ દુઃખ પ્રત્યક્ષ જોવામાં આવે છે, તેનું કાંઇ પણ બાહ્ય કારણ દેખાતું નથી ત્યારે અનુમાન પ્રમાણથી વિચારતાં માલમ પડશે કે, એનું કારણ કોઈ અદૃશ્ય છે. તે અદૃશ્ય કારણને પુણ્ય પાપ–કર્મ કહો યાને શુભાશુભ પ્રકૃતિ કહો પણ એ કાંઇ પણ જન્મ થતાં અગાઉનું પાછલા ભવનું શુભાશુભ કર્મ હોવું જોઇએ એમ સિદ્ધ થાય છે. હવે જ્યારે પુણ્ય પાપ છે તો પછી તેનો કર્ત્તા કોઇ હોવો જોઇએ. જો તેનો કર્ત્તા કોઇ બીજો માનવામાં આવે તો તેનો ભોક્તા પોતે બની શકે નહીં, માટે તેનો કર્ત્તા અને ભોક્તા જીવ પોતેજ છે, એમ સાબિત થાય છે. વળી જીવ જન્મ થતાં અગાઉ માતાના ઉદરમાં નવમાસ હતો, તે અગાઉ કોઇ પણ ઠેકાણે હોવો જોઇએ, નહીં તો તે આવ્યો ક્યાંથી? વળી તે દેહ છોડયા પછી કોઇ ઠેકાણે જવો જોઇએ; એજ પુનર્જન્મની સાબીતી કરે છે. આ ઉપરથી એમ પણ સિદ્ધ થયું કે, પુણ્ય પાપ ( શુભાશુભ કર્મ )ને ભોગવવા માટે જ જન્મ મરણ થાય છે, તેને જ સંસાર કહે છે. સંસાર એટલે એક ગતિમાંથી બીજી ગતિમાં જવું અગર સંસરવું–પરિભ્રમણ કરવું, તે સંસાર; એમ અનાદિ કાલથી સંસારી જીવો પરિભ્રમણ કરે છે. જ્યારે તે પુણ્ય પાપથી રહિત થાય, ત્યારે તેને પુણ્ય પાપનું ફલ ભોગવવાનું રહેતું નથી. તેમજ જન્મ મરણ કરવાની જરૂર રહેતી નથી. આનું નામજ મોક્ષ

કહેવાય છે, જેથી પુણ્ય પાપરૂપ બંધન તે સંસાર અને પુણ્ય પાપથી છુટકારો તે મોક્ષ એમ સિદ્ધ થયું. તે મોક્ષ પામેલો આત્મા તે પરમાત્મા કે સિદ્ધ, બુદ્ધ, ભગવાન્, બ્રહ્મ કહેવાય છે.

શોધકચંદ્રે શંકા લાવીને પ્રશ્ન કર્યો—" ભગવન્! જ્યારે આત્મા અરૂપી છે અને કર્મ જડ રૂપી છે; વળી તે આત્મા નિત્ય છે અને કર્મ અનિત્ય છે, એમ બંને ભિન્ન ભિન્ન સ્વભાવવાળા છતાં તે બંનેનો યોગ શી રીતે થાય ? અને તે ક્યારે થયો ? એ કૃપા કરી સમજાવો.

મહાત્માએ ઉત્તર આપ્યો. ભદ્ર ! જેમ ખાણમાં પત્થર અને માટીની સાથે સોનાનો સંયોગ ક્યારે અને કઇ રીતે થયો ? એ કહી શકાય નહીં, તેમ તે અનાદિકાળથી છે. પત્થર, માટી અને સોનાનો સ્વભાવ ભિન્ન ભિન્ન છે, છતાં પત્થર અને માટીની સાથે સુવર્ણનો યોગ થઈ આવે છે. તેવી રીતે જીવને જડકર્મોની સાથે જ અનાદિનો સંબંધ છે. વળી જેમ કાષ્ટ અને અગ્નિનો સ્વભાવ ભિન્ન ભિન્ન છે, પણ એ બંનેનો સંયોગ કરતાં કાષ્ટ બળી જશે, પરંતુ કાષ્ટની અંદર જેમ સત્તારૂપે અગ્નિ રહેલો છે, તેમ કર્મ સાથે જીવનો અનાદિથી સંબંધ રહેલો છે. જેમ દૂધ અને તેમાં રહેલા ઘૃતનો અને તલ અને તેમાં રહેલા તેલનો સંયોગ સમકાળે થયેલો હોય છે, તેવી રીતે આત્મા અને કર્મોનો યોગ કેવળજ્ઞાનીઓએ અનાદિ સિદ્ધ કરેલો છે.

જેમ પત્થર અને માટીમાંથી સોનુ, દૂધમાંથી ઘી, લાકડાંમાંથી અગ્નિ અને તલમાંથી તેલ જુદું પાડી શકાય છે, તેમ કર્મોથી આત્મા જુદો પાડી શકાય છે. જેમ પત્થરથી જુદા પડેલા સોનાનો, દૂધથી જુદા પડેલા ઘીનો અને તલથી જુદા પડેલા તેલનો મેલાપ ફરીવાર પાછો તે તે વસ્તુ સાથે થતો નથી, તેમ કર્મોથી જુદો પડેલો આત્મા પરમાત્મા કે સિદ્ધ ભગવાન રૂપ બનેલો તેનો જડરૂપ કર્મોની સાથે પાછો મેળાપ થતો નથી.

જેમ સોનું ખાણમાંથી શોધી કાઢે છે, તે વખતે આપણે પત્થર અને માટી જ દેખીએ છીએ. તેમાં સોનું છે, એમ પણ આપણાથી જાણી શકાતું નથી, પરંતુ જે ભુસ્તર વિદ્યાના જ્ઞાતા સોનાના પરીક્ષકો હોય છે તેઓ તેમાં સોનું છે, એમ પારખી શકે છે અને તેમાંથી શુદ્ધ સોનું કાઢવાની ક્રિયા જાણે છે અને તે ક્રિયાવડે શુદ્ધ સોનું જુદુ

કાઢી બતાવે છે. તેવી રીતે જે કેવળજ્ઞાની પુરૂષો છે, તેઓ 'આત્મા તે પરમાત્મા છે' એવું કહે છે અને શુદ્ધ આત્માની સાથે મળેલા જડ-કર્મોમાંથી શુદ્ધ આત્માને જુદો પાડવાની ક્રિયાના તેઓ જાણ હોય છે, તે પ્રકારનો ક્રિયામાર્ગ તેમણે આગમમાં બતાવ્યો છે. તેવા પુરૂષોની પાસેથી ક્રિયા અને જ્ઞાન સંપાદન કરી આત્માને લાગેલા જડકર્મોને જુદા પાડી આત્માને શુદ્ધ બનાવી આપણે પરમાત્મા રૂપ થઈ શકીએ.

ભદ્ર શોધકચંદ્ર! જીવની સાથે કર્મોનો પ્રવાહથી અનાદિ સંબંધ છે, એ વાત અવશ્ય માનવી જોઇએ. જો તે માનવામાં ન આવે તો તેમાં આ પ્રમાણે મોટા દૂષણો આવે છે.

૧. જીવ પેહેલો અને કર્મની ઉત્પત્તિ પછી થઇ એમ જો માનવામાં આવે તો કર્મ રહિત આત્મા નિર્મળ સિદ્ધ થાય, પછી તે નિર્મળ આત્મા સંસારમાં શરીરધારી થઇ ઉત્પન્ન થઈ શકે નહિ. નહિ કરેલા કર્મોના ફલ ભોગવવાનું બને નહિ, કર્યા વિના કર્મના ફલ ભોગવવામાં આવે તો સિદ્ધને પણ કર્મનું ફલ ભોગવવું પડે અને તેથી કૃત–કરેલાનો નાશ અને અકૃત–નહિ કરેલાનું આગમન ઇત્યાદિ દૂષણ લાગે.

૨. કર્મ પ્રથમ ઉત્પન્ન થયા અને જીવ પછી થયો, એમ માનીએ તો તે ઘટતું નથી. કારણકે જેમ માટીમાંથી ઘડો થાય છે, તેમ જેમાંથી જીવ ઉત્પન્ન થઇ શકે એવા ઉપાદાન કારણ વિના જીવ ઉત્પન્ન થઈ શકે નહિ. જીવે જે કર્મ કર્યાં ન હોય, તેનું ફલ તેને હોયજ નહિ જીવ કર્ત્તા વિના કર્મ ઉત્પન્ન થઈ શકે નહિ. ઇત્યાદિ.

૩. જો જીવ અને કર્મ એક જ વખતે ઉત્પન્ન થયા એમ માનવામાં આવે તોપણ અસત્ છે; કારણકે જે વસ્તુ સાથે ઉત્પન્ન થાય, તેમાં કર્ત્તા અને કર્મ એવો ભેદ થઇ શકે નહીં. જે કર્મ જીવે કરેલું ન હોય, તેનું ફલ જીવને હોય નહિ. જેમાંથી જીવ અને કર્મ ઉત્પન્ન થઇ શકે એવાં ઉપાદાન કારણ વિના જીવ અને કર્મ પોતાની મેળે જ ઉત્પન્ન થઇ શકે નહિ ઇત્યાદિ.

૪. જીવ સચ્ચિદાનંદરૂપ એકલો છે અને કર્મ છેજ નહિ, એવો પક્ષ જો સ્વીકારીએ તો પછી આ જગતની વિચિત્રતા સિદ્ધ થાય નહિ.

૫. જો જીવ અને કર્મ કાંઈ છેજ નહિ એમ માનવામાં આવે તો તે પણ મિથ્યા છે, કારણકે, જો જીવ જ નથી તો એ જ્ઞાન કોને થયું ? કે કાંઈ છે જ નહિ ?

ભદ્ર શોધકચંદ્ર! તેથી માનવું જોઇએ કે, જીવ અને કર્મનો સંબંધ પ્રવાહથી અનાદિ છે; એ વાત યુક્તિથી સિદ્ધ થાય છે. તે વિષે ઘણાં દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે. જેમ ડાંગેરમાં ચોખા અને છોડાનો સંબંધ ક્યારે થયો? તેની આદિ નથી. જ્યાં સુધી ચોખાની સાથે છાલનો જરા પણ સંબંધ હોય ત્યાં સુધી ચોખાને કુટાવું પડે છે. જ્યારે ચોખા શુદ્ધ થાય ત્યારે તે કુટાવાનું બંધ થાય છે. વળી જમીનમાં વાવેલા ચોખા શુદ્ધ હોય તો ઉગતા નથી, જ્યારે તેની સાથે છોડાં હોય ત્યારે તે ઉગે છે. એવી રીતે આત્માની સાથે જડકર્મો લાગેલા રહે છે, જ્યાં સુધી તે કર્મ લાગેલા હોય છે, ત્યાં સુધી તેને કુટાવું પડે છે, તેવી રીતે કર્મોના યોગથી જીવને જન્મ મરણ થયા કરે છે. જ્યારે જીવ ચોખાના જેવો નિર્મલ-શુદ્ધ થાય છે, ત્યારે તેને ફરી વાર જન્મ લેવાનું કે કુટાવાનું રહેતું નથી.

## દૃષ્ટાંત ૨ જું.

જેમ સાકર અને શેરડીનો અનાદિ સંબંધ છે. સાકરથી શેરડી થતી નથી પણ શેરડીથી સાકર બને છે. તે શેરડી ક્યારે થઇ તેની આદિ કહી શકાશે નહિ. શેરડીને અનાદિ જ માનવી પડશે. કારણ શેરડી હોય તો જ નવી શેરડી ઉત્પન્ન થાય છે. શેરડીની જેટલી ગાંઠો છે, તેટલા નવા રોપા થઈ શકે છે, એટલે શેરડી છે, ત્યાં સુધી ફરી ઉગવાની તેનામાં શક્તિ રહેલી છે. તેની સાકર થયા પછી તેને નવો જન્મ ધારણ કરવો પડતો નથી. શેરડીની સાકર કરવા માટે શેરડી ઉપર ઘણાં સંસ્કારો કરવામાં આવે છે. તેને પીલીને રસ કાઢી, તેને કડામાં તપાવી તેનો મેલ દૂર કરી, તેની ચાસણી બનાવી તેને માટીના વાસણમાં ભરી જમીનમાં ખાડો કરી આસપાસ રાખ નાંખી થોડા દિવસ દાટી મુકવામાં આવે છે અને તેની સાકર બને છે. આ પ્રમાણે સાકર બન્યા પછી તેને ફરી વાર ઉપર કહેલા સંસ્કારો કરવા પડતા નથી. તેવી રીતે પરમાત્મા સાકરના જેવા શુદ્ધ છે. જેમ શેરડીમાંથી સાકર બનાવતાં અનેક જાતના મેલો અનુક્રમે દૂર થઇ જવાથી તે શુદ્ધરૂપ બને છે, તેવી રીતે આત્મામાંથી જડકર્મ રૂપ મેલ જેમ જેમ ઓછો થતો જાય છે, તેમ તેમ તે આત્મા રાજા, બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી અને દેવ થઇ છેવટે મનુષ્યરૂપ થઇ સર્વથા કર્મનો ક્ષય કરી

કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સર્વજ્ઞ બને છે. તેઓ શરીરનું આયુષ્ય બાકી હોય ત્યાં સુધી તેવા સર્વજ્ઞ થવાની ક્રિયા સર્વ જીવોને ઉપકાર અર્થે બતાવે છે અને આયુષ્ય પૂર્ણ થતાં તે મોક્ષે જાય છે. ત્યાં તે સિદ્ધ પરમાત્મા જ્યોતિરૂપ, આનંદમય બની બેસે છે. પછી તેમને જન્મ-મરણ કરવાનું રહેતું જ નથી. તેજ પરમાત્મા કહેવાય છે.

## દૃષ્ટાંત ૩ જું.

જુદી જુદી જગ્યાના પાણી જુદા જુદા વાસણમાં લાવીએ. એકમાં સમુદ્રનું, એકમાં સરિતાનું, એકમાં તળાવનું, એકમાં ખારા કુવાનું, એકમાં મીઠા કુવાનું, એકમાં મોળા કુવાનું અને એકમાં ગટરનું. આ બધા પાણીના સ્વાદ અને રંગ જુદા છે, ત્યારે શું તે પાણી જુદાં છે? તત્ત્વથી વિચાર કરશો તો સમજાશે કે, બધા પાણીમાં શુદ્ધ ચોખ્ખું પાણી એક સરખું જ રહેલું છે. શુદ્ધ અને ચોખ્ખું પાણી જુદી જુદી જમીનમાં રહેવાથી, જમીનમાંના જુદા જુદા પદાર્થો મળવાથી તેના જુદા જુદા રંગ તથા સ્વાદ થવાથી તે જુદા જુદા કહેવાય છે. જો તે સઘળા પાણીને ઉકાળી, તેમાંની વરાળ કરી તેનું પાણી બનાવવામાં આવે તો તે પાણી શુદ્ધ, સરખા રંગવાળું અને વરસાદના પાણી જેવું સ્વાદિષ્ટ બની જાય છે, માટે સઘળા પાણીમાં શુદ્ધ પાણીત્વ રહેલું છે, તફાવત માત્ર જુદા જુદા પદાર્થો મળવાનો છે. તેવી જ રીતે બધા મનુષ્યો, પશુઓ, પક્ષીઓ અને સઘળી જાતના જીવોમાં જુદા જુદા સ્વભાવના જુદા જુદા કર્મોરૂપ જડ પદાર્થો મળેલા છે, તેથી સઘળા જીવોના સ્વભાવ, રૂપ, રંગ અને જાતિ જુદી જુદી કહેવાય છે, પણ તે સઘળામાં શુદ્ધ પરમાત્મારૂપ એક સરખો આત્મા રહેલ છે, તેને લાગેલા કર્મોને તપરૂપ અગ્નિથી બાળીને જુદો પાડી પરમાત્મારૂપ નિર્મલ આત્મા કરી શકાય છે, માટે આપણે સઘળાં જીવો પરમાત્મારૂપ છીએ.

જેમ વરાળની ગતિ ઉંચે આકાશમાં જવાની છે, તેમ શુદ્ધ આત્માની પણ ગતિ ઉંચે-આકાશમાં જવાની છે, તેથી લોકાકાશને અંતે સિદ્ધાત્મા સ્થિર થઇ રહે છે.

આ દૃષ્ટાંતમાં માત્ર એટલો જ તફાવત છે કે જેમ લૌકિકમાં કહેવામાં

આવે છે કે વરાળનું પાણી થઇ ચોમાસામાં જમીનમાં પડી તેમાં જુદા જુદા પદાર્થો મળવાથી તે પાણી જુદી જુદી જાતના પાછા થાય છે; પરંતુ સિદ્ધાત્માને ફરીથી નીચે ઉતરી જન્મ–મરણ કરવાં પડતાં નથી; કારણકે, સિદ્ધાત્માની અંદર અનંતજ્ઞાન અને અનંતશક્તિ છે, તેમ જ અરૂપી છે અને કર્મરૂપ બીજ બળી ગયું છે, અને જે વરાળ છે, તે જડ છે અને જડનો સ્વભાવ રૂપાંતર થવાનો છે.

જેમ પાણીમાં જેવા જેવા રંગ તથા જેવા જેવા સ્વાદની વસ્તુઓ મળે, તેવા તેવા તેના રંગ તથા સ્વાદ થાય છે, તેવી જ રીતે આત્માની સાથે જેવા જેવા કર્મ પુદ્ગલો મળે છે, તેવા તેવા તેના રંગ, રૂપ અને સ્વભાવ થાય છે. જેમ પાણી મરચાં સાથે મળવાથી તીખું થાય છે, અફીણ સાથે મળવાથી કડવું થાય છે અને સાકર સાથે મળવાથી ગળ્યું થાય છે, તેવી રીતે આત્મા તેવા તેવા જડકર્મો મળવાથી તેવો તેવો બને છે, ક્રોધી, કટુભાષી, મધુરભાષી અને શાંત બને છે. જેમ સાકર મળવાથી પાણી ગળ્યું લાગે છે, તેમ જીવમાં તેવા ઉચ્ચ પુદ્ગલો મળવાથી, તેની વાણીમાં મીઠાશ લાગે છે. ઈત્યાદિ જે અનેક પ્રકારની વિચિત્રતા જોવામાં માલુમ પડે છે, તેનું કારણ પરમાણુઓમાં રહેલ અનેક પ્રકારના સ્વભાવો છે. આ ભેદ જીવનો નથી પણ માત્ર જડ–પુદ્ગલોનો છે. જ્યારે આત્મા નિર્મળ બને છે, ત્યારે તે નિર્મળ આત્મામાં એકસરખો સ્વભાવ રહે છે, તે સિદ્ધાત્મા–પરમાત્મા કહેવાય છે.

વળી જેમ સુખડીઆ લોકો ખાંડના રમકડાં બનાવે છે, તે જુદી જુદી આકૃતિના થાય છે. ખાંડની ચાસણી જેવા જેવા સંચાના આકારમાં રેડવામાં આવે, તેવા તેવા ઘાટના રમકડાં તૈયાર થઇ નીકળે છે, પણ બધામાં ખાંડ એક જ છે, તેમ જીવ જેવા જેવા કર્મના પુદ્ગલો મેળવ્યા હોય, તેવી તેવી જાતિની માતાના ઉદરરૂપ સાંચામાં જઈને દાખલ થાય છે અને તેવા પ્રકારના જીવના ઘાટ બને છે, પણ બધામાં જીવ એકસરખો છે.

ભદ્ર શોધકચંદ્ર! આ ઉપરથી સિદ્ધ થયું કે, જે આ શરીર તે હું (જીવ) નહિ. શરીર એ જ જડ પુદ્ગલ છે અને હું જે આત્મા તે જડથી જુદો છું, કારણકે આત્માનો સ્વભાવ અને જડનો સ્વભાવ

ભિન્ન ભિન્ન છે, માટે તે એક જ હોઇ શકે નહીં. તે આત્મા નિત્ય-અવિનાશી છે અને શરીર અનિત્ય-નાશવંત છે. આત્મા અરૂપી છે અને શરીર રૂપી છે. આત્મામાં ચૈતન્ય ગુણ એટલે જ્ઞાન છે અને શરીર જડ છે. શરીર સડણ પડણ અને વિધ્વંસન અથવા રૂપ, રસ, ગંધ અને સ્પર્શના સ્વભાવવાળું છે અને આત્મામાં તેવા પ્રકારનો સ્વભાવ નથી. વળી શરીર, પુરૂષ, સ્ત્રી અને નપુંસક-એ ત્રણ વેદ-વાળું છે અને આત્મા એ ત્રણ વેદથી રહિત છે, તેથી શરીર અને આત્મા ભિન્ન ભિન્ન સ્વભાવવાળા હોવાથી શરીર એ આત્માથી ભિન્ન છે. તેમ જ હું અને મારૂં એવો અન્ય પદાર્થ ઉપર આત્માને ભ્રમ થયેલો હોવાથી આ શરીર તે હું અને આ મારૂં શરીર; એ પણ તેનું કે તેજ તે નહિં હોવાથી ભિન્ન છે.

મહાત્માનાં આ વચનો સાંભળી શોધકચંદ્રે શંકા લાવી આ પ્રમાણે પુછયું, "ભગવન્! જ્યારે શરીર અને આત્મા ભિન્ન છે, ત્યારે જીવ પોતે શરીરે સુખી થવાથી સુખી અને દુ:ખી થવાથી દુ:ખી કેમ માને છે?"

મહાત્મા બોલ્યા-"ભદ્ર! જ્યારે શરીરને ઠંડીના પુદ્‌ગુલો સ્પર્શે છે, ત્યારે જીવ 'મને ટાઢ વાઇ' એમ કહે છે; જ્યારે શરીરને ગરમીના પુદ્‌ગલો સ્પર્શે છે, ત્યારે જીવ 'મને શરીરે તાપ લાગ્યો' એમ કહે છે અને જ્યારે કાંટો વાગે છે, ત્યારે જીવ કહે છે કે, 'મને દુ:ખ થયું.' આ ઉપરથી સિદ્ધ થાય છે કે, ઠંડ, તાપ અને દુ:ખ થવાનું જ્ઞાન શરીરને થતું નથી, કારણકે, તે જડ છે અને તે જ્ઞાન આત્માને થાય છે. એવી રીતે સુખનું જ્ઞાન પણ જડરૂપ શરીરને ન થતાં આત્માને થાય છે. આ બધા સુખ દુ:ખ શરીરને પોતાનું માન-વાથી આત્માને થાય છે. જે કાંઇ પણ મમત્વ છે, તેથી જ દુ:ખ થાય છે. જેમ મારૂં ઘર પડી ગયું, મારો કોટ જતો રહ્યો અને મારી વીંટી ગુમ થઈ." આમાં ઘર, કોટ, અને વીંટીમાં મારાપણું હતું, તેથી તે જવાથી દુ:ખ થયું, પણ જો તે ઘર ભાડાનું હોય અને પડી જાય તો તેનું દુ:ખ થતું નથી. અગર તે કોટ કે વીંટી બીજાને વેચાતી આપી હોય એટલે તેમાંથી મમત્વનો નાશ થવાથી પછી તે કોટ અને વીંટી ગુમ થાય તો પણ મમત્વના અભાવને

લઇને દુઃખ થતું નથી, આથી જીવને દુઃખ થવાનું કારણ મમત્વ જ છે, એમ સિદ્ધ થાય છે.

જો આત્માને એવું ભાન થાય કે, આ શરીર અને આ દેખીતા પદાર્થો મારા નથી, હું તેમનાથી જુદો છું, એવી દૃઢ વાસના થાય, ત્યારે શરીર અને પદાર્થોને લઇને આત્માને જે દુઃખ થતું તે થાય જ નહિ. ભદ્ર ! શોધકચંદ્ર જે આત્મા કાપવાથી કપાતો નથી, છેદવાથી છેદાતો નથી, અને અગ્નિથી બળતો નથી, તેવા શુદ્ધ આત્માને કાંઇ પણ થતું નથી. પરંતુ શરીરમાં વ્યાપી રહેલો આત્મા શરીરને દુઃખે દુઃખી અને શરીરને સુખે સુખી થાય છે, તે 'શરીર તે જ હું છું,' એવી દૃઢ વાસના બેઠેલી છે, તેથી તેને સુખ દુઃખ થાય છે. જેમ જીર્ણ થયેલા વસ્ત્રને કાઢી નાંખી બીજું નવું વસ્ત્ર પહેરવાથી દુઃખ થતું નથી તેમ જીવને આ દેહનો નાશ થવાથી બીજા દેહમાં જવાનું છે, તેમ જ હું (આત્મા) તો અમર છે, શરીર નાશવંત છે એમ માનવાથી તેને મરણનું દુઃખ થતું નથી. શરીરને જે સુખ દુઃખ થાય છે તે જડને થાય છે. જડમાં, સુખ દુઃખનું જ્ઞાન નથી, તે સુખ દુઃખને જાણતું નથી. જીવમાં તે જાણવાનું જ્ઞાન છે, તેથી તે સુખ દુઃખને જાણે છે.

ભદ્ર શોધકચંદ્ર ! આ વિષે એક આધુનિક દૃષ્ટાંત પણ લાગુ પડે છે. જેમ ઇંજીન ( બૉઇલર ) ચલાવનારો ઈજિનેર છે, તે બૉઇલરને જોઇતી સામગ્રી કોલસા, પાણી અને અગ્નિ વગેરે પૂરી પાડી બૉઇલર ચલાવે છે, તેમ જીવરૂપી ઇંજનેર આ શરીરને અન્ન જલરૂપ સામગ્રી પૂરી પાડી તે શરીર બૉઈલરને ચલાવે છે. જેમ બૉઇલર જુનું થઇ જાય, ત્યારે તેના સાંચા બગડી જાય છે, પછી તેની સામગ્રી પૂરી પાડતાં પણ તે ચાલી શકતું નથી, ત્યારે ઈજિનેર તેને છોડી નવું બૉઇલર કરી ચલાવે છે, તેમ જીવ આ શરીર રૂપી બૉઇલર બગડવાથી જ્યારે તે બંધ પડે ત્યારે તેને છોડી નવું શરીરરૂપી બૉઇલર પેદા કરી તેને ચલાવે છે. જુનું બૉઇલર પોતાનું માન્યું હોય અને તેથી જો તે બગડે તો ઈજિનેરને દુઃખ થાય છે, પણ જો બૉઇલરનો માલીક જુદો હોય અને ઇજનેર નોકરીથી કામ કરતો હોય તો કદિ બૉઇલર નકામુ થાય તોપણ ઇજનેરને દુઃખ થતું

નથી. તેવી રીતે જો જીવ શરીર ઉપર મમત્વ બાંધે નહિ તો તે મરવામાં દુઃખ માને નહિ. તેને માટે આ પ્રમાણે શ્લોક કહેવાય છે.

“ अहं ममेति मंत्रोऽयं मोहस्य जगदांध्यकृत् ।
अयमेवहि नञ्पूर्वः प्रतिमंत्रोऽपि मोहजित्” ॥ १ ॥

( શ્રીમદ્ યશોવિજયજીકૃત જ્ઞાનસાર-મોહાષ્ટક. )

“ હું અને મારૂં, એ મોહનો મહામંત્ર જગતને અંધ કરી નાંખે છે, પણ જો એ મંત્રની સાથે ન ભેળવ્યો હોય, એટલે (તે) હું નહિ અને (તે) મારૂં નહિ’ એમ પ્રતિ મંત્ર કર્યો હોય તો તે મોહને જિતનારો થાય છે.”

એવી રીતે અહંતા અને મમતાનો દૃઢ અભ્યાસ દૂર કરવાથી અંતે અક્ષય-અનંત-અવ્યાબાધ સુખ પ્રાપ્ત થાય છે. ભદ્ર શોધકચંદ્ર ! આ વિષે વિચાર કરવાથી વધારે સ્પષ્ટીકરણ થશે. જે જીવ અત્યારે પોતાના ઘરને ‘ આ મારૂં ઘર છે ’ એમ મમતા કરી રહ્યો છે, પણ તે ઘરે અનંતા જીવો મારૂં મારૂં કરી ચાલ્યા ગયા છે, તેમનો પત્તો પણ નથી. તે ઘર તેમની સાથે ગયું નહિ, તેમનું તે થયું નહિ. તે ઘરને પોતાનું ઘર શી રીતે માનવું ? તેમ જ જે સ્ત્રી, પુત્ર અને પુત્રી પોતાના માનીને બેઠા છે, પણ પૂર્વે અનંતા ભવમાં અનંતવાર તે સ્ત્રી, પુત્ર અને પુત્રીઓ જુદા જુદા સંબંધમાં થઇ ગયેલા છે. કોઇ કોઇનું થયેલું જ નથી. આ શરીર પણ અનંતવાર બદલાયું છે અને અનંતવાર બદલાશે. તે શરીર પૂર્વ ભવે અનંતવાર રક્ષા થઇ ગયેલું છે. તે કોઇનું પણ થઇને રહેલું નથી. ભદ્ર શોધકચંદ્ર ! આ ઉપરથી નિશ્ચયથી જાણજો કે, આ સંસારમાં જીવને જે જે દુઃખો થાય છે, તેનું કારણ મારાપણું છે-મમત્વ છે. તે ઉપર એક વણિકનું દૃષ્ટાંત કહેવાય છે.

## વણિકનું દૃષ્ટાંત.

કોઇ એક નગરમાં એક વણિક રહેતો હતો. તેને એક સ્ત્રી હતી. બંને સ્ત્રી અને પુરૂષ સામાન્ય સ્થિતિમાં રહેતા હતા. તે વણિક માંડમાંડ કમાઇને પોતાનો નિર્વાહ કરતો હતો. તે અરસામાં તેની સ્ત્રી સગર્ભા થઇ. આથી તે વણિકને વિચાર થયો કે, “ હું ઘરના બે માણસનો નિર્વાહ માંડ માંડ કરી શકું છું, જો હવે પુત્ર કે પુત્રી આવશે તો ત્રણ માણસનો નિર્વાહ શી રીતે થઇ શકશે ? વળી તે સંતાન

ઉમર લાયક થશે તો તેનો વિવાહ કરવો પડશે, તેમાં પણ ખર્ચ કરવો પડશે, તેથી જો હું પરદેશમાં જાઉં તો વધારે કમાઇ શકું." આવો વિચાર કરી પોતાની સ્ત્રીને ઘર સોંપી તે વણિક પરદેશમાં કમાવા માટે ચાલ્યો ગયો. પૂર્વકાળે આજની માફક રેલવે કે ટપાલનાં સાધનો નહતાં, તેથી તે પગ રસ્તે ઘણે દૂર જઈ રહ્યો; ત્યાં તેને ઘરની કાંઇ પણ ખબર મળી નહિ. વિદેશમાં વસવાથી તે સારે ઉ-ઘોગે ચડયો અને સારી કમાણી કરી. એમ કરતાં બાર વર્ષ વીતી ગયાં. ઘરથી પોતાને તેમ પોતાના તરફથી ઘેર કોઇ જાતના ખબર મળી શકયા નહિ. તેને ઘેર તેની સ્ત્રી સગર્ભા હતી, તેણીએ એક પુત્રને જન્મ આપ્યો. તે અનુક્રમે બાર વર્ષની વયનો થયો. તે છોકરો નિશાળે ભણવા જતો હતો. ત્યાં બીજા છોકરાઓ તેને નબાપો કહી ખીજવવા લાગ્યા, એટલે તે છોકરો ઘેર આવી તેની મા પાસે રડવા લાગ્યો. માતાએ રડવાનું કારણ પુછતાં છોકરાએ કહ્યું કે, મને નિશાળના છોકરાઓ નબાપો કહી ખીજવે છે, તો મારે બાપ છે કે નહિ? તેની માતાએ કહ્યું. "બેટા! તારા બાપ પરદેશ કમાવાને ગયા છે. જ્યારે તું મારા પેટમાં હતો, ત્યારે તેઓ ગયેલા છે, આજે બાર વર્ષ થઇ ગયાં તોપણ તેમનો કાંઇ પત્તો મળ્યો નથી."

છોકરાએ કહ્યું–મા! જો મને રજા આપો તો હું મારા બાપને તેડવા જાઉં અને તેમને તેડીને ઘેર આવીશ."

માતાએ કહ્યું,–"બેટા! તું નાની વયનો છે અને વળી તારા બાપ કયાં છે, એની તને ખબર નથી તો તું કયાં જઇશ?"

માતાનાં આ વચનો સાંભળી છોકરાએ હઠ પકડીને કહ્યું કે, "મને જવાની રજા આપો નહિ તો હું મરીશ."

છોકરાની આવી હઠ જોઈ તેની માતાએ લાચારીથી તેને રજા આપી અને એક માણસને તેની સાથે મોકલ્યો; પછી તેઓ બન્ને ચાલતા થયા.

આણી તરફ તે છોકરાનો બાપ ઘણું દ્રવ્ય ઉપાર્જન કરી ઘેર આવવા નીકળ્યો. અર્ધ માર્ગે આવતાં એક મોટું શેહેર આવ્યું. તે શેહેરમાં આવેલી એક ધર્મશાળાની અંદર સારા ભાગમાં તેણે ઉતારો કર્યો. ધર્મશાળાના રક્ષકને ધન આપવાથી તેણે તેના ઉતારાની સારી

ગોઠવણ કરી. દૈવયોગે તેનો પુત્ર જે એક માણસની સાથે પિતાની શોધમાં નીકળ્યો હતો, તે પણ તેજ ધર્મશાળામાં આવી ઉતર્યો. તે ગરીબ સ્થિતિનો હોવાથી એક સામાન્ય ભાગમાં ઉતર્યો. જે સારા ભાગમાં તેનો બાપ ઉતર્યો હતો, તેના ઓટલા ઉપર છોકરે મુકામ કર્યો. ગૃહસ્થ શેઠ ભોજન કર્યા પછી પોતાના મકાનમાં ગોઠવેલા પલંગ ઉપર સૂઈ ગયો અને તેનો છોકરો પોતાના માણસ સાથે ઓટલા ઉપર સૂઇ ગયો. અર્ધ રાત્રિ થઈ એટલે અકસ્માત્ તે છોકરાના પેટમાં સખ્ત દુઃખાવો થઈ આવ્યો. છોકરાએ પીડાને લઇને બુમે બુમ પાડવા માંડી. ગરીબની રાડ કોણ સાંભળે ? તેની સાથેનો માણસ ગભરાયો. પણ રાત્રિની વખતે કોઇએ પણ જવાબ આપ્યો નહિ. પલંગ ઉપર સૂતેલો શેઠ તેની બુમો સાંભળી જાગી ઉઠયો અને તત્કાળ તેનો મીજાશ ગયો. શેઠે ધર્મશાળાના ગુમાસ્તાને બોલાવી કહ્યું કે, આ છોકરો મને ઉંઘવા દેતો નથી, માટે તેને દૂર કર. ધનવાન્ની ખુશામત કોણ ન કરે ? તે ગુમાસ્તાએ તે છોકરાને ધર્મશાળાની બાહેર કાઢી મુકયો. જુવો, પિતા પુત્રની સગાઇ છતાં અજ્ઞાનથી પિતાએ પોતાના પુત્રને દૂર કરાવ્યો. અસહ્ય પીડાથી પીડાતા તે છોકરાએ સવારે પોતાના પ્રાણનો ત્યાગ કરી દીધો. ધર્મશાળાના લોકો જાગ્રત થઇ તે છોકરાની પાસે એકઠા થયા. તે વખતે પેલો શેઠ જાગ્રત થઇ તે છોકરાની પાસે આવ્યો અને છોકરાની સાથે આવેલા માણસને પુછયું. "આ છોકરો કોનો હતો ? અને તું કોણ છે ?" તે માણસ બોલ્યો. હું હજામ છું અને અમે અમુક ગામમાંથી આવીએ છીએ. આ છોકરો પરદેશ ગયેલા પોતાના બાપને શોધવા માટે નીકળ્યો છે અને તેની માએ મને સાથે મોકલ્યો છે. પછી તેણે તે છોકરાના ઘરની નીશાની કહી અને તેના બાપનું નામ લીધું, ત્યારે તે શેઠના જાણવામાં આવ્યું કે જ્યારે હું પરદેશ જવા નીકળ્યો, ત્યારે મારી સ્ત્રી સગર્ભા હતી, તેનાથી આ મારા પુત્રનો જન્મ થયો હશે. આ પ્રમાણે આ મૃત્યુ પામેલો પોતાનો પુત્ર છે એમ ખાત્રી થવાથી તે શેઠે મોટી પોક મુકીને રૂદન કરવા માંડયું અને તે છોકરાના શબને આલિંગન કરી આ પ્રમાણે કહેવા લાગ્યો. "બેટા ! મારી ઘણી ભુલ થઈ છે. જો મને તારી ખબર હોત તો હું

તને મારા ઉતારામાં રાખી મારી પાસે રહેલ અનેક ઔષધોથી તારો ઉપચાર કરત. આ પ્રમાણે કહી તે ઘણો પશ્ચાત્તાપ કરતો રૂદન કરવા લાગ્યો. ”

આ દૃષ્ટાંત ઉપરથી વિચાર કરવાનો છે કે, જો તે શેઠને પોતાના પુત્રનું જ્ઞાન હોત તો તે તેની કેટલી સંભાળ લેત, પણ જ્યાં સુધી તે પુત્રની ઉપર તેની મમતા ન હતી, ત્યાં સુધી તેના હૃદયમાં કાંઈ દુઃખ થયું ન હતું. પરંતુ જ્યારે ‘ આ મારો પુત્ર છે ’ એવું તેને જ્ઞાન થયું, ત્યારે તેને અત્યંત દુઃખ થયું હતું, તેથી દુઃખ માત્ર મારાપણાનું જ છે.

મહાત્માના મુખથી આ દૃષ્ટાંત સાંભળી શોધકચંદ્ર અને સત્યચંદ્ર અતિ આનંદ પામી ગયા. ક્ષણવાર પછી શોધકચંદ્રે પુનઃ પ્રશ્ન કર્યો—“ ભગવન્! આપણા શરીરનો કોઇ ભાગ કપાઇ જાય, અથવા આપણા શરીરને ટાઢ કે તાપ લાગે, તે વખતે મારાપણું કાઢી નાંખવાથી દુઃખ ન લાગે, એ વાત કેમ સંભવે ? તે કૃપા કરી સમજાવો.”

મહાત્માએ ઉત્તર આપ્યો ભદ્ર ! જ્યારે શરીર અને આત્મા ભિન્ન છે, એવો નિશ્ચય થાય. શરીર તે હું નહિ અને હું શરીરથી ભિન્ન છું. આ આત્માને કર્મરૂપી કાદવ લાગેલો છે, તેથી હું જન્મ, મરણ, આધિ, વ્યાધિ, અને ઉપાધિ વગેરે અનેક પ્રકારનાં દુઃખો ભોગવું છું, તે શરીરને લીધે જ છે. આવું દુઃખ રૂપ શરીર ફરી વાર ધારણ કરવું ન પડે એવો હું નિર્મલ આત્મા ક્યારે થાઉં ?” આ પ્રમાણે વિચાર કરી જ્યારે શરીર ઉપરની મમતાનો ત્યાગ થાય, એવી ત્યાગ દશા જેના અંતરમાં અહર્નિશ થયા કરે, અર્થાત્ દેહભાવ છુટી આત્મભાવ સંપૂર્ણ પ્રગટ થાય, ત્યારે તે પુરૂષના શરીરના કડકે કડકા કરે તોપણ તેનું મન જરા પણ બદલાતું નથી, તેના હૃદયમાં જરા પણ દુઃખ થતું નથી. આવા હજારો દાખલાઓ આગમમાં દર્શાવેલા છે. તેઓમાં કૃષ્ણ વાસુદેવના ભાઈ ગજસુકુમાળનો દાખલો વિશેષ પ્રખ્યાત છે. ગજસુકુમાળ વિવાહ કર્યા પછી તેજ રાત્રે ચારિત્ર અંગીકાર કરી શ્મશાનમાં જઇ કાયોત્સર્ગ ધ્યાને રહ્યા હતા. આ ખબર તેના સસરા સોમલ બ્રાહ્મણને પડતાં જ તે ક્રોધાતુર બની શ્મશાન ભૂમિમાં આવ્યો હતો. તેણે રોષના આવેશથી પોતાના જમાઇ ગજ-

સુકુમાળના મસ્તક ઉપર માટીની પાળ બાંધી અને ત્યાં બળતી ચિતામાંથી અંગારાં લઇ તે ઉપર ભર્યા હતા. આમ કરવાનું કારણ એ હતું કે, ગજસુકુમાળ પોતાની યુવાન પુત્રીને પરણી એક દિવસમાં ચારિત્ર લઇ આમ શા માટે ચાલ્યો જાય ? આવા રોષથી તેણે તેના મસ્તક ઉપર અગ્નિ સળગાવ્યો હતો. જેમ ચુલા ઉપર ખીચડી ખદખદે, તેમ તેની ખોપરી ખદખદવા લાગી. ત્યારે ગજસુકુમાલ મુનિએ વિચાર કર્યો કે, "જે આ બળે છે. તે હું બળતો નથી, મારા આત્માને કાંઇ પણ થતું નથી. જે કર્મરૂપી મેલ મારા આત્માને લાગેલો છે, તે બળી જાય છે. આથી મારો આત્મા શુદ્ધ–નિર્મળ બનવાનો છે. આત્માને અનંતકાળનો લાગેલો મેલ દૂર કરવાને અને શુદ્ધ આત્મા કરવાને હજારો વર્ષ તપ જપ ઇત્યાદિ કષ્ટો કરવા પડે છે, તો આ સહેજ વારમાં આત્મ ધ્યાનમાં સ્થિર થઇ, શમતાભાવ રાખી કષ્ટ ભોગવવાથી જો શાશ્વત સુખ મળતું હોય તો શા માટે દુઃખ માનવું ?" આમ વિચારી તે ધર્મવીર મુનિ સમતા રસમાં ઝીલવા લાગ્યા. પોતાના મસ્તકને દહન કરનાર ઉપર વૈરભાવ નહિ લાવતાં પોતે તેને મહાન્ ઉપકારી ગણવા લાગ્યા. અને તેનું પણ કલ્યાણ ચિંતવવા લાગ્યા. આથી તે મહા મુનિનાં કર્મો ભસ્મીભૂત થઇ ગયાં અને તેઓ મોક્ષે ચાલ્યા ગયા હતા. આગમમાં આવા અનેક દૃષ્ટાંતો મળી આવે છે.

વળી જેમ કોઇ વેપારી પોતાની દુકાન ઉપર ઘરાકી વધવાથી એટલો બધો ઉદ્યોગી બની જાય છે કે, તે ઘરાકોને માલ આપતાં થાકી જાય છે, પરંતુ ઘરાકો ઓછા થવાની ઇચ્છા કરતો નથી. તેને કમાણીના લોભમાં ખાવા પીવાનો વખત પણ મળતો નથી, છતાં કમાણીના લોભથી તેને ક્ષુધા અને તૃષાનું દુઃખ લાગતું નથી, કારણ કે, તેનું ધ્યાન કમાણીના લોભમાં તલ્લીન થયેલું હોય છે; તેથી તે શરીરનું ભાન ભુલી જાય છે અને તેવીજ રીતે જો તે ધર્મ સંબંધી કામ કરવા બેસે, ધર્મનો ઉપદેશ સાંભળવા બેસે તો તેમાં જીવનો ઉપયોગ ન હોવાથી તે કંટાળી જાય છે. અને ઝોખાં ખાવા મંડી જાય છે.

વળી કોઈ માણસના શરીરનો અવયવ સડી જવાથી ડૉકટર તેનો અવયવ કાપી નાંખે છે. આ વખતે તેને કલોરોફોર્મ નામની દવા સુંઘાડી બેશુદ્ધ કરી નાંખે છે. તે પછી તે અવયવ કાપે છે, આ વખતે

તેને કાંઈ પણ દુઃખ જણાતું નથી. જો કે તેના શરીરમાંથી જીવ ગયેલો નથી પણ જીવને દુઃખ જાણવાની ચેતના દબાઇ જાય છે. અને શરીર તો જડ છે, તેથી તેને દુઃખ લાગતું નથી. જ્યારે દવાની અસર ઉતરી જાય છે, ત્યારે જ્ઞાનશક્તિ જાગ્રત થવાથી જીવને દુઃખ માલમ પડે છે.

તે વિષે મદિરા પાન કરનારનું દૃષ્ટાંત પણ ઘટે છે. મદિરાપાન કરનારને જ્યારે મદિરાનો નીસો ચડે છે, તે વખતે કોઇ તેને મારે કૂટે છે તોપણ તેને દુઃખ લાગતું નથી. તે રસ્તા વચ્ચે નગ્ન થઇને ફરે છે; તેનું પણ ભાન હોતું નથી. શું તેનામાં જીવ નથી? જીવતો છે, પણ જ્ઞાનશક્તિ દબાઈ જવાથી તેને સુખ દુઃખનું ભાન હોતું નથી. તેવી રીતે સન્નિપાતના રોગવાળા માણસને દેવતાના ડામ આપે છે, છતાં તેને ખબર પડતી નથી. તેથી ભદ્ર શોધકચંદ્ર! તમારે સમજવું કે, શરીર છે તે જડ છે અને તેના સુખ દુઃખનો જ્ઞાતા જીવ છે, પણ શરીરમાં જીવનું મારાપણું છે તેથી તેને દુઃખ લાગે છે.

વળી તે જીવ–આત્મા બાળક નથી, યુવાન નથી, વૃદ્ધ નથી, સ્ત્રી નથી, પુરૂષ નથી કે નપુંસક નથી. એ સર્વ અવસ્થા શરીરની છે, આત્માની નથી પણ આત્મા તે પોતાની માની બેસે છે.

## આત્માની ત્રણ પરિણતિ.

ભદ્ર શોધકચંદ્ર! તે આત્માની ત્રણ પરિણતિ છે, તે જાણવાથી વિશેષ જ્ઞાન થશે, માટે તે સાવધાન થઇને સાંભળો. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એમ આત્માની ત્રણ પરિણતિ છે.

### બહિરાત્મા.

"आत्मबुद्धिः शरीरादौ यस्य स्यादात्मविभ्रमात् ।
बहिरात्मा सविज्ञेयो मोहनिद्रास्तचेतनः ॥ १ ॥"

જે જીવની શરીરાદિ પરપદાર્થોમાં આત્માના ભ્રમથી આત્મબુદ્ધિ થઇ છે કે તેજ હું છું તેવી મોહરૂપી નિદ્રાથી જેની ચેતના અસ્ત થઇ ગઈ છે તે બહિરાત્મા કહેવાય છે.

( જ્ઞાનાર્ણવ. )

પરપદાર્થો પોતાના માની રાગદ્વેષના યોગે આઠ કર્મ ગ્રહી અનેક યોનિઓમાં અવતાર ધારણ કરી વિવિધ પ્રકારના તીવ્ર દુઃખ પામે છે. તે આત્મા સિંહ સમાન છતાં જેમ કસાઇના હાથમાં આવેલી

બકરી દીન થઇ જાય છે, તેમ પરવસ્તુમાં સ્વબુદ્ધિ ધારણ કરી કર્મરૂપ પાંજરામાં પડી અતિ દીન થઇ જાય છે. સર્વ પ્રાણીઓમાં સમર્થ એવો સિંહ જ્યારે પાંજરામાં પૂરાય છે, ત્યારે તેને કુતરા ભસે છે અને અનેક બાળકો કાંકરાના ઘા કરી તેની વિડંબના કરે છે, પણ તે સહન કરે છે, તેનામાં ઉગ્રશક્તિ રહેલી છે, છતાં તેનું કાંઇ ચાલતું નથી. તેવી રીતે શરીરરૂપી પીંજરામાં પડેલા આત્માની સ્થિતિ થાય છે, તે આત્મામાં ઘણી શક્તિ છે, પણ શરીર પ્રમાણે તેનામાં શક્તિ થઇ જાય છે. જેમ કોઈ મનુષ્ય ઘણો જોરાવર હોય પણ જો તેનું શરીર રોગથી દબાઇ જાય તો તે શક્તિહીન થઇ જાય છે, તેથી શરીરની અંદર રહેલા આત્માની શક્તિ ઘટી નથી પણ શરીરની શક્તિ ઘટી ગઈ તેથી આત્મા નિર્બળ બની ગયો છે. આત્માની અનંતશક્તિ છે, પણ શરીરમાંજ આત્મબુદ્ધિ ધારણ કરનાર જીવ શરીરની શક્તિ મુજબ પોતાની શક્તિ માની બેઠો છે. હું કાળો, હું ગોરો, હું યુવાન, હું વૃદ્ધ, હું સ્ત્રી, હું પુરૂષ, હું નપુંસક, હું રોગી, હું દરિદ્રી, આવી બુદ્ધિ શરીરને આત્મા માની થયેલી છે, પણ તે કહેલી અવસ્થા આત્માની નથી, તે આત્મા તો સદા એક સરખો છે, આવી અભેદ બુદ્ધિને લઇને આત્મા કર્મ બાંધી દુઃખી થાય છે. આ પ્રમાણે પરવસ્તુરૂપ શરીરને આત્મા માનનાર બહિરાત્મા રોગ, શોક, વિયોગ, અને વૈરભાવથી દુઃખનો પાત્ર બને છે, તેથી બહિરાત્મપણું મહા દુઃખદાયક છે. તેના યોગે આત્મા વારંવાર અનંતિ વાર ચોરાશી લાખ જીવ યોનિમાં પરિભ્રમણ કરી જન્મ, જરા અને મરણના મહા દુઃખો પામે છે, એમ શ્રી સર્વજ્ઞ ભગવાન કહે છે.

## અંતરાત્મા.

" बहिर्भावानतिक्रम्य यस्यात्मन्यात्मनिश्चयः ।
सोऽन्तरात्मा मतस्तज्ज्ञैर्विभ्रमध्वान्त भास्करैः ॥ १ ॥"

જે જીવને બાહ્યભાવો ઉલ્લંઘન કરીને આત્મામાં આત્માનો નિશ્ચય થાય છે તે, ભ્રમરૂપ અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન આત્માને જાણનાર પુરૂષો વડે **અન્તરાત્મા** કહેવાય છે.

( જ્ઞાનાર્ણવ. )

રાગદ્વેષાદિ દોષ અને શરીરાદિ પદાર્થોમાંથી જેને ભ્રાંતિ ગયેલી

છે, તે **અંતરાત્મા** કહેવાય છે. એટલે જેણે ચિત્તને ચિત્ત સ્વરૂપે જાણ્યું છે, રાગાદિક દોષોને રાગાદિક દોષ સ્વરૂપે જાણ્યાં છે અને આત્મા–ચેતના દ્રવ્યને આત્મસ્વરૂપે જાણ્યો છે, તે અંતરાત્મા જાણવો. અથવા છ દ્રવ્યને ગુણ પર્યાયથી સમ્યક્પણે સમજી, આત્મ દ્રવ્યમાં આત્મબુદ્ધિ ધારણ કરી અને બાકીના પાંચ અજીવ દ્રવ્યમાં અજીવ બુદ્ધિ રાખી જે વર્ત્તે છે, તે **અંતરાત્મા** કહેવાય છે.

## પરમાત્મા.

" निर्लेपो निष्कलः शुद्धो निष्पन्नोऽत्यन्त निर्वृतः ।
निर्विकल्पश्च शुद्धात्मा परमात्मेति वर्णितः ॥ १ ॥ "

જે નિર્લેપ ( કર્મરહિત ) છે, શરીરરહિત છે, શુદ્ધ છે, જેને રાગાદિ વિકારો નથી, તથા જે નિષ્પન્ન ( સિદ્ધરૂપ ) છે, અત્યંત નિર્વૃત્ત છે. અવિ· નાશી સુખરૂપ છે તથા નિર્વિકલ્પ છે. જેમાં ભેદ નથી એવા શુદ્ધાત્માને **પરમાત્મા** કહેવાય છે.

( જ્ઞાનાર્ણવ. )

તે પરમાત્મા કર્મમલથી રહિત કેવળજ્ઞાનદર્શન રૂપ છે એટલે શરીરાદિકના સંબંધથી વર્જિત છે અને શુદ્ધ એટલે દ્રવ્ય કર્મ અને ભાવકર્મથી રહિત છે, તેથી તે પરમ વિશુદ્ધ છે.

" આત્મા તેજ તું છે, આ દેખાતું શરીર તું નથી અને તે તારૂં નથી, તું એનાથી ભિન્ન–ચેતના લક્ષણવાળો છે." આ પ્રમાણે જેની બુદ્ધિ થયેલ છે, તે ભેદજ્ઞાની કહેવાય છે. જેમ હંસ મળેલા દૂધ અને પાણી પોતાની ચાંચથી જુદા કરે છે, તેમ આત્મા અને પુદ્ગલ જે દૂધ અને પાણીની જેમ ભેગા મળી ગયેલા છે, તેને જુદા પાડી અતિ નિર્મલ શુદ્ધાત્મા થઈ તે પરમાનંદમાં ઝીલે છે.

ભદ્ર! આ શરીર એક જેલખાનાની કોટડી છે. ચોરી કે વ્યભિચાર વગેરે કોઈ ગુન્હો કરનાર માણસને જેલમાં પૂરવાની શિક્ષા થાય છે, ત્યારે તેને જેલની એક કોટડીમાં કેદી તરીકે પૂરવામાં આવે છે અને તેનો દરવાજો બંધ કરવામાં આવે છે. એક લોઢાની જાળીથી તે કેદી બહાર જોઈ શકે છે, તેના છિદ્રોમાંથી સુગંધી કે દુર્ગંધી હવા લઈ શકે છે અને કાંઈ પણ સાંભળી શકે છે. તેવીજ રીતે આત્મા-જીવે અનેક ગુન્હા કરેલા છે અને કરે છે, તેથી તે શરીરરૂપી કોટ-

ડીમાં પૂરાએલો છે. તે આંખરૂપી જાળીથી આજુબાજુ જુવે છે, કાન રૂપી જાળીથી સાંભળે છે અને નાસિકા રૂપી જાળીના છિદ્રથી સારી કે નઠારી હવા લઈ શકે છે. જેમ કેદીને બારીએથી ખોરાક આપવામાં આવે છે, અને તે ગ્રહણ કરે છે. તેમ જીવરૂપી કેદી મુખરૂપી બારીએથી ખોરાક લે છે. જેલની કોટડીમાં પૂરાએલા કેદીને અમુક દ્વારમાંથી નીહાર કરાવે છે, તેમ શરીરરૂપી કોટડીમાં પૂરાએલો કેદી જીવ ગુહ્ય ઇંદ્રિયદ્વારા મળમૂત્રનો ઉત્સર્ગ કરે છે.

જે નિર્મળ આત્મા છે, તે ગુન્હેગાર થતો નથી, એટલે તેને શરીર રૂપી કોટડીમાં પૂરાવું પડતું નથી. તેને ઇંદ્રિયો કે ઇંદ્રિયોના વિષયો હોતા નથી. તે અરૂપી, અનંત જ્ઞાન અને અનંત શક્તિવાળો છે, તે સદા આનંદમાં જ રહે છે. અને તે આખા જગત્‌ના સ્વરૂપને જાણે છે.

જે જીવ જેવાં જેવાં કર્મ કરે છે, તેવા તેવા શરીરરૂપી જેલની કોટડીમાં તે પૂરાય છે. જેમ કેદીને આસનકેદ, સખ્ત મજુરીની કેદ, અને નજર કેદ વગેરે જુદી જુદી જાતની કેદ મળે છે, તેમ જીવને તેના કર્મરૂપી ગુન્હા પ્રમાણે જુદા જુદા શરીરના કેદની શિક્ષા થાય છે. આ સંસારમાં જે મજુરી કરી જીવનારા છે, તે સખ્ત મજુરીની કેદવાળા છે, જે સાધારણ સ્થિતિવાળા છે, તે આસનકેદી જેવા છે અને જે શ્રીમંત છે, તે નજરકેદી જેવા છે. એવી રીતે જીવો શરીરરૂપી કેદખાનામાં પડેલા છે. જે કેદી સંસારમાં સુખી નથી, તેમ રહેવા ઘર નથી, અન્નવસ્ત્ર મળતાં નથી, તે કેદી જેલખાનામાંજ રહેવું પસંદ કરે છે, કારણકે, ત્યાં તેને રહેવાનું, ખાવાનું અને ઓઢવાનું મળે છે. તેને કેદની મુદત પૂરી થાય કે પાછો તે ગુન્હો કરી કેદમાં પૂરાય છે અને તે જેલમાં સુખ માને છે, તેથી સદા જેલમાં રહી પોતાની જીંદગી પૂરી કરે છે. તેવી રીતે આત્મા રૂપી કેદી ઇંદ્રિયોના વિષયોમાં સુખ માની શરીર રૂપી કારાગૃહમાં સદાકાળ પડયો રહે છે અને દુઃખને સુખ માની બેસે છે. જે જીવના મનમાં તે શરીરરૂપી કેદમાંથી મુક્ત થવાની ( મોક્ષની ) ઈચ્છા રહે છે, તે ગુન્હો કરતાં ભય પામે છે અને આખરે તે આ સંસારરૂપ કેદખાનામાંથી છુટી જાય છે અને મોક્ષે જાય છે.

ભદ્ર શોધકચંદ્ર ! આ સંસારમાં આત્માને કર્મ બાંધવાનાં મુખ્ય

કારણ ત્રણ છે. રાગ, દ્વેષ અને મોહ. આ ત્રણની અંદર બધાં કર્મબંધનો સમાવેશ થઇ જાય છે.

જેમ લોકમાં કોઈ માણસ પરવસ્તુને પોતાની કરવા ગ્રહણ કરે છે, તો તે ચોર બને છે અને તે કારાગૃહની શિક્ષાનો પાત્ર થાય છે, તેવી રીતે ચેતના લક્ષણવાળો આત્મા જે પોતાના ગુણ, જ્ઞાન, દર્શન અને સ્વભાવમાં રહેવારૂપ છે, તે છોડી પોતાથી ભિન્ન સ્વભાવવાળા દેખીતા જડ પદાર્થો કે જે પરવસ્તુરૂપ છે, તેને પોતાના કરી ગ્રહણ કરે છે, તે ચોર છે; જેવો તે ચોર બન્યો કે તરતજ કર્મરૂપી રાજા તેને પકડી તેના ગુન્હા પ્રમાણે શરીરરૂપી કારાગૃહમાં પૂરી દે છે. તેથી ઉત્તમ જીવે પરવસ્તુ પરના મોહનો ત્યાગ કરવો. પરવસ્તુને પરવસ્તુરૂપ માની તેમાંથી મોહમમતાનો ત્યાગ કરવાથી રાગ, દ્વેષ અને મોહ ઘટી જાય છે. અને કર્મબંધ થતાં અટકે છે. જેટલા પ્રમાણમાં રાગ, દ્વેષ અને મોહ ઘટે છે, તેટલા પ્રમાણમાં કર્મના બંધ ઓછા થાય છે.

ભદ્ર શોધકચંદ્ર ! વળી આ સંસારને એક નાટકની ઉપમા પણ આપવામાં આવે છે. જેમ નાટકનો મેનેજર જે જે છોકરાને જેવા પાઠ શીખવે અને જેવો વેષ ભજવવા હુકમ કરે તે પ્રમાણે તે છોકરો પાઠ કરી વેષ ભજવી બતાવે છે. તે એકનો એક છોકરો પુરૂષનો, સ્ત્રીનો, રાજાનો અને ભીખારીનો વેષ ભજવે છે, તેવી રીતે આ સંસારમાં કર્મ એ નાટકનો મેનેજર છે. તેના હુકમ પ્રમાણે જીવ અનેક જાતના અવતારરૂપી વેષ ભજવે છે. બધા સંસારી જીવો તે કર્મરૂપી મેનેજરના તાબામાં રહેલા છે. અને તેમને કર્મની આજ્ઞાથી ચોરાશી લાખ જીવાયોનિના વેષ ભજવવા પડે છે. જ્યારે આપણે તે કર્મરૂપી મેનેજરના પાશમાંથી છુટીશું, ત્યારે આપણો જન્મ મરણરૂપી વેષ બદલવામાંથી છુટકારો થશે. આપણે પરમાત્મારૂપ બની જઇશું.

ભદ્ર ! એવી રીતે જીવ અને કર્મ અનાદિ છે, અને તે જીવ અને કર્મનો સંયોગ પણ અનાદિ સિદ્ધ છે. જીવ કેટલાંક જુનાં કર્મોને ખપાવે છે, અને યથાયોગ્ય પ્રાપ્ત થયેલાં અથવા જેવાં પ્રાપ્ત થવાના હોય તેવા પુરઃસ્થિત શુભાશુભ નવાં કર્મોને ગ્રહણ કરે છે.

મહાત્માના મુખમાંથી આ વિવેચન સાંભળી શોધકચંદ્ર અને

સત્યચંદ્ર અત્યંત પ્રસન્ન થઇ ગયા. તેમના સંસ્કારી હૃદયમાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માના સ્વરૂપનો ખ્યાલ આવી ગયો. અને જીવ તથા કર્મનો અનાદિ સંબંધ સમજાઈ ગયો. તે સમયે સત્યચંદ્રના હૃદયમાં પુનઃ એક શંકા પ્રગટ થવાથી તે વિનયપૂર્વક બોલ્યો. "ભગવન્! આપની ઉપદેશ વાણીએ અમારા સંશયરૂપ અંધકારને દૂર કર્યું છે, તથાપિ તે અંધકારનો જરા પણ અંશ ન રહે, તેથી આ સંબંધમાં એક પ્રશ્ન પુછવાની ઇચ્છા થાય છે, તે આપ સાંભળી તેનું નિરાકરણ કરવા કૃપા કરશો.

મહાત્મા બોલ્યા–ભદ્ર સત્યચંદ્ર! જે પ્રશ્ન પુછવાનો હોય તે ખુશીથી પુછો. તે પછી સત્યચંદ્ર આ પ્રમાણે બોલ્યો–"ભગવન્! કર્મો જડ છે, તેથી તે પોતાની મેળે આશ્રય લેવાને સમર્થ નથી અને આત્મા બુદ્ધ–ચેતના યુક્ત છે, તેથી તે સુખની ઇચ્છાવાળો હોઈ શુભ કર્મોને જાણતાં છતાં ગ્રહણ કરે પણ તે અશુભ કર્મોને જાણતાં છતાં કેમ ગ્રહણ કરે? કારણકે, તે દુઃખનો દ્વેષી છે. કયો વિદ્વાન્ પુરૂષ સ્વતંત્ર છતાં અશુભ વસ્તુને જાણી જોઇને ગ્રહણ કરે?"

મહાત્મા બોલ્યા–"ભદ્ર! તારો પ્રશ્ન ઘટિત છે. તેનો ઉત્તર સાવધાન થઈ શ્રવણ કર. આ સંસારમાં જીવોને સુખ દુઃખના હેતુરૂપ કર્મ છે અને તે શુભાશુભ કર્મો લેવાના નિમિત્તભૂત પાંચ કારણો છે. તે કારણોનાં નામ આ પ્રમાણે છે–૧ સ્વભાવ, ૨ કાળ, ૩ નિયતિ, ૪ પૂર્વજન્મ કૃત, અને ૫ પુરૂષાર્થ. કોઇ પણ કાર્યની શરૂઆત યાતો સિદ્ધિ એ પાંચ કારણોના સંમેલન થયા વિના જીવને સંભવતી નથી. દાખલા તરીકે ધારો કે કોઇ મનુષ્યની એવી ઇચ્છા થઈ કે, "આ ઝાડ ઉપરથી ફલ લાવીને મારે ખાવું" હવે અહીં વિચાર કરતાં જણાશે કે જે ઝાડનું ફળ ખાવા તે ઇચ્છા રાખે છે, તે ઝાડનો સ્વભાવ ફળ આપનાર હોવો જોઇએ; કારણકે, જો કોઈ વાંઝીયા ઝાડના ફળને ખાવાની તે ઇચ્છા રાખે તો તેની ઇચ્છા આકાશ કુસુમવત્ સમજવી. માટે પ્રથમ તો ઝાડ ફળપ્રદાતા હોવું જોઇએ અર્થાત્ ઝાડનો સ્વભાવ ફળ પ્રદાતા હોવો જોઇએ. વળી તે ઝાડ ઋતુ આવ્યા વિના ફળ આપનાર નથી, કારણ ઋતુ વિના ફળો પાકતાં નથી તેથી ફળ ખાવાની ઇચ્છાવાળાએ કાળની રાહ જોવી જોઇએ. વળી તે ફળ

ખાવાની તેને નિયતિ (નિશ્ચયતા) પણ હોવી જોઇશે, એટલે તે ફલ પામવાની તેની ભવિતવ્યતા હોવી જોઇશે. તેમજ તેમાં પૂર્વ જન્મના કૃત્યની પણ પૂર્ણ જરૂર રહેશે, કારણકે, પૂર્વ જન્મના કૃત્યથી તે ફલ પામવાની સ્થિતિ ન હોય તો વખતે ફળ પરિપકવ થયા વિના તુટી પડે, કોહી જાય, યા નહીં તો કોઇ જાનવર તેનું ભક્ષણ કરી જાય તેથી તેની આશાનો ભંગ થઇ જાય માટે તેની પણ જરૂરીયાત માનવી પડશે, વળી તેમાં પુરૂષાર્થની પણ મુખ્યતા રહેશે, કારણ પુરૂષાર્થ કર્યા વિના કોઈ વસ્તુ મળી શકતી નથી. ઝાડનું લાલનપાલન પણ પુરૂષાર્થ વિના થઇ શકતું નથી. વરસાદ વરસતો હોય અને કોઇ તૃષાતુર મનુષ્ય હાથનો ખોબલો કરી તેમાં પાણી ઝીલી પીશે તો તેની તૃષા છીપશે, નહીં તો કાંઇ પાણી તેના મુખમાં આવીને નહીં પડે, તે માટે કાર્યની સિદ્ધિમાં પુરૂષાર્થની પણ પૂર્ણ જરૂરીયાત માનવી પડશે.

ભદ્ર સત્યચંદ્ર ! આ પાંચ કારણો શિવાય કોઇ પણ કાર્યની સિદ્ધિ થતી નથી. જૈનો એ પાંચ કારણોથીજ કાર્યની સિદ્ધિ માને છે. એ પાંચ કારણોમાંથી એક કારણ માનનારા એકાંતવાદી કહેવાય છે. અને તે પાંચે કારણોને માનનારા જૈનો અનેકાંતવાદી અથવા સ્યાદ્વાદવાદી કહેવાય છે. એ પાંચ કારણો એટલે પંચ સમવાયની પ્રેરણાથી જીવ જાણતા છતાં જેમ શુભ કર્મોને ગ્રહણ કરે છે, તેમ અશુભ કર્મોને પણ ગ્રહણ કરે છે. તે વિષે અનેક દૃષ્ટાંતો લાગુ પડે છે. રોગી માણસ ઔષધ ખાતો હોય તેને મના કરેલી હોય છતાં તે જીભના સ્વાદની પ્રેરણાથી કુપથ્ય સેવે છે, ચોર ચોરી કરવી એ નઠારૂં અને ગુન્હા ભરેલું કામ છે, એમ જાણતાં છતાં પણ લોભને વશ થઇ ચોરીનું કામ કરે છે અને વ્યભિચારી માણસ તેનું નઠારૂં પરિણામ જાણતાં છતાં કામ વશ થઇ બીજાના ઘરમાં વ્યભિચાર કરવા પેશે છે. તેમના અંતરમાં રહેલો શુદ્ધ આત્મા તેમને મનાઇ કરે છે, છતાં તેઓ પરવશ થઇ પાપના કામ કરે છે. તેવીજ રીતે જીવ જાણતાં છતાં અશુભ કર્મોને ગ્રહણ કરે છે.

મહાત્માના મુખથી આ ઉત્તર સાંભળી સત્યચંદ્ર ખુશી થયો. તેવામાં શોધકચંદ્રે શંકા ઉઠાવી નીચે પ્રમાણે પ્રશ્ન કર્યો.

ભગવન્! આ જગતમાં જીવો પોતપોતાના કર્મ પ્રમાણે સુખ

દુઃખ ભોગવે છે. તો તે કર્મોને પ્રેરણા કરનાર કર્ત્તા, વિધિ, ગ્રહ, યમ કે પરમેશ્વર કોઇ હોવા જોઇએ. વળી જીવ સ્વભાવિક રીતે સુખનો રાગી અને દુઃખનો દ્વેષી હોય છે, તે સ્વેચ્છાએ શુભ અને અશુભ કર્મોને કેમ ભોગવે ?

મહાત્માએ વિચાર કરીને કહ્યું, "ભદ્ર ! સંસારી જીવનો એવો સ્વભાવજ છે કે જે શુભાશુભ કર્મોને ગ્રહણ કરે. જીવને સુખ દુઃખને આપનાર સ્વકર્મ શિવાય કોઇ છેજ નહીં. કર્મના સિદ્ધાંતને જાણનારાઓ કર્મનેજ ભાગ્ય, સ્વભાવ, ભગવાન્, અદ્રષ્ટ, કાળ, યમ, દૈવત, દેવ, દક્ષ, વિધિ, પરમેશ્વર, ક્રિયા, પુરાકૃત, વિધાન, લોક, કૃતાંત, નિયતિ, કર્ત્તા, પ્રાક્કીર્ણ લેખ, પ્રાચીનલેખ અને વિધાતાના લેખ ઇત્યાદિ નામોથી શાસ્ત્રમાં પ્રતિપાદન કરે છે.

શોધકચંદ્રે તરતજ બીજો પ્રશ્ન કર્યો. ભગવન્! આપ કહો છો તે બરાબર છે, પણ તે કર્મને કોઇ પણ પ્રેરણા કરનાર હોવો જોઇએ. કર્મ પોતે અજીવ અને જડ છે, તે શું કરી શકે ?

મહાત્માએ કહ્યું, ભદ્ર ! એ તમારી શંકા ટકી શકે તેમ નથી. કર્મનો એવો સ્વભાવ છે કે, તે સદા કોઇની પ્રેરણા વિના પોતાની મેળે આત્માને સ્વસ્વરૂપમાં યોગ્ય ફળ પમાડે છે. જે જીવો અજીવ શરીરની સાથે સંબંધ રાખી હાલ જીવે છે, પૂર્વે જીવતા હતા અને ભવિષ્યમાં જીવશે; તે સર્વને કર્મોની સાથે ત્રિકાલિક સંગમ હોવાનું ધ્યાનમાં રાખવું. આ સમસ્ત જગત્ ષડ્ દ્રવ્ય અને પંચ સમવાયમય છે, તે શિવાય અન્ય કાંઈ નથી. જીવ અને ધર્માસ્તિકાયાદિ પાંચ અજીવ એ છ દ્રવ્યો છે. ધર્માસ્તિકાય જીવને ચાલવામાં સહાય કરે છે, અધર્માસ્તિકાય સ્થિતિ કરવાની પ્રેરણા કરે છે, આકાશાસ્તિકાય અવકાશ આપે છે, અને પુદ્ગલાસ્તિકાય જીવને અનુગ્રહ અને ઉપઘાત કરાવે છે, તે પુદ્ગલાસ્તિકાયમાં કર્મોનો અંતર્ભાવ થાય છે. કાલ આયુષ્યાદિ સર્વ પ્રમાણ યુક્ત વસ્તુનું પ્રમાણ કરવામાં ઉપયોગી છે. કાલાદિ પાંચ સમવાયના સામર્થ્યથી જીવકર્મોનું ગ્રહણ, ધારણ, ભોગ અને શમન કરે છે, અર્થાત્ જીવોમાં જેમ અનંતી શક્તિ છે તેમ કર્મોની–પુદ્ગલોની પણ છે, કે જેમનાથી પ્રેરાઇને જીવો સુખ દુઃખના ભાગી થાય છે. જીવો શુભાશુભ કર્મોને ગ્રહણ

કરે છે અને કર્મો સ્વકાળ મર્યાદા પામીને જીવોને સુખ દુઃખ આપે છે. એ એમનો સ્વભાવ છે.

શોધકચંદ્રે પ્રશ્ન કર્યો.–ભગવન્ ! જીવ શુભાશુભ કર્મોને ગ્રહણ કરે છે અને ગ્રહણ કરવાના સ્વભાવથી ગ્રહણ કરતાં જાણે છે કે, 'હું મારા અભિપ્રાય પ્રમાણે ઇષ્ટ કરૂં છું', એ વાત માન્ય કરવા જેવી છે, પરંતુ કર્મો જડ હોવાથી ભોગ કાળને કેવી રીતે જાણે કે તે પ્રગટ થાય ? આત્મા પણ સુખ દુઃખ ભોગવવાનો કામી છે ? કે જેથી તે દુષ્ટ કર્મોને આગળ કરે ! માટે કેટલાક લાંબા કાળ સુધી વિલંબ કર્યા પછી કર્મો સ્વકર્ત્તા–જીવને સુખ દુઃખ પમાડે છે, તે પ્રેરક વિના કેવી રીતે બને ?

મહાત્માએ વિચાર કરીને કહ્યું, ભદ્ર ! આ તારા પ્રશ્નનો ઉત્તર શાસ્ત્રમાંથીજ મલી આવે છે. કર્મો જડ છે, તે પોતાના ભોગકાળને જાણતાં નથી અને આત્મા દુઃખ ભોગવવાનો કામી નથી તથાપિ જીવ દુઃખનો આશ્રિત થાય છે. અને કર્મો જડ છતાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની સામગ્રીથી પ્રેરાઇને પ્રગટ થઇ પોતાના કર્ત્તા એવા આત્માને બળાત્કારે દુઃખ આપે છે. તે વિષે આ પ્રમાણે એક દૃષ્ટાંત છે. જેમ કોઇ પુરૂષ ઉષ્ણકાળમાં શીતળ વસ્તુનું સેવન કરે અને તે ઉપર મીઠો, ખાટો કરંભ ખાય તો તેના શરીરમાં વાયુ ઉત્પન્ન થાય છે, જ્યારે વર્ષાઋતુ પ્રાપ્ત થાય છે ત્યારે તે અત્યંત કોપાયમાન થઈ જાય છે, પછી તેની સાથે શરદ્ ઋતુનો સંયોગ થવાથી સાથેજ પિત્તના પ્રભાવથી પ્રાયે કરીને તે શાંત થઇ જાય છે. આવી રીતે સ્વેચ્છિત ભોજનથી જેમ વાતની ઉત્પત્તિ, વૃદ્ધિ, (સ્થિતિ અને શાંતિ) થવામાં કાલજ કારણ છે, એ રીતે આત્માએ ઉપાર્જન કરેલા કર્મોનો કાળે કરીને ભોગ અને શાંતિ થાય છે, તોપણ જેમ ઉગ્ર ઉપાયથી કાળ પ્રાપ્ત થયા પેહેલાંજ વાતાદિ શાંત થાય છે, તેમ કર્મો પણ શાંત થઇ જાય છે. તેમજ જેમ કેટલીક વખત સ્વાદિષ્ટ ભોજન શરીરમાં તત્કાળ ઉગ્રવાતાદિ ઉત્પન્ન કરે છે, તેમ ઉગ્ર કર્મો પણ આત્માને કોઇની પ્રેરણા વિના તત્કાળ ફળ આપે છે.

જેમ કોઇ રોગી ઔષધ લે છે, ત્યારે તે ઔષધ હિતકારી છે અથવા અહિતકારી છે, એમ જાણતો નથી તોપણ તેનો પરિપાક કાળ

થતાં તે સુખ અથવા દુઃખ આપે છે, તેવી રીતે જીવ કર્મોને ગ્રહણ કરતાં તે શુભ છે કે અશુભ છે, એમ જાણે નહીં તોપણ જ્યારે કર્મોનો પરિપાક કાળ થાય ત્યારે તે સુખ અથવા દુઃખ આપે છે. કૃત્રિમ વિષ જેમ તત્કાળ નાશ કરનારૂં અથવા એક મહિને, બે મહિને, છ મહિને, વર્ષે બે વર્ષે કે ત્રણ વર્ષે નાશ કરનારૂં હોય છે, તેમ કર્મો પણ ઘણા પ્રકારનાં અને ભિન્ન સ્થિતિમાં હોય છે; તે કર્મો પોતપોતાનો કાળ પ્રાપ્ત થયે પોતાની મેળેજ પોતાના કરનાર જીવને તાદૃશ ઉદય આવી ફળ આપે છે. વળી જેમ સિદ્ધ અથવા અસિદ્ધ પારો કોઈ રોગીના ખાવામાં આવે તો કાળ પ્રાપ્ત થતાં તેનું પરિણામ સુખ અથવા દુઃખ રૂપે રોગીને પ્રાપ્ત થાય છે; તેમજ શરીરમાં થયેલા ફોલ્લા, વાળા, દુર્વાત, શીતાંગક અને સંન્નિપાત જેમ કાલ બળ પામીને પોતાની મેળે તે તે રોગથી યુક્ત એવા જીવને દુઃખ આપે છે; વળી જેમ ઋતુઓ પોતપોતાનો કાળ પામીને મનુષ્ય લોક વર્ત્તી પ્રાણીઓને સુખ દુઃખ આપે છે, તેવી રીતે કર્મો પણ પોતપોતાનો કાળ પામીને બીજાની પ્રેરણા વિના આત્માને સત્વર સુખ દુઃખ આપે છે. શીતળા, ઓરી, અછબડા, વગેરે બાલ રોગોની ગરમીની અસર જેમ શરીરમાં છ માસ સુધી રહે છે, તેમ કર્મો પણ પોતાની મેળે આવીને સ્થિતિ પ્રમાણે જીવનો આશ્રય લે છે. જેમ ક્ષય, અક્ષિબિંદુ, (મોતીઓ), ઉદ્ધત, પક્ષઘાત, અર્ધાંગ અને શીતાંગ વગેરે રોગોનો પરિપાક હજાર દિવસે થાય એમ શાસ્ત્ર વિશારદ વૈદો જણાવે છે, તેમ સિદ્ધાંતોમાં પ્રવીણ એવા પંડિતોએ કર્મોના પરિપાકનો કાળ પણ જણાવેલો છે. જેમ પિત્તથી થયેલો જ્વર દશ દિવસ, કફથી થયેલો જ્વર બાર દિવસ, વાતથી થયેલો જ્વર સાત દિવસ અને સંન્નિપાતથી (ત્રિદોષથી) થયેલો જ્વર પંનર દિવસ રહે છે, અર્થાત્ જેમ એ જ્વરોનો પરિપાક કાળ જુદો જુદો હોય છે, તેમ આત્માએ જે પ્રમાણે પૂર્વે આચરણ કર્યું હોય, તે પ્રમાણે સ્વસ્થિતિ પ્રમાણે કોઈની પણ પ્રેરણા વિના સ્વભાવથી ભોગવાય છે, તેમ અન્ય કર્મોથી અંતરિત એવા જે કર્મો આત્માએ કર્યા હોય, તેમનું ફળ પરિપાક કાળ પ્રાપ્ત થયે કોઈની પણ પ્રેરણા વિના ભોગવાય છે.

મહાત્માનાં આ વચનોથી શોધકચંદ્ર હૃદયમાં પ્રસન્ન થયો, તથાપિ

તેના હૃદયમાં એક બીજી શંકા ઉત્પન્ન થઈ આવી. તેથી તે આ પ્રમાણે બોલ્યો. ભગવન્! આપે દૃષ્ટાંતો આપી એ વાત સિદ્ધ કરી બતાવી છે, તથાપિ મારા મનમાં એક શંકા ઉત્પન્ન થાય છે, તો આપ કૃપા કરી તેનું નિરાકરણ કરશો. જીવ અમૂર્ત્ત છે અને કર્મો મૂર્ત્ત છે, એ બંનેનો સંયોગ ન્યાયથી કેવી રીતે ઘટે? જે ભિન્ન વસ્તુઓ છે, તે આધારાધેય ભાવને કેવી રીતે ધારણ કરે?

મહાત્મા પ્રસન્ન થઈને બોલ્યા–"ભદ્ર! તમારી એ શંકા યુક્ત છે. તેનું સમાધાન સાવધાન થઈને સાંભળો. જીવમાં રહેલી શક્તિ અને કર્મમાં રહેલ સ્વભાવ એ ઉભયને લીધે એમનો સંયોગ ઘટી શકે છે. જુવો; રસાયનશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ઑકસીઝન વાયુ, જે છે તે આપણા શ્વાસોશ્વાસ દ્વારા પેટમાં જાય છે, એનો સ્વભાવ જ્વલંત છે, તેથી તે શરીરમાં અગ્નિ ઉત્પન્ન કરે છે. અને તેથી તે ખોરાકને પચાવે છે. તે ઑકસીઝન શરીરને બહુ ફાયદો કરનાર છે, તેથી તેને તેણે મનુષ્યના જીવનરૂપ ગણેલો છે. વનસ્પતિ અને વૃક્ષો જે શ્વાસ બહાર કહાડે છે, તેમાંથી ઑકસીઝન નીકળે છે, તેમાં પણ તુળશીના છોડવામાંથી વધારે ઑકસીઝન નીકળે છે. જેમ આપણે શ્વાસોશ્વાસ લઈએ છીએ તેમ વનસ્પતિ પણ શ્વાસોશ્વાસ લે છે. વનસ્પતિમાં પણ આપણા જેવોજ જીવ છે. આપણે શ્વાસ લઈએ છીએ, તેમાં રહેલા ઑકસીઝનથી આપણા શરીરમાં પચનક્રિયા થાય છે. આપણે જે શ્વાસ બહાર કહાડીએ છીએ, તેમાંથી કાર્બોનીક નીકળે છે, એ કાર્બોનીક આપણા શરીરમાં ખરાબ થયેલી હવા છે. તે હવા જો પેટમાં દાખલ થાય તો માણસ મરી જાય છે. પણ તે કાર્બોનીક હવા નીકળવાની સાથે પાતળી હોવાથી ઉંચા ભાગમાં જાય છે, અને તે હવાને વનસ્પતિ શ્વાસ વાટે લે છે; અને તેથીજ વનસ્પતિનું પોષણ થાય છે. વનસ્પતિ જે શ્વાસ કહાડે છે તેમાંથી ઑકસીઝન નીકળે છે, તે ઑકસીઝનને મનુષ્યો ગ્રહણ કરે છે તેથી જ્યાં ઘણી વનસ્પતિ હોય તેવા સ્થળોની હવા મનુષ્યને સુખાકારી કહેલી છે.

હવે એ ઑકસીઝનને આપણે ચક્ષુથી દેખી શકતા નથી. પરંતુ તેના ગુણો ઉપરથી તેના હોવાપણાની ખાત્રી થાય છે. તે વાયુરૂપ છે, છતાં ચક્ષુથી દેખાતા એવા પદાર્થોની સાથે પોતાની મેળે મળે

છે. લોઢા અને તાંબાની સાથે ઑક્સીઝન મળવાથી તેમાં કાટ ઉત્પન્ન થાય છે. વળી ચાક એ કાર્બોનીક અને ઑક્સીઝન મળીને થયેલ છે. તેમજ ઑક્સીઝન અને હૈડ્રોઝન બંને હવારૂપ છે, તે મલીને પાણી બને છે. એવી રીતે ઘણાં અદૃશ્ય પદાર્થ સાથે દૃશ્ય પદાર્થનો સંયોગ ( આત્મા અને કર્મનો છે તેમ ) થાય છે. એમ જૈન શાસ્ત્ર કહે છે.

વળી વિચક્ષણ પુરૂષો અમૂર્ત્ત આકાશને મૂર્ત્ત તથા અમૂર્ત્ત, ગુરૂ તથા લઘુ સર્વ પદાર્થોનો અવિનાશી આધાર માને છે. ત્યારે વિચાર કરો કે, આ અરૂપી આત્મા રૂપીશરીરને ધારણ કરે, એ સંભવિત છે. જેમ કપૂર, હીંગ વગેરે સારીનરસી વસ્તુની ગંધ સ્થિતિ પ્રમાણે આકાશને આશ્રિત રહે છે, તેમ કર્મો જીવને આશ્રી રહે છે.

શોધકચંદ્રે વિશેષ જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો–" ભગવન્! આપે કહ્યું, તે મારા સમજવામાં આવ્યું છે, તોપણ તેનું વિશેષ સ્પષ્ટીકરણ કરવાને એટલું પૂછવાનું કે, " જીવનો અને કર્મનો સંબંધ કેમ થાય છે ? અને તે કોણ કરાવે છે ? "

મહાત્માએ કહ્યું, ભદ્ર! જીવ અને કર્મનો સંબંધ થવામાં એક ત્રીજી વસ્તુની જરૂર છે. જો તે ત્રીજી વસ્તુ ન મળે તો તેમનો સંબંધ થાયજ નહિ. જેમ કોઈ પણ બે વસ્તુને જોડવી હોય તો ગુંદર, શરેસ, લાઈ વગેરે ચીકાશવાળો ત્રીજો પદાર્થ મળે તોજ તેનો સંબંધ થાય, નહિ તો સંબંધજ થાય નહીં, તેવી રીતે જીવોને કર્મનો સંબંધ થવામાં રાગ, દ્વેષ અને મોહ એ ત્રિપુટી રહેલી છે. એ ત્રિપુટીની ચીકાશ મળવાથી જીવનો કર્મ સાથે સંબંધ થાય છે. જો રાગ, દ્વેષ અને મોહનો નાશ થઈ જાય તો કર્મના બંધનો અટકાવ થઈ જાય છે. એ રાગ દ્વેષ થવાનું કારણ પૂર્વ ભવોના અનાદિ કર્મોરૂપી બીજમાં રહેલું છે, તેથી કરીનેજ જીવને રાગ, દ્વેષ તથા મોહ થાય છે અને તેમની ચીકાશથી નવા કર્મોનો સંબંધ બંધાય છે, અને પાછા ફરી જન્મમરણ થયા કરે છે. નવીન બંધથી પાછા ફરી નવીન બંધ થતાં કુંભારના ચાકની પેઠે આ સંસાર ચક્રમાં પરિભ્રમણ કર્યા કરે છે.

જ્યારે રાગદ્વેષનો સર્વથા નાશ થાય છે, ત્યારે નવીન કર્મોનો બંધ થતો અટકે છે, એટલે પૂર્વના કર્મો ભોગવીને મુક્ત થવાય છે, તે સ્થિ-

તેમાં કેવળજ્ઞાન એટલે ઇંગ્રેજીમાં જેને ઑલનૉલેજ (all knowladge) કહેવાય છે. તે કેવળજ્ઞાનથી સર્વ જગત્–લોકાકાશ અને અલોકાકાશના રૂપી અરૂપી સર્વ પદાર્થોને જુએ છે અને તેમના સર્વ ભાવો જાણે છે. તેમજ ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાનકાળનું સર્વ જ્ઞાન થાય છે. તે કેવળજ્ઞાની સર્વજ્ઞ કહેવાય છે. તેવું જ્ઞાન થયેલ મહાત્માને જ્યારે તે મનુષ્યભવનું આયુષ્ય બાકી હોય, ત્યાં સુધી વિચરીને જીવોને ઉપકાર કરવા પ્રતિબોધ કરી ધર્મ માર્ગ બતાવે છે અને જ્યારે આયુષ્ય પૂર્ણ થાય છે, ત્યારે તે મોક્ષે જાય છે. તે આ લોકને અંતે રહે છે. તેને ફરી જન્મ–મરણ થતા નથી, તે વીતરાગ, ભગવાન્, ઈશ્વર યા પરમાત્મા એવા અનેક નામથી ઓળખાય છે.

ભદ્ર, શોધકચંદ્ર! આ વિષયના સંબધમાં એટલી વાત પણ યાદ રાખવી કે, જીવોને જેવા જેવા મનના પરિણામ થાય છે, તેવા તેવા કર્મોનો બંધ થાય છે. જે શુભ પરિણામથી શુભ કર્મો પુદ્ગલો ગ્રહણ કરે છે, તે પુણ્ય કહેવાય છે અને અશુભ પરિણામથી અશુભ પુદ્ગલો ગ્રહણ કરે છે. તે પાપ કહેવાય છે. કર્મના બંધમાં જીવને મુખ્ય કારણ મન છે.

**" मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः "।**

" મનુષ્યોને બંધ અને મોક્ષનું કારણ મન છે. " જેવા જેવા મનના વિચાર થાય, તેવું તેવું બોલાય છે અને તેવી તેવી શરીર ક્રિયા કરે છે, તેથી મનવડે, શરીરવડે અને વચનવડે આ પ્રમાણે ત્રણ પ્રકારે કર્મ બંધાય છે. વળી તેના બીજા પણ ત્રણ પ્રકાર છે. ૧ પોતે કરવાથી, ૨ બીજાનીપાસે કરાવવાથી, અને ૩ જે કરતા હોય તેને અનુમોદન આપવાથી આ ત્રણ પ્રકારે કર્મ બંધાય છે. પાપ બાંધવાના અઢાર સ્થાનકો છે. તે આ પ્રમાણેઃ–

૧ જીવહિંસા, ૨ મૃષાવાદ (અસત્ય), ૩ અદત્તાદાન (ચોરી), ૪ મૈથુન (સ્ત્રીસંભોગ), ૫ પરિગ્રહ (ધન વગેરેની ઇચ્છા), ૬ ક્રોધ, ૭ માન, ૮ માયા (કપટ), ૯ લોભ, ૧૦ રાગ, ૧૧ દ્વેષ, ૧૨ કલહ, ૧૩ અભ્યાખ્યાન (આળ ચઢાવવું), ૧૪ પૈશુન્ય (ચાડી), ૧૫ રતિ–અરતિ, ૧૬ પરપરિવાદ (કોઇના અવર્ણવાદ), ૧૭ માયા-મૃષાવાદ અને ૧૮ મિથ્યાત્વ શલ્ય. આ અઢાર પ્રકારે પાપ બંધાય છે.

ભદ્ર, આપણે એટલું યાદ રાખવું કે, પુણ્ય કે પાપ નિમિત્ત મળવાથી થાય છે. કોઈ પણ કાર્ય નિમિત્ત વગર બનતું નથી. જેમ પ્રભુના મંદિરમાં પૂજાભક્તિમાં મધુર વાદ્ય સાથે સંગીત થતું હોય, તે સાંભળવાથી શ્રોતાના અધ્યવસાય શુભ થઇ જાય છે અને તેથી શુભ કર્મોનું ગ્રહણ થાય છે, તે પુણ્ય કહેવાય છે. અને કોઈ ગૃહ-મંદિરમાં વેશ્યાનું મનોહર સંગીત સાંભળતાં શ્રોતાના મનના પરિણામ નઠારા થઈ જાય છે, અશુભ વિષય વિકારો જાગ્રત થાય છે, તે પાપ કહેવાય છે. અહિં સમજવાનું કે પ્રભુના મંદિરમાંથી પ્રભુ કોઇ શ્રોતાને પુણ્ય કે બીજો કોઇ ઉત્તમ લાભ આપી દેતા નથી, માત્ર પુણ્ય બાંધનાર શ્રોતાનું મનજ છે તે શુભનિમિત્ત મળવાથી મનના પરિણામ સુધરી જાય છે અને વેશ્યા કે કોઈ સુંદર સ્વરૂપવાન્ સ્ત્રી જોવાથી મનના પરિણામ બગડે છે, તેજ પાપ છે. વેશ્યા કાંઇ પાપ આપતી નથી પણ તે નિમિત્ત છે. સુંદર વસ્તુ જોઈ રાગ થાય છે અને આંખને અણગમતી વસ્તુ જોઇ દ્વેષ થાય છે, આથી કર્મ બંધાય છે, તે ઉપરથી સમજી લેવું કે, કર્મબંધના મુખ્ય હેતુ રાગ તથા દ્વેષ છે. આ રાગદ્વેષને જેણે જિત્યા છે, તેનું નામ જિન-ભગવાન્ કહેવાય છે. વીતરાગ પણ તેજ કહેવાય છે. તે જિન ભગવાનને પગલે ચાલનાર તે જૈન કહેવાય છે. તે શ્રી વીતરાગ ભગવાને કર્મનું સ્વરૂપ ઘણીજ સૂક્ષ્મ રીતે દર્શાવ્યું છે. જીવો કેવા કેવા કર્મો કરવાથી કેવા કેવા પ્રકારે સુખ દુઃખ ભોગવે છે, તે વિસ્તારથી સમજાવ્યું છે, તે વિષે જૈન દર્શનમાં કર્મગ્રંથ નામનો મોટો ગ્રંથ છે. તે ગુરૂ પાસેથી શીખવાથી સમજી શકાય તેમ છે. તેનું યથાર્થ વર્ણન કરવાને જ્ઞાની મહારાજ જ સમર્થ થઇ શકે છે.

શોધકચંદ્ર ગુરૂના મુખથી આ વચનો સાંભળી હૃદયમાં અતિ પ્રસન્ન થઈ બોલ્યો-“ભગવન્! આપની વાણીએ મારી શંકાને પરાસ્ત કરી નાંખી છે. હવે વિશેષ જાણવાની ઇચ્છાથી એક પ્રશ્ન ઉદ્ભવે છે, તેનો ખુલાસો કરવા કૃપા કરશો. હે શાંતમૂર્તિ ગુરૂ! આપે કહ્યું કે, જીવો કર્મ કરે છે, તેથી સુખ દુઃખ ભોગવે છે, તે જીવ અરૂપી છે અને કર્મોરૂપી છે, તો તે વિષે પુછવાનું કે, જો કર્મો રૂપી હોય તો દેખાવા જોઇએ તે તો કાંઈ દેખવામાં આવતા નથી. તે શું હશે?

મહાત્મા સાનંદ વદને બોલ્યા–" ભદ્ર! તમારી શંકાનું નિરાકરણ હમણાંજ થઈ જશે, સાંભળો–જીવ અરૂપી છે અને કર્મોરૂપી છે, એ બેનો સંયોગ થાય છે, અને તેથી સુખ દુઃખ ભોગવાય છે એ વિષે વ્યવહારિક દાખલાથી અને રસાયણશાસ્ત્રથી હું યથાશક્તિ કહું છું, તે તમે સાવધાનપણે સાંભળજો. આપણે કોઇ સુંદર વાટિકામાં કે કુદ્રતી ઉપવનમાં ફરવા જઇએ છીએ ત્યારે ત્યાં અનેક જાતના વૃક્ષો આપણી દૃષ્ટિએ પડે છે. તે વૃક્ષોના જુદા જુદા રંગ, પત્ર, પુષ્પ તથા ફળની જુદી જુદી આકૃતિઓ અને જુદા જુદા સ્વાદો હોય છે, તે અનુભવ કરવાથી જાણવામાં આવે છે. તેમની એવી વિચિત્રતા વિષે બુદ્ધિથી વિચાર કરશો અને તેના કારણો શોધી કાઢવા મન કરશો તો તમોને ઘણુંજ આશ્ચર્ય થશે. અસંખ્ય વનસ્પતિઓના ભિન્ન ભિન્ન સ્વાદ, જુદા જુદા આકાર, તરેહ તરેહના ગુણ, વિવિધ જાતના રંગબેરંગી પત્ર, પુષ્પ તથા ફળ એમ હોવામાં શું કારણ હશે? એમાં ફાયદો કે ગેરફાયદો હશે? એ વિચારવાનું છે. તે વનસ્પતિની જુદી જુદી અસંખ્ય જાતો છતાં તે બધી એકજ પૃથ્વીમાંથી ઉત્પન્ન થાય છે, સર્વને પોષણ આપનાર જળ, તડકો, તથા હવા એકજ જાતના છે, સર્વની વૃદ્ધિમાં કારણભૂત સૂર્ય ચંદ્ર વગેરે જુદા જુદા ગ્રહો પણ એકજ છે, તે છતાં એ વનસ્પતિ અને વૃક્ષોમાં આટલો બધો ફેરફાર હોવાનું શું કારણ હશે? એ દીર્ઘબુદ્ધિથી વિચારવાનું છે.

ઉપર કહેલાં બધાં કારણો એક સરખાં છતાં કોઇ વૃક્ષ સૈકડો હાથ ઉંચું, કોઇ એક હાથ ઉંચું, કોઇ મોટા ઘેરાવાવાળું, કોઈ નાના ઘેરાવાવાળું, કોઇ કોમળ, કોઇ કાંટાવાળું, કોઇ સુગંધી, કોઈ દુર્ગંધી, કોઈ વાસ વિનાનું, કોઇ અતિ વાસવાળું, કોઇ નાના પાત્રાવાળું, કોઈ મોટા પાત્રાવાળું, કોઈ શરીરને સુખ આપનાર, કોઈ શરીરનો નાશ કરનાર, કોઇ ઋતુ પ્રમાણે વિકશિત થનાર, કોઈ પાણીથી ઉગરનાર, કોઈ રેતીના રણમાં પાણી વગર વૃદ્ધિ પામનાર, કોઇ અંધકારમાંજ ઉગનાર અને કોઈ પ્રકાશમાં ઉગનાર, એમ જુદી જુદી સ્થિતિવાળા હોય છે, તેનું શું કારણ હશે? તે સૂક્ષ્મતાથી વિચારવા જેવું છે. તે ઝાડોની ઉત્પત્તિમાં, પોષણમાં તથા વૃદ્ધિમાં કારણરૂપ જો કે, પૃથ્વી, જળ, વાયુ, ગ્રહો અને પ્રકાશ એક સરખા છે, તે છતાં દરેક ઝાડનાં

બીજ તે જુદાં જુદાં હોવાથી તેઓનું પોષણ તથા વૃદ્ધિ કરનાર તત્ત્વોની અસર તેઓ ઉપર જુદી જુદી થાય છે.

ભદ્ર! જેમ તે કુદ્રત આખા વિશ્વમાં એકજ નિયમે પ્રવર્ત્તે છે, તે તમે જાણુતાંજ હશો. ઝાડોની માફક મનુષ્યોમાં પણ જુદી જુદી પ્રકૃતિ હોવાનું પણ તેઓનું કર્મ-બીજ છે, જેથી તેઓમાં પણ જુદી જુદી આકૃતિના, સ્વભાવના, ગુણના અને સ્થિતિ આદિના ઘણા ભેદો જોવામાં આવે છે અને તેથી કોઈ સુંદર, કોઈ કદ્રૂપો, કોઇ ઉંચો, કોઇ મૂર્ખ, કોઇ વિદ્વાન્, કોઈ દુર્ગુણી, કોઈ દ્વેષી, કોઇ રાગી, કોઇ ધનવાન્, કોઇ નિર્ધન, કોઇ શૂરો, કોઇ બીકણ, કોઈ ઉદ્યોગી, કોઇ આળસુ, કોઇ નિંદાખોર, અને શાંત વગેરે જુદી જુદી રીતના મનુષ્યો હોય છે. જેમ પૃથ્વી, જલ, વાયુ, અગ્નિ વગેરે જુદા જુદા તત્ત્વોમાંથી વૃક્ષો જુદી જુદી જાતના પરમાણુઓ પોતાને જેવાં જોઇએ તેવા પોતાને માટે આકર્ષી લે છે, તેમ દરેક જીવો દુનિયામાં પ્રસાર પામેલી કાર્મણ વર્ગણામાંથી પોતાને ગમતા પોતાની પ્રકૃતિ અનુસાર અણુઓને ખેંચી લે છે. અને તે તેના પ્રભાવે તેઓ જુદી જુદી રીતના, જુદા જુદા આકારના, જુદી જુદી પ્રકૃતિના, જુદા જુદા સ્વભાવના અને જુદા જુદા ગુણવાળા થાય છે; અર્થાત્ એ સર્વ ભેદ કર્મરૂપ બીજના પ્રતાપથી છે. આત્મા તો સર્વનો સમાન સત્તાવાળો છે, છતાં જગતમાં દેખાતી વિચિત્રતા જુદા જુદા જીવોએ બાંધેલા જુદા જુદા કર્મોનું પરિણામ છે.

ઉપર પ્રમાણે વૃક્ષો જેમ પોતાનું પોષણ તેમ વૃદ્ધિનું તત્ત્વ પૃથ્વી, પાણી, વાયુ આદિ તત્ત્વોમાંથી મેળવે છે, એમ ઉપર કહેવામાં આવ્યું છે, છતાં પુનઃ તેનું સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે. તે ઝાડો અને મનુષ્યોમાં ભેદ છે. ઝાડોનો ભેદ તેઓના જુદા જુદા આકારાદિવડે જેમ માલમ પડે છે તેમ મનુષ્યો માટે નથી, મનુષ્યોનો ભેદ તેઓના જુદા જુદા આકાર ઉપરાંત તેઓના જુદા જુદા કામો વડે માલમ પડે છે. ઝાડોના સ્થૂલ શરીરોજ જ્યારે વૃદ્ધિ પામતાં જણાય છે, ત્યારે માણસોના સ્થૂલ શરીરોની વૃદ્ધિ થવા ઉપરાંત માનસિક તેમજ આધ્યાત્મિક વૃદ્ધિ તથા હાનિ થતી માલમ પડે છે. વૃક્ષોના સ્થૂલ શરીરોજ ક્રિયા કરતા જણાય છે. તેઓના માનસિક તેમજ

આધ્યાત્મિક શરીરો તેવી ક્રિયા કરતાં માલમ પડતા નથી. મનુષ્યોના તો ત્રણે ( શારીર, માનસિક, આધ્યાત્મિક )માં ક્રિયા વગેરેનો ભેદ જણાય છે. ત્યારે મનુષ્યના શરીરને પોષણ આપનાર પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ ઉપરાંત બીજું કોઈ તત્ત્વ હોય, એમ જણાય છે અને એ તત્ત્વ ઓળખવાની જરૂર છે. માણસ જો એ તત્ત્વને ખરી રીતે ઓળખે તો જન્મ મરણના ફેરામાંથી છુટી એક એવું સુખ મેળવે છે કે, જેનું યથાયોગ્ય વર્ણન કરવાની કોઈની જીહ્વા કે કલમમાં શક્તિ નથી, એ તત્ત્વ તે **આત્મતત્ત્વ** છે, એમ જણાવવાની જરૂર છે. જેમ પૃથ્વી, જળ, વાયુ, પુદ્ગલો વગેરે તત્ત્વોમાં અનંત ગુણ ધર્મો રહેલા છે, તેમ આત્મતત્ત્વમાં પણ અનંતા ગુણ ધર્મો અને શક્તિ રહેલ છે. અને તેના કાર્યો પણ તેવાંજ છે. જેમ પૃથ્વી વગેરે તત્ત્વોમાંથી જુદી જુદી જાતના વૃક્ષના બીજ પોતાની જુદી જાતિના પ્રમાણમાં જુદા જુદા રંગ, જુદા જુદા સ્વાદ, જુદા જુદા આકાર, વગેરે આકર્ષી લઇ તેને અનુસરતાં ફુલ ઉત્પન્ન કરે છે, તેમ મનુષ્ય પણ પોતાના કર્મરૂપ બીજને અનુસારે સારાં કે નરસાં યોગ્ય અથવા અયોગ્ય જુદા જુદા ગુણ ધર્મવાળા બળને ખેંચી તેવા તેવા ગુણોનો અનુભવ કરે છે અને તેવાંજ ફળ ભોગવે છે. કોઈ એમ ધારતું હોય કે પૃથ્વી, જળ આદિ તત્ત્વો પક્ષપાતથી કોઇને સારા અણુઓ આપી તેમાં સારા ગુણો મૂકે છે અને બીજાને દ્વેષ ભાવે તેવા અણુઓ ન આપવાથી તેઓ ખરાબ ગુણોના માલિક થાય છે, તો તે ધારવું વાસ્તવિક નથી. જુદા જુદા તત્ત્વોમાં પક્ષપાત જેવું કાંઈ છેજ નહિ, તેઓને લીંબડાને કે કારેલાને કડવા કરવાની કે ગુલાબ કાંટાવાળો છતાં સુગંધી કરવાની પક્ષપાત બુદ્ધિ છેજ નહિ. દરેક બીજ પોત-તાની મેળે કડવાં કે ગળ્યાં અથવા સારાં કે નરસાં ફળો ઉપજાવવામાં કારણરૂપ હોય છે. મનુષ્યો પણ તેજ રીતે કોઈ બીજામાંથી નહિ પણ પોતે કરેલી ક્રિયાઓમાંથી જેવો ગુણધર્મ મેળવે છે અને તે અનુ-સાર જેવો કર્મબંધ કરે છે, તેને અનુસરીને ગૌર કે કૃષ્ણ, ઉંચો કે નીચો, ગરીબ કે ધનવાન્ અને મૂર્ખ કે બુદ્ધિશાળી થાય છે.

હવે ઉપર જે વનસ્પતિ પૃથ્વી, જળ, વાયુ વગેરે અને માણસમાં આત્મતત્ત્વનો ભેદ બતાવ્યો, તે ઉપરથી એમ સમજવાનું નથી. કે

વનસ્પતિમાં આત્મતત્ત્વ નથી. મનુષ્યમાં અને વનસ્પતિ વગેરેમાં તે તત્ત્વ સરખું છે, છતાં ભેદ માત્ર એટલો છે કે, વનસ્પતિ વગેરેમાં કર્મ પ્રભાવે જડતાનું જોર વધારે પ્રબળ હોવાના કારણને લીધે તેની જ્ઞાનશક્તિ વધારે ઢંકાઈ જવાથી જ્ઞાન ઢંકાઇ ગયેલું છે, તેથી તે પોતાનું હિતાહિત કરવાને શક્તિમાન્ નથી અને તેને એકજ સ્પર્શ ઇંદ્રિયનું જ્ઞાન છે અને માણસને પંચ ઇંદ્રિયોનું જ્ઞાન છે, તેમ વળી મનુષ્યમાં મન છે અને વનસ્પતિને મન નથી. વળી જનાવરમાં પણ પંચ ઇંદ્રિયો તથા મન છે, પરંતુ તેના કરતાં માણસમાં વધારે જ્ઞાન છે. જે આત્મતત્ત્વમાં અનંત જ્ઞાનશક્તિ છે, તેવું આત્મતત્ત્વ એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય જીવો કે જેમની ચોરાશી લાખ યોનિઓ છે, તે સઘળામાં એકજ સરખું રહેલું છે. જેમ લાકડું સળગતું જોઇ આપણે તેને અગ્નિ કહીએ છીએ અને તે અગ્નિ દરેક લાકડામાં રહેલો છે એમ કહેવામાં આવે છે તેવીજ રીતે આપણા બધા જીવોમાં શુદ્ધાત્મા છુપી રીતે રહેલ છે. આત્માની સાથે કર્મ પુદ્ગલો જે લાગેલા છે, કે જેઓ જ્ઞાન ગુણને દબાવનારા છે. એકેંદ્રિય જીવ કરતાં બેઈંદ્રિય જીવોમાં જડતા ઓછી છે, બેઈંદ્રિયના કરતાં તેઈંદ્રિયવાળાઓમાં ઓછી જડતા છે; તેમના કરતાં ચૌઈંદ્રિયવાળાઓમાં અને તેમના કરતાં પંચેંદ્રિય જીવોમાં જડતા ઓછી છે. તેમાં મનુષ્ય જીવોમાં જડત્વ ઓછું છે. મનુષ્યોમાં પણ જુદા જુદા કર્માનુસાર જુદા જુદા પ્રમાણમાં ઓછું વધતું જ્ઞાન હોય છે. માટે જીવોની સર્વ જાતિમાં મનુષ્ય વધારે ઉત્તમ ગણેલ છે; એટલે સઘળા જીવો કરતાં મનુષ્ય જાતિમાં જ્ઞાનશક્તિ વધારે હોવાથી જો તે ધર્મજ્ઞાન કે આત્મજ્ઞાનમાં પોતાની શક્તિઓ ખીલાવે અને શ્રી વીતરાગ પ્રભુને પગલે ચાલે તો મનુષ્ય મટી ઈશ્વર–પરમાત્મા બની જાય છે. અને સર્વથા દુઃખનો નાશ થઇ અનંત સુખના ભોક્તા બને છે–એવા પરમાત્મા બનેલા જીવોના ચરિત્રો આગમમાં ઘણાં જોવામાં આવે છે, તેમની ભક્તિ કરવાથી અને તેમને પગલે ચાલવાથી તેની આજ્ઞા પ્રમાણે બીજા જીવો પણ અનુક્રમે પરંપરાએ પરમાત્મા બની જાય છે.

મનુષ્ય શિવાયના એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય તીર્યંચ જીવો ધર્મને અભાવે આગળ વધવાને શક્તિમાન્ નથી તથાપિ તે જીવો

પણ મનુષ્ય યોનિમાં આવી શકે છે, પણ તે કર્મો ભોગવીને કેટલેક કાળે દુઃખ પામતાં કર્મો ઓછા થવાથી ઉંચી ગતિમાં જાય છે. તે ઉપર દૃષ્ટાંત છે કે, જેમ પર્વતમાંથી તૂટી પડેલા પત્થર નદીમાં પાણીથી અથડાઇ ઘસાઇને મૃદુ ગોળાકાર બને છે, તેમ જીવો પણ ઘણે કાળે ઉંચી હદે પહોંચે છે. આપણે બધા મનુષ્યો પણ એકેંદ્રિયમાં ઘણી વાર આવેલા હશું, તેમજ ઘણી વાર વનસ્પતિરૂપે થઇ કાછીઆની છાબડીમાં પડેલા હતા અને જેવે તેવે મૂલ્યે વેચાયા હતા. તેમજ આપણે ઝીણા ઝીણા કડકારૂપે હાંલ્લામાં રંધાયા હતા. વત્સ શોધકચંદ્ર! હવે ફરી વાર આપણને એવી દશા આવે નહિ તેને માટે સાવધાન રહેવું, એજ આપણી ફરજ છે. વત્સ! હવે આપણામાં પરમાત્મા બનવાની શક્તિ આવેલી છે, એટલે અહિં શુભ કૃત્યો કરી સન્માર્ગે ચાલી પરોપકાર અને સર્વ જીવો પર દયા કરવાથી સ્વર્ગમાં અને છેવટે પરમ શાંતિરૂપ મોક્ષ સ્થાનમાં જવું, એ આપણા અધિકારમાં છે. આવો અધિકાર પ્રાપ્ત થયો છતાં અજ્ઞાનરૂપી અંધકારમાં રહી પ્રમાદ અને પુદ્‌ગલિક સુખમાં મગ્ન થઇ આ યોગ્ય સમયને ગુમાવીએ તો પુનઃ ચોરાશીના ફેરામાં પડીએ અને એકેંદ્રિયાદિપણાની સ્થિતિમાં આવીએ. તેથી આ દુર્લભ મનુષ્ય ભવ કે જે ઘણા પુણ્ય યોગથી પ્રાપ્ત થયેલ છે, તેને વૃથા ગુમાવવાથી તે પાછો મળવો મુશ્કેલ થઈ પડે.

ભદ્ર શોધકચંદ્ર! વળી કેટલાએક એમ માને છે કે, જેમ બાજરીમાંથી બાજરીજ ઉત્પન્ન થાય છે અને ઘઉંમાંથી ઘઉંજ પેદા થાય છે, એટલે જેવાં બીજ હોય તેવાંજ ફળ થાય છે, તેવી રીતે મનુષ્ય મરીને મનુષ્યજ થાય છે, તે પશુ પક્ષી કે વનસ્પતિ થાયજ નહિ. જે જાતિના જીવ હોય, તે જાતિમાં તે મરીને પાછા પેદા થાય છે, આ તેમની માન્યતા ખરી નથી, તે વિચાર કરવાથી માલમ પડી શકે છે. તે વિષે આ પ્રમાણે દૃષ્ટાંતો છે. જે જે વનસ્પિતિનાં બીજ છે, તે બીજોને રોપવાથી તેવાંજ ઝાડ, ફૂલ, ફળ અને બીજ બને છે. જેમકે, વડનું બીજ વાવવાથી વડ થાય છે, આંબાનું બીજ વાવવાથી આંબો થાય છે, તેવીજ રીતે પશુના બીજમાંથી પશુ, પક્ષીના બીજમાંથી પક્ષી અને મનુષ્યના બીજમાંથી મનુષ્ય થાય છે. આ વાત

તો ચોક્કસ છે, પણ બીજ અથવા શરીર જડ પદાર્થ છે અને તેઓમાં રહેલો જીવ એ જુદું તત્ત્વ છે, માટે તે જીવ શરીરથી જુદા થઈ પોતાના કર્માનુસારે તેવા પ્રકારની ગતિમાં બીજે ઠેકાણે જાય છે અને તેના આગલા શરીરનો નાશ થાય છે. ફરીથી નાશ થયેલું શરીર ધારણ થઇ શકેજ નહિ. જેમકે એક બાજરીનો દાણો વાવ્યો, તે ઉગીને બાજરીનો છોડ થયો, તે ઉપર કણુસલું થયું, ત્યારે તે કણુસલામાં આશરે બસો બાજરીના દાણા થયા, હવે બાજરીનો જે દાણો વાવ્યો હતો, તેનો એક જીવ છે, તેની ઉપર બસો દાણા થયા તો તે બસો જીવ થયા એટલે તે એકજ જીવના બસો જીવ થયા, એમ બનતું નથી; કારણ કે, જે વાવેલો બાજરીનો જીવ છે, તે જુદો છે અને તે ઉપર થયેલા બસો જીવ તે પણ જુદા છે. જે બાજરી આપણી દૃષ્ટિએ દેખાય છે, તે જડ વસ્તુ છે અને તેની અંદર રહેલો જીવ જુદો-પુદ્ગલ (શરીર) થી ભિન્ન છે, તે સઘળા જીવોએ તેવી જાતનાં કર્મબીજ ગ્રહણ કરેલાં, તે ઉપરથી તેઓ તેમાં આવીને ઉત્પન્ન થયા. તેવીજ રીતે એકજ માણસને છોકરા છોકરી મળીને દશ જીવ થયા, છતાં તે મનુષ્ય તો કાયમ છે. તે મનુષ્યના જીવથી બીજા દશ જીવ પેદા થતા નથી, પરંતુ તે દશ જીવો જુદા જુદા છે અને તેઓ તેમના તેવા કર્માનુસારે અને પૂર્વ ભવના સંબંધને લીધે ત્યાં આવી ઉત્પન્ન થયા. જેથી મનુષ્ય મરીને મનુષ્ય થાય અને પશુ મરીને પશુ થાય, એ વાત લાગુ પડતી નથી; કારણ શરીર તો જડ હોવાથી તે અહિંજ રહે છે અને તેની અંદર રહેલો જીવ જુદો પડી કર્માનુસારે ગતિમાં જાય છે. તે જીવની સાથે શરીરનો કોઇ પણ જડ અંશ જતો નથી, તેની સાથે તો પાછલા ભવોના તથા આ ભવના મન, વચન અને કાયાના યોગ વડે જે કર્મ પુદ્ગલો ગ્રહણ કરેલા કે જે પાણી અને દૂધની પેઠે જીવની સાથે મળી ગયેલા તે સાથે જાય છે. તે કર્મ પુદ્ગલો અતિ સૂક્ષ્મ હોવાથી દેખી શકાતા નથી. તે જીવની સાથે ગયેલા તે કર્મરૂપ બીજ છે, તે બીજરૂપ પુદ્ગલો પોતાની યોગ્ય જાતિ ગ્રહણ કરી તેવાં શરીર ધારણ કરે છે અને પાછા નવા પણ પોતાની અંદર રહેલા પરમાણુઓને અનુકૂલ ગ્રહણ કરતા જાય છે.

ભદ્ર! આ વાત લક્ષ દઇને સાંભળજો. હવે આ સ્થળે એટલું યાદ

રાખવું કે, મનુષ્યને જેનાથી જુદી જુદી હાલત ઉત્પન્ન થાય છે, તેનાં કારણો પૈકી પ્રબળ કારણ મન છે, એ મનના ફેરફારથી મનુષ્યો આત્મતત્ત્વમાંથી જુદી જુદી સ્થિતિરૂપ બળ આકર્ષી તેવી તેવી સ્થિતિ પ્રાપ્ત કરે છે. જેમ જુદી જુદી જાતનાં બી, પૃથ્વી, જળ આદિ તત્ત્વો તો એકજ જાતના પરમાણુઓ ધરાવે છે, પણ તે તત્ત્વોની અંદર જુદા જુદા તત્ત્વો મિશ્રણ થયેલા હોય છે; તે મિશ્રણવાળા તત્ત્વોમાંથી પોતાના બીજમાં રહેલા તત્ત્વોને વૃદ્ધિ થતાં તત્ત્વો ઓછા વધતા પ્રમાણ તેમજ સંયોગના કારણે તેઓમાંથી જેમ જુદા જુદા વૃક્ષો ઉગે છે, તેમજ સર્વ મનુષ્યોનાં શરીર તો દેખાવમાં એક સરખાં લાગે છે, પણ સર્વ મનુષ્યોનાં મન એક સરખાં નથી હોતાં; કારણ કે, જુદા જુદા મનુષ્યોનાં કર્મ જુદાં જુદાં હોવાથી તે કર્મરૂપી જડ પુદ્ગલોનું મન જુદી જુદી સ્થિતિનું રહે છે, જેમ મૂળો પૃથ્વીમાંથી પોતાના મનગમતા પરમાણુઓ ખેંચી લે છે, તેમ જેવા જેવા પ્રકારના રાગ દ્વેષરૂપ પરિણામ થાય, તેવા તેવા પ્રકારના કર્મ પુદ્ગલો ગ્રહણ થઇ જીવની સાથે એકમેક થઈ જાય છે. તેના સ્વભાવ પ્રમાણે—સમવાય પ્રમાણે ઉદય આવી જીવોને સુખ દુઃખનો ભોગ પ્રાપ્ત કરાવી પાછા આત્માથી જુદા પડીને ખરતા જાય છે અને નવીન નવીન ગ્રહણ થતા જાય છે. જેમ કુવાની અંદર ફરતા રેંટના લોટા ખાલી થતા જાય છે અને પાછા ભરાતા જાય છે, તેમ આત્મા સાથેના જુના પુદ્ગલો ખરતા જાય છે અને નવાનો બંધ થતો જાય છે. આથી કરીને જીવો આ સંસારમાં ચારે ગતિઓની અંદર જન્મ—મરણરૂપ ભ્રમણ કર્યા કરે છે.

આવી રીતે મનુષ્યોનાં મન જો કે એકજ પ્રકારના આત્મતત્ત્વમાંથી બળ મેળવે છે, તે છતાં જુદી જુદી ક્રિયાઓથી તેઓની સ્થિતિમાં અસંખ્ય પ્રકારના ભેદ માલમ પડે છે. એ તો નક્કી છે કે, મનુષ્યોની જુદી જુદી સ્થિતિનું કારણ તેનું મન છે. નિદ્રામાં પડેલા મનુષ્યનું મન અજ્ઞાનના પડદામાં વીંટાએલું હોવાથી, બેશુદ્ધ થયેલા માનવીનું મન પણ તેવાજ અંધકારમાંજ ઝકડાએલું હોવાથી, અને માનવના મૃત દેહમાં મનનો અભાવ હોવાથી શરીર ક્રિયા કરવા અશક્ત હોય છે—અસમર્થ હોય છે. આ ઉપરથી સમજાશે કે શુભાશુભ ક્રિયાનું કારણ મન હોવાથી સુખ કે દુઃખરૂપ સારૂં કે નરસું ફળ ઉત્પન્ન કરાવનાર કારણ મન છે એ નિર્વિવાદ છે.

મનના વિચારો અને તેવા વિચારોથી ઉત્પન્ન થયેલી અયોગ્ય વાણી, તેમજ શરીરની ખોટી ક્રિયાઓ કોઇ પણ પ્રકારનાં ઉંચા સુખો ઉત્પન્ન કરી શકેજ નહિ પણ દુઃખોજ પ્રગટાવે છે. અને એજ મનના સારા વિચારો અને તેવા વિચારોને અંગે થયેલી ઉંચી ક્રિયા સુખનેજ પ્રગટાવે છે, એ નિઃસંશય છે. ભદ્ર શોધકચંદ્ર! એ માટે આ દુનિયામાં જન્મીને મનને ઉંચી યોગ્ય ક્રિયાઓમાં આખો વખત રોકી રાખવું, એ મનુષ્યનું પ્રથમ કર્ત્તવ્ય છે. એ પ્રથમ કર્ત્તવ્ય બજાવવા ઊંચી કેળવણી લઇ વિદ્યાકળામાં પ્રવીણ તેમજ તત્ત્વજ્ઞાનના ફીલસુફ બની પોતાનું, પોતાની જાતનું, આખી દુનિયાના સર્વ જીવોનું શુભ કરવા જો કોઇ ઇચ્છા કરશે તો તેનાથી બની શકશે. સર્વ જીવોને સુખી કરવાની ઇચ્છા કરવાથીજ આપણે સુખી થવાના; એથી દરેક મનુષ્યે પોતાના મનને શુદ્ધ વિચાર તેમજ શુદ્ધ આચારમાં જોડવાની સૌથી મોટી જરૂર છે, એમ સહજ સમજી શકાય તેમ છે.

ભદ્ર શોધકચંદ્ર અને સત્યચંદ્ર! આ ઉપરથી તમે કર્મનું ખરૂં સ્વરૂપ સમજ્યા હશો, હજુ હું તે વિષે વિશેષ સ્પષ્ટીકરણ કરૂં છું, તે પુનઃ ધ્યાન દઇને સાંભળજો.

જેમ એક ખેતરનો બાગ બનાવ્યો હોય, તેમાં જુદી જુદી જાતનાં ફૂળો ઉગ્યાં, તેમને બધી જાતના રંગ આવ્યા, ઘણી જાતનાં મેવાનાં ઝાડો ઉપર જુદા જુદા સ્વાદનાં ફળ લાગ્યાં, જુદી જુદી જાતનાં અનાજ થયાં, હવે સઘળા ખેતરની જમીન એક સરખી, એક સરખા રંગની અને એકજ કૂવાનું પાણી, છતાં જુદા જુદા રંગ, જુદા જુદા સ્વાદ, ફળ અને જુદાં જુદાં અનાજ ક્યાંથી આવ્યાં? આનું કારણ પરમેશ્વર સર્વ વસ્તુનો કર્ત્તા છે તેવું માનનારાઓને પૂછશો તો તે કહેશે કે, એ તો બધું પરમેશ્વરે કર્યું. પણ હાલની પશ્ચિમ વિદ્યાની શોધથી નક્કી થયું છે કે, એ જમીનમાં બધી જાતના અનાજના પરમાણુઓ છે, બધી જાતના મેવા મીઠાઈના પરમાણુઓ છે, તેથી જેવા જેવા બીજમાં પરમાણુઓ છે, તેવી તેવી જાતના પરમાણુઓને આકર્ષી તે પોતાના જેવાં ફૂળો ઉત્પન્ન કરે છે. જો તેઓમાં જીવ ન હોય તો તેઓમાંનું બીજ ઉગે પણ નહિ અને

ફળની પ્રાપ્તિ પણ થાય નહિ. જો કે બીજા બીજોમાં જીવ તો સરખો છે પણ તે બીજમાં પરમાણુઓ જુદા જુદા હોવાથી તેમજ તેઓના કર્મ પણ જુદા જુદા હોવાથી પોતાના જેવા પરમાણુનેજ તે ગ્રહણ કરે છે.

આ ઉપરથી સમજવાનું કે, જેમ જમીનમાં બધી જાતના પુદ્ગલો છે, તેમજ સમગ્ર લોકાકાશમાં બધી જાતના પુદ્ગલ પરમાણુ ભરેલા છે. તેવી રીતે આખું આકાશ, નીચે પાતાળ, અને ઉપર ચૌદ રાજ લોક સુધી સર્વત્ર સ્થળે આઠે કર્મની વર્ગણાઓ કર્મઅણુઓ ભરપૂર રહેલ છે. આપણે ચર્મ ચક્ષુથી તે જોઇ શકાતા નથી પણ સર્વજ્ઞ ભગવાને તે જોએલું છે. જેમ પૃથ્વીમાં બધી જાતના પરમાણુઓ છે તે દેખાતા નથી પણ તેમાંથી વનસ્પતિ પોતપોતાની જાતિના પરમાણુઓ ખેંચી લે છે. તેમ મનુષ્યો પણ આ લોકમાં રહેલા કર્મના પરમાણુઓ પોતાના મનના અધ્યવસાય જેવા જેવા થાય, તેવા તેવા તેના રાગ દ્વેષના યોગે ગ્રહણ કરે છે અને તે જીવની સાથે એકમેક થઇ જાય છે. એ પરમાણુઓ બીજ રૂપે સંસારી દરેક આત્મામાં રહે છે. જ્યારે આ દેહનો સંબંધ પૂરો થયો એટલે તેને છોડી જીવ બીજે ઠેકાણે જાય છે, ત્યાં જતી વખતે ગ્રહણ કરેલા કર્મના અણુઓ દુધ અને પાણીની પેઠે જે જીવની સાથે એકમેક થયેલા છે તે જીવની સાથે કાર્મણ શરીરરૂપે જાય છે.

ભદ્ર, હવે તમોને અહિં એક શંકા થશે કે, જીવ હંમેશાં સુખની ઇચ્છા રાખે છે તો તે પોતે દુઃખવાળી અવસ્થામાં શા માટે જાય? કોઇ રાજા કે કોઈ સુખી ગૃહસ્થને ઘેર જન્મ લેવાને કોણ મનાઈ કરે છે? છતાં ગરીબ, ભીખારી કે દુઃખી માણસને ત્યાં શા માટે જાય? તેમજ તિર્યંચ જાતિમાં કે વનસ્પતિમાં શા માટે જાય?

ભદ્ર! તમારી આવી શંકાનું સમાધાન આ પ્રમાણે છે—જીવ હમેશાં સુખનો અર્થી છે અને તે સુખ મેળવવાને માટે પ્રયત્ન કરે છે, એ વાત તો ચોક્કસ છે. પણ કયા સુખને ખરૂ સુખ માનવું એ મન ઉપર આધાર રહે છે અને મન તે જીવ સાથે લાગેલા પુદ્ગલોને ગમતા પુદ્ગલોમાં સુખ માને છે તે વિષે આ પ્રમાણે દૃષ્ટાંત છે—એક ગૃહસ્થને ત્રણ ચાર છોકરા છે, તેમાંનો એક છોકરો વેશ્યાને ત્યાં જવામાં સુખ માને છે, એક છોકરો વિદ્વાન્ પાસે જવામાં સુખ માને

છે અને એક ગંદા મિત્રોની ટોળીમાં રહેવામાં સુખ માને છે. વળી ભુંડ ઉકરડામાં કે ગંદકીમાં રહેવામાં સુખ માને છે, કાગડા અને ગીધ મુડદાં ચુંથવામાં સુખ માને છે. માંખીને ગંદકી પ્રિય લાગે છે અને તે સુગંધી પદાર્થ પર બેસતી નથી. ભ્રમર સુગંધી પુષ્પો પર સુખ માને છે. જ્યારે સાકર સર્વને મધુર લાગે છે ત્યારે ગધેડું તેને સુંઘતું પણ નથી. શેરડી સર્વ મનુષ્યો અને જનાવરોને પ્રિય લાગે છે, ત્યારે ઊંટને તે અપ્રિય લાગે છે. ઝેરનો કીડો ઝેરથી આનંદ સાથે પોતાનું પોષણ કરે છે. જો તેને સાકરમાં મુકવામાં આવે તો તે મરી જશે. ખારા પાણીનાં માછલાં કે પોરા મીઠા પાણીમાં મરી જશે. માણસને શરીરે મરચાં લાગે તો તે શરીર બળશે અને મરચામાં ઉત્પન્ન થનારા કીડાના કોમળ શરીરમાં તે મરચાની આગ પણ લાગતી નથી. આ દૃષ્ટાંતો ઉપરથી કહો કે, કઇ વસ્તુથી સઘળા જીવોને સુખ થાય છે? ભદ્ર! તમોને હવે ચોક્કસ સમજાવું જોઇએ કે જીવ બધા એક સરખા છે. છતાં પોતાનામાં રહેલા કર્મરૂપી પુદ્ગલો જેવા છે, તેવાજ પુદ્ગલો તેમને પ્રિય લાગે છે અને તેઓ તેમાંજ સુખ માની તેવા કર્મો ઉપાર્જનકરી તેવી ગતિમાં જાય છે.

જેથી સંસારી સઘળા જીવોનો જે આનંદ પોતાના કર્માનુસારે રહેલો છે તે આનંદ ખોટો છે. ખરો આનંદ તો આત્મામાં રહેલ મૂળ સ્વભાવમાં છે. બાકીના સર્વ આનંદ જુઠા–કલ્પિત છે. ભદ્ર શોધકચંદ્ર અને સત્યચંદ્ર! આ વાત ધ્યાનમાં રાખી તમારા સંશયને દૂર કરજો. હવે તમારા સમજવામાં આવ્યું હશે કે, જીવ અરૂપી છતાં રૂપી એવા કર્મ–જડ પુદ્ગલો સાથે કેવી રીતે મળેલો છે. પુદ્ગલોનો પૂરાવાનો અને ગળવાનો સ્વભાવ છે, અને તેમાં એવા સૂક્ષ્મ અણુઓ રહેલા છે કે, જે સૂક્ષ્મ હોવાથી દૃષ્ટિ માર્ગે આવી શકતા નથી. તેમને સર્વજ્ઞ પ્રભુજ દેખી શકે છે.

તમોને આગળ જેમ કહેવામાં આવ્યું છે તેમ સઘળી જાતના પુદ્ગલ પરમાણુઓથી ભરેલા આ લોકાકાશમાંથીજ આ આત્મા કર્મ રૂપી પુદ્ગલો ગ્રહણ કરે છે; પોતાની સાથે રાગદ્વેષ વડે તેમનો સંયોગ કરે છે, તોપણ અરૂપી આત્માની સાથે અનેક જાતની કર્મની વર્ગણાના પુદ્ગલો મળી ગયેલા છે, તથાપિ તે આત્મા દેખાતો નથી–રૂપી થતો નથી.

ભદ્ર! આ જગતમાં કોઈ પણ પદાર્થ નવો ઉત્પન્ન થતો નથી, અને જે છે તેનો નાશ પણ થતો નથી; એટલે જગત્માં જેટલી વસ્તુ છે, તેટલીજ તે કાયમ રહે છે, પરંતુ તેનું રૂપાંતર થાય છે. જેથી આગળ કહ્યા મુજબ દરેક પદાર્થો (દ્રવ્યો) ઉત્પાદ્, વ્યય અને ધ્રૌવ્ય યુક્ત લક્ષણવાળા છે. જૈન શાસ્ત્રનો આ દઢ નિયમ છે. તે તમારે મનન પૂર્વક લક્ષમાં રાખવો.

ભદ્ર! આ વિષય ઉપર અનેક દૃષ્ટાંતો મળી આવે છે. આંબાની કાચી કેરી તોડી લાવી ખાઈએ તો તેમાં મીઠાશને બદલે ખટાશ દેખાશે. કાચા કેળાને તોડી ખાવાથી તે તુરૂં લાગશે, પણ જો તેને પકાવી ખાવામાં આવે તો તે મીઠું લાગશે. કેરી પણ પકવ થતાં માધુર્ય આપશે. કેરી અને કેળામાં આ બે સ્વાદ શી રીતે થયા? ખટાશ અને તુરાશને બદલે માધુર્ય ક્યાંથી આવ્યું? તેમવળી દૂધને કાચું રાખવાથી તે બગડી જશે–તેમાં ખટાશ આવી જશે. તેની અંદરનો મૂળનો સ્વાદ નાશ પામી અરૂચિકર સ્વાદ કયાંથી આવ્યો? આ બાબતનો વિચાર કરી જો તે શાસ્ત્ર રીતિએ કે પછી રસાયણ-શાસ્ત્રની રીતિએ સમજશો તો તમને ખાત્રી થશે કે, તે સઘળામાં આકાશમાં રહેલા પુદ્ગલના પરમાણુઓ મળવાથી ફેરફાર થઈ નવીન જાતના પુદ્ગલો બને છે. જેમકે, હળદર જાતે પીળી હોય છે અને પાપડીઓ ખાર સફેદ હોય છે, હવે જો તે સફેદ પાપડખારનું પાણી કરી હળદરની સાથે મેળવીએ તો લાલ રંગની ત્રીજી વસ્તુ થશે. વળી તેલ અને પાણી ભેગાં મળતાં નથી, પણ તેમાં પાપડખાર નાંખવામાં આવે તો તે મળી જઈ સાબુનો ગોળો બનશે. આ પ્રમાણે જગતમાં એક એક પદાર્થના જુદા જુદા પરમાણુઓ, જુદા જુદા પ્રમાણવડે મળવાથી અનેક તરેહના નવા નવા પદાર્થો ઉત્પન્ન થાય છે. ભદ્ર! એવી રીતે જીવની સાથે કર્મોનો સંયોગ થાય છે. આ બધું સર્વજ્ઞના સિદ્ધાંતો સારી રીતે સાબીત કરી આપે છે.

હે ભવ્યાત્મા! હવે તમારા મનમાં તે વિષે કોઇ જાતની શંકા રહી નહિ હોય. જીવની સાથે જડ પુદ્ગલ રૂપ કર્મ મળવાથી સુખ દુઃખનો કર્ત્તા જીવ થઇ શકે છે, એ વાત પણ તમારા સમજવામાં આવી હશે. તે છતાં તેની વિશેષ સમજૂતીને માટે કેટલાએક દાખ-

લાઓ યાદ રાખવા જેવા છે. મદિરા જડ છે, છતાં તે પીવાથી માણસની બુદ્ધિનો તે નાશ કરે છે. વિષ જડ છતાં ખાવાથી મરણ નીપજાવે છે. કેટલીએક જડ ચીજો ખાવાથી શરીરમાં અનેક જાતના રોગો ઉત્પન્ન થાય છે, તેથી ઉલટી રીતે કેટલીએક દવાઓ ખાવાથી રોગ નાબુદ થાય છે. જે ઝેર પ્રાણ લેનારા છે, તેના પ્રતિપક્ષી ઔષધો ખાવાથી તે ઝેર નાબુદ થઇ જાય છે. આવી રીતે જડ પદાર્થોની અનેક શક્તિઓ છે, તેવીજ રીતે જડ કર્મોની શક્તિઓ પણ અનેક છે, તે આત્મા સાથે મળીને આત્માને સુખ દુઃખ કરે છે, એ વાત સિદ્ધ થાય છે.

ભદ્ર, વળી સર્વજ્ઞ ભગવાનની પ્રરૂપેલી બીજી વાતો પણ એવીજ રીતે સિદ્ધ થયેલી છે. તે ભગવાન્ ભાષાના શબ્દો જડ–પુદ્ગલ તરીકે પ્રરૂપે છે. આ વિષે કેટલાકને જે સંશય હતો તે હમણાના ફોનોગ્રાફના શોધકોએ પ્રત્યક્ષ બતાવેલા પ્રયોગોથી દૂર થઇ જાય છે. માણસની ભાષાના પુદ્ગલો ગાયનના પ્લેટમાં ઉતારી લેવાય છે અને તે તે ગાનારના જેવાં શબ્દો બોલે છે. આપણે તો શીખેલું ગાયન વખતે ભુલી જઇએ છીએ, પણ તેમાં ઉતારેલા શબ્દોનો એક અક્ષર પણ ભુલાતો નથી. જેમ ભાષાના પુદ્ગલો ઉતારી લેવામાં આવે છે, તેમ કરેલું કાર્ય પણ સીનેમેટોગ્રાફમાં ઉતારવામાં આવે છે. હાલતા ચાલતા માણસોનો અને દોડતી ગાડીઓનો દેખાવ તે યંત્રમાં આબેહુબ થાય છે. અનેક જાતની ક્રિયાઓ કરતી આકૃતિઓ કાગળ ઉપર લઇ શકાય છે. આવી રીતે જૈનોના સનાતન અનેક સિદ્ધાંતો પશ્ચિમના વિદ્વાનોની શોધથી તે સત્ય રીતે સાબીત થયેલા છે. તે શિવાય વરાળ અને વિજળી[1] કે જેઓ જડ છે, તેની અદ્દભુત શક્તિઓ દુનીયાની સપાટી ઉપર દેખાય છે. હજારો ગાઉ ઉપર લાખો મણના બોજાને ખેંચી જવામાં અને હજારો ગાઉ દૂર સંદેશાઓને ક્ષણમાં લઈ જવામાં એ અદ્દભુત શક્તિઓ દેખાઈ આવી છે. જ્યારે જડ વસ્તુઓમાં આટલી[2] શક્તિ છે તો પછી આત્મા કે જે ચૈતન્યરૂપ છે, તેમાં પણ અનંત શક્તિ હોય, તે આશ્ચર્યની વાત નથી. આથી

૧. જેનાથી તાર વગેરેનું કાર્ય થાય છે તે.

૨. શાસ્ત્રકારે પુદ્ગલ–જડમાં પણ અનંત શક્તિઓ કહેલી છે.

નિઃશંક રીતે સિદ્ધ થાય છે કે, આત્માની સાથે જડ મળવાથી સુખ, દુઃખ, હાનિ અને વૃદ્ધિ થાય, એમાં કાંઇ નવાઇ નથી. મહાત્માના આ વચનો સાંભળી પુનઃ શોધકચંદ્ર અને સત્યચંદ્ર હૃદયમાં અત્યંત પ્રસન્ન થઈ ગયા.

તેમના ભાવી હૃદયમાંથી તે શંકાઓ દૂર થઇ ગઇ. તે બન્ને શુદ્ધ આત્માઓએ તે મહાત્માનો મહાન્ ઉપકાર માન્યો. તેમના હૃદયમાં આર્હત સિદ્ધાંતોની સારી અસર થઇ ગઇ.

પછી તેમણે મહાત્માને વંદના કરી આ પ્રમાણે જણાવ્યું-ભગવન્, આપની દૃષ્ટાંત ભરેલી સિદ્ધાંત વાણીએ અમારા હૃદયને નિઃશંક બનાવી દીધા છે. હવે કૃપા કરી પ્રતિમાની સિદ્ધિને માટે કાંઈક પ્રતિપાદન કરી અમારા હૃદયમાં પ્રભુભક્તિ અને પૂજાની દૃઢતા સ્થાપિત કરો.

મહાત્માએ પ્રસન્ન થઈને જણાવ્યું, ભદ્ર, નાસ્તિકભાવથી મલિન હૃદયવાળા પુરૂષો કહે છે કે, અજીવ એવી પ્રભુની પ્રતિમા પૂજવાથી પુણ્ય થાય છે તે કેમ સંભવે? અથવા ફળ સિદ્ધ શી રીતે થાય? મતલબકે કાંઈ પણ લાભ થતો નથી તેમ આપણું કાંઇ પણ કલ્યાણ કરતી નથી. આવા તેમના નાસ્તિકતા ભરેલા વચનો તદ્દન અયુક્ત છે, પરંતુ તમારે આવી શંકા લાવવી નહિ કેમકે, જેવા આકારનું નિરીક્ષણ ( જોવું ) થાય તેવા આકાર સંબંધી ધર્મનું પ્રાયઃ મનમાં ચિંતવન થાય છે. સંપૂર્ણ શુભ અંગે વિરાજીત પુતળી જોવામાં આવતા તે તાદૃશ ( તેવા પ્રકારના ) મોહનું કારણ થાય છે. કામાસનની સ્થાપનાથી કામિજનો કામક્રિડા સંબંધી વિકારોને અનુભવે છે. યોગાસનના અવલોકનથી યોગીઓની યોગાભ્યાસમાં મતિ થાય છે, ભૂગોળથી તદ્ગત (તેમાં કાઢેલી) શહેર, નદી પર્વત વિગેરે વસ્તુની બુદ્ધિ થાય છે. લોકનાલિથી લોક સંસ્થિતિ ( લોકની રચના ) સમજાય છે. કૂર્મચક્ર, અહિચક્ર, સૂર્યકાલાનલ ચક્ર, ચંદ્રકાલાનલ ચક્ર અને કોટચક્ર, એ આકૃતિઓથી અહીં રહ્યા રહ્યા તત્સંબંધી જ્ઞાન થાય છે. નંદીશ્વર દ્વીપના પટ-(નકશા)થી તેમજ લંકાના પટથી તદ્ગત વસ્તુનું ભાન થાય છે. એવી રીતે સ્વઇશની પ્રતિમા તેમના તે તે ( પ્રસિદ્ધ ) ગુણોની સ્મૃતિનું કારણ થાય છે. જે વસ્તુ સાક્ષાત

દૃશ્ય ન હોય તેની સ્થાપના કરવાનું સંપ્રતિ (હાલ પણ) લોક સિદ્ધ છે. દૃષ્ટાંત તરિકે પોતાનો પતિ પરદેશ ગયો હોય ત્યારે સતી સ્ત્રી પતિની પ્રતિમાના દર્શન કરે છે. રામાયણમાં સાંભળવામાં આવે છે કે શ્રી રામચંદ્ર પરદેશ (વનવાસ) ગયા ત્યારે ભરત નરેશ્વર રામની પાદુકાની રામ પ્રમાણે પૂજા કરતા હતા, સીતા પણ રામની આંગળીની મુદ્રિકાનું આલિંગન કરી રામ પ્રાપ્તિનું સુખ માનતી હતી. રામ પણ સીતાનું મૌલિ રત્ન ( મુકુટ રત્ન ) પામીને સીતા મળ્યા જેટલી રતિ (સુખ) માનતા હતા. આમાંના એક દૃષ્ટાંતમાં કોઈના શરીરનો આકાર નહોતો તેમ છતાં તે અજીવ વસ્તુઓથી થતા પ્રકારનું સુખ થતું હતું. ત્યારે ઇશ્વરની પ્રતિમા પણ પ્રાણીઓને સુખને માટે કેમ ન થાય? પાંડવ ચરિત્રમાં લોક પ્રતીત પ્રસિદ્ધ વાત છે કે દ્રોણાચાર્યની પ્રતિમા પાસેથી લવ્ય નામના ભીલે અર્જુનના જેવી ધનુર્વિદ્યા સિદ્ધ કરી હતી. ક્ષેત્રમાં ઉભી કરવામાં આવતી પુરૂષાકૃતિ વિગેરે અજીવ વસ્તુ છતાં ક્ષેત્રાદિની રક્ષા કરવામાં સમર્થ થાય છે. વળી લોકમાં મનાય છે કે અશોકવૃક્ષની છાયા શોક હરણ કરે છે, કલિ-(બહેડાં)ની છાયા લોકોમાં કલહ માટે છે, અજારજ (બકરીની ખરીઓથી ઉડતી ધૂલ) વગેરે પુણ્ય હાની માટે થાય છે. અસ્પૃશ્ય ચંડાલ વગેરેની છાયા પણ ઉલ્લંઘાય તો પુણ્યની હાની કરે છે. સગર્ભા સ્ત્રીની છાયા ઉલ્લંઘન કરનાર ભોગી પુરૂષનું પૌરૂષ હણે છે. અને મહેશ્વરની છાયાનું ઉલ્લંઘન કરનાર ઉપર મહેશ્વરનો રોષ થાય છે. એ પ્રમાણે ઘણા પદાર્થ અજીવ છતાં સુખ દુઃખના હેતુ થાય છે ત્યારે દેવાધિદેવ-(પરમેશ્વર) ની પ્રતિમા પણ અજીવ છતાં અહીં સુખનો હેતુ કેમ ન થાય? પરમેશ્વરની પ્રતિમા અજીવ છતાં પણ તેને પૂજવાથી પુણ્ય-ફલ જરૂર થાય છે. જેની જેવી જેવી અવસ્થા-ગુણ વિશિષ્ટ પ્રતિમા ચિત્તમાં હોય, તેના તે તે ગુણો તે પ્રતિમાથી સંપાદન થઇ શકે છે. લોકમાં મનાય છે કે-ગ્રહોની પ્રતિમાના પૂજનથી તે સંબંધી ગુણો-ફલ થાય છે; સતીઓની, ક્ષેત્રાધિપતીની, પૂર્વજોની, બ્રહ્માની, મુરારિ ( કૃષ્ણ ) ની શિવની અને શક્તિની સ્થાપનાને માનવાથી હિત અને નહિ માનવાથી અહિત થાય છે; સ્તૂપો ( મહાત્માઓના અગ્નિ સંસ્કારની જગોએ કરેલી દેરીઓ ) પણ તેવી રીતે ફલ આપે છે; રેવન્ત, નાગાધિપ, પક્ષિ-

મેશ અને શીતલાદિની પ્રતિમાના પૂજનથી પણ કાર્ય સિદ્ધિ થાય છે; અને કાર્મણ તથા આકર્ષણ (કામણ દુમણ) જાણનારા મદનાદિના નિર્જીવ પુતળા ઉપર જે જીવોનું નામ લઇને વિધિ કરે છે તે જીવો તે વિધિથી મૂર્છિત થઇ જાય છે. તેવીજ રીતે સ્વઇશની પ્રતિમાની પ્રભુના નામ ગ્રહણપૂર્વક પૂજા કરનાર કુશલ પુરૂષ જ્ઞાનમય પ્રભુને સંપ્રાપ્ત કરે છે.

શોધકચંદ્ર બોલ્યો, સ્વામિન્, તે હકીકત જાણી ઉપર આપેલા દૃષ્ટાંતોમાં—અને દાર્ષ્ટાન્તિકમાં મહાન્ વિશેષ—અંતર છે જે દેવાદિ કહેવામાં આવ્યા છે તે સર્વ રાગી અને પૂજાના અર્થી છે. ભગવાન્—પરમેશ્વર તેવા નથી તેનું કેમ? તેમજ સિદ્ધ પુરૂષો તો સાક્ષાત ફળ આપે છે, પ્રતિમા અજીવ છે તે શું આપી શકે?

મહાત્મા બોલ્યા! હે ભદ્ર! ત્યારે તો અતીવ (ઘણુંજ) ઉત્તમ નિરીહ (સ્પૃહા રહિત) ની સેવા તો પરમાર્થની સિદ્ધિ માટે થાય છે. જેમકે સ્પૃહા રહિત સિદ્ધ પુરૂષની સેવા ઇષ્ટલબ્ધિ માટે થાય છે (ઇચ્છિત વસ્તુ મેળવી આપે છે).

વળી પરિપૂજનીય દ્રવ્યમાં (પૂજવા યોગ્ય વસ્તુની બાબતમાં) એ વિચાર જોવાનો નથી. જે પૂજ્ય હોય તે પૂજાય છેજ. દક્ષિણાવર્ત્ત ( શંખાદિ ), કામકુંભ, ચિંતામણી અને ચિત્રાવલી એમાં કઇ ઇંદ્રિયો છે કે તે પૂજાતાં લોકોનું મત—ધારેલું કરે છે? જેમ એ અજીવ વસ્તુઓ હોવાથી સ્પૃહા રહિત છતાં સ્વભાવથી પ્રાણીઓના કામિત ( ધારેલી વસ્તુ ) ને પૂરે છે તેમ પરમેશ્વરની પ્રતિમા પણ પૂજાતાં પુણ્ય સિદ્ધિ માટે થાય છે.

જે વસ્તુ મૂલ—સ્વભાવથી ગુણયુક્ત પ્રતીત હોય તેના કરતાં પણ પંચકૃત—( પંચે માનેલી—સ્થાપેલી ) વસ્તુ વિશેષ ગુણાઢ્ય ( ગુણવાળી ) ગણાય છે. અત્ર દૃષ્ટાંત. કોઇ રાજપુત્ર પ્રાયઃ વીર્યાદિ ગુણનું સ્થાન હોય તેને પડતો મુકી બીજા દુર્બલ વંશમાં ઉત્પન્ન થયેલા પુરૂષને તેના પુણ્યના યોગે પ્રમાણિક પંચો રાજ્ય ઉપર બેસાડે તો તે બીજો પુરૂષ મૂલના રાજવંશિય ઉપર પણ શાસન—હુકમ ચલાવે છે અને જો તે તેનું કહ્યું કરતો નથી તો તે શિક્ષા પામે છે. હવે મનથી વિચાર કરો કે મૂલનો રાજપુત્ર ગુણી અને યોગ્ય છતાં

પણ ક્ષુદ્ર કુલમાં ઉત્પન્ન થયેલ રાજા પંચ-પૂજિત (માન્ય) હોવાથી સેવવા યોગ્ય થાય છે. તેજ પ્રમાણે ચિંતામણી વસ્તુ નિજ સ્વભાવથી ઉત્તમ છતાં પણ પરમેશ્વરની પ્રતિમા પ્રમાણિક પંચોથી પૂજિત હોવાથી પૃથ્વિ ઉપર વિશેષ માન્ય થાય છે. જુઓ વરરાજા, મહાજન, દત્તપુત્ર અને એવી બીજી બાબતોમાં પંચ જેને ભાગ્યની પ્રેરણાથી સંસ્થાપિત કરે છે તેજ માન્ય થાય છે.

કેટલાએક એમ પણ કહે છે કે, પ્રભુની પૂજા કરવાથી તેઓ આપણું ભલું કરે છે, પૂજા ન કરવાથી ભલું કરતાં નથી, આ માન્યતા પણ ખોટી છે. કારણ કે, જો પરમેશ્વર એકનું ભલું કરે અને બીજાનું બુરૂં કરે તો તે પરમેશ્વર પણ આપણા જેવા રાગી અને દ્વેષી ઠરે છે. ઈશ્વર તેવા હોય નહીં, તે તો સર્વને એક સરખા છે. તેમને કોઇ પ્રિય કે અપ્રિય નથી. આપણું ભલું કે બુરૂં કરનાર આપણે પોતે-આપણા કર્મો છે. આપણે જેવા કૃત્યો કરીશું તેવા ફળ ભોગવીશું, તે ઉપર અન્ય કૃતિનો ગ્રંથ જે રામાયણ તેના કર્ત્તા તુલસીદાસે કહ્યું છે કે:—

**तुळशी रेखा कर्मकी, मीटाइ न शके राम;**
**मीटावे तो क्या देरहे, पण समज कीयो हे काम.**

આ વાતની વધારે પુષ્ટિમાં નીચેની હકીકત મનન કરવા જેવી છે. જૈનના ચોવીશમા તિર્થંકર-પરમાત્મા મહાવીર સ્વામી ચારિત્ર ગ્રહણ કર્યા પછી તેઓ એક વખતે જંગલમાં ધ્યાન ધરીને ઉભા હતા, તે વખતે તેમના કાનમાં ગોવાળીઆએ ખીલા ઠોકયા હતા, તે શિવાય દેવતાઓએ પણ તે ભગવાનને ઘણાં ઉપસર્ગો કરેલા હતા. અને તેમને ભારે દુઃખ આપ્યું હતું, તથાપિ એ વીર પ્રભુએ એક અંશ માત્ર પણ તેમની ઉપર ક્રોધ કર્યો ન હતો; કારણ તેઓ પોતે સમજતા હતા કે પૂર્વભવે મેં એ જીવોને દુઃખ આપેલું તે મારૂં કર્મ ટાળવા માટે તે જીવો મને ઉપસર્ગો કરે છે અને મારા કર્મનો વિનાશ કરે છે, માટે મારૂં કર્મ ટાળનાર એ નિમિત્ત છે, આવા વિચારથી તે મહાત્માએ તેમની ઉપર દ્વેષ કર્યો ન હતો, અને ઇંદ્રોએ આવી તે પ્રભુની ભારે સ્તુતિ કરી તેથી કરીને તેઓ તેમની ઉપર

પ્રસન્ન થયા ન હતા. તેઓને રાગી અને દ્વેષી–બન્નેની ઉપર સમભાવ છે. એવો સમભાવ જ્યારે આપણામાં પ્રગટ થશે, ત્યારેજ આપણે મુક્તિના અધિકારી થઈ શકીશું. ભદ્ર, એવી સમદૃષ્ટિવાળા (જે કોઈ હોય તેની) પ્રભુની શાંત મૂર્તિ (પ્રતિમા) જોવાથી દર્શન કરવાથી આપણને તેવા પ્રકારના ભગવાનના ગુણોનું સ્મરણ થઇ આવે છે અને તેમની પૂજા ભક્તિ કરવાથી તેવા પ્રકારના ગુણો આપણને પ્રાપ્ત થાય, એ નિઃસંદેહ વાત છે. આવા પ્રકારની શુભ ભાવનાથી આપણે તરી શકીએ. મૂર્તિ તો માત્ર નિમિત્ત આલંબન છે. કોઇ પણ કાર્ય નિમિત્ત શિવાય બનતું નથી. પ્રભુએ મોક્ષનો માર્ગ બતાવી ઘણાં જીવોનો ઉપકાર કર્યો છે, તેથી તેમની ભક્તિ કરવાથી અને તેમને પગલે ચાલવાથી આપણો આત્મા ઉંચી હદે ચડી શકે છે.

તેવી રીતે મૂર્તિના વિષયમાં સમજવાનું છે. મૂર્તિ એ સ્વાભાવિક અને કુદરતી છે. કોઇ પણ મનુષ્ય–કોઇપણ માણસ અથવા કોઇ પણ વસ્તુ વિષે વાત કરશે, તે વખત આપણા હૃદયમાં તત્કાળ તેની મૂર્તિ ખડી થઇ જશે. જેમકે આપણા પિતા ઘણાં વર્ષ ઉપર ગુજરી ગયેલા હોય છે, પણ તેમના નામનું સ્મરણ કરવાથી તત્કાળ તેમની મૂર્તિ હૃદયમાં ખડી થાય છે. જે બાલકના માતા પિતા ગુજરી જાય અને જ્યારે તે બાલક મોટો થાય છે, ત્યારે તેના માતા પિતાની કોઇ વાત કરે તો તેણે તેઓને જોયેલા ન હોવાથી તેમની મૂર્તિ હૃદયમાં ખડી થતી નથી. તે વખતે તે પોતાના મનમાં મુંઝાય છે કે, મારા માતા પિતા કેવી આકૃતિમાં હશે? પણ જો તેમનો ફોટોગ્રાફ હશે તો તરત જ તેઓની આકૃતિ તેમના ધ્યાનમાં આવી જશે. પછી વગર જોયે પણ તે મૂર્તિ ખડી થઇ જશે, તો આપણે જેમને ભગવાન પરમાત્મા જ સિદ્ધ–બ્રહ્મ માનીએ છીએ, તેઓ એક વખતે મનુષ્ય દેહધારી કેવળજ્ઞાન કેવળદર્શન યુક્ત હતા, તેવા આકારની મૂર્તિઓથી તેમના સ્વરૂપ તથા ગુણો આપણી અંતર્દૃષ્ટિ આગળ ખડાં થાય છે, આપણે એકાંતે તે પ્રભુનાં નામની જપમાળા જપીશું, તે વખત પણ મૂર્તિ માનનારના હૃદયચક્ષુ આગળ તે મૂર્તિ ખડી થશે પણ મૂર્તિ નહીં માનનારને ચક્ષુ આગળ અંતરમાં શું દેખાશે? કાંઇ નહીં.

જગતના વ્યવહારમાં મૂર્તિ વગર એક ડગલું પણ ચાલતું નથી.

જુઓ કે, કોઇ પણ ઈમારત કે મંદિર બાંધવું હોય અથવા પુલ બાંધવો હોય તો તે કામના અનુભવી ઇન્જીનીયરો તેના નકશા બનાવે છે અને તે ઉપરથી તે ઈમારતની યોજના કરે છે. દરેક કારીગરો નકશા ઉપરથી કામ કરી શકે છે. તો તે મુજબ પરમાત્માપણું મેળવવાની ઈચ્છાવાળા પ્રાણીઓને મૂર્તિઓ (પ્રતિમા)ની જરૂર છે અને તે નિમિત્તેજ પરમાત્માપદ મેળવી શકાય છે. જેઓ મૂર્ત્તિને માનનારા નથી, તેઓ કાંઇ પણ કરી શકશે નહિ. આકૃતિ વિના કાંઈ પણ કાર્ય કરી શકાશે નહીં. આકૃતિ કે મૂર્ત્તિની પદ્ધતી અનાદિ કાળથી સિદ્ધ ચાલી આવે છે.

અહિં કોઇ શંકા કરે કે, તે નિરાકાર ભગવાનની મૂર્ત્તિ કેવી રીતે થઇ શકે? તેના ઉત્તરમાં કહેવાનું કે, નિરાકારને પણ આકાર રૂપે કલ્પી તેની મૂર્ત્તિ બનાવવાથી તેનું પણ જ્ઞાન થાય છે. જેમ કે, મનુષ્યો બોલે છે, તે ભાષાને આકાર નથી પણ તે ભાષાની આકૃતિ વર્ણરૂપે કલ્પી બનાવામાં આવે છે. જેમ કે, अ, आ, વગેરે દ્વાદશાક્ષરી–બારાખડી એ પણ ભાષાની મૂર્ત્તિ છે. જુઓ કે, હજારો વર્ષો પહેલા થઇ ગયેલા મહાજ્ઞાની વિદ્વાનોએ બનાવેલા શાસ્ત્રો છે, તે શાસ્ત્રો ઉપરથી તેમના હૃદયના વિચારો અત્યારે જાણી શકીએ છીએ. એ શું મૂર્ત્તિ નથી? કાગળ અને શાહી એ બેનું બનેલું શાસ્ત્ર જડ વસ્તુરૂપ છે, છતાં તેનાથી કેટલું જ્ઞાન થઈ શકે છે? તેનો વિચાર કરો.

જેઓ એમ કહે છે કે, ભગવાનની મૂર્ત્તિ જડ છે, તે શું કરી શકે? આવું બોલનારા પણ તેમના અંતરમાં મૂર્તિને માને છે. જેમકે તેઓ પોતાના માતા, પિતા કે ગુરૂની છબીઓ પડાવે છે અને તે જોઈ આનંદ પામે છે. જેમ માતા પિતાની છબી જોઇ તેમની ઉપર પ્રીતિ થાય છે, સ્ત્રીની છબી જોઇ તેનીપર કામવિકાર ઉત્પન્ન થાય છે, સંતાનોની છબી જોઇ તેમની વત્સલતા ઉપજે છે અને દૂરવાસી કોઇ મિત્ર કે સ્નેહીની છબી જોઇ તેની ઉપર સ્નેહ પેદા થાય છે, તેવી રીતે ભગવાનની પ્રતિમા જોઇ તેમના ભક્તોના હૃદયમાં તેમની ઉપર ભક્તિ સ્નેહ થાય છે અને તેમના ગુણોનું સ્મરણ થાય છે; એજ આત્માનો કલ્યાણ માર્ગ છે, તેમ છતાં જેઓ પ્રભુની મૂર્તિની નિંદા કરે છે, તેને પૂજવાથી પાપ લાગે એમ કહે છે અને

તે પ્રભુની મૂર્ત્તિનો દ્વેષ કરે છે તેઓની કેટલી બધી અજ્ઞાનતા છે? જુઓ, મુંબઈમાં સ્થાપિત કરેલ મહારાણી વિકટોરીઆના બાવલાને કોઇ નીચ મનુષ્યે ડામર લગાડયો હતો, ત્યારે આપણી એટલે કે મહારાણીના રાજ્યભક્તોની લાગણી કેટલી દુઃખાણી હતી?

આ ઉપરથી વિચાર કરો કે, જ્યારે પથ્થરની મૂર્ત્તિને ડામર લગાડયાથી મહારાણીનું અપમાન થયું આપણે માનીયે છીયે એ વાત તો બધાએ કબુલ કરશે તો શું ભગવાનની મૂર્તિને ચંદન લગાડયું અગર તેમની આગળ ધૂપ, દીપ, અને નૈવેદ્ય ધર્યાં અને પુષ્પના હાર ચઢાવ્યા એ સાક્ષાત્ ભગવાનનું પૂજન કર્યા તરીકે માનીને કર્યું એમ ન મનાય? તે એમજ માનવુંજ જોઇએ, અને તેનું ફલ મલે એ નિઃસંદેહ છે. તેથી ભગવાનની મૂર્ત્તિનો દ્વેષ કરનાર કોઇ રીતે વ્યાજબી નથી પરંતુ ધર્મ વિરૂદ્ધ આચરણ કરનારો છે.

જેથી ભગવાનની મૂર્તિ અજીવ હોય પણ શાસ્ત્રને આધારે ક્રિયા કરી મહાન પુરૂષોથી તેની પ્રતિષ્ઠા કરવામાં આવે તો તે ભગવાનરૂપ થઇ શકે છે. “ જેને માટે જૈન દર્શનમાં કહ્યું છે કે **जिन पडिमा जिन सारखी** ” પછી જેઓ તે મૂર્તિને ભગવાન માની પૂજે છે, તો તે ભગવાનનું જ પૂજન કર્યા બરાબર ગણાય છે. તે માનનારાઓ સમજે છે કે, આ પાષાણ ‘ ધાતુઆદિકની ( અજીવ ) મૂર્તિ છે, પણ તેને પ્રતિષ્ઠાદિ કાર્યો કરીને સાક્ષાત્ ભગવાન્ માની તેની પૂજા ભક્તિ કરે છે અને એ નિમિત્તે પુણ્ય, મોક્ષ ઉપાર્જન કરે છે એ નિર્વિવાદ સિદ્ધ છે. ભગવાનની મૂર્તિનું સ્થાન એ ગૃહસ્થોને આ સંસારરૂપ સમુદ્રને તરવાનો સરલ માર્ગ છે.

ભદ્ર! શોધકચંદ્ર તથા સત્યચંદ્ર, આ ઉપરથી તમારા સમજવામાં આવ્યું હશે કે, ભવ્ય ગૃહસ્થે, દેવાલયમાં જઈ ભગવાનની પ્રતિમાની પૂજાભક્તિ કરવી, અને તેમાં ચિત્તની એકાગ્રતા રાખવી. એકાગ્રતાથી કરેલી પ્રભુપૂજા કે ભકિત આ સંસાર સમુદ્રને તારી નાંખે છે. મૂર્તિ પૂજા અને મૂર્ત્તિની ભકિતથી તરી જનારાઓના હજારો દૃષ્ટાંતો શાસ્ત્રોમાં મલી આવે છે. ગૃહસ્થો કે જેઓ પાપારંભના કરનારા છે છતાં પણ ભગવાનની પ્રતિમાની શુદ્ધ ભકિતથી આ સંસારને તરી શકે છે,

માટે આ સંસારમાં તરવાનો મુખ્ય સ્હેલો અને સરલ ઉપાય મૂર્ત્તિ પૂજા છે; એ નિર્વિવાદપણે સિદ્ધ થાય છે."

મહાત્માના આ વચનો સાંભળી શ્રાવક શોધકચંદ્ર અને સત્યચંદ્ર હૃદયમાં અત્યંત પ્રસન્ન થઇ ગયા. તેમના નિર્મલ હૃદયમાં ગુરૂ ભક્તિનો આવેશ પ્રગટ થઇ આવ્યો, તત્કાળ તેમણે નીચેનું પદ્ય બોલી મહાત્માના ચરણકમળમાં વંદના કરી.

"कारुण्यामृतपर्णाय शासनोद्धारकारिणे ॥
विजयानंददात्रे च सूरीशाय नमोनमः ॥ १ ॥"

"કરૂણાના અમૃતથી પરિપૂર્ણ, જૈનશાસનનો ઉદ્ધાર કરનારા અને વિજય તથા આનંદને આપનારા શ્રી સૂરીશ્વરને નમસ્કાર છે." ૧.

નિત્યનો સમય થયો એટલે સમયના ઉપયોગને જાણનારા મહાત્માએ પ્રસન્ન વદને કહ્યું,–"ભદ્ર ! તમારા હૃદયમાં આસ્તાપૂર્વક ઉત્તમ ભાવનાઓનો પ્રભાવ પ્રસરતો જોઈ મને સંતોષ થાય છે. તમે પૂર્ણ રીતે ભવ્યાત્મા છો અને સ્યાદ્વાદ ધર્મની પવિત્ર ભાવનાના પૂર્ણ અધિકારી છો. તમારી શુભ પરિણતિ તમોને નિઃશંક બનાવી આત્મિક ઉચ્ચ સ્થિતિમાં લઇ જશે. હું હૃદયથી આશીષ આપું છું કે, તમારી આત્મિક સ્થિતિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામો. હવે અમારી નિત્ય ક્રિયાનો સમય થઈ ગયો છે, તેથી બાકીનો પ્રસંગ આવતી કાલની યાત્રા થયા પછી ચર્ચવામાં આવશે.

મહાત્માનાં આ વચનો સાંભળી શ્રાવક શોધકચંદ્ર અને સત્યચંદ્ર તે મહાત્માને વંદના કરી પોતાને વાસસ્થાને ચાલ્યા ગયા. તે મહાત્માએ જે ઉપદેશ આપેલો તે વિષેની ચર્ચા કરતાં તેઓ પોતાના વાસસ્થાનમાં સુખ સમાધિથી રહ્યા હતા.



## યાત્રા ૪ થી.

પ્રાતઃકાળનો સમય હતો. ઉદયગિરિમાંથી ગગનમણિનું વિમાન પ્રકાશતું નીકળ્યું હતું. તેના રક્તવર્ણી કિરણોએ રૈવતગિરિના ઉંચા શિખરોને સુવર્ણમય બનાવી દીધા હતા. ગિરિભૂમિમાં વાસ કરનારા મહાત્માઓ પ્રભાતકાળની આરાધના કરવાને ગિરિગુહાના દ્વાર આગળ પ્રૌઢાસન કરી બેઠા હતા. વિવિધ જાતના તિર્યંચો જાગ્રત થઇ એ મહાતીર્થની પવિત્ર ભૂમિમાં વિહાર કરવા નીકળી પડયા હતા. સરિતા અને ઝરણાના જળોના મધુર ધ્વનિ ચારે તરફ થઈ રહ્યા હતા. માનુષી વાણીને બોલનારા શુક અને મેના પક્ષીઓ "શ્રી નેમિનાથ ભગવાન્‌ની જય" એવા શબ્દો બોલતા હતા. અનેક યાત્રાળુઓ એ તીર્થ ભૂમિને ભેટવા શ્રેણીબંધ ચાલતા હતા. અને માર્ગે ચાલતાં ભગવાન્ નેમિનાથ પ્રભુનો જયધ્વનિ કરતા હતા.

આ સમયે નિત્યના ક્રમ પ્રમાણે મહાત્મા સૂરિવર પોતાના શિષ્ય પરિવારની સાથે ગિરિરાજની યાત્રા કરવા પ્રવર્ત્યા હતા. જિજ્ઞાસુ શ્રાવક શોધકચંદ્ર અને સત્યચંદ્ર પોતાના નિત્યકર્મમાંથી નિવૃત્ત થઇ તે દયાનિધિ ગુરૂની સાથે યાત્રા કરવા આવી પહોંચ્યા હતા. ઈર્યાસુમતિથી વિચરતા તે મહાત્મા બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુના રમણીય ચૈત્ય પાસે આવી પહોંચ્યા. તે તીર્થપતિ જિનેશ્વરના દર્શન કરી, અને ભાવોલ્લાસથી ચૈત્યવંદન આચરી તે મહાત્મા પરિવાર સાથે બીજા ચૈત્યોમાં ફર્યા હતા. આ તીર્થની વિધિપૂર્વક યાત્રા કર્યા પછી તે મહાત્માએ એક પ્રાસુક સ્થળ ઉપર વિશ્રાંતિ લીધી હતી. તે સમયે તે ઉપકારી મહાત્માએ નીચેના પદ્યથી એ તીર્થ સ્થળને વંદના કરી.

**नेमीशपादरजसैव पवित्रमूर्त्तेर्मोक्षोच्चहर्म्यगमनाय नृणां सुखेन ॥**
**सोपानरूपसुतनोः शिवदायकस्य श्रीतीर्थरैवतगिरेः शरणं सदास्तु ॥१॥**

"શ્રી નેમિનાથ પ્રભુના ચરણરજથી પવિત્ર મૂર્ત્તિવાળા, લોકોને મોક્ષરૂપી ઉંચા મેહેલમાં સુખે જવા માટે નીસરણીરૂપ સુંદર આકૃતિવાળા અને કલ્યાણ આપનારા શ્રી રૈવતગિરિનું સદા શરણ હજો." ૧.

આ પ્રમાણે વંદના કર્યા પછી તે મહાત્મા પોતાના પરિવાર સાથે મેકરવશીની ટુંક તરફ વિચર્યા. શ્યામ રંગવાળા પાષાણોના સોપાન નીચે ઉતરી **અદબદજી દાદા** નામથી ઓળખાતી શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમાનાં દર્શન કર્યાં. ત્યાંથી પંચમેરૂના દેવાલયમાં આવી ચતુર્મુખ પ્રભુની ચાર પ્રતિમાઓનાં વિધિપૂર્વક દર્શન કરી, સહસ્રફણી પાર્શ્વનાથનાં દર્શન કર્યાં. ત્યાં દક્ષિણ તરફની ભમતીનાં ચોવીસ પ્રતિમાવાળા અષ્ટાપદ પર્વતનો પ્રાચીન દેખાવ દૃષ્ટિગોચર થયો. તે પછી ઉત્તર તરફની ભમતીમાં આવતા ચોમુખજીનું રમણીય ચૈત્ય જોવામાં આવ્યું. આ ટુંકના રંગમંડપ અને ભમતીની કારીગરી ચિત્તાકર્ષક હતી. આ રમણીયતા જોઇ પ્રસન્ન થયેલા આચાર્યજી મધુર સ્વરથી બોલ્યા–ભવ્ય જીવો ! આ પવિત્ર અને રમણીય સ્થળ જોતાં મને આર્હત ધર્મની પૂર્વની જાહોજલાલી યાદ આવી જાય છે. પૂર્વના શ્રીમંતોએ આર્હત ધર્મની ઉન્નતિ માટે કેટલું કરેલું છે તે વિચારવા યોગ્ય છે. આ સગરામ નામના એક સુવર્ણકારની ટુંક કહેવાય છે. તે શ્રીમંત સુવર્ણકારે શ્રી ભગવતી સૂત્રના છત્રીશ હજાર પ્રશ્નો ઉપર છત્રીશ હજાર સુવર્ણમુદ્રા અર્પી હતી અને તે દ્રવ્યનો વ્યય કરી આર્હત ગ્રંથોની મહાન્ સમૃદ્ધિ વધારી હતી. તેણે રચેલું આ ચૈત્ય તે શ્રીમાન્‌ની ધર્મકીર્તિને અદ્યાપિ ફેલાવે છે. તેમાં બીરાજેલા સહસ્રફણી પાર્શ્વનાથ ભાવિકભક્તોના હૃદયમાં દર્શનથીજ ભાવોલ્લાસ પ્રગટાવે છે. જુઓ, આ તરફ **સગરામ** નામના એક સોનીની સુંદર ટુંક છે. આ ટુંકમાં આવેલું ચૈત્ય રૈવતગિરિમાં ઉંચું લાગે છે. તેમાં દક્ષિણ તરફના ચૈત્યમાં શ્રી અજિતનાથ ભગવાન્‌ની સુંદર પ્રતિમા છે. એ મનોહર પ્રતિમા **વિજયજિનેંદ્ર**સૂરિએ સ્થાપિત કરેલી છે. ભારત વર્ષના પ્રખ્યાત બાદશાહ અકબરના સમયમાં એ સ્થાપના થયેલી છે.

આ તીર્થનો રમણીય દેખાવ જોતાં મને શ્રીગિરિનાર મંડન, જનમનરંજન, ભવભયભંજન, જગદાધાર, કૃપાવતાર અને શ્રુતનિધિ એવા શ્રીનેમિનાથ સ્વામીની દેશનાનું સ્મરણ થઈ આવે છે. તે જ-

ગત્પૂજ્ય અને વિશ્વવંદ્ય મહાત્માએ આ પવિત્ર તીર્થમાં આપેલી દેશનાના પ્રતિધ્વનિ જાણે અત્યારે પણ સંભળાતા હોય, તેવું લાગે છે. તે કૃપાનિધાન પ્રભુએ આ તીર્થે જે વિનયમૂલ આર્હત ધર્મને વૃક્ષનું રૂપક આપી જે વર્ણન કર્યું હતું, તેનું સ્મરણ થતાં હૃદયમાં ભાવોલ્લાસ પ્રગટ થઇ આવે છે. તે કૃપાવતાર પ્રભુએ આ તીર્થના શિખર ઉપર ચડી વરદત્ત રાજાને કહ્યું હતું કે, "હે ભવ્યાત્મા! વિનય મૂલ જૈન ધર્મ એક મહાન્ વૃક્ષ છે. સત્પાત્રદાન એ મહાવૃક્ષની પ્રથમ શાખા છે. શત્રુંજય તથા ગિરનારની સેવા, દેવપૂજા, ગુરૂભક્તિ, પંચપરમેષ્ટિ ધ્યાન, આદિ તેની ઉપશાખાઓ છે. વિવિધ પ્રકારના વૈભવ અને સુખ એ તેની શીતળ છાયા છે અને મોક્ષ એ તેનું મધુર ફળ છે. આ શબ્દો સાંભળી નરેશ્વર વરદત્ત તત્કાળ વૈરાગ્ય રંગથી રંગિત થઈ ગયો હતો. અને તત્કાળ તેણે ભવતારિણી દીક્ષા ગ્રહણ કરી હતી. આખરે તે પવિત્ર આત્મા પ્રભુના આદ્ય ગણધરની પદ્વીને પામ્યો હતો."

મહાત્મા સૂરિવરનાં આ વચનો સાંભળી સર્વ પરિવાર આનંદિત થઇ ગયો હતો. શ્રાવક શોધકચંદ્ર અને સત્યચંદ્ર સદ્ભાવનારૂપ સરિતામાં મગ્ન થઇ ગયા હતા. તે પછી મહાત્મા હંમેશા ક્રમ પ્રમાણે વિધિપૂર્વક તીર્થયાત્રા કરી તે તીર્થગિરિ નીચે ઉતરી પ્રથમ કહેલા સ્થાનમાં આવ્યા હતા. ત્યાં બીરાજી તેમણે પોતાના પ્રિય ભક્ત યુવકોની સાથે ચર્ચા કરવાનો આરંભ કર્યો હતો. મહાત્માએ આનંદિત વદને જણાવ્યું, "ભદ્ર! આજે કયા વિષય ઉપર ચર્ચા કરવાની તમારી ઈચ્છા છે?"

બને તરૂણો વિચાર કરીને બોલ્યા–"ભગવન્! દેવ, ગુરૂ, અને ધર્મનું સંક્ષિપ્ત સ્વરૂપ સમજાવો. જો કે અમોએ તે વિષે ઘણીવાર સાંભળ્યું છે અને વાંચ્યું છે, પરંતુ આપ મહાત્માની અમૃતસમ વાણીથી સાંભળતાં અમોને વિશેષ સમજુતી પ્રાપ્ત થશે. અને અમારા હૃદયની નાની મોટી શંકાઓ નિર્મૂલ થઈ જશે." આ પ્રમાણે કહી તેમણે નીચેના પદ્યથી તે મહાત્માને સ્તવી વંદના કરી.

"यद्वागमृतपूरेण विमलीकृत मानसैः ॥
भक्तैरवाप्यते तत्त्वं सजीयासूरिशेखरः ॥ १ ॥

"જેમની વાણીરૂપ અમૃતના પૂરથી જેઓના મન નિર્મળ થયેલાં છે, એવા ભક્તો તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરે છે, તે શ્રી સૂરિઓમાં મુગટ સમાન મહાત્મા જય પામો." ૧

આ પદ્યથી સ્તુતિ કરી તે બંને યુવકો વિનયથી બોલ્યા–"ભગવન્! કર્મનું સ્વરૂપ તો અમો બરાબર સમજ્યા, પરંતુ હવે નમ્રતાથી પૂછવા એ માગીયે છીયે કે આ જગતમાં અનેક ધર્મો છે, અને તેને લઇને દરેક દર્શનવાળાના દેવ તેમજ તેના પ્રણેતા, ધર્મગુરૂ પણ જૂદા જૂદા છે જેથી આ જગતમાં ખરેખરા શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મ કયા છે તે કૃપા કરી સમજાવો. કારણ કે જ્યાં સુધી શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મની ઓળખાણ અને તેનું આરાધન ન કરવામાં આવે ત્યાં સુધી કોઇ પણ આત્માની ઇષ્ટસિદ્ધિ (મુક્તિ) થતી નથી; જેથી આપ કૃપાળુની અમૃતવાણી સાંભળવા સેવકોને જીજ્ઞાસા છે તો અમારા ઉપર કૃપા કરી તે જણાવો.

મહાત્મા પ્રસન્ન થઇને બોલ્યા, ભદ્ર! જ્યારે તમારે શુદ્ધદેવ, ગુરૂ અને ધર્મનું સ્વરૂપ જાણવાની ઇચ્છા છે તો તેમાં પ્રથમ દેવતત્ત્વનું સ્વરૂપ કહું છું તે તમે સાવધાન થઇને સાંભળજો.

નિષ્પક્ષપાતી અને પ્રમાણિક એક વિદ્વાન આચાર્યે કહ્યું છે કે—

**पक्षपातो नमेवीरो, न द्वेषो कपिलादिषु ।**
**युक्तिमद् वचनं यस्य, तस्यकार्यः परिग्रहः ॥**

**श्रीमान् हारिभद्रसूरि.**

**ભાવાર્થ**—'વીરમાં[1] મ્હારો પક્ષપાત નથી, કપિલાદિ અન્ય દર્શનના પ્રણેતા દેવ ઉપર મને દ્વેષ નથી, પરંતુ જેમનું વચન યુક્તિવાળું છે તેમનું વચન ગ્રહણ કરવા લાયક છે.'

આવા નિષ્પક્ષપાતી પ્રમાણિક પુરૂષોએ દેવનું સ્વરૂપ–લક્ષણ આ પ્રમાણે કહ્યું છે.

## શુદ્ધ દેવનું લક્ષણ.

જેને સમસ્તપણાએ કરીને ક્લેશને ઉત્પન્ન કરનારો રાગ સર્વથા પ્રકારે નથી જ, તથા સમતારૂપી કાષ્ઠને દાવાનલ સમાન એવો પ્રાણીઓને વિષે દ્વેષ પણ નથી, તેમ સત્ય જ્ઞાનને આચ્છાદન કરનારો અને

૧ જૈનના દેવ–તીર્થંકર.

અશુદ્ધ આચરણ કરાવનારો એવો મોહ પણ નથી તથા જેનો મહિમા ચારે લોકમાં પ્રખ્યાત છે તેવા દેવ તે શુદ્ધ દેવ કહેવાય છે.

સમસ્તપણાયે કરીને કલેશ ઉત્પન્ન કરનારો એટલે આત્માના સ્વાભાવિક શાંતપણાને બાધ કરનારો એવો જેને રાગ નથી એટલે બંધ, ઉદયસત્તાના લક્ષણવાળા વિષયરાગ, સ્નેહરાગ, તથા દૃષ્ટિરાગ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી જેને બીલકુલ નથી, વળી સાથે ક્રોધ અને માનરૂપ એવો જે દ્વેષ જે પ્રાણીઓના જ વિષયવાળો છે તેવો દ્વેષ કોઈ પણ પ્રાણી ઉપર જેને નથી, તે દ્વેષ ક્ષમાદિકના ભાવરૂપ કાષ્ઠ તેને બાળવાને દાવાનળ સરખો છે તે જેને નથી, તેમજ યથાર્થ પદાર્થોને દેખાડનારૂં જે જ્ઞાન તેને આચ્છાદન કરવાના સ્વભાવવાળો, તેમજ કલંકયુક્ત ચેષ્ટા કરનારો એવો મોહ પણ જેને નથી અને જેનું સ્વરૂપ ફક્ત એક જ એકાંત શાંત રસમય જ હોય અને અંતરંગ વૈરીને જીતનારૂં હોય તેજ ફક્ત દેવ કહેવાય છે.

એવા રાગ દ્વેષ અને મોહરહિત, કેવલજ્ઞાન અને કેવલદર્શન વડે સઘળા-દ્રવ્ય, ગુણ પર્યાયને જાણનારા, શાશ્વત સુખના માલિક, દુષ્ટ કર્મોના અંશથી રહિત, સર્વ દેવોને પૂજવા લાયક, સર્વ યોગીયોને ધ્યાન ધરવા લાયક તે દેવ કહેવાય છે.

**એવા દેવ**-તે વીતરાગ ભગવાન્ છે. જેમને કોઇની ઉપર રાગ નથી, તેમ દ્વેષ નથી. સર્વ ઉપર તેઓ સમદૃષ્ટિ છે; તેવા દેવ તે દેવ છે. વળી તેઓ **અરિ**-એટલે આઠ કર્મ રૂપ શત્રુ, જે શત્રુઓ સંસારમાં જન્મ જરા મરણ કરાવનારા છે તેમને **હંત** એટલે હણનારા હોવાથી **અરિહંત** કહેવાય છે. તે ઉપર બતાવેલા લક્ષણવાળા દેવ-ભગવાન્ વળી અષ્ટાદશ-અઢાર દોષોથી રહિત છે. તે અઢાર દોષ આ પ્રમાણે છે. “ ૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાંતરાય, ૪ ઉપભોગાંતરાય, ૫ વીર્યાંતરાય, ૬ હાસ્ય, ૭ રતિ, ૮ અરતિ, ૯ ભય, ૧૦ શોક, ૧૧ દુગંચ્છા, ૧૨ કામ, ૧૩ અજ્ઞાન, ૧૪ મિથ્યાત્વ, ૧૫ નિદ્રા, ૧૬ અવ્રત, ૧૭ રાગ, ૧૮ દ્વેષ. આ અઢાર પ્રકારના દોષો દૂર કરવામાં આવે છે, ત્યારે આત્માના ગુણ પ્રગટ થઇ કેવળજ્ઞાન (all knowledge) પામી મોક્ષે જવાય છે, અને જન્મ-મરણના ફેરા ટળી જાય છે.” આ અઢાર દોષોથી જે રહિત છે તેજ દેવ કહેવાય છે.

મહાત્માનાં આ વચનો સાંભળી શોધકચંદ્ર અને સત્યચંદ્રે નીચેનું પદ્ય બોલી તે મહાત્માને નમન કર્યું.

"उपदेशामृतमहामेघाय माहिताय च ।
परोपकाररचितादराय गुरवे नमः ॥ १ ॥

"ઉપદેશ રૂપી અમૃતને વર્ષાવનારા મેઘરૂપ, પૂજ્ય અને પરોપકાર કરવામાં આદર કરનારા ગુરૂને નમસ્કાર છે." ૧

આ પદ્ય બોલ્યા પછી શોધકચંદ્રે કહ્યું,–"ભગવન્! કૃપા કરી તે અઢાર દોષોનું સ્વરૂપ સમજાવો; તે સાંભળવાની અતિ ઉત્કંઠા થઇ છે."

મહાત્મા આનંદિત થઈને બોલ્યા–"ભદ્ર! તે અઢાર દૂષણોના સ્વરૂપને સાવધાન થઇને સાંભળો.

૧. **દાનાંતરાય**–જેનાથી દાન આપી શકાય નહીં તે જ્યારે દાનાંતરાય તૂટે છે, ત્યારે અનંતદાન દેવાની શક્તિ પ્રગટ થાય છે. ભગવાન્ તીર્થંકર જ્યારે દીક્ષા લે છે, ત્યારે તે વર્ષીદાન આપે છે. એટલે એક વર્ષ સુધી પ્રતિદિન સવા ક્રોડ સોનૈયાનું દાન આપે છે. દેવતાઓ તે દાનના દ્રવ્યને પૂરૂં કરે છે.

૨. **લાભાંતરાય**–જેનાથી થવાનો લાભ થઈ શકતો નથી. જ્યારે તે લાભાંતરાય તૂટે છે, ત્યારે થવાનો લાભ પ્રાપ્ત થાય છે. તે લાભ બે પ્રકારનો છે, ૧ સાંસારિક લાભ અને આત્મિક લાભ. આ બંનેમાં અંતરાય કર્મ પીડે છે. શરીર નીરોગી મળે, પુત્રાદિ પરિવાર મળે, ધન પ્રાપ્ત થાય, અનુકૂળ માણસો મળી આવે, જે વખતે જે ઇચ્છા થાય તે પૂરી થાય અને વિદ્યા–કળાનો લાભ–એ સર્વ લાભાંતરાય કર્મનો ક્ષયોપશમ થવાથી થાય છે. તેમાં થોડો થવાથી થોડો લાભ થાય અને વિશેષ થવાથી વિશેષ લાભ થાય, એમ સમજવું. વળી જે જે વસ્તુનો અંતરાય હોય, તે તે વસ્તુનો લાભ મળી શકે નહીં. આ સર્વ સાંસારિક લાભનો પ્રકાર છે.

બીજો જે આત્મિક લાભ છે, તે આત્મા સંબંધી છે. જ્યારે કર્મ ક્ષય કરી આત્માનું અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતવીર્ય, અવ્યાબાધ, અક્ષય, અજરામરપદ, અગમ, અગોચર,

અગુરૂલઘુ આદિ અનંત ગુણ પ્રકટ કરે, ત્યારે પૂર્ણ આત્મિક લાભ પ્રાપ્ત થાય છે.

૩. **ભોગાંતરાય**-જે એક વાર ભોગવવામાં આવે તે ભોગ પુષ્પમાળા પ્રમુખ તદ્દગત અંતરાય તે ભોગાંતરાય કહેવાય છે.

૪. **ઉપભોગાંતરાય**—જે જે વસ્તુ વારંવાર ભોગવવામાં આવે તે ઉપભોગ કહેવાય છે-જેવી કે, ઘર, હાટ, બધી જાતના ફરનીચર અને સુંદર વસ્ત્રાભૂષણો તથા સ્ત્રી પ્રમુખ આ ઉપભોગ વસ્તુ; તદ્દગત અંતરાય તે ઉપભોગાંતરાય કહેવાય છે.

૫. **વીર્યાતરાયકર્મ**—જેના પ્રભાવથી જીવની જે અનંતવીર્ય શક્તિ છે, તે સીદાઈ ગઇ છે, તેથી જીવ આત્મવીર્ય ફોરવી ન શકે; તદ્દગત અંતરાય તે વીર્યાતરાય કહેવાય છે.

૬. **હાસ્ય**—હસવું જે આવે છે તે મોહનીય કર્મની પ્રકૃતિ હાસ્યનું ઉપાદાન કારણ છે. તે સંસારી જીવોમાં છે. તે હાસ્યથી મુકાશે નહીં, ત્યાં સુધી આત્મિકકાર્ય થવાનું નથી.

૭. **રતિ**—જે દરેક પદાર્થ અનુકૂળ મળે તેમાં રાજી થવું, તેમાં પ્રીતિ થવી તે **રતિ** નામે દૂષણ કહેવાય છે. તે અનાદિનો જીવને જડની સંગતથી અભ્યાસ છે, અને તેજ કર્મબંધથી જીવ જન્મ મરણનાં દુઃખ ભોગવે છે.

૮. **અરતિમોહની**—એ દૂષણ રતિથી ઉલટું છે એટલે અપ્રીતિ થવી તે અરતિ નામે દુષણ છે.

૯. **ભય**—આ દોષ સાત પ્રકારનો છે. તેમાં પણ મરણનો ભય મુખ્ય અને મોટામાં મોટો છે. તે ભય સર્વ જીવને છે પરંતુ જેણે આત્માનું સ્વરૂપ જાણ્યું છે, એટલે 'આત્માનો વિનાશ થવાનો નથી' એવું માની જેણે કોઈ પણ પ્રકારનો ભય રાખ્યો નથી, તેથી તે પોતાનું આત્મપદ પામેલા છે.

૧૦. **શોક**—આ દુષણ સંસારી જીવને રાત દિવસ લાગી રહ્યું છે. જીવ જે જે બાબતનો શોક કરે છે, તે તે બાબતથી તે પાપ બાંધે છે. જેને આત્મજ્ઞાન થાય છે, તેને કદિ શોકનું કારણ બને તો તે વિચારે છે કે, "મેં પૂર્વે કર્મ બાંધ્યાં છે, તે પ્રમાણે સુખ દુઃખ થાય છે, તે કદિ પણ ભોગવ્યા વિના છુટવાના નથી, માટે તેમાં સમભાવ

રાખવો. આવા વિચારથી તે શોક કરતો નથી. આથી જ તેને કર્મની નિર્જરા થાય છે.

૧૧. **દુગંછા**—ખરાબ દુર્ગંધી વસ્તુ દેખી નાક ચડાવવું એ પ્રવૃત્તિ જીવને અનાદિથી છે. પણ જે જ્ઞાનવંત પુરૂષો છે, તેઓ વસ્તુનો જે જે સ્વભાવ છે, તેને જાણી રહેલા છે; એટલે તેઓ કોઇ પણ વસ્તુની દુગંછા કરતા નથી. જે જે કારણ મળે છે, તે તે પૂર્વના કર્મના ઉદય પ્રમાણે મળે છે, તેથી સમભાવમાં રહી તેના વિકલ્પો કરતા નથી.

૧૨. **કામ**—આ દોષ સર્વ દોષોમાં સરદારરૂપ છે. જીવને મહા પુરૂષ થવાની તક મળી હોય તોપણ જો તે કામને વશ થાય છે, તો તે પાછો પતિત થઇ જાય છે. સંસારી જીવો અનાદિકાળથી કામને વશ થઇ પડયા છે. બાલ્યવયમાંથી પણ કામની ચેષ્ટાઓ થવા માંડે છે. એ કામ આ સંસાર ભ્રમણનું કારણ છે. કામને લઇને જીવ માતાપિતાનો, ભાઈઓનો, પુત્રોનો, મિત્રોનો અને જ્ઞાતિ–એ સર્વનો સંબંધ તોડી નાંખે છે. એ કામને વશ થવાથી ધનનો પણ નાશ થાય છે, શરીર નિર્બળ બની જાય છે અને આયુષ્ય ટુંકુ થાય છે. આવા દુઃખોનો અનુભવ જીવને પ્રત્યક્ષ થાય છે, તથાપિ જીવ અનાદિ કાળનો કામને આધીન રહે છે. કામાંધ થયેલો જીવ પોતાની થતી હાનિને જોઈ શકતો નથી. સત્તાધારી બનેલા રાજાઓ પણ કામથી રાજ્યભ્રષ્ટ થાય છે, આવું નજરે જોતાં પણ જીવને ભાન આવતું નથી.

૧૩. **અજ્ઞાન**—જે યથાર્થ જ્ઞાન નહિ, તે અજ્ઞાન કહેવાય છે. એ અજ્ઞાન દોષ અનાદિનો છે. તેનાથી જીવને "આત્મા શું છે? શરીર શી વસ્તુ છે? સુખ દુઃખ શાથી આવે છે?" ઈત્યાદિકનું યથાર્થ જ્ઞાન થતું નથી. વળી તે અજ્ઞાનથી જીવ શરીરના દુઃખે અને કુટુંબના દુઃખે દુઃખી થાય છે. તેમજ શાતાના કારણને અશાતાના અને અશાતાના કારણને શાતાના કારણ માને છે. જડની જે જે પ્રવૃત્તિ છે, તે તે પ્રવૃત્તિને પોતાની માને છે. ધર્મની પ્રવૃત્તિને અધર્મ થાય એવી કરે છે. ધન કુટુંબ પરવસ્તુ છે, છતાં તેને પોતાની માની આનંદ પામે છે. તે અજ્ઞાનથી આવૃત્ત થયેલો જીવ જ્ઞાનવંત હોય તેને જ્ઞાનવંત જાણતો નથી. અજ્ઞાનના બળથી તે પંચેદ્રિયોના ત્રેવીશ વિષ-

યોમાં લુબ્ધ બની જાય છે. જ્ઞાની પુરૂષે બતાવેલ ષટ્દ્રવ્ય-પદાર્થો તથા તેના ગુણ-પર્યાય, તેનું જ્ઞાન તે મેળવતો નથી. નવ તત્ત્વના અને અષ્ટ કર્મના સ્વરૂપથી અજ્ઞાત રહે છે. અજ્ઞાનને લઇને કેટલાએક ધર્મવાળાઓ કર્મને માને છે, પણ કર્મ શું પદાર્થ છે? તે જાણતા નથી. કર્મ કેવી રીતે આવી બંધાય છે? કેવી રીતે તે ઉદય આવે છે? અને કેવી રીતે તે તે નિર્જરી આત્મા નિર્મળ થાય છે? તે અજ્ઞાને કરીને જાણી શકતો નથી. આ બધું માહાત્મ્ય અજ્ઞાનનું છે. કર્મના કેટલાએક બનાવો પ્રત્યક્ષ દેખાય છે, છતાં અજ્ઞાનના જોરથી તેમના લક્ષમાં આવતા નથી. આનું નામ અજ્ઞાન દોષ છે.

૧૪. **મિથ્યાત્વ**—જે ખરી વસ્તુ છે, તેને ખોટી માનવી અને ખોટી વસ્તુને ખરી માનવી, એ **મિથ્યાત્વ** કહેવાય છે. મિથ્યાત્વને લઇને જીવ સત્યને અસત્ય, અને અસત્યને સત્ય માને છે. ધર્મને અધર્મ અને અધર્મને ધર્મ માને છે; દેવને કુદેવ અને કુદેવને દેવ માને છે, ચેતનને અચેતન અને અચેતનને ચેતન માને છે. જે જે પદાર્થોના ધર્મ કહેલા છે, તેનાથી વિપરીત ધર્મને તે માને છે. વળી ન્યાયને અન્યાય અને અન્યાયને ન્યાય માને છે. આવી વિપરીત બુદ્ધિ એજ મિથ્યાત્વની રાજધાની છે. અજ્ઞાને કરીને બુદ્ધિ જડ થાય છે, અને મિથ્યાત્વે કરીને બુદ્ધિ વિપરીત થાય છે; આટલો મિથ્યાત્વ અને અજ્ઞાનમાં તફાવત છે. તે મિથ્યાત્વને માટે એક વિદ્વાન્ આ પ્રમાણે લખે છે.

**" मिथ्यात्व पंक निमग्ना, निमज्जन्ति स्वयं परान् ।**
**निमज्जयन्ति च यावन्मिथ्यात्वं, तावन्न मार्गानुसरणम् " ॥**

" મિથ્યાત્વરૂપી કાદવમાં મગ્ન થયેલા પ્રાણીઓ પોતે ડુબે છે અને બીજાઓને ડુબાડે છે. જ્યાં સુધી મિથ્યાત્વ છે, ત્યાં સુધી માર્ગાનુસારી થવાતું નથી."

૧૫. **નિદ્રા**—આ દોષ દર્શનાવરણીય કર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. તે નિદ્રા પાંચ પ્રકારની છે.

૧. **અલ્પનિદ્રા**—તે સામાન્ય નિદ્રા કહેવાય છે.
૨. **નિદ્રા નિદ્રા**—આ નિદ્રામાંથી જગાડવામાં ઘણી મેહેનત પડે છે.

૩. **પ્રચલા**—બેઠા બેઠા તથા ઉભા ઉભા જીવને જે નિદ્રા આવે તેને કહે છે.

૪. **પ્રચલા પ્રચલા**—ચાલતા ચાલતા જીવને જે નિદ્રા આવે તેને કહે છે. આ નિદ્રા ઘોડાને હોય છે અને તેથી તે ચાલતો ચાલતો ઉંઘે છે. તેવી રીતે કેટલાએક માણસોમાં પણ એ નિદ્રા દેખાય છે. ઘણાંઓ ઉંઘમાં ઘેરાએલા ચાલે છે.

૫. **સ્ત્યાનર્દ્ધિ નિદ્રા**—આ નિદ્રામાં જીવ કેટલાએક કાર્ય કરે છે પણ તેને તેનું ભાન રહેતું નથી જ્યારે આ નિદ્રા જીવને હોય છે, તે વખતે તેનામાં વાસુદેવના બળથી અડધું બળ હોય છે.

આ પાંચ નિદ્રાનો ત્યાગ થાય ત્યારે મોક્ષે જવાય છે. જે નિદ્રા આવવામાં સુખ માનવામાં આવે છે, તે અજ્ઞાન છે, તેવું સુખ માનવા લાયક નથી. એવા સુખને માનવાથી, આળસુપણાથી અને બહુ નિદ્રાની ઇચ્છાઓ કરવાથી દર્શનાવરણીય કર્મ બંધાય છે. નિદ્રાથી આત્માનો ઉપયોગ વૃથા જાય છે. નિદ્રા એ જીવતાની મરણાવસ્થા છે. તેથી નિદ્રાનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો. બને ત્યાં સુધી સદા જાગ્રત રહેવું. સર્વદા જાગ્રત દશાની ઇચ્છા કરવી. ભગવાન્ મહાવીર સ્વામીના જીવનમાં જોશો તો આશ્ચર્ય પામશો. તેમને બાર વર્ષમાં બે ઘડી નિદ્રા આવી હતી. બાકીનો બધો સમય અપ્રમાદ દશામાં ગયો હતો. આત્મતત્ત્વના વિચારમાં ગયો હતો. તે મહાત્માએ પોતાના સ્વાભાવિક આત્મગુણ પ્રગટ કર્યા હતા. તે ભગવંતે જેમ અપ્રમાદપણે રહી દર્શનાવરણીય કર્મ ખપાવ્યું, તેમ ખપાવવાનો ઉદ્યમ કરવો જોઇએ, કે જેથી આપણે પણ દર્શનાવરણીય કર્મ ખપાવવાને સમર્થ થઇ શકીએ. એ કર્મનો ક્ષય થવાથી આત્માને કેવળદર્શન પ્રગટ થાય છે.

૧૬. **અવ્રત**—આ દોષ આત્માની અંદર રહેલો છે. આ દોષના પ્રભાવથી અનેક જાતની ઇચ્છાઓ પ્રગટ થાય છે. તેમાં હિંસા, મૃષાવાદ, અદત્તાદાન, અબ્રહ્મ અને પરિગ્રહની ઇચ્છાને અનુસારે એ પાંચ અવ્રત કહેવાય છે. એ પાંચ અવ્રતથી ચિત્ત ખસી શકતું નથી.

તે અવ્રત સેવવાથી નિમિત્ત ભૂત પંચેંદ્રિયના તેવીશ વિષયો તથા મનની ચપળતા સર્વદા રહ્યા કરે છે. જ્યાં સુધી પાંચ ઈંદ્રિયો અને મન મુક્ત–છુટા રહે છે, ત્યાં સુધી કામના બની રહે છે અને છ-કાયની હિંસાના કારણભૂત થાય છે. એ વિષયો આ લોક તથા પર-લોક–બંનેમાં દુઃખના આપનારા છે. પરજીવની હિંસા કરવી,–ઇજા કરવી, એ મહાપાપનું કારણ છે. જેમ કોઇ આપણા શરીરમાં માત્ર સોય મારે તો આપણને કેવી પીડા થાય છે? એ પીડાનો સર્વને અનુભવ છે, તેવી રીતે બીજા જીવને મારવાથી તેવીજ પીડા થાય છે. એ દુઃખ આપવાનો બદલો અવશ્ય ભોગવવોજ પડે છે. કદિ આ ભવમાં નહિ તો પરભવમાં તો તે અવશ્ય ભોગવવો પડે છે. જેને આપણે પીડીએ, તેનાથીજ આપણે પીડાવું પડે છે, તેથી કોઇ જીવને પીડા કરવી નહિ. તેમજ મારવો નહિ.

મૃષાવાદનું અવ્રત પણ અત્યંત નઠારૂં છે. જુઠું બોલવાથી પણ બીજાને દુઃખ થાય છે. અદત્તાદાનનું અવ્રત આચરવાથી જેનું ધન કે કોઇ વસ્તુ ચોરાય છે, તેના દુઃખનો પાર રહેતો નથી. દરેક મનુષ્યથી હાનિ સહન થઇ શકતી નથી. કદિ કોટીપતિ હોય પણ તે ધન કે વસ્તુની હાનિ થતાં અતિ ચિંતાતુર બની જાય છે. અ-બ્રહ્મ–અવ્રત એ પણ મહાપાપનું કારણ છે. પરસ્ત્રીની સાથે મૈથુન કરવાથી તેના પતિને તથા તેણીના માતાપિતાને ભારે દુઃખ થઇ પડે છે. અને પ્રતિષ્ઠાની મોટી હાનિ થાય છે. કદિ સ્વસ્ત્રી હોય તોપણ તેણીની સાથે ભોગ કરવાથી યોનિની અંદર રહેલા અસંખ્ય સંમૂ-ર્છિમ જીવ હણાય છે, તેથી તેમાં પણ પાપ છે તો પછી પરસ્ત્રીમાં શું કહેવું?

પરિગ્રહ–અવ્રતથી ધન મેળવવાની તૃષ્ણા વધે છે અને તેને અંગે લુચ્ચાઈ, ઠગાઇ અને અનેક જાતના છળકપટો કરવા પડે છે, તેથી પાપોનો મોટો પુંજ એકઠો થાય છે અને પરિણામે અનેક જાતના દુઃખ ભોગવવા પડે છે. આ બધા પરિગ્રહની મૂર્છાના ફળ છે.

આ પાંચ–અવ્રતો એવી રીતે ગોઠવાએલા છે કે, એક એકને સેવતાં બીજું સેવાઈ જાય છે. તેથી જ્ઞાની મહાત્માએ એ પાંચે અવ્રતોનો ત્યાગ કરવો કહેલો છે. અને તેને માટે ઉપદેશ આપ્યો

છે કે, "ભવ્ય મનુષ્યે એ પાંચ અવ્રતોનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. કદિ સર્વ પ્રકારે તેનો ત્યાગ ન થઈ શકે તો તેનો દેશથી ત્યાગ કરવો જોઈએ. શ્રાવકના બાર વ્રતો ધારણ કરવાથી તેનો દેશથી ત્યાગ થાય છે. અહિં વ્રતનો અર્થ વિરતિપણું–પ્રતિજ્ઞા થાય છે. તેમ કરવાથી તેની ઇચ્છાઓનો નિરોધ થાય છે અને તેમ ન કરવાથી તેની ઇચ્છાઓ હંમેશાં થયા કરે છે. અને ઇચ્છાઓથી કર્મના બંધ થયા કરે છે.

૧૭. **રાગ**—રાગનો અર્થ પ્રીતિ અથવા આસક્તિ થાય છે. માયા અને લોભ એ રાગના અંગ છે. રાગ પરિણતિ જીવને અનાદિકાળની છે. ધન ઉપર રાગ, કુટુંબ ઉપર રાગ, સ્ત્રી ઉપર રાગ, સ્વજન ઉપર રાગ, અને ઘર, હાટ, બાગ બગીચા વગેરે વસ્તુ ઉપર રાગ સર્વદા થયા કરે છે. એ રાગ મળેલી વસ્તુ ઉપર થાય છે અને નહિ મળેલી વસ્તુ ઉપર પણ થાય છે. જોયેલી અને નહિ જોયેલી વસ્તુ ઉપર, તેમજ સાંભળેલી કે વાંચેલી વસ્તુ ઉપર પણ રાગ થાય છે. એવી રીતે રાગદશા અનેક પ્રકારે રહેલી છે. એ રાગદશાના પ્રભાવથીજ અનેક સંસાર વૃદ્ધિના સંયોગો મળે છે. અને તેનાથી વિપરીત ખરાબ સંયોગને લઈને પાછો દ્વેષ જાગ્રત થઇ આવે છે. પર વસ્તુ ઉપર રાગ થવાના કારણથીજ જીવ અનાદિ કાળનો રોળાય છે અને તેથી તેને અનેક જન્મ–મરણ કરવા પડે છે.

આ સંસારમાં જે જે કર્મ બંધ થાય છે તે રાગ દ્વેષથીજ થાય છે. જ્યાં રાગ હોય ત્યાં દ્વેષનો સંભવ અવશ્ય થાય છે. જે વસ્તુને રાગથી પોતાની માની હોય તે વસ્તુ જો કોઇ બીજો લઇ જાય તો તત્કાળ તેની પર દ્વેષ ઉત્પન્ન થાય છે. કદિ દ્વેષને શમાવવાનો ઉપાય છે, પણ રાગને શમાવવાનો ઉપાય ઘણોજ દુર્ઘટ છે. રાગને શમાવનાર તો કોઈ શાંત મૂર્તિ મહાત્માજ હોય છે. પુદ્‌ગલ–જડ પદાર્થ ઉપર રાગ કરવાથી આત્માના ગુણો મેળવવા પ્રયાસ થતો નથી તેથી તેના ગુણો જે જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે, તે પણ પ્રાપ્ત થતા નથી.

જીવ રાગને વશ થઈ લજ્જાનો ત્યાગ કરી નિર્લજ્જ કામ કરે છે. કુલીન માણસ ધનવાન્, સારા કુટુંબવાળા અને રૂપવતી સ્ત્રીથી યુક્ત હોય, છતાં નીચ જાતિની સ્ત્રી સાથે રાગથી સંબંધ કરે છે.

આ રાગની વિટંબના છે. જે વસ્તુ ખાવાથી શરીરને ઉપાધિ થાય છે, અને ધર્મથી ભ્રષ્ટ થવાય છે, છતાં તે રાગને લઇને તે વસ્તુ ખાય છે. અને કોઇ કોઈ વાર તેનાથી મરી પણ જાય છે. ધનના રાગથી માણસને લોભ ઉત્પન્ન થાય છે. જે લોભ ગમે તેટલા પૈસા મળે તોપણ શાંત થતો નથી. રાગ અસંતોષને પણ ઉત્પન્ન કરે છે અને તે અસંતોષથી પછી અનેક જાતની વિટંબના ભોગવે છે. અસંતોષના પ્રભાવથી વેપારના સાહસિક કામ કરવા તત્પર થવાય છે અને તેવા પ્રચંડ લોભથી મોટું દીવાળું પણ વખતે કાઢવું પડે છે, જેનાથી પ્રતિષ્ઠાની મોટી હાનિ થાય છે. અને કુળની પરંપરા કલંકિત બની જાય છે. સર્વના રાગ કરતાં ધનનો રાગ ઘણો ભયંકર છે. ધનના રાગથી માણસ પોતાના પ્રિય સંબંધીઓના પણ પ્રાણ હરવા તૈયાર થાય છે. આ રાગની કેવી વિષમ દશા છે ? તે શિવાય બીજા મહા પાપો કરવાને તે ઉદ્યત થાય છે.

કેટલાએક ગૃહસ્થપણું છોડીને દીક્ષા લે છે, પણ જો જડપદાર્થ ઉપરથી તેમનો રાગ ગયો ન હોય તો પાછા સાધુના વેષમાં પણ ગૃહસ્થના જેવી પ્રવૃત્તિ કરે છે. ગૃહસ્થની જેમ ધન મેળવે છે, છોકરાના રાગની જેમ ચેલા કરવાનો રાગ રાખે છે. આવા વર્ત્તનથી તે સંયમથી ભ્રષ્ટ થાય છે. તેઓ આત્મભાવમાં વર્ત્તતા નથી. અને તેમને શાસ્ત્રનો બોધ પણ નકામો થાય છે.

૧૮. **દ્વેષ**—આ દૂષણની પ્રવૃત્તિ જગતમાં નિંદવા યોગ્ય છે. તે દ્વેષના ક્રોધ અને માન–એ બે પુત્રો કહેવાય છે. ક્રોધ કરવાથી શરીરમાં ભારે ફેરફાર થઈ જાય છે. ચારે તરફ રતાશ આવી જાય છે. કંપારો ચાલે છે. છાતીમાં ગભરાટ થઇ આવે છે. લોહી શરીરમાંથી ઉછળી જાય છે. અને તેથી શરીર સુકાઈ જાય છે. વળી ક્રોધી માણસ ઉપર કોઈ પણ વિશ્વાસ રાખતું નથી. તેની સાથે કોઇ જાતનો વ્યવહાર કે સંબંધ જોડવાની કોઇ ઇચ્છા કરતું નથી. ક્રોધી માણસથી દૂર રહેવા સર્વ ચાહે છે. ક્રોધીના સંગથી બીજાને હાનિ થાય છે, એટલુંજ નહિ પણ તેને પોતાને પણ હાનિ થાય છે. ક્રોધના આવેશમાં માણસ આત્મઘાત પણ કરવા તત્પર બને છે. આ ક્રોધ એ દ્વેષનો પુત્ર છે. તેનું અંગ છે.

આ જગતમાં જેટલા પદાર્થો છે, (જડ અને ચેતન) તે બધા-ઓમાં જે અપ્રિય લાગે છે, તે તરફ દ્વેષ ઉત્પન્ન થાય છે. જે વસ્તુ પારકી છે, પરવસ્તુ છે, તે ઉપર દ્વેષ થવાથી કર્મના બંધનોજ લાભ થાય છે. તેથી જે જે વસ્તુના જે જે ધર્મ છે. તે જાણી લેવા જોઇએ. પછી જે જે અવસરે જે જે વસ્તુ જોઇએ તે ગ્રહણ કરવી. તેમાં રાગ દ્વેષ કરવો નહિ. દ્વેષથી તેને ગ્રહણ કરવાથી અવશ્ય કર્મનો બંધ થાય છે, તે શિવાય બીજો કાંઇ પણ લાભ થતો નથી. આવું વિચારીનેજ ભગવાન્ તીર્થંકર મહારાજાઓએ અને બીજા મહાત્મા મુનિવરોએ તે દ્વેષનો ત્યાગ કર્યો હતો. અને તેથીજ તેઓ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી મોક્ષપદને પામ્યા હતા. તે ઉપરથી બીજા ભવ્ય આત્મા-ઓએ પણ દ્વેષનો સર્વથા ત્યાગ કરવો જોઇએ.

તે દ્વેષનો ત્યાગ કરવામાં આ પ્રમાણે વર્ત્તવાથી સમભાવ દશા પ્રાપ્ત થાય છે. એ દશામાં ખાવાપીવાની, પહેરવા ઓઢવાની, સુવા પાથરવાની કે બીજા કોઇ ઉપયોગની વસ્તુ પ્રતિકૂલ મળે અથવા અનુકૂળ મળે તોપણ તેમાં રાગદ્વેષ ઉત્પન્ન થતા નથી. તેવી દશાને પામેલો માણસ તેમાં કર્મનોજ વિચાર કરે છે. કોઇ કાંઇ લઇ જાય, કોઈ મારી જાય, ત્યારે પણ કર્મનો વિચાર કરવો. જે કાંઇ ઉપદ્રવ રૂપ બને છે, તે પૂર્વના પુણ્ય કર્મની ખામીને લીધે છે અને જે કાંઇ સારૂં-શુભ બને છે, તે પૂર્વના પુણ્યની પૂર્ણતાને લીધે છે. એવા વિચારથી સમજાય છે કે, કોઈ જીવ ઉપર દ્વેષ કરવો તે નકામો છે. એમ વિચારી સમભાવ દશા ધારણ કરવી કે જેથી દ્વેષનો અંશ પણ જાગ્રત થાય નહિ. એ પ્રવૃત્તિને લઈને કર્મની સત્તા, બંધ અને ઉદય-એ ત્રણ પ્રકારનો નાશ કરવો, જેથી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ થાય છે.

"ભદ્ર શોધકચંદ્ર અને સત્યચંદ્ર, આ પ્રમાણે અઢાર દોષથી જે રહિત છે તે સુદેવ કહેવાય છે. એવા અઢાર દુષણ જેણે ત્યાગેલા છે, તેમનામાં આત્માના સંપૂર્ણ ગુણો ઉત્પન્ન થયેલા છે. તેથી કરીને તેઓ આ ત્રણ જગત્ના ભાવોને એક સમયમાં જાણી શકે છે એવી શક્તિ પ્રાપ્ત થઈ છે. જેમાં એક એક દ્રવ્યને વિષે સમય સમય અનંતાપર્યાય પરાવર્ત્તમાન થઇ રહ્યા છે અને ત્રૈકાળ-અનાદી એ-

ટલે જે કાળનો છેડો નથી તે કાળે થયેલા અને આવતા કાળે જે પર્યાયભાવ થવાના છે, તે સર્વે એકી વખતે જાણી શકે એવું જ્ઞાન તેમને પ્રાપ્ત થયેલું છે-અર્થાત્ તેમનામાં આત્માની અનંતવીર્ય શક્તિ પણ પ્રાપ્ત થઈ છે—આત્માના સમસ્ત ગુણ પ્રાપ્ત થયા છે, તે પ્રભાવને લઈનેજ તેઓના છેલ્લા ભવમાં દેવતાઓ તેમને માટે સુંદર સમવસરણની રચના કરે છે. જે રચના સ્ફટિક રત્નમય બને છે. તેની આસપાસ ત્રણ ગઢ રચવામાં આવે છે. તેઓમાં ત્રીજા ગઢની અંદર એક પ્રકાશમય સિંહાસન બનાવે છે. તે સિંહાસન ઉપર બેશીને એવા તે દેવ શ્રી ભગવાન ધર્મદેશના આપે છે, તે સમયને માટે વિદ્વાનો તેમની આ પ્રમાણે સ્તુતિ કરે છે—

## ગીતિ.

" समवसरणगतवपुषं घनसमगंभीर घोषतो मधुरात् ॥
उपदेशामृत धारां वर्षंतं श्री जिनांबुदं स्तौमि ॥ १ ॥

" સમવસરણમાં રહેલા, અને મેઘના જેવા ગંભીર અને મધુર ધ્વનિથી દેશનારૂપ અમૃતની ધારાને વર્ષાવતા એવા જિન ભગવાન્ રૂપ મેઘને હું સ્તવું છું. ૧ "

પ્રભુ દેશના દે છે તેમાં તેમનો કોઈ પણ પ્રકારનો સ્વાર્થ નથી; જ્યાં સ્વાર્થનો જરા પણ અંશ આવ્યો ત્યાં ધર્મ હોતો નથી. સ્વાર્થ અને ધર્મના સ્વરૂપની વચ્ચે ઘણું અંતર છે. જ્યાં સ્વાર્થી ઉપદેશ આપવામાં આવે છે, ત્યાં શ્રોતાનું ધ્યાન એકાગ્ર થતું નથી. સ્વાર્થી ઉપદેશકનો ઉપદેશ શ્રોતાઓને લાભકારી થતો નથી. શ્રોતાના આસ્તિક હૃદય ઉપર સ્વાર્થી ઉપદેશની જરા પણ અસર થતી નથી. શ્રીજિનેંદ્ર ભગવાન્ કે જેઓ અઢાર પ્રકારના દૂષણોથી રહિત છે, તેથી તેમનામાં શ્રીવીતરાગ દશા પ્રગટી છે. તેમને કોઇ પણ વસ્તુ ઉપર રાગદ્વેષ રહ્યો નથી. કેવળ જગત્ના જીવોને તારવા માટે પૃથ્વીપર વિચરી ધર્મોપદેશ આપે છે; તેથી શ્રોતાજનોનું અવશ્ય કલ્યાણ થાય છે. આવા દેવ તે દશામાંથી મુક્ત થઇ મોક્ષમાં જાય છે, જ્યારે તે સિદ્ધ–બ્રહ્મ પરમાત્મા, જ્યોતિર્મય, ચિદાનંદ, નિરંજન, નિરાકાર વિગેરે નામોથી ઓળખાય છે.

ભદ્ર ! ઉપર જણાવેલા લક્ષણવાળા, અઢાર દુષણ રહિત જે હોય તેમને દેવ તરિકે માનવા, સિવાયનાને દેવ માનવા તે યોગ્ય નથી. ભગવાન–દેવની યોગ્યતા તેમના ચરિત્રો ઉપરથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે.

ભદ્ર ! શોધકચંદ્ર અને સત્યચંદ્ર, પ્રથમ બતાવેલ લક્ષણવાળા અને અઢાર દુષણ રહિત જે હોય તેને દેવ કહેવાય છે પછી તે ગમે તે હોય; તેને માટે જૈનના એક નિષ્પક્ષપાત અને સમભાવી મહાન પંડિતે કહ્યું છે કેઃ–

**भवबीजांकुरजनना, रागाद्याः क्षयमुपागता यस्य ।**
**ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥ १ ॥**

**ભાવાર્થ**—સંસારરૂપી ( જન્મ, જરા મરણ–કર્મ રૂપી ) બીજ અંકુર જેનાથી ઉત્પન્ન થાય છે એવા રાગદ્વેષ અને મોહ જેના ક્ષય પામેલા છે એવા બ્રહ્મા, વિષ્ણુ, શંકર, જિન ગમે તે હોય તેને નમસ્કાર છે. જેથી જૈનદર્શન આવા દેવને દેવ કહે છે, અને તેજ શુદ્ધ દેવ કહેવાય છે.

મહાત્માનાં આ વચનો સાંભળી શ્રાવક શોધકચંદ્ર અને સત્યચંદ્ર હૃદયમાં અતિ આનંદિત બની ગયા. ભગવાન્ જિનેશ્વર શુદ્ધ દેવનું નિર્દોષ ચરિત્ર તેમની ભાવનામાં આરૂઢ થઇ ગયું, અને તેમની આસ્તિકતાનો શુદ્ધ પ્રવાહ વહન થવા લાગ્યો. તત્કાળ તેમણે નીચેના પદ્યથી ભગવાન્ વીતરાગ પ્રભુની સ્તુતિ કરી.

**“ अष्टादशमहादोष, रहितायामलात्मने ॥**
**जितात्मने जिनेंद्राय, नमः कल्याणकारिणे ” ॥ १ ॥**

“ અઢાર મહાદોષથી રહિત, નિર્મળ આત્માવાળા, મનને જિતનારા અને કલ્યાણ કરનારા, એવા શ્રી જિનેંદ્ર દેવને નમસ્કાર છે. ” ૧.

આ પ્રમાણે સ્તુતિ કર્યા પછી તે ધર્મવીરોએ મહાત્માને નમન કરી આ પ્રમાણે પ્રશ્ન કર્યો.

“ ભગવન્! શુદ્ધ દેવનું સ્વરૂપ અમારા જાણવામાં આવ્યું. હવે ગુરૂતત્ત્વનું સ્વરૂપ સાંભળવાની અમારી ઇચ્છા છે જેથી કૃપા કરી સંભળાવશો.

મહાત્મા સંતુષ્ટ હૃદયે બોલ્યા, " ભદ્રાત્માઓ! ગુરૂતત્ત્વનું સ્વરૂપ તત્પર થઇને સાંભળજો.

## ગુરૂતત્ત્વનું સ્વરૂપ અને લક્ષણ.

પ્રથમ તો અહિંસાદિ પાંચ મહાવ્રતો ધારણ કરનારા તથા પાળનારા, અને આપત્તિ સમયે ધૈર્ય રાખનારા, પોતાના ધારણ કરેલા વ્રતમાં દૂષણ લગાવી કલંકિત નહિ કરનારા, તથા બેંતાલીશ દૂષણ રહિત માધુકરી ભિક્ષાવૃત્તિકરી, પોતાના ચારિત્ર ધર્મના તથા શરીરના નિર્વાહ વાસ્તે ભોજન કરનારા, ભોજન પણ પુરૂં પેટ ભરી નહિ કરનારા, ભોજનને વાસ્તે અન્ન, પાણી રાત્રિમાં નહિ રાખનારા, તથા ધર્મ સાધનના ઉપકરણ વર્જી બીજો કાંઇ પણ સંગ્રહ નહિ કરનારા, ધન, ધાન્ય, સુવર્ણ, રૈપ્ય, મણિ, મોતી, પ્રવાલાદિ કાંઇ પણ પરિગ્રહ નહિ રાખનારા, તથા રાગદ્વેષના પરિણામ રહિત, માધ્યસ્થવૃત્તિથી સદા વર્તનારા, તથા જીવોના ઉદ્ધાર વાસ્તે અર્હંત ભગવંત પરમેશ્વરે સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ધર્મ, સ્યાદ્વાદ—અનેકાંત સ્વરૂપ જે નિરૂપણ કરેલ છે તેનો ભવ્ય જીવોને ઉપદેશ કરનારા, પરંતુ જ્યોતિષશાસ્ત્ર, અષ્ટાંગ નિમિત્તશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, પ્રમુખ અનેક શાસ્ત્ર, જેથી ધર્મમાં બાધા પહોંચે તેવાં શાસ્ત્રોનો ઉપદેશ નહિ કરનારા, કારણકે લૌકિક શાસ્ત્રો બુદ્ધિમાન્ પુરૂષો વર્ત્તમાનમાં પણ બહુ અધ્યયન કરે છે, તેમજ સાંસારિક વિદ્યાનાં નવીન, નવીન અનેક પુસ્તકો બનાવે છે. તથા પાશ્ચાત્ય પુરૂષોની બુદ્ધિ જોઈ આ દેશના લોકો પણ સાંસારિક વિદ્યામાં બહુજ નિપુણ થાય છે, તેથી ફક્ત ધર્મનોજ ઉપદેશ કરનારા, એવા લક્ષણવાળા જે હોય તે શુદ્ધ ગુરૂ કહેવાય છે. આવા લક્ષણવાળા ગુરૂ તે પંચ મહાવ્રત ધારણ કરનારા દશ પ્રકાર શ્રમણ ધર્મધારક, સત્તર પ્રકારના સંયમના ધરનાર અને બ્રહ્મચર્યની નવપ્રકારની વાડો—પાળનારા તે શુદ્ધ ગુરૂ કહેવાય છે. હવે પ્રથમ પાંચ મહાવ્રત સાધુને ધારણ કરવા કહ્યાં છે તે પાંચ મહાવ્રત કયા છે? તે કહિયે છીયે.

**अहिंसासूनृताऽस्तेय, ब्रह्मचर्यापरिग्रहाः ॥**
**पंचभिः पंचभिर्युक्ता, भावनाभिर्विमुक्तये ॥ २ ॥**

**ભાવાર્થઃ**—( ૧ ) અહિંસા, ( જીવ દયા ), ( ૨ ) સૂનૃત ( સત્ય

વચન બોલવું ), ( ૩ ) અસ્તેય ( સાધુને ઉચિત, આપ્યા વિના વસ્તુ ન લેવી તે ), ( ૪ ) બ્રહ્મચર્ય પાળવું, ( ૫ ) સર્વ પરિગ્રહનો ત્યાગ. એ પાંચ મહાવ્રત છે, તથા આ પાંચ મહાવ્રતોમાં અકેક મહાવ્રતની પાંચ પાંચ ભાવના છે. સાધુ આ પાંચ મહાવ્રત, તથા પચીશ ભાવના, મોક્ષને વાસ્તે પાળે.

આ પાંચ મહાવ્રતમાંથી પ્રથમ મહાવ્રતનું સ્વરૂપ લખિયે છીએ.

**न यत् प्रमादयोगेन, जीवितव्यपरोपणं ॥**
**त्रसानां स्थावराणां च, तदहिंसाव्रतं मतं ॥ ३ ॥**

**ભાવાર્થઃ**—ત્રસ, ( દ્વીંદ્રિયાદિ ) અને સ્થાવર, ( પૃથ્વીકાય, અપ્-કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય ) આ સર્વ જીવોને પ્રમાદવશ થઈ મારે નહિ.

**પ્રમાદનાં લક્ષણોઃ**—રાગ, દ્વેષ, અસાવધાનપણું, અજ્ઞાન, મન વચન કાયાનું ચંચલપણું, ધર્મને વિષે અનાદર ઈત્યાદિ. પ્રમાદને વશ થઈ જે પ્રાણાતિપાત કરવો, તેનો જે ત્યાગ, તેનું નામ અહિંસાવ્રત છે.

બીજા મહાવ્રતનું સ્વરૂપ લખીએ છીએ.

**प्रियं पथ्यं वचस्तथ्यं, सूनृतव्रतमुच्यते ॥**
**तत्तथ्यमपिनो तथ्यमप्रियं चाहितं च यत् ॥ ४ ॥**

**ભાવાર્થઃ**—જે વચન સાંભળવાથી બીજા જીવ હર્ષ પામે, તે વચનને પ્રિય વચન કહીયે, તથા જે વચન જીવોને પથ્યકારી હોય, પરિણામ સુંદર હોય, અર્થાત્ જે વચનથી જીવને ભવિષ્યમાં બહુજ સારૂં થાય તથા જે વચન સત્ય હોય, એવું જે વચન બોલવું તે સૂનૃત વ્રત કહીયે, અને જે વચન અપ્રિય તથા અહિતકારી હોય તે સત્ય હોય તો પણ સત્ય નથી. આ વ્રત વિષે કાંઇક વિશેષ લખીયે છીયે. જે વચન વ્યવહારમાં ભલે સત્યજ હોય, પરંતુ તે જો બીજા જીવને દુઃખકારક હોય તો તે વચન સાધુ ન બોલે. જેમ કે કાણાને કાણો કહેવો, ચોરને ચોર કહેવો, કુષ્ટીને કુષ્ટી કહેવો, ઇત્યાદિ; વળી જે વચન જીવોને ભવિષ્યમાં અનર્થકારક હોય તે પણ વસુ રાજાની પેઠે બોલે નહિ. જો આ બંને વચનો બોલે તો સાધુને સૂનૃત વ્રતમાં કલંક લાગી જાય, કારણ કે આ બંને વચનો અસત્યમાંજ ગણેલાં છે.

હવે ત્રીજું મહાવ્રત લખિયે છીયે.

**अनादानमदत्तस्या, ऽस्तेयव्रतमुदीरितं ॥**

**बाह्याः प्राणानृणामर्थो, हरता तं हताहि ते ॥ ५ ॥**

**ભાવાર્થઃ**—અદત્ત-માલેકના આપ્યા વિના લઈ લેવું તેનો જે નિયમ તે અસ્તેય વ્રત કહિયે. નામાંતર અચોરીવ્રત. અદત્તાદાન ચાર પ્રકારનું છે. (૧) જે વસ્તુ સાધુને લેવા યોગ્ય છે, જેમકે અચિત્ત-જીવ રહિત વસ્તુ, તૃણ, કાષ્ટ, પાષાણાદિ, તે તેના સ્વામિના પૂછયા વિના લઇ લેવી, તે સ્વામિ અદત્ત. (૨) તથા જેમ કોઇ ઘેટું, બકરી, ગાય પ્રમુખ જીવ, જેનો સ્વામી બીજા હિંસક જીવને તેની કિંમત લઈ આપે, અથવા કિંમત વિના આપે, અને લેનારે આપેલી વસ્તુ લીધી છે, પરંતુ તે જીવે પોતાનું શરીર આપેલું નથી તે હેતુથી જીવ અદત્ત. (૩) તથા આધાકર્માદિ આહાર પ્રમુખ જે જે વસ્તુ, અચિત જીવ રહિત પણ છે, અને આપેલી પણ તે વસ્તુના સ્વામી એજ છે, પરંતુ તીર્થંકર ભગવંતે નિષેધ કરી છે. પછી જો સાધુ તે વસ્તુને ગૃહણ કરે તો તીર્થંકર અદત્ત. (૪) તથા જે વસ્તુ નિર્દોષ છે, જેમકે વસ્ત્ર આહારાદિ, અને તે વસ્તુના સ્વામીએ તે આપેલી છે, તેમજ તીર્થંકર ભગવંતે પણ તેનો નિષેધ કરેલો નથી, તથાપિ ગુરૂની આજ્ઞા વિના તે વસ્તુને જો સાધુ લહે તો ગુરૂ અદત્ત. આ વ્રતમાં આ ચારે પ્રકારનું અદત્ત ન લેવું. જેટલાં વ્રત, નિયમ છે, તે સર્વે અહિંસા વ્રતની રક્ષા વાસ્તે વાડ સમાન છે. આ ત્રીજા વ્રતના પાલનથી, અહિંસા વ્રતનીજ રક્ષા થાય છે; અને જો ત્રીજું વ્રત ન પાલે તો અહિંસા વ્રતને દૂષણ લાગે છે, કારણ એ છે કે લક્ષ્મી જે છે તે મનુષ્યોના બાહ્ય પ્રાણ છે. જ્યારે મનુષ્ય કોઇની ચોરી કરે છે, ત્યારે નિશ્ચયથી તે તેના પ્રાણનોજ નાશ કરે છે. તે કારણથી ચોરી કરવી તે મહા પાપ છે. સર્વ ચોરીનો જે ત્યાગ, તેનુંજ નામ ત્રીજું અદત્તાદાન ત્યાગરૂપ મહાવ્રત છે.

હવે ચોથા મહાવ્રતનું સ્વરૂપ લખીયે છીએ.

**दिव्यौदारिककामानां, कृतानुमतिकारितैः ॥**

**मनोवाक्काय तस्त्यागो, ब्रह्माष्टादशधा मतम् ॥ ६ ॥**

**ભાવાર્થ**:—દિવ્ય (દેવતાના) વૈક્રિય શરીર સંબંધી જે કામભોગ, તથા ઔદારિક ( તિર્યંચ, મનુષ્યના ) શરીર સંબંધી જે કામભોગ, અર્થાત્ વૈક્રિય તેમજ ઔદારિક એ બંને શરીરની સાથે વિષય સેવન કરવું, તેમજ બીજાઓને સેવન કરાવવાં, તેમજ વિષય સેવન જે કરે તેને અનુમતિ આપવી, આ છ ભેદ મનથી, વચનથી, તેમજ કાયાથી એ રીતે અઢાર પ્રકારથી મૈથુન સેવનનો જે ત્યાગ તેને બ્રહ્મચર્યવ્રત કહીયે છીએ.

હવે પાંચમું મહાવ્રત લખીયે છીએ.

**सर्वभावेषु मूर्छाया, स्त्यागः स्यादपरिग्रहः ॥**
**यदि सत्स्वपि जायेत, मूर्छया चित्तविप्लवः ॥ ७ ॥**

**ભાવાર્થ**:—સંપૂર્ણ જે સારા ભાવ પદાર્થ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ-રૂપ, તેને વિષે જે મૂર્છા-મમત્વભાવ-મોહ, તેનો જે ત્યાગ, તે અપ-રિગ્રહવ્રત કહીયે. જેની પાસે પોતાના શરીર વિના બીજી કાંઇ વસ્તુ નથી તેને પણ નિષ્પરિગ્રહપણું છે એમ ન કહીયે, પરંતુ જેને, સર્વ વસ્તુઓ ઉપરથી મૂર્છા-મમત્વ-મોહ ગયેલો હોય તેનેજ નિષ્પરિ-ગ્રહી કહીયે, કારણકે જેની પાસે વસ્તુ કોઈ નથી, પરંતુ નથી એવી વસ્તુની ચાહના જેને લાગી રહી છે તે ત્યાગી નહિ. જો જ્ઞાનદ્વારા મૂર્છા ત્યાગ્યા વિના ત્યાગી થવાતું હોય તો તિર્યંચો પણ ત્યાગી થવા જોઇએ. સબબ જે પુરૂષ મમત્વરહિત છે તે નિષ્પરિગ્રહી છે પછી તેની પાસે ધર્મસાધન કરવાના કેટલાએક ઉપકરણ પણ છે તોપણ મૂર્છાના અભાવથી તે પરિગ્રહ નથી.

હવે દશ પ્રકારે શ્રમણ ધર્મ લખીયે છીએ. યતઃ

**खंतिय मद्दवज्जव, मुत्तीतव संजमेय बोधव्वा ॥**
**सच्चं सोयं आकिंचणं, च बंभं च जइधम्मो ॥ १ ॥**

ખંતિ ( ક્ષમા )-કદાપિ સામર્થ્ય હોય અથવા ન હોય તોપણ બીજાનાં દુર્વચન સહન કરવાના પરિણામ-મનોવૃત્તિ, તેનું નામ ક્ષમા છે; અર્થાત્ સર્વથા ક્રોધનો ત્યાગ, તે ક્ષમા. (૨) માર્દવ-કોમળપણું-અહંકાર રહિતપણું, એવો જે ભાવ, અથવા કર્મ તે માર્દવ; નમ્ર થઈ અભિમાનનો ત્યાગ કરવો તે. (૩) આર્જવ-મન વચન કાયાથી

સરલ તેનો જે ભાવ અથવા કર્મ તે આર્જવ, મન વચન કાયાથી કુટિલતાનો અભાવ. (૪) મુક્તિમોચનં–બાહ્યાભ્યંતરથી તૃષ્ણાનો ત્યાગ, લોભનો ત્યાગ તે મુક્તિ. (૫) તપ–રસાદિ ધાતુ અથવા અષ્ટ પ્રકારનાં કર્મ જેનાથી ભસ્મ થાય તે અશનાદિ બાર પ્રકારે તપ. (૬) સંયમ–આશ્રવની ત્યાગ વૃત્તિ. (૭) સત્યં–મૃષાવાદ વિરતિ, જૂઠનો ત્યાગ. (૮) શૌચ–સંયમ વૃત્તિમાં કલંકનો અભાવ. (૯) આકિંચન–કિંચિત્ માત્ર દ્રવ્યનું પોતાની પાસે નહિ હોવાપણું. (૧૦) બ્રહ્મચર્ય–સર્વથા મૈથુનનો અભાવ. આ દશ પ્રકારના યતિ ધર્મ જાણવા. વળી મતાંતરથી દશ પ્રકારે યતિ ધર્મ આ પ્રકારે કહે છે. યતઃ **खंती मुत्ती अज्झव, मद्दव तहलाघवे तवेचेव ॥ संजम वियोग किंचण, बोधव्वे बंभचेरय ॥ १ ॥**

અર્થની સુગમતાથી વિસ્તાર કર્યો નથી.

હવે સત્તર ભેદ સંયમના લખીયે છીએ.

**पंचासवा विरमणं, पंचिदिय निग्गहो कसायजओ ॥**
**दंडत्तयस्स विरइ, सत्तरसहा संजमो होइ ॥ १ ॥**

અથવા **पुढवि दग अगणिमारुय, वणसइ खिति चउ पणिंदि अजीवा ॥**
**पहुप्पेह पमझ्झण, परिठवण मणो वइ काए ॥ २ ॥**

**ભાવાર્થઃ**—ઉત્પન્ન કરીએ કર્મ જેનાથી તે આશ્રવ–તેના પાંચ પ્રકાર, પાંચ મહાવ્રતમાં બતાવ્યા છે તે (૧) હિંસા, (૨) મૃષા, (૩) ચોરી, (૪) મૈથુન, (૫) પરિગ્રહ. આ પાંચે આશ્રવનો ત્યાગ કરે. તથા સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ તેમજ શ્રોત, આ પાંચે ઈંદ્રિઓના સ્પર્શાદિ પાંચે વિષયો વિષે લંપટપણું ત્યાગે; તથા ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયને જીતે. એ ચારેના ઉદયને નિષ્ફળ કરે; તેમજ નહિ ઉદય પામ્યા હોય તેને ઉત્પન્ન ન કરે; તથા જીવની ચારિત્ર ધર્મરૂપ લક્ષ્મી જેનાથી દંડાય એવા ખોટા મન વચન કાયારૂપ જે ત્રણ દંડ તેની વિરતિ કરે છે. એ સત્તર ભેદ સંયમના બતાવ્યા.

હવે જે શીલવાન્ સાધુ નવ વાડ સહિત શીલ પાળે તેને નવવિધ બ્રહ્મચર્યની ગુપ્તિ કહે છે. તે લખીયે છીએ. યતઃ–

**वसहि कह निसिज्झिंदिय, कुड्डंतर पुव्वकीलिय पणीए ॥**
**अयमायाहार विभू, सणाइ नव बंभ गुत्तीओ ॥ १ ॥**

**ભાવાર્થઃ**—૧ (**वसहि**) વસ્તિ–જે બ્રહ્મચારી સાધુ હોય તે સ્ત્રી, પશુ, પંડક સંયુક્ત જે વસ્તિ હોય ત્યાં ન રહે. તેમાં પ્રથમ સ્ત્રી બે પ્રકારની છે, એક દેવી, બીજી "માનુષી" મનુષ્યણી; તે બંનેના બબે ભેદ છે, એક અસલ, બીજી તેની મૂર્તિ કે ચિત્રામની મૂર્તિ. આ બંને પ્રકારની સ્ત્રી ન હોય તે વસ્તીમાં રહે; તથા પશુ જે તિર્યંચણી, ગાય, કુતરી, પાડી, ઘોડી, બકરી, ઘેટી, પ્રમુખ જે વસ્તિમાં નહિ રહેતી હોય ત્યાં રહે; તથા પંડક–નપુંસક, ત્રીજા વેદવાળા, અત્યંત મોહમય કામ કરનારા, સ્ત્રી અને પુરૂષ બંનેની સાથે વિષયના અભિલાષી જે વસ્તિમાં રહેતા હોય ત્યાં બ્રહ્મચારી ન રહે; કારણ કે આ ત્રણે સંયુક્ત વસ્તિમાં રહેતાં થકાં તેઓની કામવિકારની ચેષ્ટા દેખવાથી, બ્રહ્મચારીના મનમાં વિકાર ઉત્પન્ન થવાથી બ્રહ્મચર્યને બાધા થાય છે. જેમ ઉંદર તેમજ બિલાડી એક ગામમાં રહે તો ઉંદરને સુખ નહિ. તેમજ આ ત્રણે સંયુક્ત વસ્તિમાં રહેવાથી શીલવાન્‌ને શિયલમાં ઉપદ્રવ થાય. આ પ્રથમ બ્રહ્મચર્ય ગુપ્તિ.

(**कह**) કથા–કેવલ સ્ત્રીઓનેજ, તથા એકલી સ્ત્રીને ધર્મ દેશના વચનના પ્રબંધરૂપ કથા ન કહે, તથા સ્ત્રીની કથા ન કરે, ॥ યથા ॥ **कर्णाटी सुरतोपचार चतुरा, लाटी विदग्धा प्रिया** ॥ ઇત્યાદિ કથા ન કરે, કારણકે આ કથા રાગ ઉત્પન્ન કરવાનો હેતુ છે. તથા સ્ત્રીના, દેશ, જાતી, કુળ, વેષ, ભાષા, ગતિ, વિભ્રમ, ઇંગિત,[૧] હાસ્ય, લીલા, કટાક્ષ, સ્નેહ, રતિ, કલહ, શૃંગાર ઇત્યાદિ જે વિષય રસની પોષણ કરનારી કામિનીની કથા તે કદી ન કરે, જો કરે તો અવશ્ય મુનિનું મન પણ વિકાર પામે. આ બીજી બ્રહ્મચર્યની ગુપ્તિ.

૩ (**निसिज्झ**) આસન–સ્ત્રીઓની સાથે એક આસનપર ન બેસવું, તથા જે જગા અથવા આસનથી સ્ત્રી ઉઠી હોય તે આસન અથવા સ્થાનમાં બે ઘડી સુધી સાધુ ન બેસે, કારણ કે તે જગ્યામાં તત્કાળ બેસવાથી સ્ત્રીની સ્મૃતિ થાય છે, તેમજ સ્ત્રીના બેસવાથી શય્યા અથવા આસન, મેલથી મલિન થવાથી સ્ત્રીના સ્પર્શવાળા આસનાદિના સ્પર્શથી વિકાર ઉત્પન્ન થાય છે. આ ત્રીજી બ્રહ્મચર્યગુપ્તિ.

૪. (**इंद्रिय.**) ઇંદ્રિય,–અવિવેકી લોકોને દેખવા યોગ્ય સ્ત્રીઓનાં

---

૧ આંતર અને બાહ્ય—માનસ તથા શરીર, હાવભાવાદિ ચેષ્ટિત.

અંગોપાંગ જે નાક, સ્તન, જંઘા પ્રમુખ તેઓને બ્રહ્મચારી સાધુ અપૂર્વ રસમાં મગ્ન થઇને, નેત્ર ફાડીને જુએ નહિ. કદાચિત્ દૃષ્ટિ પડી જાય તો પછી એવી ચિંતવના પણ ન કરે કે વાહ શું વિશાલ સુંદર લોચન છે! વાહ શું નાસિકા સીધી છે! તથા ઇચ્છવા યોગ્ય બંને સ્તન છે! જો સ્ત્રીના પૂર્વોક્ત અંગોપાંગનું એકાગ્ર રસમાં મગ્ન થઇ ચિંતવન કરે તો અવશ્ય મોહાધીન થઇ મનવિકાર પ્રાપ્ત થાય. આ ચોથી બ્રહ્મચર્ય ગુપ્તિ.

૫. (**कुड्डुंतर**) કુડ્યાંતર. જે ભીંત, તટ્ટી કે કનાતને અંતરે સ્ત્રી પુરૂષ મૈથુન સેવન કરતાં હોય, તેમજ તેઓના શબ્દ સંભળાતા હોય ત્યાં બ્રહ્મચારી સાધુ ન રહે. આ પાંચમી ગુપ્તિ.

૬. (**पुव्व कीलिय**) પૂર્વ ક્રિડા. પૂર્વે ગૃહસ્થ અવસ્થામાં સ્ત્રીની સાથે જે વિષયભોગ, ક્રીડા, કરી, હોય, તેનું સ્મરણ ન કરે, જો કરે તો કામાગ્નિ પ્રજ્વલિત થાય. આ છઠ્ઠી ગુપ્તિ.

૭. (**पणीय**) પ્રણીત. અતિ ચીકાશવાળા, મીઠા, દૂધ, દહીં, પ્રમુખ અતી ધાતુપુષ્ટ કરનાર આહાર નિરંતર ન કરે. જો કરે તો વીર્યની વૃદ્ધિ થવાથી અવશ્ય વેદોદય થાય, પછી જરૂર વિષય સેવન કરે, કારણકે જીર્ણ કોથળીમાં વિશેષ રૂપિયા ભરીએ તો જરૂર ફાટી જાય. આ સાતમી ગુપ્તિ.

૮. (**अइमायाहार**) અતિ માત્રાહાર. તે રૂક્ષ, લુખી ભિક્ષા પણ પ્રમાણથી અધિક ન ખાય, કારણકે અધિક ખાવાથી પણ વિકાર થઇ જાય છે, તેમજ શરીરને વિષૂચિકાદિ પીડા થવાનું કારણ છે. આ આઠમી ગુપ્તિ.

૯. (**विभूसणाइ**) વિભૂષણાદિ, શરીરની વિભૂષા તે સ્નાન, વિલેપન, ધૂપ, નખ, દાંત, કેશ, જેમની સુંદરતા વાસ્તે કરવા, સમારવા, તથા વિભૂષા વાસ્તે તિલક કરવું. સુરમો, કાજળ આંખમાં સારવા; તથા સુકોમલ કરવા સારૂ હાથ, પગ, સાબુ તેલ પ્રમુખથી મસળી ગરમ પાણીથી ધોવાં, ઇત્યાદિ શરીરની વિભૂષા ન કરે, આ નવમી બ્રહ્મચર્ય ગુપ્તિ. આ નવ પ્રકારની ગુપ્તિ તે બ્રહ્મચર્યની રક્ષા માટે નવ વાડ છે.

આવા લક્ષણ–ગુણવાળા પવિત્ર શુદ્ધ ગુરૂ આ સંસારથી વિરક્ત રહે છે, સર્વ જીવો ઉપર દયા રાખે છે, પરોપકાર કરવા

ધર્મોપદેશવડે ધર્મ પમાડવાને માટે ગામેગામ (પગે ચાલી) વિહાર કરી ધર્મોપદેશ આપે છે. કોઈ પાસેથી કાંઇ પણ લાભની ઇચ્છા રાખતા નથી. સર્વથા કંચન અને કામિનીના ત્યાગી બની શુદ્ધ આચાર પાળે છે. સદાકાળ નિઃસ્પૃહ રહે છે. જેને માટે મહાત્મા ચિદાનંદજીએ કહ્યું છે કેઃ—

## राग आशावरी.

अवधू निरपक्ष विरला कोइ, देख्या जग सहू जोइ ॥ अवधू. ॥
समरस भाव भला चित्त जाके, थापउथाप न होई ॥
अविनाशीके घरकी बातां, जानेंगे नरसोई ॥ अव० ॥ १ ॥
रावरंकमें भेद न जाने, कनकउपल समलेखे ॥
नारी नागणीको नहीं परिचय, तो शिवमंदिर देखे ॥ अव० ॥ २ ॥
निंदा स्तुति श्रवण सुणीने, हर्ष शोक नवि आणे ॥
ते जगमें जोगीसर पूरा, नित्य चढते गुणठाणे ॥ अव० ॥ ३ ॥
चंद्र समान सौम्यता जाकी, सायर जेम गंभीरा ॥
अप्रमत्त भारंड परें नित्य, सुरगिरि समशुचि धीरा ॥ अव० ॥ ४ ॥
पंकज नाम धराय पंकशुं, रहत कमल जिम न्यारा ॥
चिदानंद इस्याजन उत्तम, सो साहेबका प्यारा ॥ अव० ॥ ५ ॥

ઉપર બતાવેલા લક્ષણ અને ગુણવાળા ગુરૂ સ્વાધ્યાય કરી શાસ્ત્રોનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરે છે, અને સર્વદા શાંત રહે છે, એવા ગુરૂ ખરેખર શુદ્ધ ગુરૂ કહેવાય છે. ભદ્ર! આવા ગુરૂની સેવા કરવાથી શુદ્ધજ્ઞાન અને શુદ્ધ માર્ગ પ્રાપ્ત થાય છે. તેવા ગુરૂનો સંગ આત્માનો ઉદ્ધાર કરે છે. ભવસમુદ્રથી તારે છે. એમ નિશ્ચયથી સમજી લેવું. અને આવા લક્ષણ અને ગુણવાળા જે હોય તે શુદ્ધ ગુરૂ કહેવાય છે.

જેઓ એથી ઉલટી રીતે વર્તનારા છે, તેઓને ગુરૂ તરીકે માનવા નહિ.

ઉપર બતાવેલ પંચમહાવ્રતો જેને લૌકિકમાં યમ કહેવામાં આવે છે, તેની ખામીવાળા સાધુઓ આચારભ્રષ્ટ ગણાય છે. જેઓ પરિગ્રહની ઈચ્છા રાખનારા હોય, તે પૈસો મેળવવાના સ્વાર્થથી ધર્મોપદેશ આપે છે, તેથી તેવા ગુરૂ પાસેથી પરમાર્થ પ્રાપ્ત કરી શકાતો નથી, જેઓ

પોતે શુદ્ધ માર્ગે વર્ત્તતા ન હોય, તેઓ બીજાઓને શુદ્ધ માર્ગનો ઉપદેશ શી રીતે બતાવી શકે? કદિ જો તેવાઓ શાસ્ત્ર વાંચીને ધર્મ માર્ગ બતાવે પણ તેમનો ઉપદેશ કોઈને અસર કરી શકતો નથી.

આ પ્રમાણે જેઓ સ્વાર્થી ઉપદેશ આપે છે, સંસારમાં રચ્યાપચ્યા રહે છે. તેઓ બીજાને સંસારનો ત્યાગ શી રીતે કરાવી શકે, તેમજ બીજાઓને પાપાચારનો પણ ત્યાગ શી રીતે કરાવી શકે, તેમ ન થાય તો ગુરૂ શી રીતે કહેવાય?

જે સાધુ નામ ધારણ કરી પૈસા રાખે છે, તે બ્રહ્મચર્યવાન્ ભાગ્યેજ હોઇ શકે? કારણકે પાંચ ઇંદ્રિયોમાં રસના ઇંદ્રિય જીતવી કઠિન છે, તેના કરતાં પણ કામ ઈંદ્રિય જીતવી કઠણ છે. એ રસના અને કામઇંદ્રિયને પુષ્ટિ આપનાર પૈસો છે. ઉત્તમ સાધુઓ–ત્યાગીઓ–શુદ્ધ ગુરૂઓ તો ઇંદ્રિયોને વશ કરવા સારૂ હમેશાં તપસ્યાઓ કરે છે. અને ઘી, દુધ, દહીં વગેરે માદક વસ્તુઓનો ઉપભોગ કરતા નથી, કારણ કે તેવા પદાર્થોનો ત્યાગ નહિ કરવાથી વિકારો ઉત્પન્ન થાય છે, અને તેથી ઇંદ્રિયો વશમાં રહી શકતી નથી તો જે સાધુ થઇને પૈસા રાખે છે, અને મિષ્ટાન્ન ભોજનો લે છે, તેવા ભોજનથી તેઓ ઇંદ્રિયના વિકારને વશ થઈ જાય છે, તેમાં નવાઈ શું? વળી પૈસાના લોભથી સ્ત્રીસેવનાદિ તેમજ બીજા પણ અનેક અનર્થના પ્રસંગો પ્રાપ્ત થાય છે, તેથી શુદ્ધ ગુરૂઓ કંચન કામિનીના ત્યાગી અને પંચેંદ્રિયોને જિતનારા હોવા જોઇએ. કંચન અને કામિનીનો ત્યાગ એ ગુણો ગુરૂઓમાં મુખ્ય રીતે હોવા જોઇએ, તેને માટે કહ્યું છે કે:–

**“ यैस्त्यज्यते दारपरिग्रहादि स कथ्यते सत्यमुनिर्महात्मा ” ।**

“ જે સ્ત્રી અને પરિગ્રહ વગેરેનો ત્યાગ કરે છે, તે ખરેખરા મહાત્મા મુનિ કહેવાય છે. ”

જે ગુરૂ કંચન કામિનીના ત્યાગી નથી તેઓ આ સંસારમાં ડુબેલા છે, અને તેવા પત્થરના નાવ સમાન પોતે ડૂબે છે અને બીજાને ડૂબાડે છે. તેવા ગુરૂઓને વંદન કરવાથી પણ પાપ લાગે છે. જેથી તેવાઓ જે હોય તે ધર્મગુરૂ–શુદ્ધગુરૂ હોઇ શકતા નથી.

જે ગુરૂઓ પૈસા રાખે, મિષ્ટાન્ન ભોજન કરે, મોજમજા ઉડાવે તેઓ સ્ત્રીથી શી રીતે બચી શકે? તેવા ગુરૂઓ બ્રહ્મચર્ય પાળે એ

સર્વથા અસંભવિત છે. તેવાઓનું ધ્યાન ઇંદ્રિયોના વિષયથી છુટતું નથી. તેને માટે અન્યદર્શની કબીર ભક્ત આ પ્રમાણે કહે છેઃ–

" કંચન અને કામિની, બે આડી તરવાર;
જાતે તે હરિભજનકું, પણ બીચમે લીયે માર."

માટે કંચન અને કામિની–એ બે આ સંસાર સમુદ્રમાં ડૂબાડનાર છે. એ બન્નેના તજવાથી સંસારરૂપી સમુદ્ર તરી શકાય છે.

આ ઉપરથી સમજવાનું કે જે ધર્મગુરૂ થઇને પોતાની પાસે દ્રવ્ય રાખે છે, કે જેમ કરવાથી ઇંદ્રિયોનું પોષણ થતાં ઇંદ્રિયો વશ રહેતી નથી, જેથી ઇંદ્રિયો ઉન્મત્ત થતાં વિષય સેવન કષાય વિગેરેનો ઉદ્ભવ થાય છે. જેથી ઇંદ્રિયોને વશ રાખવા માટે મુખ્ય કંચન કામિનીથી ધર્મગુરૂ થનારે સર્વદા દૂરજ રહેવું જોઇએ. અને જેઓ તેના પ્રથમ ત્યાગી નથી તેઓ સાધુનો વેષ પહેરી જગતના લોકોને ઠગનારા છે. જેથી હે ભદ્રો! તમોને પ્રથમ બતાવેલ લક્ષણવાળા, પંચમહાવ્રત ધારી, દશ પ્રકાર શ્રમણ–સાધુ ધર્મના ધારક, સત્તર પ્રકારે સંયમના પાળનાર, નવ પ્રકારે વાડો સહિત શુદ્ધ બ્રહ્મચર્યને ધારણ કરનારા, નિઃસ્પૃહિ, માત્ર જગતના જીવોના ઉપકાર અર્થે પગે ચાલી–વિહાર કરી નિસ્વાર્થ વૃત્તિએ ધર્મોપદેશ દેનાર, વિગેરે સ્વરૂપ જે આગળ બતાવ્યું છે તેવાઓ જે હોય તેજ શુદ્ધ ગુરૂ–ધર્મગુરૂ તરીકે કહેવાય છે. અને તેવા મહાત્માઓને વંદન, પૂજન, સેવન ભક્તિથી અને તેઓની પાસેથી ધર્મોપદેશ સાંભળવાથી અનેક જીવો પોતાના આત્માનું કલ્યાણ કરી શકે છે. જેને માટે એક મહાત્માએ કહ્યું છે કેઃ—

**अवद्यमुक्ते पथि यः प्रवर्तते, प्रवर्त्तयत्यन्य जनं च निःस्पृहः ॥**
**स एव सेव्यः स्वहितैषिणा गुरुः स्वयं तरंस्तारयितुं क्षमः परम् ॥**

**श्रीमान् हर्षकीर्तिसूरि ( सिंदूर प्रकरः )**

જે ગુરૂ પોતે પાપરહિત માર્ગને વિષે પ્રવર્તે છે, અને બીજા માણસને પણ તેવા માર્ગે પ્રવર્તાવે છે, પોતે જાતે નિઃસ્પૃહ છે, (પરિગ્રહાદિકની વાંચ્છારહિત છે,) પોતે તરે છે અને બીજા માણસને પણ તારવાને સમર્થ છે; તેજ ગુરૂની હિતવાંચ્છક પુરૂષોએ સેવા કરવી યોગ્ય છે.

ભદ્રો ! હવે તમો શુદ્ધ ગુરૂ કોને કહેવા તે સમજ્યા હશો ?

મહાત્માના મુખથી શુદ્ધ ગુરૂતત્ત્વનું સ્વરૂપ આ પ્રમાણે સાંભળી યુવક શોધકચંદ્ર અને સત્યચંદ્ર બંને અતિ આનંદ પામી ગયા. તેઓએ આનંદના આવેશમાં આવી આ પ્રમાણે સ્તુતિ કરી.

"निःशंकीकृतशिष्याय निःसीमज्ञानसंपदे ।
पराभूतकषायाय श्रीमते गुरवे नमः" ॥ १ ॥

"પોતાના શિષ્યોને શંકારહિત કરનાર, ઘણી જ્ઞાનસંપત્તિવાળા, અને કષાયોનો પરાભવ કરનાર શ્રી ગુરૂને નમસ્કાર છે." ૧

તે શ્રદ્ધાળુ યુવકોના મુખની સ્તુતિ સાંભળી તે મહાત્માના હૃદયમાં કોઈ જાતનું માન ઉત્પન્ન થયું નહિ, કારણ કે તેઓ નિંદા અને સ્તુતિને સમાન ગણનારા હતા. તત્કાલ તેઓ પ્રસન્નતાથી બોલ્યા–ભદ્રો ! હવે તમારા સમજવામાં દેવગુરૂનું સ્વરૂપ આવ્યું હશે ?

તે બંને શ્રદ્ધાળુ યુવકો વિનયથી બોલ્યા. તે સ્વરૂપ અમે પૂર્ણ રીતે શ્રદ્ધાપૂર્વક સમજ્યા છીએ, હવે **ધર્મ** એટલે શું? તે સંક્ષેપ અને સરલતાથી સમજાવો.

મહાત્મા પ્રસન્ન થઈને બોલ્યા–"ભદ્ર! એ ધર્મ શબ્દની વ્યાખ્યા સમજવા જેવી છે, તેથી પૂર્ણ ધ્યાન આપી શ્રવણ કરજો. દુર્ગતિમાં જતા જીવને ધારી રાખે તે **ધર્મ** કહેવાય છે. વળી ધર્મ શબ્દનો અર્થ આ પ્રમાણે પણ છે–"वत्थु सहावो धम्मो." એટલે વસ્તુનો સ્વભાવ તે ધર્મ–દરેક વસ્તુના ગુણ સ્વભાવ તે દરેક વસ્તુનો ધર્મ કહેવાય છે. લૌકિકમાં ધર્મના બે પ્રકાર આ પ્રમાણે કહેવાય છે. ૧ નૈતિક ધર્મ અને ૨ આત્મિક ધર્મ. જે નીતિમાં વર્ત્તવું, તે નૈતિક ધર્મ કહેવાય છે.

સત્ય બોલવું, સત્ય ચાલવું, કોઈની સાથે કુડકપટ કે છળપ્રપંચ કરવો નહિ. સઘળા જીવો સરખા છે, જે વર્ત્તનથી બીજા આપણી સાથે વર્તે અને જેવું આપણને દુઃખ થાય છે, એવું બીજા જીવોને પણ દુઃખ થાય છે. તેથી કોઈને પણ દુઃખ થાય, એવું વર્ત્તન કરવું નહિ. કોઈની પાસેથી વધારે લેવું નહિ અને ઓછું આપવું નહિ. વેપારમાં ન્યાયથી ધન ઉપાર્જન કરવું, ચોરી કરવી નહિ. પરસ્ત્રીને

મા બ્હેન સમાન ગણવી અને પારકા ધનને મૃત્તિકા તુલ્ય ગણવું, આ બધાને નીતિ ધર્મ કહે છે. સર્વ જીવોએ એ આદરણીય છે. સર્વ ધર્મવાળાઓએ એ ધર્મને માન્ય કરેલો છે. કોઈ પણ ધર્મમાં તેનો નિષેધ કરેલો નથી. એ અવશ્ય સમજવું.

કહેવાતો આ નીતિ ધર્મ પણ તે આત્માને ઉચ્ચ સ્થિતિએ લઇ જવાનું અને આત્માના કલ્યાણ માર્ગનું પેહેલું પગથીયું છે. આ પગથીયે ચડયા પછી પ્રભુની પૂજા ભક્તિ શાસ્ત્રોક્ત માર્ગે કરવી અને તપ વિગેરે બીજાં ધર્મ કૃત્યો કરવાં, એ બીજુ પગથીયું છે.

જેમ રોગી માણસને વૈદ્ય પેહેલો શરીરના મળની શુદ્ધિ કરવા માટે જુલાબ આપે છે, પછી ઔષધ આપે છે, તેથી શુદ્ધ થયેલા દરદીને તે ઔષધ જલદી ફાયદો કરે છે-તેનું શરીર નીરોગી બને છે. તેવી રીતે છળકપટ પ્રમુખ મનના મલિન પરિણામ છે, તેમને દૂર કર્યા શિવાય બીજાં ધર્મ કૃત્યો તે આત્માને ગુણકારી થતાં નથી. જેમ મલિન વસ્ત્ર ઉપર ચડાવેલો રંગ શોભતો નથી અને વિષમ ભીંત ઉપર રચેલું ચિત્ર સારૂં લાગતું નથી. તેમ મલિન મનવાળાને ધર્મ શોભતો નથી.

હે ભદ્રાત્માઓ ! આ જગતમાં કેટલાએક પ્રભુની પૂજા ભક્તિ સારી રીતે કરે છે, અને ભક્ત કહેવાય છે, પરંતુ તેઓ પૈકીમાં વ્યવહારિક વર્તન, સત્યતા, પ્રમાણિકપણું વિગેરે કોઈકિનુંજ સારૂં હશે જેથી આત્મહિતની ઈચ્છા રાખનારે પ્રથમ શુદ્ધ વ્યવહાર રાખવો એટલે ઉપર બતાવ્યા મુજબ વ્યવહારમાં નિષ્કલંક આચરણ રાખવું અને પછી ધર્મ કૃત્યો કરવાં.

ભદ્ર! બીજો જે આત્મિક ધર્મ, તેની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે. જે આત્માનો સ્વભાવ એટલે આ મૃત્તિકા રૂપ દેખાતા શરીરમાં શુદ્ધ સુવર્ણના જેવું આત્મતત્ત્વ રહેલ છે તે. એ શુદ્ધ આત્મતત્ત્વ શાસ્ત્રમાં જે રીતે આપ્ત પુરૂષોએ બતાવેલ છે તે પ્રમાણે જ્ઞાન સહિત શુદ્ધ ક્રિયા કરવાથી શુદ્ધ આત્મતત્ત્વ સાથે લાગેલી મૃત્તિકા રૂપ કર્મ પુદ્ગલો ભિન્ન ભિન્ન થઈ આત્મા શુદ્ધ કાંચનની માફક થાય છે. જન્મ મરણથી રહિત થઈ પરમાત્મા રૂપ બને છે તે આત્મિક ધર્મ કહેવાય છે. આજ પરમાત્માની ઓળખ કહેવાય છે. આ પ્રમાણે

પ્રથમ મનુષ્ય જન્મ રૂપી ક્ષેત્ર શુદ્ધ કરવું એટલે વ્યવહારમાં, વ્યાપાર વિગેરેમાં અંતઃકરણની શુદ્ધતા અને પ્રમાણિકપણે વર્તવું, પછી જો આત્મધર્મ, આત્મસાધન, પ્રભુપૂજા, પ્રભુભક્તિ, તપશ્ચર્યા બને તેટલી ત્યાગવૃત્તિ, ઇંદ્રિય દમન કરે તો તે આત્મધર્મ કહેવાય છે.

ભદ્રો ! જૈનશાસ્ત્રમાં ધર્મના બે ભેદ આ પ્રમાણે કહ્યા છે. એક સામાન્ય ધર્મ અને બીજો વિશેષ એ બે પ્રકારે છે. જેમાં આ બન્નેનો સમાવેશ થઇ જાય છે.

હવે ધર્મ કેવો છે ? તેને માટે જૈનશાસ્ત્રોમાં ઘણુંજ કહેવામાં આવ્યું છે. આ સંસારમાં પડતા જીવને ઉઠાવીને જે ધરણેંદ્ર, ચક્રવર્ત્તી, આદિ ઉચ્ચ પદમાં અથવા અબાધિત અનંત સુખ આદિ અનંત ગુણ રૂપ લક્ષણના ધારક એવા પૂજ્ય મોક્ષપદમાં ધરે છે, તે ધર્મ કહેવાય છે. જૈનદર્શન વળી બીજી રીતે પણ તે ધર્મના બે પ્રકાર જણાવે છે. ૧ **સાધુ ધર્મ-શ્રમણ ધર્મ** અને ૨ **ગૃહસ્થ-શ્રમણોપાસક ધર્મ.** તે ઉભય ધર્મનું સ્વરૂપ આગળ કહેવામાં આવશે; તેમજ વ્યવહાર અને નિશ્ચયરૂપ પણ બે પ્રકારે ધર્મ કહેવાય છે, તેમજ બીજી રીતે ધર્મના ત્રણ ભેદો પણ છે. જેને ત્રણ રત્નો ( સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યગ્ ચારિત્ર ) એ રૂપ પણ ત્રિરત્ન રૂપ ધર્મ પણ કહેવાય છે.

પૂર્વ કથિત કર્મજનિત પર્યાયોને આત્મા માની લેવો તેનું નામ વિપરીત શ્રદ્ધાન છે, તે વિપરીત શ્રદ્ધાન સમૂલ નષ્ટ જેનાથી થાય તે **સમ્યગ્દર્શન;** તેમજ તે કર્મજનિત પર્યાયથી ભિન્ન એવા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને યથાવત્ જેનાથી જણાય-જાણવામાં આવે તે **સમ્યગ્-જ્ઞાન,** અને તેજ કર્મજનિત પર્યાયથી ઉદાસીનપણું થતાં નિજ સ્વરૂપ આત્મસ્વરૂપમાં સ્થિરીભૂત જેનાથી થવાય તે **સમ્યગ્ચારિત્ર** કહેવાય છે. શુદ્ધજ્ઞાન સ્વરૂપ,-જે મોહ અથવા ક્ષોભરહિત આત્માના પરિણામ તે રૂપ પણ ધર્મ કહેવાય છે.

આવા પ્રકારના ધર્મની પ્રાપ્તિ ન થવાથી ગયેલા અનંત કાળમાં, નિગોદમાં અને વધારામાં સાત લાખ પૃથ્વીકાયમાં, સાત લાખ અપ્-જલ કાયમાં, સાત લાખ તેજસ્-અગ્નિ કાયમાં, સાતલાખ વાયુકાયમાં, પ્રત્યેક વનસ્પતિમાં દશ લાખ, ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાયમાં, બે ઇંદ્રિ,

તેઇંદ્રિ તથા ચોરિંદ્રિઓમાં બે બે લાખ, દેવ, નારકી અને તિર્યંચ, એ ત્રણેમાં ચાર ચાર લાખ તથા મનુષ્યોમાં ચૌદ લાખ—એમ કુલ મળીને ચોરાશી લાખ જાતિની યોનિઓમાં અનેક જાતિનાં દુઃખો ભોગવતાં આત્માને પરિભ્રમણ કરવું પડયું છે પણ જ્યારે પૂર્વોક્ત પ્રકારના ધર્મની પ્રાપ્તિ થાય છે, ત્યારે રાજાધિરાજ, મહારાજ, અર્ધમંડળેશ્વર, મહામંડળેશ્વર, બળદેવ, નારાયણ, કામદેવ, ચક્રવર્ત્તી દેવ, ઇંદ્ર, ગણધર, દેવ અને પરિપૂર્ણ પ્રાપ્તિએ તીર્થંકરના પદો તથા તીર્થંકરોના ગર્ભ, જન્મ તથા તપ, કલ્યાણક જે અનંત પ્રકારના અભ્યુદય સુખ છે, તે સુખને પ્રાપ્ત કરી તે પછી અભેદ રત્નત્રયની ભાવનાના બળથી અક્ષય અને અનંત ગુણોનું સ્થાન જે બ્રહ્મપદ—પરમાત્માપદ છે, તેને પ્રાપ્ત થાય છે. તે કારણથી ધર્મ પરમ રસનું રસાયણ છે. ધર્મ એ અક્ષયનિધાન છે. ધર્મ એ કલ્પવૃક્ષ છે, ધર્મ કામધેનુ છે અથવા ધર્મ એ ચિંતામણિ રત્ન છે; એથી ધર્મ મનોવાંછિત ફળ આપનારો છે. જેમણે પ્રથમ કહેલા શુદ્ધ દેવ શ્રી પરમાત્માનો ઉપદેશેલો ધર્મ જાણ્યો છે—આત્મજ્ઞાનમાં તત્પર એવી બુદ્ધિનો ધારક ધર્મ જેમણે ગ્રહણ કર્યો છે, તેઓ સર્વને ધન્ય છે. ભદ્ર, હવે આત્મિક ધર્મનું રહસ્ય સાવધાન થઇને સાંભળો! આત્મિક ધર્મ એટલે આત્માનો ધર્મ--અર્થાત્ આત્માનો સ્વભાવ જે અનંતજ્ઞાન, અનંતદર્શન અને અનંત ચારિત્ર આત્મ ધર્મ છે; આખા જગત્ના અને જગત્ની બાહેર ચૌદ રજ્જુ પ્રમાણ એટલે નીચે સાત નારકી અહીં મનુષ્યલોક ઉપર દેવલોકને અંતે સિદ્ધ શિલા ઉપર બિરાજમાન સિદ્ધના જીવો જે ચતુર્દશ રાજલોક ઉપર છે. જેને માટે કહેવાય છે કે, લોખંડનો ગોળો ઉપર આકાશમાંથી પડતો મૂકીએ તેને નીચે આવતાં છ માસ થાય, તે એક રજ્જુ કહેવાય છે—એવા ચૌદ રજ્જુ પ્રમાણ આ લોકમાં જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ—એ છ દ્રવ્ય રહેલ છે, તે લોકાકાશ કહેવાય છે અને તેની બાહેર તે દ્રવ્ય પૈકી એકજ અલોકાલાશ દ્રવ્ય છે બીજાં દ્રવ્ય નથી; તેને અલોકાકાશ કહે છે—આ બધાનું પરિપૂર્ણ જ્ઞાન દરેક આત્મામાં રહેલું છે. અને તે ભવસ્થ કેવલી તથા સિદ્ધના જીવોમાં પૂર્ણ પ્રગટપણે છે. તેમણે એ જ્ઞાન પ્રગટ કરેલું છે. તેવું જ્ઞાન આપણામાં—પ્રાણીમાત્રમાં છે, પણ

તે સત્તામાત્ર છે-કર્મોથી ઢંકાઇ ગયેલું છે. તેવા જ્ઞાનને પ્રગટ કરવાનો ઉદ્યમ કરવો તેનું નામ આત્મિક ધર્મ કહેવાય છે. તે આ ત્રણ પ્રકારના ધર્મારાધનથી પ્રગટ થાય છે.

બીજું આત્મામાં અનંત દર્શન છે. દર્શનનો અર્થ દેખવું થાય છે. ચૌદ રજ્જુ પ્રમાણ લોકમાં રહેલા પદાર્થો હથેળીમાં રહેલા આંબળાની માફક દેખવાની શક્તિને સામાન્ય ઉપયોગ કહે છે તે પણ આત્મામાં રહેલી છે. તે આત્માનું અનંત દર્શન કહેવાય છે. તે અનંત દર્શન ભવસ્થ કેવલી તથા સિદ્ધના જીવોને પૂર્ણપણે પ્રગટ થયેલ છે. આપણામાં એ અપ્રગટપણે સત્તામાં છે, તેને પ્રગટ કરવું, એ અનંત દર્શનવાળો આત્મિક ધર્મ છે.

અનંત ચારિત્ર એટલે અનંતપણે આત્માના નિજસ્વરૂપમાં સંપૂર્ણપણે સ્થિર થવું-ગુણોમાં વર્ત્તવું. તેને અનંત ચારિત્ર કહે છે. જે સંપૂર્ણપણે ભવસ્થ કેવલી અને સિદ્ધ ભગવાનમાં પ્રગટેલું છે. આ પ્રમાણે જ્ઞાન, દર્શન, અને ચારિત્ર રૂપ ધર્મનું જ્ઞાન ગુરૂ મુખે સમજવાનું છે.

ધર્મના આ સ્વરૂપને સાંભળી શોધકચંદ્ર અને સત્યચંદ્ર હ્રદયમાં અત્યંત આનંદિત થઇ ગયા. તેમના અંગેઅંગ અને નશેનશમાં ધર્મની શ્રદ્ધા ઉત્પન્ન થવા લાગી. તરતજ બંને યુવકો બોલ્યા, હે સ્વામિન્! અમારા સમજવામાં આવ્યું છે. હવે તે ત્રિરત્ન રૂપ ધર્મનું વિશેષ સ્વરૂપ જાણવાની અમારી ઇચ્છા છે, તો કૃપા કરી સમજાવો અને આ સનાતન ધર્મ જે દેવ ભગવાન્ વીતરાગ પ્રભુનો પ્રરૂપેલો છે, તે કેટલા પ્રકારનો છે ? તે વિષે અમોને સંપૂર્ણ માહીતી આપો."

બંને યુવકોના મુખથી આ પ્રશ્ન સાંભળી મહાત્મા પ્રસન્નવદને બોલ્યા-" ભદ્ર ! એ સનાતન-અનાદિ ધર્મના સ્વરૂપને માટે આગમમાં ઘણા વિસ્તારથી કહેવામાં આવેલું છે. આ વખતે તમને તેનું સંક્ષિપ્ત સ્વરૂપ કહું, તે તમે સાવધાન થઈને સાંભળો. હે ભદ્રાત્મા ! જૈન ધર્મ સ્યાદ્વાદમત એ નામથી પ્રખ્યાત છે. અને ઇતર દર્શનોમાં પણ તેનું તે નામ પ્રસિદ્ધ છે.

ભદ્ર! જૈન ધર્મમાં ઈશ્વર પરમાત્માને તીર્થંકર ભગવાન્ કહે છે. તીર્થ-ધર્મના સ્થાપન કરનાર તે તીર્થંકર કહેવાય છે. આ ભરતક્ષેત્રમાં હમેશાં તેમની સંખ્યા ચોવીશની બને છે. તે ઉપરથી તે ચો-

**વીશી** કહેવાય છે. તે બધા તીર્થંકર સ્યાદ્વાદમત પ્રમાણે પ્રતિપાદિત સ્વરૂપવાળા એકજ ધર્મને પ્રરૂપે છે. તેમના પ્રરૂપણમાં કોઇ જાતનો ભેદ નથી. દરેક લૌકિક અને લોકોત્તર એવા શબ્દોથી સંબોધ્ય ( શબ્દદ્વારા જાણવા લાયક ) એવી વસ્તુઓની પ્રમાણતાનો મૂળ આધાર તેમના પ્રરૂપક ઉપર રહેલો છે. જો પ્રરૂપક આપ્ત પુરૂષ તત્ત્વાદિ ગુણોએ કરીને સહિત હોય તો તેના ગુણથી હણાએલા દોષોનું તેણે જણાવેલા તત્ત્વ માર્ગમાં સંક્રમણ થતું નથી અને તેથી કરીને સ્વયં પ્રમાણનો અંગીકાર કરે છે, માટે આ સ્થળે પ્રથમ જૈનધર્મના મુખ્ય પ્રરૂપક તીર્થંકર દેવોના લોકોત્તર ગુણવાળા અદ્ભુત ચરિત્રનું સંક્ષિપ્ત દિગ્દર્શન કરાવવું ઉચિત છે. ભદ્ર ! તે તમે સાવધાન થઇને સાંભળજો. જે જીવો તીર્થંકર થવાની યોગ્યતાવાળા છે, તેઓ પ્રથમ આપણા જેવા મનુષ્યોજ હોય છે. તેમને પ્રથમ સમકિત ( સત્યજ્ઞાન ) ગુરૂ ઉપદેશ પ્રાપ્ત થવાથી થાય છે. તેથી તેઓ ધર્મના ઉત્કૃષ્ટ કૃત્યો કરી વીશસ્થાનક તપનું આરાધન કરી ત્રીજે આગલે ભવે તીર્થંકર ગોત્ર બાંધે છે. તે પછી શુભ પ્રકૃતિના ઉદયે કરી દેવગતિ અથવા અશુભ કર્મ ભોગવવું બાકી રહ્યું હોય તો તે ભોગવવા નરકગતિમાં જઈ તે શુભાશુભ જે કમ ભોગવવું રહ્યું હોય તે કર્મ ભોગવી ત્યાંથી ચવીને કરેલા સુકૃતને પ્રભાવે શૂરવીર ક્ષાત્રય જાતિમાં જન્મ લે છે. ત્યાં ગર્ભમાંથીજ ત્રણ જ્ઞાનવાળા મતિ–શ્રુત તેમજ અવધિ–કે જે અવધિજ્ઞાન પરોક્ષ રહેલા પણ પદાર્થોને દેશ પ્રત્યક્ષ કરનારૂં પુદ્ગલિક–રૂપી પદાર્થ વિષયિક ( દિવ્ય જ્ઞાન ) હોય છે. જ્યાં માતાના ઉદરમાંથી જન્મ થતાંજ તરત ઇંદ્રો, દેવતાઓ, દિક્કુમારિકાઓ વિગેરે તે પરમાત્માનો જન્માભિષેક મેરૂ પર્વત ઉપર પ્રભુને લઇ જઈ કરે છે. તે પરમાત્માનું શરીર અદ્ભુત, સુગંધવાળું, વિસ્મયકારક–સર્વથી ઉત્કૃષ્ટ તેમજ રોગથી વિમુક્ત અને સ્વેદ, મલરહિત હોય છે. તેમના શ્વાસ પદ્મકમળના જેવા સુગંધી અને રૂધિર તથા માંસ ગાયના દૂધની જેવું સફેદ, હોય છે. તેમના આહાર અને નિહાર ચર્મ ચક્ષુથી દેખી શકાતા નથી. પ્રભુના આ ચાર શારીરિક અતિશયો જન્મથીજ હોય છે તેથી જૈનશાસ્ત્રમાં સહજ અતિશયો કહેવામાં આવે છે; કારણ કે તે શરીરની સાથેજ ઉત્પન્ન થયેલા હોય છે.

યોગ્ય વય થતાં, લોકાંતિક દેવની વિનંતિ–સુચના નિમિત્ત થતાં તેઓ એક વર્ષ સુધી મહા દાન કરી વિશ્વના દારિદ્રને દૂર કરે છે. પછી તેઓ પોતાની રાજ્યલક્ષ્મીને આ સંસારની કારણભૂત જાણી તેનો એકદમ ત્યાગ કરી વૈરાગ્યાન્વિત ચિત્તવાળા બની જાય છે. અને સ્વયં પ્રવ્રજિત થઈ જાય છે. પ્રવ્રજ્યાને સમયે તેઓને દરેક પ્રાણીના મનોભાવને સાક્ષાત્ કરનારૂં, મનઃપર્યવ જ્ઞાન ઉદ્ભવે છે. તે પછી કર્મ ક્ષય કરવાનું લક્ષ રાખી અતિ દુષ્કર તપશ્ચર્યા કરે છે. તે સાથે નગર, ગ્રામ અને દ્રોણાદિમાં નિઃસંગપણે વિહરે છે, અને દુર્ધ્યાન રહિત હોવા છતાં પોતાના સમયને ધર્મ, શુકલરૂપી સ્વચ્છ ધ્યાનમાં વીતાવે છે. એવી રીતે કરતાં દુર્ભાવના હેતુભૂત, અને સકળ જગતને દુર્જય એવા રાગ, દ્વેષ અને મોહ વગેરેનો આત્યંતિક અને ઐકાંતિક સમૂળનો નાશ કરે છે અને તેથી ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન રૂપ ત્રણે કાળમાં વર્ત્તતા સકળ વિશ્વના આંતર અને બાહ્ય ભાવોને હાથમાં રહેલા આમલાના ફળની માફક અવલોકન કરવાવાળું, કેવળજ્ઞાન, કેવળદર્શન નામનું સર્વોત્કૃષ્ટ ઊત્તમ જ્ઞાન દર્શન ઉત્પન્ન થાય છે, તે વખતે સંખ્યાબંધ દેવતાઓ, ઇંદ્રો, અસુરો, નાગકુમારો, કિન્નરો અને નરેંદ્રાદિકો આવી ભક્તિથી તેઓના કેવળજ્ઞાનનો મહોત્સવ કરે છે. તે કેવળજ્ઞાન ઉત્પન્ન થયા બાદ કરૂણાનિધાન અને કેવળ પરોપકારી તે તીર્થંકર ભગવાન્ આ સંસાર અટવીમાં ભ્રમણ કરતા જીવોને મુક્તિનો સત્ય માર્ગ દર્શાવવા માટે ગામેગામ વિહાર કરી પોતાના વિશુદ્ધ જ્ઞાનાલોકમાં પ્રતિબિંબિત થયેલા તત્ત્વોનો ઉપદેશ આપે છે. તે સમયે તેઓને અગીયાર અતિશયો પ્રગટે છે. તે અતિશયો કર્મ ખપ્યાથી થનારા હોવાથી કર્મના ઘાતક હોઈને જૈનશાસ્ત્રમાં **કર્મઘાતક** એવા નામથી ઓળખાય છે.

## અતિશયો.

૧. એક યોજન માત્ર સમવસરણના ક્ષેત્રમાં તેઓના ઉપદેશને ભક્તિભાવથી શ્રવણ કરવા આવેલા કરોડો ગમે દેવતાઓ, મનુષ્યો અને તિર્યંચનો સમાવેશ થઈ જાય છે.

૨. દરેક દેવ, મનુષ્યો અને તિર્યંચોની ભાષામાં તેઓની વાણી ભાષા અર્ધ માગધી પ્રણીત થાય છે. એટલે કે દરેક જીવો પોતપો-

તાની ભાષાની માફક તે ભગવાન્‌ની દેશનાને સંપૂર્ણ રીતે સમજી શકે છે. તેમના શબ્દોનો ધ્વનિ એક યોજન સુધી સાંભળી શકાય છે.

૩. પ્રભુના મસ્તકની પાછળના ભાગમાં, સૂર્યમંડળ જેવું તેજસ્વી ભામંડલ રહે છે.

૪. તેઓના દેશના સ્થળથી ચારસો ગાઉ–એકસો યોજન સુધીમાં કોઇ પણ જાતના રોગનો ફેલાવો થતો નથી. ૫.કોઇને પરસ્પર વૈર, ૬. ઇતિ, ધાન્યને ઉપદ્રવકારી ઉંદરાદિ. ૭ મારી ૮ અતિવૃષ્ટિ, ૯ અનાવૃષ્ટિ. ૧૦ દુર્ભિક્ષ અને ૧૧ સ્વચક્ર પરચક્રનો ભય–આ સઘળા દુઃખોત્પાદક બનાવોનો અભાવ થાય છે.

તે સાથે ભક્તિવાળા દેવતાઓએ કરેલા બીજા ઓગણીશ અતિશયો થાય છે. તે આ પ્રમાણે છે.

## દિવ્ય અતિશયો.

૧ આકાશમાં ધર્મ પ્રકાશક ચક્ર, ૨ ચામરો, ૩ પાદપીઠ સહિત સ્ફટિકમય સિંહાસન, ૪ ત્રણ છત્રો, ૫ રત્નમય ધ્વજ, ૬ ભગવાન્ ચાલે છે ત્યારે પગ નીચે સોનાના નવ કમળો, ૭ દેશનાવાલી ભૂમિમાં રૂપા, સોના અને રત્નોના ત્રણ ગઢ, ૮ ત્રણ દિશાઓમાં ભગવાનના પ્રતિબિંબો, ૯ ચૈત્ય વૃક્ષ–અશોકનું ઝાડ, ૧૦ અધોમુખ કાંટાઓ થાય છે, ૧૧ વૃક્ષોનું નમન, ૧૨ દુંદુભિનો ઉંચે સ્વરે નાદ, ૧૩ અનુકૂલ સુખદાયક પવન, ૧૪ પક્ષી પ્રદક્ષિણા દે છે. ૧૫ ઉપદેશની ભૂમિપર સુગંધી જળનું સિંચન, ૧૬ નાના પ્રકારના સુગંધી પુષ્પોની ઢીંચણ પ્રમાણ વૃષ્ટિ, ૧૭ ભગવાન્‌ના નખ, કેશ અને શ્મશ્રુની અવૃદ્ધિ, ૧૮ છએ ઋતુઓની અનૂકુલતા, અને ૧૯ ચારે પ્રકારના ઓછામાં ઓછા કરોડ દેવતાઓનું ભગવાનની પાસે રહેવું. આ અતિશયો દેવતાઓના કરેલા હોવાથી તે દિવ્ય અતિશય કહેવાય છે.

તે ભગવાન્ તીર્થંકરોની વાણી મેઘના જેવી ગંભીર, પ્રતિધ્વનિ યુક્ત, ઉપચારરહિત, મહાન્ અર્થવાળી, વિવિધ વસ્તુના સ્વરૂપને દર્શાવનારી, સ્વશ્લાઘા અને પરનિંદાથી રહિત, સંશય વર્જિત, આનંદદાયક, અને હૃદયને ગમતા મધુરતા વગેરે અનન્ય ગુણોવાળી હોય છે. તેઓના રાગાદિકનો નાશ થયેલો હોવાથી, એ અવસ્થામાં તેઓ વીતરાગ, જિન, ત્રિકાલિક સકળ પદાર્થોને અભ્રાંતપણે જાણ-

નારા અને દેખનારા હોવાથી તેઓ ત્રિકાલવિદ્, સર્વજ્ઞ, સર્વદર્શી, સુરાસુર પૂજ્ય, દેવાધિદેવ, અર્હન્ અને સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચતુર્વિધ સંઘતીર્થને પ્રવર્ત્તાવનારા તીર્થંકર કહેવાય છે. સ્યાદ્વાદ માર્ગને પ્રવર્ત્તાવનારા તે પ્રભુના તેવાં ભિન્ન ભિન્ન નામો પડેલાં છે. ચાલતા આ અવસર્પિણી કાળમાં આ ભરતક્ષેત્રમાં થયેલા ચોવીશ તીર્થંકરોના અનુક્રમે રૂષભનાથ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદનપ્રભુ, સુમતિનાથ, પદ્મપ્રભુ, સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભુ, સુવિધિનાથ, શીતળનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્યપ્રભુ, વિમળનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રતપ્રભુ, નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ, અને મહાવીર પ્રભુ, એવાં નામો છે. તેઓના વિશિષ્ટ લોકોત્તર ચરિત્રોનો વિસ્તાર ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર વગેરે જૈન સંસ્કૃત અને બીજા માગધી ગ્રંથોમાં અતિ સરસ રીતે વર્ણવેલ છે. ભદ્ર! જો તે સાંભળવાની ઇચ્છા હોય તો તે ગ્રંથ વાંચજો અથવા સાંભળજો. તેઓ કેવળજ્ઞાન પછીનું પોતાનું બધું આયુષ્ય અન્ય જીવોને હિતકારી ઉપદેશામૃતનું પાન કરાવવામાંજ ગાળે છે. તે પછી આયુઃ કર્મ વગેરે અવશિષ્ટ કર્મોને ખપાવી અજરામર અવસ્થારૂપ નિર્વાણ પદને પ્રાપ્ત કરે છે. તેઓના પૂર્વભવથી ચ્યવન થવાને સમયે, મૃત્યુલોકમાં જન્મ થવાને સમયે, અને દીક્ષા, કેવળજ્ઞાન તથા નિર્વાણ પ્રાપ્ત કરવાને સમયે બેઘડીવાર સુધી આ સંસારના સમસ્ત જીવોને ઉચ્ચ સુખ પ્રાપ્ત થાય છે; તેથી તેઓનો એ સમય કલ્યાણકના નામથી પ્રસિદ્ધ થયેલો છે. આ પ્રમાણે તે તીર્થંકર દેવોનું ગુણ પરિપૂર્ણ ચરિત્ર હવે તમારા સમજવામાં આવ્યું હશે. તે ચરિત્રનું વારંવાર મનન કરવાથી જીવની પરિણતિની શુદ્ધિ થાય છે.

ભદ્ર! હવે તે પ્રભુએ જે તત્ત્વોનો ઉપદેશ આપેલો છે, તે તરફ લક્ષ આપશો. તેમના પ્રરૂપેલા જૈનદર્શનમાં ૧ જીવ, ૨ અજીવ, ૩ પુણ્ય, ૪ પાપ, ૫ આશ્રવ, ૬ સંવર, ૭ બંધ, ૮ નિર્જરા અને ૯ મોક્ષ. આ પ્રમાણે નવ તત્ત્વો કહેલા છે. આ નવ તત્ત્વોનું વર્ણન એટલું બધું ગંભીર, સૂક્ષ્મ, યુક્તિથી ભરપૂર અને વિસ્તારયુક્ત છે કે, તે વર્ષોના વર્ષો સુધી પણ સમાપ્ત થઈ શકે તેમ નથી; તેથી

અહીં તેનું સંક્ષેપમાં વર્ણન કરી બતાવવામાં આવે છે, તે તમે ધ્યાનપૂર્વક સાંભળજો.

૧ જીવ—જે શુભાશુભ કર્મોનો કર્ત્તા, હર્તા અને કર્મના ફળનો ભોક્તા, કર્મને અનુસારે નારક, તિર્યંચ, નર અને દેવરૂપ ચારે ગતિમાં પર્યાયોનું અનુસરણ કરનાર અને સાકાર, નિરાકાર ઉપયોગાત્મક ચૈતન્ય લક્ષણ છે જેનું એવો જે હોય તે જીવ કહેવાય છે. આત્મા, ચેતન, પ્રાણી વગેરે નામોથી પણ તેનો વ્યવહાર કરવામાં આવે છે. સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરતાં આત્માની અસ્તિતાનું સ્પષ્ટ રીતે ભાન થાય છે અને તેને નહિ માનવામાં અનુભૂત સત્ય પદાર્થોનો પણ અપલાપ કરવો પડે છે, જેમકે, " હું પૂર્વે અનુભવેલાં ઘટને સંભારૂં છું.' ઈત્યાદિ સ્માર્ય, સ્મારક અને સ્મરણ–એ ત્રણ ભિન્ન ભિન્ન વસ્તુઓને ઉલ્લેખ કરવાવાળી સ્વસંવેદ્ય પ્રતીતિ દરેકને ઉત્પન્ન થાય છે. 'આ પ્રતીતિ ખોટી છે' એમ કોઇ પણ રીતે કહી શકાય નહિ, કેમકે તેને ખોટી પાડવાવાળું કોઈ પણ પ્રમાણ નથી, તેમ આવી સત્ય પ્રતીતિને આલંબન વિનાની માનવી એ પણ થઇ ન શકે. કારણકે, આલંબન વિના આધેય વસ્તુ કદાપિ રહી શકે નહિ.

વળી ઇચ્છા પ્રમાણે થવાવાળી ક્રિયાનો આશ્રય હોવાથી જીવનું શરીર કોઇ પણ પ્રયત્નવાનથી સહિત હોવું જોઇએ કેમકે એવો નિયમ છે કે, રથની માફક જે વસ્તુ ઇચ્છા પ્રમાણે થવાવાળી ક્રિયાની આશ્રયભૂત હોય છે, તે દરેક રથકાર વગેરે કોઇ પણ પ્રયત્નવાન્થી યુક્ત છે; તેનેજ આત્મા કહેવાય છે.

ભદ્ર શોધકચંદ્ર, અને સત્યચંદ્ર ! આત્માનું આ સ્વરૂપ સદા સ્મરણમાં રાખજો. જે મનુષ્ય આત્મા–જીવના સ્વરૂપ ને પ્રથમ યથાર્થ રૂપે સમજે છે, તે મનુષ્યને બીજા તત્ત્વોનું જ્ઞાન સ્હેલાઈથી થઇ જાય છે. નવ તત્ત્વોની અંદર જીવતત્ત્વને તે માટેજ પ્રથમ પદ આપેલું છે. તે જીવતત્ત્વની વિશેષ સમજુતી માટે બીજુ વિશેષ કહું છું, તે તમે ધ્યાન દઇને સાંભળજો. વળી શ્રોત્રાદિઇંદ્રિયો શબ્દાદિકની પ્રાપ્તિમાં કારણો હોવાથી તેનો પ્રયોજક કોઇ પણ કર્ત્તા અવશ્ય હોવોજ જોઇએ. જેમ કાષ્ઠાદિકની છેદન ક્રિયામાં કુઠારાદિ કરણનો પ્રયોજક—કાષ્ટનો છેદક હોય છે. જે ઇંદ્રિયોનો પ્રયોજક

છે, તેજ આત્મા છે. વળી શરીર ઉત્પત્તિવાળું અને નિયત આકાર વાળું હોવાથી તેનો કોઈ પણ વિધાતા અવશ્ય હોવો જોઇએ; કારણકે, જે જે વસ્તુઓ આદિવાળી અને નિયત આકારવાળી હોય છે, તેનો કોઇ પણ કર્ત્તા અવશ્ય હોય છે. જેવી રીતે ઘટાદિકનો કર્ત્તા કુંભારાદિ હોય છે, તે ઉપરથી સિદ્ધ થાય છે કે, શરીરનો જે કર્ત્તા તેજ જીવ બોલાય છે. તેમજ ઘટાદિકનું-તેના રૂપાદિકનું જ્ઞાન એ જ્ઞાનગુણ છે, તે કોઇ પણ ગુણીમાં અવશ્ય રહેવું જોઇએ. જેવી રીતે તે ઘટાદિના વર્ણ, ગંધ વિગેરે તેના આશ્રયભૂત ઘટ વગેરેમાં રહે છે. જેમાં ઘટાદિના રૂપાદિકનું જ્ઞાન આશ્રિત છે, તેનોજ જીવ એ નામથી વ્યવહાર કરવામાં આવે છે. તેમ વળી જ્ઞાન, સુખ, દુઃખ વગેરે હંમેશાં ઉપાદાન કારણપૂર્વકજ હોય છે, કારણકે, જ્ઞાનાદિ ઉત્પત્તિમાન હોય તે કાર્ય રૂપ છે, જેમ માટીનો ઘડો વગેરે. તેવી રીતે જ્ઞાનાદિકનું જે ઉપાદાન કારણ છે, તે જીવ છે. તેમ વળી અનાત્મ અજીવ-( આત્મા નહિ ) એ શબ્દ વ્યુત્પત્તિવાળા શુદ્ધ પદનો પ્રતિષેધક છે તે પ્રતિપક્ષવાળું છે તેનો જે પ્રતિપક્ષી જીવ (આત્મા) તે અવશ્ય વિદ્યમાનતા ભોગવવાવાળો છે એટલે અનાત્મા શબ્દનો પ્રતિષેધક આત્મા છે. દાખલા તરીકે અઘટ ( ઘડો નહિ ) એ વ્યુત્પત્તિ વાલા **ઘટ** શબ્નો પ્રતિષેધક હોવાથી અઘટનો પ્રતિપક્ષ ઘટ વિદ્યમાન છે.

અહિં કોઇ શંકા કરે કે, ત્યારે **ખરવિષાણ** ( ગધેડાનું શીંગડું ) વગેરે શબ્દોમાં એ દોષ આવે કે નહિ? તેના ઉત્તરમાં કહેવાનું કે જેને પ્રતિપક્ષ નથી તે વ્યુત્પત્તિમાન્ શુદ્ધ પદનો પ્રતિષેધ પણ નથી; જેમકે અખરવિષાણ એ શબ્દમાં ખરવિષાણ એવા અશુદ્ધ પદનો નિષેધ છે. ત્યાં વ્યુત્પત્તિમાન તો એ શબ્દ છે પણ શુદ્ધ નથી, માટે અખરવિષાણ એને પ્રતિપક્ષ નથી. જેથી સંયોગભાવે તે નિષેધ ઘટે છે. સર્વથા પ્રકારે તેનો અભાવ કહેવો તે ઘટેજ નહિ. ઈત્યાદિ સેંકડો યુક્તિ યુક્ત પ્રમાણોથી જીવ નિરાબાધપણે સિદ્ધ થાય છે. તેમાં કોઇ પણ દૂષણનો સમાવેશ થતો નથી. એમ અપક્ષપાતપણે વિચાર કરવાથી જણાઇ આવે છે.

આ જીવ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, વનસ્પતિ, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય,

ચતુરિંદ્રિય, અને પંચેંદ્રિય–એમ નવ પ્રકારનો છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચને કેવળ સ્પર્શ ઇંદ્રિય હોવાથી એકેંદ્રિય કહેવામાં આવે છે. જો કે લવણ, માટી વગેરે પૃથ્વી વગેરેમાં મનુષ્યાદિકની માફક જીવના વ્યક્ત ચિન્હો દેખાતા નથી, તોપણ મદિરાપાન વગેરે નીસ્સાથી મૂર્છિત થયેલા મનુષ્યાદિકના ઉચ્છ્વાસ પ્રમુખ અવ્યક્ત ચિન્હો જેમ દેખાય છે, તેમ સમાન જાતિવાળા ઉદ્ભવ થવા વગેરે જીવના અવ્યક્ત ચિન્હો અવશ્ય માલુમ પડે છે. વળી પૃથ્વીકાયમાં આદ્યમાં, સ્વઆકારમાં રહેલા લવણ વિદ્રુમ પાષાણઆદિમાં અર્ષમાંસ અંકુરની જેમ સમાનજાતિય અંકુર ઉત્પત્તિપણું છે. વનસ્પતિ જેમ ચેતનપણાનું ચિન્હ છે. તે કારણથી અવ્યક્ત ઉપયોગાદિ લક્ષણ હોવાથી પૃથ્વી સચેત છે એમ સિદ્ધ થાય છે. તે પૃથિવ્યાદિકના સચેતનપણા માટે '**વિશેષાવશ્યક**' ટીકા વગેરે મહાન્ પ્રમાણિક ગ્રંથોમાં સૂક્ષ્મવિચારથી અનેક પ્રમાણો આપવામાં આવેલા છે.

અહિં સંક્ષેપમાં જણાવવાના હેતુથી વિશેષ કહેવામાં આવતું નથી, તેથી તમારે પણ તે સંક્ષેપમાં સમજી લેવું. કૃમિ વિગેરે જીવો જૈન શાસ્ત્રમાં દ્વિંદ્રિય નામે ઓળખાય છે; કારણ કે, તેને સ્પર્શ અને જિંહ્વા એ બેજ ઇંદ્રિયો છે. કીડી જુ વગેરે જીવોને એક નાસિકા ઇંદ્રિય વિશેષ હોવાથી તે **ત્રીંદ્રિય** કહેવાય છે. ભ્રમર વગેરે ચતુરિંદ્રિય જીવ કહેવાય છે, કારણ કે, તેમને સ્પર્શ, જીંહ્વા, નાસિકા અને આંખ–મળી ચાર ઇંદ્રિયો હોય છે. શ્રોત્ર સહિત પાંચ ઇંદ્રિય વાળાઓને **પંચેંદ્રિય** કહે છે. તે પંચેંદ્રિય જીવોને **નારક, તિર્યંચ, દેવ** અને **મનુષ્ય** એમ ચાર વિભાગમાં વેહેંચવામાં આવેલા છે. જેઓ રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકા પ્રભા, પંકપ્રભા, ધૂમ્રપ્રભા, તમઃપ્રભા અને મહાતમઃપ્રભા. એ નામની સાત નીચે નીચે આવેલી નરકભૂમિમાં વસે છે, તેઓ **નારકી** કહેવાય છે.

બીજા પ્રકારના જીવ તિર્યંચોમાં જળચર, સ્થળચર અને ખેચર. ઉરપરિસર્પ અને ભૂજ પરિસર્પ મળી પાંચ પ્રકાર અન્વર્થપણે કરવામાં આવેલા છે.

ત્રીજા મનુષ્યો કે જેઓ પીસ્તાલીશ લાખ યોજન પ્રમાણવાળા ક્ષેત્રમાં ઉત્પન્ન થાય છે. જેને જૈનશાસ્ત્રમાં અઢીદ્વીપ કહેવામાં આવે છે.

ચોથા દેવતાઓ કે જેઓના ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક–એવા ચાર ભેદ છે તે દરેકની સ્થિતિ, આયુષ્ય, શરીર, તથા ક્ષેત્ર પ્રમાણુ વગેરેનું વર્ણન લોક પ્રકાશ, ત્રૈલોક્ય દીપિકા અને ક્ષેત્ર સમાસ વગેરે ગણિતાનુયોગના જૈન ગ્રંથોમાં ઘણાં વિસ્તારથી આપવામાં આવ્યું છે.

આ વખતે શોધકચંદ્ર અંતરમાં પ્રસન્ન થઈને બોલ્યો–" ભગવન્! આપે જે જીવનું સ્વરૂપ સંક્ષેપમા સંભળાવ્યું, તેથી અમોને ઘણો આનંદ થયો છે. હવે કૃપા કરી જીવના સ્વભાવ વિષે કાંઇ સમજુતી આપશો. જેથી અમોને આત્મતત્ત્વનું સારૂં જ્ઞાન પ્રાપ્ત થાય."

શોધકચંદ્રનાં આ વચન સાંભળી મહાત્મા પ્રસન્ન વદને બોલ્યા. ભદ્ર! જીવનો મૂલ સ્વભાવ સ્વચ્છ અને સચ્ચિદાનંદમય છે; પરંતુ કર્મરૂપ પડદાથી તેનું મૂળ સ્વરૂપ ઢંકાઈ જાય છે. જ્યારે પૌદ્ગલિક કર્મરૂપ પડદો શુભધ્યાન વગેરેના બળથી દૂર થાય છે, ત્યારે આત્મા–જીવ મુક્તાવસ્થા પ્રાપ્ત કરી સ્વસંવેદ્ય, અનુપમ એવા ઉત્તમોત્તમ સુખનો અનુભવ કરે છે. જીવનો કર્મની સાથે સુવર્ણ અને માટીની જેમ અનાદિ સંબંધ છે અને તેને તે અનાદિ કર્મ હમેશાં જીવની સાથે શુભાશુભ કારણોને લઈને તેમાં ફેરફાર થયા કરે છે. તે કર્મો જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય–એમ આઠ પ્રકારના શ્રીજિનેશ્વર ભગવાને કહેલા છે. તે કર્મો સંબંધી વિસ્તારયુક્ત વર્ણન જૈનોના કર્મગ્રંથોમાં એવી સૂક્ષ્મ રીતે આપવામાં આવેલ છે, કે જૈન શાસ્ત્રકારો આવાગહન વિષયોના યથાસ્થિત વિવેચનમાં બીજા સર્વ દર્શનથી આગળ વધ્યા છે; એમ કહ્યા વિના ચાલી શકાય તેમ નથી. તેનું સંક્ષિપ્ત વર્ણન આગળ ઉપર પ્રસંગે કહેવામાં આવશે. આ ઉપરથી જીવતત્ત્વ શું કહેવાય? એ તમારા સમજવામાં આવ્યું હશે.

ભદ્ર! હવે બીજા અજીવ તત્ત્વને માટે જે હું કહું, તે તમે સાવધાન થઈને સાંભળજો:–જે આજે હમણાં જીવતત્ત્વ કહેવામાં આવ્યું, તે જીવના સ્વરૂપથી વિપરીત લક્ષણવાળું જડ તે અજીવતત્ત્વ કહેવાય છે. તેનાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ–એવા પાંચ પ્રકાર છે. ધર્માસ્તિકાય વગેરે

ચારે, પ્રદેશના સમુદાયરૂપ હોવાથી તે અસ્તિકાય એવા નામથી ઓળખાય છે, કારણ કે **અસ્તિકાય** એ શબ્દનો અર્થ પ્રદેશ સમુદાય થાય છે, અને કાળ એ સમયરૂપ હોઇ તેવા પ્રદેશોનો તેમાં અભાવ હોવાથી અસ્તિકાય કહેવાતો નથી.

ધર્માસ્તિકાય એ લોકવ્યાપી, નિત્ય, અવસ્થિત, અસંખ્યાત પ્રદેશી અને અરૂપી દ્રવ્ય છે. તે જીવ અને પુદ્ગલ બંનેને ગતિમાં સહાયતા અર્પે છે. જેમ માછલીમાં ચાલવાની શક્તિ છતાં પણ તે પાણી વિના ચાલી શકતી નથી, તેમ જીવ અને પુદ્ગલોમાં ગમન કરવાનું સામર્થ્ય હોવા છતાં પણ તેની સહાય વિના ગમન કરવામાં સફળ થઈ શકતા નથી. અધર્માસ્તિકાય સ્થિરતા ધર્મવાળો છે. તેનામાં ધર્માસ્તિકાયના સ્વરૂપ સાથે એટલોજ તફાવત છે કે, તે જીવ પુદ્ગલ બંનેની સ્થિતિની બાબતમાં અપેક્ષા કારણ કહેવાય છે. **આકાશ** નિત્ય એ લોકાલોક વ્યાપી, અવસ્થિત અને અરૂપી દ્રવ્ય છે. તે જીવ વગેરેને અવકાશ દેવામાં સમર્થ થઈ શકે છે. તે **સ્કંધ, દેશ અને પ્રદેશ** એમ ત્રણ ભેદવાળા છે. સમૂહાત્મક એક પદાર્થને **સ્કંધ**, તેના નાના ભાગોને **દેશ**, અને જેનો ફરીને વિભાગ ન હોઈ શકે અને સ્કંધ સાથે જેનો સંબંધ હોય તેને **પ્રદેશ** જૈનશાસ્ત્રકારો કહે છે. સ્પર્શ, રસ, ગંધ, અને વર્ણવાળી દરેક વસ્તુઓને પુદ્ગલ કહેવામાં આવે છે. તે પુદ્ગલોમાં પરસ્પર આશ્લેષ, સૂક્ષ્મતા, સ્થૂલતા, આકાર, ભેદન, છેદન, શબ્દ, આતપ, અંધકાર, છાયા, અને ઉદ્યોત, વગેરે પુદ્ગલના પર્યાય છે. તે પુદ્ગલોના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એવા ચાર પ્રકાર છે. જે અત્યંત સૂક્ષ્મ, નિત્ય, એકેક રસ, વર્ણ, તથા ગંધવાળો, અને બે સ્પર્શવાળો અવયવરહિત અને પરસ્પર અસંયુક્ત પદાર્થ તે **પરમાણુ** કહેવાય છે. જે અવયવ સહિત એવો પરમાણુઓનો સંઘાત તે સ્કંધ કહેવાય છે. પુરૂષાદિ પદાર્થોના બાલ્ય, યૌવનાદિ અવસ્થાના પરિણામનું કારણ, વર્તમાનાદિ ક્રિયાનો અનુગ્રાહી, વર્તન પરિણામાદિ લક્ષણ જેનું છે તે, અઢીદ્વીપમાં વર્તનારા પરમ સૂક્ષ્મ, નિર્વિભાગ સમયને **કાળ** કહેવામાં આવે છે. જૈનશાસ્ત્રમાં તે કાળના બે વિભાગ પાડેલા છે. તે **ઉત્સર્પિણી** અને **અવસર્પિણી**, એવા નામથી ઓળખાય છે; જેમાં રૂપ, રસ, ગંધ તથા

સ્પર્શ–આ ચારે પદાર્થોની ક્રમે ક્રમે વૃદ્ધિ થાય છે, તે **ઉત્સર્પિણી** કહેવાય છે. અને જેમાં તેથી વિપરીત એટલે ઉપર કહેલા ચારે પદાર્થોમાં ક્રમે ક્રમે હાનિ થતી જાય છે, તે **અવસર્પિણી** કહેવાય છે. આવી અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી વ્યતીત થઈ છે, અને થશે. આવા કાલ જે સર્વદા જે ક્ષેત્રમાં વર્તે છે તે ક્ષેત્રમાં ભિન્ન ભિન્ન વખતે દરેક અવસર્પિણી, ઉત્સર્પિણી વખતે ચોવીશ ચોવીશ જુદા જુદા જીવો પોતે કરેલા અતિ પ્રબળ શુભ કર્મને પ્રતાપે તીર્થંકરો થાય છે.

૩. **પુણ્યતત્ત્વ**—જે શુભ પ્રકૃતિથી પોતે કરેલા કર્મ ભોગવતા જીવોને સુખ આપે છે તે પુણ્યતત્ત્વ કહેવાય છે. જૈન દર્શનમાં સુપાત્રને સુપાત્ર દાનની બુદ્ધિએ અને અનુકંપા બુદ્ધિએ તમામ પ્રાણીને દાન આપવું, તેઓના દુઃખો નિવારણ કરવા ફરમાવેલ હોવાથી જૈનશાસ્ત્ર પુણ્ય કરવાનું નિષેધ કરતું નથી.

૪. **પાપતત્ત્વ**—જે અશુભ પ્રકૃતિથી પોતે કરેલાં કર્મો ભોગવતા જીવોને દુઃખ આપે, આત્માનંદને ભસ્મ કરે અને પુણ્યથી વિપરિત, તે પાપ તત્ત્વ કહેવાય છે.

૫. **આશ્રવતત્ત્વ**—જીવ રૂપ તળાવમાં પાંચ ઇંદ્રિયો રૂપી ગરનાળાએ કરી કર્મરૂપ પાણીનો પ્રવાહ જેથી આવે તે એટલે–જેનાથી જીવોને કર્મની પ્રાપ્તિ થાય તે આશ્રવતત્ત્વ કહેવાય છે. તે ૧ મિથ્યાત્વ, ૨ અવિરતિ, ૩ પ્રમાદ, ૪ કષાય, અને ૫ યોગ. એમ પાંચ પ્રકાર પુનર્બંધક જીવના જ્ઞાનાવરણીય આદિ કર્મના બંધના હેતુ છે, તે મિથ્યાત્વાદિ શુભાશુભ કર્મ બંધના હેતુ હોવાથી તેજ આશ્રવ છે. તે પાંચ પ્રકારના આશ્રવનાં લક્ષણો આ પ્રમાણે છે. સત્યને અસત્ય અને અસત્યને સત્ય કરી માનવું, તે **મિથ્યાત્ત્વ**, હિંસાદિથી નિવૃત્ત ન થવું, તે **અવિરતિ**, વિષયાદિકનું સેવન વગેરે તે **પ્રમાદ**, ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય, અને મન, વચન અને કાયાના શુભાશુભ વ્યાપાર તે યોગ–એમ પાંચ પ્રકારના **આશ્રવ** કહેવાય છે.

૬. **સંવરતત્ત્વ**—ઉપર કહેલા પાંચ પ્રકારના આશ્રવોથી જીવને આવતા કર્મને રોકનાર–આશ્રવનું રૂંધન કરનાર તે **સંવર** કહેવાય

છે; અર્થાત્—કર્મબંધનમાં હેતુભૂત એવા પરિણામને રોકવા તેને સંવર કહે છે. એટલે આશ્રવને પ્રતિજ્ઞા કરી રોકવા તે.

૭. **બંધ તત્ત્વ**—જીવને રાગાદિ રૂપ અશુદ્ધતાના નિમિત્તથી ઉપાર્જન થયેલા પુદ્ગલ પરમાણુઓના જ્ઞાનાવરણાદિ સ્વસ્થિતિ સહિત આત્મા ને કર્મ રસ સંયુક્ત આત્મ પ્રદેશો સાથે સંબંધ રૂપ હોવું—જીવ અને કર્મનો ક્ષીર નીરની જેમ અથવા અગ્નિ અને લોહ પિંડની જેમ જે અન્યોન્ય સંબંધ થવો તેને બંધ કહે છે. તે બંધના પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ, એવા ચાર વિભાગ છે. જેમાં કર્મનો સ્વભાવ તે **પ્રકૃતિ**, તેના પરિણામે કરેલા કાલનો વિભાગ તે **સ્થિતિ**, કર્મનો રસ તે **અનુભાગ**, અને કર્મ પુદ્ગલોનો સંચય-તે **પ્રદેશ**-એમ તેનાં લક્ષણો જૈનશાસ્ત્રમાં કહેલા છે.

૮. **નિર્જરા તત્ત્વ**—જેનાથી જીવની સાથે બંધાયેલા કર્મ દેશથી તેમજ સર્વથી ક્ષય થાય તે **નિર્જરા** કહેવાય છે. તે નિર્જરા જે સાધનથી થાય તે તપ કહેવાય છે. તે તપના બાર પ્રકાર છે.

૯. **મોક્ષતત્ત્વ**—શરીર, ઇંદ્રિયો, આયુષ્ય, પુણ્ય, પાપ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, પુનર્જન્મ, ત્રણવેદ, રાગદ્વેષ, અને મોહ વગેરે (સકલ કર્મ)નો જે સમૂલ ક્ષય, અને નિજ સ્વભાવ પ્રગટ થવાથી તે **મોક્ષ** કહેવાય છે, અજરામર, અમૃત, નિર્વાણ, મુક્તિ, અનુભવ તથા સિદ્ધિપદ-એ મોક્ષનાજ પર્યાયો છે. ઊંચે જવાના મૂલ સ્વભાવવાળા જીવને સર્વ કર્મરૂપ મલનો નાશ થવાથી પાણીમાં તુંબડાની માફક ઉર્ધ્વગતિ પ્રાપ્ત થાય છે. તેથી વિશેષ ઉંચે નહિ જવાનું કારણ એ છે કે, લોકવ્યાપી એવા ધર્માસ્તિકાય કે જેને માટે પ્રથમ કહેવામાં આવ્યું છે, તે ગતિમાં સહાયક હોય છે, તેના અભાવથી ત્યાંથી વિશેષ ઉંચી ગતિ થતી નથી. મુક્તિને પામેલા જીવોને ઇંદ્રિયાદિ બાહ્ય પ્રાણોનો અભાવ હોવા છતાં પણ તેઓને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય અને અનંત સ્વરૂપ એવા ભાવ પ્રાણો હોય છે, તેથી પણ તે જીવ કહેવાય છે. તે મુક્ત જીવોનું સુખ અવિનાશી અને કેવળ પરમાનંદમયજ હોય છે. જેના અનંતમે ભાગે પણ, ઇંદ્ર, નરેંદ્ર આદિ બધાનું સુખ થઈ શકતું નથી. તે મોક્ષને મેળવવા તીર્થંકર દેવોએ સાધુ ધર્મ અને શ્રાવક

ધર્મ—એમ બે પ્રકારના ધર્મો બતાવેલા છે. તે **ઉપાસકદશાંગસૂત્ર, યોગશાસ્ત્ર** અને **શ્રાદ્ધવિધિ** વગેરે ગ્રંથોમાં વિસ્તારથી વર્ણવેલા છે. તે વિષે તમોને સંક્ષેપથી આગળ કહેવામાં આવશે.

મહાત્માનાં આ વચનો સાંભળી બંને તરૂણ યુવકો અતિ આનંદિત થઇ ગયા. અને તેમણે ભક્તિભાવથી વંદના કરી તે મહાત્માને આ પ્રમાણે પ્રશ્ન કર્યો. "ભગવન્! આપે નવ તત્ત્વોનું સ્વરૂપ સંક્ષેપમાં સમજાવ્યું, તે અમારા સમજવામાં આવી ગયું છે. હવે તે તત્ત્વની સિદ્ધિ માટે પ્રમાણનું જ્ઞાન હોવાની જરૂર છે, તો તે કૃપા કરી સમજાવો." મહાત્મા પ્રસન્ન થઇને બોલ્યા—"ભદ્ર! સાવધાન થઇને સાંભળો."

દરેક જાતની સિદ્ધિને માટે નિર્દોષ પ્રમાણની ખાસ જરૂર છે. પ્રમાણ વિનાના કોઈ કથનને બુદ્ધિમાનો આદરણીય માનતા નથી. જેનાથી વસ્તુનો યથાર્થરીતે નિશ્ચય થાય તેને પ્રમાણ કહેવામાં આવે છે. જૈનશાસ્ત્રમાં પ્રમાણના ૧ **પ્રત્યક્ષ** અને ૨ **પરોક્ષ** એમ મુખ્ય બે ભેદો કહેવામાં આવેલા છે. તેમાં પ્રત્યક્ષપ્રમાણ ૧ **પારમાર્થિક પ્રત્યક્ષ** અને ૨ **સાંવ્યવહારીક પ્રત્યક્ષ** એમ બે પ્રકારે છે.

જે જ્ઞાન કેવલ આત્માને આધિન રહી જેટલો પોતાનો વિષય છે તે તમામ વિશુદ્ધતાથી સ્પષ્ટ જાણે એટલે ઇંદ્રિયોની સહાય વિના કેવળ આત્માદ્વારા ઉત્પન્ન થતા જ્ઞાનને પારમાર્થિક પ્રત્યક્ષ કહેવામાં આવે છે. તેમજ—નેત્રાદિક ઇંદ્રિયોથી વર્ણાદિકને સાક્ષાત્ ગ્રહણકાલમાં જાણે, એટલે જેને નેત્રાદિક ઇંદ્રિય અને અનિંદ્રિય—મન નિમિત્તક જે જ્ઞાન એટલે તેના દ્વારા જે ઉત્પન્ન થાય તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહેવામાં આવે છે અને હવે પારમાર્થિક પ્રત્યક્ષના બે ભેદ છે. ૧ **દેશ પારમાર્થિક પ્રત્યક્ષ ૨ સર્વપારમાર્થિક પ્રત્યક્ષ.**

રૂપી પદાર્થોને સાક્ષાત્કાર કરવાવાળું જે છે તે **અવધિજ્ઞાન** તેમજ મનુષ્ય ક્ષેત્રમાં વસતા સર્વ પ્રાણીઓના મનોભાવને પ્રત્યક્ષ કરનારૂં જે છે તે **મનઃપર્યવજ્ઞાન** તે **દેશપ્રત્યક્ષ** છે. તેમજ **કેવલજ્ઞાન** કે જે અનંત પ્રાણી પદાર્થો—રૂપી અરૂપી સર્વનું ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળનું ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું—સર્વ સાક્ષાત્કાર કરવાવાળું તે સર્વ પ્રત્યક્ષ છે. **સાંવ્યાવહારિક પ્રત્યક્ષ** વ્યવહાર-

દૃષ્ટિએ પ્રત્યક્ષ કહેવામાં આવે છે, પરંતુ પારમાર્થિક દૃષ્ટિએ પરોક્ષ કહેવામાં આવે છે, કારણકે તેનાથી સર્વથા સ્પષ્ટ જાણવામાં આવતું નથી; કેમકે કોઇ વસ્તુ નેત્ર વડે જોવાથી જ્ઞાન થયું કે તે સફેત છે તોપણ હજી તેમાં મલિનતાનો પણ મેલાપ છે, પરંતુ તે તેમાં સ્પષ્ટ દેખાતું નથી કે કેટલા અંશ સફેત અને કેટલા અંશ મલિનતાવાળા છે; તેટલા માટે તે વ્યવહાર માત્ર પ્રત્યક્ષ અને યથાર્થ રીતે પરોક્ષજ્ઞાન છે. મતિજ્ઞાન તેમજ શ્રુતજ્ઞાનથી જે કાંઇ જાણવામાં આવે છે તે તમામ **પરોક્ષ** છે. તેના (મતિજ્ઞાનના) મુખ્ય પાંચ ભેદ છે. **૧ સ્મૃતિ, ૨ પ્રત્યભિજ્ઞાન, ૩ તર્ક, ૪ અનુમાન** અને **૫ આગમ** એવા પાંચ ભેદ તેના છે. પૂર્વ અનુભવેલા–જાણેલા પદાર્થનું સ્મરણ માત્ર તે **સ્મૃતિ** કહેવાય છે.

અનુભવ તથા સ્મરણથી થનારા પ્રત્યક્ષ પદાર્થનો નિશ્ચય કરવા માત્ર વડે **પ્રત્યભિજ્ઞાન** કહેવાય છે. કોઇ પુરૂષે પ્રથમ સાંભળ્યું હતું કે ગવય (રોઝ) પશુ ગાય જેવું હોય છે; ફરી કોઈ વખત કદાચિત જંગલમાં ગવય જોઇને ગાય સરખું ગવય જાનવર સાંભળ્યું હતું તેજ આ ગવય છે; જેમાં 'સાંભળ્યું હતું તેજ'–એટલા જ્ઞાનને સ્મૃતિ અને 'આ' તે અનુભવ, જેથી સ્મૃતિ તથા અનુભવ સંમિશ્રિત 'તેજ આ' એટલા જ્ઞાનને **પ્રત્યભિ** કહે છે. જેમાં ઉપમાન પ્રમાણનો પણ અંતરભાવ થાય છે.

૩. વ્યાપ્તિજ્ઞાનને તર્ક કહેવામાં આવે છે અને એક વિના એક ન હોય તેને વ્યાપ્તિ કહે છે.

જે કોઇ પ્રમાણવડે થતાં અન્વય વ્યતિરેકથી ઉત્પન્ન થનારૂં, ત્રણે કાળમાં સિદ્ધ એવા, સાધ્ય અને સાધનમાં આલંબન રૂપ, "આ વસ્તુ તેજ વસ્તુ હોય તોજ થાય તે ન હોવાથી આની ઉત્પત્તિ કદાપિ થાયજ નહિ" જેમકે "જ્યાં ધૂમ હોય છે, ત્યાં અગ્નિ વિના કદાપિ ધુમાડો હોતોજ નથી." તેમજ આત્મા વિના ચેતન રહેતો નથી એવી વ્યાપ્તિને જે જાણવું તે જ્ઞાનને તર્ક અથવા ઉહ કહેવામાં આવે છે.

અનુમાન પ્રમાણ **સ્વાર્થ** અને **પરાર્થ** એવા બે ભેદવાળું છે. સાધનની ઉપલબ્ધિ અને વ્યાપ્તિના સ્મરણથી પોતાને થવાવાળા સાધ્ય વસ્તુના વિજ્ઞાનને **સ્વાર્થાનુમાન** અને બીજા મંદમતિને તે પ્રમાણે

જણાવવા માટે કરવામાં આવતા પક્ષ અને હેતુ, પ્રયોગ, દૃષ્ટાંત, ઉપનય, નિગમન વિગેરેનો પ્રયોગ કરવો પડે, તેથી તેને **પરાર્થાનુમાન** કહે છે, તેમજ સંકેતો (ચિન્હો) વડે પદાર્થોનો જે નિશ્ચય કરવો તેને **અનુમાન પ્રમાણ** કહે છે. જેમકે કોઇ પર્વતમાં ધુમાડો નીકળતો દેખવાથી નિશ્ચય કરવો કે આમાં અગ્નિ છે તે.

આપ્ત પુરૂષોના વચન નિમિત્તથી પદાર્થનો જે નિશ્ચય-અર્થજ્ઞાન તેને આગમ કહે છે. અભિધેય વસ્તુને યથાવસ્થિત જે જાણે તેવી કહે તે આપ્ત કહેવાય છે. એટલે જેવા કે જનક, તીર્થંકરાદિના વચનથી પ્રાદુર્ભૂત થયેલા અર્થના જ્ઞાનને **આગમ પ્રમાણ** કહે છે.

તેમજ જણાવવામાં આવતા વસ્તુજ્ઞાનનું કારણ હોઇ કારણમાં કાર્યના ઉપચાર વડે આપ્ત વચનને પણ આગમ પ્રમાણ કહેવામાં આવે છે.

નવ તત્ત્વો પ્રમાણે સ્યાદ્વાદ-સ્યાદ્ અસ્તિ, સ્યાદ્ નાસ્તિ વગેરે દરેક પદાર્થોમાં દરેક ધર્મોમાં લાગુ પડતી સપ્તભંગી તથા નૈગમાદિ સાત પ્રકારના નયો વગેરેનું વર્ણન એટલું બધું મહદ્ યુક્તિયુક્ત અને સૂક્ષ્મ દૃષ્ટિથી જાણી શકાય તેવું છે, કે જેને માટે **સ્યાદ્વાદરત્નાકરાવતારિકા, નયચક્રસાર, ન્યાયાવતાર, અને સ્યાદ્વાદ મંજરી** વગેરે સંખ્યાબંધ ગ્રંથો લક્ષાવધિ શ્લોકોમાં લખાએલા છે. જેથી જૈનતત્ત્વોની નિર્દૂષણતા દૃષ્ટિ આગળ તરી આવે છે; તેથી કરીને અસાધારણ બુદ્ધિમાન્ જૈનાચાર્યોએ નિષ્પક્ષપાત રીતે પોતાના તત્ત્વોને નિર્દોષ સુવર્ણની માફક અને તર્ક-વિતર્કરૂપ કસોટીથી બરાબર તપાસેલા છે, તેથી કોઇ પરીક્ષાથી નિર્ભીક બની ઉપદેશે છે કે, દરેક પ્રકારના પોતાના દર્શનના પક્ષપાતને મુકી દઈ, તટસ્થાને આલંબી સેંકડો યુક્તિઓથી દરેક દર્શનો વારંવાર તપાસવા જોઇએ, અને તેમ તપાસ કરતાં જે દર્શન બરાબર યુક્તિયુક્ત માલમ પડે, જેમાં પૂર્વાપર વિરોધનો ગંધ પણ ન હોય, તેનોજ મુમુક્ષુ બુદ્ધિમાનોએ આદર કરવો જોઇએ."

આ પ્રમાણે કહી મહાત્મા વિરામ પામ્યા એટલે શ્રાવક શોધકચંદ્ર અને સત્યચંદ્ર આ પ્રમાણે બોલ્યા-"ભગવન્! આપે આપેલા આજના વ્યાખ્યાનથી અમો નિઃશંક થઇ ગયા છીએ. આપની ઉપ-

દેશ વાણી રૂપ પ્રભાએ અમારા સંદેહરૂપ અંધકારને વીખેરી નાખ્યું છે. તે સાથે અમારા હૃદયને વિશેષ બોધથી પ્રકાશિત કરી દીધું છે. અમારા અંતરના ગુપ્ત અંશોને આપે જ્ઞાનના ઓપથી ઓપી દીધા છે. આ પ્રમાણે કહી તેમણે નીચેના પદ્યથી સ્તુતિ કરી.

## वसंततिलका.

" योऽज्ञानजं तम इहैव सदा धुनोति
सद्बोध दीपजनितैरमल प्रकाशैः
तस्मै स्वधर्म परिपालन तत्पराय
नित्यं नमोऽस्तु गुरवे शिवमार्गदाय " ॥ १ ॥

" જે આ લોકને વિષે સદ્બોધરૂપી દીપકમાંથી ઉત્પન્ન થયેલા નિર્મલ પ્રકાશવડે અજ્ઞાનજનિત અંધકારનો સદા નાશ કરે છે. તેવા સ્વધર્મને પાળવામાં તત્પર અને મોક્ષમાર્ગને આપનારા ગુરૂને હંમેશાં નમસ્કાર છે." ૧.

આ પ્રમાણે સ્તુતિ કર્યા પછી તે મહાત્મા પ્રસન્નતાથી બોલ્યા— " ભદ્ર! આજે સમય થઈ ગયો છે તેથી આ ચર્ચાવાળા વ્યાખ્યાનની સમાપ્તિ કરવામાં આવે છે. હવે આવતી કાલની યાત્રા પ્રસંગે તમોને બીજા વિષયનો બોધ આપવામાં આવશે."

આ પ્રમાણે કહી તે મહાત્મા પોતાના ઉપયોગમાં તત્પર થયા અને યુવક સત્યચંદ્ર તથા શોધકચંદ્ર તે સપરિવાર મહાત્માને વંદના કરી પોતાના સ્થાન તરફ ચાલતા થયા. માર્ગમાં ચાલતાં તે બંને યુવકો મહાત્માની વાણીની પ્રશંસા અને તેમણે દર્શાવેલા સદ્બોધનું મનન કરતા હતા તેવી રીતે તેઓ પોતાના સ્થાનમાં આવી પહોંચ્યા હતા. આ વખતની યાત્રામાં તેમને ભારે લાભ થયો, એમ માની તેઓ પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગ્યા અને પોતાના સ્થાનમાં આવી તેમણે મહાત્માની કુશાગ્ર બુદ્ધિની અને જૈનાગમની અંદર ઉત્તમ પ્રકારની પ્રવીણતાની તેમણે ભારે પ્રશંસા કરી હતી. સત્યચંદ્રે આનંદપૂર્વક જણાવ્યું—"ભાઇ શોધકચંદ્ર ! આપણાં પૂર્વ પુણ્યનો ખરેખર ઉદય થયો છે, નહિ તો આવા જ્ઞાનાંભોનિધિ મહાત્માનો મેળાપ ક્યાંથી થઇ આવે ? જો આપણને એ મહાત્માનો મેળાપ ન

थयो होत तो आपणा हृदयनी शंकाओ दूर थात नहिं, आपणी अज्ञानतानो छेडो आवत नहि. "

शोधकचंद्रे कह्युं, "भाइ सत्यचंद्र ! कदि तमे सारा संस्कारी हता, एटले तमे तमारी शंकाओने साचवी शकत अने आर्हत धर्मनी आस्ताने टकावी राखत पण माराथी तेम बनत नहि. हुं तो तद्दन नास्तिक बनी जात. मारा हृदयनी शंकाओ मने नास्तिकतामांज दोरी जात. हुं तद्दन धर्मभ्रष्ट बनी जात. आ महात्माए मारा उपर तो महान् उपकार करेलो छे. मारा शंकित जीवनने निःशंक बनावी आस्ता–श्रद्धानी शीतल छायामां मुक्यो छे. हुं तो ए महात्मानो अत्यंत आभारी थयो छु. मने तो तेओए नवुं धार्मिक जीवन आप्युं छे.

आ प्रमाणे कहेतां शोधकचंद्रना नेत्रमांथी हर्षाश्रुनी धारा चालवा लागी.

पछी बंने धर्म वीरोए ऊंचे स्वरेथी ते महात्मानी स्तुति करी.

## उपजाति भेद.

" परोपकारव्रतसंश्रिताय, दयालवे सत्कृति साधकाय ।
चारित्र संरक्षण तत्पराय, नमोऽस्तु भक्त्या गुरवे वराय" ॥१॥

" परोपकार व्रतने आश्रय करनारा, दयाळु, सत्कार्यने साधनारा अने चारित्रनुं रक्षण करवामां तत्पर एवा श्रेष्ट गुरुने भक्तिथी नमस्कार हो. "

आ प्रमाणे स्तुति कर्या पछी तेओ पोताना नित्यकर्ममां प्रवृत्त थया हता.

## યાત્રા ૫ મી.

કુદરતી સૃષ્ટિ સૌંદર્યની વિવિધ શોભાથી શોભાયમાન એવો ગિરનાર ગિરિ જાણે શિવપુરીના સોપાનનો સ્તંભ હોય, તેવો દેખાતો હતો. તેની અદ્ભુત ઉંચાઇને લઇને એક તરફ છાયાનો અને બીજી તરફ તડકાનો સહચારિ દેખાવ પ્રેક્ષકોની દૃષ્ટિને આનંદ આપતો હતો. આસપાસ આવેલી વૃક્ષોની ઘટામાંથી પક્ષીઓના સ્વરોના વિવિધ નાદ થઈ રહ્યા હતા. જાણે કુદ્રત પોતે શ્રી નેમિનાથ પ્રભુનું સ્તવન કરતી હોય તેમ ત્યાં નીચેના પદ્યનો પ્રતિધ્વનિ સંભળાતો હતો.

**“ अत्रागत्य जनाः सर्वे, प्रणिपत्य जिनेश्वरम् ॥**
**श्री नेमिं श्रेयसां धाम तरंतु भववारिधिम् ॥ १ ॥**

“સર્વ મનુષ્યો અહિં આવી અને કલ્યાણના સ્થાનરૂપ એવા શ્રી નેમિ પ્રભુને પ્રણામ કરી આ સંસારરૂપ સમુદ્રને તરી જાઓ.” ૧

આ વખતે મહાત્મા પોતાના શિષ્યોનો પરિવાર લઇ યાત્રા કરવા તે ગિરિરાજ ઉપર ચડતા હતા. ઈર્યાપથિકીથી ચાલતા, ઉત્તમ ભાવના ભાવતા, અને મનના શુભ પરિણામને પુષ્ટિ કરતા તેઓ ગિરિરાજના ઉચ્ચ શિખર ઉપર આરૂઢ થઈ ગયા હતા. ગિરિરાજની પવિત્ર ભૂમિનું નિરીક્ષણ કરતાં તેમના હૃદયમાં અતિ આનંદ ઉપજતો હતો. તેમની મનોવૃત્તિમાં પ્રગટ થતી ભાવનાઓ આ પ્રમાણે હતી.

“ અહા ! આ પવિત્રભૂમિનો પ્રભાવ દિવ્ય છે. યાદવવંશ વિભૂષણ ભગવાન્ નેમિનાથ પ્રભુના જીવનની ઉચ્ચ દશાનો માર્ગ આ ભૂમિમાંથીજ પ્રગટ થયો છે. પણ આ ભૂમિના વાતાવરણનો મહિમા અપૂર્વ છે. આવા સ્થળના વાતાવરણની શુદ્ધિને લઇને આસ્તિક આત્માઓના વિચારો સુંદર થાય છે, વિષયવાસના વિનષ્ટ થઇ જાય છે, ઉદારતા ઉદય પામે છે, તપસ્યાનું તેજ પ્રકાશે છે, મનોવૃત્તિમાં

ભવ્ય ભાવનાઓ જાગૃત થાય છે, પરમાત્માની ભક્તિમાં તલ્લીનતા થાય છે, સ્વવસ્તુ અને પરવસ્તુનું ભાન થાય છે, અને અલૌકિક આનંદ પ્રગટે છે. ”

આ ભાવના ભાવ્યા પછી તેમણે પોતાના પરિવારને ઉદ્દેશીને કહ્યું, “ભદ્ર ! આ પવિત્ર ભૂમિના પ્રભાવનું સ્મરણ કરજો. ભગવાન્ નેમિનાથ પ્રભુનું ચરિત્ર યાદ કરજો. તે દેવાધિદેવ પ્રભુએ આ સ્થળે જે વૈરાગ્ય ભાવના પ્રગટ કરી છે, જે અદ્ભુત તપસ્યા દર્શાવી છે, જે અલૌકિક ભાવ પ્રગટ કર્યો છે, તેનું સ્મરણ કરી તમારી ભાવનાને સતેજ કરજો. આ ભૂમિ ઉપર તેમણે પોતાની સતી સ્ત્રી રાજિમતીને ઉદ્દેશીને જે ભાવના ભરિત ઉદ્ગારો પ્રગટ કર્યા છે, આ સંસારની જે અનિત્ય ભાવના દર્શાવી છે અને માનવ જીવનની સાર્થકતા પ્રરૂપેલી છે, તે તમારા હૃદયમાં સ્થાપિત કરી તેનું અનુકરણ કરવા તત્પર બનજો. જ્ઞાન, દર્શન અને ચારિત્રના સ્વરૂપનું મનન કરી તે પ્રકાશિત કરવામાં જે વીર્ય જોઈએ, તેવું વીર્ય ફોરવવા આત્માને ઉત્તેજિત કરજો. ”

તે પછી પોતાના શુદ્ધ ભક્ત શ્રાવક સત્યચંદ્ર અને શોધકચંદ્રને ઉદ્દેશીને કહ્યું, “ભદ્રાત્મા ! તમે પણ આ તીર્થ ભૂમિમાં આવવાનું સાર્થક કરવા ત્રિકરણ શુદ્ધિથી પ્રયત્ન કરજો. ભગવાન્ નેમિનાથ પ્રભુએ ઉપદેશ કરેલા શ્રાવક ધર્મનું સ્મરણ કરી તમારા કર્ત્તવ્યનું ભાન લાવજો. ગૃહસ્થ શ્રાવકને માટે આર્હત શાસ્ત્ર શું કહે છે ? કેવા ગૃહસ્થો શુદ્ધ શ્રાવક કહેવાય છે ? તેને માટે આ પદ્યને સદા સ્મરણમાં રાખજો. ” આ પ્રમાણે કહી તે મહાત્મા નીચેનું પદ્ય બોલ્યા હતા.

“ कर्त्तव्यनिष्ठाः सततं ज्ञान संवर्द्धनोत्सुकाः ॥
पात्रदान प्रभावज्ञाः शुद्धाः श्राद्धाः प्रकीर्तिताः ” ॥ १ ॥

“ હમેશાં પોતાના કર્ત્તવ્યમાં નિષ્ઠા રાખનારા, જ્ઞાનને વધારવામાં ઉત્સુક રહેનારા અને પાત્રદાનના પ્રભાવને જાણનારા શુદ્ધ શ્રાવકો કહેલા છે. ” ૧

આ પદ્ય બોલ્યા પછી તેઓ નેમીશ્વર પ્રભુના ચૈત્ય તરફ ગયા. ત્યાં નિત્ય પ્રમાણે ચૈત્યવંદન વગેરે વિધિપૂર્વક કરી ત્યાંથી નીકળી

બીજે માર્ગે પ્રસાર થયા હતા. આ સમયે તેમના હૃદયમાં એવી ભાવના પ્રગટ થઇ આવી કે જેથી તેમણે નીચેના પદ્યથી એ સ્થાનનો મહિમા કહી બતાવ્યો હતો.

" गिरौ रैवतके यत्र, श्री नेमिः परिवारयुत् ॥
सिद्धिं जगाम भगवान्, तत्तीर्थं सिद्धिदायकम् " ॥१॥

"જે રૈવતગિરિ ઉપર ભગવાન્ શ્રી નેમિ ભગવાન્ સિદ્ધિને પ્રાપ્ત થયેલા છે, તે તીર્થ સિદ્ધિને આપનારૂં છે." ૧

આ પદ્ય બોલ્યા પછી, તેઓ ત્યાંથી આગળ ચાલ્યા, ત્યાં એક સુંદર સ્થળમાં આવ્યા. તે સ્થળની પ્રાચીન રચના જોઇ તેમનું મન આનંદિત થઈ ગયું.

આ સ્થળ સહેસાવનનું હતું. મહાત્મા આજે પરિવાર સાથે તે સ્થળે પધાર્યા હતા. ગોમુખીના સ્થળથી ડાબી તરફ સહેસાવનનો માર્ગ છે. આ વનનો મૂળ શબ્દ **સહસ્રામ્રવન** છે. જેમાં હજારો આંબાઓના વૃક્ષો રહેલા હતા, તેથી તેનું નામ સહસ્રામ્રવન પડેલું છે. એ પવિત્ર સ્થળનો દેખાવ જોઇ મહાત્મા પરિવાર સહિત આનંદિત બની ગયા હતા.

મહાત્મા પ્રસન્નવદને બોલ્યા–"ભદ્ર ! આ સહસ્રામ્રવનનું સ્થળ ઉત્તમ ભાવનાનું સ્મારક છે. ભગવાન્ શ્રી નેમિનાથ પ્રભુએ દીક્ષા લઇ આ સ્થળે વાસ કર્યો હતો. શ્રાવણ શુકલ ષષ્ઠીને દિવસે ચિત્રા નક્ષત્રનો યોગ આવતાં પ્રભુએ આ સ્થળે પંચ મુષ્ટિલોચ કરી દીક્ષા ગ્રહણ કરી હતી. તેમની સાથે એક સહસ્ર પુરૂષો ચારિત્રધારી થયા હતા. અહીં દેવતાઓએ પુષ્પવૃષ્ટિ, સુગંધિ જલ વૃષ્ટિ, વસ્ત્રવૃષ્ટિ, અને સુવર્ણવૃષ્ટિ કરી હતી. અને 'અહો દાન અહો દાન' એવો ઉચ્ચાર કરી દેવદુંદુભિના નાદ થયા હતા. તેઓ પ્રભુ ચતુર્જ્ઞાન ધારી અને બાવીશ પરીષહ સહનાર થયા હતા. દીક્ષિત થયા પછી ચોપન દિવસે તેમને કેવળજ્ઞાન પ્રગટયું હતું. તે વખતે પણ તેઓ આ વનમાં પધારી વેતસવૃક્ષની છાયામાં આવી બેઠા હતા.

પ્રભુને કેવળજ્ઞાન થયાનું જાણી ઇંદ્રોએ દેવ સહિત અહીં સુંદર સમવસરણ રચ્યું હતું. ભદ્ર ! આ પવિત્ર સ્થળને અંતઃકરણથી

વંદના કરો. ભગવાન્ નેમીશ્વરને કેવળજ્ઞાન થવાના ખબર સાંભળી દ્વારિકામાંથી કૃષ્ણ–વાસુદેવ મોટી સ્વારીના ઠાઠમાઠથી આ સ્થળે આવ્યા હતા. તેમની સાથે બત્રીશ હજાર રાણીઓ, સાઠ હજાર પુત્રો, સોળ હજાર રાજાઓ અને અડતાલીશ ક્રોડ સુભટો હતા. આ પવિત્ર સ્થળ જોતાંજ આપણને તે પૂર્વના અદ્ભુત ઇતિહાસનું સ્મરણ થઇ આવતાં શરીર રોમાંચિત થઇ જાય છે.”

આ પ્રમાણે કહી મહાત્મા તે સ્થળે બેશી ચૈત્યવંદનપૂર્વક સ્તવન કરી તેઓ અનુક્રમે તીર્થગિરિની નીચે આવ્યા હતા.

નિત્યના ક્રમ પ્રમાણે તેઓ પોતાને સ્થાને બેઠા એટલે શ્રાવક સત્યચંદ્ર અને શોધકચંદ્ર બંનેએ તેમને વંદના કરી નીચે પ્રમાણે સ્તુતિ કરી.

### शिखरिणी.

गुरुः श्रीमान् ज्ञाता, जिनमतगसारस्य परमः
चरन्सच्चारित्रामलपथि भवोद्धारकरणे ।
भजन्सद्वैराग्यं प्रवचनसुबोधं प्रवितरन्
धरन् ज्ञानं जीयाज्जगति नमनं तच्चरणयोः ॥ १ ॥

“ જ્ઞાન લક્ષ્મીવાળા, જિનમતના સારના ઉત્કૃષ્ટ જ્ઞાતા, સંસારનો ઉદ્ધાર કરનારા એવા ચારિત્રના નિર્મળ માર્ગમાં ફરતા, સદ્વૈરાગ્યને ભજતા, પ્રવચનના બોધને આપતા અને જ્ઞાનને ધરતા એવા ગુરૂ જય પામો અને તેમના ચરણમાં નમસ્કાર હો. ૧

આ સ્તુતિ કર્યા પછી તેઓ વિનયથી તેમની સન્મુખ બેઠા એટલે મહાત્મા નીચે પ્રમાણે એક પદ્ય બોલ્યા હતા.

“ भवगर्त्तपतज्जंतूद्धरणे तत्परोऽनिशम् ॥
दया सरिज्जलनिधिः स जीयाज्जिन नायकः ” ॥ १ ॥

“ આ સંસારરૂપ ખાડામાં પડતા એવા પ્રાણીઓનો ઉદ્ધાર કરવામાં હમેશાં તત્પર રહેનારા અને દયારૂપી સરિતાના સમુદ્રરૂપ એવા શ્રી જિનનાયક જય પામો.” ૧

આ પદ્ય બોલી શ્રી જિન ભગવાન્‌ની સ્તુતિ કરી તેમણે જણાવ્યું, “ ભદ્ર શોધકચંદ અને સત્યચંદ્ર ! આજે તમારી શી જિજ્ઞાસા છે? જે હોય તે સત્વર જણાવો.

મહાત્માના આ શબ્દો સાંભળી પ્રસન્ન થએલા બંને શ્રાવકોએ તેમની ઉપકાર વૃત્તિની નીચેના પદ્યથી સ્તુતિ કરી.

"यन्मानसे दयाबीजमुप्तं जनयतेऽनिशम् ॥
परोपकृतिवल्लीनां समूहं तत्पदं स्तुवे" ॥ ॥

જેમના મનમાં વાવેલું દયારૂપી બીજ હમેશાં પરોપકારરૂપ લતાઓના સમૂહને ઉત્પન્ન કરે છે, તે ગુરૂના ચરણને હું સ્તવું છું." ૧

આ પ્રમાણે સ્તુતિ કર્યા પછી તેઓ વિનયથી બોલ્યા-"ભગવન્! આપે અમારા હૃદયના ઘણા સંશયોને છેદી નાખ્યા છે. હવે કેટલોએક ધર્મોપદેશ સાંભળવાની ઇચ્છા છે. તો કૃપા કરી તેવો કોઇ સર્વોત્તમ ધર્મોપદેશ આપો."

મહાત્મા બોલ્યા-"ભદ્ર! તમારી આ જિજ્ઞાસા ઘણીજ ઉત્તમ છે. જે પ્રાણી ધર્મોપદેશ સાંભળવાની ઉત્કટ ઇચ્છા રાખે છે, તે પ્રાણી ભવ્યતાથી અને પુણ્ય રાશિથી ભરપૂર છે. તેને માટે એક મહાત્મા આ પ્રમાણે લખે છેઃ-

जिज्ञासवो धर्म तत्त्वं, शुश्रूषवो हि देशनाः ।
भव्याः सत्पुण्यराशीनां, बंधमर्हन्ति सन्मताः" ॥ १ ॥

"જેઓ ધર્મના તત્ત્વને જાણવાની ઇચ્છાવાળા છે અને ધર્મ દેશનાને સાંભળવાની ઇચ્છાવાળા છે, તે સત્પુરૂષોને માનેલા પુરૂષો પુણ્યરાશિઓના બંધને લાયક થાય છે." ૧.

'ભદ્ર! તમોને ધર્મોપદેશ આપવામાં આવશે, પરંતુ તેની અંદર કેવો ઉપદેશ સાંભળવાની તમારી ઇચ્છા છે? તે પ્રશ્ન રૂપે દર્શાવો, જેથી તમારા હૃદયને અનુપમ આનંદ પ્રાપ્ત થશે."

મહાત્માનાં આવાં વચનો સાંભળી શોધકચંદ્ર આનંદિત થઇને બોલ્યો-ભગવન્! આપ પરોપકારી મહાત્મા છો. આપનામાં અનુપમ સામર્થ્ય રહેલું છે. આપની વિદ્વતા ભરેલી વાણી સાંભળી અમે કૃતાર્થ થયા છીએ. જે આપની વાણીને માટે એક યાત્રાળુ વિદ્વાને અમારી પાસે એક સુભાષિત કહ્યું હતું, તે અમોએ કંઠસ્થ કરી લીધું છે."

આ પ્રમાણે કહી તેઓ બંને નીચેનું સુભાષિત બોલ્યા હતા.

" आत्मारामाः सदाचाराः परोपकृति मानसाः ।
आचार्या यामुद्गिरन्ति सा वाणी भुवि दुर्लभा " ॥ १ ॥

" **આત્મારામ**–આત્માને વિષેજ આરામ કરનારા, સદાચાર ધરનારા અને પરોપકાર કરવામાં તત્પર હૃદયવાળા શ્રી આચાર્ય જે વાણી ઉચ્ચારે છે, તે વાણી આ પૃથ્વીને વિષે દુર્લભ છે."

આ સુભાષિત બોલ્યા પછી શોધકચંદ્રે નમ્રતાથી પુછયું, "ભગવન્! આ મનુષ્ય જીવન શાથી ઉત્તમ છે? અને તેમાં કેવો વિચાર કરવાનો છે? તે કૃપા કરી કહો."

મહાત્મા બોલ્યા–"ભદ્ર ! આ જગતમાં સર્વ જીવો જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ અને ઉપાધિ આદિ વિવિધ પ્રકારના દુઃખોનો અનુભવ કરતા નજરે પડે છે. તે દુઃખને માટે જે વિચાર કરવો તેજ મનુષ્યપણું કહેવાય છે. તેણે વિચારવું જોઇએ કે, "આ દુઃખ ક્ષણિક છે, કે આત્યંતિક છે? તેનો નાશ થઈ શકે તેમ છે કે નિરંતર આમ ને આમ મુંગે મોઢે તેનો અનુભવ કર્યા કરવોજ પડશે?" આવો વિચાર કરવાથી મનુષ્ય કહેવાય છે. તેથીજ તેઓ તિર્યંચના કરતાં ઉત્તમ ગણાય છે. તિર્યંચના કરતા મનુષ્યમાં જે વિચાર શક્તિ પ્રબળ છે અને તેથી તે વિચાર કરી શકે છે. તિર્યંચો તેવો વિચાર કરી શકતા નથી. જ્યારે મનુષ્યો આવો વિચાર કરી શકે છે, ત્યારે તે જન્મ મરણાદિના દુઃખમાંથી મુક્ત થવાનો પ્રતિકાર પણ કરી શકે છે; અને તેને માટે પ્રયત્ન પણ આદરી શકે છે. આવું અસીમ સામર્થ્ય છતાં પણ તે દુઃખનાં મૂળ કારણો શોધવાને કે તેનો વિનાશ કરવાને મનુષ્યો વિચાર કે પ્રયત્ન ન કરે તો તે મનુષ્યપણું શા ઉપયોગનું છે? તિર્યંચોમાં અને મનુષ્યોમાં પછી શાનો તફાવત? તેના જેવું બીજું શોચનીય પણ શું હોઇ શકે? ભદ્ર! આથી દરેક મનુષ્યે વિચાર કરવો જોઇએ કે, "હું કોણ છું? આ જગત્ શું છે? આ વિચિત્રતાનું કારણ શું? પરમ શાંતિ શાથી મળે છે?" પોતાના મંદ ક્ષયોપશમથી, વિચારની કે વિશુદ્ધિની મંદ પ્રબળતાથી આ વાતનો નિર્ણય પોતે ન કરી શકે તો પછી કોઇ સદ્ગુરૂની પાસેથી તેનો અવશ્ય ખુલાસો મેળવવોજ જોઇએ.

જે મનુષ્ય પોતાના ભલા માટે પણ પ્રયત્ન નથી કરતો તે મનુષ્ય મનુષ્ય-પણાને લાયક કેમ ગણાય ? ભદ્ર ! તેથી આ મનુષ્યપણું કે જે ચિંતામણિ સમાન ગણાય છે, તેને પ્રાપ્ત કરી તેનો સદુપયોગ કરવો જોઇએ.

મનુષ્યે પ્રથમ વિચારવું જોઇએ કે, 'હું કોણ છુ" કદિ કોઇ તમને પૂછવા આવે કે 'તમે કોણ છો ?' તો તમે તેનો શો ઉત્તર આપશો ? અથવા તમે તમારા મનથીજ પ્રશ્ન કરો કે, 'હું કોણ છું ?' આનો ઉત્તર તમારા અંતરમાંથી શું મળે છે? "હું રાજા છું, ક્ષત્રિય છું, પુરૂષ છું, મનુષ્ય છું, આર્ય છું." આ ઉત્તર તમને યોગ્ય લાગે છે? જો જરા વિચાર કરશો તો તેનું વિશેષ સ્પષ્ટીકરણ થઇ શકશે. "આપણે આર્ય દેશમાં જન્મ્યા, તેથી આર્ય, આર્યદેશ શિવાયના દેશમાં જન્મ પામ્યા હોત તો આર્ય નજ કહેવાત, ત્યારે આર્ય એ તમારૂં નિત્ય સંબંધિત લક્ષણ કે સ્વરૂપ કહેવાય? ના નહિજ; કારણ કે, તે વિનશ્વર યાને પલટન સ્વભાવવાળું લક્ષણ છે. તમારૂં ખરૂં સ્વરૂપ તમારી સાથે નિત્ય સંબંધિત હોવું જોઇએ. 'હું મનુષ્ય છું' મનુષ્યના શરીરમાં રહ્યા છો, તેથી મનુષ્ય, પણ જનાવરના શરીરમાં રહ્યા હોત તો જનાવર કહેવાત. તેથી આ લક્ષણ પણ નિશ્ચિત ન ગણાય. 'હું પુરૂષ છું' પુરૂષ એવી સંજ્ઞાસૂચક ચિન્હ-વાળા શરીરમાં રહેલ છે, તેથી તે પુરૂષ કહેવાય છે. જો સ્ત્રી ચિન્હ-વાળા શરીરમાં રહે તો તે સ્ત્રી કહેવાય છે. એથી પુરૂષ, સ્ત્રી એ શબ્દવાચક જે વસ્તુ છે, તે નિયમિત અને નિશ્ચિત સ્વરૂપ નજ કહેવાય, એ તો સર્વે એક જાતની ઉપાધિઓ છે. 'હું ક્ષત્રિય છુ" એમ જે કહે છે, તે પોતે ક્ષત્રિયપણું છે કે પોતે ક્ષત્રિય સ્વરૂપ છે, તે શા કારણથી છે. તે પોતે ક્ષત્રિયકુળમાં જન્મેલા માટે. અથવા 'क्षतात् भयात् त्रायते इति क्षत्रः' ક્ષત એટલે ભય તેનાથી જે રક્ષણ કરે તે ક્ષત્ર કહેવાય છે એટલે જેનામાં બીજાનું રક્ષણ કરવા માટે ગુણ છે, તે ક્ષત્રિય કહેવાય છે. ક્ષત્રિય શિવાય અન્યકુળમાં જન્મ થયો હોય અથવા ભયથી બીજાનું રક્ષણ કરવાનું સામર્થ્ય ન હોય તો તે ક્ષત્રિયજ ન કહેવાય, તેથી ઉપર કહેલ ઉપાધિને લઇને ક્ષત્રિય-પણું છે. પરંતુ સત્ય સ્વરૂપવાળું ક્ષત્રિયપણું છે, એ તો તે ઉપરથી સિદ્ધ ન થયું.

"હું રાજા છું" 'તે રાજા છે,' તે રાજાપણું પ્રબળ કારણને લઇને છે. મનુષ્યોની ઉપર ઘણી વિશાળ પૃથ્વીને વિષે હકુમત ચલાવવી, આજ્ઞાપાલન કરાવવું એ રાજાપણું છે. અને તેમાં ઐશ્વર્યનો અનુભવ કરાય છે. કદિ હકુમત, આજ્ઞા, ઐશ્વર્ય અને વૈભવ ચાલ્યું જાય તો તો પછી રાજાપણું કહેવાય કે ? નહિજ, ત્યારે કઇ અપેક્ષાએ રાજાપણું છે ? તેના ઉત્તરમાં કહેવું પડશે કે, "રાજ્ય વૈભવને લઇને." જો એમજ છે તો તે રાજવૈભવ સંયોગ તથા વિયોગ ધર્મવાળો હોવાથી ચિરસ્થાયી નથી, માટે એ શાશ્વત સત્ય ન ગણાય.

ભદ્ર ! તમારે વિચાર કરવો કે, કાંઇ પણ શાશ્વત નથી. આ આપણું શરીર પણ આપણું નથી. 'હું અને મારૂં' આ બંને વસ્તુમાં બાહ્ય તથા અભ્યંતર અપેક્ષાએ લઈને તપાસ કરતાં વિશેષ તફાવત છે. બાહ્ય વસ્તુની અપેક્ષાએ જેમકે, 'મારૂં ઘર' આ ઠેકાણે મારૂં કહેનાર મનુષ્ય અને તેને રહેવાનું ઘર અથવા તેનું ઘર આ બંને વસ્તુ જુદી જુદી છે; તેમજ અત્યંત વિલક્ષણ છે, તેથી તે તદ્રૂપ નજ કહેવાય, મનાય વા અનુભવાય.

આભ્યંતર અપેક્ષાએ જેમ 'મારો ક્રોધ ઝાલ્યો ન રહ્યો.' આ ક્રોધની ઉત્પત્તિ અન્ય વસ્તુની અપેક્ષા રાખે છે. ઇષ્ટાનિષ્ટ વસ્તુના વિયોગ-સંયોગથી તે ઉત્પન્ન થાય છે અને તેનો અભાવ થતાં અથવા ઇષ્ટ વસ્તુ આવી મળતાં અને અનિષ્ટ વસ્તુ ચાલી જતાં તે ક્રોધ વિલય થઇ જાય છે; માટે તે પણ આપણું સત્ય સ્વરૂપ ન બની શકે. આહાર, પાણી, હવા, ચિંતા, પરિશ્રમ, નિશ્ચિંતતા વગેરે અનેક કારણોને લઈને આ શરીરની વૃદ્ધિ-હાનિ થાય છે. જેમ ઈંટો, ચુનો, પત્થર, માટી, લાકડાં, લોઢાં, જમીન વગેરે અનેક કારણોની વૃદ્ધિ-હાનિથી ઘર નાનું મોટું થાય છે, તેવી રીતે અહિં સમજવાનું છે. જેમ તે ઘરનો બનાવનાર કે ઘરમાં રહેનાર તે ઘર નથી પણ ઘરથી જુદો છે, તેમ આ શરીર બનાવનાર કે શરીરમાં રહેનાર આ શરીરથી જુદો છે. જેમ ઘર-મેહેલના જરૂખામાં ઊભો રહીને કોઇ માણસ બહારના પદાર્થોમાં જોઇ શકે છે, તેમ આ શરીરરૂપી ઘરમાં રહીને પ્રાણી નેત્રોરૂપી ઝરૂખાથી આ દુનિયાના પદાર્થોને જોઈ શકે છે. તેમજ જેમ ઝરૂખો અને ઝરૂખામાં ઊભો રહી

જોનાર મનુષ્ય બંને જુદા છે, તેમ શરીર અને શરીરમાં રહી બાહ્ય પદાર્થોને જોનાર બંને જુદા છે. ઘર કે મેહેલ પડી જતાં અથવા કદિ ભાડાનું હોય તો તેની મુદ્દત પૂરી થતાં તેમાં રહેનાર તે ઘર કે મેહેલ ખાલી કરી બીજા ઘરમાં રહેવા જાય છે, તેમ આ શરીર પડી જતાં અથવા તેમાં રહેવાની આયુષ્ય રૂપી મુદ્દત પૂરી થતાં આ દેહ-મંદિરમાં રહેનાર તેને ખાલી કરી અન્ય દેહરૂપ મંદિરમાં રહેવા જાય છે. એટલે ઘર ખાલી કરનાર જેમ ઘરથી જુદો છે, તેમ આ દેહ ખાલી કરનાર દેહી પણ દેહથી જુદો છે.

ભદ્ર! આ સ્થળે જાણવાનું છે કે, અનાદિ કાળના અભ્યાસથી દેહમાં આત્મભાવ મનાયો છે કે, 'દેહ તેજ હું છું' આથી દેહને સુખે સુખી, દેહને દુઃખે દુઃખી રાત દિવસ તેની સેવામાં અને રક્ષણ તથા ભરણ–પોષણ કરવામાં સમય વ્યતીત કરાય છે. આવા પ્રબળ દેહાધ્યાસથી આત્મા દેહ સમાન ભાસે છે, પણ ખરૂં જોતાં તેમ નથી. આત્માનાં લક્ષણો જુદાં છે, આત્મા ચૈતન્ય સ્વરૂપ છે, અરૂપી છે, જ્ઞાનમય છે, જ્ઞાતા છે, દૃષ્ટા છે, ત્યારે આ દૃશ્ય દેહાદિ જડ સ્વરૂપ છે, રૂપી છે, અજ્ઞાન સ્વરૂપ છે, દૃષ્ટાની અપેક્ષાએ દૃશ્ય છે, જ્ઞાતાની અપેક્ષાએ જ્ઞેય છે. આ લક્ષણોથી વિચાર કરતાં આ દૃશ્યાદિકથી તે ભિન્ન છે. 'તે પોતે હું છું, કે આત્મા છે,' એવા ઉપનામથી બોલાવાતો આત્મા છે.

જેમ ખડ્ગથી મ્યાન જુદું છે, તેમ દેહથી આત્મા જુદો છે. અહિં કેટલાએક શંકા કરે છે કે, "તે આત્મા નેત્રોથી કેમ દેખાતો નથી?" પણ વિચાર કરશો તો તે શંકા ઉડી જશે. તે આત્મા નેત્રોને પણ જોનારો છે. તે આત્મા નેત્રોથી કેવી રીતે જોઈ શકાય?

દરેક ઇંદ્રિયવડે તેના તેના પ્રત્યેક વિષયનું જ્ઞાન થાય છે. નેત્રથી જોવાય છે, કાનથી સંભળાય છે, નાસિકાથી સુંઘાય છે, જીહ્વાથી સ્વાદનો અનુભવ કરાય છે અને ત્વચાથી સ્પર્શનો અનુભવ થાય છે–એ પાંચે ઇંદ્રિયોના વિષયનું જ્ઞાન કોને થાય છે? એ જ્ઞાન જેને થાય છે, તેજ આત્મા છે. ત્યારે એ ઈંદ્રિયથી તે કેવી રીતે જાણી શકાય? ઈંદ્રિયથી જે વિષયનું જ્ઞાન થયું હતું, તે ઈંદ્રિય મંદ થતાં પણ તે વિષયનું જ્ઞાન સ્મરણમાં રહે છે. ધારો કે, જે નેત્રોથી તમે આ

જગત્‌ના દૃશ્ય પદાર્થો જોયા હતા, તે નેત્રો રોગાદિકના કારણથી નાશ પામી ગયા છતાં તે જોયેલા પદાર્થનું સ્મરણ મનમાં રહ્યા કરે છે કે, અમુક વર્ષે, અમુક દિવસે હું અમુક શહેરમાં ગયો હતો વગેરે. આથી પણ સ્પષ્ટ થાય છે કે, એ સર્વ વિષયોનો જે જ્ઞાતા છે, તે દેહાદિ ઇંદ્રિયોથી જુદો છે.

તેમ વળી જે મન છે, તે પણ આત્માને જાણી શકતું નથી, પણ ઉલટું તે આત્મસત્તાથી જણાય છે; જેમ કે, મારૂં મન અમુક ઠેકાણે ગયું હતું, મેં મનમાં આવા વિચારો કર્યા વગેરે. આ સ્થળે મનને જાણનાર, તેમજ મન ઉપર સત્તા ચલાવનાર તરીકે કોઇ અદૃશ્ય તત્ત્વ આ દેહ મંદિરમાં રહેલું છે, તેજ ભગવાન્ સમર્થ આત્મા છે.

નિદ્રા, સ્વપ્ન અને જાગ્રત્–આ ત્રણે દશાનો અનુભવ કરનાર અર્થાત્ દૃષ્ટા તે પણ આત્મા છે. ' મને સારી નિદ્રા આવી હતી, ' ' મને અમુક સ્વપ્ન આવ્યું હતું, ' ' હું જાગું છું, ' આ સર્વનો જ્ઞાતા પણ તેનાથી વિલક્ષણ આત્મા છે, જેની સત્તાથી આ દુનિયામાં પ્રત્યેક પ્રદાર્થોનો અનુભવ થાય છે, તેજ આત્મા છે. ટુંકામાં કહીએ તો ' હું કોણ છું ' આવી શંકાનો કરનાર તે પોતે આત્માજ છે.

ભદ્ર ! આટલું જણાવ્યા પછી, હવે તમોને નિશ્ચય થયો હશે કે ' હું કોણ છું ' " હું આત્મા છું અને દેહાદિ પદાર્થોથી જુદો છું–વિલક્ષણ છું. "

જેમ પાયા વિનાની ઇમારત નકામી છે, તેમ તે આત્માને જાણ્યા શિવાય બીજું જાણવું નકામું છે. તેથી તે વિષયમાં વિશેષ જાણવાની જરૂર છે. વળી આત્માજ ન હોય કે જાણ્યો ન હોય તો પછી તેને છોડાવવાનો પ્રયત્ન કરવો, તે કેવી રીતે ઉપયોગી થાય ?

મહાત્મા આટલું બોલી જરા વિરામ પામ્યા એટલે શોધકચંદ્ર વિનયથી આ પ્રમાણે બોલ્યો—ભગવન્ ! આપના કહેવા પ્રમાણે દેહથી આત્મા ભિન્ન છે, એ સત્ય છે, પણ કદાચ આ આત્મા દેહના નાશની સાથે નાશ પામતો હોય, તો પછી તેને દુઃખથી છોડવવા માટે પ્રયત્ન કરવો તે નિષ્ફળ છે, એ પણ સત્ય છે, તો આત્માની અસ્તિતા સાથે તે અમરતા ( નિત્યતા ) પણ અવશ્ય સમજવી જોઈએ તો આપ કૃપા કરી તે સમજાવો. "

આ પ્રમાણે કહી તે બંનેએ નીચેના પદ્યથી તે મહાત્માની સ્તુતિ કરી વંદના કરી.

" यस्याननान्निर्गता वाक् संशयांध्यमपोहति ।
रविप्रभेव तं सूरिं विजयानंददं स्तुमः " ॥२॥

" જેમના મુખમાંથી નીકળેલી વાણી સૂર્યની પ્રભાની જેમ સંશયરૂપ અંધકારનો નાશ કરે છે, તે **વિજયાનંદ દાયક**–વિજય અને આનંદને આપનારા સૂરિવરને અમે સ્તવીએ છીએ." ૧

પછી મહાત્મા મુખમુદ્રાને પ્રસન્ન કરતાં બોલ્યા. " ભદ્ર ! એ આત્માની અમરતા–નિત્યતા છે, તે પુનર્જન્મની સિદ્ધિથી સિદ્ધ થાય છે. તે ધ્યાનપૂર્વક સાંભળો–" અમુક માણસ મરી ગયો કે પાછો થયો" આ શબ્દ સાંભળવાની સાથેજ આટલો નિર્ણય તો કરી શકાય છે કે, જેની મહાન્ સત્તાથી આ શરીરમાં હલન–ચાલન વગેરે ચેષ્ટાઓ થાય છે, તે સર્વ ચેષ્ટાઓનો પ્રેરક આત્મા આ સ્થળેથી કોઇ પણ સ્થળે ચાલ્યો ગયો છે. તે ક્યાં ગયો ? એ આપણા જોવામાં આવતું નથી, તેમ સમજવામાં પણ આવતું નથી, તેનું નામજ પુનર્જન્મ છે. કારણકે, તે આત્મા કોઈ પણ બીજે સ્થળે ગયો છે તે સ્થળ પછી ગમે તેવું હોય, પણ તે એક સ્થળથી બીજું સ્થળ છે. એક સ્થળમાંથી બીજા સ્થળમાં જવું, તે પુનર્જન્મ.

અહિં આટલી વાત યાદ રાખવી જોઇએ કે, કોઈ પણ વસ્તુનો નિરન્વય નાશ ( સર્વથા નાશ ) થતો નથી, પણ તેના પર્યાયો બદલાયા કરે છે; આ વાત અનુભવ સિદ્ધ છે. ધારો કે, એક વસ્ત્ર અથવા લાકડું છે, તેને અગ્નિથી બાળી નાંખ્યું. તેથી તે વસ્ત્ર કે લાકડાંનો નાશ તો થયો પણ વિચાર કરશો તો જણાશે કે, તેનો સર્વથા નાશ થયો નથી. કારણકે, તેની રાખ તો કાયમજ છે. વસ્ત્રની જે આકૃતિ કે પર્યાય હતા, તેનો નાશ થયો પરંતુ તેના પરમાણુઓ તો કાયમજ છે. બળી ગયેલું, તે વસ્ત્ર રાખપણે ઉત્પન્ન થયું એ તેનો પુનર્જન્મ સમજવો. એવીજ રીતે આ દેહનો ત્યાગ કરી અન્ય દેહમાં ઉત્પન્ન થવું, તે આત્માનો પુનર્જન્મ અર્થાત્ આત્માનો નાશ થતો નથી પર્યાય બદલાય છે.

સુખ દુઃખ એ પૂર્વ નિયતિને અનુસારે થાય છે, એ વાત પ્રત્યક્ષ

જણાય કે સમજાય તેવી છે. ધારો કે, તાપ સખત લાગતો હોય, તે વખતે બાહેર જવું છે, તો પગમાં જોડા પહેર્યા અને માથે છત્રી ઓઢી એટલે તાપ લાગતો ઓછો થયો. આ તાપ ઓછો લાગવાથી જે સુખ થયું, તે સુખ પહેલાની જોડા પેહેરવા અને છત્રી ઓઢવા રૂપ ક્રિયાથી થયું. અથવા શહેરમાંથી ચાલી તમે ધર્મશ્રવણ કરવા નિમિત્તે કોઈ ઉદ્યાનમાં આવ્યા, તે ઉદ્યાનમાં આવવારૂપ કાર્ય તે પેહેલાની ક્રિયાને સૂચવે છે. આ દૃષ્ટાંતે જે પ્રાણી—આત્મા ગર્ભમાં આવ્યો, તે કઇ ક્રિયાથી ? આ પ્રશ્નનો ઉત્તર મળવોજ જોઇએ કે, ગર્ભમાં આવ્યા પેહેલાં કાંઇ પણ ક્રિયા કરવી જોઇએ, તે ક્રિયા કરવાનો કાળ ગર્ભમાં આવ્યા પેહેલાનો માનવોજ પડશે અને તેથી એ ફલિતાર્થ થયો કે, આત્મા ગર્ભમાં આવ્યા પેહેલાં કોઈ પણ સ્થળે હતો, અને ત્યાંથી અહિં આ જન્મમાં આવ્યો. તેજ તેનો પુનર્જન્મ અને તેજ આત્માની અમરતા.

વળી કાર્ય કારણનો વિચાર કરતાં કારણ પેહેલું અને કાર્ય પછી આ વાત સમજાય તેવી છે, તો આ માનવ દેહરૂપી કાર્ય, તેનું કારણ આ દેહની ઉત્પત્તિ પેહેલાં હોવુંજ જોઈએ. ‘ આ જન્મ્યો, ’ ‘ આ મરી ગયો, ’ ‘ આ ક્યાંથી આવ્યો ? ’ અને કયાં ગયો ? ’ આ ગતિ–આગતિ પુનર્જન્મને સૂચવે છે. આ જગતમાં સર્વે સુખી શા માટે થતા નથી ? સર્વે દુઃખી શા કારણથી દેખાતા નથી ? રાજા અને રાંક શા માટે થાય છે ? શા હેતુથી રાંક રાજા થાય છે ? અને જ્ઞાની શા કારણથી કહેવાય છે ? ” આ સર્વ બાબતનું કાંઈ પણ કારણ હોવું જોઈએ અને તે કારણ સમજાય તેવું છે. એકજ જ્ઞાતિમાં, એકજ કુલમાં, અને એકજ માબાપથી ઉત્પન્ન થતાં બાળકોમાં નાના પ્રકારની વિષમતા થવી, એજ આત્માની અમરતા અને પુનર્જન્મની સિદ્ધતાનો અપૂર્વ પૂરાવો છે.

આથી એટલું તો સ્પષ્ટ સમજાયું હશે કે, આત્મા દેહથી ભિન્ન છે અને તે મૂળ દ્રવ્યની અપેક્ષાએ અમર છે, નિત્ય છે તથા પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે, આથી ‘ હું કોણ છું ’ એ વિચાર પરિસ્ફુટ થઇ ગયો. ”

મહાત્માનાં આ વચનો સાંભળી તે બંને તરૂણ શ્રાવકો પ્રસન્ન થઈ

ગયા અને તેમણે વંદના કરી આ પ્રમાણે કહ્યું, " ભગવન્ ! આત્માની અમરતા–નિત્યતા અમારા સમજવામાં આવી છે, હવે કૃપા કરી આ જગત્ શી વસ્તુ છે ? તે સમજાવો. જો કે તે વિષે આપના ઉપદેશમાંથી અમોને થોડું ઘણું સમજવામાં આવ્યું છે, તથાપિ તે વિષે જરા વિવેચન કરી સમજાવો તો અમારા હૃદયમાં તે જ્ઞાનને વિશેષ વિકાશ થઇ જશે. "

## આ જગત્ શું છે ?

તે બંને શ્રાવકોના પ્રશ્નથી અંતરમાં પ્રસન્ન થતાં મહાત્મા બોલ્યા " ભદ્ર ! આ જગતમાં ચેતન યા જીવ અને જડ–અજીવ–આ બે વસ્તુ ભરેલી છે, અથવા આ બે વસ્તુ તેજ જગત્ છે. એ બે વસ્તુથી જગત્ કોઇ પણ પ્રકારે જુદું પડી શકે તેમ નથી. વિચારવાન્ મનુષ્યને આ બે વસ્તુજ સર્વત્ર જુદા જુદા પર્યાયે વિસ્તાર પામેલી જોવામાં આવશે.

જે અજીવ વસ્તુ છે, તે રૂપી અને અરૂપી એ બે પ્રકારે વેહેંચાએલી છે. જેમાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શ હોય તે રૂપી અને જેમાં તે માંહેલું કાંઇ પણ ન હોય તે અરૂપી કહેવાય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ એ ચાર અરૂપી છે. તેમાં રૂપ, રસ, ગંધ કે સ્પર્શ, તે માંહેલું કાંઇ પણ ન હોવાથી સામાન્ય મનુષ્યો તેના કાર્યથી તેને જાણી શકે છે. આપણને ચાલવામાં ધર્માસ્તિકાયની મદદની જરૂર પડે છે, ધર્માસ્તિકાયની મદદ હોય તોજ આપણે ચાલી શકીએ. આ ચાલવા રૂપ કાર્યથી અનુભવાતો ધર્માસ્તિકાય એક સામાન્ય મનુષ્યોને ચર્મચક્ષુથી ન જાણી શકાય તેવો અરૂપી અજીવ પદાર્થ છે, એમ સામાન્ય મનુષ્યો જાણી શકે છે. અધર્માસ્તિકાયમાં રૂપ, રસ કે સ્પર્શ નથી તેને ચર્મચક્ષુવાળા જોઇ શકતા નથી. જડ, ચૈતન્ય–ઉભય પદાર્થને સ્થિર રાખવામાં તે મદદ કરે છે અને તેથીજ સામાન્ય મનુષ્યો તેને જાણી શકે છે કે, અધર્માસ્તિકાય એક પદાર્થ છે. આ બંને પદાર્થોની હૈયાતીના નિર્ણય માટે અલ્પજ્ઞને તેવા પ્રમાણિક, સત્ય વક્તા જ્ઞાનીના વચનો ઉપર શ્રદ્ધા રાખ્યા શિવાય છુટકોજ નથી.

આ જડ–ચેતન ઉભય પદાર્થો છે, તેમ ચર્મચક્ષુ અલ્પજ્ઞ મનુષ્યો માને કે ન માને, છતાં તે પદાર્થો પોતપોતાનું કાર્ય બજાવે જાય

છે. તે પર શ્રદ્ધા રાખો કે ન રાખો, છતાં જે જ્ઞાનીઓ છે, તે તો વિદ્યમાન વસ્તુને 'વિદ્યમાન છે' એમ કહેવાનાં. દુનિયાના જીવો માને કે ન માને છતાં જ્ઞાનીઓએ તો સત્ય પ્રકાશવુંજ જોઇએ.

આકાશ અરૂપી છે. આકાશમાં રંગ, બેરંગી આકાર દેખાય છે, તે આકાશ નથી. મેઘનાં વાદળાંઓ, ઇંદ્ર, ધનુષ્ય કે ચંદ્ર સૂર્યાદિ આકાશ નથી. આકાશમાં દેખાતી કાળિમા ( કાળાશ ) તે આકાશ નથી, તે તો આકાશમાં રહેલ રૂપી પુદ્ગલ દ્રવ્યની આકૃતિઓ છે. કેવળ પોલાણનેજ આકાશ એવી સંજ્ઞા આપવામાં આવે છે. તે કેવળ પોલાણ રૂપ આકાશમાં રૂપ, રસ, ગંધ કે સ્પર્શ કાંઇ નથી. જડ ચૈતન્યને જવા આવવાનો અવકાશ આપે તે આકાશ કહેવાય છે. તેનું કાર્ય અવકાશ આપવાનું છે. પૂર્ણ જ્ઞાનીઓ જ્ઞાન-દર્શનથી તેને જાણી શકે છે, પરંતુ સામાન્ય મનુષ્યો તેના અર્થથી તેને જાણી શકે છે.

**કાળ**—એ અરૂપી વસ્તુ છે. સૂર્યના પરિભ્રમણથી નિર્ણય કરાતા દિવસ, માસ, વર્ષ આદિ વિભાગને **કાળ** કહે છે. પણ તે માત્ર ઔપચારિક કાળ છે. જે પદાર્થોને નવા પુરાણા કરવાનું સામર્થ્ય ધરાવે છે, તે તાત્ત્વિક કાળ છે. અર્થાત્ જે અન્ય કારણની મદદ વિના પદાર્થોમાં નવાપણું અને પુરાણાપણું થાય છે, તે કાળ કહેવાય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ. આ ચાર પદાર્થો અરૂપી, જડ અથવા અજીવ પદાર્થો છે.

જે પુદ્ગલ છે, તે રૂપી જડ પદાર્થ છે. તેને અજીવ પણ કહેવામાં આવે છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરમાણુ પણ પુદ્ગલ છે. તેવા અનેક પરમાણુઓ એકઠા થવાથી નાના પ્રકારની દૃશ્ય આકૃતિઓ બને છે. આ આકૃતિઓ કેટલીક કુદ્રતપણે વા સ્વાભાવિક પોતાની મેળે બને છે. અને કેટલીએક મનુષ્ય પ્રયત્નથી કે મનુષ્યની મદદથી બને છે. તેઓમાંની કેટલીક સામાન્ય મનુષ્યોના નેત્રોથી જોઇ શકાય છે. પરમાણુઓમાં તેવો સંયોજન અને પલટણ સ્વભાવ રહેલો છે કે જેથી તેઓ પોતાની મેળે પણ તેમ બની જાય છે.

ભદ્ર ! આવા પરમાણુઓ કેટલા છે અને ક્યાં રહે છે ? તે વિષે પુછવુંજ નહિ. જ્યાં દેખો ત્યાં તેજ છે. તે અસંખ્યાત અને અનંતા છે. તેમનું સંયોજન જીવોની સાથે થયેલું છે, તે શિવાય તેઓ

છુટાં પણ ઘણાં છે. આ સંસારચક્રમાં રહેલો કોઇ પણ જીવ આ પુદ્‌ગલોથી સદા વિયોજિત નથી અને જેઓ એ પુદ્‌ગલોથી સર્વથા વિયોજિત થયેલા છે, તેઓ પરમ પદને પામેલા સિદ્ધના જીવો કહેવાય છે. સિદ્ધના જીવોને ફરી પુદ્‌ગલોથી સંયોજિત થવાનો વખત કદિ પણ આવવાનો નથી. સંસારી દરેક જીવો સદા એ પુદ્‌ગલોથી વીંટાએલા છે. તેઓ પુદ્‌ગલોની વૃદ્ધિ, હાનિ અને આકૃતિના પ્રમાણમાં જુદી જુદી જાતિઓમાં વહેંચાએલા છે. તેઓના આહાર, શરીર, મન, ઇંદ્રિય, વચન, શ્વાસોચ્છ્વાસ અને કર્મો તે સર્વે આ પુદ્‌ગલોનાંજ બનેલાં છે, સોનું, રૂપું, આદિ ધાતુ અને સર્વ ખનીજ પદાર્થો એ પૃથ્વીકાય જાતિના એકેં-દ્રિય જીવ, અપ્‌કાય જાતિના એકેંદ્રિય જીવ, અગ્નિકાય, સર્વ પ્રકારના વાયુકાય જાતિના અને સર્વ વનસ્પતિકાય જાતિના એકેંદ્રિય જીવો કે જે સર્વના શરીરો આ પુદ્‌ગલ પિંડમાંથી બનેલા છે. અથવા એ પુદ્‌ગલો તે જીવોની સાથે સંયોજિત થયેલા છે. તે શિવાય બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચતુરિંદ્રિય, પંચેંદ્રિય જીવોના શરીરો પણ એ પુદ્‌ગલોનાજ બનેલા છે. તે પુદ્‌ગલ શબ્દની વ્યાખ્યા ટુંકામાં આ પ્રમાણે છે. જેમાં થોડું કે ઝાઝું ગમે તે જાતનું રૂપ હોય, જેમાં થોડો કે ઝાઝો ગમે તે જાતનો રસ તેમજ ગંધ હોય અને જેમાં થોડો કે ઝાઝો સ્પર્શ હોય તે પુદ્‌ગલ કહેવાય છે. ભદ્ર! તમે આ દૃશ્ય જગત્ તરફ દૃષ્ટિ કરો. કોઈ પણ દૃશ્ય વસ્તુને જોવો તો તમને કોઈ પણ વસ્તુ રૂપ, રસ, ગંધ કે સ્પર્શ વગરની દેખાશે નહિ. આખી દુનિયામાં ફરી વળો તો તેજ નજરે આવશે. આ ઉપરથી તમારા સમજવામાં સ્પષ્ટ રીતે આવ્યું હશે કે આ જગત્ શું છે? જડ અને ચેતન–એ બે વસ્તુજ છે. કેટલાએક જડ પુદ્‌ગલો–અજીવ અને કેટલાએક જડ ચેતન મિશ્રિત–સજીવ એ બે શિવાય બીજું કાર્ય નથીજ. આ સર્વ તેનોજ વિસ્તાર છે. આ સર્વ ચિત્રવિચિત્ર દેખાવ તે જડ–ચેતનથી દૃશ્યમાન છે."

મહાત્માના આ વચનોથી બંને તરુણ શ્રાવકો ખુશી થઈ ગયા અને સત્યચંદ્ર નીચેનું પદ્ય બોલ્યો.

### गीतिः

" श्रीज्ञानांभोनिधये भारतभव्योपकारिणे सततम् ।
भववनभंजनकारिणे नमस्त्रिसंध्यं सदा महागुरवे " ॥१॥

“જ્ઞાનના સમુદ્રરૂપ, ભરતક્ષેત્રના ભવ્ય પ્રાણીઓના નિત્ય ઉપકારી, અને આ સંસારરૂપ વનને ભાંગવામાં હસ્તી રૂપ એવા મહાગુરૂને ત્રિકાળ વંદના છે.” ૧

આ પદ્યથી સ્તુતિ કરી પછી બંને બોલ્યા. “ભગવન્! આપના ઉપદેશથી આ જગત્‌નું સ્વરૂપ અમારા સમજવામાં આવ્યું. હવે આ જગત્‌માં જે વિચિત્રતા રહેલી છે તે કારણ સાથે સમજાવો.

**આ વિચિત્રતાનું કારણ શું?** મહાત્મા બોલ્યા–ભદ્ર! સાવધાન થઈને સાંભળો. આ વિષે પ્રથમ મેં તમને ઇસારારૂપે જણાવ્યું છે, છતાં પુનઃ સંક્ષેપમાં સાંભળો. આ જગતમાં સુખી, દુઃખી, જ્ઞાની, અજ્ઞાની, રાજા, રંક, રોગી, નીરોગી, શોક, આનંદ, રાગી, વિરાગી, પુરૂષ, સ્ત્રી, નપુંસક, દેવ, નારક, તિર્યંચ વગેરે જે નાના પ્રકારની વિચિત્રતા દેખાય છે, તેનું કારણ શું છે? તે તમને વિચાર કરવાથી જણાઈ આવશે. આ વિચાર તમોને તત્ત્વદર્શનને માટે ઘણોજ ઉપયોગી છે. ‘આ જગત્ શું છે?’ તે તમે સમજ્યા છો. આ જગત્‌માં જડ અને ચેતન બે વસ્તુ છે. તેનાથી આત્મા ભિન્ન છે. તેને જડ વસ્તુ ઉપર જેટલું મમત્વ થાય છે, તે ઇષ્ટ વસ્તુના રાગથી થાય છે અને જે દ્વેષ તથા ઇર્ષ્યા થાય છે, તે અનિષ્ટ વસ્તુની અપ્રીતિથી થાય છે. જે વસ્તુ ઉપર આત્માને રાગ દ્વેષ થાય છે, તે વસ્તુ સાથે આત્મા તદાકારે પરિણમે છે, તન્મય થઈ જાય છે, અને તે તે પ્રકારે આત્મા નવીન કર્મનો બંધ કરે છે. જેવે જેવે કે જેટલે જેટલે રસે આત્મા પરણમ્યો હોય–તદાકાર થયો હોય તેવે તેવે પ્રકારે તેનો રસ પાડે છે અને તેવે તેવે પ્રકારે તેને કર્મનો સ્વભાવ બંધાય છે અને તેવે તેવે પ્રકારે કર્મની સ્થિતિ સ્થાપિત થાય છે. તે પછી જ્યારે જ્યારે તે કર્મ ઉદય આવે છે, ત્યારે ત્યારે તે તે કર્મ ભોગવવા માટે નાના પ્રકારના આકાર ધારણ કરવા પડે છે. આ આકાર ધારણ કર્યો, કે તરત કર્મ ઉદય આવ્યા, એટલે વિચિત્રતાની શરૂઆત થઇ ચૂકી. આથી ફલિતાર્થ એ થયો કે, આ વિચિત્રતાનું મૂળ કારણ ઈષ્ટાનિષ્ટ પદાર્થોપર પરિણામની વિષમતા થવી તે છે. આ વિષમતા એકજ જાતની અને એકજ સરખી હોતી નથી. એક નાના સરખા કાર્યમાં પણ અનેક જાતના પરિણામની તારતમ્યતાવાળી વિષમતા જોવામાં આવે છે, જેમ કેઃ—

કોઇ છ વટેમાર્ગુઓ જંગલ તરફ ચાલ્યા જતા હતા. તે જંગલમાં જાંબૂનાં વૃક્ષો ઘણાં હતાં. વખત પણ લગભગ જેઠ–અસાડ મહિનાનો હતો, તેથી જાંબૂનાં ફળો પાકી ગયા હતા, તે વૃક્ષ નીચે કેટલાએક ફળોના ઢગલા જોવામાં આવતા હતા. આ વખતે પેલા છ મુસાફરોને તે જાંબૂનાં ફળ ખાવાની ઈચ્છા થઇ, એટલે એક પુરૂષ બોલ્યો કે, "આપણી પાસે કુઠાર તૈયાર છે, તેથી આ જાંબૂના વૃક્ષને મૂળમાંથી કાપી નાંખીએ, તો વૃક્ષ નીચું પડશે, એટલે આપણને શાંતિથી અને સ્હેલાઇથી જાંબૂનાં ફળ ખાવા મળશે."

બીજા પુરૂષે જણાવ્યું. "એમ શા માટે કરવું પડે ? એક મોટી મજબૂત ડાળ કાપી નાંખો, તે નીચે પડશે એટલે આપણે જાંબૂ વીણી ખાઇશું. જો ઝાડ કાયમ હશે તો ફરી નવાં જાંબૂ પણ આવશે.

ત્રીજો પુરૂષ બોલ્યો "એવી મોટી ડાળ પણ શા માટે કાપવી પડે ? નાની નાની ડાળીઓ કાપી નાંખો એટલે આપણને તેમાંથી જાંબૂ મળશે. કાંઇ મોટી ડાળના લાકડા ઉપર જાંબૂ હોતાં નથી નાહક વૃક્ષને તેવું નુકશાન શા માટે કરવું જોઇએ ?

ચોથો પુરૂષ બોલ્યો–નાની ડાળીઓ પણ શા માટે કાપવી જોઇએ ? જ્યાં જ્યાં જાંબૂ લાગેલાં છે, તેવા નાના ગુચ્છાઓ કાપી નાંખો એટલે આપણું કામ સિદ્ધ થશે.

પાંચમો પુરૂષ બોલ્યો–"તમારા બોલવામાં પણ હજુ સુધારો કરવા જેવું છે. નાના ગુચ્છાઓ કાપી નાંખવાથી કેટલાએક પાંદડાંઓ અને કાચાં જાંબૂ નિરર્થક થવાનો સંભવ છે, તેથી આપણામાંથી કોઈ ઉપર ચડી જાઓ અને જ્યાં જ્યાં પાકાં જાંબૂ હોય તે વીણી લ્યો. એમ કરવાથી આપણને જાંબૂ મળશે અને ઝાડનાં ડાળાં તથા પાંદડાંને પણ નુકશાન નહિ પહોંચે."

છઠ્ઠો પુરૂષ બોલ્યો–"આપણને પાકા જાંબૂની જરૂર છે, તો આ વૃક્ષ નીચે પાકા જાંબૂઓ જોઇએ તેટલા પડેલા છે, જે જાંબૂને માટે તમે આટલી બધી મેહેનત કરો છો, તેવા પાકા જાંબૂઓ આપણને અનાયાસે મળે છે, માટે નીચે પડેલાઓ વીણી ખાઓ."

આ દૃષ્ટાંત ઉપરથી સમજાશે કે, એકજ કાર્યને માટે મનુષ્યોના તારતમ્યવાળા વિવિધ વિચારો જોવામાં આવે છે. આવા પરિણામે

માનસિક વિચાર ક્લિષ્ટ, ક્લિષ્ટતર અને ક્લિષ્ટતમ અથવા જઘન્ય કે ઉત્કૃષ્ટ જેટલા પ્રમાણમાં પ્રબળ કે નિર્બળ હોય, તીવ્ર કે મંદ હોય તેટલાજ પ્રમાણમાં તીવ્ર કે મંદ એવા કર્મનો બંધ થાય છે અને તેનો ઉદય આવેલો કર્મવિપાક પણ તેટલોજ તીવ્ર કે મંદ હોય છે.

દૃષ્ટાંત તરીકે લીંમડાનો રસ કડવો છે અને શેરડીનો રસ મીઠો છે. તે બંને જાતનો એક શેર રસ લીધો હોય અને તેને જુદો જુદો ઉકાળી એક રૂપીઆભાર બાકી રાખ્યો હોય, તે એક રૂપીઆભાર કડવાશ કે મીઠાશમાં તમે તપાસ કરશો તો એક શેર રસની અપેક્ષાએ આ રૂપીઆ ભાર રસમાં ચાલીશગણી કડવાશ કે મીઠાશ જણાશે. હવે તે શેર રસમાં એક મણ પાણી નાંખો તો તમને એક શેર રસમાં જે કડવાશ કે મીઠાશ જણાતી હતી કે લાગતી હતી તેના કરતાં ચાલીશગણી કડવાશ કે મીઠાશ આ રસમાં ઓછી લાગશે. આ પ્રમાણે કર્મ કરતી વખતે જેવા જેવા તીવ્ર કે મંદ પરિણામ (આશય-વિચાર અથવા અધ્યવસાય) હોય તેના પ્રમાણમાં તે જીવ તીવ્ર કે મંદ સુખદુઃખનો અનુભવ કરશે; માટેજ મહાત્મા પુરૂષો વારંવાર પોકારીને જગત્‌ના જીવોને ચેતાવે છે કે, તમે સાવધાન થાઓ. ક્લિષ્ટ કર્મો નહિ કરો. તમને પશ્ચાત્તાપ થશે, ખેદ થશે, દુઃખ થશે, તમે રીબાશો; અત્યારે તમે હસતાં હસતાં કર્મ બાંધો છો, પણ તે કર્મનાં ફળ પછી રોતાં રોતાં ભોગવવાં પડશે. તે ભોગવ્યા વિના તમારો કદિ પણ છુટકારો થવાનો નથી.

ભદ્ર ! એ તીવ્ર, મંદ કે ક્લિષ્ટાદિ પરિણામે (અધ્યવસાયે) ગ્રહણ કરેલા કર્મના પુદ્‌ગલો આઠ ભાગે વ્હેંચાઈ જાય છે. તીવ્ર, મંદ કે ક્લિષ્ટ અધ્યવસાય થયો, તેવે ભાવે કાંઇ બોલાયું અથવા તેવે ભાવે કાંઈ કાર્ય કે ક્રિયા કરવામાં આવી કે તરતજ એ જીવ તેવાં શુભ કે અશુભ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે અને પછી તેને કર્મપણે બાંધે છે-ગોઠવે છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય-આ આઠ કર્મપણે તે પુદ્‌ગલો વ્હેંચાઈ જાય છે. તે કર્મો આત્માની સત્તા-સામર્થ્યનો નાશ નથી કરી શકતા, પણ તેને દબાવી નાંખે છે. તે એટલા જોરથી આત્માના ગુણને દબાવે છે કે બીજા અજાણ્યાને એમજ ભાન થાય છે કે આપણા

આત્મામાં કાંઈ ગુણ નથી અથવા તો આપણા આત્માના ગુણનો નાશ થયો છે.

## કર્મોનું સામર્થ્ય.

૧. જ્ઞાનાવરણીય કર્મમાં આત્માના વિશુદ્ધ જ્ઞાનગુણને દબાવાનું સામર્થ્ય છે. આ કર્મના પ્રબળ ઉદયથી જાણવાનું, પૂર્વાપર વિચાર કરવાનું, સત્યાસત્ય નિર્ણય કરવાનું, અને ટુંકામાં કહીએ તો હસ્તામલકની માફક સર્વ વસ્તુને જાણવાનું સામર્થ્ય દબાઈ જાય છે. આ કર્મ સર્વથા આત્મગુણોને દાબી શકતું નથી. કારણ જો એમ બને તો આત્મા જડસ્વરૂપ યા જડવત્ થઈ જાય પણ જેટલા પ્રમાણમાં તેનું વધતું ઓછું દબાણ હોય તેટલા પ્રમાણમાં જ્ઞાનના ગુણની વૃદ્ધિ–હાનિ થાય છે.

૨. દર્શનાવરણીય કર્મ આત્માના દર્શન ગુણોને દબાવે છે. આ કર્મના ઉદયથી આંખે અંધતા, કાને બધિરતા, નાસિકાએ ગંધની બેમાલુમતા, જીંહાથી રસનું અજ્ઞાન અને ત્વચાથી ઠંડા, ઉનાના નિર્ણયનો અભાવ થઈ જાય છે. નિદ્રા આવવી, ઇંદ્રિયોની અપેક્ષા શિવાય આત્મવિશુદ્ધિથી થતું મર્યાદાવાળું કે પૂર્ણ, સામાન્ય રીતે વસ્તુનું જ્ઞાન થતું નથી. આ સર્વ દર્શનાવરણીય કર્મનું પરિણામ છે. આ કર્મ ઉદયપણે જેટલું તીવ્ર કે મંદ હોય તેના પ્રમાણમાંજ તે આત્માના દર્શનગુણને દબાવે છે.

૩. વેદનીય કર્મ આત્માના અનંત સુખને દબાવે છે. વેદનીય કર્મના ઉદયથી જીવ નાના પ્રકારના પુદ્ગલિક સુખ દુઃખનો અનુભવ કરે છે. દૈવિક વૈભવ અને માનુષી ઐશ્વર્ય–એ શુભ વેદનીયનો ઉદય છે અને નાના પ્રકારના માનસિક શારીરિક દુઃખ તે અશુભ વેદનીયનો ઉદય છે. તીવ્ર કે મંદ જેવો વેદનીય કર્મનો ઉદય હોય, તેવો તીવ્ર કે મંદ સુખ દુઃખનો અનુભવ થાય છે.

૪. મોહનીય કર્મ આત્માના અનંત આનંદને તેમજ યથાખ્યાત ચારિત્રપણાને દબાવે છે. આ કર્મના ઉદયથી જીવોમાં, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, હર્ષ, ખેદ, ભય, શોક, દુગંછા, વિષયવાસના, અને સત્યનું અશ્રદ્ધાન વગેરે દુર્ગુણો પ્રગટ થાય છે અને આત્મસંયમની ઇચ્છા પણ થતી નથી, કદાચ ઇચ્છા થાય છે તો તે પ્રવૃત્તિ

કરી શકાતી નથી. આ કર્મનો મંદ કે તીવ્ર જેવો ઉદય હોય તેના પ્રમાણમાં તે તે દુર્ગુણોની હાનિ–વૃદ્ધિ થાય છે.

૫. આયુષ્ય કર્મ–આત્માના સાદિ અનંત સ્થિતિ ગુણનો નાશ કરે છે–દબાવે છે. આયુષ્ય કર્મના ઉદયથી જીવ, દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકીના ભવોને વિષે આવી વસે છે. પોતાની ઇચ્છા તે તે ભવમાં રહેવાની હોય કે ન હોય તથાપિ તે તે ભવમાં તે તે કર્મના ઉદયને અનુસારે તેને ત્યાંજ રહેવું પડે છે.

૬. નામ કર્મ આત્માના અગુરૂ લઘુપણાના ગુણને દબાવે છે. નામ કર્મના ઉદયથી જીવ માન, અપમાન, કીર્તિ, અપકીર્તિ પામે છે અને ત્રસ, સ્થાવર વગેરે અનેક ઉચ્ચ તથા નીચ નામથી બોલાવાય છે, પોતે આત્મા છતાં, એકેંદ્રિય, બેઇંદ્રિય તથા પંચેંદ્રિયાદિ વ્યપદેશ પામે છે. આ નામ કર્મ એકસોને ત્રણ પ્રકારે જુદાં જુદાં ભેદમાં વહેંચાયેલ છે.

૭. ગોત્રકર્મ આત્માના અરૂપી ગુણને દબાવે છે. ગોત્રકર્મના ઉદયથી જીવને ઉચ્ચ નીચ ગોત્રમાં ઉત્પન્ન થવું પડે છે. અને ઉચ્ચ નીચ ગોત્રથી બોલાવતાં તેને ઘણી વખત અસહ્ય માનાપમાન અને સુખદુઃખ અનુભવવાં પડે છે.

૮. અંતરાય કર્મ–આત્માના અનંતવીર્ય ગુણને દબાવે છે. અંતરાય કર્મના ઉદયથી જીવને ઇચ્છિત વસ્તુ મળતી નથી. પોતાની પાસે વસ્તુ છતાં તે બીજાને દયાની લાગણી છતાં આપી શકતો નથી. અને પોતે તે વસ્તુનો પોતાના ભોગમાં એક વાર કે અનેક વાર ઉપભોગ કરી શકતો નથી. અને પોતાનામાં સામર્થ્ય છતાં તેને યોગ્ય સ્થળે ફોરવી શકતો નથી.

આ પ્રમાણે આઠ કર્મ આત્માના તાત્ત્વિક આઠ ગુણને દબાવે છે. સત્ય કે તાત્ત્વિક તત્ત્વથી વિમુખ થયેલા જીવો આત્મગુણને ભુલી જઈ વિશેષ નવીન કર્મનો બંધ કરી ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે.

ઉપર કહેલા આઠ કર્મના બંધના ચાર પ્રકાર છે. ૧ પ્રકૃતિ, ૨ સ્થિતિ, ૩ રસ અને ૪ પ્રદેશ. દરેક કર્મનો બંધ તેની પ્રકૃતિ–સ્વભાવ, તેની સ્થિતિ, તેનો રસ અને તેના પ્રદેશ–એ ચાર પ્રકારે થાય છે તે ઉપર પાકના લાડુનું દૃષ્ટાંત અપાય છે. જેમ લાડુ

ત્રિકટુનો બનાવેલો હોય એટલે સુંઠ, મરી, પીપરનો બનાવેલો હોય તે વસ્તુનો સ્વભાવ વાયુહરણ, પિત્તહરણ આદિ છે તેજ પ્રમાણે કર્મનો સ્વભાવ છે. તે પંદર દિવસ પહોંચી શકે એ કાળ માનની સ્થિતિ છે. લાડુના સ્વભાવની જેમ કર્મ બંધમાં પણ કોઇ કર્મનો સ્વભાવ જ્ઞાનગુણને દબાવવાનો હોય છે તો કોઇ કર્મનો સ્વભાવ વીર્યગુણને દબાવવાનો હોય છે. જેમ લાડુની સ્થિતિ અમુક દિવસની હોય છે, તેમ કોઇ કર્મની સ્થિતિ મહિનાની હોય છે, કોઇ કર્મની સ્થિતિ બે ઘડીની હોય છે, કોઇની પચીશ, પચાશ કે સો વર્ષની હોય છે અને કોઇ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ, ત્રીશ કે સીત્તેર કોડાકોડી સાગરોપમની હોય છે. તે સ્થિતિબંધ છે.

જેમ લાડુમાં રસનું માપ હોય છે એટલે કોઇ લાડુમાં તેના લોટના દળથી બમણી કે ચાર ગણી મીઠાશ હોય છે, અને અમુક ગણી કડવાશ કે તીખાશ હોય છે, તેમ કોઇ કર્મનો સુખરૂપ રસ મીઠો અને દુઃખ રૂપ રસ કડવો તે કર્મદળના પ્રમાણથી બમણો, ચારગણો કે દશ ગણો અથવા હજાર કે લાખ ગણો પણ વધારે હોય છે. આ જગતમાં ઘણાં મનુષ્યો નજરે પડે છે કે, જેઓ ઘણા થોડા વખતમાં ઘણું અસહ્ય દુઃખ ભોગવે છે અને ઘણાં મનુષ્યોને તે કડવા કર્મદળના પુદ્‌ગલો વિશેષ હોવાથી તેમજ રસ પણ વિશેષ હોવાથી તેઓ ઘણા લાંબા વખત સુધી રીબાય છે, ઝુરે છે અને નજરે દેખી શકાય નહિ તેવી અસહ્ય વેદના સહે છે. તે રસબંધ છે. તથા જેમ કોઇ લાડવો વજનમાં પાશેર, અડધોશેર હોય છે તેમ કોઇ કર્મના પ્રદેશ ગણત્રીમાં થોડા તો કોઇ ઘણા હોય છે તે પ્રદેશબંધ છે.

"ભદ્ર! આજ સર્વ જગત્‌ની વિચિત્રતા છે. એ સર્વ વિચિત્રતા કર્મની વિચિત્રતા ઉપર આધાર રાખે છે. જો ઠેકાણે ઠેકાણે દૃષ્ટિ ફેરવશો તો આ કર્મની વિચિત્રતાને નહિ અનુભવતો હોય એવો એક પણ દેહધારી પ્રાણી જીવ જોવામાં નહિ આવે. આ કર્મની વિચિત્રતા પણ ઇષ્ટાનિષ્ઠ વસ્તુ ઉપર જે રાગદ્વેષ રૂપ વિષમ પરિણામ ઉત્પન્ન થાય છે, તેના ઉપર આધાર રાખે છે. આ સર્વ કહેવાથી 'જગત્‌ની વિચિત્રતાનું કારણ શું?' એ મહાવાકયનો ફલિતાર્થ એટલો થયો કે,

રાગદ્વેષ રૂપ વિષમ પરિણામ ( અધ્યવસાય ) તે આ વિચિત્રતાનું કારણ છે. ”

મહાત્માના આ વચનો સાંભળી શ્રાવક શોધકચંદ્ર અને સત્યચંદ્ર અત્યંત પ્રસન્ન થઇ ગયા. તેઓ આ પ્રમાણે અંજલિ જોડી બોલ્યા–“ ભગવન્ ! આ પ્રશ્નનું પૂરેપૂરૂં સમાધાન થઇ ગયું છે. આ જગતની વિચિત્રતાનું સ્વરૂપ અને કર્મોનું સ્વરૂપ તથા સામર્થ્ય અમારા સમજવામાં આવી ગયું છે. આપની ઉપદેશ વાણી હૃદયના સંશયોને છેદનારી અને અમૃતની ધારાની જેમ પરમ તૃપ્તિ આપનારી છે. ભગવન્ ! હવે અમોને પરમશાંતિનો માર્ગ દર્શાવો. આ જગત્માં સંસારી જીવોને કેવી રીતે પરમશાંતિ મળે ? અને કેવા સાધનોથી પરમશાંતિની પ્રાપ્તિ થાય ? તે ઉપાય કૃપા કરી દર્શાવો. આપના જેવા પરોપકારી મહાત્માનો સમાગમ કલ્પવૃક્ષની જેમ સર્વ સુખોને આપનારો છે. ”

બંને શ્રાવકોનાં આવાં વચન સાંભળી મહાત્મા આનંદના અંકુરો પ્રગટ કરતાં બોલ્યા. “ ભદ્ર ! તમારી જિજ્ઞાસા જોઇ મને અત્યંત સંતોષ થાય છે. ભવ્ય અને પુણ્યાત્મા જીવોનાં જેવાં લક્ષણો જોઇએ, તેવાં લક્ષણો તમારી જિજ્ઞાસા ઉપરથી જણાઇ આવે છે. તમારા જેવા ઉત્તમ અધિકારીને સંભળાવેલી ઉપદેશવાણી સર્વ રીતે સાર્થક થાય છે. ઉપદેશ્ય પુરૂષોની યોગ્યતા ઊપદેશકના હૃદયમાં અતિ ઉત્સાહ ઉત્પન્ન કરે છે. હવે હું તમોને પરમશાંતિ શાથી મળે તે વિષે કહું છું; તે તમે સ્થિર ચિત્તથી સાંભળજો.

## પરમશાંતિ શાથી મળે ?

આ જગતમાં પરમશાંતિની પ્રાપ્તિના બે માર્ગ છે. એક જ્ઞાનમાર્ગ અને બીજો ક્રિયા માર્ગ. તેમાં જે જ્ઞાનમાર્ગ છે, તે નજીકનો માર્ગ છે, પણ તે માર્ગે કોઇ વિરલા જીવોજ જઇ શકે છે. તે જ્ઞાન માર્ગમાં જ્ઞાનની મુખ્યતા છે, છતાં તેમાં પણ અંતર ક્રિયા રહેલી છે. બીજો ક્રિયા માર્ગ જ્ઞાનમાર્ગના કરતાં સ્હેલો છે. તેમાં ક્રિયાની મુખ્યતા છે છતાં પણ તેમાં જ્ઞાન ગૌણ રૂપે રહેલ છે. જ્ઞાન અને ક્રિયાનો પરસ્પર સંબંધ છે. તે એકલા કદિ પણ રહી શકતા નથી. કોઇ વખતે જ્ઞાનની મુખ્યતા તો ક્રિયાની ગૌણતા અને કોઇ વખતે

ક્રિયાની મુખ્યતા તો જ્ઞાનની ગૌણુતા, પણ એ જોડું કાયમ સાથેજ રહે છે, છતાં જ્ઞાનમાર્ગ અને ક્રિયામાર્ગ-એ કહેવાનો આશય એવો છે કે, જ્ઞાનની મુખ્યતા તે જ્ઞાનમાર્ગ અને ક્રિયાની મુખ્યતા તે ક્રિયામાર્ગ એમ જાણવાનું છે.

ભદ્ર! તેમાં જ્ઞાનમાર્ગને માટે એક પદ્ય આ પ્રમાણે છેઃ—

" अलिप्तो निश्चयेनात्मा लिप्तश्च व्यवहारतः ।

शुद्धयत्यलिप्तया ज्ञानी क्रियावान् लिप्तया दशा ॥ १ ॥

" આત્મા ( હું ) નિશ્ચયનય વડે લેપાએલો નથી, વ્યવહારનયથી લેપાએલો છું " આવી નિર્લેપ દૃષ્ટિવડે જ્ઞાની શુદ્ધ થાય છે અને 'આત્મા (હું) બંધાએલો છું' આવી દૃષ્ટિવડે ક્રિયા કરનારો શુદ્ધ થાય છે. " ૧

જ્ઞાનમાર્ગમાં આ પ્રમાણે ચિંતવવાનું છે. " સિદ્ધ પરમાત્માનું જે સ્વરૂપ છે, તે શુદ્ધ સ્વરૂપ છે. તેમને ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ આ પાંચ શરીર માંહેલું એક પણ શરીર નથી. તેઓ કેવળ આત્મ સ્વરૂપ, પરમજ્યોતિમય છે. શરીરજ ન હોવાથી જન્મ, મરણ, શોક, આધિ, વ્યાધિ, ઉપાધિ, આહાર, અને નિહાર પ્રમુખ કોઇ પણ શરીરના ધર્મો લાગુ પડતાં નથી. તેઓમાં અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત આત્મિક સુખ, અનંત ચારિત્ર, અનંત સ્થિતિ, અગુરૂલઘુ, અરૂપી અને અનંત આત્મિક વીર્ય. આ આઠ આત્મિક ગુણો રહેલા છે. જેવું આ સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ છે, તેવુંજ આ સર્વ જીવોનું સત્તા સ્વરૂપ છે. તે સત્તા સ્વરૂપ સાથે કે સિદ્ધ પરમાત્માના સ્વરૂપ સાથે વારંવાર પોતાના વર્ત્તમાનકાળના સ્વરૂપની સરખામણી કરે અને જ્યાં જ્યાં તે સત્તાના સ્વરૂપમાં ન્યૂનતા દેખાય ત્યાં ત્યાં તે ન્યૂનતા પૂર્ણ કરવા માટે અહોનિશ પ્રયત્ન કરે, નિરંતર આત્મ ઉપયોગમાં જ રહ્યા કરે, થોડો વખત પણ વિશુદ્ધ સ્વરૂપ ભૂલે નહિ, મનમાં ઉત્પન્ન થતી પરપરિણુતિ-આત્માના સ્વરૂપ શિવાયની વૃત્તિઓને જેમ બને તેમ દૂર કરી કેવળ શુદ્ધ સ્વરૂપ થઇ રહે. આવી રીતે અહર્નિશ જ્ઞાન સ્વરૂપ-શુદ્ધ સ્વરૂપની જાગૃતિ અને પરસ્વરૂપની વ્યાવૃત્તિ આવી રીતે મુખ્ય જ્ઞાન અને ગૌણુ આંતરક્રિયારૂપ માર્ગમાં પ્રવૃત્તિ કરતાં કર્મનો સર્વથા

ક્ષય કરી શુદ્ધ સત્તારૂપ સ્વસ્વરૂપ પ્રગટ કરે તે જ્ઞાન માર્ગ છે. આ જ્ઞાન માર્ગ નિવૃત્તિનો-પરમશાંતિનો સરલ માર્ગ છે, પણ તે બહુ વિકટ છે, તે સર્વ મનુષ્યને યોગ્ય નથી પણ કોઇ વીર પુરૂષનેજ યોગ્ય છે. અનેક પ્રકારના અધિકારીઓ સ્હેલાઇથી જે માર્ગે જઇ શકે છે, તે ક્રિયા માર્ગ છે.

## ક્રિયામાર્ગ.

ભદ્ર! ક્રિયા માર્ગનું પણ શુદ્ધ સ્વરૂપ સમજવા જેવું છે. તે ક્રિયામાર્ગવાળાને પણ અંતે જ્ઞાનમાર્ગ ઉપર તો આવવુંજ પડે છે તેના સિવાય ચાલતુંજ નથી. છતાં જે માણસમાં દોડવાની શક્તિ ન હોય તેમણે ધીમે ધીમે તો ચાલવુંજ જોઇએ. એ રીતે આ ક્રિયા-માર્ગ છે. આમાં પૂર્વોક્ત જ્ઞાનમાર્ગ પણ રહેલો છે, તે સિવાય એ-કલો કામનો નથી, છતાં ક્રિયાની મુખ્યતા હોવાથી ધીમે ધીમે તે માર્ગ પણ ઘણે વખતે ઇચ્છિત સ્થાને જઇ મળે છે. આ માર્ગમાં જે ક્રિયા કરવી પડે છે, તે સર્વ ક્રિયા વિશુદ્ધ હોય છે કે અધિકારી પરત્વે શુભ હોય છે. આમાં પુણ્યબંધ પણ થાય છે, છતાં લ-ક્ષ્યબિંદુ તો સિદ્ધ સ્વરૂપ કે શુદ્ધ સ્વસત્તાજ હોય છે, તે સર્વ ક્રિયા આ સ્વરૂપપ્રાપ્તિ નિમિત્તેજ કરવી જોઇએ. શેહેર ઘણું છેટું હોય અને મુસાફર ધીમો ચાલનાર હોય તેથી પોતાના લક્ષબિંદુવાળા શેહેરમાં એકજ દિવસે તે ન પહોચી શકે તો રસ્તામાં ધર્મશાળા પ્રમુખ સ્થળે રાત્રે નિવાસ કરી વિશ્રામ લેવાની જરૂર છે. આ વિ-શ્રામથી તે પોતાના લક્ષબિંદુને ભુલ્યો હોય તેમ નજ કહી શકાય. બીજે દિવસે તે પોતાનું પ્રયાણ શરૂ કરવાનો અને તેથી અમુક મુ-દતે તે ધારેલ સ્થળે પહોંચવાનોજ. એવી રીતે આ ક્રિયામાર્ગ ધીમે ધીમે ચાલનાર હોવાથી ધર્મશાળામાં વિશ્રાંતિની માફક પરમ શાંતિ સ્થળમાં એકજ ભવે નહિ પોહોચી શકવાથી, રસ્તામાં એકાદ કે વ-ધારે દેવ, મનુષ્યના ભવ કરવા પડે તો તેથી તે લક્ષબિંદુ ચુકયો હોય તેમ ન કહેવાય; તે પોતાનો માર્ગ કાપતોજ રહે છે. ભવિ-ષ્યમાં તેવા ઉત્તમ નિમિત્તો મેળવી ફરી આગળ વધશે અને એક વખત એવો આવશે કે તે પોતાના લક્ષબિંદુરૂપ પરમ શાંતિના

મંદિરમાં જ્ઞાનવડે પહોચશે, એવી રીતે એ ક્રિયામાર્ગ મોડો પણ ઉપયોગી તો છેજ.

ક્રિયામાર્ગ કે જે પરમશાંતિના સ્થળનો એક માર્ગ છે તેમાં પ્રવેશ કરતાં પહેલાં પોતાનો ધર્મ કે લક્ષબિંદુ અને તે ધર્મ પ્રગટ કરવામાં કે લક્ષબિંદુ સ્થળે પહોચવામાં મદદ કરનાર આ બે વાતનો ચોક્કસ નિર્ણય કરવો જોઇએ, તે શિવાય લક્ષ વિનાનાં નાંખેલા તીરની માફક અને ભીષણ રસ્તે જોખમ લઈ ચાલનારની માફક તેનો પ્રયાસ નિરર્થક કષ્ટદાયક નીવડે છે. પોતાનો ધર્મ કે પોતાનું લક્ષબિંદુ "હું કોણ છું" એ સંબંધી વિવેચનથી સમજાઇ ગયું છે કે, "હું પરમસ્વરૂપ આત્મા પરમાત્મા છું," એજ મારો પરમ ધર્મ છે અને એજ મારૂં લક્ષબિંદુ કે કર્ત્તવ્ય છે.

હવે તે માર્ગમાં મદદગાર કેવા પ્રમાણિક યાને યોગ્ય છે ! તે વિચારવાની જરૂર છે. કેટલીક વખત રસ્તામાં ચોકી કરવા માટે યા રસ્તો બતાવવા માટે સાથે લીધેલો મનુષ્ય તે રસ્તાનો અજાણ હોય કે અપ્રમાણિક ( ચોર પ્રમુખ ) હોય તો પથિકને હેરાન થવું પડે છે. આવીજ રીતે પરમશાંતિના માર્ગમાં સાથે રસ્તો બતાવવા અને રક્ષણ કરવા લીધેલા ભોમીયા તરીકે દેવ અને ગુરૂ, તે પ્રમાણિક અને રસ્તાના જાણકાર હોવા જોઇએ. ખરેખર વિચાર કરતાં તમને જણાશે કે માણસને દેવગુરૂની શા માટે અને કેટલી જરૂર છે ? દેવ તે વીતરાગ, અર્હન્ કે પરમેશ્વર ગમે તે નામથી બોલાવો, તેમાં વાંધો નથી, પણ તેમણે પરમશાંતિનો માર્ગ જાણેલો અને અનુભવેલો હોવો જોઇએ, તેજ તે આપણને સત્વર રસ્તો બતાવી શકશે. અજાણ્યા વટેમાર્ગુને રસ્તો બતાવનારની જેટલી અગત્ય છે, તેથી પરમશાંતિનો માર્ગ બતાવનારા તેવા અર્હતોની આપણને હજારોગણી જરૂર છે. પરમશાંતિનો રસ્તો નહીં જાણનારા નામધારી દેવ બીચારા આશ્રિતોને મધ્ય અટવીમાં રખડાવે છે. તેઓ પોતે પણ પરમશાંતિનો માર્ગ જાણતાં ન હોવાથી તેના આશ્રિતોને તેવે રસ્તે કેવી રીતે ચઢાવી શકે ? માટે સત્ય માર્ગ જાણનારની મનુષ્યોને ઘણી અગત્ય છે.

આવા નિયામકોની કે સત્ય સાર્થવાહોની ઉપર આશ્રિતને પૂર્ણ

શ્રદ્ધાન હોવું જોઇએ. પોતાના મન, વચન અને શરીર તેને અર્પણ કરી દેવા જોઇએ.

ભદ્ર, જ્યારે દેવે પૂર્ણ પરમશાંતિમાં વિશ્રાંતિ લીધી હોય અર્થાત્ આ દેહનો ત્યાગ કરી નિર્વાણ સ્થિતિમાં જઈ વસ્યા હોય, તે અવસરે તેમના બતાવેલ માર્ગે ચાલનાર ગુરૂઓનો મુખ્ય આશ્રય છે. એટલે ગુરૂ પરમશાંતિના માર્ગમાં ચાલનાર છે કે નહિ? આગળ વધે છે કે નહિ? ગુરૂ કેવળ નામધારક છે કે સાર્થક નામધારક ગુણથી ગુરૂ છે? વગેરે બાબતનો અવશ્ય નિર્ણય કરવો જોઇએ. તે શિવાય નામધારી ગુરૂઓનો આશ્રય કરવાથી આશ્રિતોને તેઓ ઇચ્છિત માર્ગે પોહોચાડી શકતાં નથી પણ ઉલટા અધ:પતન કે ઉન્માર્ગ ગમન કરાવે છે. પરમશાંતિના માર્ગમાં ગુણવાન્ ગુરૂની અવશ્ય જરૂર છે. તેમની સહાયથી થોડા વખતમાં ઘણું આગળ વધી શકાય છે. પરમશાંતિનો થોડો અનુભવતો અહિંજ થાય છે અને છેવટે નિર્વાણપદ સુધી પણ પહોચી શકે છે, માટે ઉત્તમ ગુરૂઓનો આશ્રય કરવો અને તેમના ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખવી.

એ ગુરૂ પરમત્યાગી, જ્ઞાનવાન્, સત્યાસત્યના વિવેકી, શાંતરસમાં ઝીલનાર, દયાળુ અને બોલે તે પ્રમાણે ચાલનાર હોવા જોઇએ.

ભદ્ર, આ પ્રમાણે ક્રિયામાર્ગમાં મદદ કરનારની આવશ્યકતા જણાવી હવે ક્રિયામાર્ગ બતાવવામાં આવે છે, તે ધ્યાનપૂર્વક સાંભળજો.

## ક્રિયામાર્ગનું સ્વરૂપ.

સંયમ અને તપ–આ બે ક્રિયામાર્ગ છે. તેમાં જ્ઞાન પણ સાથે હોવું જોઈએ, કારણ કે, જ્ઞાન પ્રકાશરૂપ છે. સંયમ આવતા કર્મને રોકે છે અને તપ આવેલા કર્મોને કાઢી નાંખે છે. આ ઉપર એક દ્દષ્ટાંત આપવામાં આવે છે, તે ઉપરથી તમને સ્પષ્ટ સમજાશે.

કોઈ રાજમાર્ગ ઉપર અનેક બારીબારણાંવાળો એક મેહેલ હતો. રસ્તા ઉપર ઉડતાં ધૂળ આદિના રજકણો તે બારીબારણાંવડે મેહેલની અંદર ભરાતા હતા. તે મેહેલ ઘણો સુશોભિત હતો, છતાં એ ધૂળને લઇને ઘણો ખરાબ દેખાતો હતો. તેની અંદર ગાડા ભરાય તેટલી ધૂળ ભરાઇ હતી. મેહેલની આવી દુર્દશા થયા છતાં તેનો માલિક તો ઘોર નિદ્રામાં ઘોરતો હોય તેમ સૂતો પડયો હતો

અર્થાત્ તે તેની બીલકુલ સાર-સંભાળ લેતો ન હતો. તેને ભાન પણ ન હતું કે, મારો સુંદર મેહેલ આવી દુર્દશામાં આવી પડયો છે. તે મેહેલના એક ઓરડામાં પડયો રહેતો હતો. એક દિવસે તેણે એક દીપક કર્યો. તેનો પ્રકાશ મેહેલના મધ્ય પ્રદેશમાં પડયો. તે પ્રકાશથી તેણે પોતાના મેહેલમાં ભરાએલી ધૂળ-કચરો વગેરે જોયાં તે જોતાંજ તેને ઘણો ખેદ થયો. "શું મારા મેહેલની આવી દુર્દશા?" તરતજ તેણે તે મેહેલને સાફ કરવા પ્રયત્ન કરવા માંડયો. પછી દીપક મેહેલના મધ્ય પ્રદેશમાં લાવવામાં આવ્યો, તેથી મેહેલમાં રહેલી સર્વ વસ્તુ તેના દેખવામાં આવી. પછી તરતજ મેહેલમાં ધૂળ ભરાવાનું કારણરૂપ બારી બારણાં બંધ કર્યાં અને પાવડો લઇ ખાંપી ખાંપી તે ધૂળ બહાર કાઢી નાંખવા માંડી. જ્યારે પાવડાથી લેવાય તેવી ધૂળ ન રહી, ત્યારે તેણે ઝીણી સાવરણીથી ધૂળ એકઠી કરી બહાર કાઢી નાંખી મહેલ તદ્દન સાફ કર્યો હતો.

ભદ્ર, આ દ્રષ્ટાંત ઘણું સ્હેલું અને સમજાય તેવું છે, પણ તેનો ઉપનય પણ સમજવા જેવો છે. જે મેહેલ તે મનુષ્યભવ સમજવો. જે બારી બારણાઓ તે પુણ્ય પાપને આવવાના આશ્રવ રૂપ સમજવા. જે મેહેલનો માલિક તે જીવ સમજવો. તે અજ્ઞાન નિદ્રામાં ઘેરાએલો છે. જ્યારે તે જાગ્રત થયો તે અંતરાત્મામાં આવ્યો સમજવો. જે પ્રકાશ તે જ્ઞાનદીપક પ્રગટ થયો, એમ સમજવું. જ્ઞાનરૂપ પ્રકાશના તેજની મદદથી શુદ્ધાત્માની દુર્દશા તેના સમજવામાં આવી, અર્થાત્ કર્મરૂપી ધૂળ આત્મા ઉપર લાગેલી છે. તેથી તેની અપૂર્વ શોભા (શક્તિ) નાશ પામી છે, એમ તેણે જાણ્યું. તરતજ પુણ્યપાપરૂપ ધુળને આવવાના રસ્તારૂપ બારીબારણા રૂપ આશ્રવને સંયમ રૂપ બારણાએ કરી બંધ કર્યાં અને બાહ્ય-આભ્યંતર તપશ્ચર્યા રૂપ પાવડા અને સાવર્ણીએ કરી કર્મરૂપ સર્વ ધૂળ કાઢી નાંખી આત્માનું તાત્ત્વિક સ્વરૂપ શુદ્ધ કર્યું. ભદ્ર, આ દૃષ્ટાંત ઉપરથી પરમ શાંતિનો માર્ગ સંયમ અને તપ છે, એમ સમજવું.

## સંયમ.

ભદ્ર, હવે હું તમોને સંયમનું સ્વરૂપ કહું. તે સાંભળો. પાંચ આશ્રવનું વિરમણ, પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ, ચાર કષાયનો વિજય,

અને ત્રણ દંડની વિરતિ–એવી રીતે સંયમના સત્તર ભેદ થાય છે.

પાંચ આશ્રવ વિરમણુ એટલે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ તે પાંચ આશ્રવ વિરમણુ કહેવાય છે. તે સંયમનો ટુંકો અર્થ એટલોજ થાય છે કે, આશ્રવના દ્વારને બંધ કરવા અર્થાત્ કર્મ આવવા ન દેવા કે આવતા કર્મને રોકવા. જીવની હિંસા કરવાથી, અસત્ય બોલવાથી, ચોરી કરવાથી, મૈથુન સેવનથી અને પરિગ્રહથી અનેક કર્મનું આગમન થાય છે, કારણુ કે. રાગદ્વેષ શિવાય એ માર્ગમાં પ્રવૃત્તિ થતી નથી. અને રાગદ્વેષ–એ કર્મના આગમનનું પરમ કારણુ છે. એ રાગદ્વેષની ઊત્પત્તિ અસંયમના કારણુથી થાય છે.

**અહિંસા સંયમ**–મન, વચન અને શરીરથી કોઇ પણુ જીવની હિંસા કરવી, કરાવવી, અને કરનારને અનુમોદવું, એ હિંસા કહેવાય છે, તે હિંસાનો એ નવ પ્રકારે ત્યાગ કરવો, તે **અહિંસા** સંયમ કહેવાય છે.

અહિં કોઇ પ્રશ્ન કરે કે, “ પૂર્વે કહેવામાં આવ્યું છે કે, “ આત્મા અમર છે.’ તો પછી તેની હિંસા કેમ થાય ? આ પ્રશ્નનો પરિહાર આ પ્રમાણે છે–” આ દેહ આત્માધિષ્ઠિત છે. તેની ઊપર જીવોને મમત્વભાવ છે. જેની સાથે આત્મા એકમેક થઇ રહ્યો છે અને જેનો નાશ કરવાથી આત્માને આ દેહમાંથી અન્ય સ્થળે ચાલ્યા જવું પડે છે, તે દશ પ્રાણુ ( પાંચ ઇંદ્રિયો, મન, વચન, શરીર બળ, શ્વાસોચ્છ્વાસ, અને આયુષ્ય )નો નાશ કરવો કે તેને દુઃખ ઉત્પન્ન કરવું, તે જીવહિંસા અહિ કહેવામાં આવી છે. તે દશપ્રાણુને ન હણુવા તે અહિંસા સંયમ કહેવાય છે.

૨. **સત્ય સંયમ**–ક્રોધ. લોભ, ભય કે હાસ્યથી કોઇ પણુ પ્રકારે મન, વચન અને શરીરથી અસત્ય બોલવું નહીં, બોલાવવું નહીં અને અસત્ય બોલનારને અનુમોદન ન આપવું, તે **સત્યસંયમ** કહેવાય છે.

૩. **અચૌર્ય સંયમ**–માલીકની રજા સિવાય કોઇ પણુ વસ્તુ મન, વચન અને શરીરથી લેવી નહિ, લેવરાવવી નહિ અને લેનારને અનુમોદના કરવી નહિ, તે **અચૌર્ય સંયમ** કહેવાય છે.

૪. **બ્રહ્મચર્ય સંયમ**–દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી મૈથુન

મન, વચન અને કાયાથી સેવવું નહિ, સેવરાવવું નહિ અને સેવનારને અનુમોદન આપવું નહિ; તે **બ્રહ્મચર્ય સંયમ** કહેવાય છે.

**અપરિગ્રહ સંયમ**–સર્વ પદાર્થ ઉપર મૂર્છાનો ત્યાગ કરવો. દેશકાળનો વિચાર કરી ધર્મના ઉપગરણો શિવાય કોઇ પણ પ્રકારનો ધન ધાન્યાદિ પરિગ્રહ મન, વચન અને શરીરથી રાખવો નહિ, રખાવવો નહિ અને રાખનારને અનુમોદન આપવું નહિ, તે અપરિગ્રહ સંયમ કહેવાય છે.

૬. **સ્પર્શેંદ્રિય નિગ્રહ સંયમ**–શીત, ઊષ્ણ, સુવાળા, ખરસઠ વગેરે ઇષ્ટાનિષ્ટ સ્પર્શને પામી રાગદ્વેષ ન કરવો તે સ્પર્શેંદ્રિય નિગ્રહ સંયમ કહેવાય છે.

૭. **રસનેંદ્રિય નિગ્રહ સંયમ**–ઇષ્ટાનિષ્ટ સ્વાદવાળા રસને પામી રાગદ્વેષ ન કરવો તે રસનેંદ્રિય સંયમ કહેવાય છે.

૮. **ઘ્રાણેંદ્રિય નિગ્રહ સંયમ**–ઇષ્ટાનિષ્ટ ગંધમાં રાગદ્વેષ ન કરવો તે ઘ્રાણેંદ્રિય નિગ્રહ સંયમ કહેવાય છે.

૯. **ચક્ષુરિંદ્રિય નિગ્રહ સંયમ**–ઇષ્ટાનિષ્ટ રૂપ દેખી તેમાં રાગદ્વેષ ન કરવો તે ચક્ષુ ઇંદ્રિય નિગ્રહ સંયમ કહેવાય છે.

૧૦. **શ્રોત્રેંદ્રિય નિગ્રહ સંયમ**–ઇષ્ટાનિષ્ટ શબ્દ સાંભળી તેમાં રાગદ્વેષ ન કરવો તે શ્રોત્રેંદ્રિય નિગ્રહ સંયમ કહેવાય છે.

૧૧. **ક્રોધ કષાય વિજય સંયમ**–ઉદય આવેલા ક્રોધનો ક્ષમાથી નિષ્ફળ કરવો, તેનું પરિણામ વિચારી શાંત થવું તે ક્રોધસંયમ કહેવાય છે.

૧૨. **માન કષાય વિજય સંયમ**—માન, અહંકાર–ગર્વ ન કરવો, તેવા પ્રસંગને નમ્રતાથી નિષ્ફળ કરવો તે માનસંયમ કહેવાય છે.

૧૩. **માયા કષાય વિજય સંયમ**—કપટ માયા ન કરવી દરેક પ્રસંગમાં સરલતાથી પ્રવૃત્તિ કરી માયામાં વિજય કરવો તે માયા સંયમ કહેવાય છે.

૧૪. **લોભ કષાય વિજય સંયમ**–સર્વ સ્થળે સંતોષ વૃત્તિ રાખી લોભનો વિજય કરવો, તે લોભસંયમ કહેવાય છે.

૧૫. **મનોદંડ વિરતિ સંયમ**–આર્ત્ત–રૌદ્ર પરિણામ ઉત્પન્ન થાય તેવો કાંઇ પણ વિચાર ન કરવો, પણ ધર્મ અને શુકલધ્યાનમાં

પ્રવેશ થાય તેવા વિચાર કરવા તે મનોદંડ વિરતિ–સંયમ

૧૬. **વચનદંડ વિરતિ–સંયમ** પોતાને કે પરને જેનું પરિણામ દુઃખરૂપ આવે તેવું વચન બોલવું નહીં, પણ પરિણામે સુખરૂપ થાય તેવું હિતાવહ વચન બોલવું, તે વચનદંડ વિરતિ–સંયમ કહેવાય છે.

૧૭. **કાયદંડ વિરતિસંયમ**–શરીરથી કોઈ પણ જાતની ખરાબ પ્રવૃત્તિ ન કરવી પણ જેનાથી આત્મવિશુદ્ધિમાં મદદ મળે, તેવી પ્રવૃત્તિ કરવી તે કાયદંડ વિરતિ–સંયમ કહેવાય છે.

ભદ્ર, આ પ્રમાણે આ સત્તર પ્રકારનો સંયમ માર્ગ છે. આ માર્ગ આશ્રવના પ્રવાહના એક એક ભેદને રોકવાને માટે મજબુત દરવાજાની ગરજ સારે છે. પરમશાંતિના માર્ગમાં પ્રવેશ કરનારાઓએ વારંવાર આ સંયમનું સમાલોચન કરવું જોઈએ અને કોઇ જાતની વિપરીત પ્રવૃત્તિ ન થાય, તેને માટે વારંવાર જાગ્રત રહેવું જોઈએ.

આ સંયમની દ્વારા આવતા આશ્રવને રોકયા પછી પૂર્વે જે કર્મનો જમાવ એકઠો થયો છે, તેને દૂર કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

## તપ.

ભદ્ર, હવે હું તમોને ક્રિયામાર્ગના પ્રકારરૂપ તપનું સ્વરૂપ કહું, તે સાવધાન થઈને સાંભળો. પ્રબળ ક્લિષ્ટ કર્મોને ભેદવાનું મુખ્ય શસ્ત્ર તપ છે. નિકાચિતકર્મો પણ તપથી બળીને ભસ્મીભૂત થઈ જાય છે. ટુંકામાં કહીએ તો પૂર્વ સંચિત કર્મ તપથીજ દૂર થઇ શકે છે.

તે તપ **બાહ્ય તપ** અને આભ્યંતર તપ–એ બે પ્રકારના છે. ઉપવાસ કરવો, અલ્પ આહાર લેવો, નિયમિત વસ્તુજ લેવી, જેનાથી વિકૃતિ પેદા થાય છે, એવા રસકસનો ત્યાગ કરવો. દઢ આસને લાંબા વખત સુધી બેશી શકાય તેવી ટેવ પાડવી અને અંગ ઉપાંગને સંકોચી નિર્વાત સ્થાનમાં રહેલા દીપકની જેમ સ્થિર થઇ બેશી રહેવું, ઇત્યાદિ સર્વ બાહ્યતપ કહેવાય છે. તે તપ આભ્યંતર તપમાં અત્યંત ઉપયોગી છે. ઉપવાસાદિકવડે શરીર ઉપરથી મમત્વ ભાવ ઓછો થાય છે, ઇંદ્રિયો સ્વાધીન રહે છે, નિઃસ્પૃહ થવાય છે અને ધ્યાનમાં ઘણા લાંબા વખત સુધી સુખે બેશી શકાય છે. ઈત્યાદિ અનેક પ્રકારે બાહ્ય તપ ઉપયોગી છે.

## આભ્યંતર તપ.

આત્મનિરીક્ષણુ કરી જ્યાં જ્યાં પોતાથી વિપરીત પ્રવૃત્તિ થઇ હોય, ત્યાં ત્યાં ગુર્વાદિ સમક્ષ પ્રાયશ્ચિત્ત લઇ શુદ્ધ થવું. ગુર્વાદિકનો વિનય કરવો, તેમની વૈયાવચ્ચ કરવી, આત્મજાગ્રતિ થાય તેવાં આધ્યાત્મિક પુસ્તકોનું પઠન કરવું, યા તેની જાગ્રતિ માટે ગ્રંથોનું વારંવાર સ્મરણુ કરવું, ધ્યાન કરવું, અને મલિન વાસનારૂપ રાગદ્વેષનો ત્યાગ કરવો. આ આભ્યંતર તપ કહેવાય છે.

ઉપર કહેલા તપના બાર ભેદમાં **ધ્યાનતપ** સર્વમાં મુખ્ય છે. તે ધ્યાનના અનેક પ્રકાર છે. જેવું આલંબન તેવે રૂપે આત્મા પરિણુમે છે; માટે પોતાને જેવું થવું હોય, તેવા લક્ષ બિંદુને સન્મુખ રાખી તેવા થવાને માટે અહોનિશ પ્રયત્ન કરવો. જેમણે પરમશાંતિ પામવી હોય, તેમણે પરમ શાંતિને પામેલા મહાત્માનું જીવન ચરિત્ર પોતાના હૃદયપટ ઉપર આલેખી, તેની માફક દરેક પ્રસંગમાં વર્ત્તન કરવાનો પ્રયત્ન કરવો, તેથી પોતાની માનસિક પ્રબળતાના પ્રમાણમાં તે તદ્રુપ થઈ શકશે, એમ છે. તથાપિ ક્રમ શિવાય એકજ કુદકે કોઇ શાંતિ સ્થળમાં પ્રવેશ કરી શકાતો નથી. માટે ક્રમની ઘણી જરૂર છે; તે સાથે તેવા પવિત્ર આલંબનની પણુ જરૂર છે.

પરમ શાંતિપદ પામવા માટેના અનેક આલંબનો મહાત્મા જ્ઞાની પુરૂષોએ બતાવ્યાં છે, તેમાં નવપદનું આલંબન મુખ્ય છે અને તેમાં ક્રમ અને આલંબન સાથેજ છે.

## સાધુપદ.

ભદ્ર, વળી તે પરમ શાંતિપદના અભિલાષીઓએ પ્રથમ મુનિપદનું અવલંબન લઇ તેનું ધ્યાન કરવું. સાધુઓનું ઉત્તમમાં ઉત્તમ ચરિત્ર પોતાની સન્મુખ સ્થાપન કરવું. તેના ઉત્તમ ગુણો એક બાજુ સન્મુખ લખી લેવા, પછી તે પ્રમાણે પ્રવૃત્તિ કરવાની દૃઢ પ્રતિજ્ઞા કરવી. દરેક પ્રસંગમાં અપ્રમત્ત મુનિઓ આ ઠેકાણે કેવી પ્રવૃત્તિ કરે ? તે પોતાના મનને પુછવું; અથવા તેમના ઉત્તમ જીવનમાંથી તપાસી લેવું. તેમાંથી જે જવાબ મળે તે માફક વર્ત્તન કરવું.

ખાતાં, પીતાં, સુતાં, બેસતાં, ઉઠતાં કે કોઇ પણુ કાર્ય કરતાં તેઓનું ચિત્રપટ પોતાના હૃદયમાં કે સન્મુખજ રાખવું. અને આવા

પ્રસંગોમાં તેમની કેવી પ્રવૃત્તિ હોય કે કેવી ઉપયોગની જાગૃતિ હોય તે વિચારી તેવા તેવા પ્રસંગમાં તદાકાર થવું. આજ મુનિપદનું આરાધન અને આજ મુનિપદનું ધ્યાન કહેવાય છે. આ પ્રમાણે પ્રવૃત્તિ કરતાં જ્યારે મુનિપદને લાયકના સર્વ ગુણો પોતામાં થયા છે, એમ પોતાનું હૃદય કબુલ કરે ત્યારે તે પદથી ઉચ્ચપદ જે ઉપાધ્યાય પદ તેનું આલંબન લઇ ધ્યાન કરવું. આ ધ્યાનમાં પણ મુનિપદની માફકજ ઉપાધ્યાયના ગુણોનું અનુકરણ કરવું. ઉપાધ્યાયના ગુણો પોતાનામાં દાખલ થયા તેનો નિર્ણય થતાં પછી આચાર્યપદનું ધ્યાન કરવું. તેમના છત્રીસ ગુણો સન્મુખ રાખી તે માફક વર્ત્તન કરતાં 'આચાર્ય હું પોતે છું" દ્રવ્યથી નહીં પણ ભાવથી, તેમના સરખા ગુણો ધારણ કરવાથી. આ નિર્ણય પોતાને થતાં પછી અર્હંતપદનું આરાધન કરવું. અર્હંતના જેવું વીર્ય, અર્હંતના જેવું નિશ્ચય ધ્યાન, અર્હંતના જેવું વર્ત્તન ટુંકામાં કહીએ તો અર્હંતની માફક સર્વ ક્રિયા કરવી. આ પ્રમાણે કરતાં અર્હંત સ્વરૂપ થઇ શકાય છે. એ અર્હંત સ્વરૂપ થતાં છેવટે સિદ્ધ સ્વરૂપનું ધ્યાન તન્મય, તદ્રુપ બનતાં પરમ શાંતિ મલી ચુકી—પરમ શાંતિ સ્વરૂપ પોતેજ થઇ જવાશે.

ભદ્ર, પરમ શાંતિ મેળવવાનો આ માર્ગ છે. આ માર્ગે પૂર્વે અનેક મનુષ્યોએ પરમપદ પ્રાપ્ત કર્યું છે, તેથી પરમપદ યા પરમ શાંતિપદાભિલાષીઓએ આ રસ્તે પોતાનું વીર્ય ફોરવવું જોઇએ. તે રસ્તે ચાલવા પ્રયત્ન કરવો જોઇએ. આ રસ્તે ચાલવામાં પોતાનું સામર્થ્ય ન જણાય, વિષયવાસનાની શાંતિ ન થતી હોય, અથવા કુટુંબ સ્નેહ વગેરે બંધનના કારણો છુટી શકતાં ન હોય, તેઓએ દ્વાદશવ્રતરૂપ ગૃહસ્થ માર્ગ સ્વીકારવો જોઇએ. આ માર્ગ પણ નિવૃત્તિનો માર્ગ છે; છતાં તે ઘણો સ્હેલો પણ વિશેષ લંબાણવાળો છે. આ માર્ગમાં આશ્રવના દ્વારો થોડાં થોડાં બંધ થાય છે, પણ એ માર્ગમાં રહી આગળ ઉપર નિવૃત્તિનો ટુંકો માર્ગ અંગીકાર કરવાના સાહિત્યો એકઠાં કરવા ધારે તો તે કરી શકાય તેમ છે. ઉત્તમ ભોજન કરવું, તે શ્રેષ્ઠ છે, પણ તેના અભાવે તદ્દન ભુખ્યે મરવું તેના કરતાં સામાન્ય ભોજનથી પણ પેટ ભરવું, તે યોગ્ય છે. આ ન્યાયે જ્યાં સુધી નિવૃત્તિના કે પરમશાંતિના ઉત્તમ માર્ગમાં ચાલવાની પોતાની

યોગ્યતા ન થાય, ત્યાંસુધી ગૃહસ્થધર્મ અંગીકાર કરવો તે પણ શ્રેષ્ઠ છે. યોગ્યતા વધારવાનું તે પરમકારણ છે. યોગ્યતા શિવાય ઉચ્ચપદારોહણ કરી પછી ગુણોની વૃદ્ધિ કરવી, એ મુશ્કેલી ભર્યું કામ છે. તેવાઓને તે પદથી પાછું પડવું પડે છે, માટે યોગ્યતા ન હોય તો તે યોગ્યતા મેળવવા પ્રયત્ન કરવો. તે પદ મેળવવાની યોગ્યતા જ્યાંસુધી ન મેળવી શકાય ત્યાં સુધી થોડી યોગ્યતાવાળો કે પોતાની લાયક યોગ્યતાવાળો ગૃહસ્થધર્મ સ્વીકાર કરવો.

આ વખતે શોધકચંદ્રે અંજલિ જોડી વિજ્ઞપ્તિ કરી–" મહાત્મા, કૃપા કરી આપ ગૃહસ્થ ધર્મનો સંક્ષિપ્ત ઉપદેશ આપો કે જેથી અમોને અમારા જીવનમાં ઊપયોગી થાય. આપ મહાત્માની વાણીની અંદર રહેલ ધર્મનું રહસ્ય અમારા હૃદય ઊપર સત્વર આરૂઢ થઇ જાય છે." તેની આ પ્રાર્થના ઊપરથી મહાત્માએ તત્કાળ ગૃહસ્થ ધર્મનો ઊપદેશ આ પ્રમાણે કહ્યો.

## ગૃહસ્થ ધર્મ.

ભદ્ર, આત્મસ્વરૂપ ( હું કોણ છું ? ) જાણ્યા પછી અને આ સંસારનું વિચિત્રસ્વરૂપ જોયા પછી ગૃહાવાસમાં રહેલા ગૃહસ્થોએ યથાશક્તિ એક પગલું પણ આગળ વધવું જોઇએ. તે એજ કે, તેમણે પ્રથમ ગૃહસ્થ ધર્મના વ્રતો ગ્રહણ કરવા જોઇએ. થોડાં પણ આશ્રવદ્વાર રોકવાથી કર્મપ્રવાહ આવતો ઓછો થાય છે. જેટલાં પ્રમાણમાં આશ્રવદ્વાર રોકાશે, તેટલાં પ્રમાણમાં કર્મપ્રવાહ આવતો અટકશે. આમજ હોવાથી 'કેટલા પ્રમાણમાં તે દ્વાર બંધ કરવા?" આ પ્રશ્નનો અવકાશ રહેતોજ નથી. આનો ઊત્તર એટલોજ છે કે, " જેટલાં પ્રમાણમાં તે દ્વારો રોકાય તેટલા પ્રમાણમાં રોકો. "

ભદ્ર, પ્રથમ ગૃહસ્થના બારવ્રતો આ પ્રમાણે છે. ૧. સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ, ૨ સ્થૂલ મૃષાવાદ વિરમણ, ૩ સ્થૂલ અદત્તાદાન વિરમણ, ૪ સ્થૂલ મૈથુન વિરમણ, ૫ સ્થૂલ પરિગ્રહ વિરમણ, ૬ દિગ્‌વિરતિ, ૭ ભોગોપભોગ, ૮ અનર્થ દંડ વિરમણ, ૯ સામાયિક, દેશાવકાશિક, ૧૧ પૌષધ, ૧૨ અતિથિ સંવિભાગ, આ ગૃહસ્થ ધર્મના બાર વ્રતો છે.

તેના સંક્ષિપ્ત સ્વરૂપ આ પ્રમાણે છે–સર્વથા કોઇ પણ જીવને

મારવો નહીં તે સાર્વભૌમ અથવા પૂર્ણ અહિંસા વ્રત કહેવાય છે; તેની અપેક્ષાએ આ સ્થૂલ અહિંસાવ્રત છે.

૧. ત્રસ અને સ્થાવર એ જીવોના બે ભેદ છે. જે હાલે ચાલે તે **ત્રસ** જીવ કહેવાય છે અને જે નામ કર્મોદયવાળા સ્થિરજીવ તે **સ્થાવર** કહેવાય છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, અને વનસ્પતિ–આ પાંચ જાતના જીવોને સ્થાવર કહે છે.

એ પાંચ જાતના જીવોનું સર્વથા નિરંતર રક્ષણ કરવું, તે ગૃહસ્થોને માટે અશક્ય છે, તેથી તેમણે ત્રસજીવોનો ખાસ બચાવ કરવો જોઈએ; તેમાં પણ જે અપરાધી ત્રસ જીવો છે, તેમનો સર્વથા બચાવ ગૃહસ્થોથી થઇ શકતો નથી. તેમ વળી આરંભથી પણ ત્રસ જીવોનો વિનાશ થવાનો સંભવ છે, માટે નિરપરાધી, આરમ્ભ શિવાય સંકલ્પથી જાણી જોઇને મારવાની બુદ્ધિથી ત્રસ જીવોને ન મારવા આટલો બચાવ ગૃહસ્થોએ પેહેલા અહિંસા વ્રતમાં કરવો જોઇએ.

**૨ સ્થૂલ મૃષાવાદ વિરમણ**—ગૃહસ્થથી સર્વથા મૃષાવાદનો ત્યાગ થઈ શકતો નથી, તેથી તેમણે સ્થૂલ મૃષાવાદનો ત્યાગ કરવો જોઇએ. 'હું આજે દશ વાગે આવીશ' એમ કહી દશ અને એક મીનીટે જો જાય તો મૃષાવાદનો દોષ લાગે છે. 'આ આંબાનું વન છે' એમ કહેતાં તેમાં જો કોઇ બીજા વૃક્ષો હોય તો પણ અસત્ય દોષ લાગે છે. આ જાતિના સર્વ સૂક્ષ્મ અસત્ય ગણાય છે; તેવી તીવ્ર જાગ્રતિ ન હોવાથી આ સૂક્ષ્મ અસત્યનો ત્યાગ ગૃહસ્થોથી થઇ શકતો નથી માટે તેઓએ જેને લોકો વ્યવહારમાં અસત્ય ગણે છે, તેવા સ્થૂલ–અસત્ય બોલવાનો ત્યાગ કરવો, જે કન્યા સંબંધી, જાનવર સંબંધી, ભૂમિ સંબંધ જુઠું ન બોલવું તેમજ થાપણ ન ઓળવવી અને ખોટી સાક્ષી ન પુરવી ખોટા લેખ ન કરવા તે ગ્રહસ્થનું બીજું વ્રત છે.

૩ સ્થૂલ–અદત્તાદાન વિરમણ ચોરી કરવી નહીં. માલીકની રજા શિવાય એક તૃણમાત્ર લેવું, તે ચોરી ગણાય છે, પણ ગૃહસ્થોથી તદ્દન ચોરીનો ત્યાગ થઈ શકતો નથી. તેથી તેમણે સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત લેવું જોઇએ. ખાતર પાડવું, તાળું તોડી લઇ જવું,

વાટ લુંટવી, ગાંઠ કાપવી, દાણ ચોરી કરવી, ઓછું દેવું, વધારે લેવું વગેરે તેમજ રાજા દંડે તેવી ચોરીનો ત્યાગ કરવો, તે ગૃહસ્થોનું ત્રીજું વ્રત છે.

૪ સ્થૂલ મૈથુન વિરમણ પરસ્ત્રીગમનનો ત્યાગ કરવો, વિધવા, વેશ્યા, બાલકુમારી વગેરેનો ત્યાગ આ વ્રતમાં આવી જાય છે. સ્વદાર–પોતાની પરણેલી સ્ત્રીમાંજ સંતોષ માનવો, તે ગૃહસ્થનું ચોથું વ્રત છે.

૫ સ્થૂલ પરિગ્રહ વિરમણ, ઇચ્છા અપરિમિત છે, તેને નિયમમાં રાખવી એટલે ધન, ધાન્ય, ક્ષેત્ર, ઘર, રૂપું, સોનું, હીરા, માણેક મોતી વગેરે દાસ દાસી, પશુ અને રાજ્યાદિ વૈભવ ઇત્યાદિ જે મીલકતમાં ગણવામાં આવે છે તે સર્વનો ઇચ્છાનુસાર નિયમ રાખવો તેથી વધારે થાય તો પરોપકાર આદિ સન્માર્ગે તેનો વ્યય કરવો, તે ગૃહસ્થનું પાંચમું વ્રત છે.

૬ દિગ્‌વિરમણ ચાર કે છ દિશાઓ તરફ જવા આવવાનો નિયમ રાખવો, આ નિયમ પોતે જે શેહેર કે ગામમાં રહેતો હોય ત્યાંથી ગણવો અને નિયમિત ઇચ્છાનુસાર રાખવો. પરમ શાંતિ માર્ગના પથિક બન્યા પછી ગૃહસ્થે પોતાની પાપ પ્રવૃત્તિને કે આરંભ પરિગ્રહાદિકને કાબુમાં રાખવા અને સત્સંગાદિના અભાવે ધર્મક્રિયામાં શિથિલતા ન પ્રાપ્ત થાય, તે માટે આ વ્રત લેવાની જરૂર છે.

૭ ભોગોપભોગ વ્રત એકવાર ઉપભોગમાં આવે તે ભોગ, અનાજ પાણી આદિ ખોરાક અને એકની એક વસ્તુ વારંવાર ઉપભોગમાં આવે તે ઉપભોગ સ્ત્રી, વસ્ત્ર, વગેરે. તે ભોગ તથા ઉપભોગનો ઇચ્છાનુસાર નિરંતર નિયમ કરવો. ભોજનમાં સાત્વિક ખોરાક લેવો. મદ્ય, માંસ, રાત્રિ ભોજન અને કંદાદિ અનેક જંતુઓનો સંહાર કરનારી અને વિકૃતિ કરનારી વસ્તુઓનો ત્યાગ કરવો, કારણ તે પદાર્થો તામસી અને રાજસી પ્રકૃતિવાળા હોવાથી વિચારમાં વિકૃતિ ઉપજાવી શાંતિ માર્ગમાં વિઘ્ન કરનારા થાય છે.

પગલે પગલે શાંતિ માર્ગમાં આગળ વધવાનું હોવાથી તેના પથિકોએ અનેક જીવોનો જેમાં સંહાર થવા સંભવ છે, તેવા વિશેષ પાપના વ્યાપારોનો પણ ત્યાગ કરવો જોઇએ.

૮ અનર્થ દંડ વિરમણ–વગર પ્રયોજને દંડાવું, કર્મથી બંધિત થવું તે અનર્થ દંડ કહેવાય છે. ૧ આર્ત્તરૌદ્રધ્યાન, ૨ પાપોપદેશ, ૩ હિંસક ઉપકરણો માગ્યા આપવા, અને ૪ પ્રમાદાચરણ–એમ અનર્થ દંડ ચાર પ્રકારે છે.

૧ વગર પ્રયોજને બીજા જીવોને દુઃખ આપવાના કે મારવાના વિચારો કર્યા કરવા, તે આર્ત્ત–રૌદ્ર ધ્યાન કહેવાય છે જેમકે "હું મારા વૈરીનો ઘાત કરૂં." "હું રાજા થાઉં તો ગામને પાયમાલ કરૂં, અગ્નિથી લાહ્ય કરૂં." અમુક સ્ત્રી મળે તો ઠીક" "જો હું વિદ્યાધર થાઉં તો આકાશમાં ઉડવાની મજા પડે" ઈત્યાદિ.

૨ પાપોપદેશ જ્યાં પોતાની દાક્ષિણ્યતા ન પોહોંચે તેવાં મનુષ્યોને પાપ કરવાનો ઉપદેશ આપવો. જેમકે, "ખેતર ખેડો, બળદોનું દમન કરો; ઘોડાને ખસ્સી કરો, ઘર બનાવો, બાપનું વૈર લ્યો." વગેરે. મનુષ્ય શાંતિમાર્ગનો પથિક છતાં ગૃહસ્થાશ્રમમાં રહેલો હોવાથી તેને કુટુંબ વિષયિક ઉપદેશ આપવો પડે છે, તે પણ જેમ બને તેમ ઓછો કરવો જોઈએ. તો પછી પરને પાપ પ્રવૃત્તિમાં પ્રેરવાને તેનો અધિકાર નથી.

૩ હિંસક ઉપકરણો. જેનાથી જીવોની હિંસા થાય તેવા હથીયાર વગેરે પૂર્વની માફક જ્યાં દક્ષિણ્યતા ન પહોંચે ત્યાં માગ્યા ન આપવા.

૪ પ્રમાદાચરણ—પરમ શાંતિ માર્ગના પથિકે વિકાર ઉત્પન્ન થાય તેવાં ગાયન સાંભળવા નહીં. નાચ કે નાટક જોવા નહીં, કામશાસ્ત્રમાં આસક્તિ ન રાખવી, જુગાર ખેલવો નહીં, જલક્રીડા કરવી નહીં, હાથી, પાડા, ગેંડા વગેરે જાનવરોના યુદ્ધ કરાવવા નહીં, તેમ જોવા પણ નહીં. શત્રુના પુત્રનું વૈર ન લેવું, સ્ત્રી કથા, દેશ કથા, રાજકથા, તથા ભોજન કથા વગેરે કરવી નહી, તેમજ પ્રમાદાચરણનો ત્યાગ કરવો.

૯ સામાયિક વ્રત–રાગદ્વેષ વિનાની શાંત સ્થિતિમાં બેઘડી એટલે ઓછામાં ઓછી અડતાળીશ મીનીટ સુધી એક આસને રહેવું. તેટલા વખતમાં આત્મધ્યાન, પરમાત્મધ્યાન, આત્મનિરીક્ષણ, અને પરમેષ્ઠી મહામંત્રનો જાપ કરવો. તેમજ મહાત્મા પુરૂષોના ઉત્તમ

ચરિત્રો યાદ કરવા, તથા અનિત્યાદિ બાર ભાવનાઓનો વિચાર કરવો, તે **સામાયિક** વ્રત કહેવાય છે.

૧ દેશાવકાશિક વ્રત—એ છઠ્ઠા વ્રતમાં ગ્રહણ કરેલ દિશાના લાંબા નિયમનો એક દિવસ કે અમુક કલાક માટે સંક્ષેપ કરવો. એવીજ રીતે બીજા વ્રતોનો પણ સંક્ષેપ કરવો–એમ ચૌદ નિયમ ધારવા.

૧૧ પૌષધવ્રત—૧ આત્માને અથવા આત્મગુણોને જેનાથી પુષ્ટિ મલે તે **પૌષધ** કહેવાય છે. તેમાં ઉપવાસાદિ તપ કરાય છે. ૨ પાપવાળા–સદોષ વ્યાપારનો સર્વથા ત્યાગ કરવો; બ્રહ્મચર્ય પાળવું, અને અભ્યંગનાદિ શરીર સુશ્રૂષા કરવી નહીં. આ ચાર પ્રકારની ક્રિયાપૂર્વક ચાર કે આઠ પહોર પર્યંત ધર્મ ધ્યાનમાં પ્રયત્નવાન્ રહેવું, તે પૌષધ વ્રત છે. નિરંતર ન બની શકે તો પર્વતિથિએ અવશ્ય આ વ્રત કરવું જોઇએ.

૧૨ **અતિથિ સંવિભાગ**—પરમ શાંતિના માર્ગમાં પ્રયાણ કરવા માટે જેઓએ સર્વથા ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરેલો છે, તેવા અતિથિ, ત્યાગી, મુનિ વગેરે ઉપનામથી ઓળખાતા મહાત્માઓને અન્ન, પાણી, પાત્ર, વસ્ત્ર અને વસતિઆદિ તે માર્ગમાં ઉપયોગી અને માર્ગના આધારભૂત વસ્તુઓનું દાન કરવું, તે અતિથિસંવિભાગ વ્રત કહેવાય છે.

આ પ્રમાણે ગૃહસ્થ ધર્મને યોગ્ય એવા ગૃહસ્થના બાર વ્રતો છે, આ શિવાય પણ તેઓએ નિરંતર દેવાધિદેવની પ્રતિમાનું પૂજન કરવું, તીર્થ–યાત્રાઓ કરવી, અનુકંપા બુદ્ધિથી દુઃખી જીવોનો ઉદ્ધાર કરવો, ધર્મવ્યાખ્યાનો સાંભળવા, ધર્માચાર્યની આજ્ઞા શિર ઉપર ઉઠાવવી, સધર્મી બંધુઓ અને બ્હેનોને તેમના શુભકાર્યમાં સહાય આપવી. તેઓને ધર્મમાર્ગમાં સ્થિર કરવા. જ્ઞાનના ઉત્તમ ભંડારો બનાવી તેમનું રક્ષણ કરવું અને જ્ઞાનશાળાઓ સ્થાપવી. ભદ્ર ! આ સંબંધમાં પ્રજાપાલ રાજાઓએ પણ સર્વ ધર્મો તરફ સમાનભાવથી જોઈ સહાય આપવી જોઇએ. જેઓ શ્રીમંત છે તેમણે ધર્મ અને જ્ઞાતિનો ભેદ રાખ્યા વગર લોકોપયોગી કાર્યો કરવામાં તત્પર રહેવું. ગૃહસ્થ ધર્મમાં શ્રીમંતોએ આગળ વધી બીજાઓને આગળ વધારવા પ્રયત્ન કરવો જોઇએ. દુઃખી જીવોને માટે અનાથ

શાળાઓ, દર્દીઓને માટે ઔષધ શાળાઓ, પથિકોને માટે ધર્મશાળાઓ અને નિરાશ્રિત ભુખ્યાઓને માટે ભોજનશાળાઓ ઉઘાડવી જોઈએ. પોતાના જાતિબંધુઓના દુઃખો જે રીતે ઓછાં થાય, તે રીતે યથાશક્તિ પ્રયત્ન કરવો જોઇએ. ભદ્ર, અહિં દરેક ગૃહસ્થે એટલું યાદ રાખવાનું છે કે, પોતે જે આશ્રમમાં રહ્યા હોય, તેણે તે તે આશ્રમને લાયક પોતાનો ધર્મ બજાવવામાં પાછળ પડવું ન જોઇએ. આ પ્રમાણે સરળ છતાં ઉપયોગ રાખવા લાયક એવો ગૃહસ્થધર્મ પણ એક પરમશાંતિનો માર્ગ છે.

ભદ્ર, દરેક આત્માએ પોતાના જીવિતનું સ્વરૂપ વિચારવું જોઇએ. આયુષ્ય અસ્થિર છે, સંપત્તિઓ વિપત્તિઓથી ભરપૂર છે, સંયોગ વિયોગવાળા છે, લક્ષ્મીવિજળીના જેવી ચપળ છે, સંસારનું સુખ ક્ષણિક છે, મસ્તક પર ચારેતરફ વિપત્તિઓના વાદળ ફરી વળ્યા છે, અને મૃત્યુનું ચક્ર મસ્તકપર ફરે છે. વળી આ જગતમાં પાણીના પરપોટાની જેમ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે અને લય પામી જાય છે. શરીર જરાથી જર્જરિત થઈ જાય છે. આથી સમજવું જોઈએ કે, ધર્મ શિવાય કોઇ રક્ષણ કરનાર નથી. ઇંદ્રાદિ દેવતાઓ પણ મરણને શરણ થાય છે; તો પછી મનુષ્ય જાતિ શી વીસાતમાં છે? ભદ્ર, આપણું શાસ્ત્રપોકાર કરીને કહે છે કે, "મનુષ્ય આત્માઓ, સાવચેત રહો, કયાં સુધી ઘોર નિદ્રામાં ઘેરાઇને પડયા રહેશો? શા માટે નિશ્ચિંત થઇને બેઠા છો? ઉઠો, જાગ્રત થાઓ. પરમ શાંતિના માર્ગમાં પ્રયત્ન કરો. આ દુર્લભ મનુષ્ય ભવના આયુષ્યના અમૂલ્ય સમયનો એક અંશ પણ નિરર્થક કાઢશો નહીં. આ મનુષ્ય દેહના જેવી સંપૂર્ણ સામગ્રી ફરીવાર પ્રાપ્ત નહીં થાય? ભદ્ર, આર્હત શાસ્ત્રના આ ઊદ્ગારો સદા સ્મરણમાં રાખજો. આ પ્રમાણે કહી તે મહાત્મા તત્કાળ વિરામ પામી ગયા, અને આ ધાર્મિક ચર્ચાની સમાપ્તિને સૂચવનાર આશીર્વાદ રૂપે નીચે પ્રમાણે એક સુંદર પદ્ય બોલ્યા હતા—

या मनोभावना भव्याः प्रसूते भव्यमानसे ॥
सा मनोरंजिनी धर्मवार्त्ता जयतु सर्वदा ॥ १ ॥

" જે ધર્મ વાર્ત્તા મનની ઉત્તમ ભાવનાઓને જન્મ આપે છે. તે મનોરંજક ધર્મવાર્ત્તા સદા જય પામો " ૧

મહાત્માના મુખથી આ પદ્ય સાંભળી યુવાન શ્રાવક સત્યચંદ્ર અને શોધકચંદ્ર અત્યંત પ્રસન્ન થઇ ગયા. તેઓ વિનય ભરેલી વાણીથી આ પ્રમાણે બોલ્યા–" મહાત્મન્, આજના આપના ઉપદેશના તીવ્ર પ્રકાશે અમારી શંકા રૂપ તિમિરતાનો તદ્દન નાશ કરી દીધો છે અને અમારા મુગ્ધ હૃદયમાં પ્રબોધનો પ્રકાશ પડી રહ્યો છે. " આ પ્રમાણે કહી તેઓ બન્ને વિનીત યુવકોએ ગુરૂને વંદના કરી અને નીચેના પદ્યથી તે મહાત્માની સ્તુતિ કરી.

**गीतिः**

**यन्मानसनैर्मल्यं भव्यमनांस्येव निर्मलीकुरुते ।**
**स जयति सूरीश्वरोऽयं कर्मालितृणौघदहनसमतेजाः ॥१॥**

" જેમના મનની નિર્મળતા ભવ્ય જનોના મનને નિર્મલ કરે છે, અને જેઓ કર્મની શ્રેણીરૂપ ઘાસના સમૂહમાં અગ્નિસમાન તેજવાળા છે, તે આ મહાત્મા સૂરીશ્વર જય પામે છે. " ૧.

આ પ્રમાણે સ્તુતિ કર્યા પછી તે બન્ને શ્રાવકો પોતાના વાસ સ્થાનમાં ચાલતા થયા હતા. માર્ગમાં ચાલતા તે તરૂણો પોતાના ઉપકારી આચાર્યની પ્રેમથી પ્રસંશા કરતા હતા. તે સાથે જે જે વિષયો ઉપર તે મહાત્માએ ઉપદેશ આપ્યો હતો, તે તે વિષયોની ચર્ચા કરતા હતા; અને તેનું ઉત્સાહથી મનન કરતા હતા. કારણકે, અધીત અને શ્રુત વિષય મનનપૂર્વક વિચારવાથી તેનો સારો બોધ થાય છે, એમ તેઓ સારી રીતે સમજતા હતા.

## યાત્રા ૬ ઠી.

આજે પર્વનો દિવસ હોવાથી રૈવતકગિરિના માર્ગમાં લોકોની ઠઠ જામી હતી. વિવિધ દેશના અને વિવિધ ધર્મના યાત્રાળુઓનાં વૃંદ પોતપોતાના ધર્મનો જય ધ્વનિ કરતાં ગિરિવરની તળેટીપર એકત્ર થયા હતા. સર્વના મુખમાંથી જાત જાતના રાગોમાં સ્તવનોના ધ્વનિ નીકળતા હતા. આ સમયે મહાત્મા પોતાના પરિવાર સાથે એ પવિત્ર તીર્થની ભેટ લેવા નીકળ્યા હતા. જ્યારે મહાત્માએ ગિરિ ઉપર ચડવાનો આરંભ કર્યો, તે વખતે કેટલાએક તેમના ભાવિક ભકતોએ ઊંચા સ્વરથી નીચેના પદ્યો ઉચ્ચાર્યા હતા.

नमोऽस्तु नेमये नम्रशचीशक्राय तायिने ।
द्वाविंशायार्हतेऽर्च्याय हरिवंश्याय योगिने ॥१॥

જેમની પાસે ઇંદ્રાણી અને ઇંદ્ર નમ્ર થયેલા છે અને જેઓ જગત્ ત્રાતા થઇ હરિવંશમાં ઉત્પન્ન થયેલા છે; તે મહાત્મા પૂજ્ય-યોગી બાવીશમા તીર્થંકર નેમિનાથ ભગવાન્‌ને નમસ્કાર હો." ૧

આ પદ્યનો પ્રતિધ્વનિ પડતાં જાણે તે ગિરિરાજ પણ પોતાની ભેટ લેવા આવેલા મહાત્માની સ્તુતિ કરતો હોય, તેમ દેખાતું હતું. પર્વત ઉપર ચડી થોડે આગળ વધ્યા, ત્યાં કેટલાએક ભકતોએ નીચેના શબ્દોથી તે મહાત્માની પ્રશંસા કરી હતી.

" મહાત્મા, આપ આ જગત્‌ના જીવોના ઉદ્ધાર કરનારા અને તેમને મોક્ષમાર્ગના દર્શક છો. આપના જેવા સૂરિવરથી વીરધર્મની પ્રભાવના વધતી જાય છે. આપની ઉપદેશ વાણી ભવ્યપ્રાણીઓને તેમના મનુષ્ય જીવનમાં આલંબનરૂપ છે, અને આપના વિહારથી ભારતવર્ષના ક્ષેત્રો ધર્મવડે પલ્લવિત થાય છે."

આજે મહાત્મા ભગવાન્ નેમિનાથ પ્રભુને વંદના કરી સહસ્રા-

મ્રવન (સહેસાવન) તરફ વિચર્યા હતા. ગોમુખી ગંગા છોડી ડાબે રસ્તે આવેલો તે માર્ગ મહાત્માએ પરિવાર સાથે ગ્રહણ કર્યો હતો. માર્ગમાં આવતી કુદરતી લીલા જોઇ મહાત્મા આનંદ પામતા હતા અને પોતાના શિષ્યોને તે સ્થળો બતાવી તેની પ્રાચીન વાર્ત્તા કહેતા હતા. વિવિધ વૃક્ષોની શ્રેણીઓમાંથી પ્રાસુક માર્ગે વિહાર કરતા મહાત્મા સહસ્રામ્રવનમાં આવ્યા હતા. તે સ્થળે એક છત્રી જોઇ મહાત્મા આ પ્રમાણે બોલ્યા–"ભદ્ર, અહિં શ્રી નેમિનાથ પ્રભુનાં પગલાં છે. જગત્‌ના કલ્યાણની પ્રવૃત્તિ કરનારા તે પ્રભુ આ સ્થળે પધાર્યા હતા." આ પ્રમાણે કહી તેમણે તે પ્રભુના ચરણની નીચે પ્રમાણે સ્તુતિ કરી હતી.

"वंदनीयावर्चनीयौ भवसागरतारिणौ ॥
श्री नेमेश्चरणौ दिव्यौ सदा शरणमस्तु नः" ॥ १ ॥

"વંદન કરવા યોગ્ય, પૂજવા યોગ્ય, અને આ સંસાર સાગરને તારનારા શ્રી નેમિ પ્રભુના ચરણો અમારે હંમેશા શરણરૂપ હો." ૧

આ સ્તુતિ કર્યા પછી તે મહાત્મા ભરતવન તથા હનુમાન ધારાને માર્ગે ચાલ્યા હતા. તે સ્થળે આવેલા અરિઠાના વૃક્ષ નીચે આશ્રય કરી મહાત્માએ ગિરનાર ગિરિના કેટલાએક સ્થળોની ગુપ્ત હકીકત જણાવી હતી. આ પર્વતની નૈર્ઋત્ય દિશામાં આવેલ પાંચમી ટુંકમાં ગબ્બર અથવા ગધેસિંહનો ડુંગર છે. ત્યાં કેટલીએક શાશ્વતી પ્રતિમા છે. એમ કહેવાય છે. અને તેની અંદર એક કુંજદ્રહ નામનો ધરો છે, તે **તાંતણીઓ** ધરો કહેવાય છે. તે ધરો અગાધ હોવાથી શાશ્વતી પ્રતિમાને સ્થાને જઈ શકાતું નથી. અહીંથી કાલિકા ટુંક જતાં એક પાંડવ ગુફા આવે છે, તે ગુફા રતનબાગથી શરૂ થાય છે, તે છતરસા પાસે આવેલા પાટણવાવના ડુંગરમાંથી નીકલે છે, ત્યાં એક દેવીનું પ્રાચીન ધામ છે. એવીજ એક ગુફા માલ્યવંત અથવા માળીપરબથી નીકળી શત્રુંજય પર્વત આગળ સિદ્ધવટની પાસે નીકળે છે, હાલ તે સ્થળે આણંદપુર ગામ છે, આ પ્રમાણે સાંભળવામાં આવ્યું છે.

ભદ્ર, જે ભરતવન છે, તેનું નામ ભરતચક્રીના નામ ઉપરથી પડેલું છે. તે મહાન્ આદ્ય ચક્રવર્ત્તી મોટો સંઘ કાઢી શત્રુંજય

તીર્થનો ઉદ્ધાર કરી આ પવિત્ર ગિરિ તરફ આવ્યા હતા. તે સમયે આપણા પ્રાચીન મહર્ષિઓએ આ રમણીય ગિરિનું જે વર્ણન કર્યું છે, તે અદ્ભુત છે. મહાન્ ચક્રવર્ત્તી ભરત જ્યારે આ તીર્થમાં આવેલ ત્યારે આ સૌરાષ્ટ્ર દેશના રાજા શક્તિસિંહે તેનું ભારે આતિથ્ય કર્યું હતું. તે પછી ભરતચક્રીએ આ તીર્થમાં કેટલીએક સુધારણા કરી હતી. તેણે પોતાના એક હજાર યક્ષો પાસે પગથીઆંના ચાર મોટા રસ્તાઓ કરાવ્યા હતા. અને દરેક રસ્તાને મુખ્ય ભાગે નગર વસાવ્યાં હતાં.

ભવિષ્યમાં આ ગિરિરાજ ઉપર બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુના ત્રણ કલ્યાણકો થવાનાં છે, એવું ધારી તેણે વાર્ધિક રત્નવડે તે ભાવી તીર્થંકરનો મહાન્ પ્રાસાદ કરાવ્યો હતો.

ભદ્રાત્માઓ, આ પવિત્ર ગિરિરાજ રૈવતક સિદ્ધગિરિ શત્રુંજયનું પાંચમું શિખર કહેવાય છે. અહિં અનંત તીર્થંકરો આવેલા છે અને આવવાના છે. આવા પવિત્રતીર્થને મન, વચન અને કાયાની શુદ્ધિથી વંદના કરો."

આ પ્રમાણે કહી તે મહાત્મા નીચેનું પદ્ય બોલ્યા હતા.

"धर्म रैवर्द्धकाय श्री मोक्षसोपान रूपिणे ॥
श्री रैवताय च नमः तीर्थराजाय तायिने" ॥ १ ॥

ધર્મ લક્ષ્મીને વધારનાર, મોક્ષની નીસરણીરૂપ અને રક્ષકરૂપ એવા શ્રી તીર્થરાજ ગિરનારને નમસ્કાર છે." ૧.

આ પદ્ય બોલ્યા પછી રૈવતગિરિના દર્શનીય સ્થળોનું વર્ણન આપી મહાત્મા ત્યાંથી વિહાર કરી ગિરિ નીચે ઉતરી પોતાની દ-રરોજના ઉપદેશવાળી જગ્યામાં આવ્યા હતા.

નિત્યના નિયમ પ્રમાણે તરૂણ શ્રાવક સત્યચંદ્ર અને શોધક-ચંદ્ર મહાત્માની સમીપ વિનયથી બેઠા. તેમણે પ્રથમ ભક્તિ ભાવથી મહાત્માની આ પ્રમાણે પ્રશંસા કરી.

"મહાત્મન્! આપના ભવોદ્ધારક ચરણ કમળને અમે મનવચન અને કાયાની શુદ્ધિથી વંદના કરીએ છીએ. આપના સમાગમ રૂપ કલ્પવૃક્ષની છાયા અમારા આ ભવજનિત તાપને શમાવી પરમ શાંતિ આપે છે. આપ સદા જયવંતા વર્ત્તો અને અમારો ઉ-દ્ધાર કરો."

સ્તુતિ કર્યા પછી શ્રાવક સત્યચંદ્રે વિનયથી આ પ્રમાણે કહ્યું,– "મહાત્મન્, આપની કૃપાથી અમારા સર્વ સંશયો ૨ થઇ ગયા છે. હવે કાંઇ પણ સારભૂત હોય તેવો ઉપદેશ આપવા કૃપા કરો."

મહાત્મા પ્રસન્ન થઇને બોલ્યા–"ભદ્ર, તમોને એવો સારભૂત ઉપદેશ મલે તેવા પ્રશ્નો કરો, કે જેથી તમો સંશય રહિત થઇ ઉત્તમ ઉપદેશને પ્રાપ્ત કરશો.

મહાત્માના આ વચનો સાંભળી શોધકચંદ્ર જિજ્ઞાસુ થઇ આ પ્રમાણે બોલ્યો–"ભગવન્, આગમમાં કહ્યું છે કે, "ધર્મથી સુખી થવાય છે, અને પાપથી દુઃખી થવાય છે." એ વાત સત્ય છે, પણ આ જગતમાં એવું પ્રત્યક્ષ જોવામાં આવતું નથી. કેટલાએક ધર્મી લોકો દુઃખ ભોગવતા જોવામાં આવે છે અને કેટલાએક અધર્મી–પાપી લોકો સુખ ભોગવતા દેખાય છે, તેનું શું કારણ હશે?"

શોધકચંદ્રનો આ પ્રશ્ન સાંભળી મહાત્મા શાંતમુદ્રાથી બોલ્યા– "ભદ્ર, ધર્મનો વિષય ઘણોજ ગહન છે. તેના કાર્ય કારણના નિયમોનો અભ્યાસ ઘણી સૂક્ષ્મતાથી કરવાનો છે. તેવા અભ્યાસ વિના ધર્મનું સંગીન જ્ઞાન થતું નથી. ધર્મનાં ઉપરચોટીઆ જ્ઞાનથી ઘણી વખત મનુષ્યો ગંભીર ભૂલ કરી દે છે અને ધર્મની શ્રદ્ધાને શિથિલ કરી નાંખે છે.

ઘણી વાર ધાર્મિક શ્રદ્ધા શિથિલ થવાનું કારણ એવું બને છે કે, પાપ વૃત્તિથી આજીવિકા કરનારાઓ, છળ–પ્રપંચમાં રમનારાઓ અને સદા પાપમાંજ વિશેષ પ્રવૃત્તિ કરનાઓ કેટલાએક સુખી દેખાય છે, તેમજ વ્યવહારિક કાર્ય પ્રસંગોમાં પણ તેમનો વિજય થતો જોવામાં આવે છે. આવા પ્રત્યક્ષ કારણો જોઇ લોકોને ધર્મની શ્રદ્ધા શિથિલ થવાનો સંભવ છે, અને તેઓ ધર્મ તથા તેના ફળોને શંકાની નજરે જુવે છે; પરંતુ ખરી રીતે એવી શંકા કરનારા મનુષ્યો ધર્મની અને કાર્ય કારણના નિયમની ઉંડી શોધમાં ઉતરેલાં નથી હોતા. તેમણે કારણ અને કાર્ય–એ વિષે વિચાર કરવો જોઇએ. આ વ્યવહાર જગત્‌ના સર્વ ભાગના કર્ત્તવ્યોને લાગુ પડેછે.

દાખલા તરીકે એક બીજ જમીનમાં વાવ્યા પછી તેને જમીન,

હવા, પાણી, ખાતર વગેરે નિમિત્તો તદ્દન અનુકૂલ હોય તો તે બીજ ઘણાં થોડા વખતમાં અંકુશ, ડાળાં, પાંખડાં, વગેરેને ઉત્પન્ન કરી, એક વૃક્ષના રૂપમાં દેખાવ દેશે અને ફલ પણ આવશે; છતાં આ બીજને ગમે તેટલાં અનુકૂલ સાધનો હોય તથાપિ એકજ દિવસમાં એકજ કલાકમાં મહાન્ વૃક્ષ રૂપે થઈ ઉત્તમ ફળો આપનાર કદિ પણ બની શકશેજ નહિ; કારણ કે, કારણ ને કાર્યરૂપમાં આવવાને કાંઇ પણ અંતર–વ્યવધાનની જરૂર છે. આ વૃક્ષનું બીજ સ્વાદુ ફલ આપનાર હોવાથી તેમજ તેને જોઇતા સાધનો ઘણી ઝડપથી આપવામાં આવેલા હોવાથી તે વૃક્ષને બીજા થોડા સાધનવાળા વૃક્ષોની અપેક્ષાએ વેહેલાં અને સ્વાદિષ્ટ ફલો આવશે. આવીજ રીતે કડવા ફલવાળા વૃક્ષને બધાં સાધનો અનુકૂલ મેલવી આપ્યાં હશે તો તે વૃક્ષને બીજા સાધન વિનાના વૃક્ષોની અપેક્ષાએ વહેલાં અને કડવા ફલો આવશે.

આજ દ્રષ્ટાંતથી મીઠા વૃક્ષવાળા ધર્મના મીઠા ફલો અને કડવા વૃક્ષવાળા પાપના કડવા ફલોની સાથે સરખામણી કરી લેવી જોઇએ. ઉગ્ર પુણ્ય પાપવાળાં કર્ત્તવ્યોનું ફલ ઘણાં થોડાંજ વખતમાં અને તીવ્ર મલે છે, ત્યારે મંદ પરિણામે કરાએલાં પુણ્ય પાપવાળાં કર્ત્તવ્યોનું ફલ કાલાંતરે અને મંદપણે થોડાં સુખ દુઃખ રૂપે મલે છે.

આટલું જણાવ્યાથી એ સ્ફુટ થયું કે, જે પાપ વૃત્તિવાળા છળ પ્રપંચીઓ અત્યારે સુખી દેખાય છે અને વ્યવહારિક કાર્યમાં તેઓ વિજય પામે છે, તે તેમના પૂર્વ કર્ત્તવ્યનું ફળ છે. એ પૂર્વ કર્ત્તવ્ય સારૂં છે, તેથી તેઓ સુખી અને વિજયી છે, અત્યારનાં અશુભ કર્ત્તવ્યોનાં ફલો આડું પૂર્વના શુભ કર્ત્તવ્યનું વ્યવધાન (આંતરૂં) પડેલુ છે, તે અંતર નીકળી જતાં અર્થાત્ તે શુભ કર્ત્તવ્યનું ફલ સમાપ્ત થતાં વર્ત્તમાનકાળનું કે પૂર્વકાળનું અશુભ કર્મ ઉદય થતાં અત્યારે સુખી દેખાતાં તે તેમના તીવ્ર કે મંદ પાપી પરિણામના પ્રમાણમાં વધારે કે ઓછા દુઃખી થવાના.

ક્રિયાનું ફલ–પછી તે સારી હોય કે નઠારી હોય—અવશ્ય છે. સારી ક્રિયા (કર્તવ્ય) નું ફલ સારૂં અને નઠારી ક્રિયાનું ફલ નઠારૂં, એના દાખલા જોઇએ તેટલા પ્રત્યક્ષપણે અનુભવાય છે, માટે ધર્મ

સત્ય છે; અને તેનું ફલ અવશ્ય શુભજ મળે છે. મનુષ્યોને ધર્મની ઘણીજ અગત્ય છે, અને તે માનવ જીવનમાંથીજ મેળવી શકાય છે. જેમ છાશમાંથી માંખણ, કાદવમાંથી કમળ, અને વાંશમાંથી મુક્તામણિ સારભૂત હોઇ ગ્રહણ કરવા યોગ્ય છે, તેમ મનુષ્ય જન્મમાંથી સારભૂત ધર્મજ ગ્રહણ કરવા યોગ્ય છે. જે દુર્ગતિમાં પડતાં પ્રાણીઓને ધારણ કરી રાખનાર હોય,–અટકાવનાર હોય અને સદ્ગતિમાં લઇ જનાર હોય અર્થાત્ જન્મ મરણના ક્લિષ્ટ દુઃખથી મુક્ત કરનાર હોય તેજ ધર્મ કહેવાય છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર–આ ત્રિપુટીમાં એ પૂર્વોક્ત સામર્થ્ય હોવાથી તેજ ધર્મ ગણાય છે.

ભદ્ર, જીવાજીવાદિ તત્ત્વોનો અવબોધ જેનાથી થાય છે, તેને મહાપુરૂષો સમ્યગ્જ્ઞાન કહે છે. જીવ આત્મા અને તેનાથી વ્યતિરિક્ત–અજીવ આ બે વસ્તુથીજ જગત્ ભરપૂર છે. આ દુનિયાના સર્વ દૃશ્ય અને અદૃશ્ય પદાર્થોનો સમાવેશ તેમાંજ થાય છે. જડ પદાર્થની સાથે આત્માની જે આસક્તિ છે, તેનાથીજ આ સર્વ પ્રપંચનો દેખાવ છે. આત્મા અને પુદ્ગલોની (જડપદાર્થોની) મિશ્રતા તેજ આ સર્વ દેહ ધારણ કરવાનું કારણ છે અને તે મિશ્રતાનું કારણ ઇષ્ટાનિષ્ટ જડ પદાર્થોની પ્રાપ્તિથી થતો હર્ષ તથા શોક કારણ છે. તે જડપદાર્થોને માટે ઉત્પન્ન થતા રાગદ્વેષથી કર્મો અનેક રૂપે વેંહેચાઇ જઈ, આત્માના શુદ્ધ ગુણોને આવરે છે–દબાવે છે. તે કર્મના આવરણોની મદદથી આત્મા ચતુર્વિધ ગતિમાં ભ્રમણ કરતાં નાના પ્રકારની યાતનાઓ અનુભવે છે. તે વિવિધ યાતનાઓની શાંતિનું મુખ્ય કારણ જ્ઞાન છે. જ્ઞાનથી સત્યાસત્યનો, હિતાહિતનો, નિત્યાનિત્યનો અને સ્વરૂપનો બોધ થાય છે. વસ્તુનો વસ્તુરૂપે બોધ થતાં સત્ય અને હિતકારી વસ્તુ તરફ પ્રીતિ થાય છે. તેજ સુખદાયક છે; એવું શ્રદ્ધાન પ્રગટે છે. આ શ્રદ્ધાન થવાથી તે પ્રમાણે વર્તન કરવાની ઇચ્છા થાય છે અને તે પ્રમાણે વર્તન કરતાં આત્મા પોતાના વિશુદ્ધ સ્વરૂપને પામી શકે છે. આથી એટલો ફલિતાર્થ થયો કે જ્ઞાનથી સત્ય વસ્તુ જણાય છે, દર્શનથી તેમાં શ્રદ્ધાન થાય છે અને ચારિત્રથી તે પ્રમાણે વર્તન કરાય છે. અથવા સત્ય વસ્તુને જાણવી તે જ્ઞાન, તેનો નિશ્ચય તે દર્શન અને જેવું જાણ્યું, જેવું શ્રદ્ધાયું,

તેવુંજ ક્રિયામાં મૂકી અનુભવવું, તે ચારિત્ર–આ ત્રિવિધ ધર્મ છે. આ ત્રિવિધ ધર્મમાં જ્ઞાન મુખ્ય છે. કારણકે જૈનશાસ્ત્રોમાં કહ્યું છે કે પ્રથમ જ્ઞાન અને પછી ક્રિયા. તે વ્યવહાર રૂપમાં અપૂર્ણ હોય છે, તો તેથી સંસારની વૃદ્ધિ થવાના કારણરૂપ શુભાશુભ કર્મોની જ પ્રાપ્તિ થાય છે.

ભદ્ર, આ ઉપરથી સમજાશે કે, આ જગતમાં જે જે મનુષ્યો દુઃખી જણાય છે, તે તેમના પૂર્વ ભવના અશુભ વિચારોના પરિણામ છે અને જે જે મનુષ્યો સુખી જણાય છે એટલે તેમને જે શાતા· વેદનીયના ફલરૂપ નીરોગતા, ઇચ્છિત પદાર્થોની પ્રાપ્તિ, ઉત્તમ વૈભવ, શુભસ્થાન વગેરે તેઓ ભોગવે છે, તે તેમના પૂર્વ જન્મોમાં કરેલા શુભ વિચારોના તથા શુભ આચારોના પરિણામ છે. શુભ વિચારો આત્માની સાથે પુણ્યના દલીયાનો સંબંધ કરાવી, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવ યોગે તેના સારા ફલ ( શાતા ) દેખાડે છે. અને તે આપણે અનુભવીએ છીએ. શુભ વિચારથી જે પુણ્ય બંધાય છે, તે પુણ્યના બે ભેદ છે. ૧ **દ્રવ્યપુણ્ય** અને **ભાવપુણ્ય.** આત્માની સાથે જે પૌદ્‌ગલિક શુભ દલીયાં બંધાય છે, તે દ્રવ્યપુણ્ય કહેવાય છે અને જે પૌદ્‌ગલિક શુભ દલીયાં બંધાએલા છે, દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ યોગે ઉદયમાં આવી શુભ ફલ દેખાડે છે, તે **ભાવપુણ્ય** કહેવાય છે.

પાપના પણ બે ભેદ છે ૧ **દ્રવ્યપાપ** અને ૨ **ભાવપાપ.** જે અશુભ દલિયાં મન, વચન અને કાયાના યોગે રાગ દ્વેષે કરી આત્માના પ્રદેશોની સાથે બંધાય છે, જે અશુભ કર્મના દલીયાં તરીકે ઓળખાય છે, તે **દ્રવ્યપાપ** કહેવાય છે. અને જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવયોગે ઉદયમાં આવી અશાતા વેદનીય રૂપ અશુભ ફલ દેખાડે છે, તે **ભાવપાપ** કહેવાય છે.

ભદ્ર, એ પુણ્ય અને પાપની એક ચતુર્ભંગી ઉત્પન્ન થાય છે, તે મનન કરવા યોગ્ય છે. તેના પ્રકાર આ પ્રમાણે છે. ૧ પુણ્યાનુબંધી પુણ્ય, ૨ પુણ્યાનુબંધી પાપ, ૩ પાપાનુબંધી પુણ્ય અને ૪ પાપાનુબંધી પાપ. આ ચતુર્ભંગી આર્હત શાસ્ત્રમાં વિવેચન સહિત સમજાવી છે.

શોધકચંદ્રે પ્રશ્ન કર્યો–"મહાત્મા, તે ચતુર્ભંગીનું સ્વરૂપ દૃષ્ટાંત સાથે સમજાવવા કૃપા કરો."

મહાત્મા બોલ્યા–"જે પુણ્યના દલીયા ભોગવવામાં આવતા હોય, તે પુણ્યના યોગે શુભ મન, વચન અને કાયાના યોગે કરી આત્મા પાછું વિશેષ પુણ્ય ઉપાર્જન કરે છે, તે તે પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય છે. તે વિષે રાજા કુમારપાળ, ધનાશાળીભદ્ર, સતી સીતા અને રાજા સંપ્રતિ વગેરેના દૃષ્ટાંતો પ્રખ્યાત છે. તેવી રીતે સાંપ્રતકાલે પણ જેઓ મોટા ધનવંત ગૃહસ્થોના પુત્રો પૂર્વ પુણ્યના યોગે શાતા ભોગવે છે અને શુદ્ધ ધર્મ ઉપર શ્રદ્ધા રાખી શુભ કાર્યોની અંદર સારી સખાવતો કરી તેઓ પાછા પુણ્ય બાંધે છે; તેઓને પુણ્યાનુબંધીપુણ્ય સમજવું. વળી જેઓ દીક્ષા ગ્રહણ કરે છે. તેમને પણ શુભ યોગે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. તેને માટે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, મહા પુણ્યની સામગ્રીથી મનુષ્યજન્મની પ્રાપ્તિ થાય છે, તેમાં પણ જે મહા પુણ્યવંત હોય, તેજ સત્ય ધર્મ શ્રવણ કરી શકે છે. તેમાં પણ મહાપુણ્યવાન્ હોય તેનેજ સત્ય ધર્મ ઉપર શ્રદ્ધા થાય છે. અને તે કરતાં વિશેષ પુણ્યવાન્ હોય તે વિરતિપણું અંગીકાર કરી શકે છે. તે સર્વ કરતાં અનંત પુણ્યની રાશિ ભેગી થયેલ હોય તોજ ચારિત્ર ઉદયમાં આવે છે. અને તેથી પણ અનંત પુણ્ય રાશિની સામગ્રી પ્રાપ્ત થઇ હોય તો ભાવચારિત્ર ઉદય આવે છે. આ પુણ્યાનુબંધીપુણ્યને યોગે જીવ અનુક્રમે ઉચ્ચ દશા પામી મિથ્યાત્વ રૂપી શત્રુઓને જીતી પરમાત્મપદના મહાન્ કિલ્લાને સર કરે છે.

૨ **પુણ્યાનુબંધી પાપ**—દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને યોગે પાપોદય વેદતાં છતાં પણ તથા પ્રકારની સામગ્રી યોગે શુદ્ધ ધર્મનું શ્રવણ તથા શ્રદ્ધા કરે તો મન વચન કાયાના શુભયોગદ્વારા જે પુણ્યના દલિયા ગ્રહણ કરે છે, તે પુણ્યાનુબંધીપાપ કહેવાય છે. એટલે કોઇ જીવ હાલ દુઃસ્થિતિ–ગરીબાઇમાં હોય છતાં પણ કોઇ સદ્ગુરૂને પામી સત્ય ધર્મનો ઉપદેશ શ્રવણ કરી કૃતાર્થ થઈ એવું ચિંતવે કે પૂર્વ ભવે અશુભ વિચારરૂપ લેશ્યા યોગે અશુભ પાપરૂપ કર્મ ઉદય આવ્યું છે, તેના વિપાક ભોગવવા પડે છે, તેમાં દુઃખ ધરવું નકામું

છે. જ્યાં સુધી અશુભ કર્મના ઉદયનો કાળ પૂર્ણ થયો નથી ત્યાં સુધી દુઃખ ભોગવવું પડશે. રાજા હો કે રંક હો, ઇંદ્ર હો કે કીટ હો અને નર હો વા નારી હો પણ જેણે જેવા પ્રકારનું અશુભ કર્મ બાંધ્યું હોય તેને તેવા પ્રકારનો ઉદય દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવના યોગે ભોગવવો જ પડે છે. કોઇએ એવું કર્મ ઉપાર્જન કર્યું હોય છે કે જેથી તે માતાના ઉદરમાંજ મરણને શરણ થઇ જાય છે, કોઇ જીવે એવું કર્મ કર્યું હોય છે કે જેથી તે માતાના ઉદરમાંથી બાહેર નીકળતાં આડો આવે છે, તેથી તેના શરીરને કાપવું પડે છે અને માતા મૃત્યુ પામી જાય છે. કર્મયોગે કોઇ જીવ જન્મથી અંધ અને બેહેરો થાય છે. એ સર્વના કર્મના વિપાક છે. કરેલા કર્મોને ભોગવ્યા શિવાય છુટકો થતો નથી.

ભદ્ર, જુવોને કર્મોની શક્તિ કેવી પ્રબળ છે? રામચંદ્ર જેવા સમર્થ રાજકુમારને રાજ્ય છોડી વનમાં ચાલ્યા જવું થયું હતું. સીતા જેવી સતીને માથે ખોટું કલંક આવ્યું હતું. મુંજ રાજાને ઘેર ઘેર ભિક્ષા માગવી પડી હતી. કર્મની વિચિત્રતા અનિર્વચનીય છે. રાજાને રંક બનાવે છે, અને રંકને રાજા બનાવે છે. જે નિર્ધન હોય છતાં સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, ગુરૂવૈયાવચ્ચ, અભયદાન અને સુપાત્ર દાનના સદ્વિચારો કરે છે અને સાદી ભાવના ભાવ્યા કરે છે અને પોતાથી બને તેવી રીતે વ્યવહારમાં પણ શુદ્ધ રીતે પ્રમાણિકપણે વર્તે છે. જે જીવ હાલ દુઃખ ભોગવતો હોય, નિર્ધન સ્થિતિમાં આવી પડયો હોય તે પણ જો ધર્મ કરે છે તેથી તે પુણ્ય બાંધે છે. તે બીજા ભવમાં પુણ્યનાં ફલ ભોગવશે. તે પુણ્યાનુબંધીપાપ કહેવાય છે.

**૩ પાપાનુબંધી પુણ્ય**—જે જે જીવ હાલ પુણ્યના ઉદયે રાજ્ય ઋદ્ધિ ભોગવે છે. મોટા મોટા વેપારી કરોડો રૂપીઆ પેદા કરી ગાડી, વાડી અને લાડીના વિલાસો ભોગવે છે અને મોટા મોટા બંગલાઓ બાંધે છે. માન અને તાનમાં મશગૂલ રહેલા ઘણાઓ અભક્ષ પદાર્થો ખાય છે, અપેય પદાર્થો પીવે છે. હજારો લોકો મૃગયા કરે છે અને એશઆરામ ભોગવે છે. બીજા પણ જીવહિંસાના અને ચોરીના વ્યાપારથી મોટા તાલેવંત બની જાય છે. કેટલાએક કુડ–કપટ અને વ્યભિચારથી આગળ વધતા દેખાય છે, આવા

જીવોને એશઆરામ ભોગવતા જોઈ બીજાઓ કહે છે કે, " જુવો ભાઇ ધર્મીને ઘેર ધાડ અને પાપીને ઘેર કુશળ. આવા પાપીઓ મજાહ ભોગવે છે અને ધર્મીઓ દુઃખી થાય છે." આ તેમનું કહેવું અજ્ઞાન ભરેલું છે. તેવાઓને એટલુંજ કહેવાનું કે, ભાઇ, તેવા જીવો હાલ આગલાં પુણ્યનું ફળ ભોગવે છે, તેથી સુખી દેખાય છે, પણ તે પાપનાં ફળ તેમને પરભવે અવશ્ય ભોગવવાંજ પડશે. પરલોકમાં પોપાબાઇનું રાજ્ય નથી કે ચાલ્યું જાય. ભદ્ર, ઉત્તમ મનુષ્યોએ પાપીઓને સુખી કે સત્તાધારી જોઇ પોતાના મનને ધર્મથી ચળિત કરવું ન જોઇએ-ધર્મ કૃત્યોથી ભ્રષ્ટ થવું ન જોઇએ. તેમણે પોતાના મનમાં નિશ્ચયપૂર્વક વિચાર કરવો કે, સારા વિચારો અને સારા કૃત્યો તથા નઠારા વિચારો અને નઠારા કૃત્યોનાં ફળ ભોગવ્યા વિના છુટકોજ નથી. સારાંનરસાં ફળો અવશ્ય ભોગવવાંજ પડે છે. કસાઇઓ બકરાઓને સારો સારો ખોરાક ખવરાવે છે, અને તેથી તેઓ મસ્તાન બની જાય છે, પણ તેમનું મસ્તાનપણું થોડા દિવસને માટે છે, એમ સમજી લેવું. થોડા દિવસમાંજ તેમનાં પ્રાણ હરણ કરવાના છે. તેવી રીતે કોઇ અધર્મી-પાપી અકૃત્ય કરતાં હોય અને સુખ ભોગવતાં હોય પણ સમજવું કે, છેવટે પુણ્યનો ઉદય બંધ થતાંજ કસાઈના બકરાંના જેવા તેમના હાલ થવાના. તે પાપી જીવો અંતે મૃત્યુ પામીને તિર્યંચ નરકાદિકની ગતિમાં જવાના અને ત્યાં ભયંકર દુઃખો ભોગવવાના. ભદ્ર, આ ઉપરથી પાપાનુબંધી પુણ્યનું સ્વરૂપ સમજી લેજો. એ પાપાનુબંધી પુણ્યના ભોક્તા દુર્ભવી અથવા અભવી જીવો હોય છે, માટે તેવા કૃત્યને વખાણવાના વિચારોથી આત્મા અશુભ કર્મ ઉપાર્જન કરી દુઃખના ભોક્તા બને છે, તેથી કદિ તેવું આચરણ થઇ ગયું હોય તો તેનો પશ્ચાત્તાપ કરવો અને સદ્‌ગુરૂની પાસે તેની આલોચના લેવી.

૪. **પાપાનુબંધી પાપ**—જે પાપના ઉદયથી અશાતાવેદનીય ભોગવતાં છતાં પણ તેનાથી પાછું પાપ બાંધવામાં આવે તે **પાપાનુબંધી પાપ** કહેવાય છે. જેવાં કે ઢીમર, ચંડાળ વગેરે નીંદ જાતિના જીવો છે, તેઓને ખાવા પીવાનું મળતું નથી, નઠારી સ્થિતિ ભોગવે છે, છતાં તેઓ પાછા પાપ ભરેલાં કૃત્યો કરે છે

અને તેથી વિશેષ પાપને ઉપાર્જન કરે છે. જે દુઃસ્થિતિમાં રહી જુઠા બોલવાના ધંધા, બાલહત્યા, સ્ત્રીહત્યા અને મુનિ હત્યા તથા બીજા અનેક પ્રકારની હિંસા કરવાના ધંધા કરવામાં આવે છે, તે સર્વ પાપાનુબંધી પાપ કહેવાય છે. એવા પાપાનુબંધી પાપ કરી જીવ નરક અને તિર્યંચના દુઃખો ભોગવે છે. ટાઢ, તડકો, ક્ષુધા, તૃષા વગેરે અનેક પ્રકારના દુઃખોથી તેઓ અત્યંત પીડિત થાય છે.

ભદ્ર, આ ઉપરથી સમજાયું હશે કે પુણ્ય અને પાપ એ વિચાર રૂપ લેશ્યાઓનુંજ ફળ છે. કલ્યાણની ઈચ્છાવાળાએ પોતાના હૃદયમાં શુદ્ધ વિચાર જાગૃત કરવો, કારણ શુદ્ધ વિચાર એ આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે ઉત્તમ શક્તિ છે. કર્મ રૂપી બળતા અગ્નિને બુઝવવામાં શુદ્ધ વિચાર એ મેઘના જળની વૃષ્ટિ સમાન છે.

ભદ્ર, આ ઉપરથી દયા ધર્મની સિદ્ધિ થાય છે. સર્વ જીવ ઉપર દયા રાખવી એ સર્વ ધર્મોનો મૂળ પાયો દયા ઉપર છે. જે જે ધર્મ કૃત્યો કરવાને કહેલાં છે, તે સર્વ દયાને માટેજ છે. અન્ય ધર્મીઓના વેદમાં પણ એવું વચન છે કે, "अहिंसा परमो धर्मः" "અહિંસા એજ મોટો ધર્મ છે." વૈષ્ણવ ધર્મના પ્રખ્યાત ભક્ત તુલસીદાસ કહે છે કે:—

"દયા ધર્મકો મૂલ હૈ, પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છાંડીએ, જબલગ ઘટમેં પ્રાણ." ૧

ઇસ્લામી ધર્મમાં પણ દયાને મુખ્ય ગણેલી છે. એ લોકો દયાને 'રહિમ' કહે છે. એ રહિમને લઈને તેમના પરમેશ્વર "રહિમાન" કહેવાય છે. તેમના શાસ્ત્રમાં લખે છે કે:—

"न सा झी म कामे शिक मरा तुगूर;
जेब हरेबा हय म जेबे हरे तूयूर."

તું તારા પેટમાં પશુ પક્ષીઓની કબર કરીશ નહિ, અર્થાત્ પશુ પક્ષીઓને મારીને ખાઈશ નહિ.

પારસી શહેનશાહ ગુસ્તાપરનો દીકરો અસ્પંદીઆર જ્યારે હિંદુસ્તાન ખાતે લડાઈ કરવા આવ્યો, ત્યારે તેણે હિંદુ રાજાને ધર્મ સમજાવતી વખતે કહ્યું હતું કે, "અમારો જરથોસ્તી ધર્મ

એવો છે કે પશુઓને મારીને ખાવાં નહિ અને જનાવરોનો શીકાર કરવો નહિ, વળી તેઓના ઇજશ્નેના બત્રીસમા હા. માં લખ્યું છે કે, "જેઓ ગોસ્પદો ચોપગા જાનવરોને દુઃખ આપવામાં કે તેઓને મારવામાં આનંદવાળી જીંદગી માને છે, અથવા પશુઓને કાપવા ને ખાવાને હુકમ આપે છે, તેઓને દાદાર હોરમજદે દૂર રાખવા કહેલું છે" બીજે સ્થળે તેજ પુસ્તકમાં એવું પણ જણાવેલું છે કે, "જેઓ આ દુનિયાની પેદાશ ઉપર દયા લાવતા નથી તેઓ વગર દયાના દેવો દોજખી આદમીઓ છે."

ખ્રીસ્તીઓના બાઇબલના વીશમા પ્રકરણમાં મોઝીઝમે આપેલી શિખામણોમાં એક શિક્ષા એવી પણ છે કેઃ—

"Thou shalt not kill" અર્થાત્ તું કોઇને મારીશ નહિ. બાઇબલના બાવીશમા પ્રકરણમાં કહ્યું છે કે—"And ye shall be holy Man unto me neither shall you deat any Flesh that is torn of beasts in the field." તું મારા તરફ પવિત્ર રહેજે, વગડાના પશુને મારીને તેનું કોઈ પણ જાતનું માંસ ખાતો નહિ.

મહાભારતના મોક્ષ પર્વમાં કહ્યું છે કેઃ—

"यथा नागपदेऽन्यानि, पदानि पदगामिनाम् ।
सर्वाण्येवापि धीयन्ते, पदजातानि कौञ्जरे;
एवं सर्वमहिंसायां धर्मार्थमपि धीयते" ॥ १ ॥

"જેમ પગવડે ચાલનારાં સર્વ પ્રાણીનાં પગલાં હાથીના પગમાં સમાય છે, તેમ સત્ય, દાન, યજ્ઞાદિ સર્વ ધર્મ અહિંસામાંજ સમાઇ જાય છે." ૧

યાજ્ઞવલ્કય સંહિતામાં અહિંસાનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે કેઃ—

"कर्मणा मनसा वाचा सर्व भूतेषु सर्वदा ।
अक्लेशजननं प्रोक्तमहिंसात्वेन योगिभिः" ॥ १ ॥

"મન, વચન અને શરીરથી સર્વ ક્રિયા વડે સર્વ પ્રાણીઓને કલેશ ઉત્પન્ન ન કરવા, એનું નામ યોગીઓએ અહિંસા કહેલ છે." ૧

મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કેઃ—

"योऽहिंसकानि भूतानि, हिनस्त्यात्मसुखेच्छया ।
स जीवंश्च मृतश्चैव, न क्वचित्सुखमेधते" ॥ १ ॥

"જે પોતાને સુખ થવાની ઇચ્છાથી (અહિંસક) પ્રાણીઓની હિંસા કરે છે, તે જીવતાં મુવા જેવો છે અને તેને ક્યાંઈ પણ સુખ મળતું નથી." ૧

મહાભારતના **અનુશાસન** પર્વમાં કહ્યું છે કેઃ—

"अधृष्यः सर्व भूतानामायुष्मान् नीरुजः सुखी ।
भवत्यभक्षयन्मांसं, दयावान् प्राणिनामिह" ॥ १ ॥

"જે પ્રાણીઓ ઉપર દયાવાન થાય છે, અને માંસ ભક્ષણ કરતો નથી. તે સર્વ પ્રાણીઓ અધૃષ્ય, આયુષ્માન, નીરોગી અને સુખી થાય છે." ૧

વળી મહાભારતમાં કહ્યું છે કેઃ—

"घातकश्चानुमंता च भक्षकः क्रयविक्रयी ।
लिप्यन्ते प्राणिघातेन पञ्चैतेऽपि युधिष्ठिर ॥ १ ॥
यावन्ति पशुरोमाणि पशुगात्रेषु भारत ।
तावद्वर्षसहस्राणि पच्यन्ते पशुघातकाः" ॥ २ ॥

"હે યુધિષ્ઠિર, જે પ્રાણીઓની હિંસા કરનાર, તેમાં અનુમોદન કરનાર, ખાનાર, તેમને ખરીદનાર અને વેચનાર પુરૂષો છે, તે પાંચે જીવ હિંસાના પાપથી લેપાય છે." ૧

"હે ભારત, પશુઓની હિંસા કરનારાઓ પશુઓના શરીર ઉપર જેટલા પશુઓના રોમ હોય, તેટલા હજાર વર્ષો સુધી નરકમાં લેપાય છે." ૨

શાંતિપર્વમાં પણ કહ્યું છે કેઃ—

"यूपं छित्वा पशून् हत्वा, कृत्वा रुधिरकर्दमम् ।
यद्येवं गम्यते स्वर्गे नरके केन गम्यते" ॥ १ ॥

"યજ્ઞ સ્તંભને છેદી, પશુઓને મારી અને રૂધિરનો કાદવ કરી જો સ્વર્ગે જવાતું હોય તો પછી નરકે કોને જવાનું છે?" ૧

માર્કંડ પુરાણમાં પણ કહ્યું છે કેઃ—

"जीवानां रक्षणं श्रेष्टं जीवा जीवित कांक्षिणः ।
तस्मात्समस्तदानेभ्योऽभयदानं प्रशस्यते " ॥ १ ॥

" જીવોનું રક્ષણ કરવું, તે શ્રેષ્ઠ છે, કારણ કે, સર્વ જીવો જીવવાની ઈચ્છા રાખનારા છે; તેથી સર્વ દાન કરતાં અભયદાન પ્રશંસવા યોગ્ય છે." ૧

આ પ્રમાણે અભયદાનની મહત્તા કેટલી બધી છે? તે વેદ ધર્મના પુરાણોમાં પણ દર્શાવે છે. તે છતાં જે પશુ હોમ થાય છે, તે બાલચેષ્ટા છે. તેથી સર્વ ધર્મોમાં કોઈને દુઃખ ન થાય, તેમ વર્તવું, એમ જણાવેલું છે.

વળી કહ્યું છે કેઃ—

" दृष्टिपूतं न्यसेत् पादं, वस्त्रपूतं पिबेज्जलम् ।
सत्यपूतं वदेद्वाक्यं, मनःपूतं समाचरेत् " ॥ १ ॥

" આંખોથી જોઈને પગ મૂકવો, વસ્ત્રથી ગળીને પાણી પીવું, સત્યથી પવિત્ર વચન બોલવું અને શુદ્ધ મનથી આચરણ કરવું." ૧

ઐતિહાસ પુરાણમાં કહ્યું છે કેઃ—

" अहिंसा परमं ध्यानं अहिंसा परमं तपः ।
अहिंसा परमं ज्ञानं अहिंसा परमं पदम् " ॥ १ ॥

" અહિંસા એ પરમ ધ્યાન છે, અહિંસા એ પરમ તપ છે, અહિંસા એ પરમ જ્ઞાન છે અને અહિંસા એ પરમ પદ છે." ૧

" अहिंसा परमं दानं अहिंसा परमो दमः ।
अहिंसा परमो जापः अहिंसा परमं शुभम् " ॥ २ ॥

" અહિંસા એ પરમ દાન છે, અહિંસા એ પરમ દમ છે, અહિંસા એ પરમ જપ છે અને અહિંસા એ પરમ કલ્યાણ છે." ૨

" तमेव मुत्तमं धर्ममहिंसा धर्म रक्षणम् ।
ये चरन्ति महात्मानो विष्णुलोकं व्रजान्ति ते " ॥ ३ ॥

" અહિંસા ધર્મનું રક્ષણ કરવું, તેજ ઉત્તમ ધર્મ છે, જે મહાત્માઓ તે ધર્મને આચરે છે, તેઓ વિષ્ણુલોકમાં જાય છે." ૩

ભદ્ર, આ ઉપરથી સમજવાનું છે કે, અહિંસા ધર્મ સર્વ ધર્મોમાં

પ્રધાન ધર્મ છે. આ જગતમાં પ્રાણથી અધિક પ્રિય એવી બીજી કોઇ પણ વસ્તુ નથી, તેથી પોતાની જેમ બીજા પ્રાણીઓ ઉપર દયા કરવી. આવી રીતે સર્વ ધર્મ-મતના પ્રવર્ત્તકોએ કોઇ પણ પ્રાણીનો વધ કરવો, એ ધર્મના ફરમાનથી ઉલટું છે,-ધર્મ રહિત છે, એમ જણાવ્યું છે. દરેક મતવાળાએ દયાનો સ્વીકાર કરેલો છે. તેમ છતાં મુસલમાન વિગેરે જેઓ હિંસા કરે છે, અને એમ કહે છે કે, અમારા શાસ્ત્રમાં માંસ ભક્ષણ કરવું કહેલું છે, તો આવી રીતે તેમનાં શાસ્ત્રોમાં જો માંસ ભક્ષણ કરવા કહેલું છે તો તે પાછળથી કોઇ માંસના લોભીએ તેમાં વધારેલું હોય એમ અનુમાનથી સિદ્ધ થાય છે.

વળી જે દેવીભકતો બકરાં ઘેટાં વગેરેનો ભોગ દેવીને આપે છે, અને તેમાં ધર્મ માને છે, આ વાતનો વિચાર કરતાં બુદ્ધિમાન્ મનુષ્યને સમજાશે કે દેવી કે જે એકલા મનુષ્યની માતા નહિ પણ આખા જગતની માતા છે, ત્યારે તે પશુ પક્ષીઓ વગેરે જાનવરોની માતા કેમ નહિ? તો માતાનો ધર્મ બાળકો ઉપર દયા લાવવાનો છે, ત્યારે તે માતા બાળકોનું ભક્ષણ કરે એ વાત કેમ સંભવે? વળી તે દેવી સર્વશક્તિમાન્ છે. તેને જો ભક્ષણ કરવું હોય તો તે પોતાની મેળે ભક્ષણ કરવાને સમર્થ નથી? કે જેથી તે મનુષ્ય પાસેથી લઇને ભક્ષણ કરે? વનમાં ઘેટાં, બકરાં અને પાડાઓ ચરે છે, તેમને પોતાની મેળે કેમ ભક્ષણ કરતી નથી? જો દેવીને ભોગ આપે ત્યારે ખાવાનું મળે, ન આપે તો ન મળે, આ વાત કેમ મનાય? આ તો તેમના ભકતો દેવીનું નામ આપી જગત્માં ધર્મી ગણાઈ માંસ ભક્ષણ કરે છે, અને તેને માટેજ આ રસ્તો કાઢેલો હોય એમ માલમ પડે છે.

જ્યારે કુમારપાળ મહારાજાને શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજે ઉપદેશ કરીને જૈન ધર્મી કર્યા ત્યારે કુમારપાળે હિંસા ન કરવાની પ્રતિજ્ઞા કરી. તે પછી આશ્વીન માસ આવતાં નવરાત્રિ અને દશેરાના દિવસો આવ્યા. તે રાજ્યમાં નવરાત્રિની અષ્ટમીએ આઠસો, નવમીએ નવસો અને દશમી-દશેરાને દિવસે એક હજાર-જીવો

મારવાનો રીવાજ ચાલ્યો આવતો હતો. આ રીવાજ પ્રમાણે દેવીના પૂજારીએ તેટલા જીવો માર્યા, ત્યારે મહારાજા કુમારપાળે કહ્યું કે, "હું જીવોને મારવા નહિ આપું. દેવીના ભોગને માટે પકવાન્ન વગેરે જોઇએ તો આપું." ત્યારે તે બ્રાહ્મણોએ મહારાજાને કહ્યું કે, "દેવીને તો માંસનો ભોગ જોઇએ છીએ, જો તે નહિં આપો તો દેવીના કોપથી તમારૂં રાજ્ય જશે અને તમારા કુલનો ક્ષય થઈ જશે, તેમજ બીજાં ઘણાં દુઃખો પ્રાપ્ત થશે. પરંપરાથી ચાલતો કુલનો રીવાજ બંધ થવો ન જોઇએ."

બ્રાહ્મણોનાં આ વચનો સાંભળી મહારાજા કુમારપાળે તે પોતાના ગુરૂ હેમચંદ્રાચાર્યને કહ્યાં, ત્યારે તે દયાળુ સૂરિવર બોલ્યા—"રાજેંદ્ર, જો દેવી બકરાં–ઘેટા વગેરેનું ભક્ષણ કરતી હોય તો તે બ્રાહ્મણો કહે તેટલા બકરાં–ઘેટાં દેવીના મંદિરમાં રાત્રે મુકો અને પછી દરવાજા બંધ કરી તેને તાળું વાસી ઘો, એટલે દેવીને જેટલી ક્ષુધા હશે, તે પ્રમાણે જીવોને ખાઇ જશે. સવારે દરવાજો ખોલીને જોશો તો જણાશે કે, દેવીએ ભક્ષ કર્યો કે નહિ? જો તે જીવતાં રહ્યાં હોય તો સાબીત થશે કે દેવી જીવોનું ભક્ષણ કરતી નથી. ભક્ષણ કરનાર તેમના પૂજારીઓજ છે." સૂરિવરના કહેવાથી મહારાજા કુમારપાળે એવી રીતે દેવીના મંદિરમાં એક હજાર પશુઓ પૂર્યાં અને તેમના મંદિરને તાળાથી બંધ કર્યું. સવારે ઉઘાડીને જોયું તો બધા જીવ જીવતાજ માલમ પડયા. આ ઉપરથી રાજાને ખાત્રી થઇ કે, આ લોકો દેવીનું નામ લઈ પોતાનું પેટ ભરવા જીવોની હિંસા કરે છે. સર્વ જીવોને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે. એક નરકના કીડાને મોટા રાજા અને ઇંદ્ર એ ત્રણેને પોતપોતાના પ્રાણ સરખા વહાલા છે. વળી આપણને જ્યારે કાંટો ભોંકાય છે, ત્યારે કેટલું દુઃખ થાય છે? તે ઉપરથી વિચારો કે બીજા જીવોને મારી નાંખતા કેટલું દુઃખ થતું હશે? ભદ્ર, આ જગતમાં સર્વ પ્રાણીને મોટામાં મોટો ભય મરણનો હોય છે. કરોડ સોના મોહરનું દાન દેવા કરતાં પણ એક જીવને બચાવવો એ વધારે ફલદાતા છે. જેમ કે, એક માણસને ફાંસીની સજા થઇ હોય પછી ફાંસી ચડતી વખતે કોઇ તેને એક કરોડ સોનામોહોર આપે, તોપણ તે રાજી થવાનો

નથી, કારણ કે મરણ પછી તે કાંઇ કામ લાગતી નથી, પણ જો તેને કોઇ જીવિત દાન આપે તો તેને કેટલો આનંદ થાય ? તેનો વિચાર સૌએ કરવો.

ભદ્ર, સર્વ ધર્મોના કરતાં જૈન ધર્મ તો ખાસ અહિંસાના તત્વો ઉપરજ રચાએલો છે. તેમ વળી દરેક ધર્મનું મૂલ તત્ત્વ અહિંસાજ હોવું જોઇએ, એમ યુક્તિપૂર્વક સાબીત થાય છે. આ જગતમાં દયાથી રહિત બીજો કોઈ ધર્મ હોઇ શકેજ નહિ; અને કદિ હોય તો તેને ધર્મ કહેવો, એ ન્યાય દૃષ્ટિથી ઉલટું છે. ભદ્ર, જૈન દર્શનના એક આગમ દશવૈકાલિક સૂત્રના પ્રથમ ગ્રંથના મંગળાચરણમાં કહ્યું છે કેઃ—

**“ धम्मो मंगल मुक्किट्ठं, अहिंसा संजमो तवो । ”**

“ આ જગતમાં અહિંસા, સંયમ અને તપ રૂપ ધર્મ એજ ઉત્કૃષ્ટ મંગળ છે, અર્થાત્ પ્રાણીને ધર્મજ સર્વ પ્રકારના મંગળ રૂપ છે અને તે ધર્મ અહિંસામયજ હોવો જોઇએ.

અન્ન, પાણી, વસ્ત્ર, સ્નાન, વિલેપન, શય્યા, પુષ્પ વગેરે સાધનોથી ઉત્પન્ન થતા સુખમાં અને વધ બંધનાદિકથી ઉત્પન્ન થતા દુઃખમાં પોતાને જેમ સુખનાં સાધનો પ્રિય છે, અને દુઃખનાં સાધનો અપ્રિય છે, તેવી રીતે બીજા જીવોને માટે વિચારી અન્ય કોઇ પણ પ્રાણીની હિંસા કરવી નહિ.

ભદ્ર, તત્ત્વજ્ઞાનથી વિચાર કરવામાં આવે તો જણાશે કે, આ જગતના કુંથવા તથા કીડીથી માંડીને કુંજર સુધીના સર્વ ન્હાના મોટા પ્રાણીઓ, પશુ પક્ષીઓ અને મનુષ્યો—એ સર્વના જીવ સરખા છે અને જેવી મનુષ્યને સુખ દુઃખની લાગણી થાય છે, તેવીજ સર્વને થાય છે, તેથી સર્વ પ્રાણીઓને સમાન ગણવાની દૃષ્ટિ સંપૂર્ણ રીતે પ્રગટે અને “ **आत्मवत्सर्व भूतेषु** ” એ વાક્યની રમણતા થઇ સર્વ જીવોને પોતાના સદૃશ જુવે–ગણે અને તે પ્રમાણે વર્તે ત્યારેજ મોક્ષ પ્રાપ્ત થઇ શકે છે; માટે **અહિંસા** એ સર્વોત્તમ ધર્મ છે. તે સર્વ મનુષ્યોને આદરણીય ગુણ સમૂહમાં અગ્રપદને લાયક છે.

ભદ્ર, મૂળ સંસ્કૃત **हिंस्** ધાતુ ઉપરથી **हिंसा** શબ્દ બનેલો છે. તેનો અર્થ મારવું, એવો થાય છે. વધ, ઘાત, સંહાર એ બધાં તેના

પર્યાય શબ્દો છે. મરવા અથવા મરવાની ક્રિયા ચૈતન્ય રહિત જડને લાગુ પડતી નથી, પણ જ્યાં જીવનનો સંભવ છે, ત્યાંજ મરણનો સંભવ છે. માટે કોઇ પણ પ્રાણ ધારણ કરનાર પ્રાણીનો વધ કરવો તે **હિંસા** કહેવાય છે. તત્ત્વાર્થ ભાષ્યમાં હિંસાના સ્વરૂપનો નિર્ણય કરતાં લખ્યું છે કે,–"**प्रमदनात्प्राणव्यपरोपणं हिंसा**" "પ્રમાદથી પ્રાણનો ત્યાગ કરાવવો તે હિંસા કહેવાય છે." પાંચ ઇંદ્રિયો, મન, વચન, કાયા–આ ત્રણ પ્રકારનું બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય–એ દશ પ્રાણ કહેવાય છે; તેનો વિયોગ કરાવવો, તે હિંસા અને તે હિંસાનો પ્રતિપક્ષ તે અહિંસા, અર્થાત્ કોઇ પણ પ્રાણીનો ઘાત કરવાથી નિવૃત્ત થવું, તે **અહિંસા** કહેવાય છે. દશ પ્રાણોમાંથી કોઇ પણ એક પ્રાણનો ઘાત કરવાથી હિંસા થાય છે, માટે જે જે પાપના સ્થાન કહેલા છે, તે સર્વ હિંસાનાજ પર્યાય છે, એટલે જુઠું બોલવાથી બીજાના ભાવ પ્રાણ દુઃખાય તે પણ હિંસા છે, ચોરી કરવાથી પણ ભાવ પ્રાણનો ઘાત થાય છે, પરસ્ત્રી ગમનથી પણ તે સ્ત્રીના સંબંધીઓના ભાવ–પ્રાણનો ઘાત થાય છે, પૈસાના લોભથી વિશ્વાસઘાત તથા કુડ–કપટ વગેરેથી પણ ભાવ પ્રાણનો ઘાત થાય છે. ક્રોધ, માન, માયા, લોભ, દ્વેષ, કલહ, કુડુ આળ દેવું, પિશુનતા, રતિ, અરતિ, શોક, ભય, દુગંછા, નિંદા, અને બીજાના અવર્ણવાદ બોલવા એ બધાથી પોતાના તથા પારકા મનની લાગણી દુઃખાય છે તે હિંસા છે, માટેજ તેમને પાપસ્થાનકમાં ગણેલા છે, તેથી સર્વ જીવ ઉપર દયા રાખવી એજ ધર્મ તથા આત્મોન્નતિનો મુખ્ય માર્ગ છે. ભદ્ર, સર્વ જીવોની ઉપર કરૂણાદષ્ટિથી જોવું, કોઇનું અશુભ કરવું નહિ, તેમ અશુભ થવાની ઇચ્છા પણ કરવી નહિ. કદિ કોઇ આપણું અહિત કરે તેનું પણ ભલું ઇચ્છવું; કારણકે, બીજાના કરવાથી આપણું બુરૂં થતું નથી, પણ આપણા પાપના ઉદયથીજ આપણું અશુભ થાય છે. જો કોઈ બીજો માણસ આપણું અશુભ કરે છે; તો તે માત્ર નિમિત્તરૂપ બને છે, પણ આપણું અશુભ થવાનું હતું, તેથી થાય છે. બીજા કોઇથી આપણું અશુભ થતું નથી, એ નિશ્ચયથી સમજવું. તેમજ બીજાઓનું ભલું કરવાથીજ આપણું ભલું થવાનું છે અને બુરૂં કરવાથી બુરૂં થવાનું છે, એ વાત નક્કી છે.

ભદ્ર, આ જગતમાં જે પ્રાણીઓને જન્મ મરણ થયા કરે છે, તેનું કારણ હિંસા પણ છે. હંમેશા આપણાથી જાણતાં અજાણતાં હિંસા થયા કરે છે. ચાલવાથી, ઉઠવાથી, કાંઈ ચીજ લેવાથી કે મુકવાથી અને કામકાજ કરવાથી ઘણા સૂક્ષ્મ જીવોનો ઘાત થઇ જાય છે તેમાં આપણા રસોડામાં ઘણા જીવો ભસ્મીભૂત થઇ જાય છે. તેવા અસંખ્યાતા જીવોના ઘાતથી આપણે જન્મ મરણના પાત્ર બનીએ છીએ. ભદ્ર, તેથી યથાશક્તિ તેવા જીવોને બચાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. દરેક મનુષ્યનો એ ખરો ધર્મ છે. તે ખરો ધર્મ બજાવવાને માટે મનુષ્યે જયણા કરવી જોઇએ.

ભદ્ર, જે મુનિઓ છે તેઓ પરિપૂર્ણ રીતે દયા ધર્મના પાલક થઈ શકે છે. જૈન મુનિઓ વિરતિ ધર્મના પાલક હોવાથી ઉત્તમ પ્રકારે જયણા કરી શકે છે, તેમનાથી કોઇ પણ જીવનો ઘાત થતો નથી, તેથીજ મુનિઓ વીશ વસા દયા પાલી શકે છે. પવિત્ર જૈન મુનિઓની ચેષ્ટાઓ દયા ભરેલી હોય છે. તેઓ ચાલતાં પગમાં ઉપાન પહેરતા નથી, તેઓ નીચે દૃષ્ટિ રાખી યતનાપૂર્વક ચાલે છે. રજોહરણથી પ્રમાર્જન કરેલા સ્થાન ઉપર બેસે છે. કોઇ વસ્તુ નીચે મુકવી કે લેવી વગેરે સર્વ કાર્ય યતનાપૂર્વક કરે છે, તેથી કોઈ પણ જીવનો ઘાત થતો નથી. જેથી કરીને ઘણા જીવોનો સંહાર થાય, તેવા રસોઇ વગેરે આરંભવાળા કામ તેઓ કરતા નથી. તેઓ આહાર પાણી પણ ઉપયોગ સાથે કરે છે. તેઓ માધુકરી ભિક્ષા માગી લાવે છે, એટલે પોતાને અર્થે નહિ કરેલી અને નહિ કરાવેલી ભિક્ષા લાવે છે. જુદા જુદા ગૃહસ્થને ઘેરથી થોડો થોડો નિર્દોષ આહાર ગ્રહણ કરે છે–એવી રીતે જૈન મુનિઓ સર્વ અંશે દયા પાળનારા છે. તેથી તેમના જન્મ–મરણ ઘટી જાય છે અને અંતે તેઓ મોક્ષે જાય છે.

ભદ્ર, સાધુઓની જેમ ગૃહસ્થોથી સર્વ અંશે દયા પળાતી નથી, ગૃહસ્થોથી જીવહિંસાનો સર્વથા ત્યાગ થઈ શકતો નથી, તેથી ગૃહસ્થ થોડે અંશે દયા પાળી શકે છે. તેથી ગૃહસ્થોએ યતનાપૂર્વક ચાલવું જોઇએ. ગૃહસ્થો જો પોતાના દરેક કાર્યમાં સૂક્ષ્મ દૃષ્ટિથી પ્રંવર્તે, તો તેથી ઘણા જીવો બચી શકે છે, યતનાપૂર્વક કામ કર-

વાથી દરરોજ હજારો જીવોનો બચાવ થાય છે. જેટલા જીવોનો ગૃહસ્થોથી બચાવ થઇ શકે, તેટલા પ્રમાણમાં તેમના મરણ જન્મ ઓછા થવાના. યતના એ અહિંસા ધર્મને વધારનારી છે. યતના કરતાં છતાં કદિ કોઇ જીવ મૃત્યુ પામે તો તેનો અલ્પદોષ ગણાય છે એટલે તેથી હલકાં કર્મ બંધાય છે. પ્રતિક્રમણની ક્રિયા કરવાથી તેવા કર્મથી મુક્ત થવાય છે; કારણકે, તેના પરિણામ હંમેશા જીવ બચાવવાના હોય છે, છતાં જો જીવ હિંસા થાય તો તેનો પશ્ચાતાપ કરે છે. જેમ વૈદ્ય રોગીને બચાવવાનો ઉપાય કરે છે, તેના હ્રદયનાં પરિણામ બચાવવાના છે છતાં માણસ મૃત્યુ પામે તો તે નિર્દોષ છે.

ભદ્ર, કેટલાએક માણસો કહે છે કે, એવી રીતે હાલતાં ચાલતાં જીવો મરે તેમાં આપણે શું કરીએ ? આપણે કાંઇ જાણી જોઇને મારતા નથી. આ તેમનું કહેવું ભુલભરેલું છે જો તેઓ તેનો વિચાર કરશે તો તેમને તેની ભૂલ માલમ પડશે, કારણકે, અજાણતાં ઝેર ખાવામાં આવે તોપણ મરી જવાય છે. નાનું બાલક દેવતા પકડવા જાય તો તે દાઝયા વગર રહેતું નથી. વળી આ ઉત્તમ મનુષ્યદેહ કે જે સર્વ પ્રાણી કરતાં વધારે બુદ્ધિ–અક્કલ ધરાવે છે, તેનો ઉપયોગ ન કરે તો પછી બીજા તિર્યંચોથી શું જીવ બચાવી શકાશે ? મનુષ્યજાતિ વધારે જ્ઞાન ધરાવે છે. દરેક મનુષ્યે જ્ઞાનદૃષ્ટિથી જોવું જોઇએ તેમજ બુદ્ધિથી વિચારવું જોઇએ કે, કોઈના અજાણપણાથી આપણા પ્રાણનો નાશ થાય તો આપણને કેટલું દુઃખ લાગે ? મરતી વખતે તેના ઉપર વૈરભાવ થયા વિના રહેશે નહિ. એ વૈરભાવ બીજા તે જીવોની સાથે લેવાનો એ નક્કી છે. જેમકે, આપણે રસ્તે ચાલ્યા જતા હોઇએ અને તે રસ્તે હાથી કે ગાડી દોડતી જતી હોય, તેમાં આપણે અફળાઇ આવી જઈએ તો શું તેનું ભલું ઈચ્છવાની બુદ્ધિ આપણને થશે ? જો ન થઇ અને કષાય ઉત્પન્ન થયો તો અલબત એ વૈર આ ભવમાં નહિ તો બીજા ભવોમાં લેવાનાજ. તેવીજ રીતે આપણે ચુલો સળગાવીએ અથવા સંસારના બીજા કાર્યો કરીએ ત્યારે તેમાં સૂક્ષ્મ જીવોને માટે સૂક્ષ્મ દૃષ્ટિથી જોઇ પુંજી સડેલાં લાકડાં છે કે નહિ, તે જગ્યા વસ્તુ જીવરહિત છે કે નહિ

તેની તપાસ કરી યતનાપૂર્વક વર્ત્તવું, એ વિચારવંત મનુષ્યોની ફ-રજ છે. તે ફરજ ભુલી જઈ એકદમ ચુલામાં અગ્નિ પ્રગટાવી રસોઇનું કામ શરૂ કરવામાં આવે કે ગમે તે સ્થળેથી ગમે તે વસ્તુ જોયા સિવાય લેવા મુકવા ઉપયોગ કરવામાં આવે તો તેથી જે જીવ બળી મરે અથવા હણાઈ જાય તેમને કેટલું દુઃખ થતું હશે? શું આપણે એ ગુન્હાથી બચવાના? આપણી પણ એજ દશા થવાની. પાછા આપણે પણ સૂક્ષ્મ જંતુ બનીને તેવી સ્થિતિએ આવવાના. એવો કર્મનો કાયદો છે, માટે જીવોને બચાવવા જયણા કરવી. જયણાને ધર્મની માતા કહેલી છે.

ભદ્ર, આ જગતના જીવો હંમેશાં સંસાર–વ્યવહારના ફંદમાં ફસી પડેલા છે અને ફસી પડતા જાય છે. પોતાનું હિત શું છે? તેથી તેઓ તદ્દન અજ્ઞાત રહે છે તેથી તેઓ આ ભવોભવ ભટકી રહ્યા છે. પ-રમાર્થે તેઓ આ જગતમાં અહિં તહિં રઝળ્યા કરે છે, તેનું કારણ માત્ર એજ છે કે, તેઓ પોતાનું હિત શું છે? તે જાણતા નથી. અને જે જણાવે છે તે માનતા નથી. ફક્ત જે કાળે કાંઇ દુઃખ થયું, તે કાળે તે દુઃખ કેમ મટાડવું? તેને માટે પૂરતો વિચાર કર્યા વિના જેમ તેમ કરીને તે મટાડવું, એવી ધારણાથી તે અજ્ઞાન રહી દુઃખ મટાડવાના ઉપાયો યોજવામાં મહાન અવળું પરિણામ ઉપ-જાવે છે. જેમ માણસને અતિ ભૂખ લાગી તે ભૂખનું દુઃખ મટાડ-વાને બીજા જીવના પ્રાણ હરણ કરી પોતાનું દુઃખ મટાડયું. કોઇ પંચેદ્રિય પ્રાણીને, કોઇ ચોરિંદ્રિયને, કોઇ તેરિંદ્રિયને, કોઇ બે ઇંદ્રિયને અને કોઇ એકેંદ્રિયને પોતાના પ્રાણને અર્થે હણે છે યા હણાવે છે. આમ પેહેલું તો ભૂખનું દુઃખ મટાડવાના ઉપાયમાં બી-જાના પ્રાણ લેવા પડયા, ત્યારે તેની ભૂખ મટી, પરંતુ વિચાર કરો કે આ ઉપાયથી તમારી ભૂખ મટી છે? જો કોઇના પ્રાણ લેવાથી ભૂખનું દુઃખ સદાને માટે મટી ગયું હોય તો પછી એવી પ્રાણહા-રક ભૂખ ન લાગવી જોઇએ, પરંતુ તે તો ભૂખ તેમજ રહેવાની. ત્રણ ચાર કલાક થયા કે પાછું ભૂખનું દુઃખ હતું તેજ રહેવાનું. એકવાર શું આ ભવમાં અનેકવાર ખાધું, તથાપિ ભૂખ મટીજ નહિ. ઈતર જન્મમાં પણ જીવ હણી અને હણાવી ખાધું, તોપણ ભૂખનું દુઃખ

મટયું નહિ. આવી રીતે ભૂખ મટતીજ નથી. અનેક જીવોના પ્રાણ લેવાથી શરીરમાં રહેલો જીવ ભવોભવ ખા ખા કરનારો હજુ પણ ભૂખની ટેવ મૂકી શકયો નહિ. આટલું આટલું ખાધું તો કાંઇ પણ તેનો આરો આવ્યો નહિ. આ ભવમાં ફક્ત કેટલું અનાજ ખાવામાં આવ્યું, તેનો વિચાર કરશો તો સમજવામાં આવશે કે, કેટલા ઘઉં અને કેટલા ચોખા ખવાયા છે? શું હજારો મણો, ખાંડીથી, કે ટનોથી પૂરૂં થયું છે? એકસો ટનો થતાં પણ પુરૂં ન થયું. ઘઉં, ચોખા, કઠોળ વગેરે અનાજ શિવાય દૂધ, ઘી તથા શાક ફલફૂલ વગેરે બીજું કેટલું ખવાય છે તોપણ ભૂખનો અંત આવ્યો નહિ. તેને ઘણીવાર શાંત કરવામાં આવે છે, છતાં પણ તે પાછી તેવીને તેવી ખડી થઇને ઉભી રહે છે. આ પ્રમાણે જીવોએ આ ભવમાં અને પૂર્વ ભવમાં ભૂખ મટાડવાને અનેક આરંભો કર્યા, તોપણ તેમનો એ ઉપાય નિષ્ફળ ગયો છે–તેમની ભૂખ હજી પણ મટી નથી.

ભદ્ર, આ પ્રસંગ ઉપર એક દૃષ્ટાંત કહેવાય છે. આ ભવમાં એક વૈદ્યરાજ છે, કે જેમની સાથે બીજા ઘણા આશ્રિત સહાયકો રહેલા છે. તે સહાયકો તે વૈદ્યરાજે બતાવેલી રીતિ પ્રમાણે કામ કર્યા કરે છે. તે વૈદ્યરાજે શીખવેલા વૈદ્યકના પુસ્તકો વાંચી વાંચીને તેઓ ઉપચાર કરે છે અને જેઓ તેમના તે ઉપચારો સ્વિકારે છે, તેઓ નીરોગી બની જાય છે.

ભદ્ર, એ વૈદ્યરાજ તે સકળ જીવોના રક્ષક શ્રી વીર પરમાત્મા છે અને જે આચાર્ય મહારાજાઓ છે, તેઓ તેમના આશ્રિત સહાયકો છે અને જે સાધુ સાધ્વીઓ છે. તે તેમના ઔષધદાયકો છે તે વૈદ્યરાજના કહેવા પ્રમાણે સહાયકો દવાઓ વાંચી આપે છે એટલે ઔષધદાયકો હંમેશા પ્રાતઃકાળે તેમજ બીજે કાળે આ ભયંકર ભૂખના દુઃખી રોગીઓને ઔષધ આપે છે. તે સાથે તેઓ જણાવે છે કે, જ્યાં સુધી તમે બીજાઓને હણી તમારી ભૂખ મટાડો છો, ત્યાં સુધી તમે હણાવાના છો, માટે આ સર્વ ભક્ષક ભૂખને મટાડવાનો ઉપાય જેમાં બીજાના પ્રાણ પરોક્ષ અને પ્રત્યક્ષ લેવાય છે, તેનો ત્યાગ કરવો તે છે. અર્થાત્ તેવો અન્નાદિકનો ભક્ષ સર્વથા છોડી દેવો જોઇએ, કારણકે જ્યાં સુધી બીજાને હણી ભૂખ

મટાડે છે ત્યાં સુધી તે હણુવાનોજ. માટે ભૂખ ખાવાથી મટશે નહિ, પણ નહિ ખાવાથી મટશે. ભૂખને શાંત કરવા બીજા જીવોનું હનન કરવું કે કરાવવું, તે ભૂખને મટાડવાનો ઉપાય નથી પરંતુ ભૂખનુંજ હનન કરવાથી કે કરાવવાથી ભૂખ પોતાની મેળેજ મટી જશે. ભૂખ મટાડવાનો તેજ મહાન્ ઉપાય જગત્પિતા શ્રી મહાવીર પ્રભુએ આગમને વિષે દર્શાવ્યો છે. તેઓ એવું ઉત્તમ ઔષધ આપે છે કે, જેથી ભૂખનું દુઃખ જરા પણ ન રહે અને તે સમૂળગું ચાલ્યું જાય છે. જે બીજાનું હનન કરવા–કરાવવાથી દુઃખ મટાડવું છે, તે ક્ષણવાર મટવાનું છે. તે દુઃખ મટયુંજ કહેવાય નહિ. દાદરને જરા વાર ઘસીએ તેથી શું તે મટી કહેવાય ? પણ તે ઉલટી વધીને વિશેષ પીડા કરે છે. વળી કોઈ મહાન્ રોગ થયો હોય, તે ઉપર વૈદ્ય કોઇ તાત્કાલિક પીડા મટાડે તેવું ઔષધ આપે અને તેથી પીડા નરમ પડે, પાછી અમુક વખત પછી તેવીને તેવીજ પીડા વધે તેથી શું તે ઔષધથી દુઃખ મટયું કહેવાય ? પરંતુ જે ઔષધ ખાવાથી ફરી પીડા ન થાય તેજ ખરૂં ઔષધ કહેવાય. જગત્પતિ મહાવીર પ્રભુ રૂપી વૈદ્યની દવા એવી અસરકારક છે કે જેથી ભૂખ રૂપી વ્યાધિ સમૂળગો ચાલ્યો જાય છે. ભદ્ર, તેથી દરેક જીવે તે ભૂખ રૂપી મહા રોગને સમૂળગો નાશ કરવા બીજા જીવોની રક્ષા કરવી જોઇએ. જે જીવ જેટલી બીજા જીવની રક્ષા કરે છે, તેટલી તેની રક્ષા થવાની છે. જે જીવ આ ભવમાં લાખો જીવોને હણી રહ્યો છે, તેમાંથી તેણે પોતાની શક્તિ ફેરવી અને તેટલી જીવની રક્ષા કરવી જોઇએ. જો જીવ બીજાની હિંસાથી નિવૃત્ત થાય તો તે ભવાંતરે નીરોગી શરીર પ્રાપ્ત કરી દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત કરવાને સમર્થ થઇ શકે છે. અને પરંપરાએ તેની મહા ક્ષુધાનો તદ્દન નાશ થઈ જાય છે અને છેવટે તે મોક્ષગામી થાય છે.

ભદ્ર, જે જીવનું આ કાળમાં બીજાથી મરણ થાય છે, તેનું કારણ એજ કે, તે ગત કાળમાં બીજાનું મરણ કરતો હતો. જે મારે નહિ કે મરાવે નહિ, તો તે તેમ મરે નહિ કે મરાય નહિ. જો દીર્ઘ આયુષ્યની ઇચ્છા હોય તો જીવે બીજાના જીવને હણવા નહિ.

ભદ્ર, દરેક મનુષ્ય જીવે કહેવું જોઇએ કે, **खमामि सर्वजीवान्** આ

ચૌદ રાજલોકના જીવો કે જેમણે અનાદિકાળથી આજદિન સુધી મારા જીવને હણ્યો હોય, હણાવ્યો હોય તે સર્વ જીવોને હું અંતઃકરણપૂર્વક ક્ષમા આપું છું અને સર્વ જીવો કે જેમને મેં આ ચૌદ રાજલોકમાં કોઇ પણ દેશે કે કોઈ પણ કાળે અને કોઈ પણ ભાવે દુઃખ આપ્યું હોય, તે સર્વને હું ખમાવું છું. હે જીવરાશિ પ્રાણીઓ, હું તમોને ક્ષમા કરૂં છું. માટે તમારી સાથે વેર લેવાની જરા પણ ઇચ્છા નથી. તમે મારા મિત્રો છો.

ભદ્ર, આ પ્રમાણે જે જીવ પોતાના ઉપર થયેલા અપરાધોને ખમાવે છે, તો તે અર્ધું કામ કરી ચુકયો છે. બીજા અર્ધ કામમાં તેણે સર્વ જીવોની પાસે માગી લેવું કે, "**सर्वे जीवा क्षमंतु मे**" "સર્વ જીવો મને ક્ષમા કરો" અરે મારા જીવ બંધુઓ, મને મારો માં-હણો માં, મેં તમોને અનાદિકાળથી હણ્યાં-હણાવ્યા છે. હવે હું તમોને નહિ હણું મને માફ કરો. ભદ્ર, આ પ્રમાણે કહેવાથી આત્મા પૂર્ણકામ થાય છે. જે જીવ આ પ્રમાણે આત્મહિત સમજે છે. તેને આ ભવમાં ભટકવું મટે છે. પ્રથમ સર્વપર મૈત્રી, કરૂણા, પ્રમોદ અને માધ્યસ્થભાવ રાખવાથી વૃત્તિ સ્થિર થશે. એ સદા સ્મરણમાં રાખવાનું છે.

ભદ્ર, આત્મોન્નતિના માર્ગનો બીજો મુખ્ય ભેદ **નીતિવર્ત્તન** છે. નીતિવર્ત્તન એ આપણા ધર્મનું અંગ છે. ધર્માત્મા જીવોએ સદાચરણથી ચાલવું. કદિપણ કુડ કપટ ન કરવું, વિશ્વાસઘાત ન કરવો, ઠગાઇ ન કરવી, ચોરવું નહિ, લાંચ રૂશ્વત લેવી નહિ, પ્રમાણિકપણે વર્તવું, લોભથી પોતાના લાભની ખાતર બીજાને નુકશાન ન કરવું, પરસ્રીને મા બેન સમાન ગણવી, જુઠી સાક્ષી પૂરવી નહિ, અને વ્યવહારને અનુસરી ચાલવું, આ સર્વ માન્ય ધર્મ છે. કોઇપણ ધર્મમાં નીતિવર્ત્તનનો ઇનકાર નથી. નીતિથી વર્ત્તનાર વ્યવહારમાં સજ્જન ગણાય છે, સર્વનો વિશ્વાસ મેળવે છે, એવો પ્રમાણિક માણસ વેપારી હોય તો તેની સાથે સંબંધ જોડવા સર્વ ઇચ્છે છે, તેવાનો માલ ખરીદવાને બધાઓ જાય છે અને તે વ્યાપારમાં આગળ વધી શકે છે.

ભદ્ર, તેવા નીતિમાન્ માણસને પરભવમાં પણ સારા લાભ મળે છે. નીતિમાન્ ધર્મ કરણી કરવાની ઇચ્છા રાખે છે અને તેને તેજ

ધર્મ ફલીભુત થાય છે. જૈન શાસ્ત્રકારોએ કહ્યું છે કે "જે શ્રાવકમાં માર્ગાનુસારીના પાંત્રીશ ગુણો અને તેના એકવીશ ગુણો હોય તેજ શ્રાવક ધર્મ રત્નને ગ્રહણ કરવા લાયક થાય છે. તે ગુણોમાંથી ઓછામાં ઓછા અર્ધ ગુણો તો હોવાજ જોઇએ. ભદ્ર, તે માર્ગાનુસારીના પાંત્રીશ ગુણ પૈકી પ્રથમ ગુણ ન્યાયસંપન્ન વિભવનો છે, એટલે ગૃહસ્થ શ્રાવકે ન્યાયથી ધન મેળવવું. સ્વામિદ્રોહ, મિત્રદ્રોહ, વિશ્વાસઘાત, ચોરી, થાપણ ઓળવવી વગેરે નિંદવા લાયક કાર્યનો ત્યાગ કરી ધન ઉપાર્જન કરવું, તે ન્યાયસંપન્ન વિભવ કહેવાય છે. જેનામાં આ મુખ્ય ગુણ હોય, તે ધર્મને લાયક છે. એ શ્રાવકના એકવીશ ગુણો અને માર્ગાનુસારીના પાંત્રીશ ગુણો આગમના ઘણાં ગ્રંથોમાં આંપેલા છે, તે તમારા જાણવામાં હશે જો વિશેષ જાણવાની ઇચ્છા હોય તો તે જાણી લેજો.

ભદ્ર, આત્મોન્નતિનો ત્રીજો માર્ગ રાગ, દ્વેષ અને મોહને ઘટાડવાનો છે. આઠ કર્મોમાં મોહનીય કર્મની સત્તા ઘણી છે, તે કર્મની સત્તાને લઇને જીવો મુંઝાઇને અકાર્ય કરે છે અને પાપમાં ડુબી ભવોભવ ભટકે છે; તેથી જેમ બને તેમ મોહને ઘટાડવો. મોહથીજ રાગદ્વેષ થાય છે અને રાગદ્વેષવડે કર્મ બંધાય છે. રાગદ્વેષમાં કર્મને ગ્રહણ કરવાની આકર્ષણશક્તિ છે. જેમ લોઢામાં બીજા લોઢાને ખેંચવાની શક્તિ નથી પરંતુ જ્યારે લોઢાની કાંબમાં રહેલ લોહચુંબકત્વ શક્તિ લોઢાને તપાવી બીજા લોહચુંબકમાંથી ચુંબિત શક્તિ ખેંચી લઇ નવું લોહચુંબક તૈયાર થાય છે, એટલે પછી તેનામાં લોઢું ખેંચવાની શક્તિ આવે છે, તેથી તેની પાસે સોય ધરી હોય તો તે ખેંચી લઈ પોતાની સાથે વળગાડી દે છે. તેવી રીતે આત્મામાં રાગદ્વેષ સિવાય કર્મને ગ્રહણ કરવાની શકિત નથી. તે આત્મા આઠ કર્મોની વર્ગણાઓ સાથેજ રહેલો છે એટલે કર્મ વર્ગણા સાથેજ આત્મા રહે છે; પરંતુ જ્યાં સુધી તે આત્મા રાગદ્વેષની સાથે નથી રહેતો ત્યાં સુધી આત્માની સાથે કર્મનો સંયોગ થતો નથી. જેમ લોઢાની સળીઓ ભેગી કરીએ પણ તેમનો એકબીજાની સાથે સંબંધ થતો નથી . પણ જો તેની સાથે કાટ લાગે તો તે સોઇઓ એક બીજાની સાથે ચોટી જશે અગર લોહચુંબક પાસે ધર્યું હોય તો

તેની સાથે ચોંટશે; તેવીજ રીતે આત્મામાં જ્યારે રાગદ્વેષ ઉત્પન્ન થાય છે, ત્યારે આત્માની સાથે કર્મો ચીકટાઇને એકમેક થાય છે, માટે રાગદ્વેષ ન થાય તેવો ઉદ્યમ કરવો જોઇએ. રાગ, દ્વેષ કે મોહને ઘટાડવાનો જેમ જેમ પ્રયત્ન કરવામાં આવે તેમ તેમ કર્મનો બંધ પણ ઘટતો જાય છે અને જ્યારે રાગદ્વેષનો સર્વથા નાશ થાય છે, ત્યારે કર્મથી નિર્મુક્ત થઇ મોક્ષ પમાય છે.

ભદ્ર, આત્મોન્નતિનો ચોથો માર્ગ ક્રોધ, માન, માયા, લોભ, કામ અને અહંકાર એ અંતરના છ શત્રુઓને જીતવા તે છે. જેઓ આ છ અંતર શત્રુઓને જીતી શકે છે, તેઓ કર્મજાળમાંથી મુક્ત થઇ શકે છે. ભદ્ર, આત્મોન્નતિનો પાંચમો માર્ગ એ છે કે, આ સંસારનાં ઇંદ્રિયજનિત સુખનો જ્ઞાનથી વિચાર કરતાં તે વિનાશી, પરિણામે દુઃખદાયી અને કર્મોનું બંધન હોઈ દુર્ગતિનો હેતુ છે; એમ જણાય છે તેથી તેનાથી ઉદાસીન રહેવું. તેમ કરવાથી રાગદ્વેષ ઘટે છે અને કર્મના બંધ થતાં અટકે છે. ભદ્ર, આત્મોન્નતિનો છઠ્ઠો માર્ગ કેવલજ્ઞાની (સર્વજ્ઞ)ના ભાખેલા (કહેલા) વચનો સત્ય છે, તેમનો પ્રરૂપેલો ધર્મ સત્ય છે એવો દૃઢ નિશ્ચય કરવો. ભદ્ર, છેલ્લો અને સાતમો આત્મોન્નતિનો માર્ગ ગુરૂભક્તિ, પ્રભુની પૂજાભક્તિ, સામાયિક અને પ્રતિક્રમણ વગેરે છ આવશ્યક કરવાના છે. ભદ્ર, આત્મોન્નતિના આ સાત માર્ગ મુખ્ય છે, તેનો મન વચન અને કાયાની શુદ્ધિથી આદર કરવો. તે વિષે આપણા જૈન આગમમાં વિસ્તારથી કહેલ છે, તે હું કોઈ પ્રસંગે કહીશ.

મહાત્માનાં આ વચનો સાંભળી યુવક શોધકચંદ્ર અને સત્યચંદ્ર અત્યંત આનંદ મગ્ન થઇ ગયા. તેમણે ભાવનાના ઉલ્લાસથી આ પ્રમાણે જણાવ્યું, "મહાત્મન્, આપે આત્મોન્નતિના સાત માર્ગનો જે ઉપદેશ આપ્યો, તે સાંભળી અમે કૃતાર્થ થયા છીએ. હવે કૃપા કરી આત્માના સ્વરૂપને માટે જરા વિવેચન કરી સમજાવો, એટલે અમે વિશેષ કૃતાર્થ થઇએ. જે આત્મા આ દેહથી ભિન્ન છે, તેવી માન્યતાની સત્ય સિદ્ધિ શી રીતે સંભવે છે? તે વાત આપ મહાનુભાવના મુખથી સાંભળવાથી અમોને મહાન્ લાભ થશે."

ઉભય તરૂણ યુવકોના આ પ્રશ્નથી પ્રસન્ન થયેલા મહાત્મા આ પ્રમાણે બોલ્યા-" ભદ્ર, જેને માટે તમે જિજ્ઞાસા ધરાવો છો, તે

વિષય અત્યંત જાણવા જેવો છે, તે સાવધાન થઈને સાંભળો. ભવ્ય જીવે 'હું આ દેહથી ભિન્ન છું' તેનો વિચાર આ પ્રમાણે કરવો તે વિષે એક ભાષા કાવ્ય કહેવાય છે.

**मलधर सम अति मलिन तन, निर्मल आतम हंसः**
**एवो अनुभव कर सदा, जाय कर्मनो वंश." १**

**ભાવાર્થઃ**—આ દેહ કે જે મળથી ભરેલો છે તેને જો, અને તેને જાણનાર નિર્મળ એવા આત્મારૂપી હંસ જો. પછી અનુભવ કરી જો કે, દેહ કેવો મલિન છે? આત્મા કેવો નિર્મળ છે? એમ અનુભવ કરતાં કરતાં દેહની મલિનતા અને આત્માની નિર્મળતા જણાઇ રહેશે. અને તેથી કર્મની પરંપરા પણ જતી રહેશે." ૧

ભદ્ર, આનો પરમાર્થ એવો છે કે, રસ, રૂધિર, માંસ, ચરબી, અસ્થિ, નસો, વીર્ય, લીંટ, મળ, મૂત્ર એ અશુચિ પદાર્થો શરીરરૂપી ઘડામાં ભરેલા છે, તેથી તે કાદવ–અશુચિનો ઘડો છે. જેમ માટી કે તાંબા પીતળના ઘડામાં ભરેલી જળ કે કાદવની વસ્તુ બાહેરથી જોનારને દેખાય નહિ, તેમ ચર્મથી મઢેલા આ શરીરરૂપી ઘટમાં એ મળો ભરેલા હોવાથી બાહેર જોનારને તે દેખાતા નથી, જેને માટે એક વિદ્વાન આ પ્રમાણે લખે છે—

**" चर्मावृतो न चेद्देहो ह्यस्पृश्यः सर्वदा भवेत् ॥**

"જો દેહ ચર્મથી ઢંકાએલો ન હોત તો તે સદા અસ્પૃશ્ય થાત."

પરંતુ જો તે ઘડાને મુખથી અંદર જોયો હોય તો માલુમ પડે કે, ઘડામાં શું ભરેલું છે? અથવા ઘડાના નીચેના છિદ્રોમાંથી શું વહે છે–ગળે છે? તે જોતાં મળો દેખાઇ આવી જુગુપ્સા થાય. તેમ શરીરરુપી ઘટની અંદર મુખ, નાક વગેરે છિદ્રોમાંથી નીકળતા મળો જોવામાં આવે છે, તેની અંદર તે હંમેશા ભરેલાંજ છે. જે નાક દુર્ગંધને ઇચ્છતું નથી, તેજ નાક દુર્ગંધ અને અસુંદર એવું લીંટ વારંવાર બહાર કાઢે છે. જીભને મિષ્ટ પદાર્થો ખવરાવ્યા હોય, દુધ વગેરે મધુરપાન કરાવ્યા હોય છતાં મહા દુર્ગંધી વિષ્ટા અને મૂત્ર રૂપે તે પરિણમી બાહેર કાઢે છે; એ કોનાથી અજાણ્યું છે? વિષયાદિકના સેવનથી કે પદાર્થોના અતિભોગથી રોગ થયો તો રસ,

રૂધિર, માંસ, અને હાડ વગેરે અતિ અનિષ્ટ પદાર્થો બહાર પણ કોને નથી દેખાતા ? આવું ચામડાનું શરીર અને તેમાં રહેલા દુર્ગંધી મળોને જોઇ કોને નિર્ભત્સના નહિ થઇ હોય ? પરંતુ 'ગંધ ગઇ કે ગંધ સહી' એ કહેવત પ્રમાણે વારંવાર આવું જોયા છતાં જીવ શરીરરૂપ ઘડામાં રાગ મોહ કરી રહ્યો છે. આશ્ચર્યતા એજ છે કે, તિર્યંચ જાતિના ડુકર, કાગડા, ગીધ, માંખી જે ઉચ્છિષ્ટ પદાર્થોને સેવે છે, તેમ આ પંચેંદ્રિય એટલુંજ નહિ પણ શુભ કર્મનો વિશેષ ઉદય હોવાથી મનુષ્ય થાય છે, તેમ છતાં પણ તેને ઉચ્છિષ્ટ સેવનની ટેવ ગઈ નહિ. જાણે કે, તે મનુષ્ય પ્રાણી પૂર્વના તિર્યંચના ભવની ટેવ પ્રમાણે વર્ત્તી એવા અવતારોને યોગ્ય સેવન કરી પાછો ત્યાંજ જવાને પુનઃ યત્ન કરતો હોય ? તેમ તે એવા દુર્ગંધી દેહમાં રાગ કરી રહ્યો છે. ભદ્ર, કેટલાએક આ અશુચિ પદાર્થોથી ભરેલા અને તેવા પદાર્થોથી બનેલા આ દેહને સ્નાન કરવાથી પવિત્ર થયેલો માને છે, પણ તેમણે વિચારવું જોઇએ કે, સોનાના ઘડામાં પણ આપણા શરીરમાંથી નીકળતા પદાર્થો ભરી તેનું મોં બંધ કરી ઝીણાં છિદ્રો રાખ્યાં હોય અને પછી તે ઘડાને ઘસી ગંગાજળ જેવા નિર્મળ જલથી સાફ કરવામાં આવે તો તે શું પવિત્ર થઇ શકે ? કદિ પણ થઇ શકશે નહિ. તો પછી આ શરીર કે જે સઘળાં અપવિત્ર પદાર્થોનું બનેલું છે, અને અશુચિ પદાર્થોથી ભરેલું છે અને ચામડાંથી મઢેલું છે, તે પવિત્ર કેમ થઇ શકે ? શાસ્ત્રકારોએ દેવપૂજન વગેરે કાર્યોમાં સ્નાનથી દેહની બાહ્ય શુદ્ધિ અને શુદ્ધ ભાવનાથી અંતર શુદ્ધિ કરી ભગવંતની પૂજા કરવા કહેલું છે એટલે અંતરની શુદ્ધિને માટે બાહ્ય શુદ્ધિની જરૂર છે. સ્નાન કરવાથી શરીર ઉપરનો મેલ તથા દુર્ગંધિ દૂર થાય છે અને તે થયા પછી ભગવંતની પૂજા કરતાં અંતરની શુદ્ધિ કરવી જોઇએ એટલે મનના મલિન વિચારો દૂર કરી ભગવાન્‌ના ગુણોનું ધ્યાન કરવું, એમ કરવાથી અપવિત્ર દેહ પવિત્ર થાય છે, પણ અંતરનો મેલ દૂર કર્યા વગર બાહેરના મેલના નાશથી શરીર પવિત્ર થતું નથી, એ બુદ્ધિમાન્ પુરૂષોએ વિચારવાનું છે. એવા મલિન દેહને સ્થિતિ ભ્રાંતિથી 'હું' એમ સમજી આત્મા-પોતાને 'એ મલિન દેહ હું'

છું ' એમ વર્ત્યો, અને તેથી અનેક જન્મોમાં અનેક કર્મો કર્યાં અને તે એટલાં થયાં કે, તેનો પારજ નહિ. એમ સમજી હવેથી આ માનવ દેહમાં એવું બીલકુલ ન થવા દેવું, એટલે પેહેલા તો જે ભ્રાંતિ છે કે, " દેહ તે હું છું " તે ભ્રાંતિ દૂર કરવી. " આ દેહને કોણ જાણે છે ? " એમ પ્રશ્ન પૂછીએ " એ જાણનાર હું છું. " એ વાત બહુજ દૃઢપણે રાખી એ જાણનાર એટલે કે, દેહ છે તેને જાણનાર તેનાથી છુટો છે, એમ જોવું, જાણવું-સમજવું. છેવટે અનુભવાશે કે ' મલિન એવો દેહ હું નથી ' તે ત્રણે કાળે પણ નથી. પૂર્વે ' હું ' એમ ભુલથી જેમને આ દેહ જણાય છે, તેજ હું સમજ્યો, પણ હવે જાણનાર હું એમ સમજું છું. આવી સમજરૂપી કતક ફળ મનરૂપ જળમાં પ્રવિષ્ટ થયું કે તરતજ મળ ત્યાંથી દૂર થઇ પરિણામે વિશુદ્ધિ થશે; અને એ વિશુદ્ધ થયું કે પોતે સ્ફટિકસમ નિર્મલજ જણાશે. એમ થતાં દેહની મલિનતા અને આત્માની નિર્મલતા હસ્તામલકવત્ થઇ રહેશે. જેમ હંસ પોતાની ચાંચના પ્રભાવે દૂધ અને પાણી ક્ષણમાં જુદા કરી નાંખે છે, તેમ જીવત્વને અનુભવતો આ જીવ પોતાની વિવેકરૂપી ચાંચથી અજીવરૂપી જળને જીવરૂપી દૂધથી દૂર કરી પોતે એ શુદ્ધ જીવરૂપ-આત્મરૂપ થઇ રહેશે, કારણ કે, સકર્મ જીવ પાણી સાથે ભળેલા દૂધ જેવો લાગે છે અને નિષ્કર્મ થયેલો જીવ પાણી રહિત દૂધના જેવો નિર્મલ જણાય છે; તેથી નિષ્કર્મ જીવનેજ ' શુદ્ધ આત્મા ' કહેવાય છે.

## જૈનોમાં રાત્રિભોજન, કંદમૂલ, વેંગણ વગેરેનો ત્યાગ હોય છે, તેનું કારણ.

બીજા બધા ધર્મવાળાઓ કંદમૂલ વેંગણ ખાય છે અને રાત્રિ ભોજન કરે છે, પરંતુ જૈનધર્મીઓને એ બાબતનો નિષેધ છે, તે જોઇ કેટલા એક બંધુઓને જૈનધર્મની વિચિત્રતા લાગે છે અને તેઓ જૈનોનું ઉપહાસ્ય કરે છે. તેઓ જૈનીઓને ઉપહાસ્યથી પૂછે છે કે, તમે કંદમૂલ વેંગણ કેમ ખાતા નથી ? તેના ઉત્તરમાં જૈનીઓ કહે છે કે, તેની અંદર ઘણા જીવો છે. ત્યારે તે લોકો કહે છે કે, અનાજમાં પણ

જીવો છે, તે શા માટે ખાઓ છો? આવી રીતે ઉપહાસ્ય પૂર્વક ઘણા પૂછનારાને, જો સમજ ન હોય તો તેમના મનનું સમાધાન તેઓ કરી શકે નહિ. એ બધા તો એમજ સમજે છે કે, "માણસના સુખને અર્થે ઇશ્વરે આ બધું પેદા કરેલું છે અને જૈનીઓ નથી ખાતા તે ગાંડા છે." પરંતુ આ વિષે વિચાર કરવામાં આવે અને ધર્મ શાસ્ત્રના યથાર્થ જ્ઞાતા બને તો તેમને પછી હસવાનું કારણ ન રહે. જો તેઓ પોતાના શાસ્ત્રો તપાસે તો તેમને માલમ પડે કે, તેમાં પણ એ બાબત નિષેધ કરેલ છે. ઘણાઓએ પોતાનાં શાસ્ત્રો વાંચેલાં નથી, તેમ સાંભળ્યાં પણ નથી. જેમણે શાસ્ત્રો વાંચ્યાં હોય કે સાંભળ્યાં હોય તેવા તેમના ઉપદેશકો પોતે પણ ઇંદ્રિયોના વશથી તેનો ત્યાગ કરી શકતા નથી એટલે તેઓ બીજાઓને ઉપદેશ શી રીતે કરી શકે? તેને માટે "પોથી માંહેલાં રીંગણાં" એ કહેવત પ્રસિદ્ધ છે. પોથીમાં વાંચે કે સાંભળે કે, રીંગણાં ખાવાં નહિ. પણ તે જીભના સ્વાદથી છુટે નહિ; તેથી તેમનું એવું જ્ઞાન હોય તો પછી તેઓ બીજાને શું ખરો પરમાર્થ બતાવી તે છોડાવી શકે, પરંતુ જેઓ શાસ્ત્રો ભણી શાસ્ત્રમાં કહ્યા મુજબ વર્તે છે, તેઓજ તેવો હૃદયભેદક ઉપદેશ પણ કરી શકે છે અને તેની અસર સાંભળનારને થાય છે.

રાત્રિભોજનના નિષેધ વિષે પદ્મપુરાણમાં કહ્યું છે કે:—

"अस्तंगते दिवानाथे आपो रुधिरमुच्यते ।
अन्नं मांससमं प्रोक्तं मार्कंडेन महर्षिणा ॥ १ ॥
चत्वारो नरकद्वाराः प्रथमं रात्रिभोजनम् ।
परस्त्रीगमनं चैव संधानाऽनंतकायिकाः ॥ २ ॥

"માર્કંડ ઋષિ કહે છે કે, દિવસનો પતિ સૂર્ય અસ્ત પામે તે પછી જળ રૂધિર કહેવાય છે અને અન્ન માંસના જેવું ગણાય છે, એટલે સૂર્યાસ્ત થયા પછી પાણી પીવું, એ રૂધિર પીવા જેવું અને ખાવું, તે માંસ સમાન છે.

નરકનાં ચાર દ્વાર છે. પ્રથમ રાત્રિભોજન, બીજું પરસ્ત્રીગમન, ત્રીજું બોળ અથાણું અને ચોથું અનંતકાય કંદમૂલ ખાવાં તે.

બોળ અથાણામાં સૂક્ષ્મ જીવો દૃષ્ટિગોચર ન થાય, તેવાં પડે છે અને જે કંદમૂલ છે, તે અનંત જીવોના પિંડરૂપ છે, તેથી એ સેવનારા જીવો અવશ્ય નરકગામી થાય છે.

જૈનશાસ્ત્રકારોએ રાત્રિભોજનમાં ઘણોજ દોષ બતાવેલો છે, અને તેથી ઘણા બંધુઓ રાત્રિભોજન કરતા નથી. એ વાત પ્રસિદ્ધ છે. વળી તેમાં જો આપણે વિચાર શક્તિનો ઉપયોગ કરીશું તો બુદ્ધિમાનોને સમજાશે કે, રાત્રિને વિષે સંખ્યાબંધ જીવો ઉડતા ફરે છે, સંધ્યાકાળે ઘરમાં બારીકીથી જોશો તો અસંખ્યાત મગતરાં ગુણુ ગુણુ કરતાં મધમાંખીઓના ટોળા જેવાં ઉડતાં દેખાય છે અને તેમનો ગુણગુણાટ સંભળાય છે. દીવાનું પાત્ર જો ઉઘાડું રાખે છે, તો કોડીઆમાં પુષ્કળ પડેલાં જીવડાં દેખાય છે, અને જો ફાનસ હોય તો ફાનસના દીવાની ચારે તરફ ફરતાં અસંખ્યાત જોવામાં આવે છે, એતો આપણી નજરે દેખીતી વાત છે. વળી તે શિવાય સૂક્ષ્મ જીવો કે જેઓ આપણી નજરે નહિ દેખાય તેવા જીવોનો પારજ નહિ, ત્યારે આવા કેટલા બધા જીવોનો ખાનારના ભાણામાં ઉના અનાજની નીકળતી વરાળમાં કોળીઓ થઈ જાય, તે વિચારવા જેવું છે. વળી તેઓમાં કેટલાએક જંતુઓનાં શરીર ઝેરી તથા રોગ કરે એવાં હોય છે, તેથી જીવહિંસા શિવાય શરીરમાં રોગ પણ ઉત્પન્ન કરે છે. વળી કેટલાકના શરીરથી થતા રોગ તરત નહિ પણ માસે છમાસે કેટલીએક મુદતે તેની અસર થાય છે. જેમ હડકાયા કુતરાની અસર છ માસે માલમ પડે છે, તેવી રીતે તે ઝેરી જીવોની અસર લાંબે કાળે પણ માલમ પડે છે. જો ભોજનમાં જૂ આવી જાય તો જલોદર રોગ અને કરોળીયા વગેરે આવે તો કોઢ આદિ રોગો ઉત્પન્ન થાય છે. જો કીડી કે ધનેડા વગેરે આવે તો બુદ્ધિ નષ્ટ થાય છે. માંખી આવે તો વમન થાય છે. જો ભોજનમાં વાળ આવે તો કંઠ ભંગ થઈ જાય છે અને કોઇ ઝેરી જીવનું વિષ આવે તો પ્રાણ પણ જાય. એમ સમજીને છેવટ સ્વદેહની રક્ષા માટે પણ રાત્રિભોજનનો સર્વદા ત્યાગ કરવોજ ઉચિત છે. માટેજ આપણા વૈદ્યો અને ઇંગ્રેજી ડાકટરો પણ રાત્રિ ભોજનની ના પાડે છે. વળી દિવસ છતાં જમવાથી ટાઇમસર જમવાનું બને છે અને ટાઇમ-

સર જમવાનો ડૉકટરી નિયમ છે. રાત્રે જમવાથી જોઈએ તેટલું પાણી પીવાનો વખત મળતો નથી અને હરફર કરવાની કાંઇ પણ ક્રિયા થઇ શકતી નથી, જમ્યા પછી તરતજ સુવાનો વખત થાય છે, તેથી અજીર્ણ પેદા થાય છે. વૈદકના નિયમ મુજબ અજીર્ણથી અનેક રોગો ઉત્પન્ન થાય છે.

આવી રીતે રાત્રિ ભોજન કરવાથી ધાર્મિક અને શારીરિક અનેક ગેરફાયદા છે. દિવસના ટાઇમસર જમવાથી શરીરમાં આરોગ્યતાનો ફાયદો તુરત સમજાય છે, અને એ અનુભવ સિદ્ધ છે. આવું સમજવું એ સૂક્ષ્મ બુદ્ધિવાળાનું કામ છે. જેઓ સ્થૂલ બુદ્ધિવાળા છે, તેમને એ ઉપહાસ્યરૂપ લાગે છે. તેથી પરમાર્થ બુદ્ધિએ રાત્રિભોજનનો ત્યાગ કરવાથી અસંખ્ય જીવોને અભયદાન દેવાના અનંત પુણ્યના ભાગી થઇને ઉભય લોકમાં ઉત્કૃષ્ટ સુખ પામી શકાય છે, આથી રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરવા શાસ્ત્રકારોએ કહ્યું છે.

વળી રીંગણાં, ડુંગળી, અને લશણ, ખાવાથી બુદ્ધિ બગડે છે–તામસ સ્વભાવ થાય છે. જેમ મદિરા પીવાથી બુદ્ધિ બગડે છે, તેમ એનાથી પણ બુદ્ધિ બગડે છે, એવું જ્ઞાનીપુરૂષોએ કહેલું છે. આ વિષે વિચાર કરવાથી ખરેખર જણાશે કે, જે લોકો માંસ મદિરા વાપરતા નથી, તેની દુર્ગંધ તથા રૂપ દેખીને કેટલાએકને વમન થાય છે. આવા ખરાબ પદાર્થોને જે વાપરે છે, તેને દુર્ગંધ યા દુગંછા લાગતી નથી તે ખાવાને લલચાય છે. વિચાર કરો કે, આપણે પણ માણસ અને તે પણ માણસ, આનું કારણ શું? ઉત્તમ ચીજો પડતી મૂકી આવી ખાવાની ચીજો ઉત્તમ મનુષ્યો પસંદ કરે તો પછી તેની બુદ્ધિ નિર્મળ શી રીતે હોઇ શકે? કહેવત છે કે, “અન્ન એવો ઓડકાર એટલે જેવું ભોજન તેવી બુદ્ધિ.” તેમજ ડુંગળી, લશણની દુર્ગંધ પણ તેના જેવીજ છે તથા રૂપ પણ તેવુંજ છે. જે લોકો તેને વાપરતા નથી, તેઓને આ ચીજો વપરાએલી જોઈ દુગંછા થાય છે; અને વાપરે છે તેને ખાવાની હોંશ થાય છે. તેનું કારણ ગંધ ગઈ નહિ પણ સઇ ( સહી ). તો આ ઉપરથી સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો સમજાય કે જે મહા જ્ઞાની પુરૂષોએ જે ખાવાનો નિષેધ કરલો છે, તે આપણા દુઃખને માટે નહિ, તેઓ આપણા

શત્રુ નહતા કે, આપણે નહિ ખાવાથી તેમને લાભ મલ્યો ? પરંતુ તેઓ આપણા પરમ ઉપકારી હતા, તેઓ આપણા હિતને અર્થે લખી ગયા છે, એમ સમજવું.

વળી કંદમૂલ એ પણ અનંત વનસ્પતિ કાયના જીવોનું શરીર બનેલું છે, તેમાં અનંત જીવ છે, એવું સર્વજ્ઞે જોયું છે; આપણા ચર્મચક્ષુથી તે જીવો જોઇ શકાતા નથી, કારણ કે, વનસ્પતિકાયના જીવો હાલતા ચાલતા નથી, તે તો સ્થિર છે, એટલે આપણે શું જાણી શકીએ ? પણ જેમને સર્વજ્ઞના વચનનો વિશ્વાસ છે, તેઓ તે માને છે. જેમને વિશ્વાસ નથી, તેણે તેમના વચનોનું ઉપહાસ્ય કર્યું છે. વળી જૈન શાસ્ત્રો શિવાય "અન્યમતના ધર્મ શાસ્ત્રોમાં પણ એવી એવી બાબતોનો નિષેધ કરેલો છે. તે વિષે મહાભારતમાં આ પ્રમાણે કહેલું છે—

मधु भक्षणेऽपि दोषः—

" संग्रामेण च यत्पापं अग्निना भस्मसात्कृतम् ।
तत्पापं जायते तस्य मधुबिंदु प्रभक्षणात् " ।। १ ।।

" જે પાપ સંગ્રામ કરવાથી અને દવ લગાડવાથી થાય છે, તે પાપ એક મધના બિંદુનું ભક્ષણ કરવાથી થાય છે. " ૧

આવી ચીજોમાં આવું પાપ છે, તો પણ શાસ્ત્ર વાંચનાર જો તેનો ત્યાગ ન કરે તો પછી સાંભળનારને ત્યાગની શી વાત ?

વિષ્ણુપુરાણમાં કહ્યું છે કેઃ—

" ग्रामाणां सप्तके दग्धे यत्पापं समुत्पद्यते ।
तत्पापं जायते पार्थ जलस्यागलिते घटे ।। १ ।। "

" હે પાર્થ, સાત ગામ બાળવાથી જે પાપ લાગે છે, તે પાપ ગળ્યા વગરના પાણીનો ઘડો ભરવાથી થાય છે. " ૧

" संवत्सरेण यत्पापं कैवर्त्तस्यैव जायते ।
एकाहेन तदाप्नोति अपूतजलसंग्रही " ।। २ ।।

માછીને એક વર્ષ સુધીમાં જેટલું પાપ લાગે છે, તેટલું પાપ એક દિવસ ગાળ્યા વિના પાણી વાપનારને થાય છે. " ૧

વળી તેજ પુરાણમાં કહે છે કે,

" यः कुर्यात्सर्व्व कार्याणि वस्त्रपूतेन वारिणा ।
स मुनिः स महासाधुः स योगी स महाव्रती " ।। १ ।।

" જે ગળેલા પાણીથી સર્વ કાર્યો કરે છે, તે મુનિ, મોટા સાધુ, યોગી અને મહાવ્રત ધારી કહેવાય છે." ૧

નાગપડળ ગ્રંથમાં કહ્યું છે કેઃ-

" अभक्ष्याणि न भक्ष्याणि कंदमूलानि भारत ।
नूतनोद्गमपत्राणि वर्जनीयानि सर्वतः " ॥ १ ॥

" હે ભારત-ધર્મરાજા, કંદમૂલ અભક્ષ્ય છે, તેથી તે ખાવાં યોગ્ય નથી. તેમ નવીન ઉગેલાં પાંદડાં વગેરે પણ સર્વ રીતે ત્યાગ કરવા યોગ્ય છે."

વળી કહ્યું છે કેઃ-

" मधुपाने मतिभ्रंशो नराणां जायते खलु ।
धर्मो न तेभ्यो दातॄणां न ध्यानं न च सत्क्रिया " ॥ १ ॥
मधुपाने कृते क्रोधो मानो लोभश्च जायते ।
मोहश्च मत्सरश्चैव दुष्टभाषणमेव च ॥ २ ॥

" મનુષ્યોને મદિરાપાન કરવાથી બુદ્ધિ ભ્રષ્ટ થઇ જાય છે. મધુપાનીને આપનારાઓને ધર્મ થતો નથી. મધુપાન કરનારને ધ્યાન તથા સત્કર્મ નિષ્ફળ છે." ૧

" મદિરાપાન કરવાથી ક્રોધ, માન અને લોભ ઉત્પન્ન થાય છે અને મોહ, મત્સર તથા દુષ્ટ ભાષણ થાય છે." ૨

अन्यदप्युक्तं—

" मद्ये मांसे मधुनि च नवनीते बहिष्कृते ।
उत्पद्यन्ते विलीयन्ते सुसूक्ष्मा जंतुराशयः " ॥ १ ॥

" મદિરા, માંસ, મધ, અને છાશમાંથી બાહેર કાઢેલા માંખણમાં સૂક્ષ્મ એવા ઢગલાબંધ જંતુઓ ઉત્પન્ન થાય છે અને લય પામી જાય છે." ૧

કેટલા એક માંખણમાં દોષ માનતા નથી અને કહે છે કે, તે શાસ્ત્રથી વિરૂદ્ધ નથી તેમણે આ વિચારવાનું છે.

ઇતિહાસ પુરાણમાં કહ્યું છે કેઃ-

" यस्तु वृंताककालिंगमूलकानां च भक्षकः ।
अंतकाले स मूढात्मा न स्मरिष्यति मां प्रिये " ॥ १ ॥

"હે પ્રિયે, જે મૂઢાત્મા પુરૂષ વૃંતાક, કાલિંગડા અને મૂળાને ખાનારો છે, તે મને અંતકાળે સંભારી શકતો નથી. ૧

કહેવાનો આશય એવો છે કે, વેંગણ, કાલીંગડાં અને મૂળાનો ખાનાર અધર્મી છે, તેથી અંતકાળે તે મને સંભારી શકતો નથી, માટે તે દુર્ગતિમાં જશે.

શિવપુરાણમાં કહ્યું છે કે:-

" यस्मिन्गृहे सदा नाथ मूलकं पचति जनः ।
स्मशानतुल्यं तद्वेश्म पितृभिः परिवर्जितम् ॥ १ ॥
मूलकेन समं भोज्यवस्तु भुंक्ते नराधमः ।
तस्य बुद्धिर्न वै धत्ते चांद्रायणं शरीरिणः ॥ २ ॥
भुक्तं हलाहलं तेन कृतं चाभक्ष्यभक्षणम् ।
वृंत्ताकभक्षणाच्चापि नरा यांत्येव रौरवम् " ॥ ३ ॥

"હે નાથ, જેના ઘરમાં હંમેશા મૂળા રંધાય છે, તેનું ઘર શ્મશાનના જેવું છે અને પિતૃઓએ ત્યાગ કરેલું છે. ૧. જે અધમ પુરૂષ મૂળાની સાથે ભોજ્ય વસ્તુ ખાય છે, તેની બુદ્ધિ ચાંદ્રાયણ વ્રતથી પણ શુદ્ધ થતી નથી. ૨. જેણે અભક્ષ્યનું ભક્ષણ કરેલું છે, તેણે હળાહળ ઝેર પીધું છે. વૃંતાક ખાવાથી પણ માણસો રૌરવ નરકમાં જાય છે." ૩

પદ્મપુરાણમાં પણ કહ્યું છે કે:-

" गोरसं माषमध्ये तु मुद्गादिके तथैव च ।
भक्षयेत्तद् भवेन्नूनं मांसतुल्यं युधिष्ठिर " ॥ १ ॥

"હે યુધિષ્ટિર, અડદ અને મગ વગેરે કઠોળમાં દૂધ, દહીં, છાશ વગેરે નાંખી ખાય છે, તે માંસ ખાવા બરાબર છે." ૧

મહા ભારતમાં કહ્યું છે કે:-

" यूका मत्कुणमशकान् जंतूंश्च तुदतस्तनूम् ।
पुत्रवत्परिरक्षन्ति ते नराः स्वर्गगामिनः ॥ १ ॥
आत्मपञ्चयां च ये घ्नंति ते वै नरकगामिनः ।
सर्वत्र कार्या जीवानां रक्षा चैवापराधिनाम् " ॥ २ ॥

જૂ, માંકડ અને મચ્છર કે જેઓ શરીરને ચટકા મારી પીડે છે, તેમની પુત્રવત્ જેઓ રક્ષા કરે છે, તે પુરૂષો સ્વર્ગે જાય છે. જેઓ પોતાના શરીર કે પગથી જીવોને હણે છે, તેઓ નર્કે જાય છે. તેથી સર્વ સ્થળે અપરાધી જીવોની પણ રક્ષા કરવી જોઇએ. ૧-૨

મહાભારતમાં કહ્યું છે કેઃ-

" विंशत्यंगुलमानं तु त्रिंशदंगुलमायतम् ।
तद्वस्त्रं द्विगुणीकृत्य गालयित्वा पिबेज्जलम् ॥ १ ॥
तस्मिन्वस्त्रे स्थितान् जीवान् स्थापयेज्जलमध्यतः ।
एवं कृत्वा पिबेत्तोयं स याति परमां गतिम् " ॥ २ ॥

" વીશ આંગળ પહોળું અને ત્રીશ આંગળ લાંબુ વસ્ત્ર લઈ તેને બેવડું કરી તેનાથી પાણી ગાળીને પીવું અને તે વસ્ત્રમાં રહેલા જીવોને જળની અંદર ( કુવા વગેરેમાં ) નાંખવા, એમ કરીને જે પાણી પીવે છે, તે પરમ ગતિને પામે છે. " ૧-૨

આવી રીતે મહાભારતમાં છે છતાં કેટલાએક અણગળ પાણી પીવે છે, વાપરે છે, અને તે વડે ન્હાય છે તો તેમની શી ગતિ થાય ? તે મહાભારત વાંચનાર તથા સાંભળનાર લક્ષ નથી દેતા, તે કેવી બાલ દશા છે ? તેથી આત્માર્થીએ સર્વદા દયા ધારણ કરવી. તેને માટે કહ્યું છે કેઃ-

" दृष्टिपूतं न्यसेत्पादं वस्त्रपूतं पिबेज्जलम् ।
सत्यपूतं वदेद्वाक्यं मनःपूतं समाचरेत् " ॥ १ ॥

" દૃષ્ટિથી જોઈને પગ મુકવો, વસ્ત્રથી ગળીને પાણી પીવું, સત્યથી પવિત્ર વચન બોલવું અને પવિત્ર મનથી આચરણ કરવું. " ૧

હે ભદ્ર, સત્યચંદ્ર અને શોધકચંદ્ર, આ પ્રમાણે આપણાં અહિંસા ધર્મના કેટલાએક નિયમો હાલમાં ચાલતા સાયન્સ પ્રમાણે અને બીજા શાસ્ત્રોની સંમતિ પ્રમાણે સિદ્ધ થાય છે. દુરાગ્રહી લોકો તેનો પૂર્ણ વિચાર કરતા નથી અને અનેક જાતની નઠારી પ્રવૃત્તિથી જીવહિંસા કરી પોતાના આત્માનો અધઃપાત કરે છે. "

મહાત્મા આ પ્રમાણે કહી વિરામ પામ્યા એટલે તે બન્ને તરૂણ યુવકોએ ઊભા થઇ તેમને વંદના કરી આ પ્રમાણે સ્તુતી કરીઃ-

" यद्वाग् धर्मरहस्यस्य बोधिका शिवशोधिका ।
तत्पादयुगले नित्यं नतयः संतु भक्तितः " ॥ १ ॥

" જેમની વાણી ધર્મના રહસ્યને બોધ કરનારી અને શિવ–મોક્ષની શોધ કરનારી છે, તે સૂરિવરના ચરણ યુગલને વિષે હંમેશા ભક્તિથી નમસ્કારો હો. "૧

આ પ્રમાણે સ્તુતિ કર્યા પછી તેઓએ નમ્રતાથી જણાવ્યું– " મહાત્મન્, આપના આ ઉપદેશથી અમારા હૃદયમાંથી સર્વ શંકાઓ દૂર થઇ ગઈ છે. આર્હત શાસ્ત્રમાં જે નિયમો બાંધેલા છે અને જે ધાર્મિક ક્રિયામાં મુકેલા છે, તેમના અંતરંગ હેતુઓ આપે ઉત્તમ પ્રકારે દર્શાવ્યા છે અને આર્હત ધર્મની ક્રિયાની સાર્થકતા ખુલ્લી રીતે સમજાવી છે. આપે કરેલો આ મહાન્ ઉપકાર યાવજ્જીવિત અમારા સ્મરણમાં રહેશે અને આપે સ્થાપિત કરેલી ધર્મની અચળ શ્રદ્ધાથી અમે પરલોકમાં પણ સુખી થઈશું. "

તે યુવકોનાં આ વચનો સાંભળી મહાત્મા પ્રસન્ન થઇને બોલ્યા, " ભદ્ર, તમે ભવ્ય અને ઉપદેશના પાત્ર છો, તેથી તમોને ઉપદેશ આપતાં મને અતિ આનંદ થયો છે. જો ક્ષેત્ર સ્પર્શના હશે તો આવતી કાલે આ મહાન્ તીર્થને વંદના કરી અન્ય સ્થળે વિહાર કરવાની ઇચ્છા છે. તમે હંમેશા આ ઉપદેશ સ્મરણમાં રાખજો. અને તમારા હૃદયમાં જે ભાવના પ્રગટી છે, તે ભાવનાનું સદા પોષણ કરજો. ત્રિકરણ શુદ્ધિથી સેવન કરેલો શ્રી વીર ધર્મરૂપી મહાન્ યોદ્ધો તમારા સંસારરૂપ અટવીમાં સાથે રહી તમારૂં રક્ષણ કરશે અને છેવટે તમને મુક્તિ નગરીમાં પહોંચાડશે. " તે ધર્મ યોદ્ધાથી તમોને લાભ થાઓ. "

મહાત્માનાં આ વચનો સાંભળી તે તરૂણ યુવકો અંજલિ જોડીને બોલ્યા–" મહાત્મન્, આપના હૃદયની શુદ્ધ આશીષ પ્રમાણે અમોને સદા ધર્મ યોદ્ધાનો લાભ થાઓ. એ ધર્મરૂપ યોદ્ધાનો મેળાપ આપના પ્રસાદથી થયેલો છે, તેથી અમે આપ મહાત્માના યાવજ્જીવિત આભારી છીએ.

મહાત્મા, આપના જેવા ઉપકારી મહાપુરૂષનો યોગ થવો અત્યંત દૂર્લભ છે. પૂર્વના મોટા પુણ્યરાશિના યોગથીજ આપના જેવા મહા-

ત્માનો મેળાપ થાય છે. હવે આપ આવતી કાલે વિહાર કરવાના છો, તો કૃપા કરી અમોને સાથે લેવા ઇચ્છા કરશો. અમારા હૃદયમાં એવીજ ભાવના થાય છે કે, સુકૃત-પુણ્યનો યોગ અનુકૂલ હોય તો આપના સંગમાં રહીનેજ આ જીવન પુરૂં કરીએ. આધિ, વ્યાધિ અને ઉપાધિથી ભરપૂર એવા આ સંસારરૂપ ગ્રીષ્મ ઋતુમાંથી ઉગરવાની ઇચ્છા રાખનારા પુરૂષોએ આપના સમાગમની શીતળ છાયાનો આશ્રય કરવો જોઇએ. "

આ પ્રમાણે કહી તેમણે નીચેના શ્લોકથી તે મહાત્માની પ્રશંસા કરી.

**" मरुस्थल्यां यथा वारि निर्जने प्रियसंगमः**
**तथा संसारिणामत्र संगमस्तव दुर्लभः " ॥ १ ॥**

" જેમ મરૂભૂમિમાં જળ અને નિર્જન વનમાં પ્રિયનો સંગમ દુર્લભ છે. તેવી રીતે આ લોકમાં સંસારીઓને તમારો સંગમ દુર્લભ છે. " ૧

આ વખતે શોધકચંદ્રે નમ્રતાથી જણાવ્યું, મહાનુભાવ, આપની કૃપાથી હું તદન નિઃશંક થયો છું, અને શ્રી અરિહંતની વાણી ઉપર મને પૂર્ણ વિશ્વાસ અને દૃઢ શ્રદ્ધા પ્રાપ્ત થએલ છે; હવે માત્ર એટલી વિનંતિ કરવાની છે કે, આજકાલ નવીન સુધારાએ ભારતવર્ષમાં પ્રવેશ કરેલો છે, નવિન વિદ્વાનો ધર્મની વાર્તાને અતિશયોક્તિ કહી વખોડી કાઢે છે, અને જે સાયન્સ-રસાયણશાસ્ત્ર પ્રમાણે સાબીત થાય તેને માને છે તો આજકાલ તેવા લોકોને સમજાવી શકાય તેને માટે આપ મહાનુભાવ રસાયણશાસ્ત્રની રીતિ આપના જાણવા તેમજ સાંભળવામાં આવી હોય તો તે પ્રમાણે આપનો અનુભવ પણ અમોને સમજાવો, તો તેથી આધુનિક સમયની પ્રજાને કેટલોએક લાભ થશે. "

સત્યચંદ્રે, શોધકચંદ્રના વિચારને અનુમોદન આપતાં કહ્યું, "મહાત્મન્, મારા ધર્મબંધુ શોધકચંદ્રે જે કહ્યું છે તે જાણવાની મારી પણ ઇચ્છા છે. આપ મહાનુભાવની વાણીથી એ વિષય સારી રીતે સ્ફુટ થશે. આપના એ વિચારો અમે પ્રજામાં જાહેર કરીશું, તેથી પાશ્ચિમની વિદ્યાના સંસ્કારવાળા લોકોને આર્હત ધર્મનું રહસ્ય સારી

રીતે સમજાશે, એટલે સત્ય ધર્મની શ્રદ્ધામાં મોટો વધારો થશે.”

ઉભય યુવકોની આ પ્રાર્થનાનો અંગીકાર કરી મહાત્મા બોલ્યા—“ભદ્ર, આ તમારી જિજ્ઞાસા ઉત્તમ છે. પશ્ચિમની પ્રજામાં રસાયણ-શાસ્ત્ર કે જે **કેમીસ્ટ્રી**ના નામથી ઓળખાય છે જેમાંથી અમારા સાંભળવામાં આવતાં તે ઉપરથી અમોએ જે જાણ્યું છે તે તમે એક ચિત્તે શ્રવણ કરો.

“ભદ્ર, રસાયણશાસ્ત્રની વિદ્યા આ પૃથ્વી ઉપરની બધી વસ્તુ-ઓના ગુણનો આ પ્રકારનો ખુલાસો બતાવે છે. પૃથ્વી ઉપર જે જે પદાર્થ છે, તે કેવી રીતે થયેલા છે? અને તે શાના શાના બનેલા છે? તેમજ તેઓનો ધર્મ શો છે? તેમની રચના કેવી રીતે થયેલ છે? તે બધુ રસાયણ શાસ્ત્રથી હાલમાં કેટલુંક સિદ્ધ થયું છે. તે વિદ્યાના શોધ ઉપરથી સિદ્ધ થયું છે કે, આ પૃથ્વી ઉપરના બધા પદાર્થો ફક્ત પાંસઠ તત્ત્વોથી થયેલા છે. એ પાંસઠ તત્ત્વો પૈકી દરેક પદાર્થ એક, બે, ત્રણ એમ જુદા જુદા પરમાણુથી મળી જુદા જુદા પદાર્થો થાય છે. તે એક પદાર્થમાંથી જુદા જુદા પરમાણુ જુદા જુદા પાડી શકાય છે અને તે પરમાણુઓ જુદા જુદાની મેળવણી કરવાથી જુદા જુદા ચમત્કારિક પદાર્થ બની શકે છે. એ વિદ્યા ઉપરથી ઈંગ્લીશ વિદ્વાનોએ શોધ કરી નવા નવા પદાર્થો અને હુન્નરકળા શોધી છે. એ રસાયણ શાસ્ત્ર પ્રયોગસિદ્ધ શાસ્ત્ર છે, એટલે જેઓને તે શીખ-વવામાં આવે છે, તેમને પ્રત્યક્ષ પ્રયોગ કરી બતાવવામાં આવે છે. એથી થતા અજાયબી ચમત્કારો પ્રત્યક્ષ જોવાથી એ શાસ્ત્રની ખાત્રી થાય છે. એ શાસ્ત્ર પૈકીના સહેજ ઇશારા દાખલ કેટલાએક નિયમો તથા પ્રયોગો જાણવા જેવા છે, તે તમે સાંભળી તેનું મનન કરજો.

ભદ્ર, બળતા કોલસામાં અને હવાનાં પરમાણુઓમાં રસાયણ ક્રિયા ઉત્પન્ન થાય છે અને તેના યોગથી કોલસો બળી જઇને અ-દૃશ્ય થાય છે એટલે તેની રાખોડી થઇ જાય છે. પછી તેની આસ-પાસની હવામાં નવો ધર્મ ઉત્પન્ન થાય છે એટલે કોલસાના પર-માણુઓ વીખરાઇને હવાની સાથે મળે છે. એમાં કોલસાનું રૂપ બ-દલીને નવા અને અદૃશ્ય એવા વાયુરૂપી પદાર્થ ઉત્પન્ન થાય છે, એમનું હવાની સાથે કે કોલસાની સાથે કાંઇ પણ મળતાપણું નથી;

સારાંશ કે, પદાર્થના ધર્મ અને રૂપનું બદલાવું, એ રસાયણ ક્રિયાનું મુખ્ય સ્વરૂપ છે.

ભદ્ર, તે રસાયનિક પ્રયોગ કરવા સારૂ તેમાં ઉષ્ણુતા, વિજળી, અજવાળું ઇત્યાદિ શક્તિઓનો ઉપયોગ તેઓ કરે છે. આ જગતના બધા પદાર્થોમાં જે કાંઇ ફેરફાર થાય છે, તે આ શક્તિઓના ફેરફારથી થાય છે, તે કારણથી એ શક્તિઓને સૃષ્ટિ વેપારક કહે છે.

વળી બધા પ્રાણીવર્ગમાંથી અને વનસ્પતિ વર્ગમાંથી બધા પદાર્થો ગરમીના જોરથી જુદા જુદા પડી અગર જુદા જુદા મળી ઘણા પદાર્થો થયેલા છે, એવું સિદ્ધ થાય છે.

ભદ્ર, તે રસાયણશાસ્ત્રના વેત્તાઓએ જગતના-દ્રવ્યોના ચાર ધર્મો બતાવ્યા છે. પહેલો ધર્મ અત્યંત સૂક્ષ્મ વિભાગ થવાનો છે. જેમ અર્ધી રતિ સોનું લઈ તેનું પતરૂં કર્યું, તે પચાસ ચોરસ ઈંચ જગ્યા રોકે છે. તેની અંદર બાવીશ લાખ બિંદુ નજરે પડે છે. વળી ગુલાબનું એક ટીપું હોય તો તેની વાસ બધે પ્રસરી રહે છે.

બીજો ધર્મ પદાર્થનું અવિનાશિત્વ છે. કોઈ પણ પદાર્થ સર્વથા નાશ પામતો નથી, માત્ર તેનું રૂપાંતર થાય છે. જેમ પાણીને બાળીએ તો તેની વરાળ થાય છે, એટલે પાણીનો નાશ અને વરાળની ઉત્પત્તિ થાય છે. કાગળનો કડકો બાળીએ તો કાગળનો નાશ અને રાખની ઉત્પત્તિ થાય છે.

દ્રવ્યનો ત્રીજો ધર્મ સ્નેહાકર્ષણ છે અને ચોથો ધર્મ પ્રતિસારણ છે.

એવી રીતે જગતના દ્રવ્યના ચાર ધર્મો કહેવાય છે. પ્રવાહી અને અપ્રવાહી. એ બંનેમાં સ્નેહાકર્ષણ અને પ્રતિસારણ આ બે વિરૂદ્ધ શક્તિઓના યોગથી અતિ સૂક્ષ્મ પરમાણુઓ એકઠા થઈ મોટા મોટા ગોળા થાય છે. તે સ્નેહાકર્ષણને લઇને થાય છે. આ સ્નેહાકર્ષણ શક્તિ અગોચર-અંતર ઉપર ચાલે છે. તે શક્તિથી જે આકાર બને છે તેને જે શક્તિના યોગથી ગોચર અંતર ઉપર પરમાણુ અથવા પદાર્થ એક બીજા તરફ ખેંચાય છે તે શક્તિને ગુરૂત્વાકર્ષણ કહે છે. બીજી એક કેશાકર્ષણ શક્તિ છે. તે શક્તિથી ઝાડનાં મૂળીયાં જમીનમાંનો રસ ચુસી લે છે અને દીવાની બતી તેલ ખેંચી લે છે.

એક જાતના દ્રવ્યના પરમાણુ અને વિજાતીય દ્રવ્યના પરમાણુ-આ બેમાં અગોચર અંતર ઉપર આકર્ષણ થઇને જે તેનું રૂપાંતર થાય છે, તેને રસાયણ આકર્ષણ કહે છે. તે સ્નેહાકર્ષણ શક્તિ બધા પદાર્થમાં રહેલી છે. તેના વિરૂદ્ધ એક બીજી શક્તિ છે, તેને પ્રતિસારણ શક્તિ કહે છે. આ શક્તિ ઉષ્ણતાના જોરથી થાય છે અને સ્નેહાકર્ષણ શક્તિથી ઉલટું કામ કરે છે, એટલે સ્નેહાકર્ષણ શક્તિ, પદાર્થના પરમાણુઓ એકત્ર કરે છે અને તે પદાર્થનો આકાર થાય છે અને પ્રતિસારણ શક્તિ દ્રવ્યના પરમાણુ પરસ્પર એક બીજાથી દૂર કરે છે એટલે સૂક્ષ્મ પરમાણુ વિખરાઇ જવાથી તે પદાર્થ નાશ થયેલો માલમ પડે છે. આમ રસાયણશાસ્ત્ર કહે છે.

પદાર્થના વિભાગની જ્યાં સીમા થાય છે, એટલે તે વિભાગના વિભાગ કરતાં આગળ વિભાગ થતા નથી. એવા અત્યંત સૂક્ષ્મ અવિભાજ્ય વિભાગને પરમાણુ કહે છે. આ પરમાણુઓ આપણા ચક્ષુથી દેખાતાં નથી. આવા પરમાણુ જગતમાં અને આકાશમાં બધે ભરેલા છે અને એકાકી કિંવા સંયુક્ત એવા કોઇ પણ પદાર્થના પરમાણુ એટલે ઇંદ્રિયગોચર એવા યોગનો સમુદાય તેને **અણુસંઘ** કહે છે. ભદ્ર, વળી ઓક્સિજન નામે એક વાયુરૂપી પાંસઠ તત્ત્વ પૈકીનું તત્ત્વ છે, તે ફ્લોરીન શિવાય બધા તત્ત્વની સાથે મળે છે. તેલ અને પાણી બે ભેગાં થતાં નથી, પણ તેમાં સાજીખાર અગર પાપડીઓ ખાર નાંખે તો એકંદર મળી જઇ તેનો ગોળો થાય છે અને સાબુ બને છે. સુરાખારનો તેજાબ કે જેને ઇંગ્લીશમાં નાઇટ્રીક એસીડ કહે છે. તેમાં પૈસો નાંખવાથી ખદખદ થઈ લાલ ધુમાડો નીકળશે અને તે પૈસો ગળી જશે અને તેમાંથી જુદો ત્રીજો પદાર્થ ઉત્પન્ન થશે. ચુનો અને કારબોનિક એસીડ મળીને આરસપહાણ થાય છે, તેમાં નાઈટ્રીક એસીડ નાંખવાથી આરસપહાણમાંથી કારબોનિક એસીડ નીકળી જશે અને ચુનો બાકી રહેશે. ક્લોરીન અને સોડીયમ મળીને મીઠું થાય છે. ગંધક અને પારો એ બે મળીને હીંગળો બને છે. કારબોનિક અને ઓક્સિજન-એ બે મળીને ચાક થાય છે. ક્લોરીન, આમોનિયા, નાઈટ્રોજન અને હાઇડ્રોજન મળીને નવસાર થયેલો છે. લોઢાને સલ્ફ્યુરિક એસીડમાં નાખવાથી હીરાકસી તૈયાર થાય

છે. તાંબું અને સલ્ફ્યુરિક એસીડ એ બે મળીને મોરથૂથૂ થાય છે, તે મોરથૂથૂનાં પાણીમાં લોઢાંનો કટકો નાંખ્યો એટલે તાંબું જુદું પડે છે.

વળી વિજળી દરેક પદાર્થમાં રહેલી છે, કોઇ પણ પદાર્થ વિજળી વગરનો નથી. જે રસાયણનો સંયોગ થાય છે, તે ઘણું કરીને વિજળીથી થાય છે. તે વીજળી બે પ્રકારની છે. એક ઘર્ષણ વિજળી જે ઘર્ષણના યોગથી થાય છે. તેને ઈ. ઈ. સ્ટૅટક કિંવા ફ્રીકસનલ કહે છે. બીજી રસાયણી સંયોગથી થાય છે, તેને ઇ (ગાલવેનિક) કહે છે.

કાચ અને રેશમ ઘસવાથી, લાખ અને ફુલેટ ઘસવાથી, તેમજ વીહાળીનું ઉન, કાચ, મલમલ, લાકડું, કાગળ, રેશમ, લાખ, અને આઉન્ડગ્લાસ એઓ દરેકને અનુક્રમે ઘસવાથી વિજળી ઉત્પન્ન થાય છે. બીજી રસાયણીક વિજળીને માટે એવો પ્રયોગ છે કે, કેટલાએક જુદા જુદા કાચના પ્યાલા એકત્ર કરી અને હારબંધ ગોઠવી તેઓમાંના એક પ્યાલામાં તાંબાનું પતરૂં અને જસતનું પતરૂં એ બન્ને પતરાં એક બીજા સાથે સંબંધ થાય તેવી રીતે ઉભાં ગોઠવવાં અને એક પ્યાલાના તાંબાના પતરાની સાથે બીજા પ્યાલામાં જસતના પતરા સાથે તાંબાના તારનો સંબંધ કરવો. વળી બીજા પ્યાલાના જસતનું પતરૂં અને ત્રીજા પ્યાલાના તાંબાના પતરાની સાથે તાંબાના તારનો સંબંધ કરવો. એ પ્રમાણે બધા પ્યાલાના પતરાંઓને તાર લગાડી છેવટના પ્યાલાના તાંબાના પતરાની સાથેનો તાર પેહેલા પ્યાલાના જશતના પતરા સાથે જોડવો.

એટલે પછી તેમાં આસીડ અને કેસલફ્યુરિક કિંવા નાઇટ્રિક આસીડ વગેરે અથવા મીઠાનું પાણી અગર મોરથુથુનું પાણી સઘળા પ્યાલામાં રેડવું એટલે રસાયણીક વિજળી ઉત્પન્ન થશે. તે વિજળીનો ઉપયોગ ટેલીગ્રાફ-તારના સંદેશા વગેરેમાં થાય છે. વિજળીથી ટ્રામ, મૉટરકાર, વગેરે ચાલે છે અને રેલવેમાં દીવા પણ થાય છે.

આ રસાયણશાસ્ત્ર ઘણું મોટું છે. તેના ત્રણ ભાગના મોટા પુસ્તકો છે. દરેક પદાર્થ કયા કયા તત્ત્વોનો બનેલો છે, તે તત્ત્વો પ્રયોગથી જુદાં કાઢી શકાય છે અને તે તત્ત્વોથી તે પદાર્થો બનાવી

શકાય છે, વગેરે ઘણા ચમત્કારી પ્રયોગો તેમાં દર્શાવેલા છે. એના વડે ઘણી હુન્નરકળાની શોધ થઇ છે.

"જૈન શાસ્ત્રકારે પુદ્‌ગલ"ની અનંતી શક્તિ જે કહી છે તે આ ઉપરથી સાબીત થાય છે.

ભદ્ર, મેં આ રસાયણ વિદ્યાની હકીકત સંક્ષિપ્ત કહી છે. હવે તે ઉપરથી આપણા જૈન ધર્મના નિયમો અને સિદ્ધાંતોની સાબીતી કેવી રીતે થાય છે? તે તમોને હવે આવતી કાલે જણાવીશ. મહાત્માના આજના વચનો સાંભળી બંને યુવકોના હૃદય આનંદ સાથે નિઃશંક થઇ ગયા, અને આર્હતદર્શનના સિદ્ધાન્ત ઉપર પૂર્ણ વિશ્વાસ પાત્ર થયો અને તેજ વખતે સૂરિવરની સ્તુતિ કરી, વંદના કરી બંને યુવકો પોતાના વાસસ્થાન ઉપર ગયા અને સૂરિવર પણ પોતાના પરિવાર સહિત પોતાના નિવાસે ગયા.



## યાત્રા ૭ મી.

જે ઉજ્જયંત ઉર્વીધર ઉપર અનેક પ્રકારે ગીતોદ્‌ગાન કરનાર અપ્સરા, ગંધર્વ, ગરૂડ, વિદ્યાધર ને નાગ દેવતાના સમુદાય ભવ્યોપકારી ભગવંતને સદા સેવી રહ્યા છે. મહીધ્રની મધ્યે મૂષકમાર્જાર, હરિહસ્તિ, સર્પ શિખંડી, ઇત્યાદિ પરસ્પર નૈસર્ગિક શત્રુતા દર્શાવનાર પ્રાણીઓ પણ પ્રશાંત વૈરવાન છે. વળી જે શૈલેંદ્રમાં મણિસમૂહની કામ્યકાંતિથી સકલ પ્રદેશ પ્રકાશી રહ્યા છે, તેથી સોમ સૂર્યનું પણ કંઇ પ્રયોજન પડતું નથી. જે પૃથુ પૃથ્વીભૃત્‌ની પાસે દેખાતા ગ્રહો જાણે પરમદેવાધિદેવની સેવા કરવા આવેલા હોય એવી કલ્પના થાય છે. ચંદ્રકાંતને તારાપતિના કિરણનો સ્પર્શ થવાથી ઝરતા નીરની નિર્મલ નદીઓ ચોતરફ નિકળી રહી છે. જ્યાં ષડ્ ઋતુઓ સાથે સ્પર્ધા કરી ધર્મધુરંધર સ્વામીની[1] શુશ્રૂષા કરી રહી હોય એમ લાગે છે. જ્યાં [2]કીચકો કર્ણપ્રિય મધુર સ્વર કરી રહ્યા છે, ઝરાઓ ઝંકૃતિધ્વનિ કાઢી રહ્યા છે, ને કિન્નરીઓ ગીતગાન ગાઈ રહી છે, તેથી ત્રિવિધ વાદિત્રોથી જાણે નવાઈ જેવું નાટક થતું હોય એમ જણાય છે. અતિચાર કરી ચાર ગતિદ્વારમાં અનાદિકાળથી અથડાતા અધમ જીવોને જાણે આધાર આપવા તૈયાર ઉભા હોય એવી રીતે ગિરિનારની ચાર દિશાએ ચાર [3]ધરાધર પ્રતિહારની પેરે આવી રહેલા છે.

ચારે બાજુએ ચાલતી ચાર સૌમ્ય[4] સરસ્વતીના પારદર્શક પાણીના પ્રવાહ પાપપુંજનું પ્રક્ષાલન કરવા એકત્ર થતા હોય એમ ઉછળી રહ્યા છે. જે ધરણીધરમાં દ્વિપેંદ્ર પ્રમુખ અનેક દ્રુહ ઓપી રહ્યા છે. તે જાણે અમરોએ અમરત્વ પામવા અમૃતથી ભરેલા હોય એવો આભાસ આપે છે. અન્યદાન અમે આપીએ છીએ, પણ મોક્ષદાન દઇ શકતા નથી. તેથી તેનો અભ્યાસ આદરવા માટે અમે અત્રે

આગમન કર્યું છે, એમ જાણે કહેતાં હોયની; તેવી કલ્પદ્રુમોએ પોતાની મેળે આવી તે ક્ષિતિધરને વિષે વિદ્યાર્થીની પેરે વાસ કર્યો છે, જે શૈલાધીશમાં સુવર્ણસિદ્ધ આદિ અનેક સમીહાઓને સંતુષ્ટ કરનારી રંજનકારી રસકુપિકાઓ શોભી રહેલી છે, પકમલોદય આપનાર મનોકુંડ જ્યાં દિવ્ય દીપ્તિથી દીપી રહેલા છે. આ રમ્યરૈવતાદ્રિ એવો છે કે, જેના સ્મરણ માત્રથી સુખસંપત્તિનો સમાગમ થાય છે, ને જેના તરફ દૂરથી પણ દૃષ્ટિ કરવાથી વિપત્તિનું વિદારણ થાય છે. જે શુભ ધામમાં દેવાયલાં દાન ને તપાયલાં તપ સિદ્ધ તીર્થાધિરાજની પેરે સમગ્ર સમૃદ્ધિ સાધક છે, તથા જે નગનાથનું શ્રી નેમીશ્વરજીનેંદ્રે શરણ લીધું હતું તેનો અન્યજનોએ આશ્રય કેમ ન લેવો ? તારા કે રત્નાકરની રેતિની સંખ્યા સમાન ગીર્વાણગુરૂ બૃહસ્પતિ રસના પામે, તોપણ તે આ વિશાલ અને વિખ્યાત ગિરિગુરૂના ગુણગણની ગણના ગણવા શક્તિમાન થાય નહિ. આવા દ્રવ્ય અને ભાવથી આનંદ આપનારા પવિત્ર રૈવતકગિરિ ઉપર પ્રાતઃકાળનો રમણિય સમય થતાં તેના સુંદર અને ઉંચા શિખરો ઉપર સૂર્યનાં સોનેરી કીરણો પડતાં ભગવાન સૂરિવર પોતાના પરિવાર સહિત ગિરનારની છેલ્લી યાને સાતમી યાત્રા કરવા વિચરતા હતા. તે પવિત્ર મહાત્માના પરિવાર ઉપરાંત યુવક શોધકચંદ્ર, સત્યચંદ્ર, અને કેટલાએક ભાવિક ગૃહસ્થો પણ ચાલતા હતા. ગિરિવરના પવિત્ર સ્થળોના દર્શનની ભાવના ભાવતા તેઓ નિત્યના નિયમ મુજબ શ્રી નેમિનાથ ભગવાનના દેરાશરમાં આવી તેઓ નીચેનું પદ્ય બોલ્યા હતા.

राजीमतिंयः प्रविहाय मोहं ।
स्थितिंचकारापुनरागमाय ॥
जीवेषु सर्वेषु दयांदधान ।
स्तं नेमिनाथं प्रणमामि नित्यं ॥

"રાજેમતિ પ્રત્યે મોહ તજીને, ફરીથી નહિં આવવા માટે જેમણે સ્થિતિ કરેલી છે, અને સર્વ જીવોને વિષે દયાને ધારણ કરનારા એવા શ્રી નેમીનાથ પ્રભુને હું નિત્ય પ્રણમું છું."

આ પ્રમાણે સ્તુતિ કર્યા બાદ વિધિપૂર્વક વંદના, ચૈત્યવંદન વગેરે કર્યું હતું. ત્યાર પછી તે ટુંકમાં આવેલા બીજા ચૈત્યોનાં દર્શન કરી,

યોગ્ય સમય થતાં તે મહાત્મા પોતાના પરિવાર સહિત નીચે ઉતર્યા હતા. નિત્યના નિયમ મુજબ તલાટીમાં આવી વિશ્રાંતી લીધી.

ત્યાર પછી મહાત્મા આનંદિતવદને બોલ્યા ! ભદ્ર શોધકચંદ્ર અને સત્યચંદ્ર ! હવે અમારે આવતી કાલે અત્રથી વિહાર કરવાનો છે જેથી તમોને ગઇ કાલે બાકી રહેલી હકીકત અત્યારે જણાવું છું તે તમો ધ્યાન દઇને સાંભળજો. ભદ્ર ! મેં ગઈ કાલે રસાયણ વિદ્યાની હકીકત સંક્ષિપ્તમાં કહી હતી, અને તે ઉપરથી જૈનદર્શનના નિયમો અને સિદ્ધાંતોની સાબીતી કેવી રીતે થાય છે તે ધ્યાન પૂર્વક સાંભળો.

પશ્ચિમની વિદ્યાવાળા ડૅાકટરો હાલમાં પ્લેગ, કૅાલેરા વગેરે જ્યારે રોગોના ઉપદ્રવ વધે છે, ત્યારે તેઓ સૂચના કરે છે કે, ઉકાળેલું પાણી પીવું. ઉકાળેલું પાણી માંદા માણસને સારૂં છે.

જૈન ધર્મના વિષયમાં દર્શાવ્યું છે કે, પાણીમાં પૂરા થાય છે, માટે તે કપડાથી ગાળી સંખારો વાળીને વાપરવું અને બની શકે તો ખૂબ ઉકાળી ઠંડુ કરીને પીવું. પશ્ચિમના વિદ્વાનોએ શોધ કર્યો છે કે, એવા સૂક્ષ્મ જીવો છે કે જે આપણી નજરે દેખાતા નથી પણ તે સૂક્ષ્મદર્શક યંત્રવડે દેખી શકાય છે, જેઓ germs, bacills, bacteria કે microps એવા એવા નામોથી ઓળખાય છે.

આર્હત ધર્મમાં લખે છે કે, "મલમૂત્રાદિને લાંબો વખત ન રહેવા દેતાં તેને જેમ બને તેમ સૂકી જમીન ઉપર અગર રાખોડીમાં સૂકાવા દેવા, તેમ નહિ થવાથી તે ગંધાવા માંડે છે અને તેમાંથી સંમૂર્છિમ જીવો ઉત્પન્ન થાય છે.

પશ્ચિમ વિદ્યાની શોધથી સાબીત થયું છે કે, આકાશ બધું સૂક્ષ્મ જીવોથી ભરેલું છે. વાયુરૂપે ઉડતા અનંત સૂક્ષ્મ જીવો અનેક રોગનાં વાસ્તવિક કારણ છે. વળી કેટલાએક હઠીલા રોગો લાગુ પડે છે, ત્યારે કેવળ ડૅાકટરો રાત્રે જમવાની મનાઇ કરે છે. ભદ્ર, જૈન ધર્મના નિયમમાં દર્શાવ્યું છે કે, "રાત્રિ ભોજન ન કરવું, કારણ કે, રાત્રે સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ વધારે થવાથી અનાજ તથા અગ્નિમાં ઘણા જીવોનો ઘાત થાય છે; તેથી જીવહિંસા થાય છે અને વળી તેથી અનેક જાતના રોગો ઉત્પન્ન થાય છે.

ભદ્ર, સાંપ્રતકાળે પશ્ચિમના શોધક વિદ્વાનો પૃથ્વી અને વનસ્પતિમાં સચેતનતા માનવા લાગ્યા છે. ત્યારે જૈન ધર્મમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ–એ પાંચ સ્થાવર એક સ્પર્શેન્દ્રિયયુક્ત જીવ અનાદિકાળથી તેમાં સિદ્ધ કરેલ છે.

રસાયણ શાસ્ત્રમાં પાણીને ઓકિસઝન અને હાઈડ્રોજન નામના બે વાયુના મેલાપથી બનેલું જણાવ્યું છે.

જૈન દર્શનના સૂયગડાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના ત્રીજા અધ્યયનમાં પાણીને વાયુ યોનિ કહેલું છે.

જર્મનીમાં કીલ યુનિવર્સિટીમાં તત્ત્વજ્ઞાનના પ્રોફેસર ડો. પોડલ્યુશન "માનસિક શાસ્ત્રના મૂલતત્ત્વો" એ નામના ગ્રંથમાં કાર્ય કારણના નિયમ વિષે બેધડકથી જણાવે છે કે, "જેમ દિશા અને કાળ અપરિમિત છે, તેમ કાર્ય કારણના નિયમની જાળ અનાદિ અનંત છે અને તેને માટે નીચેની સાબીતીઓ આપે છે.

૧. જો તે અનાદિ ન હોય તો આપણે વસ્તુઓની પ્રથમ સ્થિતિ ધારવી પડશે. આ સ્થિતિમાં ઉન્નતિ થાય માટે તેમાં ફેરફાર થવો જોઇએ અને વળી આ ફેરફાર આગળના ફેરફારને અસર રૂપ થશે. આ રીતે અનવસ્થા દોષનો પ્રસંગ આવશે.

૨. કાર્ય કારણની સાંકળ અંત વિનાની છે, કારણ કે, યોગ્ય કારણના કાર્ય રૂપ થયા શિવાય કોઇ પણ ફેરફાર કોઇ પણ વખતે થઇ શકે નહિ; માટે જો કાર્ય કારણના નિયમની જાળ અનાદિ અનંત છે, તો પછી આ જગત્ પણ અનાદિ છે, એમ માનવું પડશે.

ભદ્ર, તે ડો. પોડલ્યુશનના મત પ્રમાણે જૈનશાસ્ત્ર પણ કહે છે કે, આ જગત્ અનાદિ છે, જગત્નો કર્ત્તા ઇશ્વર નથી.

ભદ્ર, સાંભળવા પ્રમાણે રસાયણશાસ્ત્ર એમ કહે છે કે, આ જગતમાં જે જે પદાર્થો છે, તેનો સર્વથા નાશ થતો નથી, તેમજ જે પદાર્થ છે, તે શિવાય નવીન પદાર્થ ઉત્પન્ન થતો નથી, ફક્ત રૂપાંતર થાય છે અને તે વસ્તુ પણ જગત્માં કાયમ રહે છે.

તે પ્રમાણે જૈન શાસ્ત્રમાં પણ કહે છે કે, ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એટલે ઉત્પન્ન થવું, નાશ થવો અને કાયમ રહેવું અર્થાત્

જગતમાં જેટલા પદાર્થો છે, તે કરતાં બીજા નવા પદાર્થ ઉત્પન્ન થતા નથી, માત્ર રૂપાંતર થાય છે.

ભદ્ર, તમોએ જે રસાયણશાસ્ત્રમાં પદાર્થ ( પુદ્ગળ ) ના ચાર ધર્મ બતાવ્યા છે, જે પહેલો અત્યંત સૂક્ષ્મ વિભાગ થવાનો ધર્મ. ૨ બીજો સ્નેહાકર્ષણ–પરમાણુ ભેગા મળી જવાનો ધર્મ, ૩ ત્રીજો પ્રતિસારણ–વીખરાઈ જવાનો ધર્મ અને ૪ થો અવિનાશિત્વ–કદિ નાશ ન થવાનો ધર્મ.

ભદ્ર, જૈન ધર્મમાં પણ પુદ્ગલ–પુરાવું ને ગળવું એટલે વીખરાઈ જવું ને મળવું અને દ્રવ્યત્વ સદા કાયમ રહેવું એમ કહેલ છે.

ભદ્ર, ઈંગ્લીશ વૈદકને લગતી (phisiology)વિદ્યાએ અનુમાન કર્યું છે કે, માણસનું શરીર તેમજ બીજી બધી ચીજો–જાનવર, ઝાડ, પાન, ખનીજ વગેરે પોતામાંથી ઝીણી રજકણો બાહેર ફેંકે છે અને સામી બીજી રજકણો પોતાનામાં લે છે અને એવી રીતે ચાલુ થતું રહી કેટલેક વખતે માણસનું શરીર તદ્દન નવા રજકણોનું બને છે. વળી સાયન્સની બીજી શોધો યાને સાઇકલોજી (Psychlogy) એવું કહે છે કે, માણસનું મન એક બીજા ઉપર અસર ઉપજાવે છે, પણ ગુપ્ત વિદ્યા (Occultism) તો એથી આગળ વધીને એમ કહે છે કે, માણસના મન શરીર (mental body) ના રજકણો બીજા માણસના મન શરીરમાં જાય છે, જેથી પવિત્ર માણસની સોબતથી આપણું મન તથા શરીર પવિત્ર બને છે.

ભદ્ર, આ વિષે જૈન શાસ્ત્ર કહે છે કે, જીવના શરીરના પુદ્ગલો રાત્રિ દિવસ જુના ખરતા જાય છે અને નવીન પુદ્ગલોનું ગ્રહણ થાય છે. શરીરના રોમ વાટે એટલે રોમ આહાર રાત દિવસ જે ચાલુ છે તે તેનાથી એક ક્ષણ પણ આહાર વગર રહેતો નથી. મનુષ્યનું મન પણ ( જડ ) પુદ્ગલોનું બનેલું છે.

ભદ્ર, તે રસાયણ શાસ્ત્ર એમ કહે છે કે, પદાર્થના વિભાગની જ્યાં સીમા થાય છે, એટલે તે વિભાગના વિભાગ કરતાં આગળ વિભાગ થતા નથી, એવા અત્યંત સૂક્ષ્મ અવિભાજ્ય વિભાગને પરમાણું કહે છે. આ પરમાણુંઓ આપણા ચક્ષુથી દેખી શકાતા નથી પણ પોતાની મેળે થાય છે. આવા પરમાણું જગતમાં અને આકાશમાં

બધે ભરેલા છે અને સંયુક્ત એવા કોઇ પણ પદાર્થના પરમાણુ ઇંદ્રિય ગોચર એવા થોડાનો સમુદાય તેને સ્કંધ કહે છે. આવા પરમાણુ રસાયણીક રીતે પોતાની મેળે સંયુક્ત થઇ નવા પદાર્થ ઉત્પન્ન કરે છે.

ભદ્ર, જૈનશાસ્ત્ર કહે છે કે, પુદગલના અતિ સૂક્ષ્મ વિભાગ કે જેનો આગળ વિભાગ ન થઇ શકે-એવા અને આંખથી દેખી ન શકાય તેવા સૂક્ષ્મ વિભાગ થઇ વિખરાઈ જાય છે, ત્યારે તે પુદ્ગલનો નાશ થયો એમ દેખાય છે, પણ તેનો સર્વથા નાશ થતો નથી પણ તે જમીનમાં અગર આકાશમાં વીખરાઈ જાય છે. વળી તેનો કાળ, સ્વભાવ, નિયતિ, વગેરે સમવાય યોગે ભેગા મળી દૃશ્ય વસ્તુઓ બને છે, માટે તેનું નામ પુદ્ગલ ( પૂરાવું ને ખરી જવું ) નામ આપેલું છે, એવા જેટલા જેટલા પદાર્થ છે, તેના અનેક પરમાણુ રૂપે ચૌદરાજ લોકમાં ભરેલા છે, કર્મ જેને કહેવામાં આવે છે તે પણ પુદ્ગલ પરમાણુ હોવાથી તે કર્મ જીવ નિમિત્ત યોગે ગ્રહણ કરે છે.

ભદ્ર, રસાયણશાસ્ત્રમાં કહ્યું છે કે, તે પદાર્થમાંથી જુદા જુદા તત્ત્વો રસાયણ પ્રયોગથી જુદા જુદા કરી નવા પદાર્થ ઉત્પન્ન કરે છે. વળી તે પરમાણું જુદા જુદા પ્રમાણથી મેળવી જુદા જુદા પદાર્થો કરી બતાવે છે.

ભદ્ર, જૈનશાસ્ત્રમાં પણ એવી માન્યતા છે કે, જગતમાં જેટલા પદાર્થ છે, તેનો નાશ થતો નથી, તેમજ તે શિવાય નવા ઉત્પન્ન થતા નથી, માત્ર રૂપાંતર થાય છે, અને પરમાણું વીખરાઈ જાય તેનો નાશ થયો એમ આપણે માનીએ છીએ, તેજ પરમાણુ પાછા ભેગા થઈને જેવા હતા તેવા પુદ્ગલો (પદાર્થો) અનેક જાતના દેખીતા બને છે, તેને આપણે નવા ઉત્પન્ન થયા, એમ માનીએ છીએ.

હે યુવક રત્નો, રસાયણશાસ્ત્ર કહે છે કે, સઘળા પદાર્થ નિત્ય છે, તેમનો કદિ પણ નાશ થતો નથી, ફક્ત પરમાણુ રૂપ થઇ વીખરાઇ જાય છે. અગર રૂપાંતર થઇ બીજા પદાર્થ બને છે પરંતુ તે તત્ત્વો જગતમાં કાયમ દ્રવ્ય રૂપે રહે છે.

જૈનશાસ્ત્ર પણ કહે છે કે, “ આત્મા નિત્ય છે અને સઘળા પદાર્થ પણ દ્રવ્ય રૂપે નિત્ય છે. ”

યંત્રવિદ્યાના યોગે ફોનોગ્રાફમાં ભાષાના પુદ્દગલો ઉતારી લેવાય છે. તે ઉપરથી શબ્દ એ કાંઇ વસ્તુ છે, એમ સિદ્ધ થાય છે.

જૈનશાસ્ત્ર કહે છે કે, જે આપણે બોલીએ છીએ, તે ભાષાના શબ્દ એ પુદ્દગલ છે. જો શબ્દ એટલે કાંઈ વસ્તુ ન હોય તો ફોનોગ્રાફની લહેરમાં કેવી રીતે આવી શકે, તે ઉપરથી સિદ્ધ થાય છે કે, શબ્દ એ પણ પુદ્દગલ દ્રવ્ય છે.

ભદ્ર, ડૉકટરી વિદ્યામાં તેમજ દેશી વૈદકશાસ્ત્રમાં પણ લખ્યું છે કે, "પુરૂષના વીર્યમાં તથા સ્ત્રીની યોનિમાં ઘણા સૂક્ષ્મ જીવો છે, તે જીવો ચળવળાટ કરે છે, તેથીજ કામની ઉત્પત્તિ થાય છે, અને તેથી મૈથુન સેવનથી તે જીવોનો નાશ થાય છે, ત્યારેજ કામ શાંત થાય છે. પશ્ચિમના ડૉકટરોએ સૂક્ષ્મદર્શક યંત્રથી તે જોઇને સાબીત કર્યું છે.

ભદ્ર, જૈન શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, પુરૂષના વીર્યમાં અને સ્ત્રીની યોનિમાં ઘણા સૂક્ષ્મ જીવો છે, તેથી મૈથુન સેવતાં તે જીવોની હિંસા થાય છે.

પશ્ચિમના વિદ્વાનોએ શોધ કરીને ફોટોગ્રાફ (છબી) પાડવાની કળા શોધી છે. ફોટોગ્રાફ પડવાનું કારણ એ છે કે, પ્લેટ ઉપર જે દવા ચોપડવામાં આવે છે, તે અંધારામાંજ રાખવામાં આવે છે, તેની ઉપર પ્રકાશના પુદ્દગલો પડે છે, તેથી દવા કાળી થઇને પક્કી થાય છે, પછી તે છબીનો ભાગ પ્રકાશવાળો કાળો થાય છે, તે પાણીથી ધોવાતો નથી અને જે જે ભાગ ઉપર પ્રકાશ પડતો નથી તે દવા કાળી ન થતાં પાણીમાં ધોવાઈ જાય છે. આ ક્રિયા પ્રકાશના પુદ્દગલો મળવાથી થાય છે. ભદ્ર, તે પ્રમાણે જૈનશાસ્ત્ર અજવાળાના પુદ્દગલો છે એમ માને છે, જે વાત ફોટોગ્રાફ ઉપરથી સિદ્ધ થાય છે. ભદ્ર યુવકો, રસાયણ શાસ્ત્ર કહે છે કે, આખા આકાશમાં બધી જાતની વસ્તુઓના પરમાણુઓ ભરેલા છે, તે આપણી આંખથી દેખી શકાતા નથી, પરંતુ તે પરમાણુઓ એક બીજાની સાથે મળી રસાયનિક સંયોગો થઇ દેખી શકાય એવી મોટી જુદી જુદી આકૃતીઓ કુદ્રતી રીતે બને છે.

ભદ્ર, જૈનશાસ્ત્રમાં કહ્યું છે કે, "આ જગતમાં-ચૌદ રાજલોકમાં સઘળી જાતના પુદ્‌ગળોના પરમાણુઓ ભરેલા છે. જેમાં આઠ કર્મની વર્ગણાઓ પણ છે. તે આપણાં ચક્ષુથી દેખી શકાતી નથી, એવી સૂક્ષ્મ છે."

આ ઉપરથી સિદ્ધ થાય છે કે, પશ્ચિમના વિદ્વાનોએ શોધ કરી સિદ્ધ કરેલા સાયન્સના નિયમોની સાથે જૈનધર્મના સિદ્ધાંતના નિયમો મળતા આવે છે, તેથીજ આ આર્યાવર્ત ઉપર ચાલતા ધર્મોની અંદર જૈનધર્મ શિરોમણિ રૂપ બનેલો છે."

આ પ્રમાણે કહી મહાત્માએ નીચેના પદ્યથી જૈનધર્મની પ્રશંસા કરી હતી.

" यत्सिद्धांतवचः सर्वं प्रामाण्यमिह चागमत् ।
तदार्हतं मतं जीयात् जन श्रेयो विधायकम् " ॥ १ ॥

" જેના સિદ્ધાંતના સર્વ વચનો આ લોકમાં પ્રમાણભૂત થયેલા છે, તે સર્વ જનોને કલ્યાણ કરનાર આર્હતમત જય પામો." ૧

આ પ્રમાણે કહી મહાત્મા વિરામ પામ્યા એટલે બંને તરૂણ યુવકો આ પ્રમાણે બોલ્યા-"મહાત્મન્, આપનું સર્વદેશી પાંડિત્ય જોઇ અમે આનંદાશ્ચર્ય થઈ ગયા છીએ. ઈંગ્લીશ વિદ્યાની સાયન્સની શોધ પ્રમાણે આપે જૈનધર્મના કેટલાક નિયમોને યથાર્થ રીતે સાબીત કરેલા છે. સાંપ્રતકાળના નવીન વિદ્વાનોને આપની હકીકત જાણવામાં જો આવશે તો આપણા આર્હત ધર્મના નિયમોની વિશેષ વિખ્યાતિ થશે અને શ્રીવીર શાસનનો વિજયનાદ ભારતના સર્વ પ્રદેશમાં વ્યાપી રહેશે. અને ભારતવર્ષની જૈન પ્રજા ઉપર આપ મહાત્માનો મહાન્ ઉપકાર થશે." આ પ્રમાણે કહી તે બંને યુવકોએ તે મહાત્માના ચરણકમળમાં વંદના કરી. મહાત્માએ ધર્મલાભની આશીષ આપી.

## ઉપસંહાર.

મહાત્માની આ ઉપદેશ વાણી સાંભળી જેમના હૃદય નિઃસંશય થયેલા છે, એવા સત્યચંદ્ર અને શોધકચંદ્ર બંને તરૂણ યુવકો તે મહાત્માના વિહાર સમયે હાજર રહ્યા હતા. વિહાર કરતી વખતે સત્યચંદ્રે પોતાની જીંદગીનું સાર્થક શી રીતે કરવું તેને માટે મહાત્માને કાંઇક ઉપદેશ આપવા વિનંતી કરી એટલે મહાત્માએ આ પ્રમાણે કહ્યું, "ભદ્ર, સત્યચંદ્ર, મારે કહેવું જોઇએ કે, સાંપ્રતકાળની પ્રજા નવીન કેળવણીના સંસ્કારો પામેલી છે, તેવી પ્રજાને સાયન્સ પ્રમાણે ધાર્મિક રહસ્ય સમજાવવાની જરૂર છે, તેથી તમો બંને મારા ઉપદેશનો સાર તે પ્રજાઓને ભાષણોદ્વારા સમજાવો અને તેમના હૃદયની અંદર આપણાં આર્હત ધર્મનું રહસ્ય સ્થાપી પરમ આસ્તિક બનાવો, આથી ઘણોજ લાભ થશે. ચારિત્રાવસ્થામાં મુનિધર્મના વર્ત્તનોને લઇને કેટલાંક કાર્યો જે અસાધ્ય હશે, તે કાર્ય ગૃહસ્થાવસ્થામાં રહીને તમે સારી રીતે સાધી શકશો. તમો બંને એક થઈ તમારા શ્રાવક ધર્મને બાધ ન આવે તે રીતે વર્ત્તમાનકાળને અનુસરી નિર્દોષ પ્રવૃત્તિ કરજો. અને અવનતિમાં આવેલી સર્વ આર્હત પ્રજાને ધર્મના રહસ્યથી જ્ઞાત કરી ઉન્નતિના માર્ગે લઈ જજો. તન, મન અને ધનથી ચતુર્વિધ સંઘની ભક્તિ કરજો અને સંઘની અંદર પ્રવિષ્ટ થયેલા કુસંપરૂપ મહાન શત્રુને દૂર કરી ધાર્મિક સુધારણાની વૃદ્ધિ કરજો. મારૂં હૃદય આશા રાખે છે કે, તમે બંને એવા ઉપયોગી કાર્યો કરી શકશો કે જેથી હું અને મારો આ પરિવાર આ નવીન સંસ્કારવાળી સર્વ જૈન પ્રજાને પરમ આસ્તિક અને સર્વ પ્રકારના ઉદય-યના સાધનવાળી ભવિષ્યમાં જોશે."

તે મહાત્મા આ પ્રમાણે કહી રૈવતકગિરિની સાત યાત્રાઓને પૂર્ણ કરી ત્યાંથી સપરિવાર વિહાર કરી અન્ય સ્થળે ચાલી નીકળ્યા હતા. યુવક સત્યચંદ્ર અને શોધકચંદ્ર મહાત્માની ઈચ્છાને અનુસરી ત્યાંથી પોતાના વતન તરફ વિદાય થયા હતા. સત્યચંદ્ર પુનઃ પોતાને ઘેર જવાની ઈચ્છા રાખતો નહતો, તેની ઇચ્છા જૈન ધર્મના સિદ્ધાંત સર્વત્ર ફેલાવી ધર્મનું સત્ય સ્વરૂપ બહોળા પ્રમાણમાં દરેક મનુષ્યોને બતાવી મનુષ્ય જન્મ સાર્થક કરવાની હતી; તેને કુટુંબમાં માત્ર બે

ભાઈઓજ હતા. પોતાના જ્યેષ્ઠ બંધુના આશ્રયથી તેણે નવીન કેળવણી સાથે ધાર્મિક કેળવણી લીધી હતી. તે વાંચન ઉપર ઘણી પ્રીતિ ધરાવતો હતો. ધર્મ અને નીતિનું કોઇ પણ પુસ્તક તેના હસ્તગત થયું હોય તો તેને તે મનનપૂર્વક આદ્યંત વાંચી જતો હતો. આથી ધર્મ, નીતિ અને વ્યવહારના તત્ત્વોનો તે એક સારો અભ્યાસી બન્યો હતો, નવીન કેળવણીના સંસ્કારને લઈને તેનામાં ખંડ પાંડિત્ય રહેલું હતું, કોઇ પણ વિષયનો તે સંપૂર્ણ જ્ઞાતા બન્યો નહતો. તે સાથે સાયન્સની નવી શોધો તેના જાણવામાં હતી, તેથી તે યુક્તિથી સિદ્ધ થયેલા પદાર્થોને સમજવાની તેની તીવ્ર ઇચ્છા હતી. ધર્મ–તત્ત્વના અલ્પ જ્ઞાનને લીધે તે નવીન પદ્ધતી પ્રમાણે ધર્મના તત્ત્વો સમજી શકતો નહિ, તેથી તેના હૃદયમાં સંશયોનું જાલ રહ્યા કરતું હતું. સંપ્રતિ તે મહાત્માના ઉપદેશથી તેના હૃદયનું શંકાજાલ તૂટી ગયું હતું. સંશય રહિત થયેલો સત્યચંદ્ર પછી પોતાને ઘેર આવ્યો હતો. અનુક્રમે મહાત્માના ઉપદેશથી પ્રાપ્ત કરેલા જ્ઞાનનો તે સદુપયોગ કરવા લાગ્યો અને દેશ વિદેશ ફરી ધર્મ તથા તત્ત્વ જ્ઞાનના જુદા જુદા વિષયો ઉપર ભાષણો કરવા લાગ્યો. જેના સુબોધક ભાષણોથી આર્હત પ્રજાનાં હૃદયો નિઃશંક થતાં હતાં અને તેથી ઘણા દેશમાં આર્હત ધર્મની જાહોજહાલી થવા લાગી. ઇતર ધર્મના લોકો પણ સત્યચંદ્રના ઉપદેશથી આર્હત ધર્મ ઉપર આસ્તાવાળા થવા લાગ્યા.

શોધકચંદ્ર પણ પોતાને ઘેર આવ્યો અને તેણે મહાત્માના ઉપદેશનો લાભ પોતાના કુટુંબીઓને, ધર્મ બંધુઓને અને સ્નેહીઓને આપ્યો. તે હંમેશાં જુદા જુદા વિષયો ઉપર વ્યાખ્યાનો આપતો અને લોકોની ધાર્મિક શંકાઓને સાયન્સ પ્રમાણે સિદ્ધ કરી દૂર કરતો હતો. તેના સદુપદેશથી તેનો પિતા કે જે આર્થિક સ્થિતિમાં વધતો જતો હતો અને ધાર્મિક સ્થિતિમાં ઉતરતો જતો હતો, તેના હૃદયને શોધકચંદ્રે પૂર્ણ આસ્તિક બનાવી દીધું. વ્યાપારના વ્યવસાયમાંથી મુક્ત થવાની તેની ઇચ્છા સફલ થઇ અને તે ધર્મ સાધન કરવામાં સદા તત્પર બની ગયો હતો. ધર્મ અને તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત થયેલા તેના પિતાએ શોધકચંદ્રને છેવટે આ પ્રમાણે કહેવું પડયું.

"ભદ્ર તનય, તેં તારા જીવનની સાથે મારા જીવનને સુધાર્યું છે. પૂર્વે તેં સંકલ્પ કર્યો હતો કે હું જ્ઞાનની વાટિકાનો વિહારી બનીશ અને છાત્રાવસ્થાને ધારણ કરી મારી માનસિક સ્થિતિને ઉચ્ચ માર્ગે લઇ જઇશ." આ તારો સંકલ્પ સિદ્ધ થયો છે. તું ખરેખર વીર સંતાન બન્યો છે. તારા પ્રભાવથી મને પણ મનુષ્ય જીવનનાં મધુર ફલ પ્રાપ્ત થયા છે. તારા મહિમાથી મારાં અંતરાય કર્મો તૂટી ગયાં છે. અને આ સંસારના ગંભીર ગર્ભમાંથી તેં મારો બચાવ કર્યો છે." પિતાનાં આ વચનો સાંભળી શોધકચંદ્રે જે ઉદ્દગારો કાઢયા હતા, તે સુજ્ઞ વાંચકોને સદા સ્મરણીય છે. તેણે પોતાના પિતાને નમ્રતાથી જણાવ્યું કે પિતાજી, મને મારા જીવનમાં જે કાંઇ પણ ધાર્મિક લાભ મલ્યો છે, તે આપના પ્રતાપથી જ મળ્યો છે, એમ હું સમજું છું કારણ કે, જો આપે મને આજ્ઞા આપી ન હોત તો હું આ સ્થિતિમાં આવત નહિ. આપે વ્યવહાર માર્ગમાં રહી મને ધર્મ માર્ગમાં જોડયો છે. આપની એ ઉત્કૃષ્ટ પ્રેરણા મને સહાયકારી થઇ પડી છે. જે જે શક્તિ અને ભાવના મારામાં હતી, તેને જયવંત ઉપયોગ કરવાને હું શક્તિમાન્ થયો છું. જો આપે મને ધાર્મિક કાર્ય સાધવાની પ્રેરણા કરી ન હોત તો હું આ સંસારના ધક્કા ખાધા કરત, અજ્ઞાનતાના અંધકારમાં રખડયા કરત, અવિદ્યાના પ્રદેશમાં ફર્યા કરત અને અર્થના અધમ વિચારો લાવ્યા કરત."

શોધકચંદ્રના આ વચનો સાંભળી તેનો પિતા વિશેષ આર્દ્ર બન્યો હતો. તેની ધાર્મિક ભાવનામાં મોટો વધારો થયો હતો અને આત્મવિચાર રૂપ સૂર્યના કિરણોની ઝાંખી થઇ હતી.

શોધકચંદ્ર ત્યારથી સંસારમાં ઉપેક્ષા રાખી રહ્યો હતો. તેના પિતાએ સારો દ્રવ્ય સંચય કરેલો હતો. તથાપિ તે વૈભવથી વિમુખ રહી આર્હત ધર્મ સાધવાને તત્પર બન્યો હતો. તેણે પોતાના પિતાને બોધ આપી સંચિત કરેલા દ્રવ્યના ચાર વિભાગ કર્યા હતા. એક વિભાગ પોતાની આજીવિકા માટે રાખી બાકીના ત્રણ વિભાગને ધર્મકાર્યમાં સમર્પી દીધા હતા. એક વિભાગ જ્ઞાન દાનમાં અર્પ્યો હતો. નવીન કેળવણી લેનારા જૈન બાળકોને ઉત્તેજન આપવા કેટલાએક માસિક વેતન કાઢયાં હતાં અને વકતૃત્વ કળાની વૃદ્ધિ કરવાના અને

ધાર્મિક વિષયોના હરીફાઇના નિબંધોને માટે પારિતોષિકો પ્રગટ કર્યા હતાં. એક ભાગ શુદ્ધ વ્યવહારને માર્ગે ઉદ્યોગના સાધનોને માટે અર્પણ કર્યો હતો. જૈન પ્રજાના યુવકો કળાકૌશલ્યમાં આગળ વધે તેવી યોજનાઓ કરી હતી અને એક વિભાગ નિરાશ્રિતોને આશ્રય આપવા કલ્પ્યો હતો. આ પ્રમાણે પોતાના ધન સંચયની યોજના કરી શોધકચંદ્ર ખરેખર ધર્મનો શોધક બન્યો હતો. તે આર્હત ધર્મના ઉંચી જાતના ગ્રંથોનો ભાષાનુવાદ કરાવી પ્રસિદ્ધ કરાવતો અને નવીન પદ્ધતી ઉપર સારા સારા લેખો લખાવતો હતો. આથી ભારતવર્ષના ઘણા ભાગ ઉપર શોધકચંદ્રની સત્કીર્ત્તિ પ્રસરી રહી હતી.

મહાત્મા સૂરિવરના ઉપદેશની મહાનુભાવ સત્યચંદ્ર અને શોધકચંદ્રે લ્હાણી કરી–પ્રભાવના કરી. આથી આર્હત ધર્મની પ્રજા નવીન યુગમાં સત્યયુગનો અનુભવ કરવા લાગી. આર્યાવર્તની જૈન પ્રજાને નવીન પદ્ધતીને અનુસારે આર્હત ધર્મનાં તત્વો સમજાયા. આ સંસારના દુ:ખ સાગરમાં પડતા પડતા ટકાવનાર અનેક સાધનોમાં એક સાધનરૂપ થયેલ તે ઉભય શ્રાવકોનો પ્રયાસ સફળ થવા લાગ્યો. જૈન પ્રજાના હૃદય કમલ ઉપર આર્હત આસ્તા લક્ષ્મીની જેમ સ્ફુરવા લાગી અને મિથ્યાત્વી જનથી સમજાય નહિ એવું વિશુદ્ધ ઉત્કૃષ્ટ માનસિક ગાન સર્વ જૈન પ્રજા કરવા લાગી. તરંગોપર હીંચકા ખાતું સુધારકોનું મન સ્થિર થયું અને સર્વત્ર આર્હત ધર્મની પ્રજાનો ભાગ્ય ભાનુ પોતાના ઉજ્વળ કિરણોને પ્રસારવા લાગ્યો.

પ્રિય ધર્મબંધુઓ, આ ઉપયોગી લેખનું મનન કરી તમારા ધર્મનો ઉદ્યોત કરવા પ્રવૃત્તિ કરજો. આ આત્મોન્નતિનો લેખ અવશ્ય આત્મોન્નતિ આપશે અને તમારા સર્વ સંશયોને દૂર કરી આર્હત ધર્મના તત્ત્વ અને ક્રિયા માર્ગની સાબીતી કરી બતાવશે. પ્રાચીન મહાત્માઓએ માનસિક વૈભવના તત્ત્વજ્ઞાનનું જે ઘણું અધ્યયન કરેલું છે, અને એ જ્ઞાનનો જે લાભ પોતાના ધર્મબંધુઓને તેઓ લેખદ્વારા આપી ગયા છે, તે આ લેખમાં સારરૂપે દર્શાવ્યો છે. પાશ્ચાત્ય પદ્ધતીને અનુસારે સિદ્ધ કરેલા તત્ત્વોના ભાસથી રંગાઇ રહેલા અમારા વર્તમાન જૈન યુવકોને તેમજ જૈન સિદ્ધાન્ત જાણવાની

ઇચ્છા ધરાવનાર જૈનેતર બંધુઓને આ લેખ રૂચિકર થાય અને દર્શાવામાં આવેલા સિદ્ધાંતો સત્ય ભાસે એજ આ લેખકનો હેતુ છે. આ લેખમાં જૈનેતર દર્શનની નિંદા કે જૈન દર્શનની શ્લાઘા જેવું કશું નથી, પરંતુ જૈન દર્શનના સિદ્ધાંતો કેવા છે તેના પ્રણેતાઓએ પોતાના શુદ્ધ જ્ઞાનથી તત્ત્વ સ્વરૂપ કેટલા ઉંડા ઉતરી જીવોના ઉપકાર માટે કેવી રીતે બતાવ્યું છે, અને પ્રમાણિકપણે સત્ય રીતે કેવી કેવી હકીકતો જણાવી છે તે આ ગ્રંથ આદ્યંત વાંચવાથી સહજ માલમ પડે તેવું છે.

આ ગ્રંથમાં આવેલ અનેક હકીકતો અનેક ગ્રંથોના માત્ર કિંચિત તારણ રૂપ છે અને સર્વજ્ઞ પ્રણિત શાસ્ત્રના અનુસારે જણાવેલી છે જેથી તેમાં દૃષ્ટિ દોષ કે બીજા એવા કોઇ પ્રમાદના કારણથી કોઇ સ્થળે સ્ખલના થઇ હોય, કે કાંઇ શાસ્ત્ર આજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય, તેમજ અન્ય કોઇની નિંદાયુક્ત લખાણ હોય તો તેને માટે ક્ષમા માગી આ લેખ પૂર્ણ કરીએ છીએ.

સમાપ્ત